ભીલ લોકમહાકાવ્ય

રાઠોરવારતા

સંપાદક

ભગવાનદાસ પટેલ



Central Institute of Indian Languages

and

Bhasha Research and Publication Centre

BHIL LOKMAHAKAVYA: RATHORVARTA

Edited by Bhagwandas Patel

પુનર્મુદ્રણ: ૨૦૧૧

Publication No. 1010

ISBN No.: 978-81-7373-109-8

Rs. 400/-

મુખપૃષ્ઠ : આર. ચિતાર

મુદ્રણસજ્જા : નિરજ કેંગે

અક્ષરાંકન : આર્ટ મણી, અમદાવાદ

મુદ્રણ : શિવમ્ ઑફસેટ, વડોદરા

પ્રકાશક

ભારતીય ભાષા સંસ્થાન

માનસગંગોત્રી, હુનસુર રોડ, મૈસૂર ૫૭૦૦૦૬

ગ્રામસ. : ભારતી

ફોન : ૦૮૨૧-૨૩૪૫૦૪૦ ફેક્સ : ૦૮૨૧-૨૫૧૫૦૩૨

વેબસાઈટ : http://www.ciil.org

અને

ભાષા સંશોધન પ્રકાશન કેંદ્ર

૩૭, શ્રીનાથધામ ડુપ્લેક્ષ, શ્રીનગર સોસાયટી સામે

દિનેશ મિલ પાછળ, વડોદરા ૩૯૦૦૦૭

ફોન : ૦૨૬૫-૨૩૩૧૯૬૮ ફેક્સ : ૦૨૬૫-૨૩૫૯૦૫૯

email : purvaprakash.publication@gmail.com

વેબસાઈટ : www.bhasharesearch.org

અર્પણ

જેમના થકી

મધ્ય ગુજરાતના આદિવાસી ‘લોક’નું સાહિત્ય સૌ પ્રથમ અક્ષરરૂપ પામ્યું

એવાં મારાં અંતરંગ સ્નેહી, રેવા બહેન અને

(સ્વ.) શંકરભાઈ તડવીને સાદર...

અનુક્રમણિકા

પ્રસ્તાવના

> હું ઇચ્છું છું કે બધા પ્રદેશોના સાંસ્કૃતિક પવન શક્ય તેટલી છૂટથી મારા ઘરમાં વહે. પણ હું એમાંના કોઈ પણ દ્વારા ભોંય પરથી મારા પગ ઉખડવા નહીં દઉં. હું તો ચાહું કે આપણા યુવાનો અને યુવતીઓ અંગ્રેજી અને બીજી ભાષાઓ એ ઇચ્છે તેટલા પ્રમાણમાં શીખે અને આશા રાખું કે તેઓ એના જ્ઞાનનો લાભ ભારતને અને જગતને આપે. પરંતુ એવો એકેય ભારતીય ન હોય જે એની માતૃભાષાને વિસરે, અવગણે કે તેનાથી શરમાય કે એને એમ લાગે કે પોતાની લોક ભાષામાં વિચાર કે અભિવ્યક્તિ નહિ કરી શકે.
>
> (મહાત્મા ગાંધી, અંગ્રેજી પાક્ષિક 'યંગ ઈન્ડિયા', તા. ૦૧-૦૬-૧૯૨૧)

પારંપરિક રીતે ભારત દેશને સહુ નાની મોટી ભાષાઓને સહાયક એવા બહુલતાવાદી સમાજ તરીકે જોવામાં આવે છે. માતૃભાષામાં શિક્ષણ મેળવવા સહિતના ભાષિક અધિકારને આપણું બંધારણ વરેલું છે. શિક્ષણ વ્યવસ્થાએ અંગ્રેજી ભાષાના વિકાસને ઉત્તેજન આપ્યું છે અને વ્યવહારમાં મોટા ભાગની નાની ભાષાઓને સમાવાઈ નથી. આના પરિણામે વિવિધ ભાષિક સમુદાયો હાંસિયે મૂકાયા છે અને તેમની ભાષાઓને વધુ ડર લાગે છે. તાજેતરના યુનેસ્કો અહેવાલને માનીએ તો એવું જણાય છે કે નષ્ટ થવાની સંભાવનાવાળી ભાષાઓથી માંડી બધા જ પ્રકારની ભાષાઓ લુપ્ત થવાના આરે છે.

ચોક્કસ ચિત્ર ત્યારે જ આપી શકાય જો બધાં રાજ્યોના ભાષિક પરિવેશનું સર્વેક્ષણ થાય અને બધાં અંદરના સ્થાનિય ભાષકોને અહેવાલ માટે જોતરાય. આ ભાષાઓના સંરક્ષણ માટે આ ભાષાઓમાં અને ભાષકોમાં બળ પૂરવા સુરેખ



યોજનાઓ ઘડી કાઢવાની જરૂર છે. આમાં ભાષાઓને સાક્ષરતા અને શિક્ષણ સાથે, તાંત્રિકી અને આર્થિક તકો સાથે જોડવી પડશે. સદ્‌નસીબે ભારતની બધી ભાષાઓ માટે તેમના આધિકારીક દરજ્જા કે આઠમી અનુસૂચિમાં સમાવેશ થવા ઉપરાંત પણ વિકસાવી શકે તેમ સંસ્થાકિય વ્યવસ્થા પણ છે. ભારતીય ભાષા સંસ્થાનની સ્થાપના ભારતીય ભાષાઓના વિકાસમાં મદદ અને સંકલન, કરવા વૈજ્ઞાનિક અભ્યાસ અને આંતરભાષાકિય સંશોધન દ્વારા ભારતીય ભાષાઓ વચ્ચે તાત્વિક એકતા આણવા, ભાષાઓની પારસ્પરિક સમૃદ્ધિ વધારવા અને એ રીતે દેશના લોકોની ભાવાત્મક એકતા માટે કાર્યશીલ થવા માટે કરવામાં આવી હતી. આ ભૂમિકા ઠરાવતાં અનેક મોરચે એવી અપેક્ષા રખાય કે એમાં અનુસૂચિત જનજાતિઓની ભાષાઓનો વિકાસ પ્રેરવાનું કાર્ય પણ હાથ ધરવામાં આવે. ભારતીય ભાષા સંસ્થાનએ હકીકતમાં એ દિશામાં મોટું પ્રદાન કર્યું છે અને એના લઘુભાષાઓના દસ્તાવેજીકરણ, વર્ણન અને વિકાસના કાર્યે એને એવી સંસ્થા તરીકેની ઓળખ આપી છે કે જે વૈવિધ્યને મુલ્યવાન ગણે છે સાથોસાથ માતૃભાષામાં ઊંડાં મૂળ સાથે બહુભાષિકતાને આગળ ધપાવનારી સંસ્થા તરીકેની ઓળખ એને આપી છે.

બધી ભાષાઓને સમાન ગણવાની પ્રતિબદ્ધતા બાબતે ભીલી ભાષાઓમાં થયેલું કાર્ય એક ઊદાહરણ છે. વર્ષો સુધી ભારતીય ભાષા સંસ્થાનએ રાજસ્થાનની વાગડી ભાષા બોલનારી જનજાતિઓમાં પ્રયોગ ધોરણે કાર્ય હાથ ધર્યું છે. એ પ્રક્રિયા દરમ્યાન તેમણે દ્વિભાષી પ્રાથમિક પુસ્તકો, શિક્ષકોને તાલીમ આપી તૈયાર કર્યાં છે. અનેક અભિસ્થાપન શિબિરો આ જનજાતિઓના શિક્ષણમાં શિક્ષકો માટે યોજી છે. વળી રાજભાષાઓની સહભાગી તરીકે આ ભાષાઓને મૂકવાના પ્રયાસમાં તેની યોગ્યતા બતાવવા, કસોટી અને મુલ્યાંકન પણ ઉપાડ્યાં છે. આ કાર્ય દાદરાનગર હવેલીની વારલી જનજાતિની ડુંગરવારલી અને દાદરવારલી ભાષાઓને અનુક્રમે મરાઠી અને ગુજરાતી સાથે સાંકળવાનું કામ પણ થયું. આ હેતુમાં એ રાજ્યોને પણ જોતરાયાં. આ રાજ્યોએ તેમની લાંબા ગાળાની નીતિમાં એ સામગ્રી અને પદ્ધતિને અપનાવી નહીં એ પરથી એ સ્પષ્ટ થાય છે કે આ મુદ્દો કેટલો જટિલ છે અને એવા નવતર વિચારો સામે કેટલું સજ્જડ પ્રતિરોધક બળ છે.



આ સંજોગોમાં અમારા લક્ષ્યને મુલ્યવાન ગણતા સહભાગી સાથીઓની શોધ ભારતીય ભાષા સંસ્થાન કરે છે અને ગણેશ દેવીની વડોદરા સ્થિત સંસ્થા, ભાષા સંશોધન પ્રકાશન કેન્દ્ર એવી વિશ્વસ્ત સાથી છે જે અમને અમારું લક્ષ્ય અકબંધ રાખવામાં મદદ કરે છે. એમણે શિક્ષકોને મુલ્યવાન બને તેવી સામગ્રી તૈયાર કરીને સ્થિતિ સુધારવાનો ઉપક્રમ લીધો છે. એ ભાવનાનો ખુબ મોટો પુરાવો આ પુસ્તકોનો સંચય છે જેથી નાની માતૃભાષાઓનું સશક્તિકરણ થાય છે. મારી અવધારણા છે કે આ કાર્ય વિધાયક છે અને તેથી ભીલ અસ્મિતાને હકારાત્મક મુલ્ય પ્રાપ્ત થયું છે.

વસતિગણતરીના આંકડા દર્શાવે છે તેમ ભીલી માતૃભાષાઓ ૧૭ માતૃભાષાઓના ૨૦૦૧ ની વસતિ ગણતરીમાં દરેકના ૧૦૦૦૦ થી ભાષકો ઉમેરાવાથી ૨૬% (૧૯૭૧-૧૯૮૧) થી ૨૯% (૧૯૮૧-૧૯૯૧)ને જવલંત ૭૧% (૧૯૯૧-૨૦૦૧) સુધી પહોંચી છે.

ભીલી માતૃભાષાઓનો દશકીય વિકાસ (૨૦૦૧ ની વસતિ ગણતરીના આધારે) ભિલી/ભિલોડી ૧૭ માતૃભાષાઓ

૧૯૭૧	**૧૯૮૧**	**૧૯૯૧**	**૨૦૦૧**
૩૩,૯૯,૨૮૫	૪૨,૯૩,૩૧૪	૫૫,૭૨,૩૦૮	૯૫,૮૨,૯૫૭

દશકીય વૃદ્ધી

૧૯૭૧-૮૧	**૧૯૮૧-૯૧**	**૧૯૯૧-૨૦૦૧**
૨૬.૩૦%	૨૯.૭૯%	૭૧.૯૭%

જોખમ હેઠળની ભાષા વિશેના આંકડાઓમાં યુનેસ્કોના વિશ્વનકશા સાથે સરખાવતાં કોઈ પણ ભીલી ભાષા જોખમ હેઠળ દર્શાવાઈ નથી, ત્યારે આ કિસ્સાનો અભ્યાસ એ રીતે રસપ્રદ બને છે કે ભારતીય ભૂપટલ પર એક ભાષા અને એના બોલનાર લોકો એમની હાજરીને બતાવી નિશ્ચિત કરવા ચાહે છે. સૂચિ બહારની સૌથી મોટી ભાષા છે તેથી સમયની કસોટીએ ચઢીને ટકી છે તેથી એની ભાષાઓ



વિકાસના મક્કમ પંથે ચઢાવવી જોઈએ. આ સમુદાયો સાથે કાર્ય કરતા શિક્ષિકોએ આ ભાષાઓને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ અને પોતાની બહુભાષીય સજ્જતા વધારવી જોઈએ.

હું આશા રાખુ છુ કે આ પુસ્તકો તેવોને યોગ્ય ગૌરવની સાથે તેઓની મોટે પાયે લોકતાંત્રિક ભાગીદારી માટેનો માર્ગ બનાવશે. એકલવ્ય કૃતનિશ્ચિય ભીલ હતો, તે ગુરુપ્રત્યેના ઋણભાવથી પ્રેરાઈ પોતાના હાથનો એક અંશ આપવા તૈયાર હતો પણ પોતાના લક્ષ્યને અચૂક રીતે આંબનાર ધનુષ્ય અને બાણને ત્યજવા તૈયાર ન હતો. અને તેના ઉડ્ડયનશીલ આત્માને અનુરૂપ તેનાં કૌશલ્યોએ કૂદકો ભર્યો.

અમારી આશા છે કે વાચકો પોતાના અંતરમાં ઊતરશે અને પોતાનાજ શબ્દની તાકાતને શોધીને આનંદ લે એવી શુભેચ્છા રાખીએ છીએ.

રાજેશ સચદેવ
નિદેશક, ભારતીય ભાષા સંસ્થાન

(મૂળ અંગ્રેજીથી ગુજરાતી અનુવાદઃ પ્રો. કાનજીભાઈ પટેલ)



આદિવાસીઓનું અક્ષર આંદોલન

પાછલા બે-ત્રણ દાયકામાં જ્યાં જ્યાં આદિવાસી વસ્તી છે એવાં રાજ્યોમાં એક નવું આંદોલન, જેને 'અક્ષર આંદોલન' કહી શકીશું એવું નિર્માણ થતું જોવા મળે છે. આપણે ત્યાં, પશ્ચિમ તરફનાં આદિવાસી રાજ્યોમાં, ખાસ કરીને રાજસ્થાનમાં ઉદયપુર અને મધ્યપ્રદેશમાં ભોપાળ ખાતે આદિવાસી સંસ્કૃતિના સંદર્ભમાં જે સાહિત્ય ભેગું કરવામાં આવ્યું, પ્રકાશિત કરવામાં આવ્યું, તે પ્રયોગોની માહિતી આપણને છે. ઉપરાંત દિલ્હી સ્થિત રમણીકા ફાઉન્ડેશન, જે ઝારખંડી આદિવાસી સંસ્કૃતિ માટે સક્રિય છે અને છત્તીસગઢમાં કાર્યરત 'છત્તીસગઢી લોકાક્ષર' વગેરે વિષે પણ આપણને એમનાથી થયેલા પરિચય દ્વારા માહિતી છે. મધ્યપ્રદેશમાંથી આવતું 'ચૌમાસા', રાજસ્થાનમાંથી આવતું 'અરાવલી ઉદ્‌ઘોષ', ઝારખંડનું 'આમ આદમી', છત્તીસગઢનું 'છત્તીસગઢી લોકાક્ષર', જેવાં પ્રમુખ સામયિકો અન્ય સામયિકોની સરખામણીમાં વધારે પ્રભાવશાળી, વધારે પ્રસાર ધરાવતાં રહયાં છે. પણ તેમના જેવાં ઘણાં બધાં બીજાં સામયિકો પણ ભારતના આદિવાસી વિસ્તારમાં ગયા બે-ત્રણ દાયકાથી પ્રકટ થતાં આવે છે જ. હાલમાં જ હું ઝારખંડ ગયો હતો ત્યાં આદિવાસી ભાષાઓ સાથે ઘનિષ્ઠતાથી જોડાયેલા એવા સૌથી પણ અક્ષર-કર્મીને મળવાની તક મળી. માત્ર ઝાડી-બોલી માં જ પ્રકટ થતાં પાંચ-છ નવાં સામયિકોની જાણકારી ત્યાંથી મને મળી.

ઓરિસા, બિહાર, છત્તીસગઢ, આંધ્ર અને મહારાષ્ટ્ર રાજ્યોમાં સૌ પ્રકારનાં સામયિકોની સામટી ગણત્રી કરીશું તો આદિવાસીનાં પોતાનાં પ્રકટ થતાં એવાં સોથી વધુ સામયિકો છે. તે ઉપરાંત, આદિવાસી ભાષામાં છપાતાં નાનાં-મોટાં સમાચાર પત્રો પણ છે. ઉત્તરપૂર્વના અરુણાચલ અને નાગાલેંડ જેવાં રાજ્યોમાં કુર્કબારી, અંગામી, આઓ-નાગા જેવી પ્રમુખ ભાષાઓમાં સાહિત્ય સર્જન તો



થાય છે જ, પણ સાથે સાથે તે રાજ્યોમાં સર્જીત સાહિત્યને શાસકીય તંત્ર આર્થિક આધાર પૂરો પાડે છે અને વિદ્યાપીઠની પાટલી પર તે સાહિત્ય ભણવા માટે સ્વીકાર્ય છે. આપણે જાણીએ છીએ કે જે રીતે અરુણાચલમાં ત્યાંની ભાષાની લિપિને સંદર્ભમાં રાખી લોક આંદોલનો થયેલાં, તેવી જ રીતે સંપૂર્ણ સંતાલ વિસ્તારમાં થોડાં વર્ષ પહેલાં, જેઓને સંતાલ ભાષાની લિપિ–નિર્મિતિનું શ્રેય આપવામાં આવે છે એવા પંડિત મૂર્મૂની સ્મૃતિમાં એમની જન્મશતાબ્દીની ઉજવવામાં આવી હતી.

૧૯૯૬ માં કેંદ્રિય સાહિત્ય અકાદમી માટે ભારતીય આદિવાસી ભાષા–સાહિત્યના ગ્રંથોની એક શ્રેણી સંપાદિત કરવાનું કાર્ય મેં જ્યારે હાથમાં લીધું ત્યારે મને એક નવો અનુભવ મળ્યો. તે પહેલાં મને ખબર ન હતી કેએટલી સંખ્યામાં એટલા મોટા પ્રમાણમાં આદિવાસીના સાહિત્યમાં રસ ધરાવનારાઓની આપણા દેશમાં સંખ્યા છે. જેમ જેમ મારે એમની સાથે પત્ર–વ્યવહાર વધતો ગયો, તેમ તેમ 'આદિવાસી સાહિત્ય'ની જે ખાસ અને ઊંડાણ સુધી 'સામાજિક વ્યાપ્તિ' છે તે હું નજીકથી જોઈ શક્યો, સમજી શક્યો.

આદિવાસી અક્ષરોથી જે પણ જોડાયલા રહ્યા છે એવા સર્વ અક્ષર–કર્મીઓમાં મને એક અત્યંત નોંધપાત્ર એવો વિશેષ ગુણ જોવા મળ્યો છે, અને તે છે આવા અક્ષરકર્મીઓની અંદર રહેલ રાજકીય સભાનતા અને સાંસ્કૃતિક આત્મવિશ્વાસનો ખુબ મોહક સંગમ. આ અક્ષરકર્મીઓ પાસેથી મેં નથી ક્યારે સાંભળ્યો આત્યંતિક આક્રોશ કે આદિવાસીની સંસ્કૃતિ હવે જતી રહેવાની, હવે તેનું નામોનિશાન પણ રહેવાનું નથી, એ પૂર્ણતઃ ભુંસાઈ જવાની વગેરે. તેમજ અશાશ્વતીનો ભય, માત્ર ગેર–આદિવાસીના મનમાં હોય છે. આદિવાસી એવા ભયથી ગ્રસ્ત છે એવું ક્યારે લાગ્યું નથી. જરૂર વગરનો આક્રોશ, કારણ વગરનું રૂદન અને વિવેક વગરના દોષારોપ, આદિવાસી નથી કરતા. એટલે જ આદિવાસી સાહિત્યમાં રાજકીય સભાનતા હોવા છતાં ય પણ ત્યાં આદિવાસીએ પોતા પરનું સંયમન અને લાગણીઓનું સંતુલન ક્યારે પણ ખોયું છે એવું જોવા મળતું નથી. આપણે કહેવાનું રહ્યું કે આજસુધી પ્રસ્થાપિત થયેલા દલિત સાહિત્યથી આદિવાસીના આ નવા 'અક્ષર આંદોલન' ની પ્રકૃતિ તદ્દન ભિન્ન રહેશે.

થોડાક સમય પહેલાં, કેરળ રાજ્યના વાયનાડ જિલ્લામાંથી, ડૉ. બેકી નામના



જાણીતા આદિવાસી કાર્યકર્તા તેઓના વિદ્યાર્થી કલાકારોને સાથે લઇ તેજગઢ આવ્યા હતા. બાળકોએ ડૉ. બેકીએ રચેલાં ગીતો ગાયાં. સરસ મનોરંજન થયું, પણ સાથે સાથે જ આદિવાસી અસ્મિતાનો તીવ્ર અનુભવ પણ મળ્યો. 'આદિવાસી એકતા પરિષદ'ના વાર્ષિક સંમેલનનાં ગીતો-નૃત્યો પણ રજૂ કરવામાં આવ્યાં ત્યાં પણ 'અસ્મિતા' જ કેંદ્રનો અનુભવ હોય છે. સાથે સાથે પરિપક્વતાનો એકસંપ અભિગમ જેમાં ઉતાવળ, બિનજરૂરી આક્રોશ, અધીરતા જરાય હોતાં નથી. પછી ગયા એપ્રિલ મહિનામાં દિલ્હી ખાતે, ભાષા કેંદ્રે અને ઇંદિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેંદ્રે સંયુક્ત ઉપક્રમે જે વિચરતી જનજાતિ અને આદિવાસીની રાષ્ટ્રીય પરિષદ યોજેલી ત્યાં પણ આ જ અનુભવ થયો. ભલે સ્કૂલ-ઇન્સ્પેક્ટરના હિસાબે મોટા ભાગના આદિવાસી નિરક્ષર હશે, પણ આદિવાસી હૈયામાં એક ખુબ જ મોહક રાજકીય ડહાપણ અને સાંસ્કૃતિક સાક્ષરતા પૂરેપુરાં રહેલાં છે.

'ઢોલ' સામયિક પ્રસ્થાપિત કરવા પાછળના જે વિવિધ હેતુ તે સમયે હતા તેમાં ઉપરોક્ત આદિવાસી સાક્ષરતાનું નવું આંદોલન નિર્માણ કરવાનો હેતુ પ્રમુખ હતો. 'ઢોલ'ની સ્થાપનાનો પ્રાથમિક નિર્ણય ૧૯૯૭માં કરવામાં આવ્યો. ૨૦૦૫ સુધી 'ઢોલ' અગિયાર ભાષા સુધી વિસ્તર્યું. આદિવાસી ભાષાઓ ઉપરાંત 'ઢોલ' મરાઠી અને ગુજરાતી ભાષોઓમાં પણ પ્રકટ થયાં. આ પ્રારંભના વર્ષોમાં 'ઢોલ' ના પ્રયત્ન હતા કે ગુજરાત અને ઉત્તર-પશ્ચિમ મહારાષ્ટ્રના આદિવાસી બોલી ભાષાઓને અક્ષર-રૂપમાં રજુ કરવા, તેવા ભાષાઓમાં પ્રયત્નશીલ રહેલા અક્ષર કર્મીઓ માટેનો એક સાંસ્કૃતિક-સાહિત્યિક મંચ નિર્માણ કરવો; અને દરેક આદિવાસી સંસ્કૃતિ-ભાષા-સાહિત્ય વિશેની માહિતી અને સભાનતા તેમજ તેઓનાં રીતિ અને રિવાજની માહિતી અન્ય આદિવાસી સમાજ સુધી પહોંચાડવી. આ બધા પ્રયત્નથી સમાજ પર, સંસ્કૃતિ પર કશી અસર થઈ, કેટલા પ્રમાણમાં થઈ વગેરેની ચર્ચા કરવાનું કામ ઇતિહાસકારો માટે છોડું છું.

આ આદિવાસી પ્રતિભાની અભિવ્યક્તિના નવા ઉન્મેષ પ્રકટ થવાની શરૂઆત થઈ તેનાથી ઘણાં પહેલાં ગુજરાતમાં ડૉ. ભગવાનદાસ પટેલે લગભગ એકલા હાથે આ બધું કામ શરૂ કર્યુ હતું. ગઈ સદીના છેલ્લા દાયકામાં એક પછી એક આદિવાસી મહાકાવ્ય પ્રકટ થવાનું શરૂ થયું. તે સમયે ગુજરાતી સાહિત્ય



માટે આ એવા પ્રકારની કૃતિઓ લગભગ 'અહો-બત કિમ્ આશ્ચર્યમ્' એવા પ્રકારની હતી. સાહિત્ય સર્જનને, સાહિત્ય વિભાવના અને દિઙ્મૂઢ કરી નાખે એવી એ કૃતિઓ હતી. રાજસ્થાન અને ગુજરાતની સરહદે મળી આવેલ આદિવાસી મહાકાવ્ય પરંપરા એ તમામ કૃતિઓનું સંપાદન ડૉ. ભગવાનદાસ પટેલે કર્યું હતું. ખેડબ્રહ્મા જેવા શહેરી વિસ્તારથી દૂર રહેલા ગામમાં હાઈસ્કૂલના આચાર્ય પદે સેવા આપતા આ તેજસ્વી અને પ્રતિભાવાન કર્મયોગીએ લગભગ પચ્ચીસ વર્ષ નિષ્ઠાથી આદિવાસીઓના મહાકાવ્યોનું સંપાદન કરવાનું જારી રાખ્યું હતું અને તેના પરિણામ સ્વરૂપે ગઈ સદીના છેલ્લા વર્ષોમાં ગુજરાતી સાહિત્યમાં આદિવાસી મહાકાવ્યો અવતરવા લાગ્યાં.

હું પહેલી વાર ભગવાનદાસ પટેલને મળ્યો તે સાપુતારા ખાતે આદિવાસી કલા અને સાહિત્ય પર ૧૯૯૬ માર્ચમાં યોજાયેલા એક પરિસંવાદના નિમિત્તે. મેં જોયું કે આ એક અત્યંત વિનયશીલ અને સ્નેહભાવથી પરિપૂર્ણ એવું એક વ્યક્તિત્વ હતું. તેઓની આંખમાં તેજ સ્ફૂલ્લિંગ હમેશાનું વસેલું છે. આદિવાસીઓ વિશે તે લાગણીથી ઓતપ્રોત રહેલા છે. આપણે ક્યારેય વેદવ્યાસને જોયા નથી. વ્યાસ કેવા હશે વગેરે કલ્પના કરવી પણ શક્ય નથી. પરંતુ આદિવાસીઓના આ આધુનિક વ્યાસને આપણે જોઈ શકીએ છીએ તેનો મને અદ્ભૂત આનંદ થયો. લગભગ તે દિવસથી જ ભગવાનભાઈ અને મારી મિત્રતા ધીમે ધીમે બંધુત્વમાં રૂપાંતરિત થતી ગઈ. આજે એમને મળ્યે પંદર વર્ષનો સમયગાળો વીત્યો છે, અને અમે બંન્ને એક-બીજાનાં સુખ અને દુઃખના સાક્ષી રહ્યા છીએ.

આજ પંદર વર્ષ દરમ્યાન આદિવાસી અકાદમીની નિર્મિતિ થઈ. ભાષા કેન્દ્રે તેત્રીસ જેટલી આદિવાસી ભાષાઓમાં પુસ્તકો પ્રકટ કર્યા. સોની સંખ્યામાં આદિવાસી કલાકાર,સર્જક, અને સંસ્કૃતિ પ્રેમીઓ સાથે મળવાનું થયું. સંપૂર્ણ દેશભરમાં આદિવાસી સાહિત્યને પ્રતિષ્ઠા મળે તે માટે કાર્યરત રહ્યા. આજે આદિવાસી સાહિત્યનાં સંમેલનો અને મહાસંમેલનો દેશભરમાં લગભગ દર અમાસ-પૂર્ણિમાના રોજ આયોજિત કરવામાં આવી રહ્યાં છે. દરેક આદિવાસી ભાષામાં નાટ્યકૃતિ, કાવ્યકૃતિ અને આત્મચરિત્ર સર્જન વિપુલ પ્રમાણમાં થઈ રહ્યું છે. એક સમયે ભારતીય સાહિત્ય ઇતિહાસ વિશે લખતી વખતે મેં પશ્ચિમના



સાહિત્ય માટે બગીચાનું રૂપક પ્રયોજયું હતું. આજે કહેવાનું મન થાય છે કે જ્યારે આદિવાસી ભાષા સાહિત્યની સર્જકતામાં નવા ઉન્મેષ જોવા મળે છે, ત્યાં વિવિધ રંગના ફુલછોડ આવી રહ્યા છે. વિવિધ સર્જકતાનાં વૃક્ષો જોવા મળે છે તેઓ વચ્ચે સૌથી મહાન હતો આદિવાસી મહાકાવ્યો રહેલાં છે. 'રાઠોડ વારતા', 'રૉમસીતમાની વારતા', 'ગુજરાંનો અરેલો', 'ભીલોનું ભારથ' દુનિયાને આપનાર ડૉ. ભગવાનદાસ પટેલ આ સાહિત્યના દંડકારણ્યમાં સૌથી પ્રાચીન અને સૌથી ઊંચા વૃક્ષનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. આપણે કહી શકીશું કે ભારતીય સાહિત્યમાં નિર્માણ થયેલા આદિવાસી સાહિત્યયુગની પ્રેરકમૂર્તિઓમાં ડૉ. ભગવાનદાસ પટેલ સૌથી પ્રમુખ રહ્યા છે. તેઓના મહાકાવ્યોના ગ્રંથોનું પુનઃ પ્રકટન કરવાની તક ભાષા કેન્દ્રને મળે છે તેથી હું કેન્દ્રના સંસ્થાપકના રૂપમાં જાત માટે ધન્યતા અનુભવું છું.

ગણેશ દેવી

વડોદરા



સ્વકીય (પ્રથમ આવૃત્તિ પ્રસંગે)

માત્ર, સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં અને બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં વસતા ડુંગરી ભીલ આદિવાસીઓમાં વેર લીધા પછી માંડવામાં આવતા 'હૂરા'ના સમયે તંબૂર સાથે ગવાતી અને કથાતી ભજનવારતા 'રાઠોરવારતા' પૂરતું જ આ સંશોધન છે. આ માટે ખેડબ્રહ્મા તાલુકાનું એક ગામ ખેડવા પસંદ કરવામાં આવ્યું છે. આ માટે ૧૯૮૭માં આ ગામના વતની અને આ વીરગાથા કે લોકમહાકાવ્યના કંઠસ્થ પરંપરાના ગાયક અને કથક ગમાર નાથાભાઈ ભૂરાભાઈ સાથે એક વર્ષ સુધી સતત સંપર્કમાં રહેવું પડ્યું છે. આ સમયે ગુજરાત સાહિત્ય અકાદમીએ 'ફેલોશીપ' આપીને ક્ષેત્રકાર્ય માટે મૂંઝવતા આર્થિક પ્રશ્નો હળવા બનાવી આપ્યા છે. જેથી આ તંબૂર ભજનવારતાની ૪૫ કેસેટ્સ તેના સંદર્ભ સાથે ધ્વનિમુદ્રિત કરીને યથાશક્તિ તેનો પ્રમાણભૂત પાઠ આપવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છે. સતત એક વર્ષ સુધી ખૂન પછી માંડવામાં આવતા 'હૂરા'નો અભ્યાસ કરીને તેની સાથે ગવાતી 'રાઠોરવારતા'ને તેના મૂળભૂત વાતાવરણ સાથે ધ્વનિમુદ્રિત કરવામાં આવી છે. આ કાર્ય માટે મુખ્ય આદિવાસી સાધુ ગમાર નાથાભાઈ ભૂરાભાઈ અને તેમનાં સાધુપત્ની અને આ મહાકાવ્યની સહાયક ગાયિકા (અત્યારે સ્વ.) સાંકળીબહેનનો સાથ સદા મળતો રહ્યો છે.

આ વીરગાથા ધ્વનિમુદ્રિત થયા પછી માત્ર છ માસમાં જ આ ગેય અને કથ્ય ગાથાની ગાયિકા અને સાધુના જીવનના અડધા અંગ જેવી સાંકળીબહેન હોજરીના કેન્સરથી પીડાવા લાગી હતી. આથી આ મહાકાવ્ય મેળવવામાં છ માસ મોડા પડાયું હોત અને યોગ્ય સમયે ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાય મળી ન હોત તો આ પરંપરાના જાણકાર અને સાબૂત દાંતવાળા સાધુ મળી શક્યા ન હોત અને કથ્ય ગાથા શબ્દ સ્વરૂપ ધારણ ન કરી શકી હોત.



છેલ્લા દિવસોમાં સાંકળીબહેનને મળવા જતો ત્યારે તેણી પૂછતી, ''હેં પાઈ! માર પઝનાંની સૉપરી થાહેં કે ?'' હું તેણીને પ્રત્યુત્તરમાં આશ્વાસન આપતાં કહેતો, હઑ..., ''બેંનરી થારી સૉપરી નખ્ખા બખની થાહેં!'' (''હા, બહેન તારી ચોપડી ઘણી જ સુંદર થશે !'') આ સાથે દુઃખમાં પણ તેણીના મુખ પર સંતોષની એક વિરલ આભા પ્રસરતી.

એકાદ વર્ષ પછી કંઠસ્થ પરંપરાની આ વનની ગાતી કોયલ સમી સમર્થ માહિતી દાતા કાયમ માટે ઊડી ગઈ, પણ તેણીને આપેલું આશ્વાસન મારા હૃદયનો ભાર બની ગયું. ડૉ. હરિવલ્લભ ભાયણી અને ડૉ. હસુ યાજ્ઞિકની સદ્‌ભાવનાના કારણે સહાયક માહિતીદાતાને આપેલા આશ્વાસનના ઋણમાંથી આજે મુક્ત બન્યો છું, તેથી સંતોષ અનુભવું છું.

ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર, શ્રી હસુ યાજ્ઞિકે આ સંશોધન પાછળ કેટકેટલી માનસિક યાતનાઓ વેઠીને આપેલી લડતના અંતે આ કામ પૂર્ણ કરાવ્યું છે, તે ''વાંચ્છયું તું વૃક્ષ, ત્યાં મળ્યું..'' (જે બીજી આવૃત્તિમાં સમાવી શકાઈ નથી) ભૂમિકા પરથી સહેજે સમજી શકાય તેમ છે. આ માટે હું તેમનો આભારી છું.

ડૉ. હરિવલ્લભ ભાયણી સાહેબે વીરગાથાની ભૂમિકા લખીને (જે બીજી આવૃત્તિમાં સમાવી શકાઈ નથી) આ પ્રકારના કામનું આંતરરાષ્ટ્રીય મહત્ત્વ આંકી આપ્યું છે, તે બદલ હું તેમનો અંતઃકરણથી આભાર માનું છું.

અહીં આવરણની રચના શ્રી આર. ચિતારે કરી છે. આ માટે તેમનો પણ આભારી છું.

ઘરની વ્યક્તિગત અને સામાજિક જવાબદારીઓ નિભાવતાં નિભાવતાં કેસેટ્‌સ પરથી ધ્વનિ અંકિત કરેલા મારા શબ્દોને સુવાચ્ય અક્ષરોમાં હસ્તપ્રત બનાવવામાં મને સહાયક થવા બદલ મારી સહધર્મચારિણી તારામતીને આ તબક્કે સ્મરું છું.

મારા આ કાર્યને વધુ વેગવાન બનાવવામાં મહેન્દ્ર દીક્ષિત, આચાર્ય શ્રી બાલકૃષ્ણ જોશી અને મારા અંતરંગ સ્નેહી શ્રી કાન્તિલાલ બી. પટેલને અહીં યાદ કરું છું.



અરવલ્લી પહાડી પ્રદેશમાં વસતી એક જાતિ, ભીલોની જીવનરીતિ સાથે અવિનાભાવે જોડાયેલી તંબૂર-ભજન વારતા, 'રાઠોરવારતા'ને તેના મૂળ સામાજિક-ધાર્મિક સંદર્ભ સાથે અને ગાવાની અને કહેવાની રીતિ સાથે અહીં સંપાદિત કરવામાં આવી છે. આ વીરગાથા કે લોકમહાકાવ્ય કોઈને પણ ક્યારેક કોઈપણ રીતે અને કોઈપણ સમયે ઉપયોગી થશે જ એવી આશા સાથે અહીં વિરમું છું.

ડૉ. ભગવાનદાસ પટેલ
૧૫ ઑગસ્ટ, ૧૯૯૨



બીજી આવૃત્તિ પ્રસંગે

આનંદ એ વાતનો છે કે રૉમ-સીતમાની વારતા (પ્રથમ આવૃત્તિ, ૧૯૯૫), ભીલોનું ભારથ (૧૯૯૭), રાઠોરવારતા (૧૯૯૨), અને ગુજરાંનો અરેલો (૧૯૯૩) આ ચાર મહાકાવ્યોની બીજી આવૃત્તિ -આ આવૃત્તિ પૂરતા જ કૉપી રાઈટ માન્ય રાખી, પછીના સંપાદકને આપી ભાષા સંશોધન-પ્રકાશન કેન્દ્ર, વડોદરાનો એક ભાગ પૂર્વ પ્રકાશ, ભારતીય ભાષા સંસ્થાન, મૈસૂરના આર્થિક સહયોગથી પ્રકાશિત કરે છે.

રૉમ-સીતમાની વારતા અને ભીલોનું ભારથને પૌરાણિક ભીલ લોકમહાકાવ્યો જ્યારે રાઠોરવારતા અને ગુજરાંનો અરેલોને વીરતાપ્રધાન ભીલ લોકમહાકાવ્યો તરીકે ગણના કરીએ છીએ.

રૉમ-સીતમાની વારતા, ભારથ જેવાં મહાકાવ્યોમાં પૂર્વકાલીન માતૃસત્તાક સમાજના મહામાર્ગી જીવનદર્શનમાંથી આવિર્ભાવ પામેલી સીતા, દ્રૌપદી, કુંતી, સુભદ્રા જેવી સ્ત્રીઓ પોતાના વ્યક્તિત્વનો સહજ વિકાસ સાધે છે અને માર્ગદર્શક બની પુરુષ સમાજ પર શાસન કરે છે.

રાઠોરવારતા અને ગુજરાંનો અરેલો, આ બંને મુખપરંપરાનાં લોકમહાકાવ્યોની કથાઓ મધ્યકાળમાં થયેલા પાબુ રાઠોડ અને સવાઈ ભોજ જેવાં ઐતિહાસિક ચરિત્રો સાથે ગૂંથાઈ છે. જેમનો સમય ઇતિહાસકારો ૧૦મા સૈકાની આસપાસનો આંકે છે. આથી આ બંને વીરતાપ્રધાન લોકમહાકાવ્યોમાં અળખું, તેમા, ઝેળુ જેવાં સ્ત્રી ચરિત્રોની કુટિલતા, જેદરા ખેંસી જેવાની તીવ્ર વેરભાવના અને રાજખટપટ ઉપરાંત યુદ્ધોનાં સજીવ ચિત્રોની સાથેસાથે આ યુદ્ધોનાં પ્રેરકબળ એવાં શરણાગત-રક્ષા, વચન-નિર્વાહ, ગોત્રરક્ષા, સ્ત્રીરક્ષા, પૂર્વજ-સન્માન જેવાં મધ્યકાલીનયુગનાં ક્ષાત્રધર્મી જીવનમૂલ્યો અભિવ્યંજિત થયાં છે. આમ છતાં, આ બંને



લોકમહાકાવ્યોમાં દસમા સૈકાથી પણ પૂર્વકાલીન ઘણું બધું સચવાયું છે જેની વિગતે ચર્ચા ભૂમિકામાં કરી છે.

કોઈ પણ જાતિ-પ્રજાતિની સંસ્કૃતિ ફક્ત વર્તમાન સમયનો વ્યવહાર અને ચિંતનની પ્રથા જ નથી. તે પરંપરા પણ છે. આ પરંપરામાં ઘણાબધા પ્રાચીન અવશેષો સચવાયેલા હોય છે. આ સચવાયેલા જૂના અવશેષો પોતાના યુગનો-તે સમયની સંસ્કૃતિનો ઇતિહાસ પ્રકટ કરે છે. આ સચવાયેલા અવશેષોનું અન્વેષણ કરતાં કરતાં આપણે જે તે સંસ્કૃતિનાં મૂળ-કુળ સુધી પહોંચી શકીએ. ફક્ત વીરતાપ્રધાન લોકમહાકાવ્યોનો ઐતિહાસિક અનુબંધ તપાસીએ તો પણ તેનાં મૂળ ઋગ્વેદમાંથી મળે છે જે 'લોક'માંથી પ્રવેશ્યાં હોવાની સંભાવના છે. 'રૉમ-સીતમાની વારતા'માં ઇંદ્ર (એંદર) શબ્દ મેઘના અર્થમાં પ્રયોજાયો છે. વેદોમાં પણ ઇંદ્રનો એક અર્થ 'ગર્જના સહિત વરસાદરૂપે પૃથ્વી પર આવનાર' થાય છે. મેઘને જોઈને ઋગ્વેદના કવિ કલ્પના કરતા હતા કે તે ઊડતા દુર્ગ છે. ઇંદ્રે તેમને તોડ્યા (૮.૧.૨૮). વાદળોના દુર્ગ તોડવાના કારણે ઇંદ્રને 'પૂર્ભિદ્' પુર તોડવાવાળો 'પુરંદર' કહેવામાં આવ્યો છે. આમ ઇંદ્ર એ વર્ષાનો જીવનદાયક પ્રાકૃતિક દેવ હોવાથી વાદળો કે વાદળોના પુરને તોડનાર તરીકે વેદના કવિએ વર્ણવ્યો છે. આ મેઘના ઉગ્ર રૂપકમાંથી ઇંદ્રનું વીર તરીકેનું ચરિત્ર વિકસિત થયું છે. ઋગ્વેદમાં કહેવાયું છે हि वीरा सैन्यः, ઇંદ્ર વીર છે અને તે સૈન્ય છે, યોદ્ધો છે, સેનાની સાથે છે (૧.૮૧.૨). પવન જેવા પ્રાકૃતિક તત્ત્વની પણ ઋગ્વેદમાં વીર તરીકે કલ્પના કરી છે. मरुत् ઇંદ્રના સહાયક धृष्वयः वीराः અત્યંત શક્તિશાળી વીર છે (૧.૮૫.૧). 'ભીલોનું ભારથ'માં અભિમન્યુ સાથેના યુદ્ધમાં પવનદેવ (मरुत्) ઇંદ્રની સહાયમાં આવે છે. અગ્નિને वीर विश्पते अग्ने કહીને સંબોધવામાં આવ્યો છે. (૮.૨૩.૧૪). ઋગ્વેદમાં જે વીર યુદ્ધમાં વિશેષ વીરતા દાખવતા હતા, તેના પર ગીત રચવામાં આવતાં હતાં. મરુતોને કવિ કહે છે, ''મહાન ઇંદ્રનાં ગીત ગાઓ. જે ગીત ગવાશે તે ब्रह्म છે.'' ઋગ્વેદમાં બ્રહ્મનો એક અર્થ કાવ્ય થાય છે. 'બ્રહ્મ મૂળરૂપમાં કોઈ વીરની પ્રશંસામાં રચેલું કાવ્ય છે. આ ब्रह्म જ સાચા અર્થમાં વીરગાથા છે. અને આ વીરગાથાઓ લોકમાંથી જ ઋગ્વેદમાં પ્રવેશી છે.'

પ્રશસ્તિ શબ્દનો સીધો અર્થ છે પ્રશંસા અથવા પ્રશંસાત્મક કાવ્ય. राजानो



ન પ્રશસ્તિભિઃ રાજા પ્રશસ્તિથી શોભિત થાય છે (૯.૧૦.૩). ઋગ્વેદનું સૂક્ત ૧/૩૨ અને શુક્લ યજુર્વેદીય રુદ્રાષ્ટાધ્યાયીનો તૃતીય અધ્યાય ઇંદ્રસ્તુતિ-વીર પ્રશંસાનો છે. જે લોકમાં પ્રચલિત પ્રશસ્તિઓમાંથી રચાયાની શક્યતા છે. વિજયી અને મૃત રાજાની પ્રશસ્તિ રચવાની પરંપરા પૂર્વકાળથી આરંભીને નજીકના ભૂતકાળ સુધી ચાલુ રહી છે. રાઠોરવારતા, ભારથ, ગુજરાંનો અરેલો જેવાં લોકમહાકાવ્યોમાં મુખ્ય સાધુ કે ગાયક દ્વારા કથાતાં જીવિત અને મૃત વીરોનાં પ્રશંસાત્મક કથનો પ્રાપ્ત થાય છે, જેમ કે 'પાંડવો પૃથ્વી પરના પ્રથમ દેવ છે.' 'રાઠોર દેશના દીવા હતા, પૃથ્વીના પ્રધાન. તેમના મરણથી આકાશમાંથી ગુરુનો તારો ડૂબી ગયો.' 'ફળિયાના મોડવી હતા, મારા મેહો અને ભોજો.' હૂરો માંડતી વેળાએ કે મરણોત્તર લૌકિક કર્મકાંડ વેળાએ મરનારનાં ગુણગાન અને વીરતાભર્યાં કાર્યોના ગાવામાં આવતા આવા મરસિયામાંથી તે સમયે ગવાતાં રાઠોરવારતા જેવાં મૌખિક મહાકાવ્યો સિદ્ધ થયાં છે (વધુ વિગત માટે જુઓ શોધસંપદા, ડૉ. ભગવાનદાસ પટેલ, પૃ. ૧૦૨-૧૦૩-૧૦૪).

આ સંશોધક-સંપાદક દ્વારા સંશોધિત-સંપાદિત ભીલ આદિવાસીઓનાં 'રૉમ-સીતમાની વારતા' (ભીલી રામાયણ), 'ભીલોનું ભારથ' (ભીલી મહાભારત), 'ગુજરાંનો અરેલો', 'રાઠોરવારતા' જેવાં સત્ત્વશીલ ચાર લોકમહાકાવ્યો અને રૂપાંરૉણી, તોળીરૉણી, ગોપીચંદ-ભરથરી જેવાં ૨૧ લોકાખ્યાનો તથા ભીલી સાહિત્યની અન્ય વિધાઓના ૪૦ ગ્રંથોના પ્રગટીકરણથી રાષ્ટ્રીય કક્ષાએ આદિવાસી મૌખિક સાહિત્ય પ્રસિદ્ધ થઈ પ્રસાર-પ્રચાર પામી અભ્યાસનો વિષય બન્યું છે. ઉપર ઉલ્લેખિત ચાર ભીલ લોકમહાકાવ્યોનું સાહિત્યિક-લોકતાત્ત્વિક મૂલ્ય પારખી ભારતીય ભાષા સંસ્થાન, મૈસૂરે અંગ્રેજી ભાષામાં ભાષાંતર કરાવ્યું છે. મોઈઝ રસીવાલા ભીલોનાં પ્રમુખ લોકાખ્યાનોના અંશોનું ફ્રેંચ ભાષામાં ભાષાંતર કરી એન્થોલૉજી બનાવી રહ્યા છે. ડૉ.ગણેશ દેવીએ પ્રસિદ્ધ કરેલ *Painted Words* નામની એન્થોલૉજીમાં ભીલોનું ભારથના સાહિત્યિક દષ્ટિએ અગત્યના અંશો અંગ્રેજીમાં પ્રગટ કર્યા છે. નયન સૂર્યાનંદ લોકપ્રતિષ્ઠાન, મુંબઈ દ્વારા પ્રકાશિત *The Tribal Literature of Gujarat*, Ed. by Bhagvandas Patel પુસ્તકમાં ડૉ. હસુ યાજ્ઞિકે ભીલી સાહિત્ય અંગેના



લેખો અંગ્રેજીમાં પ્રસિદ્ધ કર્યા છે. ડૉ. નીલા શાહ દ્વારા અનુવાદિત અને નયન સૂર્યાનંદ લોકપ્રતિષ્ઠાન, મુંબઈ દ્વારા પ્રકાશિત *Adivasi Lokakhyano* પુસ્તકમાં ભીલોનાં પ્રમુખ લોકાખ્યાનો અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયાં છે. કેન્દ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હીએ ડૉ. મૃદુલા પારીક દ્વારા હિન્દીમાં અનુવાદિત भीलों का भारथ પ્રસિદ્ધ કર્યું છે. ૧૯૮૪ થી ૨૦૦૪ સુધીના સમયખંડમાં ગુજરાતના મૂર્ધન્ય વિવેચકો દ્વારા ભીલી સાહિત્ય વિશે વિવેચાયેલા લેખો ડૉ. બળવંત જાની દ્વારા સંપાદિત કરાવી ગુજરાત સાહિત્ય અકાદમીએ 'વનસ્વર' પુસ્તકમાં મૂક્યા છે. ગુર્જરી ટ્રાયબલ ફાઉન્ડેશન, અંબાજી દ્વારા પ્રસિદ્ધ 'ભીલી સાહિત્ય : એક અધ્યયન' ગ્રંથમાં ડૉ. હસુ યાજ્ઞિકે ૧૯૯૫ થી ૨૦૦૮ સુધીના સમયખંડમાં પ્રસિદ્ધ થયેલા લેખોનું સંપાદન કર્યું છે. આ ઉપરાંત તેમના દ્વારા લિખિત ગૂર્જર ગ્રંથરત્ન દ્વારા પ્રકાશિત 'ગ્રામીણ અને આદિવાસી કંઠ પરંપરા' ગ્રંથમાં ગ્રામ અને આદિવાસી મૌખિક સાહિત્યના વિવેચનને એક સ્થાન પર મૂકી આપ્યું છે. સાહિત્ય અકાદમી, દિલ્હી આ સંશોધક દ્વારા સંપાદિત 'ભીલી ગીતો : એક મૂલ્યાંકન' અને 'ભીલી મહાકાવ્યો : એક મૂલ્યાંકન' વિષય પર બે પરિસંવાદો કર્યા છે. તેનાં પુસ્તક સ્વરૂપ તાજેતરમાં પ્રકાશિત થયાં છે.

શ્રી શિવશંકર જોશી અને વીરચંદ પંચાલના સહયોગથી શિવશંકર ચુનિલાલ ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા પ્રકાશિત 'ગોપીચંદ-ભરથરીની વારતા'ની ભૂમિકામાં અને ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા પ્રકાશિત 'ખેડબ્રહ્માની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓ' પુસ્તકમાં આ સંશોધકે સિત્તેર હજાર વર્ષ પૂર્વકાલીન આદિવાસી સંસ્કૃતિ-સભ્યતાનાં મૂળ-કુળ શોધવાનો પ્રયત્ન કર્યો છે. આ ઉપરાંત આ સંશોધક-સંપાદકે રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં ભીલી મૌખિક સાહિત્યનું નિદર્શન અને અનેક લેખો પ્રસિદ્ધ કર્યા છે. આમ, આ સહભાગિતાથી બહુ આયામી-બહુમૂલ્યવાન ભીલી સાહિત્ય રાષ્ટ્રના સીમાડા વળોટી વિશ્વમાં લોકવિદ્યાના ક્ષેત્રે અભ્યાસનો વિષય બન્યું છે. ભીલ આદિવાસીઓના જીવનામૃત-જીવનરસાયણ જેવી આ સત્ત્વશીલ લોકસંપદા, વિદ્યાનાં ઉચ્ચ ક્ષેત્રો-વિદ્યાલયો, મહાવિદ્યાલયો, વિશ્વવિદ્યાલયોમાં પ્રચાર-પ્રસાર પામે અને ઉચ્ચ અભ્યાસનો વિષય બને એવા ઉમદા આશયથી ભાષા સંશોધન-પ્રકાશન કેન્દ્ર, વડોદરા આગળ



ઉલ્લેખિત ચાર ભીલ લોકમહાકાવ્યોની દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરે છે. પ્રકાશનની જવાબદારી પૂર્વ પ્રકાશે નિભાવી છે.આ પ્રસંગે બંને સંસ્થાના પ્રેરક–સ્થાપક ડૉ. ગણેશ દેવી, પ્રા. સુરેખા દેવી, આદરણીય મહાશ્વેતા દેવી, સોનલ બક્ષી, કાનજી પટેલ, વિક્રમ ચૌધરી, ધીરુભાઈ પટેલ અને બંને સંસ્થાના સભ્યોનો આભાર માની વિરમું છું.

ભગવાનદાસ પટેલ
૩૦૪ મિથિલા અપાર્ટમેન્ટ
જજીસ બંગલા ચાર રસ્તા, બોડકદેવ, અમદાવાદ



ભૂમિકા

વીરતાપ્રધાન ભીલ લોકમહાકાવ્યોઃ તેના સામાજિક સંદર્ભમાં

અહીં પૂર્વે 'આનર્ત'ના એક ભૂભાગ તરીકે ઓળખાતા ઉત્તર ગુજરાતના દાંતા અને ખેડબ્રહ્મા તાલુકામાં વિસ્તરેલા દુનિયાના એક પ્રાચીન પહાડ અરવલ્લીની તળેટીઓમાં વસતી ભારતની પૂર્વકાલીન પ્રજાતિ-ડુંગરી ભીલ આદિવાસીઓનાં મુખ-પરંપરાનાં વીરતાપ્રધાન લોકમહાકાવ્યોને તેના સામાજિક સંદર્ભમાં તપાસવાનો ઉપક્રમ છે.

આ સંશોધક દ્વારા સંપાદિત 'ભીલ લોકમહાકાવ્ય : રાઠોરવારતા', 'ડુંગરી ભીલોનો ગુજરાંનો અરેલો', ''ભીલ લોકમહાકાવ્ય : 'રૉમ સીતમાની વારતા' અને 'ભીલોનું ભારથ'માંથી અનુક્રમે પ્રથમ બે લોકમહાકાવ્યોને જ તપાસવાનો અહીં અભિગમ છે.

આવી દીર્ઘ સંગીતપ્રધાન પદ્ય-ગદ્યના સાયુજ્યવાળી કથા માટે હિંદી અને રાજસ્થાની લોકસાહિત્યમાં 'લોકગાથા' કે 'મહાગાથા' શબ્દો પ્રયોજાયા છે. વેદ, પુરાણ, બ્રાહ્મણગ્રંથો, બૌદ્ધસાહિત્ય વગેરેમાં ગાથાના ઉલ્લેખો મળે છે.

ઋગ્વેદમાં ગાવાવાળાના અર્થમાં 'गाथिन'[૧] શબ્દનો પ્રયોગ થયો છે. વૈદિક સાહિત્યમાં આખ્યાન, ઈતિહાસ તથા પુરાણ પ્રાપ્ત થાય છે. ધાર્મિક સંસ્કારો તથા યજ્ઞોના અવસરે 'ઐતિહાસિક' તથા 'પૌરાણિક' આખ્યાનો કહેતા હતા. આ આખ્યાનોના ગદ્યની સાથે જે પદ્ય કહેવાતું તેને 'ગાથા' કહેવામાં આવતી. ગાથા સાહિત્યના રચયિતા તથા રક્ષક સૂત હતા. ઉપરાંત બીજા અન્ય ગાયકો



(કુશીવલ) લોકમાં આ ગાથા અને ગીતોનો પ્રચાર કરતા હતા.[૨] વૈદિક યુગમાં ગાથાઓનું એટલું બધું મહત્ત્વ હતું કે 'रैभी'[૩] અને 'नाराशंसी' જેવી માનુષી ગાથાઓની અલગ રચના કરવામાં આવી. વિવાહ કે અન્ય અવસર પર જુદીજુદી વિધિઓના સમયે જે કથાગીતો ગાવામાં આવતાં, તે વૈદિક સાહિત્યમાં रैभी અને नाराशंसी ગાથાના નામથી પ્રસિદ્ધ છે.

આ વિસ્તારના ડુંગરી ભીલ આદિવાસીઓમાં પણ આવી ગાથા, આખ્યાન કે મહાકાવ્યને મળતી આવતી દીર્ઘ સંગીતપ્રધાન કથાઓ પરંપરિત રીતે પ્રચલિત છે. તેઓમાં આવી કથાઓ કહેવાનું કે ગાવાનું કામ વૈદિક યુગના ઐતિહાસિક અને પૌરાણિકોની જેમ તેમના સાધુ (સાધ) અને ભોપા (ભૂવા) મેલાં-ચોખ્ખાં ધાર્મિક અનુષ્ઠાનો સમયે કરે છે. લોક-પ્રયોજન કે લોકાનુરંજન હેતુ કરવામાં આવાતાં આવાં લાંબાં પદ્ય-ગદ્યના સાયુજ્યવાળાં, કથા-સ્વરૂપો માટે 'વારતા', 'પઝન', 'પઝનવારતા', 'અરેલો', 'બેઠોરગીત' જેવા શબ્દો કે શબ્દસમૂહ પ્રયોજાય છે. જેમકે 'સતિયા સદણની પઝનવારતા', 'ગુજરાંનો અરેલો', 'વડેરાંનો અરેલો', 'ખૂતાંનો રાઝવી નં દેવોલ ગુઝરણનું બેઠોરગીત' વગેરે. લોકવાર્તા કે લોકકથા જેવાં ટૂંકાં સ્વરૂપ માટે આ વિસ્તારના લોકમાં 'કૉણી' શબ્દ પ્રચલિત છે. જે 'કહેણી' કે રાજસ્થાની અસરને લીધે 'કહાની' શબ્દનું પરિવર્તિત રૂપ છે. જેમકે 'હોનોલ બેંનરીની કૉણી', 'હાત ડાકેંણની કૉણી' વગેરે.

રાજસ્થાની લોકસાહિત્યમાં વીરતાપ્રધાન દીર્ઘકથાને 'પવાડા' કે 'ભારત' કહેવાની પરંપરા છે. જેમકે 'પાબૂજી રો પવાડો', 'દેવનારાયણ રો ભારત'. જ્યારે ભીલોમાં 'ભારથ' શબ્દ યુદ્ધના અર્થમાં કે પરંપરિત મહાભારતના અર્થમાં વપરાય છે. જેમકે 'પૉંડવાં કોરવોનું ભારથ'.

ડુંગરી ભીલ આદિવાસીઓમાં 'લોકગાથા', 'મહાગાથા', 'લોકાખ્યાન', 'લોકમહાકાવ્ય', 'પવાડા' કે 'ભારત' જેવા શબ્દ કે શબ્દસમૂહો પ્રચલિત ન હોવા છતાં આવાં લોકાનુરૂપ સાહિત્યસ્વરૂપો પ્રચલિત છે. અહીં અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલી બંને મુખ-પરંપરાની લોકકૃતિઓનું સ્વરૂપ વીરતાપ્રધાન લોકમહાકાવ્યોને મળતું આવતું હોઈ આવા પ્રકારનાં અન્ય લોકમહાકાવ્યોને ધ્યાનમાં રાખીને ભીલોના પરંપરિત પૂર્વકાલીન અને વર્તમાન

સમાજના સંદર્ભમાં આ કૃતિઓને તપાસવાનો પ્રમુખ હેતુ છે.

'રાઠોર વારતા' અને 'ગુજરાંનો અરેલો' એ વારતારસ સંતોષવા માટેની એકલ-દોકલ વ્યક્તિઓની કથાઓ નથી. પણ એકથી વધુ પેઢીઓની કથાઓ છે. રાઠોર કે ગુર્જર જેવા કુળની કે પૂરા વંશની કથાઓ છે. આવી કથાઓ એક આખી પ્રજાતિના પ્રાચીનકાળથી માંડીને સામ્પ્રત સમાજજીવનને સાથે લઈને ચાલે છે. "કોઈ એક વંશ અને એ સાથે જ એમનો આખો યુગ અને પ્રજા કેવી રીતે ઉત્કર્ષ વિકાસ પામ્યાં, ચરમોત્કર્ષ પર પહોંચ્યાં અને અંતે એમનો વિનાશ કેવી રીતે થયો, તે દર્શાવવાનો હેતુ હોય છે".... "એક વંશ કે કુળની કથા નિમિત્તે એમાં માનવજીવનના સંસ્કૃતિ-ઇતિહાસનાં પૃષ્ઠો મંડાય છે." આવા વંશનો "પછીના રાજાઓના પુરુષાર્થ, પ્રયત્નો અને વીરત્વે ઉત્કર્ષ થાય. પરંતુ વચ્ચેની પેઢીમાં કોઈક એવી ભૂલ કરાવે જે પોતાના માટે તેમજ અનુગામી પેઢી માટે વિનાશક બને."[૪] અહીં રાઠોડોના ઉત્કર્ષનું કારણ લાખા વણજારાની લૂંટેલી સોના-ઝવેરાતથી ભરેલી પોઠો અને સ્વર્ગની હીરાપથ અપ્સરા છે જ્યારે ગુજોરોના ઉત્કર્ષનું કારણ સોનાનો થઈ ગયેલો સપુનાથ સ્વામી અને પાતાળમાંથી આવેલી દિવ્ય નવલાખ ગાયો છે. ખેંસી અને રાઠોડવંશનો વિનાશ પાળેલા સૂવરના શિકારથી બંધાયેલા વેર અને દારૂના લીધે થયો છે. જ્યારે ગુજોરોનું પતન સંપત્તિનો અહંકાર, દારૂ અને ડોળીરાણના રાજા લેંબદેની રાણી ઝેળુને ઘરમાં ઘાલવાથી થયો છે.

આવા સ્વરૂપમાં બે ચાર પેઢીઓની કથામાં ઘટનાઓ કે પ્રસંગોની અનેક પાંખડીઓ હોય છે જે કથકના ગેય કથન દ્વારા ભિન્ન ભિન્ન ચરિત્રોનો વિકાસ કરતી અને અનુષ્ઠાનોના સાંનિધ્યમાં ધાર્મિક આસ્થાથી પ્રભાવિત શ્રોતા-દર્શકોને રસાનંદ આપતી વિકસે છે અને પ્રાચીન અને સામ્પ્રત સમાજના રીતિ-રિવાજો, વિધિ-વિધાનો, ધાર્મિક આસ્થાઓ તથા સામાજિક પરંપરિત વિશ્વાસોને પ્રસ્તુત કરીને જે તે જાતિના વર્તમાન લોકજીવનને અભિચાલિત કરે છે. માટે આવા સમગ્ર જીવનને લઈને ચાલતા સ્વરૂપ માટે જીવનના એકાદ અંશને પ્રસ્તુત કરતાં લોકાખ્યાન, ગાથા કે ગીતકથા જેવા શબ્દો પ્રયોજવાના બદલે 'લોકમહાકાવ્ય' નામાભિધાન જ યોગ્ય ગણાય.



અહીં 'ગુજરાંનો અરેલો' કે 'રાઠોર વારતા'નું સંપૂર્ણ ઈતિવૃત્ત કહેવાનો ઉદ્દેશ્ય નથી પણ આદિમાનવ, આદિવાસી કે 'લોક'ના સામૂહિક માનસના કયા કયા ખ્યાલો, વિશ્વાસો, ધાર્મિક-સામાજિક પ્રથા-પરંપરાઓ, માન્યતાઓ વગેરેમાંથી આવી કથાઓ પુરાકથાઓ રૂપે જન્મી મહાકાવ્યો રૂપે વિકસે છે અને વર્તમાન સમાજજીવનને પ્રભાવિત કરે છે તે દર્શાવવાનો છે.

આદિમાનવ પોતાની આજુબાજુ ફેલાયેલી પ્રાકૃતિક સૃષ્ટિમાં બનતી વિધ-વિધ ઘટનાઓમાંથી પોતાના વ્યક્તિત્વને તટસ્થ રાખી શકતો નહોતો. પરિણામે તે માનતો હતો કે પ્રકૃતિમાં જે વિવિધ સંઘર્ષ વ્યાપારો સર્જાય છે તે કોઈ ગૂઢ શક્તિઓને આભારી છે. આવી ગૂઢ શક્તિઓમાં વિશ્વાસનું કારણ આદિમ માનવની તે વૃત્તિ છે કે યથાર્થ અને કલ્પનામાં ભેદ કરવા શક્તિમાન નથી હોતી. વિદ્વાનોએ આદિમાનવની આ પ્રકારની મનોવૃત્તિને 'ફેંટેસી થિંકિંગ' પરિપ્રકલ્પનીય વિચારણા એવું નામ આપ્યું છે. ઋતુઓ પ્રમાણે પ્રકૃતિમાં થતા ફેરફારોને કારણે આદિમાનવ સજીવ તેમજ નિર્જીવ પદાર્થોમાં રહેલી ગૂઢ શક્તિઓના અસ્તિત્વમાં ગાઢ આસ્થા રાખવા માંડ્યો. વિદ્વાનોએ આવી શક્તિને 'માના' અથવા 'મન' એવું નામ આપ્યું છે.[૫]

''પ્રાચીન આર્યો પણ વિશ્વની વિસ્મયકારક વ્યવસ્થાથી ઘણા પ્રભાવિત થયા હોવાનું જણાય છે. આર્યોએ પણ કુદરતી બળોનું માનવીકરણ કરી તેમની દેવતા તરીકે ઉપાસના કરવા માંડી હતી. ઋગ્વેદમાં દ્યૌ-પિતર (આકાશ પિતા), પૃથ્વી (બધાં પ્રાણીઓની માતા), ઈન્દ્ર (યુદ્ધ દેવતા) વગેરે પ્રાકૃતિક તત્ત્વોનું માનવીકરણ કરી દેવતા તરીકે પૂજવામાં આવ્યાં છે. આમ પ્રાકૃતિક, અપ્રાકૃતિક અને ભાવાત્મક તત્ત્વોને દેવતા તરીકે કલ્પેલાં છે.

ઋગ્વેદકાલીન આર્યો માનતા કે આ દેવદેવીઓ મનુષ્યોની જેમ વર્તે છે. તેઓ સામાન્ય માણસની જેમ ખાતાં, પીતાં અને લાગણીઓ તથા ભાવનાઓ વ્યક્ત કરનારાં છે. દા.ત., યુદ્ધદેવતા ઈન્દ્ર સોમપાન કરતો અને વરસાદ માટે એકવ્રાત્ય (અનાર્યદેવ) સામે લડતો.''[૬]

આર્યોની માફક પ્રાકૃતિક, અપ્રાકૃતિક અને ભાવાત્મક તત્ત્વોને દેવ-દેવીઓ તરીકે માનવાની ભાવના આજેયે ડુંગરી ભીલ સમાજમાં પરંપરિત રીતે પ્રચલિત છે.



ભીલ આદિવાસીઓ આજે પણ આવા ગૂઢ શક્તિઓથી મંડિત 'રગતિયા', 'હૂળિયા', 'દૂતિયા', 'હૉફણિયા' વગેરે એકસોને સાઈઠ વીર, 'હીરુ-રાંપુ', 'ટુટી-ટાવળી', 'ખેંડી-ખાપરી', 'કુવારાકા-સુંડ', 'ધપસા-ભૂખિયા' જેવી આધિદૈવિક શક્તિઓ ધરાવતી નવલાખ દેવીઓમાં વિશ્વાસ ધરાવે છે. આ ઉપરાંત 'ખેરાનો ખેતલો', 'વેહ', 'રખી', 'ઝાંપા-ઝાંપડી' જેવાં બીજાં આધિભૌતિક તત્ત્વોમાં પરમ આસ્થા ધરાવે છે. તેઓ પોતાનું 'ખોલરું' (ઘર), સીમ, ખેતર, ડુંગર, વહેળા વગેરેને આવી ગૂઢ શક્તિઓથી ઘેરાયેલાં માને છે. માટે ઘરમાં તથા બહાર ખેતર અને સીમમાં આવી ગૂઢ શક્તિઓની જુદાજુદા નામે સ્થાપના કરી વાર-તહેવારે તેઓનું સ્મરણ કરી મેલું-ચોખ્ખું નૈવેદ્ય ધરાવે છે.

ભીલ આદિવાસીઓનાં આવાં અતિપ્રાકૃતિક દેવી-દેવતાઓ પરની આસ્થા અને માન્યતાઓનું સ્પષ્ટ પ્રતિબિંબ બંને મહાકાવ્યોમાં પડ્યું છે. પારકી પરણેતર ઝેળુને ગુજોરોએ પોતાના ઘરમાં ઘાલી તેના ફળ રૂપે અમરઘૂંટા લેંબદે રાજાના પક્ષમાં આવી એક એક ગુજોરને વીણી વીણીને મારી નાખે છે. ગરીઓરકોટ ભણી ગુજોરોના લોહીની નદીઓ ખળૂકા મારતી વળી છે. આથી ઝેળુ રૂપે રહેલી ભૂખિયા દેવી હીરુ-રાંપુ, ટૂટી-રાવળી જેવી નવલાખ દેવીઓને ગરીઓરકોટમાં ગુજોરોનું, લોહી ભરખવા આમંત્રણ આપે છે અને નવલાખ દેવીઓ અહંકારી ગુજોરોનું ખૂન ખપ્પર ભરી ભરી ભરખવા લાગી છે :

ગુજરાંનાં ખૂન અવેં કેં ખપર મૉડી ભરખે હેં દેવીઓન તો...હો,
અવેં દેવીઓનું મન એ વળું હેં...રે...

કોઈનું કેંયું નતા મૉનતા ગુજરોન તો...હો,
અવેં દેવીઓનું મન એન વળું હેં....

ભૂખિયાદેવી માથાં કાપે હેં ગુજરાંન તો...હો,
હાર બનાવણા એ...ન લાગી હેં...

હાર પેરીન વેકુંટપરમા ઝાવેં હેં, અવણ તો...હો,
ખાંમદાંન પૉગે કેવી લાગેં... હેં...રે...



અવેં ગરીઓરકોટમા રળથળ થઉ હેં અવણ તો,
હૂના ગરીઓરમા કાળા કાગલા એ...બોલેં હેં...

અહીં નવલાખ દેવીઓ જેવી અતિપ્રાકૃતિક શક્તિઓનું માનવીકરણ થયેલું છે, માટે માનવની જેમ જ ખાતી-પીતી અને વ્યવહાર કરતી જોઈ શકાય છે.

અતિપ્રાકૃત શક્તિઓ પર પરમ આસ્થાના લીધે જ અળખું વેવાણના મહેણાંથી અપમાનિત થઈ ઉશ્કેરાયેલા રાઠોડો શૂરા-સજમોલનાં માથાં લેવા વેરાઠનગરીમાં જાય છે ત્યારે સીમદેવ ખેરાના ખેતલા, સીમદેવી સૂંડ અને ગોત્રદેવી ભવાનીને પોતાનાં શસ્ત્રો પર બેસીને યુદ્ધમાં સહાય કરવા સ્તુતિ કરે છે. આ આધિભૌતિક તત્ત્વોને સજીવ સમજીને જ રાઠોડો તેમની આરાધના કરે છે :

સમરણ મૉડન રે પૉણ રાઠોર,
સમરણ મૉડન રે પૉણ...
એ તો ગોતરનાં દેવાંન સમરણ મૉડિયાં.. રા...ઝી...

ઑણે એલે આવે રે પૉણ ખેતલા,
ઑણે એલે આવે રે પૉણ...
એ ખૉડે રે ભાલે રે ભેળો આવઝે... રા...ઝી...

ઑણે એલે આવે ન રે પૉણ સૉમ્ડા,
ઑણે એલે આવે ન રે પૉણ...
ભીર માઝી સમરિયે, એંણ ભાલે આવઝે... રા...ઝી...

ઑણે ખૉડે આવે ન રે પૉણ ભવાંની,
ઑણે ખૉડે આવે ન રે પૉણ...
હો ! હો ! ઝીતનાયાં લેઇન આપણ ઝાવિયે... રા...ઝી...

ઋગ્વેદકાલીન આર્યોએ આવાં અતિ પ્રાકૃતિક દેવી-દેવતાઓને રીઝવવા માટે સંખ્યાબંધ સ્તુતિઓ રચી હતી. યુદ્ધમાં વિજય, આયુષ્ય તેમજ પાક અને



પશુઓની અભિવૃદ્ધિ માટે આર્યો દેવોની પ્રાર્થના અને યજ્ઞયાગ કરતા.

ખેરાના ખેતલા અને સૂંડની સ્તુતિ કરી પશુબલિ આપવાથી તેઓ ધારેલા કાર્યમાં સહાય કરે છે એવી આસ્થા આજેયે પૂરો ભીલ સમાજ ધરાવે છે. 'ગુજરાંનો અરેલો'માં આવાં અતિપ્રાકૃત તત્ત્વો પર પરમ આસ્થા ભોજો અને તેના ગુજોર બંધુઓ ધરાવે છે. આવાં તત્ત્વો મુસીબતોમાં મદદ કરે છે અને ભોજા જેવા વીર નાયકો તેમની સહાયથી ચમત્કારો પણ સર્જે છે. વીરનાયકોના આ ચમત્કારો જ લોકમાનસમાં તેમને દેવતાના સ્થાને સ્થાપે છે.

ડોળીરાણમાં દારૂ પીવા ગયેલો ભોજો બાર ઘડા દારૂ પીએ છે છતાં દારૂનો નશો ચડતો નથી. આથી ભાથુ કલારણ દારૂનો પૂરો રેંટ જોડે છે. ભોજો ખેરાના ખેતલા અને સૂંડ (ચામુંડા)નું સ્મરણ કરી ખોબો વાળી દારૂ પીવા લાગે છે અને ચમત્કાર સર્જાય છે. પિવાય એટલો પીએ છે અને અડધો દારૂ મૂછેથી ઉછાળે છે. દારૂ સ્વર્ગે ચઢે છે, અને સ્વર્ગમાં ભગવાનનું સિંહાસન ડોલવા લાગે છે. વૈકુંઠથી વળતાં દારૂ પૃથ્વી પર આવવા લાગ્યો છે, અને ગરીઓરકોટમાં દારૂના ઝીણા ઝીણા મેઘ વરસવા લાગ્યા છે. વધેલો બાકીનો દારૂ ભોજો ડાબા પગના અંગૂઠે ધરતી પર દાબે છે અને વાસુકિનાગના માથા પર દારૂની ધારા પડવા લાગી છે જેથી વાસુકિ સાથે ધરતી ડોલવા લાગી છે :

આખો...ઝગ કેં દારૂ એ ડૂલેં હેં...બાપલિયાન તો...ઓ...,
વાસંગરો ડગમગ ડોલણે સરવા...રે લાગો હેં...

ખાંમદાંન વેકુંટમા ખબેંર થઈ હેં ખાંમદાં ન તો...ઓ...,
સોનાનું સગાસણ તુઝવા એ લાગુ હેં...

કુંણ...પાપી ન ધરમી ઝાગો હેં... તવળા ઝુગમાન તો...ઓ...,
આખો ઝગ દારૂ... એ ડૂલ હેં...

ફ્રેઝરે 'સ્તુતિ' અને 'મંત્ર'ને બે અલગ અલગ તત્ત્વો માન્યાં છે. 'સ્તુતિ'ની મદદથી શ્લાઘાપૂર્વક આપણે દેવતાઓને ફોસલાવીએ છીએ કે તેઓ કૃપા કરીને સ્તુતિ કરનારની ઇચ્છા પૂર્ણ કરે.[૭] માટે અહીં રાઠોડો અને ગુજોરો પોતાની



ઈચ્છાપૂર્તિ માટે 'ખેતલા' અને 'સૂંડ'ની સ્તુતિ કરે છે; તેમની આરાધના કરે છે. જ્યારે મંત્રો દ્વારા મંત્રસાધક તે શક્તિઓને વિવશ કરીને પોતાની ઈચ્છાઓ પૂર્ણ કરવાની ફરજ પાડે છે.[૯] ગુજરાંના અરેલામાં આ કાર્ય કાળી વાદળીની ભણેલી રખમા રાઠોડણ કરે છે. લેંબદે રાજાની સેના સામે લડવા માટે તેણી મંત્રોથી ચમત્કારિક 'અમરઘૂંટા'નું સર્જન કરે છે. આ અમરઘૂંટા બાર બાર વર્ષ સુધી લેંબદેની સેના સામે લડે છે :

એ...રખમાં રાઠોરણ વાઝેં હેં માળા માળદરાની દીકરી...
કાળી વાદળીની ભણેલી એ વાઝે...હેં...

બાર ભમ્મરિયે સૉરાં પાખેંળ કેં ફીરેં હેં, તેર લેંબરીન તો...હો,
બણાવટીના ઘૂંટા કરવા એ... લાગાં હેં...

બાર બાર વરહાં આ અમરઘૂંટા લરેં હેં રૉણા ન તો...
રૉણા લેંબદેની ફોઝો પાસી વાળવા એન લાગા હેં...

ભીલ સમાજમાં સ્તુતિ દ્વારા 'ઝારો-ઝપટો' કરવાનું અને કાર્યસિદ્ધિ માટે મંત્રો અને ચોખ્ખાં-મેલાં ધાર્મિક અનુષ્ઠાનો કરવાનું કામ તેઓના ભોપા કરે છે. લોકના આવા આધિદૈવિક તત્ત્વો તરફના વિશ્વાસે રાઠોરવારતા અને ગુજરાંના અરેલાનાં ઘણાં કથા-ઘટકોની રચના કરી છે. ભીલ સમાજનાં મેલાં અનુષ્ઠાનોનું પ્રતિબિંબ સપુનાથ અને ભોજાના કથાઘટકમાં પડે છે. સપુનાથ સ્વામી મંત્રોથી સિદ્ધ કરેલા ઊકળતા તેલમાં જીવતા માણસોને નાખી મુંડમાળા બનાવે છે. આ મસ્તકો જ ભોજાને સપુનાથને ઊકળતા તેલમાં નાખીને બચવાનો ઉપાય બતાવે છે. ભોજા દ્વારા સપુનાથને તેલમાં નાખવાથી સાવ સોનાનો બની જાય છે. આ સોનાનો વૈભવ ગુજોરોને અહંકારી બનાવે છે અને તેમના વિનાશનું એક કારણ બને છે :

ફીર...તે ફીરતે બાથમા ઘાલેં હેં ભોઝલો...હો,
કરામાં ઠોકવા... સ લાગો હેં...

ঞ্জঞ্জঞ্জঞ্জঞ্জঞ্জ

ઑણી... વેળ તો અગની ઊઠી હેં... ભોઝલા ઓ...હો,
જીતાંના ડાકા... એ ઓય્યા હેં...

હોનાનાં પોરહાં થાં હેં રે... ભોઝલા ઓ...હો,
હાવ હોનાનાં પોરહાં... સ ઓઈયાં હેં...

આદિમાનવ અભેદદ્યોતક બુદ્ધિના પરિણામે પોતાનામાં અને અન્ય જડ પદાર્થમાં ભેદ કરવામાં અસમર્થ હતો. તેથી તેને દરેક વસ્તુ પોતાના જેવી જ ગુણધર્મોવાળી લાગતી હતી. તેને સ્વપ્નો પણ એટલાં જ સાચાં અને યથાર્થ લાગતાં હતાં, જેટલાં જાગ્રત અવસ્થાનાં દશ્ય. આવાં સ્વપ્નમાંથી લોકમાં ભવિષ્ય દર્શન કરવાના ખ્યાલો જન્મ્યા છે. સ્વપ્નના માધ્યમથી ભવિષ્યમાં થનાર અનિષ્ટ તથા લાભ બંનેના સંકેતો પ્રાપ્ત થાય છે. સુખદ સ્વપ્ન ઉત્સાહ અને સ્ફૂર્તિ પ્રદાન કરે છે જ્યારે દુઃખદ સ્વપ્ન હતાશા અને દુઃખની અનુભૂતિ કરાવે છે. લોકમહાકાવ્યોની કેટલીક ઘટનાઓનાં વિધાયક આવાં સ્વપ્ન પણ હોય છે.

છ માસથી પોતાના પતિથી રિસાયેલી દેવોલને નિદ્રામાં ભીમચારણ સાથે રતિક્રીડા કરવાનું અને રસભોગ માણવાનું સ્વપ્ન આવે છે :

ફૂલરાં વેરાં ન રે પૉણ સોરિયો,
ફૂલરાં વેરાં ન રે પૉણ...
કસતુરીના ભેઝ સૉટવા લાગિયાં... રા...ઝી...

હૂતી વાદળીઆં મેંલાં રે પૉણ દેવોલ,
હૂતી વાદળીઆં મેંલાં રે પૉણ...
એ’લી ફૂલરાંના ઢગમા પોઢવા લાગિયાં રા...ઝી...

હોયણાંમા આવો ન રે પૉણ ભેંમુરો,
હોયણાંમા આવો ન રે પૉણ...
રૉડવો સાથિયાં ન માથે પોઢવા લાગિયો... રા...ઝી...



સાથિયાંને માથે રે પૉણ રાઝા,
સાથિયાં ને માથે રે પૉણ...
રૉડવે સાથિયાં ને માથે રે રમખાં મૉડિયાં... રા...ઝી...

આ સુખદાયક સ્વપ્નની સાથે જ પોતાના બનેવી જેંદરા ખેંસી દ્વારા પોતાના પતિ ભીમ ચારણને માર્યાનું અને રાજધાની ભાગણિયો ભેળ્યાનું તથા ‘રણથળ’ થયાનું માઠું સ્વપ્ન આવે છે :

હપનું આવું ન રે પૉણ બાઈ માર,
હપનું આવું ન રે પૉણ...
એ હપનિયેં આવી રે ભવાંની દેવીન... રા...ઝી...

હૂતેં નેંદ કેંમ આવી રે પૉણ બાઈ રે,
હૂતે નેંદ કેંમ આવી રે પૉણ...
બાઈ ખોટું રે આવું ઝગમા કૉમન... રા...ઝી...

ઝૂટિયો ટૂટી ન રે પૉણ દેવોલ,
ઝૂટિયો ટૂટી ન રે પૉણ...
આઝ તો મૉટી રે બઈરાંની રે ઝૂટિયાં ટૂટિયાં રા...ઝી...

પતિને મનાવવા સોળૈયો શણગાર સજી, સોનાના થાળમાં ચૂતાં ચૂરમાં લઈને સખીઓ સાથે જતી દેવોલને માર્ગમાં માઠા શુકન થાય છે. આથી આ ભાગણિયો ભેળાયાની ઘટના વધુ કરુણ અને સઘન બને છે. લોહીથી પગ અને ચાંચ રંગીને સુકાયેલા વૃક્ષના ઠૂઠા પર બેઠેલી અને અમંગળની એંધાણ આપતી રાતોલ સમડીને દેવોલ પ્રશ્ન કરે છે :

મુઢે લોઈન રે પૉણ હૉમરી,
મુઢે લોઈન રે પૉણ બેંનરી...
એ...રાતું રે કરીન કેંમહાં આવિયાં... રા...ઝી...



સમડી ઉત્તર આપે છે :
મૉટી મરણા રે પૉણ દેવોલ,
મૉટી મરણા રે પૉણ...
એ’લી મૉનેતા રે મૉટી પરા મારિયા... રા...ઝી...

લોયાંની નદિયો ન રે પૉણ દેવોલ,
લોયાંની નદિયો ન રે પૉણ...
એ’લી લોયાંની નદિયો ખળૂકા મારિયાં... રા...ઝી...

સમડીના માઠા શુકન અને સંદેશાથી દુઃખી થયેલી દેવોલ રોતી-કકળતી આખરે ખેદાન-મેદાન થયેલી ભાગણિયોમાં પહોંચે છે :

હૂનું હૂનું લાગ ન રે પૉણ મૉટિયો,
હૂનું હૂનું લાગ ન રે પૉણ...
એ’લા...મૉટિયાં રે વેંણું હૂનું લાગિયું... રા...ઝી...

ધેંરાં ધેંરાંમા ધેંરાં રે પૉણ ખેંસિયો,
ધેંરાં ધેંરાંમા ધેંરાં રે પૉણ...
એ...માથાં રે માથાંમા માથાં પારિયાં... રા...ઝી...

લોઈમા બૂડેંણો રે પૉણ ભેંમુરો,
લોઈમા બૂડેંણો રે પૉણ...
એ...પાગરીનાં ફૂલાં રે નઝરે આવિયાં... રા...ઝી...

વૉકળી મૂસોનો રે પૉણ ભેંમુરો,
વૉકળી મૂસોનો રે પૉણ...
હા હા ! ખોળામા માથું રે લેવા લાગિયાં... રા...ઝી...

એ...રૅાંડવા એખલી મેલી ન રે પૉણ રૉંડવા,
એખલી મેલી ન રે પૉણ...



મનં એખલી મેલીન તું સાલિયો... રા...ઝી...

હોયણાંમા આવો ન રે પૉણ રાઝા,
હપનામા આવો ન રે પૉણ...
રૉડવા મૉટી રે બઈરાં રેંમખાં મૉડિયાં... રા...ઝી...

એ...માર વૉકળિયાં મૂસોનો રે પૉણ હરદાર,
વૉકળિયાં મૂસોનો રે પૉણ...
એ...માર કેંરનો રે આદમી કેંણાંન કેઈયેં... રા...ઝી...

માયલામા પૂલી ન રે પૉણ રાઝા,
માયલામા પૂલી ન રે પૉણ...
એ...બાપા સૉ સૉ રે મઈનાંનાં રુહણાં પારિયાં...રા...ઝી...

કેહા અવતારમા રે પૉણ રાઝા,
કેહા અવતારમા રે પૉણ...
આપણ મૉટી રે બઈરાં ભેળાં ઓવહું... રા...ઝી...

માનવવિદ્યાનાં જુદાં જુદાં શાસ્ત્રોનાં સંશોધનોએ ફલિત કર્યું છે કે આદિમાનવ અભેદદ્યોતક બુદ્ધિના પરિણામે મૃતકને પણ સૂતેલું માનતો હતો. પરિણામે તે એવું માનવા લાગ્યો કે તેનો બીજો આત્મા કોઈ જગાએ ફરવા નીકળી ગયો છે માટે કોઈ વખતે તે પાછો ફરશે. પરિણામે તે શબને સાચવવા લાગ્યો અને તેની સાથે ભોજન વગેરે વસ્તુઓની વ્યવસ્થા કરવા લાગ્યો. તે એવું પણ માનવા લાગ્યો કે વાતાવરણમાં ફરતા રહેલા આત્માઓ પ્રત્યેક વ્યક્તિના વર્તન ઉપર દેખરેખ રાખે છે. જ્યારે તેઓ એમનાથી અસંતુષ્ટ બને છે ત્યારે કોઈ ને કોઈ પ્રકારની આપત્તિ નાખે છે. પૂર્વજપૂજા, કુદરતી તત્ત્વોની પૂજા, ટોટમપૂજા વગેરે આ ખ્યાલોમાંથી ધીમેધીમે વિકસિત બનેલાં સ્વરૂપો છે એમ આ વિદ્યાશાખાના વિદ્વાનો માને છે. ફ્રેઝર કહે છે, ''મરણ પછી પણ અનિશ્ચિત કાળ સુધી વ્યક્તિત્વની સ્થિતિના રૂપમાં આત્માના અમરત્વમાં વિશ્વાસ, આદિમ યુગથી આજ સુધી મનુષ્ય જાતિમાં જોવામાં આવે છે.''[૯]



આત્માના અમરત્વમાં વિશ્વાસ માનવ જાતિના આદિમ ધર્મની એક વિશિષ્ટતા છે જેનો ઉદ્દેશ્ય પૂર્વજો પ્રત્યે સન્માન પ્રદર્શિત કરવાનો છે. આ માન્યતાએ અનેક અનુષ્ઠાનો, વિશ્વાસો અને આચરણોનો જન્મ આપ્યો છે. ડુંગરી ભીલોમાં મારેલા સ્વજનનું વેર લેવાની પ્રથા પૂર્વજો પ્રત્યેના આદર અને સન્માનની ભાવનામાંથી ઊભી થઈ છે.

દાંતા અને ખેડબ્રહ્મા તાલુકાના ડુંગરી ભીલ આદિવાસીઓમાં પૂર્વજનું વેર લેવાની પુરાણી પ્રણાલી છે. આ પ્રથા તેમની આજની જિવાતી જીવનરીતિ સાથે અવિનાભાવે જોડાયેલી છે. વેરભાવના પેઢી દર પેઢી ઊતરે છે. આ વેર ભાવનાને પ્રગટ કરતી એક કહેવત પણ તેમનામાં પ્રચલિત છે, ‘‘ભીલોનું વેંર એંતોઈએ નેં ખાય !’’ (ભીલોનું વેર ઉધેઇ પણ નહીં ખાય !) પેઢી પસાર થઈ જાય છતાં પણ ભીલ આદિવાસીઓનું વેર ક્યારેય જૂનું થતું નથી. તેઓની વેર ભાવનાને ક્યારેય કાટ ચઢતો નથી. પૂર્વજોનું વેર તાજું ને તાજું રહે છે.

મારેલા સ્વજનનું વેર લીધા પછી જ તેમના મનને શાન્તિ મળે છે. મારેલા પૂર્વજનું વેર નહીં લેવામાં આવે તો પૂર્વજનો આત્મા દુઃખી થાય. જેથી તે કુપિત થઈ કુટુંબીજનો અને ગોત્ર પર શાપ વરસાવે. આથી કુટુંબીજનો અને પૂરા ગોત્રના લોકો પર અનેક આફતો ઊતરી આવે એવી ભીલ આદિવાસીઓની દૃઢ માન્યતા છે.

દિવાળી કે હોળી જેવા ધાર્મિક પર્વોના દિવસોમાં વેરીને મારવાથી પૂર્વજ વધુ ખુશ થાય છે એવી માન્યતાને લીધે આવા પ્રસંગને ભીલો મહોત્સવ ગણે છે અને ‘બમણું’ વેર વળ્યું એમ માને છે.

વેર લેવા માટે સગોત્રીય ભીલો વિજાતીય ગોત્રની સમાજમાં આગળ પડતી વ્યક્તિની સામૂહિક રીતે શોધ આદરે છે. શત્રુ મળવાની સાથે માથું કાપી લેવામાં આવે છે અને એક પાત્રમાં તેનું લોહી સાથે લાવવામાં આવે છે. મરનાર સ્વજનની સ્મૃતિમાં અગાઉ પથ્થરોનો જે ઢગલો કર્યો હતો તેને ગોત્રના લોકસમુદાયની હાજરીમાં વેરીના લોહીથી રંગવામાં આવે છે અને ઢગલા ઉપર વેરીનું માથું મૂકવામાં આવે છે. પૂર્વજને સ્થાપવા ‘હૂરા’ની મૂર્તિ લાવવામાં આવી હોય છે તેને પણ લોહી ચઢાવવામાં આવે છે જેથી પૂર્વજનો આત્મા ખુશ થઈને વેર વળ્યું હોવાથી સંતોષ પામે છે એવું માનવામાં આવે છે. આ



પછી એક બકરાનો બલિ આપી પૂર્વજના ‘હૂરા’ની મૂર્તિ સ્થાપવાનો દિવસ નક્કી કરીને એકઠો થયેલો લોકસમુદાય વીખરાય છે.

‘હૂરો’ માંડવાની આગલી રાતે ભોજનથી પરવારીને સાધુ દ્વારા ભજનમંડળી રચવામાં આવે છે. આખી રાત તંબૂર પર ભજનો કરવામાં આવે છે અને સ્વજનનું વેર વાળ્યું હોવાને લીધે વિજયોન્માદથી ઝૂમી ઝૂમીને નૃત્યો કરવામાં આવે છે. આ સમયે ‘ઑસદેવ’ (હંસદેવ)નાં ભજનોની સાથે સાથે ‘રાઠોરવારતા’, ‘ભારથ’ અને ‘ઝગદે પરમાર’, ‘હપિયાદે હોખલી’ જેવાં લોકમહાકાવ્યોના વીરરસથી ભરેલા પ્રસંગો ઓજપૂર્ણ વાણીમાં ગાવામાં આવે છે. દિવાળીના પર્વ સમયે ગાવામાં આવતા ‘ગુજરાંનો અરેલો’, ‘ખાતરા ઝાલાનો અરેલો’ જેવા અરેલા અને હૂરો માંડતી વખતે ગાવામાં આવતાં લોકાખ્યાનો અને લોકમહાકાવ્યો વેર વાળવાની ભાવના અને ઘટનાઓના વીરત્વ ભરેલા પ્રસંગોથી ભરેલાં હોય છે. સ્વજનનું વેર વળ્યું હોવાથી વીરરસથી ભરેલા આવા પ્રસંગો સાથે તદ્રૂપ બનીને ગાવામાં આવે છે અને સાંભળવામાં આવે છે. આવા પ્રસંગે એકઠા થયેલા લોકસમુદાયમાં કોઈ અન્ય ગોત્રના લોકોનું સામા-સામું વેર વળ્યું ન હોય તો આવાં લોકમહાકાવ્યો ‘ઉદ્દીપન’નું કામ કરે છે અને વેરીને મારવા માટે પ્રેરે છે.

સૂર્યનાં ઊગતાં કિરણોમાં પાંચ કુટુંબીજનો દ્વારા હૂરાની મૂર્તિ માંડવામાં આવે છે. આવા સમયે લોક-સમુદાયની આનંદની કિકિયારીઓ વચ્ચે મરનાર પૂર્વજ નજીકના કુટુંબીજનના માથે ઊતરે છે. તેથી તે વિલક્ષણ આવેશ અનુભવે છે. તેને વેળ ઊપડે છે અને મરનાર પૂર્વજના સ્વાંગમાં બોલે છે. તેના કુટુંબીજનોએ વેર વાળ્યું હોવાથી આશીર્વચનો ઉચ્ચારે છે. કુટુંબીજનો અને સગોત્રીય લોકસમુદાય પ્રબળ રીતે માને છે કે પૂર્વજ હૂરાની મૂર્તિમાં પ્રવેશી સ્થાપિત થયું છે અને તે કુટુંબ અને સમગ્ર ગોત્રનું રક્ષણ કરશે. પૂર્વજને ખુશ કરવા બકરાનો બલિ ચઢાવી હૂરાની મૂર્તિ રંગવામાં આવે છે અને ઉજાણી કરી ગોત્ર-સમુદાય વીખરાય છે.

વેરીને મારવાથી લોકમાં કોઈ અપરાધની ભાવના જાગતી નથી પણ પૂર્વજ તરફ આદર અને સન્માનની ભાવનાને લીધે સગોત્રીય લોકમાં એક વિશેષ ઉત્સાહ પ્રગટે છે જેથી હૂરો સ્થાપતી વખતે ઉત્સવનું વાતાવરણ સર્જાય



છે. આવો વિલક્ષણ ઉત્સાહ રાઠોરવારતા અને ગુજરાંનો અરેલોની પાંખડીઓ ગાતા ગાયકના કથનથી ઘટતી ઘટનાઓ અને પ્રસંગોમાં પણ વર્તાય છે જે ભીલોના વર્તમાન જીવનને પ્રભાવિત તો કરે છે સાથેસાથે અન્ય સમાજના ભાવકના હૃદયને વીરરસનો રસાનંદ પણ કરાવે છે.

બંને લોકમહાકાવ્યોમાં આવતો શૃંગાર અને કરુણરસ વીરરસને પોષક બનીને આવે છે અથવા વીરરસની પૃષ્ટભૂમિ બનીને આવે છે. જેમકે દેવોલના શૃંગારિક સ્વપ્ન પછી ભાગણિયો ભેળાયાના અને બનેવી ભીમ ચારણના મૃત્યુના સમાચાર બહેન દેવોલ દ્વારા પાબુને લગ્નમંડપમાં મળતાંની સાથે જ બંને ભાઈઓ(પાબુ અને ચાંદા રાઠોડ)ના હૃદયમાં વેર લેવા માટે અનન્ય ઉત્સાહ પ્રગટે છે. આ ઉત્સાહ લગ્નનું ગઠબંધન કાપવા કાઢેલી કટાર પરથી ઊઠેલો તેજલિસોટો રાણીના પેટમાં પ્રવેશવાથી ઝળરા જેવા વીર બાળકના જન્મનું કારણ તો બને જ છે સાથેસાથે ઝેંદરા ખેંસીનાં કુટુંબીજનો અને વીરસાથીઓના વિનાશનું પ્રેરકબળ પણ બને છે.

બહેનનું સામું વેર લેવા માટે પાબુ અને ચાંદા રાઠોડનું રોમરોમ ઉત્તપ્ત બની જાય છે. વીજળી વેગે બંને ભાઈ ઘોડેસવાર થઈ સાંકડી ઘાટીમાં બનેવી ઝેંદરા અને ખેંસી સરદારોને ઘેરી લે છે. શત્રુના દર્શન માત્રથી ઉત્સાહથી ફાટફાટ થતા બંને ભાઈઓના હૃદયમાં વિરલ ઓજ પ્રગટે છે અને મોતનો ભયંકર ખેલ થઈ જાય છે :

રમખાં મૉડ ન રે પૉણ સૉદલિયો,
રમખાં મૉડ ન રે પૉણ...
એ...એણાં રણ રે રીઝાંમા રમખાં મૉડિયાં   રા...ઝી...

તળવારો આભ વીઝે ખવેં રે પૉણ સૉદિયા,
તળવારો આભ વીઝે ખવેં રે પૉણ...
એ...ખેંસીને કૂદીન મારવા લાગિયા...   રા...ઝી...

રેપ્રી રેપ્રી ન રે પૉણ સૉદરિયો,
રેપ્રી રેપ્રી ન રે પૉણ...



એ...રમણા રે રમણા પરા મારિયા	રા...ઝી...

એ...બાપરો ઝેંદરો નાઠો રે પૉણ સૉંદલિયા,
ઝેંદરો નાઠો રે પૉણ...
એ...નાઠો રે નાઠો કમદીમા લપિયો...	રા...ઝી...

ઝેંદરો ખેંસી ભાઈઓ અને વીર સાથીઓ વિના એકલો નગરમાં પ્રવેશે છે ત્યારે તેની સ્થિતિ ઘણી જ કફોડી થાય છે. તેના કુટુંબની યુવતી ભાભીઓ અને કાકીઓ પ્રશ્ન કરે છે :

આઝ એખલો કેંમ આવે રે પૉણ રાઝા,
એખલો કેંમ આવે રે પૉણ...
એ...ફોઝ રે ફોટું કેખા મેલિયું...	રા...ઝી...

કેખા મેલીન આવો રે પૉણ રાઝા,
કેં મેલીન આવો રે પૉણ...
થારા કાકાન ભાઈ કેખા મેલિયા...	રા...ઝી...

હુંય ઝબાપ આલ રે પૉણ ઝેંદરો,
હુંય ઝબાપ આલ રે પૉણ...
એ નેંસું રે ઝોઈન ઝાવા લાગિયો...	રા...ઝી...

બઈરાં મોહા બોલ રે પૉણ રાઝા,
બઈરાં મોહા બોલ રે પૉણ...
એ રાઝા...થારું રે ઝાઝો રે ખરિયા ખોડન...	રા...ઝી...

પરા મરાવીન આયો રે પૉણ રાઝા,
પરા મરાવીન આયો રે પૉણ...
એ'લા તારું રે ઝાઝો રે ખડિયા ખોડન...	રા...ઝી...



હારેલા અને હતપ્રભ ઝેંદરા ખેંસીની લાચારીનું અભૂતપૂર્વ ચિત્ર કથક અહીં કથે છે :

ઝાતો તેંણી વેળા તો મૂસે ડાકોરા ઘાલતો ! ભાયાંના ટોળામા ભેળો અતો. ધધમાટે ધધમાટો ઊડતો. પાસા આવતાં તો મૂસો નેંસી ઊતરી ગઈ, ઑહૂઑના ધારોરા સૂટા ઑખોમાહા…રાઝા ધૉમો થકો મેંલમા પેહી ઝાયે…એ… મેંલાંમા ઝાઈન પેસણિયાં અધારામા પેહીન બેહી ગો !

ઝેંદરા ખેંસીની આ હતાશા વેર વાળવા બમણા વેગથી ઊથલો મારે છે. પોતાના સગા સાળાઓએ નાશ કરેલા પોતાના કુટુંબીજનોનું વેર લેવા રોમરોમ તલસે છે. બે ખાનાવાળી માટીની બતકમાં એકમાં પહેલી ધારનો દારૂ અને બીજા ખાનામાં ચોખ્ખું પાણી ભરી દારૂ પાઈને મેળ કરવાના બહાને રાઠોર કુળનું નિકંદન કાઢવાનું તરકટ રચે છે. આ માટે ઝેંદરો ખેંસી પોતાના સાથીઓ સાથે ગુઝણિયાગઢની સીમમાં જઈને જાજમો પાથરીને રાઠોડોને આમંત્રે છે :

પોતાનો બનેવી રે પૉણ સૉદલિયા,
પોતાનો બનેવી રે પૉણ…
એ…મેળ રે લેવા બનેવી આવિયો   રા…ઝી…

એ હગા હોઈમા રે પૉણ સૉદલિયા,
હગા હોઈમા રે પૉણ…
એ…હગા હોઈમા રુહણાં કોઈ માં રાખઝો   રા…ઝી…

દારૂરા પીએં ન રે પૉણ મૉટિયો,
દારૂરા પીએં ન રે પૉણ…
દારૂરા રે પીએં ન મારુરા ગાવા લાગિયા…   રા…ઝી…

વીરરસનો સ્થાયી ભાવ ઉત્સાહ છે. વીરરસ માટે પોષક સાહસપૂર્ણ ઉમંગનું નામ જ ઉત્સાહ છે. ઝેંદરામાં ઘનીભૂત થયેલી વેરભાવના વિરલ ઉત્સાહમાં બદલાય છે. લોકવાણી ઝેંદરા ખેંસીની આ મનઃસ્થિતિને સહજતાથી વ્યક્ત કરે છે :



સોખા પૉણીની સાખ લેય રે ઝેંદરો ખેંસી ! હાને રાઠોરાંન પરતી ભાઠીનો દારૂ પીયારે... રાઠોર દારૂ પીતે પીતે દારૂના સખિયા કેવા થયે ! દારૂ હેં વખનો મારેંગ !

હા રે...મહારાઝ રે ઝેંદરો ખેંસી ઊપો થાયે ! હાને...રાઠોરાંન બરાબર દારૂમા લોડણે સરાવે ! હા રે... વીઝળાહણ ખૉડે આથ નૉખેં. હા ને અવણિયાં ખૉડું કેવું રમારે ! હાને સૉંદલિયો મખરે બોલે, એ બનેવી ! હા રે ગોલીના પેટના તેં અવળું કરી નૉખું ! હા રે... તેદિ' થારું તો મરણ અતું પૉણ તનં ઝીવતું મેલું ! ઝેંદરાન આતરુંસ ઝોઈતું'તું ! હાને વીઝળાહણ ખૉડું રોળવેં રે ઝેંદરો ખેંસી ! હા તે માથાં કૂદીકૂદીન દૂરાં પરેં રાઠોરાંનાં હા રે બાપા ! દેસના દીવા પાબુ ન સૉંદો ! પોવીના પરધાંન...સૉંદો-પાબુ પરા મારી નૉખા ! ઝાહ રે રૉંડવા ઝગમા ખોટું કરું કૉમ...

ચરમ સીમાએ પહોંચેલો ઝેંદરા ખેંસીનો ઓજ અઘટિત કાર્યો પણ કરાવે છે :

હા...રે ઝેંદરો ખેરિયો થકો ઝાય રે વાદળ મેંલાંમા... રાઠોરાંન રૉણીઓન તૉણી તૉણી ન બારી કાટેં...હારે... પેટ સીરી સીરીન ગાભ બારા કાટા ! રાઠોરાંનું વસ મેલું નેં ! ઝેંદરો હેં તે જિતનાઈ લેઇન કેવો હેંડી નેંકળો ઝાયેરિયાની વાટે !

હા રે સૉંદો ન પાબુ પરા મરઈ ગા ! હા રે દેસમા ધાકલો પરો... હા રે... બૂડો રે હેંખરિયો તારો ! મૉટિયાં વેંણાં અધારાં પરી ગાં !

વેરની આગમાં બળતા જેંદરા ખેંસીએ રાઠોડ સ્ત્રીઓનાં પેટ ચીરીને ગર્ભ બહાર કાઢી રાઠોડોના વંશને નિર્મૂળ કરવાનો પ્રયત્ન કર્યો આમ છતાં પેઢીઓથી ઊતરી આવેલા વેરને કાટ લાગ્યો નહીં અને વેરની પૂર્ણાહુતિ થઈ નહીં.

પાબુ રાઠોડ દ્વારા લગ્નનું ગઠબંધન કાપતાં કટાર પરતથી ઊઠેલો તેજપૂંજ રાણીના પેટમાં પ્રવેશતાં ઝળરો કુંવર આર્વિભાવ પામે છે. આ કુંવરના માનસમાં છાણાં વીણવા આવેલી ડોસી 'વણકુટુંબના' કહીને વેરનાં બીજ રોપે છે.

આ બીજને પોષીને મોટાં કરવા અને જેંદરા ખેંસીને મારીને પતિ અને ભાઈઓનું વેર વાળવા ફોઈ દેવોલ ભત્રીજા ઝળરાકુંવરને તેના પિતા પાબુ

અને કાકા ચાંદા રાઠોડના વાદળમહેલ, બાગબગીચા, ખાટહિંડોળા, સ્નાન કરવાની સોવન કુંડીઓ, સોનાનાં સિંહાસનો, કસ્તૂરી અને અત્તર છાંટેલી લીલીપીળી જાજમો, રૂપનળા હોકા, મોતીની માળાઓ વગેરે રાજવૈભવ બતાવે છે. અંતે આ વેર ભાવનાને વધુ પુષ્ટ કરી ફળદાયી બનાવવા દેવોલ ઝળરા કુંવરને શસ્ત્રાગારમાં લઈ જાય છે. કુંવર ફૂલ્લીવાળી બંદૂકો, ઢાલ-તલવારો, તીર-કામઠાં, સિંદૂરિયા ભાલા અને બરછીઓ જુએ છે. શસ્ત્રોના દર્શનથી પૂર્વજોનું વેર લેવા માટે તેનામાં અપૂર્વ ઉત્સાહ પ્રગટે છે અને તેનું હૃદય ભાવ, અનુભાવ અને સંચારી ભાવો અનુભવતું વેર લેવા માટે તલપે છે :

આથે ડાસાં ભર ન રે પૉણ કુઓરિયો,
આથે ડાસાં ભર ન રે પૉણ...
વનારી વનારી રોવા લાગિયો... રા...ઝી...

તેનો વૈરાગ્નિ ભડકાવવા ફોઈ દેવોલ કહે છે :

દીકરા નખોદ ઝાઝો ન રે પૉણ તેમાંનાં,
નખોદ ઝાઝો ન રે પૉણ...
દીકરા તેમાં રે બેંનીનું નખોદ ઝાઝો... રા...ઝી...

દીકરા ખેઝરો વાવો ન રે પૉણ કુવોરિયા,
ખેઝરો વાવો ન રે પૉણ...
એ...દીકરા ગુઝણિયામાય ખેઝરો વાવિયો રા...ઝી...

એ માર ગાદીયાંનો બેહનારો રે પૉણ બાપુ,
ગાદિયાંનો બેહનારો રે પૉણ...
ગાદિયાંનો બેહેનારો કેંમેં ઝાવિયો... રા...ઝી...

એ'લા એકી કાઠિયે બાળિયા રે પૉણ બૉતમા,
એકી કાઠિયેં બાળિયા રે પૉણ...
દીકરા એકી કાઠિયે બેંય પાઈ ભેળા બળિયા... રા...ઝી...



એખલો મેલી કેંમ ગિયો રે પૉણ બાપુ,
એખલો મેલી કેંમ ગિયો રે પૉણ...
વનમા ઊપા અમે એખલા... રા...ઝી...

એ માર ફરી ફરીન ઝુવેં રે પૉણ કુઓરિયો,
ફરી ફરી ન ઝુવેં રે પૉણ...
બાપુનાં અથિયાર નઝરે આવિયાં... રા...ઝી...

ઢાલો તલવારો રે પૉણ, ઢાલો તલવારો રે પૉણ...
ઢાલો રે તલવારો નઝરે આવિયાં... રા...ઝી...

મૂસોના ડાકોરા રે પૉણ ઝળરા,
મૂસોના ડાકોરા રે પૉણ...
મૂસોના ડાકોરા ઘાલવા લાગિયો... રા...ઝી...

રાઠોર વંશનું વેર લેવાની તીવ્ર ભાવનાથી ‘કાળઝાળ’ થયેલો ઝળરો જોગીનો વેશ લઈને જોગીઓ સાથે જાયેરિયાગઢ પહોંચે છે. દાસીઓ દ્વારા ઝળરાના રૂપ વર્ણનથી પ્રભાવિત થયેલી ઝેંદરાની રાણી તેમા જળ ભરવાના બહાને વાવના માથે આવે છે. સૂરજ પણ ઝાંખો થાય એવું ઝળરાકુંવરનું રૂપ જોઈને તેમા રાણીના હૈયામાં પાટવી ભાઈ પાબુની ‘મોંકળા’ (મુખકળા) આવે છે :

એ...માર...પાબુનું અણિયાળ રે પૉણ ઝગમા,
પાબુનું અણિયાળ રે પૉણ...
માર...પાબુનું અણિયાળ નઝરે આવિયું... રા...ઝી...

રાણીના હૈયામાં પતિ ઝેંદરા ખેંસીએ મેળ કરવાના બહાને દારૂ પાઈને કપટથી મારેલા માજણ્યા ભાઈ આવે છે :

ઈયામા આવા ન રે પૉણ તેમા,



ઈયામા આવા ન રે પૉણ...
દેખઝો આઈના ઝણા રે ઈયામા આવિયા... રા...ઝી...

પિયર વિનાની એકાકી બની ગયેલી તેમાની વેદના ઘનીભૂત બનીને આંસુ દ્વારા વરસવા માંડે છે :

રૂંગાં રાળ ન રે પૉણ તેમા,
રૂંગાં રાળ ન રે પૉણ..
એ... ભાયાંન વનારી વનારી રોવા લાગિયાં... રા...ઝી...

હાહરીમા ઝૂતી ન રે પૉણ તેમા,
હાહરીમા ઝૂતી ન રે પૉણ...
આઈના ઝણા રે પરા મારિયા... રા...ઝી...

ઝળરાકુંવરના દર્શનથી ભાઈઓ વિનાની એકલી બની ગયેલી તેમારાણીનું હૃદય ભાઈઓનું વેર લેવા પલટાય છે. આથી પતિ ઝેંદરા ખેંસીએ ભાઈઓને મારવા દારૂનું ષડ્યંત્ર રચ્યું હતું એવું જ તરકટ રચી પોતાના ભત્રીજા ઝળરા રાઠોડ દ્વારા પતિને મરાવી ભાઈઓનું વેર લેવા તલસે છે :

દીકરા મનરાં વળાવું રે પૉણ કુઓરિયા,
મનરાં વળાવું રે પૉણ...
હા...હા...તારા રે ફુઆન પરો મારિયેં... રા...ઝી...

એ'લા લોઈ પીયેં ન રે પૉણ કુઓરિયા,
લોઈ પીયેં ન રે પૉણ...
માર દેસના દીવલા રે પરા મારિયા... રા...ઝી...

એ...તેમા મરવેંણાં કરેં ન રે પૉણ,
તેમા મનવેંણાં કરેં ન રે પૉણ...
કુવોરિયો ફૂઈના રે મેંલાંમા ઝાવા લાગિયો... રા...ઝી...



તેમા ભત્રીજા ઝળરાકુંવરને વાદળમહેલમાં ભમ્મર ઢોલિયા પર ફૂલોના ઢગ વચ્ચે બેસાડે છે. રાજકચેરી સૂની પાડીને તેમા જેંદરા ખેંસીને અંતઃપુરમાં લાવી ઝળરાકુંવરના સાંનિધ્યમાં બેસાડે છે. કસ્તૂરી અને અત્તરના ભભકા વચ્ચે તેમા પતિ ઝેંદરાને ઝેર મિશ્રિત દારૂ પાય છે; અને ફુઆ-ભત્રીજા વચ્ચે વાક્યુદ્ધનો આરંભ થાય છે.

અહીં સામા સામે થતી સંવાદોની પટ્ટાબાજીમાં લોકમનીષા અને લોકબોલીની બળકટતાનાં દર્શન થાય છે. સાથેસાથે આ પછી વેર લેવા બનતી ઘટનામાં એક સાથે વીર, રૌદ્ર, ભયાનક અને બીભત્સ રસની અનુભૂતિ થાય છે.

જેંદરાને ઝેર અને દારૂના કારણે આંખે અંધારાં આવવા લાગ્યાં છે. અસહ્ય ક્રોધના લીધે જ્વાળા બની ગયેલો ઝળરો જેંદરાને પડકારતાં કહે છે, ‘‘એ બાપરીના ! ઊભો થઈ જા, અને આવી જા મારી સામે. અમારો વહાલો ફૂરકલો સૂવર, મારા બાપુ, કાકા-ભાઈઓને માર્યા તો ભલે માર્યા પણ નિર્દોષ એવા મારા ફુઆ ભીમ ચારણને મારવાનું તારું કયું પ્રયોજન હતું?’’

હવે ફુઓ અને ભત્રીજો સામેસામે ઊભા થઈ ગયા છે. કુંવર મ્યાનમાંથી બહાર કાઢીને બે ધારવાળું, વીજળાહણ ખાંડું હાથમાં રમાડવા લાગ્યો છે. દારૂમાં ડૂલ અને ઝેર પીધેલો જેંદરો મહેલના અંધારા ખૂણામાં બચવા માટે ફાંફાં મારે છે પણ તે ઝળરાના ઘાટમાંથી છટકી શકતો નથી. ક્રોધથી આગઆગ બની ગયેલા ઝળરાની આંખોમાંથી લોહી વરસે છે; અને :

ખૉડું પરું રોળવે ન રે પૉણ ઝળરો,
ખૉડું પરું રોળવે ન રે પૉણ...
દેખઝે ફુઆ મરદાંવાળા ખેલન... રા...ઝી...

ખાંડાના એક જ ઝાટકે જેંદરાનું મસ્તક ઊડીને કૂદતું કૂદતું દૂર પડે છે. એક લાતથી ધડ નીચે પડે છે. પૂર્વજોનું વેર લેવા ક્રોધથી ગાંડો બનેલો ઝળરો જેંદરા ખેંસીની છાતી ઉપર ચડી જાય છે અને કટારથી છાતી ચીરે છે; અને :

હા...રે વૅરી સરી ગા સાથિયાં ઉપેંર... સાથી વાઢીન મુટું મૉડેં... ઘૂંટે ઘૂંટે લોઈ પીયેં ! બાપડાડાનાં વેંર વાળાં ! ઝેંદરા ખેસીનાં લોઈ પીતાં...



હાને...લોઈમા મૂસો રગી ! હાને...મૂસે ડાકોરા ઑમળેં... હારે...ડેકાર લે... ય ! દીકરો હાગી મૉટી પાકો... હારે દીકરા પાકેં તો એવા પાકઝો. ઈરા પરિયાના દીકરા ! રાઠોર કેંવૉય ધરતીના થૉપ ! ઝુગ ગા ન નેંસાંણિયો રઈ ગેઈ !

અહીં સહેજે લિખિત મહાભારતનું દુઃશાસનની છાતી ચીરીને લોહી પીતા વેર પીપાસાથી તપ્ત ભીમસેનનો કથાઘટક યાદ આવી જાય.

અન્ય સમાજો માટે જુગુપ્સા જગાડતી આવી કથા-ઘટનાઓ ભીલોના વર્તમાન જીવનનું અનિવાર્ય અંગ બનીને આવે છે અને આવી વેરની તરસને શાન્ત કરવાની અને પૂર્વજોના આત્માને સંતોષ આપવાની ઘટનાઓ આજે પણ આ વિસ્તારમાં કોઈ ને કોઈ સ્થાને બનતી રહે છે. અને 'હૂરા'ની મૂર્તિ એ જીવતું પૂર્વજ છે અને તે વ્યક્તિ, કુટુંબ અને ગોત્રનું રક્ષણ કરે છે એવી અપાર આસ્થાને લીધે જ ઓછી ઉંમરની સ્ત્રીઓ આડા દિવસે પણ આ હૂરા પાસેથી પસાર થાય છે ત્યારે માથે ઓઢીને લાજ વાળે છે અને પૂર્વજનો મલાજો પાળે છે.

'ગુજરાંનો અરેલો' એ પુરાકથામાંથી વિકસિત થયેલું લોકમહાકાવ્ય હોવાથી દેવનારાયણ પૂર્વજોનું વેર દિવ્ય સાલોર ગાય અને સાથી ગાયોની સહાયથી લે છે :

> અવ કેં...ખલોરા મારન કરાંઝો કર હેં સાલોર દેવી ન તો...ઓ...,
> રળથળ કરવા એ...ન લાગાં હેં...રેં...
> ડોળી રૉણમા લેબદેરાનો વસ નહીં મેલો હેં...રે...
> ડોળી રૉણમા કાળા કાગલા બોલ હેં...

આમ તો આ બંને મુખપરંપરાના લોકમહાકાવ્યોની કથાઓ મધ્યકાળમાં થયેલા પાબુ રાઠોડ અને સવાઈ ભોજ જેવાં ઐતિહાસિક ચરિત્રો સાથે ગૂંથાઈ છે. જેમનો સમય ઇતિહાસકારો ૧૦મા સૈકાની આસપાસનો આંકે છે. એટલે આ બંને વીરતાપ્રધાન લોકમહાકાવ્યોમાં યુદ્ધોનાં સજીવ ચિત્રોની સાથે સાથે આ યુદ્ધોનાં પ્રેરકબળ એવાં શરણાગત-રક્ષા, વચન-નિર્વાહ, ગોત્ર-રક્ષા, સ્ત્રી-



રક્ષા, પૂર્વજ-સન્માન જેવાં મધ્યકાલીન યુગનાં મૂલ્યો અભિવ્યંજિત થયાં છે. આમ છતાં આ બંને લોકમહાકાવ્યોમાં દસમા સૈકાથી પણ પૂર્વકાલીન ઘણું બધું સચવાયું છે. કોઈ પણ જાતિ-પ્રજાતિની સંસ્કૃતિ ફક્ત વર્તમાન સમયનો વ્યવહાર અને ચિંતનની પ્રથા જ નથી. તે પરંપરા પણ છે. આ પરંપરામાં ઘણા બધા પ્રાચીન અવશેષો સચવાયેલા હોય છે. આ સચવાયેલા જૂના અવશેષો પોતાના યુગનો- તે સમયની સંસ્કૃતિનો ઈતિહાસ પ્રગટ કરે છે. આ સચવાયેલા અવશેષોનું અન્વેષણ કરતાં કરતાં આપણે જે તે સંસ્કૃતિનાં મૂળ સુધી પહોંચી શકીએ. ફક્ત વીરતાપ્રધાન લોકમહાકાવ્યોનો ઐતિહાસિક અનુબંધ તપાસીએ તો પણ તેનાં મૂળ ઋગ્વેદમાંથી મળે છે જે 'લોક'માંથી પ્રવેશ્યાં હોવાની સંભાવના છે. ઋગ્વેદમાં ઈન્દ્રને 'પુરંદર' એટલે દુર્ગનગરીઓને રોળી નાખનાર કહ્યો છે.[૧૦] 'રાઠોરવારતા'માં આવતી ધાંધલરાજા અને હીરાપથ પરીની પાંખડીના કથાઘટકનું મૂળ ઋગ્વેદના પુરુરવા-ઉર્વશી સંવાદસૂક્તમાં જોઈ શકાય છે. જે 'લોક'માંથી 'વેદ'માં પ્રવેશ્યાની શક્યતા છે. આમ છતાં રાઠોરવારતાનો સંબંધ મધ્યકાલીન વાતાવરણ સાથે વધુ છે જ્યારે ગુજરાંનો અરેલોનો સીધો સંબંધ પુરાકથા (મિથ) સાથે છે.

વિદ્વાનોના મત પ્રમાણે 'મિથ'ની રચના તે સમયે થઈ જ્યારે આદિમાનવ અને પ્રકૃતિની વચ્ચે વિભાજક રેખાઓ સ્પષ્ટ નહોતી. બંને એક સાર્વભૌમ જીવનમાં સહભાગી હતાં અને ચેતન માનવનું મન અજ્ઞાતરૂપે પ્રકૃતિની ઘટનાઓને પોતાની જીવનની ઘટનાઓ તથા અનુભવોના માધ્યમથી સમજવાનો પ્રયાસ કરતું હતું. સમષ્ટિ મન દ્વારા પ્રકૃતિનાં તત્ત્વો અને ઘટનાઓના માનવીકરણની આ અચેતન પ્રક્રિયા જ 'મિથ' (પુરાકલ્પનકથા)નું મૂળ છે. આ રીતે વિચારતાં ડુંગરી ભીલ આદિવાસીઓની કથાઓમાં અને તેમનાં લોકમહાકાવ્યોમાં પ્રકૃતિ અને માનવનું પ્રગાઢ તાદાત્મ્ય જોઈ શકાય છે. પ્રકૃતિની સજીવતાના વિશ્વાસના કારણે જ ગુજરાંના અરેલામાં દેવ-દેવીઓ અને માનવોનાં અદ્‌ભુત કાર્યોના વર્ણનની સાથેસાથે સાલોર-ગાય જેવા ભૂચર પ્રાકૃતિક જીવોનું અને અમરઘૂંટા જેવાં જડ તત્ત્વોનું માનવીકરણ થયેલું છે; અને જરૂર પડે માનવ જેવા ક્રિયા-કલાપ કરતાં આ સૃષ્ટિનાં નિસર્ગ તત્ત્વો; માનવોને ચમત્કારિક રીતે સહાય કરે છે. પ્રકૃતિની સચેતનતાના વિશ્વાસને



લીધે જ કિરોતરા દેશની રખમાને આંધળા હરિઓમ રાજાની આંખોનો ઉપાય ગરુડ પંખિણી બતાવે છે. આ જ વિશ્વાસના કારણે સાલોર ગાય ડોશીનું રૂપ લઈને ભોજાને પ્રસન્ન થાય છે અને દેવનારાયણના પૂર્વજોનું વેર લે છે. આવી આસ્થાને લીધે જ કાળી વાદળીની ભણેલી રખમા રાઠોડણે મંત્રોથી સર્જેલા જડ અમરઘૂંટા લેબદે રાજાની સેના સામે બાર વર્ષ સુધી લડે છે.

ગુજરાંના અરેલામાં પ્રકૃતિ તત્ત્વોના માનવીકરણની સાથે સાથે માનવનું પણ પ્રકૃતિકરણ થયેલું જોઈ શકાય છે. આ પ્રકૃતિકરણ માનવપાત્રોને વિરાટતા પ્રદાન કરે છે. ઝેળુ હોળાગણ ખેમલા કાહીદી જેવા લંપટનો માનવ જેવા રૂપથી નાશ કરી શકતી નથી આથી તેણી ખેમલાને કૂકડો બનાવી પોતે બાજ પક્ષી બને છે અને તેનું મસ્તક ચાંચથી ચૂંથી નાખે છે. અહીં જેળુ હોળાગણનું પ્રકૃતિકરણ થયેલું જોઈ શકાય છે. કેટલીક વખતે લોકનાયકનાં ચરિત્રોમાં માનવીના પ્રકૃતિકરણને લીધે લોકોત્તરતા કે દિવ્યતાનો પક્ષ એટલો તો બળવાન બની જાય છે કે જેથી આ લોકનાયકો જ લોકોત્તર અવતારો બની જાય છે અને તેઓ સ્વયં પ્રાકૃતિક શક્તિઓનું નિયમન કરે છે. આ લોકોત્તરતાના લીધે જ ગુજરાંના અરેલાનો લોકનાયક ભોજો કેશર ઘોડી પર બેસીને સ્વર્ગ સુધી ઊડી શકે છે અને તેની મૂછની તાકાતથી ઉછાળેલા દારૂથી વૈકુંઠનું સિંહાસન ડોલવા લાગે છે, અને ગરીઓરકોટમાં દારૂના મેઘ વરસવા લાગે છે. સામૂહિક લોકકલ્પનામાં રહેલા માનવીના પ્રકૃતિકરણને લીધે જ લોકશ્રદ્ધાથી મહાનતા પ્રાપ્ત કરેલ લોકનાયકો સ્વયં પ્રાકૃતિક શક્તિઓ બની જાય છે, અને તેમનું એટલી હદ સુધી પ્રકૃતિકરણ અને ઉદાત્તીકરણ થઈ જાય છે કે તેઓ સ્વયં દેવતા બની જાય છે. તેમના આ ગુણના લીધે ભીલોના જળુકારના દેવતા કાળા-ગોરા ભેરવના સ્થાને દેવતાનું રૂપ ધારણ કરીને મેહો અને ભોજો વિરાજે છે અને દેવરાના મંદિરમાં સ્થાન પામે છે. માનવીના પ્રકૃતિકરણને લીધે દિવ્યતા પ્રાપ્ત કરેલ અને ફૂલમાંથી જ પ્રગટેલા દેવનારાયણ ગાયોની મદદથી ગુજોરોનું વેર લે છે અને તેઓ ભીલોના દેવરાના મંદિરમાં જળુકાર ભગવાનના સ્થાને દેવરાનો ઠાકોર બનીને બિરાજે છે. આમ દેવિયાવાળાની પુરાકથા નવા નવા યુગોની સામૂહિક આસ્થાને ઝીલતી આગળ વધે છે.



પાદટીપ

૧. ''इन्द्रिमिद गाथिनो बृहत्'' १/७/१
''लोकगाथाओं में वीरभावना'', डॉ. सरस्वती शर्मा, पृ. ३३

૨. रामकथा (उत्पत्ति और विकास) बुल्के पृ. १३३

૩. रैभ्यासी दननेयी, नाराशंसी नियोचनी सूर्य याभदमिदेवसो,
गाथयैति परिंष्कृताम् ऋग्वेद – १०/१८/६
''लोकगाथाओं में वीरभावना, डॉ. सरस्वती शर्मा, पृ. ३३

૪. 'ગુજરાંનો અરેલો' ગેય લોકકથા અને પુરાકથા સંદર્ભે, લે. હસુ યાજ્ઞિક, (અપ્રગટ લેખ).

૫. અરવલ્લી પહાડની આસ્થા, સં. ભગવાનદાસ પટેલ, પૃ. ૧૧

૬. જ્ઞાનગંગોત્રી ગ્રંથ શ્રેણી - ૨૨, ભારત દર્શન - ૧
(ઇતિહાસ : આદિયુગ) પ્રવીણચંદ્ર ચિ. પરીખ, પૃ. ૩૬

૭. અરવલ્લી પહાડની આસ્થા, ભગવાનદાસ પટેલ, પૃ. ૯

૮. એજન

૯. Frazer, James G. "The Fear of the Dead in Primitive Religion', p. 6

૧૦. જ્ઞાનગંગોત્રી ગ્રંથ શ્રેણી - ૨૨, ભારત દર્શન - ૧, પૃ. ૨૨ (ઇતિહાસ આદિયુગ)



રાઠોરવારતાનો સ્થાનિક સંદર્ભ

સંપાદિત વારતાનું સ્થળ

અહીં સંપાદિત કરેલી 'રાઠોરવારતા' નામની 'ભજનવારતા' એ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા ગામમાંથી ધ્વનિમુદ્રિત કરેલી છે. સ્થાનિક જનશ્રુતિ અનુસાર આ વિસ્તારમાં ખેડવાબાજ બ્રાહ્મણોની વસ્તી હતી. આથી આ ગામનું નામ ખેડવા પડ્યું છે. ગામની પશ્ચિમ દિશા તરફ આવેલા તળાવની ઉત્તરે આવેલું 'બૉપણી માતા'નું સ્થાનક આ સ્થાનિક જનશ્રુતિને આધાર આપે છે.

ખેડવા ગામ, ખેડબ્રહ્મા કેન્દ્રથી રાજસ્થાનના મામેર ગામ ભણી જતી પાકી સડક પર ઉત્તરે ૧૭.કિ.મી. દૂર આવેલું છે. ગામમાં જવા માટે એસ.ટી. બસની સુવિધા છે. લીલાવંટા ગામથી ઉત્તરમાં આવેલા 'માતાવાળા વડલા'થી ખેડવા ગામની સરહદ શરૂ થાય છે. આ ગામની ઉત્તરે ઉદયપુર જિલ્લાનું મામેર ગામ આવેલું છે. દક્ષિણે લીલાવંટા ગામ અને બાસોલ કંપો આવેલો છે. પૂર્વમાં બોરડી ગામના ટુંટિયા વહેળાથી આ ગામની સરહદ અલગ પડે છે. પશ્ચિમમાં બહેડિયા ગામનો સીમાડો અને નાળેરો નામનો એક ઊંચો ડુંગર આવેલો છે.

આ વિકેન્દ્રિત ગામ ૮ કિ.મી.ના વિસ્તારમાં છૂટાંછૂટાં 'ખોલરાં'(ઝૂંપડાં)માં વસેલું છે. ગામમાં ગમાર, પારઘી અને નિનામા ગોત્રના ડુંગરી ભીલ આદિવાસીઓ વસે છે.

થોડા વર્ષો પહેલાં આ વિસ્તાર વનાચ્છાદિત હતો ત્યારે અહીંના લોકો



શિકાર કરીને અને વનમાંથી ખાદ્યપદાર્થો એકઠા કરીને જીવન- નિર્વાહ કરતા હતા પણ અત્યારે તેમનો વ્યવસાય ખેતી અને પશુપાલન છે.

ભજનવારતાનો મુખ્ય સાધુ (સાધ)

આ ગામના વતની ભીલ સાધુ ગમાર નાથાભાઈ ભૂરાભાઈ પાસેથી 'રાઠોર વારતા' ૨૫ કેસેટ ઉપર ધ્વનિમુદ્રિત કરવામાં આવી હતી. આ સમયે તેમની ઉંમર આશરે ૫૦ વર્ષની હતી. 'રાઠોર વારતા' સિવાય પણ તેમની જાતિમાં પરંપરિત રીતે ગવાતાં ઘણાંબધાં ભજનો અને ભજનવારતાઓ કંઠસ્થ છે. તેમને આ પરંપરિત કંઠસ્થ વારસો બોરડી ગામના વતની અને તેમના ગુરુ ખાંટ નાનજીભાઈ લાખાભાઈ પાસેથી તથા તેમના પિતા પણ સાધુ હોવાથી તેમની પાસેથી પણ પ્રાપ્ત થયેલો છે. આ ભીલ સાધુની પત્ની સ્વ. સાંકળીબહેન પણ ભજન ગાવામાં સહાયક એક સારી સાધુ સ્ત્રી હતી, પણ એક વર્ષ ઉપર તેણીનું દુઃખદ અવસાન થયું છે. નાથાભાઈ ત્રણ પુત્રીઓ અને એક પુત્રના પિતા છે. તેઓ ઘઉંવર્ણા, પાતળા દેહ બાંધાવાળા, સાલસ સ્વભાવના સહૃદય માહિતીદાતા છે. તેમણે પૂરી આત્મિયતાથી કથા સાથે તન્મય બનીને 'રાઠોરવારતા' ગાઈ અને કથીને ધ્વનિમુદ્રિત કરવામાં મદદ કરી છે. તેમનો કંઠ કેળવાયેલો અને મીઠો છે. આ ઉપરાંત પણ તેઓ બારે માસ જુદાજુદા વિષય પર ગાઈ શકે એટલી સમુદ્ધ કંઠસ્થ સંપત્તિ ધરાવે છે. ખેડવા ગામમાં તેઓનું 'ખોલરું' ગામથી પશ્ચિમ દિશા તરફ દુકાળિયા વહેળાની નજીક એક પુરાણા પીપળા પાસે આવેલું છે.

હોંકારિયો

મુખ્ય સાધુને કથા ગાવામાં અને કથવામાં સહાય કરનાર મુખ્ય 'હોંકારિયા' તરીકે કામ કરનાર ગમાર લખાભાઈ લાલાભાઈ અને તરાળ ભીખાભાઈ બધાભાઈ હતા. આ સમયે તેમની ઉંમર તેમના કહેવા પ્રમાણે અનુક્રમે ૩૮ વર્ષ અને ૩૫ વર્ષની હતી. લખાભાઈનું ઘર સાધુ નાથાભાઈના ઘરથી પશ્ચિમમાં બહેડિયા ગામની સરહદ ઉપર આવેલું છે. જ્યારે ભીખાભાઈનું



ખોલરું નાથાભાઈના ઘરથી ઉત્તર દિશા તરફ આવેલું છે. બંને 'હોંકારિયા' શ્યામ વર્ણના અને મધ્યમ દેહ બાંધો ધરાવતા ભીલ આદિવાસીઓ છે. તેમનો અવાજ મીઠો અને કર્ણપ્રિય છે. મુખ્ય સાધુ પાસે બેસીને વારંવાર ભજન ગાવામાં સાથ આપતા હોવાથી બંનેને ઘણાંબધાં પરંપરિત ભજનો કંઠસ્થ છે. આથી ભજનવારતા વખતે કોઈ પાંખડી વિસરી જવાય તો મુખ્ય સાધુ તેમની સાથે ચર્ચા કરીને કથાને ગતિ આપતો હતો. જ્યારે મુખ્ય ગાયક ભજન ગાતો ત્યારે વચ્ચે વચ્ચે 'એ...અરિ!','ખમ્મા!', 'ઝીવતા!' જેવાં વાક્યાંશો બોલીને તેને ગાવામાં વધુ ને વધુ ઉત્સાહિત કરતા. જ્યારે સાધુ વારતા કથતો ત્યારે તેઓ સાધુનું છેલ્લું ચરણ પકડીને રાગ કાઢીને હોંકારો ભણતા અને કથાને ગતિ આપવામાં મદદરૂપ થતા હતા. મુખ્યત્વે આ બંને હોંકારિયા એકબીજાની અવેજીમાં હોંકારો ભણતા હતા. વારતા લાંબો સમય સુધી ચાલતી હોવાથી એકબીજાની ગેરહાજરીમાં પણ હોંકારિયાનું કામ કરતા હતા.

અન્ય બાણિયા

આ સમયે ભજનમાં રાગ પુરાવનાર બીજા સહાયક પુરુષ બાણિયા હતા. તેમનાં નામ આ પ્રમાણે છે:

૧. પરમાર મેંનાભાઈ અળખાભાઈ,	ઉ.વ. ૫૨
૨. પરમાર નાનજીભાઈ અળખાભાઈ,	ઉ.વ. ૫૦
૩. ગમાર ગુજરાભાઈ દેવાભાઈ,	ઉ.વ. ૪૦
૪. ગમાર લખમાભાઈ નાથાભાઈ,	ઉ.વ. ૨૦
૫. તરાળ કસ્નાભાઈ બધાભાઈ,	ઉ.વ. ૪૫
૬. તરાળ દેવાભાઈ પૂનાભાઈ,	ઉ.વ. ૫૦
૭.ગમાર રતાભાઈ હેમાભાઈ,	ઉ.વ. ૪૫

'રાઠોરવારતા' ગાવામાં મદદરૂપ થનાર સ્ત્રી-બાણિયાનાં નામ આ પ્રમાણે છે :



૧. ગમાર સાંકળીબહેન નાથાભાઈ, ઉ.વ. ૪૫
૨. ગમાર હૉમળીબહેન નાથાભાઈ, ઉ.વ. ૨૮
૩. ગમાર રૉમીબહેન નાથાભાઈ, ઉ.વ. ૧૮
૪. ગમાર મેરાંબહેન લખાભાઈ, ઉ.વ. ૧૭
૫. ગમાર કપિલાબહેન નૂરાભાઈ, ઉ.વ. ૧૫
૬. ગમાર શાન્તાબહેન નેતાભાઈ, ઉ.વ. ૧૬
૭. ગમાર બકીબહેન મણાભાઈ, ઉ.વ. ૧૭

રાઠોરવારતા ગાતી વખતે રાતનો સમય હોવાથી નવરાશના કારણે ઘણાં બધાં સ્ત્રી-પુરુષો અને બાળકો ભેગાં થયાં હતાં પરંતુ તેઓની નોંધ અહીં લઈ શકાઈ નથી.

માહિતીનું સ્થળ સમય

અહીં સંપાદિત કરેલી ભજનવારતા ગામમાં સ્થપાયેલા 'હૂરા'ના સ્થાનકે રાત્રે અને વહેલી સવારે ધ્વનિમુદ્રિત કરવામાં આવી હતી. આ કથા દીર્ઘ હોવાના કારણે ફુરસદના સમયે તેની કેટલીક પાંખડીઓ સાધુ ગમાર નાથાભાઈ ભૂરાભાઈના ઘરની ઓસરીમાં પણ ધ્વનિમુદ્રિત કરવામાં આવી હતી. આ ધ્વનિમુદ્રણ સન ૧૯૮૭ના વર્ષ દરમ્યાન કરવામાં આવ્યું છે. મોટા ભાગનું ધ્વનિમુદ્રણ ગાયકોની તન્મયતા અને પૂરા ઉલ્લાસ વચ્ચે રાતના આઠ વાગ્યાથી મોડી રાતના બેથી ત્રણ વાગ્યા સુધી કરવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં વીજળીની સગવડ ન હોવાથી ધ્વનિમુદ્રણયંત્ર (ટૅપ રેકર્ડર) બેટરી ઉપર ચલાવવામાં આવ્યું હતું અને ધ્વનિમુદ્રણ વખતે કેરોસીનના દીવાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

મૂળ કથાનું ગદ્યરૂપ

અહીં જે માન્ય ગુજરાતીમાં 'રાઠોરવારતા'ની કથા આપવામાં આવી છે. તે



મૂળે ગેય અને રાગાત્મક ગદ્યવારતાનું ગદ્યમાં રૂપાન્તર છે. વાચકને મૂળ ગેયપાઠનો ખ્યાલ આવે એ દૃષ્ટિએ આ કથાવારતા આપવામાં આવી છે. ગેયકથાનું ગદ્યમાં રૂપાન્તર કરતી વખતે મૂળ કથાના પાઠને જ ધ્યાનમાં રાખવામાં આવ્યો છે, કોઈ કોઈ જગાએ કથા કે વારતા તૂટી છે ત્યાં સળંગ સૂત્રતા જાળવવા મૂળ સાધુને પૂછીને તેને જે અભિપ્રેત હોય તે જ બાબતને સુધારવામાં આવી છે.

ભીલ સમાજ અને સંસ્કૃતિ સાથે સંબંધ છે ત્યાં સુધી વારતા વર્ષના ઋતુચક્ર સાથે સાંકળી શકાય છે. કોઈ ને કોઈ ધાર્મિક ઉત્સવ અને તેની સાથે જોડાયેલા અનુષ્ઠાન કે કોઈ સામાજિક પ્રસંગ કે રૂઢપ્રથાનું અવિભાજ્ય અંગ બનીને વારતા (કથા) આવે છે. તે માત્ર વારતારસ પોષવા માટે નથી આવતી. ભીલજીવનની કોઈ ને કોઈ ધાર્મિક કે સામાજિક પ્રણાલીને ક્રિયાશીલ કરીને સંપન્ન બનાવવા માટે આવે છે. માટે તે ભીલ સમાજના કોઈ ધાર્મિક અનુષ્ઠાન, ઉત્સવ અને સામાજિક પ્રસંગના ખાસ પ્રકારના વાતાવરણના પ્રભાવ તળે, ગાયકો કે કથકોના કંઠમાંથી, દર્શકો કે શ્રોતાઓ (હોંકારિયો, બાણિયા-રાગિયા)ના સહયોગથી શબ્દો દ્વારા પોતાનું કલામયરૂપ ધરે છે. આથી આવી કથાઓ ભીલોના ધાર્મિક અને સામાજિક વાતાવરણમાં જે સ્થળે અને સમયે કથનરૂપ ધારણ કરે છે, તે સ્થળ અને કાળના વાતાવરણના સંદર્ભમાં જ, આ સમાજના લોકો સાથે હળીમળીને અને આ વિધિઓમાં સહભાગી થઈને જ પામી-માણી શકાય. રાઠોરવારતા આ રીતે ‘હૂરો માંડવા’ના ધાર્મિક-સમાજિક પ્રસંગે સહભાગી થઈને સંપાદિત કરી છે. તેનો સામાજિક-ધાર્મિક સંદર્ભ ભૂમિકામાં દર્શાવ્યો છે.



રાઠોરવારતા
(ગદ્ય રૂપાંતર)

કેશરી રાઠોડ

સતજુગની વારતા કળિયુગનાં માનવી વાંચે છે, અને ભરી સભા સાંભળે છે. વારતા વાંચિયે છીએ રાઠોડકુળની. હોંકારા દેનાર, તું કુશળ રહેજે અને કરોડ દિવાળી રાજ કરજે. એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ'નો 'મહાજોગ' આવ્યો. ધન્ય ઘડી અને ધન્ય વાર ! ગુજણિયાગઢમાં રાઠોડ રાજ કરતા હતા. ધન રાઠોડના ભીમ રાઠોડ થયા. ભીમ રાઠોડને બે દીકરા હતા. વડો (મોટો) ધાંધલ રાઠોડ અને નાનો કેશરી રાઠોડ. બે ભાઈની જોડી હતી.

જેઠ અષાઢના દિવસો આવ્યા છે. ક્ષિતિજમાંથી વાદળોના ઢગ નીકળવા લાગ્યા છે. વાદળોમાં ઝીણીઝીણી વીજો થવા લાગી છે. વરસાદનાં પક્ષી-મોર, કોયલો અને ચાતક બોલવા લાગ્યાં છે. આવા ચોમાસાના સમયમાં કેશરી રાઠોડ વાદળમહેલમાં ઘોર નિદ્રામાં સૂતેલો છે. તેને જોઈને ધાંધલ રાજાની પત્ની, મોરચંગરાણી કહે છે, "દિયર, ખેડૂતનો દીકરો છે, માથે ચોમાસુ ગાજી રહ્યું છે અને તને ઊંડી ઊંઘ કેમ આવી છે? ઝીણાઝીણા મેઘ વરસી રહ્યા છે. આપણાં કૂરિયાં ખેતરો ભીંજાઈ રહ્યાં છે. ખેડૂતનો દીકરો એક આંખે ઊંઘે અને એક આંખે જાગે. તું ઝટ બેઠો થા. બળદો સજાવીને કાંધે હળ મૂક." ભાભીનાં વચનો સાંભળીને કેશરી રાઠોડ ઝબકીને બેઠો થાય છે. કાચી 'કણિયોર'નું દાતણ કરે છે. બળદોને 'નાથ- મોરડી' ઘાલી સજાવે છે, અને



કાંધ ઉપર ધૂંસરી મૂકી ખેતરે જવાની તૈયારી કરીને ભાભીને કહે છે, ''ભાભી, ઝટઝટ બીજ આપ. કૂરિયા ખેતરમાં બીજ વાવવા જાઉં છું''. ભાભી કોઠીના સુકાયેલા દાટા ખોલીને કૂરી અને બંટીનાં બીજ કાઢી આપે છે.

કેશરી રાઠોડ મારગે મારગે બળદોને લઈને ખેતરે જાય છે. બીજ ખેતરને શેઢે મૂકીને બળદોની કાંધ ઉપરથી હળ ઉતારી હળ જોડે છે. જેવો હળથી ખેતરમાં પહેલો ચાસ કાઢે છે કે તરત જ જમીનમાંથી તંબૂર બહાર આવે છે. બીજા ચાસે રામની માળા નજરે પડે છે. ત્રીજા ચાસે સોનાનાં ધુપાયણાં દેખાય છે. કેશરી રાઠોડ ભક્તિની આ બધી વસ્તુઓ ચોખ્ખી કરીને ખેતરને શેઢે મૂકે છે. ભક્તિમાતા સામે ચાલીને આવેલાં જોઈને તે બળદોની કાંધ ઉપરથી ધૂંસરી નીચે મૂકે છે. બળદોની નાથ અને મોરડી કાઢી નાખે છે. બળદોને હેતથી પંપાળી બૂચકારીને કેશરી રાઠોડ કહે છે, ''હે બળદો! તમે મારી વાત સાંભળો. આપણે આજથી છૂટા પડીએ છીએ. આપણી સરખે સરખી જોડી હતી. તમે આજ સુધી અમને ઘણું કમાવી આપ્યું. અમે બદલામાં તમને ઘણું દુઃખ દીધું. મેં હળ હાંકતે તમને લાકડી મારી હશે, ગાળ બોલ્યો હોઈશ, પણ મને માફ કરજો. તમારી કાંધ ઉપરથી આજથી કાયમ માટે ધૂંસરી ઉતારું છું. તમે તમારાં કર્મ પ્રમાણે જીવી ખાજો.''કેશરી રાઠોડ બળદોને આશીર્વાદ દેતાં આગળ કહે છે, ''કાળા બળદ, તું વનનો રોઝ થજે. તારાથી વન દીપી ઊઠશે! ધોળા બળદ, તું સાંઢ થઈને ગાયોના ટોળામાં ફરજે. તારાથી ગાયોના ટોળા શોભી ઊઠશે!'' આમ કહીને તે બંને બળદોને મુક્ત કરે છે. બળદો વનમાં જવા લાગ્યા છે.

કેશરી રાઠોડ માથાનો સાફો ઉતારીને સોનાનાં ધુપાયણાં અને તંબૂર સાફ કરે છે. તે આસપાસના ખેતરમાંથી છાણાં વીણી લાવીને ધૂણી ધખાવે છે. અંગારા ધુપાયણામાં ભરીને ગૂગળનો હોમ કરે છે; અને હાથમાં તંબૂર લઈને ભજન કરે છે.

ભરબપોર થયા છે. મોરચંગરાણી કૂરી અને કોદરાના રોટલાનું ભાત લઈને મારગે મારગે આવી રહી છે. કુલડીમાં ખાટી છાશ ભરી છે. ભાભી દૂરથી જુએ છે તો ખેતરમાં બળદો નજરે પડતા નથી. મનમાં વિચાર કરે છે, ''દિયર મારો ! બળદ લઈને કઈ બાજુ ગયો હશે ?'' મોરચંગરાણી ખેતરની



નજીક આવીને જુએ છે તો ખેતરને શેઢે ધૂણી ધખાવેલી છે. સોનાના ધુપાયણામાં ધૂપ કર્યો છે, અને દિયર બેઠોબેઠો ભજનમાં લીન થયો છે. ભાભી મનમાં વિચાર કરે છે, ‘‘ચોમાસુ માથે ગાજે છે અને આ દુશ્મને ખેતર ખેડવાનું છોડીને બળદોને ક્યાં કાઢી મૂક્યા?'' મોરચંગરાણી દિયર પાસે ઊભી છે. કેશરી રાઠોડ આંખો બંધ કરીને ભજન બોલે જાય છે. તાપમાં આવેલી ભાભી ગુસ્સાથી કાળઝાળ બની જાય છે, અને તેની પાસે ભાત મૂકીને કહે છે, ‘‘હે દિયર ! ગાંડો થયો છે કે બાવરો ?તને આ અવળે મારગે કોણે ચડાવી દીધો? તને આ ભક્તાણું કોણે પકડાવ્યું ?'' ભાભીનાં કટાક્ષથી ભરેલાં વચનો સાંભળીને કેશરીના દિલમાં ધ્રાસકો પડે છે. મનમાં વિચારે છે, ‘‘ભજનમાં મન રમી રહ્યું હતું અને આ રંગમાં ભંગ ક્યાંથી પડ્યો ? ભાભી ભક્તિના કારણે કેવાં કડવાં વચન બોલે છે ?'' દિયરનું મૌન જોઈને ભાભી વધુ ગુસ્સે થતી બોલે છે, ‘‘મફતનું અનાજ ખાઈને ભક્તિ કરીએ એ કેમ બને ? તું, ખેડૂતનો દીકરો છે. કામ નહીં કરે અને ભક્તિ જ કરતો રહીશ તો ભક્તિ તને રોટલો નહીં આપે. આ તો માગણ - ભીખારીનું કામ છે. આપણે તો મોટાં લોક ! તંબૂરો હાથમાં લઈએ તો લાજી મરિયે !'' ભાભીએ ખેતરમાં જ દિયર સાથે કજિયો માંડ્યો. કેશરી રાઠોડનું મૌન ન જીરવી શકતી ભાભી ઘણી જ ગુસ્સે થઈને કહેવા લાગી, ‘‘જા, મારા આ ખેતરમાંથી, તને ભક્તિ જીવતો રાખશે ! જા, મારી નજરેથી, તને ભજનભાવ જીવતો રાખશે! તું ક્યારેય મારા મહેલે પાછો ફરતો નહીં. ગુજણિયોગઢ છોડીને અહીંથી જ ચાલતો થા !'' દુઃખમાં ડૂબેલો કેશરી રાઠોડ કાન દઈને ભાભીનાં મહેણાં સાંભળે છે. તેની આંખોમાંથી આંસુની ધારાઓ વછૂટી છે. થોડો શાન્ત થઈને કહે છે,‘‘હે ભાભી ! તું મારા ભાઈ ધાંધલરાજાને ક્ષેમકુશળ રાખજે! તેનું જીવની માફક જતન કરજે ! આજથી અમારી માજણ્યા બે ભાઈની જોડી કાયમ માટે તૂટી ! આપણી દિયર-ભાભીની જોડી પણ આજથી તૂટી ! ગુજણિયાગઢના લોકોની દેખભાળ રાખજે. હે મારા ગુજણિયાગઢ ! ક્ષેમકુશળ રહેજે ! હું હવે તારી ધરતી ઉપર ક્યારેય પગ નહીં મૂકું. તને મારા છેલ્લા ‘ઝોઆર!'' કેશરી રાઠોડ ગુજણિયા તરફ પીઠ ફેરવે છે અને પાછા નહીં ફરવાની પ્રતિજ્ઞા કરીને કાયમ માટે અન્નજળ છોડીને ચાલવા લાગે છે.



ભાભી ઊભીઊભી દેશ છોડીને જતા દિયરને જોવા લાગી છે અને તેની આંખોમાંથી આંસુની ધારાઓ છૂટવા લાગી છે. રાણી મનમાં વિચાર કરે છે, “હું ભૂંડી! મેં પોતે જ મારા હાથે તેને કાઢ્યો ! હવે લાડકો દિયર કોને કહીશું?” મોરચંગરાણી ઊભીઊભી આંસુ સારવા લાગી છે. પીઠ ફેરવીને જતા કેશરીને વિનવણી કરતાં કહે છે, “દિયર ! મન વાળ, વાદળ વાળ! એક વખત પાછો આવ; તને વાદળમહેલમાં લઈ જાઉં. તને સોનાના હિંડોળે હીંચોળું. પણ તું ભાભી દિયરની જોડી તોડીને જઈશ મા! પાછો વળ ! ”ગુજણિયાની સીમ છોડીને જતો કેશરી રાઠોડ કહે છે, “હવે તો ગુજણિયાગઢ તરફ પાછું વળીને નહીં જોવાની પ્રતિજ્ઞા છે. મેં ગુજણિયાનું અન્નજળ છોડ્યું છે. ખાજેપીજે અને માયા માંડજે. હવે તો તું મને દિયર કહીશ તો પણ પાપ લાગશે !”

રીસનો ભરેલો અને મહેણાંનો મારેલો કેશરી રાઠોડ ખભે તંબૂર મૂકીને મારગે મારગે જવા લાગ્યો છે. ખેતરને શેઢે ઊભી રહેલી મોરચંગરાણી વિચાર કરે છે, “ગુજણિયામાં પાછા ન ફરવાનું પણ(પ્રતિજ્ઞા) લઈને જતા દિયરને કઈ રીતે પાછો વાળું ? દિયર તો અહીંથી હરપળે દૂર ને દૂર જવા લાગ્યો છે અને ગુજણિયાગઢના લોકો મને શું કહેશે ? દિયર વિનાની એકલી જોઈને રાજા મને શું કહેશે?” હારેલી-થાકેલી મોરચંગરાણી કેશરીને પાછો વાળવા મનમાં ભવાની જોગણીનું સ્મરણ કરે છે, “હે ભવાની જોગણી ! મારો પોકાર સાંભળીને મારી મદદે આવ. દેશ છોડીને ચાલ્યા જતા દિયરને તું કોઈ પણ રીતે પાછો વાળ.” મોરચંગરાણીની અરજ સાંભળીને ભવાની હાથમાં ખાંડું અને સિંદૂર રંગનો ભાલો લઈને પ્રગટ થાય છે, અને કેશરી રાઠોડની આગળ ફરે છે. દેવી તેની સામે ખાંડું ઉગામે છે. આ સમયે કેશરી ગૂગળ(હાલરી)ના વૃક્ષનું પાન તોડીને ખાંડા સામે ધરે છે. ભવાની દેવી ખાંડાથી પાન ઉપર ઝટકા મારી કરવત જેવા દાંત પાડવા રોકાય છે અને કેશરી રાઠોડ આગળ નીકળી જાય છે.

ફરીને ભાભી સીમદેવ ‘ખેતલા’ નું સ્મરણ કરે છે, “હે સીમદેવ ખેતલા (ક્ષેત્રપાળ), ઝટ મારી મદદે આવ ! રિસાઈને ચાલ્યા જતા મારા દિયરને પાછો વાળ.” રાણીની અરજ સાંભળીને કેશરી રાઠોડને પાછો વાળવા સીમદેવ ખેતલો હાથમાં ખાંડું લઈને પ્રગટ થાય છે. આ સમયે કેશરી રાઠોડ લીમડાનું



એક પાન તોડીને ખેતલાની સામે ધરે છે. ખેતલો આ પાન ઉપર ખાંડાના ઝટકા મારીને લીમડાના પાનને કરવત આકારનું બનાવવામાં રોકાય છે, અને કેશરી આગળ નીકળી જાય છે. ફરીને ભાભી દિયર પાસે દોડતી આવે છે. પણ દિયર ભાભીની સામે જોતો નથી. જતાંજતાં કેશરી રાઠોડ ભાભીને કહે છે, ‘‘હે ભાભી ! આ અવતારમાં તો હવે હું કોઈ દિવસ આ ભૂમિમાં પાછો આવવાનો નથી. અહીંથી સીધો કાશી જઈને કરવત મુકાવવા જાઉં છું !’’ આમ કહીને તે આગળ નીકળી જાય છે. હારેલી મોરચંગરાણી ભાગેલા પગે મહેલમાં આવે છે.

આંખોમાં આંસુ લઈને કેશરી રાઠોડ કાશીનગરની વાટે જવા લાગે છે. ધીમેધીમે કાશીનગર નજીક ને નજીક આવે છે. કાશી ઘણું જ સોહામણું નગર છે. કેશરી કાશીનગરની શેરી અને બજારે ફરે છે, અને માથે કરવત મૂકનાર કરવતિયાની શોધ આદરે છે. શહેરમાં કરવતિયાનું ઘર નહીં મળવાથી નગરની બહાર શોધ આદરે છે. નગરથી થોડે દૂર એક બાગ નજરે પડે છે. તે કરવતિયાને શોધતો શોધતો બાગમાં આવે છે. બાગમાં કોયલો બોલે છે. એક વૃક્ષથી બીજા વૃક્ષે પીળી પાંખોના પોપટ ઊડે છે. બાગ ફૂલોથી લચી પડ્યો છે. ફૂલો ઉપર કાળી પાંખોના ભમરા ગુંજે છે. તે બાગમાં ફરી ફરીને ફૂલોની સોડમ લે છે. કેશરી રાઠોડ ઠંડી સુવાસિત હવા ખાતોખાતો બાગના માણેકચોકમાં આવે છે. માણેકચોકમાં કરવતિયો નજરે પડે છે. તે કરવતિયા પાસે આવે છે અને કહે છે, ‘‘હે કરવતિયા વીરા ! હું તો કાશીમાં કરવત મુકાવવા માટે આવ્યો છું!’’ કરવતિયો પૂછે છે, ‘‘તું કયા કારણે કરવત મુકાવવા માટે મારી પાસે આવ્યો છે ?’’ કેશરી રાઠોડ કહે છે.‘‘ભાઈ, ભાભીનાં મહેણાં ખારાં (કડવાં) લાગવાના કારણે હું કરવત મુકાવવા માટે આવ્યો છું.’’ કરવતિયો આગળ પૂછે છે, ‘‘ભાઈ, તારું કયું ગામ છે? અને કયું તારું દૂધ છે?’’ કેશરી કહે છે, ‘‘વીરા, ગઢ ગુજણિયાનો છું અને ધાંધલરાજા અને હું માજણ્યા ભાઈ થઈએ છીએ.’’ તે આગળ પૂછે છે, ‘‘તને કયા કારણે ભાભીએ મહેણાં માર્યાં ?’’ ‘‘મને ભક્તિના કારણે મહેણાં માર્યાં છે. ભાઈ, મારે સદાય હરિના ખોળામાં રહેવું છે. સમય ચાલ્યો જાય છે. વિલંબ કર્યા વિના મારા માથે કરવત મૂક!’’



કેશરી રાઠોડની આજીજી સ્વીકારીને કરવતિયો કરવત સજાવીને માણેકચોકમાં કેશરી રાઠોડના માથાના મધ્યમાં કરવત મૂકે છે. તે હરિની માળા ફેરવે છે, અને ધીમેધીમે કરવતિયો કેશરીનાં ડાબાજમણાં અંગો વહેરીને જુદાં પાડવા લાગ્યો છે. શરીરમાંથી લોહીના છાંટા ઊડવા લાગ્યા છે, અને છાંટામાંથી મોરી, મકવાણા, ડોડિયા અને ચૌહાણ પેદા થવા લાગ્યા છે.

રાઠોડ કહેવાયા ઘરના વાઘ ! રાઠોડ કહેવાયા દેશના દીવા !

વાતમાં હોંકારો પૂરનાર કુશળ રહેજો!જુગ જાય છે અને વારતા આગળ ચાલે છે.

ધાંધલરાજા

ગુજણિયાગઢમાં ધાંધલરાજા રાજ કરે છે અને જાયેરિયાગઢમાં કાળું ખેંસી રાજ કરે છે. એક દિવસનો ‘સમાજોગ’ આવ્યો, અને ‘સમાજોગ’નો મહાજોગ આવ્યો છે. જાયેરિયામાં ભીષણ (ડમરું) કાળ પડ્યો છે. નવાણેથી નીર સુકાઈને સાત પાતાળ નીચે ગયાં છે. આકડે ફળ રહ્યાં નથી. વાડે લીલો વેલો રહ્યો નથી. વાટે પાણીનો રેલો રહ્યો નથી. સ્ત્રીઓ (ભૂખની મારી પોતાનાં) નાનાં બાળકોને છોડવા લાગી છે. ધરતીએ પોતાનું અમી છોડી દીધું છે. ગાયોએ પોતાનાં વાછરડાં છોડી દીધાં છે. એક સાથે બધી ગાયો મરવા પડી છે.

કાળનો મારેલો જ્યોરિયાનો રાજા કાળું ખેંસી કચેરીમાં બેઠોબેઠો વિચાર કરે છે, ‘‘આવા ભીષણ કાળમાં માણસો અને ગાયોને કેમ કરીને જિવાડવાં?’’ વિચારો કરી કરી અંતે થાકીને તે ઘોડાને સાતમા ભોંયરાથી ખેંચીખેંચીને બહાર કાઢે છે. તાણીતાણીને તંગ ભીડે છે, અને છલંગીને સવાર થાય છે. ધરતીને માથે કયા સ્થાને સુકાળ છે તે જોવા જાય છે. ઘોડાને તીખા ચાબુક મારે છે. ઘોડાની ખરીએ ધૂળ ઊડે છે, અને તે ફરતો ફરતો ગુજણિયાગઢમાં આવે છે. ગુજણિયાની સીમમાં લીલો હિમાળો જામ્યો છે. સ્થળે સ્થળે ઝરણાં વહે છે. ડોડિયો બરુ પવનમાં લહેરાઈ રહ્યો છે. કાળું ખેંસી લીલા ઝરણે ફરે છે. તે ‘ઝેંઝણિયા ઝોડ’માં જાય છે. ‘દીપાવલી નાડી’ના કિનારે કિનારે ફરે છે. કાળું પાણીથી વહેતાં લીલાં ઝરણાં અને લીલું ઘાસ જોઈને આનંદિત થાય છે.



ગુજણિયાગઢમાં ધાંધલરાજા કચેરી ભરીને બેઠો છે. કચેરીમાં કામદાર-કોઠારી, મહેતા-મુત્સદ્દી, તેલી-તંબોળી વગેરે દરબારીઓ પોતાના સ્થાને બિરાજેલા છે. કચેરીમાં ‘હૂળાંની કૉબરિયો’ ફરે છે. દારૂની ‘સાખો’ ફરે છે. દરબારીઓ અને રાજા વચ્ચે ‘ગરમી ગરમી’ વાતો ચાલે છે. આવા આનંદાયક સમયમાં કાળથી થાકેલો-ભાગેલો કાળું ખેંસી કચેરીમાં આવે છે. કચેરીમાં આવીને ધાંધલરાજાને ‘ઝોઆર-મઝરો’ (મુજરો) હારે છે. ધાંધલરાજા મુજરો ઝીલે છે. કાળું ખેંસી જાજમ ઉપર વિરાજે છે. જાજમ ઉપર અમલ(અફીણ)નાં પોતાં ફરે છે. રાજસભામાં કેળાવાયેલી તમાકુના ભરેલા રૂપાની નળીવાળા હોકા ફરે છે. વાતોના ‘ધધમાટા’ ઊડે છે, અને કચેરીમાં બધા મજા કરે છે. જાજમો પર બેઠેલો કાળું ખેંસી ‘હીળો હૉહતો’ (શાન્તિ થવી) થાય છે.

જાજમ ઉપર વિરામ પામેલા કાળું ખેંસીને ધાંધલરાજા પૂછે છે, ‘‘હે કાળું ખેંસી ! તમે કયા કામે કચેરીમાં આવ્યા છો ? તમારા કામનાં નામ ધરજો.’’ કાળું ખેંસી કહે છે, ‘‘ હે રાજા ! કાળનો ભાગેલો અને વખાનો મારેલો તમારી કચેરીમાં આવ્યો છું! ધરતીએ અમી છોડી દીધાં છે. સ્ત્રીઓએ નાનાં બાળકો છોડી દીધાં છે. ગાયોએ વાછરડાં છોડી દીધાં છે. બધી ગાયો એક સાથે મરવા પડી છે. હે રાજન ! આવા કપરા કાળમાં કેમ કરીને જીવવું ? સુકાળને લીધે તમારી સીમ રળિયામણી લાગે છે. ફૂલો પર કાળી પાંખોના ભમરા ગુંજે છે. ઝેંઝણિયા ઝોડમાં ડોડિયો બરુ હિલોળા લે છે. હું તો ગાયો માટે ઘાસચારો જોવા તમારા દેશમાં આવ્યો છું. અમારા નવલાખ ગાયોના ટોળા મરવા પડ્યા છે.’’ ધાંધલરાજા કાળું ખેંસીની વાત સાંભળ્યા પછી કહે છે, ‘‘કાળું ખેંસી, ગાયોના નવલાખ ટોળા લઈને અહીં ગુજણિયે આવતો રહે. મારા ઘાસથી ભરેલા ઝેંઝણિયા ઝોડ અને પાણી પીવા માટેની દીપાવલી નાડીઓ આજથી તને આપું છું. અહીં ગાયોને પાણી પાજે અને મજા કરજે. તારા દેશનાં માનવીઓને મરવા દઈશ નહીં. બધાંને લઈને ઝટઝટ અમારા દેશમાં આવતો રહે. તારા દેશમાં સુકાળ આવે ત્યારે સુખેથી પાછો જજે.’’ કાળું ખેંસી ધાંધલરાજાને કહે છે, ‘‘તમે અમારા દુઃખમાં ભાગીદાર થઈને ઘણું જ સારું કામ કર્યું છે. મારી ગાયો અને મારા લોકોને મોતમાંથી બચાવી લીધાં છે.’’ કાળું ખેંસી ઊભો થાય છે અને ધાંધલરાજાને ‘ઝોઆર-મઝરો’ હારીને ઘોડા



ઉપર સવાર થાય છે. ખરિયે ધૂળ ઊડવા લાગી છે અને ઝટઝટ ઝાયેરિયા ભણી જવા લાગ્યો છે.

કાળું ખેંસી વાદળમહેલમાં આવે છે, અને પોતાની રાણી ગૂગળ સતિયાણીને ગુજણિયામાં પડેલા સુકાળની વાત કરે છે. આ પછી સરદારો બોલાવીને કચેરી ભરે છે. તેઓને આદેશ આપતાં વાત કરે છે, ''સરદારો, ગુજણિયામાં સુકાળ પડ્યો છે. તમે આજ રાતથી ગાડેપાડે ઉચાળા ભરો અને આપણે બધા જીવતા રહેવા માટે ઝટઝટ ગુજણિયાગઢ ભણી જતા રહીએ.''

કાળના મારેલા ખેંસીઓ ગાડેપાડે ઉચાળા ભરીને મારગે મારગે જવા લાગ્યા છે. ગાયોની ખરિયે ધૂળ ઊડે છે અને ખેંસી ગુજણિયામાં આવવા લાગ્યા છે. ગુજણિયાના ગાંદરે પડાવ નાખ્યો છે અને ઝેંઝણિયા ઝોડમાં ગાયો ચારવા લાગ્યા છે. દીપાવલી નાડીએ નવલાખ ગાયોના ટોળાને પાણી પાય છે. બધા ખાય છે; પીએ છે અને મજા કરે છે. ખેંસી, છઆઠ માસ ગુજણિયામાં રહે છે. જેઠ-અષાઢ આવે છે. આકાશમાં વાદળોના ઢગ ખડકાવા લાગ્યા છે અને ઝીણા મેઘ વરસવા લાગ્યા છે. ધરતી ભીંજાવા લાગી છે. જાયેરિયામાં પાછો સુકાળ આવ્યો છે અને કાળું ખેંસી ગાડેપાડે ઉચાળા ભરીને ફરીને નવલાખ ગાયોને જિવાડીને જાયેરિયામાં જવા લાગ્યો છે.

ગુજણિયાગઢમાં દૂબળો માળી અને મનસા માળણ રહે છે. તેઓ લાકડાંના ભારા વેચી ખાય છે. એક દિવસ દૂબળો માળી હાથમાં ધારદાર કુહાડી લે છે અને મનસા માળણ મરવાની ઉઢાણી માથે મૂકે છે. તેઓ મારગે ચાલતાં ચાલતાં વનખંડમાં આવે છે. આખો દિવસ લાકડાં શોધતાં શોધતાં વનમાં જ દિવસ આથમી જાય છે. માળી કહે છે, ''માળણ, આજે આપણને સુકાયેલાં લાકડાં તો મળ્યાં નથી. માટે આજની રાત વનમાં જ રાતવાસો કરીએ. વહેલી સવારે લાકડાં વીણીને મોટામોટા ભારા કરીશું અને નગરમાં જઈને વેચી ખાશું.''

દૂબળો માળી અને મનસા માળણ પહેરવાનાં કપડાંનાં પાથરણાં કરીને વનખંડમાં સૂઈ જાય છે. પાછલી રાત થાય છે. ભૂખે સૂતેલા માળી ઉપર મહાદેવને દયા આવે છે. માળીને સપનામાં આવીને કહે છે, ''માળી, તું તો ખેડૂતનો દીકરો છે. લાકડાંના ભારા વેચવાનું તારું કામ નથી. ખેતી કરે તો જ જીવતો રહીશ ! ખેતી કર અને ફૂલોની વાડી સજાવ. માળીના દીકરા, તું ફૂલ



વેચી ખા. હું તને ભવોભવ પ્રસન્ન થયો છું ! હા, પણ તારી વાડીનાં ફૂલોની પહેલી માળા જ્યારે ગૂંથે ત્યારે સૌથી પહેલાં મને ચડાવજે. ફૂલોની પહેલી ચોથ મને આપજે. પછી તારા રાજા ધાંધલને ફૂલોનો હાર પહેરાવજે. રાજા તરફથી તને મોટો પુરસ્કાર મળશે. આ પછી આખા ગામમાં ફૂલ વેચજે. તારો દિવસ વળશે. તું મારા બોલ પાળજે, ખાજેપીજે અને મજા કરજે.'' મહાદેવની વાત સાંભળીને માળી એકાએક ઝબકીને બેઠો થાય છે, અને માળણને જગાડીને કહે છે, ''તું સૂતી થકી બેઠી થા. મને સારું સપનું આવ્યું છે. મહાદેવ સપનામાં આવીને ફૂલોની લીલીવાડી બનાવવાનું કહી ગયા.'' માળણ કહે છે, '' માળી, તને તો ભૂખનાં સ્વપ્નાં આવે છે. આ વનખંડમાં અડધી રાતે મહાદેવ ક્યાંથી લ્યા? તું પાછો સૂઈ જા. આજની રાત ભૂખથી નહીં મરી જાય ! સવારે તો ભારા વેચી ખાશું.'' માળી અને માળણ વનખંડમાં ફરીને સૂઈ જાય છે. માળીને નિદ્રા આવે છે કે તરત જ ફરીને મહાદેવ સપનામાં આવે છે. માળી ફરીને ઝબકીને બેઠો થાય છે અને મનસા માળણને ફરીને જગાડીને વાત કરે છે, ''માળણ, મારી વાત માનતી નથી પણ મને મહાદેવ ફરીને સપનામાં આવ્યા અને ફૂલોની વાડી બનાવવાનો આદેશ આપી ગયા. પહેલા ફૂલોનો હાર મંદિરે જઈને તેમને ચડાવવાનો છે, અને પછી જ રાજાને પહેરાવવાનો આદેશ આપ્યો છે. રાજા આપણને મોટો પુરસ્કાર આપશે.''

વનમાં પીળું પ્રભાત થાય છે. વૃક્ષો પર જાગેલાં પક્ષી બોલવા લાગ્યાં છે. પ્રકાશ થાય છે અને સૂરજ ઊગે છે. માળી માળણનો હાથ પકડે છે અને કહે છે, '' આપણે ઘેર જતાં રહીએ. જમીન ભાડે લઈને લીલો બાગ બનાવીએ. આજથી આ લાકડાં વેચવાનો ધંધો નથી કરવો.''

દૂબળો માળી અને મનસા માળણ ગુજણિયામાં પાછાં આવે છે. કણબી પાસેથી ખેતર અને કૂવો ભાડે લે છે. માળી ખેતરમાં હળ જોડે છે અને ખેતર ખેડીને તૈયાર કરે છે. માળણ વાણિયાના ઘેર ઉધાર બીજ લેવા જાય છે. વાણિયો મનસા માળણને ફૂલછોડ અને વૃક્ષોનાં જોઈએ એટલાં ઉધાર બીજ આપે છે. ચૂંદડીને છેડે બીજ બાંધીને માળણ ખેતરે આવે છે. માળી ક્યારા કરીને બીજ વાવે છે. રેંટ જોડીને પાણી કાઢે છે. માળણ કયારામાં પાણી સીંચે છે. બીજ ફણગા ફૂટીને ઊગે છે. ધીમેધીમે ફૂલછોડ મોટાં થાય છે. ફૂલછોડ કમર જેટલાં



મોટાં થાય છે. ધીમેધીમે માથોડું જેટલાં ઊંચાં થાય છે. વાડીમાં છોડ અને વૃક્ષો પર જાસૂદ, કેવડા, મરવા, મોગરા, ચંપા અને રાતરાણીનાં ફૂલો ખીલે છે. માળીનો બાગ ફૂલોની સોડમથી મહેંકી ઊઠ્યો છે. ફૂલો પર કાળી પાંખોના ભમરા ગુંજે છે. પીળી પાંખોના પોપટ ઊડે છે. કોયલો ટહુકા કરે છે. માળીનો બગીચો ઘણો જ રૂડો દેખાય છે.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ'નો મહાજોગ આવ્યો. કૂકડે પોતાનું સ્થાન છોડી દીધું છે. પીળું પરોઢ થયું છે. પ્રભાતના સમયે મનસા માળણ ઝબકીને બેઠી થાય છે. આળિયે દીવા મૂકે છે. સોળૈયો શણગાર સજે છે. કમરે 'મેઘાડાંમોર'નો ચણિયો પહેરે છે. છાતી પ્રમાણે કાંસળી પહેરે છે. માથે આછો સાળુ ઓઢે છે. પગે ઝાંઝર પહેરે છે. માળણ હાથમાં રૂપાનો અંકોડો લે છે અને માથે સોનાની છાબ મૂકે છે. માળણ મારગે મારગે બાગમાં આવે છે. વાડીમાં જાતજાતનાં ફૂલો ખીલ્યાં છે. ફૂલોની માદક સુવાસ આવી રહી છે. માળણ નવાં ફૂલો વીણે છે અને તાજાં ફૂલોનો પહેલો હાર ગૂંથે છે. તે ઝટઝટ કચેરીમાં જાય છે, અને હરખાતી હરખાતી પહેલો હાર ધાંધલરાજાને પહેરાવે છે. પ્રાતઃકાળમાં જ માળણ દ્વારા ગૂંથાયેલો સુંદર હાર જોઈને રાજા ખુશ થાય છે અને મનસા માળણને પ્રથમ હારનો મોટો પુરસ્કાર આપે છે. મોટો પુરસ્કાર પામીને હરખાયેલી માળણ ઝટઝટ ઘેર આવે છે.

એક દિવસનો 'સમાજેગ' આવ્યો અને 'સમાજોગ'નો મહાજોગ આવ્યો. પતિની વાત વિસરી ગયેલી મનસા માળણ મહાદેવને વાડીનાં પ્રથમ ફૂલ ચડાવવાનું ભૂલી ગઈ અને મોટા પુરસ્કારની લાલચે ધાંધલરાજાને ફૂલોનો હાર ગૂંથીને ચડાવી આવી. વનખંડના મંદિરમાં બેઠેલા મહાદેવ વિચાર કરે છે, ''આ માળી અને માળણના ભાગ્યનો ભેરુ તો હું થયો અને તેઓ મને જ ભૂલી ગયાં! મનસા માળણ મને ભૂલીને પહેલો ફૂલોનો હાર પુરસ્કારની લાલચે રાજાને પહેરાવી આવી. મને તો એક પણ ફૂલ ન ચડાવ્યું. હવે જો આ મહાદેવના ખેલ !''

મહાદેવ સૂવરનો વેશ લે છે અને માળીના લીલાકાચ બાગમાં આવે છે. તે ચંપા, કેવરા, જાસૂદ અને જૂઈનાં ઝાડ ઉખેડવા લાગે છે. આવેશમાં આવેલો સૂવર ફૂલોથી લચી પડતો બધો બગીચો ભેળી નાખીને ઝાડવાંનાં મૂળ આસમાન



સામે કરે છે, અને થડ અને ડાળાં પાતાળ તરફ કરે છે. તે આખો બાગ ઉજાડે છે. આખા બાગની વચ્ચે ચંપાનું એક ઝાડ ઊભું રહેવા દે છે અને તેના થડમાં એક બખોલ ગોડે છે. સૂવર આરામથી બખોલમાં લપાઈને સૂએ છે.

વહેલી સવારે કૂકડે પોતાનું સ્થાન છોડી દીધું છે. પીળિયાં પ્રભાત થાય છે, અને મનસા માળણ ઝબકીને બેઠી થાય છે. તે આળિયે આળિયે દીવા મૂકે છે. માળણ બાગમાં ફૂલ વીણવા માટે સોળૈયો શણગાર સજે છે. કમરે 'મેઘાડાંમોર'નો ચણિયો પહેરે છે.છાતી પ્રમાણે કાંચળી પહેરે છે. આછો સાળુ ઓઢે છે. ગળામાં સોનાની હાંસડી પહેરે છે. વાળેવાળે મોતી ગૂંથે છે. નાકે નથણી પહેરે છે. આંખોમાં કાજળ ઘાલે છે, અને કપાળમાં ટીલડી પાડે છે. એક હાથમાં સોનાની છાબ લે છે અને બીજા હાથમાં ફૂલ પાડવા માટે રૂપાનો અંકોડો લે છે. મનસા માળણ શોભતા શણગાર સજી ઠમકે ઠમકે વાડીએ જાય છે.ઊડે છે તો સ્વર્ગે જાય છે અને નીચે આવે છે તો પાતાળમાં જાય છે. વાજિયા ઘઉંના પિંડ જેવું માળણનું શરીર છે. પૂર્વ દેશના પવન વાય છે અને માળણ યૌવનના ભારથી લચી પડતી ભાગીને ટુકડા થાય છે. માળણ આજે ઘણી જ 'સ્વાદિલી' (મીઠી) લાગે છે. ચણિયાનો પનો વાત કરે છે અને પગની પાની હોંકારો દે છે.

મનસા માળણ હરખભરી ફૂલ વીણવા વાડીએ આવે છે. વાડી નજીક આવીને જુએ છે તો વાડી જેવું કંઈ જ નજરે પડતું નથી. બધાં વૃક્ષો આડાં પડી ગયાં છે. ફૂલછોડનાં મૂળ આસમાન ભણી છે અને થડ અને ડાળાં પાતાળ તરફ. માળણ મનમાં વિચારે કરે છે, "આ તો કોઈ બીજાની વાડી લાગે છે. ખરેખર હું અહીં ભૂલી પડી છું ! "આ પોતાની જ વાડી છે કે કેમ તેની ખાતરી કરવા તે ઉગમણી અને આથમણી દિશા તરફ જુએ છે. આડું અને અવળું જુએ છે. પણ મનસા માળણને પોતાનું જ ખેતર નજરે પડે છે. તે પોતાની આંખોને ચોળીને ફરીને જુએ છે તો પણ એ જ ખેતરના પાળા નજરે પડે છે. ભેળાયેલી વાડીના કારણે દુઃખી થયેલી મનસા માળણ છાતી કૂટે છે, અને રડતી રડતી બોલે છે, "અરે ! આતો મારો જ લીલો બાગ કોઈએ ભેળી નાખ્યો છે !" નીચી નમીને જુએ છે તો સૂવરનાં પગલાં નજરે પડે છે. માળણ વિલાપ કરતી કરતી ગાળો બોલે છે, "મારી લીલી વાડી ભેળનાર તારું નખ્ખોદ



જ્જો ! તારે આવું દુશ્મનનું કામ કરવું જોઈતું ન હતું, નખ્ખોદિયા !'' માળણ રડે છે અને ગાળો બોલતી બોલતી ચંપાના વૃક્ષની છાયાએ આવે છે. સૂવર વિચારે છે, ''તું મને ગાળો દે છે પણ અહીં બખોલ નજીક આવ તો ખરી ! પછી હું તને ખબર પાડું છું !'' માળણ જેવી બખોલની નજીક આવે છે કે તરત જ સૂવર બખોલમાંથી નીકળીને માળણના બે પગ નીચેથી પસાર થાય છે. સૂવરના ધસારાના કારણે નીચે પડેલી માળણના પગ તો ઊંચા આસમાન ભણી અને માથું જમીનમાં જાય છે. સૂવર ફરીને પાછો આવી બખોલમાં લપાય છે. સૂવરના ઘાતથી જમીન પર ઢળી પડેલી માળણના શ્વાસ રૂંધાય છે. તેનાથી બોલી શકાતું નથી, અને પીડાના કારણે આળોટતી આળોટતી રુદન કરે છે. માળણની સોનાની છાબ એક બાજુ ઊડીને ઊંધી પડી છે. રૂપાનો અંકોડો દૂર જઈને પડ્યો છે. ભયથી થરથર કાંપતી માળણ જેમતેમ કરીને ઊભી થાય છે. તે ચણિયાનો ખોળો વાળે છે. વાગવાના કારણે પીડા અનુભવતી માળણ ચીસો પાડતી પાડતી ગુજણિયાગઢ તરફ દોટ મૂકે છે.

ગુજણિયાગઢમાં ધાંધલરાજા કચેરી ભરીને બેઠો છે. કામદાર-કોઠારી અને મહેતા-મુત્સદ્દી વચ્ચે વાતોનો 'ધધમાટો' ઊડે છે. કચેરીમાં રૂપનળા હોકા ફરે છે. અમલનાં પોતાં ફરે છે. આવા આનંદના સમયે મનસા માળણ દોડતી દોડતી આવીને કચેરી વચ્ચે 'ભૂહ' દઈને નીચે પડે છે. તે પડીપડી આળોટવા લાગે છે. ટાંટિયા કૂટે છે, અને રડે છે. રાજા સરદારોને કહે છે, ''સરદારો, મનસા માળણ તો આપણી કચેરી વચ્ચે મરી રહી છે ! તેને પાણી આપો.'' રાજાનો આદેશ થતાંમાં તો તેર-પંદર સરદારો એક સાથે ઊઠે છે,અને મનસા માળણને પાણી પાય છે. માળણને થોડી શાન્તિ વળે છે ત્યારે ધાંધલરાજા પૂછે છે, ''હે મનસા માળણ ! તને મારા રાજમાં શાં દુ:ખ પડ્યાં? તું તારા દુ:ખનું નામ ધર. તને કોણે કૂટી છે? કોણે મારી છે? ઝટઝટ મારનારનું નામ બોલ.'' માળણ ધ્રુસકે ધ્રુસકે રડે છે અને રાજાને કહે છે, ''હે રાજા ! આજથી તમે આકડાનાં ફૂલ પહેરજો ! વાડીમાં કોઈ જાનવર પેધ્યું પડ્યું છે. તેણે ચંપા-કેવડા અને મરવા-મોગરાનાં વૃક્ષો ઉખાડી નાખીને મારો આખો લીલો બાગ ભેળી નાખ્યો છે. ફૂલ વીણવા ગઈ તો મને પણ ભેટું મારીને પાડી નાખી. ચંપાનું એક વૃક્ષ ઊભું મૂક્યું છે. તેના થડમાં બખોલ બનાવીને સૂવર લપાયો



છે.'' માળણની વાત સાંભળીને રાજા સરદારોને આદેશ આપે છે, ''સરદારો! સરદારો ! ઢીલનું કામ નથી. વીરપુરુષોની વાત આવી છે. ઝટ જઈને તલવારો અને બંદૂખો સજાવો. આપણે સૂવરના શિકારે જઈએ.'' રાજાની આજ્ઞા સાંભળીને કામદાર-કોઠારી, મહેતા-મુત્સદ્દી બધા જ સરદારો છલંગ મારી બેઠા થાય છે, અને પોતપોતાને ઘેર જઈને તલવારો અને બંદૂકો સજાવે છે. ઘોડા સજાવનાર અશ્વપાળ ધાંધલરાજાનો ઘોડો તાણી તાણીને બહાર કાઢે છે. તાણીને તંગ ભીડે છે. ઉલાળિયાં લગામ મોઢામાં ઘાલી ઘોડાને પૂરો સજાવી રાજા પાસે લાવે છે. રાજા ખભા પાછળ ઢાલ અને તલવાર નાખે છે. એક હાથમાં રૂપાની નળીવાળી બંદૂક લે છે, અને બીજા હાથમાં સિંદૂર રંગનો ભાલો લે છે. હાથમાં ઘોડાની વાગ પકડે છે, અને ઘોડા પર છલંગીને સવાર થાય છે. સરદારો શસ્ત્રો સજાવીને રાજા પાસે આવે છે. ગુજણિયાગઢના લોકો હાક પાડવા માટે ભેગા થાય છે. સરદારો, સરદારોમાં સરદારો છે ! લોકો, લોકોમાં લોકો છે ! બધા ગુજણિયાગઢની સીમમાં આવે છે.રાજા સાથે આવેલા લોકો અને સરદારોને કહે છે, ''હે નગરજનો ! સરદારો ! તમે મારા દિલની વાત સાંભળો. આપણે 'હાકો' (કિકિયારીઓ) કરીને સૂવરને ચારે દિશાઓથી વર્તુળ બનાવી (વેંટ પારી) ઘેરી લેવાનો છે. કિકિયારીઓ સાંભળીને જેવો સૂવર બખોલમાંથી બહાર નીકળી આવે ત્યારે કોઈએ તેને મારવાનો નથી કે તેની પાછળ બંદૂકની ગોળી મારી ભડાકો પણ કરવાનો નથી. સૂવર તો મારે જાતે જ મારવાનો છે. હું જાતે સૂવર મારીને મારી રાણીને તેનું માંસ ખવડાવું તો જ હું ગુજણિયાગઢનો રાજા કહેવાઉં ! આ મારી પ્રતિજ્ઞા છે.'' આમ કહીને ધાંધલરાજા ગઢના લોકો અને સરદારોનો સાથ મેળવીને ગાંદરે આવેલી દૂબળા માળીની વાડીને વર્તુળ પાડીને ઘેરી લે છે. સરદારો વર્તુળાકારે હથિયારો ઉગામીને ઊભા છે. ગામના લોકો બખોલમાંથી સૂવર કાઢવા ચારે બાજુથી કિકિયારીઓ પાડે છે. બખોલમાં લપાયેલો સૂવર રાજાને જુએ છે અને વિચારે છે, ''દેખ રાજા, હવે મારા મહાદેવના ખેલ !'' સૂવર ધીમેધીમે બહાર નીકળે છે અને રમતો રમતો રાજાની પાસે જાય છે. રમતા સૂવરને જોઈને રાજા પણ ઘોડો રમાડવા લાગ્યો છે. 'ફૂરકલે' સૂવરે રમત માંડી છે. તે રમતો રમતો ઘડીકમાં રાજાની નજીક જાય છે. તો ઘડીકમાં રમતો રમતો દૂર ચાલ્યો જાય

છે. રાજા મનમાં રાજી થાય છે કે, ‘‘હવે સૂવર ધીમેધીમે ઘાટમાં આવી રહ્યો છે.’’ રાજા સૂવરને મારવા ઘડીકમાં તલવારનો ઝાટકો કરવા જાય છે તો ઘડીકમાં બંદૂકનો ભડાકો. રાજા અને સૂવર રમતે વળ્યા છે.એટલામાં તો સૂવર રમતો રમતો દૂર જાય છે, અને ઝડપથી દોડતો આવીને પૂરી તાકાત સાથે ‘ભેટું’ મારે છે. રાજા ઘોડા સમેત નીચે પડે છે, અને સૂવર વનમાં જવા લાગે છે. ગામના લોકો અને સરદારો વચ્ચે નીચે જમીન પર પડેલો રાજા ઝડપથી ઊભો થાય છે. તે ફરીને હાથમાં બંદૂક અને તલવાર લે છે. ઘોડા ઉપર ચડીને રાજા ગઢ ગુજણિયાના લોકોને પ્રતિજ્ઞા જાહેર કરતાં કહે છે,‘‘ હે નગરજનો ! મારી પાછળ કોઈ આવશો નહીં .જે દિવસે મારા હાથે વનમાં ભાગી જતો સૂવર મરાશે તે જ દિવસે ગુજણિયામાં પગ મૂકીશ. વનમાં ભટકતાં મરી ગયો તો આજથી સૌને ‘નરવડગડ ઝોઆર!’’

ગુજણિયાગઢને છેલ્લા પ્રણામ કરીને ધાંધલરાજા ઘોડાની વાગ ખેંચે છે. વનખંડમાં સૂવર આગળ જાય છે અને રાજા તેની પાછળ. પગલે પગલે સૂવરનો પીછો કરે છે. સૂવર એક ડુંગરેથી બીજે ડુંગરે જાય છે. રાજા ઘોડાને તેની પાછળ દોડાવી મૂકે છે. સૂરજ માથે તપે છે. ભૂખ્યા અને તરસ્યા ઘોડાના મોઢે ફીણ આવે છે. રાજાને સમયનું ભાન રહેતું નથી. અબોલા જીવને તીખા ચાબુક મારીને દોડાવ્યે જાય છે. સૂવરના રૂપે રહેલા મહાદેવને ઘોડાની દયા આવતાં વિચારે છે, ‘‘રાજા તો આમ ને આમ ઘોડાને દોડાવીને મારી નાખશે. મારે હવે કોઈ કળા કરવી પડશે.’’ આમ વિચારીને સૂવર મોરનું સ્મરણ કરે છે. મોર પ્રગટ થાય છે. સૂવર મોર ઉપર ઊભો રહે છે.મોર ઊડવા લાગે છે. સૂવરના રૂપે રહેલા મહાદેવ મોર સાથે વનરાવનમાં પોતાના દેવળમાં જઈને અદશ્ય થાય છે. રાજા એક ડુંગરેથી બીજા ડુંગરે ભટકે છે, પણ તેને સૂવરનાં પગલાં દેખાતાં નથી. વનમાં ભટકીને તરસ્યો થયેલો રાજા દૂર એક મોટા ઘેઘૂર વડલાની છાયા જુએ છે. તે ઘોડાને લઈને વડલાની છાયાએ આવે છે. થાકેલા ઘોડાને વડની વડવાઈએ બાંધે છે. થડે રૂપનળી બંદૂક ઊભી કરે છે. રાજા શરીર ઉપરથી ઢાલ-તલવાર નીચે મૂકીને વડની છાયામાં વિશ્રામ કરતો કરતો વિચારે છે, ‘‘સૂવર આટલામાં ક્યાંક સંતાયો લાગે છે.’’ સૂવરને માર્યા વિના તેને ચેન નથી. તે ફરીને સૂવરનાં પગલાં શોધવા ઊભો થાય છે. પગલાં



શોધતો શોધતો વનમાં આવેલા મહાદેવના દેવળે આવી પહોંચે છે. દેવળે આવ્યા પછી રાજાનું મન બદલાઈ જાય છે. તે સૂવરને ભૂલી જાય છે, અને પાસેના બીલીના વૃક્ષથી લીલાં પાન તોડીને શિવજી ઉપર ચડાવવા બેસી જાય છે. ધીમેધીમે તેનું મન મહાદેવની સેવામાં પ્રવૃત્ત થાય છે. તે રાતદિવસ મહાદેવના લિંગ ઉપર બીલીનાં પાન ચડાવે છે અને મહાદેવની ઉપાસનામાં લીન બને છે. મહાદેવમાં જ ધ્યાનમગ્ન બનેલો રાજા વડની વડવાઈએ બાંધેલા ઘોડાને વિસરી જાય છે, અને ઘોડો ભૂખ્યો અને તરસ્યો વડની છાયામાં મરી જાય છે. બંદૂકને ઉધેઈ ખાઈ જાય છે.

દિવસો ગણતાં ગણતાં મહિના થવા લાગ્યા, અને રાજાને મહાદેવની સેવા કરતાં બાર વરસ પૂરાં થવા આવ્યાં છે. રાજા વિચારે છે, ‘‘મહાદેવ મને દર્શન આપી મારી સાથે વાતો કરે તો જ હું અહીંથી જાઉં.’’ મહાદેવજી વિચારે છે, ‘‘મનસા માળણની વાડીનાં પહેલાં ફૂલોનો હાર મારા પહેલાં પહેરવામાં શૂરો બન્યો હતો તે તું જ ધાંધલરાજા છે ! તું મારા ઘાટમાં ખરો આવ્યો !’’ આમ ધાંધલરાજા અને મહાદેવજી સામસામે હઠે ભરાયા છે. રાજાને મહાદેવજીની ઉપાસના કરતાં કરતાં બાર વરસ પૂરાં થયાં છતાં મહાદેવજી નથી તો પ્રગટ થતા કે નથી તો બોલતા.

એક દિવસનો ‘સમાજોગ’ આવ્યો અને ‘સમાજોગ’નો મહાજોગ આવ્યો. કાળો કીર (ભીલ જાતિના એક ગોત્રનું નામ) ખભે, ધારદાર કુહાડી મૂકી વનમાં જાય છે. તે ‘અગેળ’(હિંગોળી નામનું જંગલી વૃક્ષ, જેનાં છાંડાં પાણીમાં નાખવાથી માછલાં મૂર્ચ્છિત થઈને ઉપર આવે છે)નાં છાંડાં પાડી ઝીણાં કૂટીને નદી કિનારે જાય છે. નદીમાં છાંડાં નાખે છે. છાંડાંવાળું પાણી પેટમાં જવાના કારણે માછલાંને ઝેર ચડે છે અને તરફડતાં તરફડતાં પાણી ઉપર આવે છે. કાળો કીર હાથથી વીણી વીણીને માછલાંનો ટોપલો ભરે છે. ટોપલો માથે મૂકીને મારગે જવા લાગે છે. રસ્તામાં મહાદેવનું દેવળ આવે છે. કાળો કીર વિચારે છે, ‘‘આ માછલાં મહાદેવને ચડાવ્યા વિના ખાઈશ તો તેઓ રિસાઈ જશે અને તેમની કૃપા વિના આટલાં બધાં માછલાં કોઈ દિવસ મળશે નહીં.’’ મંદિરમાં આવીને ટોપલો નીચે મૂકે છે અને બહારથી એક પથરો લાવે છે. ટોપલામાંથી એક ખોબો માછલાં લે છે. મહાદેવની ‘મૂડી’ (લિંગનું થાળું)



ઉપર આ માછલાં મૂકી ઝીણાંઝીણાં કૂટે છે અને મરચાંની માફક લસોટે છે. દેવળમાં લોહીના છાંટા ઊડે છે, અને મહાદેવ ઘૃણાથી રીસે ભરાય છે. કાળો કીર વાટેલાં માછલાંનો ખોબો ભરીને મહાદેવજીના લિંગ ઉપર ચડાવવા જતાં બોલે છે, "મારા ભગવાન ! અમે ખાઈએ તે તને ચડાવીએ ! જે દેહને તે દેવને ! આપોઆપ આ માછલાંનો હોમ લેજો. કાળો કીર આ માછલાં જેવો લિંગ ઉપર મૂકવા જાય કે તરત જ મહાદેવજી પ્રગટ થઈને બોલે છે, "હે કાળા કીર ! તું કઈ આશાએ મને માછલાં ચડાવે છે?" કાળો કીર કહે છે, "બાવજી ! મારે એક પણ દીકરો નથી." શિવજી બોલે છે, "જા, અલ્યા કાળા કીર ! તેં મારી આ 'મૂડી' ઉપર જેટલાં માછલાં માર્યાં એટલા તારે દીકરા થશે. તારી આશા પૂરી થશે. હું તને ભવોભવ પ્રસન્ન થયો છું.તું ખાજેપીજે અને માયા માંડજે ." આમ બોલીને મહાદેવ અંતરધ્યાન થાય છે.

રાજા દેવળમાં બેઠોબેઠો શિવ અને કાળા કીરનો આ ખેલ જોયા કરે છે અને વિચારે છે, "વાહ રે મહાદેવ ! તારી કળાને ધન્ય છે ! હું બાર વરસ ભૂખ્યો અને તરસ્યો આ દેવળમાં બેસી રહીને લીલાં પાન તોડીતોડીને તારા ઉપર ઢગલા કરીકરીને થાક્યો, પણ તું મને એક અક્ષર પણ બોલ્યો નહીં, અને પેલા કાળા કીરે તારા દેવળમાં માછલાં મારીને તને લોહી છાંટ્યું તેને એક ઘડીમાં પ્રસન્ન થઈને ખોબો ભરીને દીકરા આપ્યા. મેં એવા તારા કયા ગુના કર્યા છે કે, તું મોઢે બોલતો નથી?" રાજા શિવજી ઉપર ગુસ્સે થાય છે અને વિચારે છે , "આ શિવ મારા જીવનો ભૂખ્યો થયો છે. ઊભો રહે હું તને મારું માથું ચડાવું છું."રાજા હાથમાં કટાર લઈને ગળા ઉપર મૂકી બોલે છે, "હે મહાદેવ ! તને મારું માથું ચડાવું (કમળપૂજા) છું ! શિવજી, તને માનવહત્યાનું પાપ લાગશે !" આમ કહીને ધાંધલરાજા ગળે કટાર મૂકી જેવો મરવાની તૈયારી કરે છે, એવા જ મહાદેવજી પ્રગટ થાય છે. તેઓ કહે છે, "હે રાજા ! તારે મરવાનું કોઈ કારણ નથી. તારા મોઢે માગેલું આખું રાજ્ય આપું છું." રાજા કહે છે, "જન્મદાતા ! તું મને મરવા દેજે. આજે મારે જીવવાને જોગ નથી !" શિવ કહે છે, "રાજા, હું મહાદેવ, તને હું કહું છું કે, માગે તે આપું. પણ મારા દેવળમાં તું મરવાની વાત છોડી દે." "દેવ, મને સતવચન આપો તો જ માનું !" મહાદેવ રાજાને સતવચન આપે છે. રાજા કહે છે, "હે મહાદેવ!



મને સુંદર કન્યા પરણાવ!'' મહાદેવજી રાજાની વાત સાંભળીને વિચારમાં પડી જાય છે, અને પછી કહે છે, ''રાજા, સોનુંચાંદી, માણેકમોતી, હાથીઘોડા, લાવલશ્કર, ગમે તે માગ પણ કન્યા પરણાવાની વાત છોડી દે. મારે કોઈ કન્યા જ નથી પછી તને કન્યા ક્યાંથી પરણાવું?'' રાજા કહે છે, ''તો વચન હારી જા. હું તારા દેવળમાંથી અત્યારે જ ચાલ્યો જાઉં છું. બારબાર વરસ તારા દેવળમાં પૂજા કરતાં થઈ ગયાં. હવે મારે ઘેર રાણી પણ નહીં રહી હોય.'' મહાદેવ મનમાં વિચાર કરે છે, ''રાજાએ તો વચનમાં બાંધી મારા ઉપર મોટો ભાર નાખ્યો. પણ એક રીતે જોતાં રાજાની વાત સાચી છે. રાજા સૂવરની પાછળ આવ્યો છે. તેને દેશ છોડે બાર વરસ થઈ ગયાં છે. ખરેખર તો તે મારી પાછળ આવ્યો છે, અને બાર વરસ સુધી મારું જ ધ્યાન ધર્યું છે. મારે તેના માટે કંઈક કરવું તો પડશે જ.'' આમ વિચારીને મહાદેવજી ધાંધલરાજાને કહે છે, ''રાજા, કન્યા પરણવાની એક યુક્તિ બતાવું છું. આ સામે સરોવર દેખાય છે, ત્યાં જા. સરોવરની પાળ ઉપર ખાડો ખોદી 'ઑંદી' (ખાડા ઉપર ઘાસ પાંદડાં ઢાંકીને છુપાવાની જગ્યા) ઘાલી આવ.'' રાજા મહાદેવના આદેશથી સરોવરની પાળે ખાડો ખોદી ઑંદી ઘાલીને પાછો આવે છે. રાજાને પાછો આવેલો જોઈને શિવજી આગળ વાત કરે છે, ''રાજા, મધ્યરાત્રિ થશે ત્યારે સ્વર્ગની આંબાવાડીમાંથી ભગવાનના ઘરની દેવકન્યાઓ (પરીઓ, અપ્સરાઓ, દેવીઓ) સામેના સરોવરમાં સ્નાન કરવા માટે આવશે. દેવકન્યાઓ પોતાનાં બધાં જ કપડાં કાઢીને સરોવરમાં નહાવા પડશે. કન્યાઓ નહાવામાં મશગૂલ હશે ત્યારે તું લપાતો લપાતો આભૂષણોના ઢગલા પાસે જજે. તેઓને ખબર પડે નહીં એ રીતે બધાં જ વસ્ત્રો બાથમાં ભરીને ઝડપથી દોડીને મારા મંદિરમાં દાખલ થઈ જઈશ, તો બચી જઈશ. પણ જો અપ્સરાઓ તને વાટમાં જ પકડી પાડશે તો ત્યાં જ ફાડી ખાશે.'' મહાદેવજીની વાત સાંભળીને રાજા વિચારે છે, ''મહાદેવજીની વાત તો સાચી છે. પણ દેવીઓ મને વાટમાં જ પકડી પાડશે તો મારી શી ગત થશે?પણ ચાલ, જે થાય તે ખરું!''

મધ્યરાત્રિ થવા આવી છે અને ધાંધલરાજા સરોવરની પાળે જઈને 'ઑંદી'માં બેસે છે. થોડીવાર થાય છે અને આસમાનમાં 'ધધમાટો' (અવાજ)



થવા લાગ્યો છે. સ્વર્ગની ‘કૂરજલિયો’(હંસ જેવું એક પક્ષી)ના વેશે નવલાખ દેવીઓ આવવા લાગી છે. પાંખે પર્વતો ઊડવા લાગ્યા છે અને તેઓ સરોવરની પાળે ધખોધખ પડવા લાગી છે. તેઓ કૂરજલિયોમાંથી ઘણી જ રૂપાળી કન્યાઓ બની જાય છે. રાજા ઑંદીમાં બેઠોબેઠો દેવીઓની આ બધી કળા જોઈ રહ્યો છે. અપ્સરાઓ બધા જ શણગાર અને વસ્ત્રો ઉતારી પાળ ઉપર ઢગલો કરે છે અને સરોવરમાં ધખોધખ પડીને નહાવા લાગે છે. તેઓ અંદરોઅંદર ‘સીરકલિયો’(ચકલીઓ)ના દાવ રમવા લાગે છે.દેવીઓ ‘ડોળા ઘાલી’ (જુદાંજુદાં જળચર પક્ષીઓનું રૂપ ધરીને એક બીજાને પકડવાની રમત રમવી)ને રમે છે. તેઓ આનંદથી કિલકારીઓ પાડે છે અને રમવામાં મશગૂલ બની જાય છે. આવા સમયે રાજા ધાંધલ પેટે ઘસડાતો ઑંદીમાંથી બહાર નીકળે છે, અને લપાતો લપાતો કપડાંના ઢગલા પાસે આવે છે. તે વસ્ત્રોને બાથમાં ઘાલીને ઝડપથી દોડવા લાગે છે, અને મહાદેવજીના દેવળ તરફ આગળ વધે છે. એટલામાં તો અપ્સરાઓને ખબર પડી જાય છે અને સરોવરમાંથી બહાર નીકળીને નગ્નાવસ્થામાં જ રાજાના પગલે પગલે દોડવા લાગે છે.

જેવો રાજા દેવળમાં દાખલ થાય છે તેવા જ મહાદેવજી પરીઓનાં કપડાં એક ખૂણામાં મુકાવી તેને માખી બનાવીને દેવળની દીવાલે ચોંટાડી દે છે. નાગીપૂંગી નવલાખ દેવીઓ દેવળને ચારે બાજુથી ઘેરી લે છે. દેવળની નજીક આવે છે ત્યારે તેઓ મહાદેવને કહે છે, “હે શિવજી ! તમે અમારો ચોર સંતાડ્યો છે. તમે તેને બહાર કાઢો.” શિવ કહે છે, “ હે દેવીઓ ! મેં ચોરને જોયો નથી.” કન્યાઓ કહે છે, “એ વાત તો સાવ ખોટી. ચોર તમારા દેવળમાં જ છુપાયો છે. તેનાં પગલાં અહીં જ પૂરાં થાય છે. ચોર નહીં આપો તો તમે પોતે અમારા ચોર થાઓ અને અમારાં કપડાં પાછાં આપો.” અપ્સરાઓ અને મહાદેવજી હઠે ભરાયાં છે. છેવટે શિવજી કહે છે, “કન્યાઓ, વચન આપો તો હું તમારો ચોર બતાવું !” દેવકન્યાઓ શિવજીને વચન આપે છે. હવે શિવ મીણની માખીનું સ્વરૂપ બદલાવીને રાજાને પ્રગટ કરે છે અને દેવકન્યાઓને કહે છે, “આ તમારા વસ્ત્રોના ચોરને તો પરણવું છે. તેની પસંદગી જે કન્યા ઉપર ઊતરે તેને તમે બધી ભેગી થઈને પરણાવો.” શિવના આદેશથી રાજા અપ્સરાઓના બધા શણગાર આપે છે, અને તેઓ શણગારને



ધારણ કરે છે.

વસ્ત્રોમાં સુંદર લાગતી દેવીઓ મહાદેવજીની પાસે આવીને કહે છે, ‘‘શિવજી, તમે અમને ખરી સાંકડે લીધી !’’ શિવજી કહે છે, ‘‘દેવીઓ, તમે જેમ મારા વચનમાં બંધાઈ છો તેમ હું પણ મારા આ સેવકના વચનમાં બંધાયો છું. હવે તમે મને વચનમાંથી મુક્ત કરો. તમે તો બધી કુંવારી કન્યાઓ છો. તમારામાંથી એકને તો પતિ મળશે જ! પછી તમારે દુઃખી થવાનું શું કારણ છે?’’

શિવજીનાં વચન સાંભળીને બધી દેવીઓ દેવળની પાછળ જાય છે. તેઓ અંદરોઅંદર ચર્ચા કરે છે. ત્યારે પછી બધી કન્યાઓ રૂપ બદલે છે. જેઓ કદરૂપી હતી તેઓ રૂપાળી બની જાય છે, અને રૂપાળી કન્યાઓ કદરૂપી બની જાય છે. કોઈ કન્યાના દેહ ઉપર પરુ નીતરે છે તો કોઈના શરીરે ગૂમડાં ફૂટી નીકળે છે. કોઈને મોટા દાંત મોઢાની બહાર નીકળી આવે છે, તો કોઈને મોટામોટા કાન ફૂટી નીકળે છે. રૂપાળી અને કદરૂપી કન્યાઓ શિવજીની સામે આવીને એક પંક્તિમાં ઊભી રહે છે.

મહાદેવ રાજાને શિખામણ દે છે, ‘‘રાજા, આ જે કન્યાઓ ઊભી છે તેમાંથી તું રૂપાળી જોઈને પસંદ કરીશ નહીં. પરંતુ, જે સૌથી કદરૂપી કન્યા હોય તેને પસંદ કરજે. પસંદગીના રૂપમાં પ્રથમ સ્પર્શ કરીશ તે કન્યા તારી પત્ની બનશે.’’ રાજા એક જ પંક્તિમાં ઊભી રહેલી રૂપાળી અને કદરૂપી કન્યાઓ જોતો જોતો જાય છે, અને વિચારે છે, ‘‘રૂપાળી કન્યાને મૂકીને કદરૂપી કન્યાને કોણ પસંદ કરે ?’’ રાજા સુંદર કન્યાના રૂપથી મોહિત થઈને જેવો પસંદ કરવા હાથ લંબાવે છે તેવા જ મહાદેવજી મચ્છરનું રૂપ લઈને રાજાના કાનમાં ગણગણાટ કરે છે. આથી રાજાનો હાથ સુંદર કન્યાને સ્પર્શવાને બદલે કાન તરફ જાય છે, અને તે બીજી કન્યા તરફ આગળ નીકળી જાય છે. આમ કરતાં કરતાં રાજા એક અત્યન્ત કદરૂપી કન્યા પાસે આવીને ઊભો રહે છે. તે હાથ લંબાવીને કદરૂપી કન્યાને પસંદ કરે છે. જેવો રાજા કદરૂપી કન્યાને હાથથી સ્પર્શે છે કે તરત જ કદરૂપી કન્યા રૂપરૂપનો અંબાર થઈ જાય છે.

શિવજીના મંદિરે બધી કન્યાઓ ઊભી ઊભી આંસુ સારે છે અને અંદરોઅંદર વાતો કરે છે, ‘‘આપણા સમૂહનું રૂપ તો હીરાપથ હતી. આપણો



સરખી સાહેલીઓનો સાથ લૂંટાયો.'' શિવજી આંસુ સારી રહેલી દેવકન્યાઓને આશ્વાસન આપતાં કહે છે, ''હે દેવીઓ ! જેવું આ રાજા સાથે હીરાપથનું ઋણાનુબંધ ! જેવા વિધાતાના લેખ ! તેમાં તમારો કે મારો શો દોષ ? હવે તો આ કન્યાને રાજા સાથે પરણાવ્યે જ છૂટકો. તમે બધી ઝટઝટ હીરાપથને પરણાવવાની તૈયારી કરો.'' સ્ત્રીઓનો જીવ; ઘડીકમાં રડે અને ઘડીકમાં હસે. કન્યાઓ તો ફરીને હસતે મોઢે થઈ ગઈ. તેઓ હીરાપથને પરણાવવાની તૈયારી કરવા લાગી.

મહાદેવજીએ વનમાં લગ્નમંડપની રચના કરી.નવલાખ દેવીઓના બે પક્ષ પડી ગયા. અડધી કન્યાઓ જાનમાં રહી અને અડધી કન્યાઓ કન્યાપક્ષે રહીને લગ્નમંડપમાં ગઈ. બંને પક્ષે લગ્નગીતોની રમઝટ ઊડવા લાગી. રાતમાં મહાદેવજી હીરાપથ પરી અને ધાંધલરાજાને પરણાવવા લાગ્યા. વર અને કન્યા ચૉરી ફરવા લાગ્યાં. ફેરા ફરતાં ફરતાં હીરાપથ કન્યા ઊભી રહી અને નવલાખ દેવીઓને કહેવા લાગી, ''બાઈઓ, તમે તો બધી સમૂહમાં સાથે છો. પણ મને એકલીને તમે જુદી પાડી. મેં આ રાજાનો નથી તો દેશ જોયો કે નથી તો તેની જમીન જોઈ. તમે બધી ભેગી થઈને મને પકડીને તેને આપી દીધી.' આમ બોલીને તે ચૉરીમાં ઊભીઊભી આંસુ સારવા લાગી છે. દેવીઓ તેને આશ્વાસન આપવા કહેવા લાગી છે, ''બાઈ, ભલે અત્યારે આંબાવાડીમાં જઈએ છીએ પણ અમે તારી ભેગી જ છીએ. લે, આ તને કન્યાદાનમાં એક ઝાંઝર આપીએ છીએ. જયારે ભીડ પડે ત્યારે આ ઝાંઝરને ગૂગળનો હોમ કરીને ખખડાવજે. અવાજ સ્વર્ગની આંબાવાડીમાં સંભળાશે, અને અમે-નવલાખ દેવીઓ, તને આવીને મળીશું. તારી ભીડ અવશ્ય દૂર કરીશું.આપણે તો સાથે ને સાથે છીએ. હવે તું સુખેથી ચૉરીના ફેરા પૂરા કર.'' હીરાપથદેવી અને ધાંધલ રાજા મહાદેવજીની અને નવલાખ દેવીઓની સાક્ષીએ ફેરા ફરીને પરણે છે. લગ્ન પૂરું થયા પછી નવલાખ દેવીઓ સ્વર્ગની આંબાવાડીમાં જવા લાગી છે.

મહાદેવજી રાજાને પૂછે છે, ''રાજા, બાર વરસ પહેલાં આ વનમાં શા માટે આવ્યો હતો ? તારા દિલની વાત કર.'' રાજાને હવે ઘણા વરસે સૂવરની યાદ આવે છે. તે મહાદેવજીને કહે છે, ''હું તો આ વનમાં ભાગી છૂટેલા



સૂવરને મારવા માટે આવ્યો હતો. સૂવરે માળીનો લીલો બાગ ભેળી નાખ્યો હતો. આથી સૂવરના પગલે ને પગલે તેની પાછળ આ વનમાં આવ્યો હતો. સૂવર મને છેતરીને ક્યાંક ભાગી ગયો, અને હું તમારા દેવળમાં આવી ચડ્યો.'' રાજા અને શિવજી વડલા નીચે આવે છે. રાજાને ઘોડાની યાદ આવે છે. વડલાની નીચે જુએ છે તો મરેલા ઘોડાનાં હાડકાં નજરે પડે છે. રાજા થડ સામે જુએ છે તો ઉધેઈ ખાઈ ગયેલી બંદૂકની નળી નજરે પડે છે. રાજા ઘોડાનાં હાડકાં વીણીને ભેગાં કરે છે. મહાદેવજી હાડકાં ઉપર 'અમીનો કૂંપો' અને 'કણિયોરની કાંબ' નાખે છે. કાળિયો રેવત હણહણવા લાગ્યો છે. વડલાના થડ પાસે રૂપનળી બંદૂક નજરે પડે છે. તેના ઉપર સૂર્ય પ્રકાશ પડે છે. તેમાંથી તેજ લીસોટા ઊઠે છે, અને રાજાની આંખો મીંચાઈ જાય છે. તે બંદૂક હાથમાં લે છે, અને જોવા લાગે છે, ''અરે! આ તો મારી હતી એ જ બંદૂક છે !'' રાજા બંદૂક હાથમાં પકડીને ઘોડા ઉપર સવાર થાય છે અને જેવી ઘોડાની લગામ પકડે છે કે તરત જ તેની સામે સૂવર દેખાય છે. તે બંદૂકની ગોળી છોડે છે. એક મોટા ધડાકા સાથે સૂવર નીચે પડીને મરી જાય છે. મહાદેવજી ધાંધલ રાજાને કહે છે, ''રાજા, તું સૂવર મારવાની પ્રતિજ્ઞા કરીને આ વનમાં આવ્યો હતો. તારી એ પ્રતિજ્ઞા પૂરી થઈ છે. સૂવર અને નવી રાણીને લઈને તારા દેશમાં જા. નવી રાણીને તું સદા ક્ષેમકુશળ રાખજે. તેને દુઃખ દઈશ નહીં.'' ત્યાર પછી મહાદેવજી હીરાપથને શિખામણ દે છે, ''હે બાઈ ! તું દિલમાં દુઃખ લાવીશ નહીં. તારે જેવું જોઈએ તેવું તને મળ્યું છે. આ તો ગુજણિયાગઢનો ધાંધલરાજા છે. તેને રાજ્ય છે; વાદળમહેલ છે; જમીન છે; લાવલશ્કર છે. તારે કોઈ પણ વાતની ખામી નથી. તું ખાજેપીજે અને માયા માંડજે.''

રાજા અને રાણી મહાદેવજીને નમસ્કાર કરીને ઘોડા પર સવાર થાય છે. રાજા સૂવરને ઘોડાની પાછળ મૂકે છે. ઘોડાની લગામ ખેંચે છે. રાજા અને રાણી એક વન મૂકી બીજા વનમાં જાય છે. આમ ને આમ તેઓ ગુજણિયાગઢની સીમમાં આવી પહોંચે છે. ધાંધલરાજા હીરાપથરાણીને પોતાના રાજ્યની સીમા બતાવે છે. તેઓ વાતો કરતાં કરતાં આગળ વધે છે. રાણી રાજાને પ્રશ્ન કરે છે, ''રાજા, તારે રાણીઓ કેટલી છે?'' મારે તો એક જ રાણી હતી. પણ એ વાતને તો બારબાર વરસ થઈ ગયાં.'' રાણી રાજાને ઘોડો ઊભો રખાવે છે



અને કહે છે, ‘‘રાજા, હું શોકના મહેલે નહીં આવું. મારે શોકનાં મહેણાં નથી ખાવાં. હું નવી રાણી તો મારે મહેલ નવો જ જોઈએ. મને નવો મહેલ કરાવી આપ.’’ રાણી હવે ગુજણિયાગઢને ગાંદરે આવીને ઊભી રહે છે. રાજા તેને સમજાવતાં કહે છે, ‘‘રાણી, મારા સાતમાળિયા વાદળમહેલે ચાલ. પેલો આપણો મહેલ દેખાય, ત્યાં આપણી સેવા કરવા માટે અનેક દાસ-દાસીઓ છે. આપણા વાદળમહેલમાં ખાજેપીજે અને માયા માંડજે.’’ રાણીને સમજાવતાં આગળ કહે છે, ‘‘આપણે હવા ખાવા માટેના બાગબગીચા છે; નહાવા માટે સોવન કુંડીઓ છે; દાસીઓ તને રોજ નવડાવશે.’’ હઠે ભરાયેલી રાણી રાજાના અનેક પ્રયત્નો કરવા છતાં માનતી નથી. રાજા વિચારે છે, ‘‘નવી રાણીને વધારે બોલું તો આકરું લાગે. વળી પાછી રિસાઈ જાય. આમ પણ હઠે તો ચઢી જ છે.’’ આમ ને આમ રાણીને મનાવતાં રાત પડી જાય છે. રાજા અને રાણી ગઢને ગાંદરે રાતવાસો રહે છે.

મધ્યરાત્રિ થઈ છે. રાજા ભરનિદ્રામાં પડેલો છે. હીરાપથ બેઠી થાય છે અને દેવીઓએ આપેલું ઝાંઝર બહાર કાઢીને તેને ગૂગળનો હોમ કરે છે. હોમ કરીને ઝાંઝર ખખડાવવા લાગે છે. આંબાવાડીમાં રહેલી નવલાખ દેવીઓના કાને ઝાંઝરનો અવાજ આવે છે. અંબાદેવી કહે છે, ‘‘દેવીઓ, મારી વાત સાંભળો. ગુજણિયાગઢમાં હીરપથને અત્યારે અડધી રાતે ભીડ પડી છે.’’ અંબાદેવીના કહેવાથી નવલાખ દેવીઓ ભેગી થાય છે.તેઓ મોટીમોટી ચાંચો કરે છે, અને મોટીમોટી પાંખો કરે છે. દેવીઓ કૂરજલિયોનો વેશ લઈને સ્વર્ગમાંથી પવનની સાથેસાથે આવે છે. સ્વર્ગને માથે ‘ધધમાટો’ ઊડે છે અને તેમની પાંખે પર્વતો ઊડવા લાગ્યા છે. તેઓ ગુજણિયાના ગાંદરે આવીને ધખોધખ નીચે પડે છે. કૂરજલિયોનો વેશ બદલીને દેવીઓ હીરાપથને મળવા લાગી છે. અંબાદેવી હીરાપથને પૂછવા લાગી છે, ‘‘બાઈ, અડધી રાતે એવી કઈ ભીડ પડી? તારા દુઃખનું નામ ધર.’’ હીરાપથ કહે છે, ‘‘તમે તો સરખે સરખી સાથે સ્વર્ગમાં ફરો છો અને અને મજા કરો છો. પણ મને તો અજાણ્યા રાજાને પકડીને આપી દીધી. આ રાજાને તો વળી બીજી એક રાણી છે. મારે શોકના મહેલે નથી જવું. મને આજની રાતમાં જ એક નવો મહેલ બનાવી આપો.’’ અંબાદેવી કહે છે, ‘‘પ્રભાત થતાંમાં તો તારા માટે એક નવો મહેલ



કરી દઈએ છીએ. તારે શોક્ના મહેલે જઈને દુઃખ પામવાનું કોઈ કારણ નથી.''

નવલાખ દેવીઓ રાજાની આંખો ઉપર સવામણની ઊંઘ મૂકે છે. ત્યાર પછી બધી દેવીઓ ભેગી મળીને બત્રીસ ઘાટનો સાતમાળનો મહેલ બનાવે છે. મહેલમાં રાજારાણીને હીંચવા માટે સોનાના હિંડોળાખાટની રચના કરે છે. મહેલની નજીકમાં એક સુંદર બાગની રચના કરે છે. તેની વચ્ચે એક સરોવર બનાવે છે. નવા રચેલા બાગમાંથી ચંપા, કેવડા, મરવા અને મોગરાની સુવાસ આવવા લાગી છે.રાજા અને રાણીને નહાવા માટે સોવન કુંડીઓની રચના કરવામાં આવી છે. આમ પ્રભાત થતાંમાં તો દેવીઓએ એક નવું નગર વસાવી દીધું છે. હવે પીળિયાં પ્રભાત થવાની તૈયારી છે. દેવીઓ હીરાપથને કહે છે, ''અમે રાજાને તને એકલીને આપી છે એમ તું માને છે પણ એવું નથી. આપણે સાથે જ છીએ. જ્યારે ભીડ પડે ત્યારે અમને ફરીને યાદ કરજે. તું ગુજણિયાગઢમાં રહીને ખાજેપીજે અને માયા માંડજે.'' પરોઢે દેવીઓ વેરાવા લાગી છે અને ફરીને આંબાવાડીમાં આવવા લાગી છે.

પીળાં પ્રભાત થવા લાગ્યાં છે. વૃક્ષે પક્ષીઓ બોલવા લાગ્યાં છે. ગઢને ગાંદરે ગુજણિયાના લોકો ભેગા થવા લાગ્યા છે. લોકો મહેલ અને બાગ જોઈને નવાઈ પામીને કહે છે, ''આપણા ગાંદરે તો મહેલ, મહેલમાં મહેલ છે ! આ એક જ રાતમાં આટલા બધા મોટા મહેલ કયાંથી ઊભા થયા? રાતોરાત લીલો બાગ લચી પડ્યો છે. બાગમાં કાળી પાંખોની કોયલો બોલે છે.''

સૂર્ય ઊગે છે અને ધાંધલરાજા આંખો ચોળતો બેઠો થાય છે. નવાઈ પામીને જુએ છે તો અહીં આ રૂપરૂપના ઢગલા થઈ ગયા છે. સૂતો હતો ત્યારે તો ફક્ત જમીન જ હતી. રાજા નવાઈ પામતો મનમાં વિચારે છે, ''હું સાતમાળના મહેલમાંથી કઈ રીતે જાગ્યો ?'' રાજાને મહેલમાં સોનાનો ખાટહિંડોળો નજરે પડે છે. બાગમાં નાહવાની સોવન કુંડીઓ નજરે પડે છે. રાજા વિચારે છે, ''અરે ! રાતોરાત આ કઈ નવી કળા થઈ ગઈ છે ?'' રાજાને નવલાખ દેવીઓની યાદ આવે છે.

ધાંધલરાજા અને હીરાપથરાણી સાતમાળિયા મહેલમાં ખાય છે, પીએ છે અને મજા કરે છે. એક દિવસ હીરાપથરાણી ધાંધલરાજાને કહે છે, ''રાજા, તારે જૂની રાણીના મહેલે જવું હોય તો ભલે જજે. પણ જૂની રાણી મારા



પરિચય વિશે પૂછે તો મારો સાચો પરિચય આપતો નહીં. હું ભગવાનના દરબારની હીરાપથ પરીને પરણીને લાવ્યો છું, એમ રખે કહેતો. ગુજણિયાગઢના લોકો પૂછે તો પણ મારી સાચી ઓળખાણ આપતો નહીં. જે દિવસે તું મારો સાચો પરિચય આપીશ તે દિવસથી તારા અને મારા સંબંધો પૂરા થશે. હું તને છોડીને કાયમ માટે ઊડી જઈશ! મારાં આટલાં વચન સદાય ધ્યાનમાં રાખજે.'' ધાંધલરાજા નવી રાણીને તેનો સાચો પરિચય કોઈને પણ નહીં આપવાનું વચન આપે છે.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ'નો મહાજોગ આવ્યો. રાણી ચડતે દિવસે થયાં. દિવસો ગણતાં મહિના થયા. રાણીને નવ માસ અને નવ દિવસ થયા. રાણીને 'હીળાં હીળાં' પેટ દુઃખવા લાગે છે. તે દાસીઓને કહે છે, ''તમે પારસ પીપળાવાળી ડોશી(દાયણ)ને બોલાવો, વિલંબ કરો નહીં.'' રાણીના બોલવાની સાથે તો લાલી અને ફૂલી, રેમલી અને તેમલી, એકને કહેતાં તો પંદર દાસીઓ આવે છે, અને રાણીને કહે છે, ''રાણી, અમે દાયણનું ઘર જોયું નથી. અમે કઈ બાજુ જઈએ ?'' હીરાપથ કહે છે, ''તમે ઉગમણી પોળોમાં જજો. ડોશીના ઘર પાસે પારસ પીપળો છે. આંગણે દર્પણ ઝડેલાં છે. વાડે નાગરવેલ વીંટળાઈને પડી છે.'' દાસીઓ રાણીની આપેલી નિશાની પ્રમાણે ખોળા વાળીને દોડે છે, અને દાયણના ઘેર આવે છે. આંગણે આવીને કહે છે, ''હે મા ! તું સૂઈ ગઈ હોય તો ઝટ બેઠી થા અને જાગતી હોય તો બહાર આવ.'' ડોશી કહે છે, ''એટલું બધું ઉતાવળનું શું કામ પડ્યું છે ?'' દાસીઓ કહે છે, ''રાણીનું પેટ દુઃખે છે. તે એક ઈસથી બીજી ઈસે આળોટે છે. ઢીલ કરવા જેવી નથી.'' દાસીઓની વાત સાંભળીને ડોશી પગમાં પગરખાં પહેરે છે. હાથમાં કમળલાકડી લઈને આગળ થાય છે ; ડોશી લાકડીના 'ખટુકરે' 'ધરમર ધરમર' વાદળમહેલ ચડે છે; મહેલમાં આવીને વાટકીમાં તેલ લે છે. રાણીનાં 'હીળાં હીળાં' પેટ ચોળે છે. ડોશી પેટ ઉપર આડુંઅવળું જુએ છે. રાણીને તો જીવ જાય છે, અને આવે છે. તે દુઃખથી બૂમો પાડે છે. હીરાપથ પરીને કુંવર જન્મે છે. મહેલમાં સોનાના થાળ વાગે છે. 'હોરમાં' (સુહાવનાં) વાજાં વાગે છે. ગુજણિયાના હાટે મશરૂ (ઝીણી) ખાંડ વહેંચાય છે. બજારમાં વહેંચાય છે ખારેક અને ટોપરાં. કુંવરનું નામ પાબુજી ધરવામાં



આવે છે.

ધાંધલરાજાના કુંવર પાબુજી સોનાના પારણિયે અને હીરની દોરીથી હીંચકા ખાય છે. તે દિવસરાત મોટો થાય છે. ભોંખડિયે ખેંચાય છે. ધીમેધીમે કુંવર ''થેઈ થેઈ' કરતો પગલિયો પાડતો શેરીબજારે રમતો થાય છે.

હીરાપથ રાણીને ફરીને 'હીળાં હીળાં' પેટ દુઃખે છે. વાદળમહેલમાં ફરીને સોનાના થાળ વાગે છે અને 'હોરમાં વાજાં' વાગે છે. પાબુજી પાછળ બીજો કુંવર જન્મે છે. કુંવરનું નામ ધરાવે છે, ચાંદોજી. રાજમહેલમાં બે ભાઈની રૂડી જોડી થાય છે. ચાંદોજી સોનાના પારણે હીરની દોરીથી હીંચે છે, અને મોટો થાય છે. આ પછી હીરાપથ રાણીને બે કુંવરીઓ જન્મે છે. એકનું નામ દેવોલ અને બીજી કુંવરીનું નામ તેમા છે. ધાંધલરાજાના મહેલમાં ચાર ભાઈ-બહેનની જોડી થઈ છે. બધાં ભાઈ-બહેનો સાથે રમતાં રમતાં મોટાં થાય છે. ગુજણિયાગઢમાં ઘણું જ રૂડું થયું છે.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ'નો મહાજોગ આવ્યો. ધાંધલરાજા નવી રાણીના મહેલે ખાય છે, પીએ છે અને માયા માંડે છે. બારબાર વરસ થયાં છે. ધન્ય ઘડી અને ધન્ય વાર. સોનાનો સોહામણો સૂરજ ઊગ્યો છે.આજે ધાંધલરાજાના હૈયામાં જૂની રાણીની યાદ આવે છે. રાજા વિચારે છે, ''બાર બાર વરસ થયાં જૂની રાણીની સાથે વાતો કરે; બાર બાર વરસ થયાં તેની સાથે આંખ મેળાવો કરે. આજે તો જૂની રાણીના મહેલે અવશ્ય જાઉં.'' રાજા હીરાપથરાણીને વાત કરે છે, '' રાણી, આજ તો મારી જૂની રાણી હૈયામાં આવી છે ! બારબાર વરસ થયાં તેના મહેલે ગયે ! ''હીરાપથ પરી (અપ્સરા) કહે છે, ''રાજા, જગતમાં પતિપત્નીની ઘણી સોહામણી જોડી છે ! માટે તમે તમારી જૂની રાણીના મહેલે સુખેથી સંચરો પણ તમે મારા પિયરનો સાચો પરિચય આપશો નહીં. નહીં તો આપણી જોડી કાયમ માટે તૂટશે. તમે આપેલું વચન હૈયામાં ધરજો.'' હવે રાજા શોભતો શણગાર સજે છે. કમરે 'હીરકાંનિયું' ધોતિયું પહેરે છે.માથે રાઠોડી પાગ પહેરે છે. પગે સોનાની મોજરી પહેરે છે. તે જતાંજતાં રાણીને કહે છે, ''તું સમે કાળજે રહેજે. દિલમાં દુઃખ આણીશ નહીં. હું તો એકબે રાતમાં પાછો આવું છું.'' રાજા હીરાપથરાણીથી છૂટો પડીને 'ધરમર' વાદળમહેલ ઊતરે છે.



રાજા ‘સટિયો’ રમાડતો રમાડતો શેરીબજારે આવે છે. મોરચંગરાણી વાદળમહેલના ઝરૂખે બેઠીબેઠી રાજાને લાંબી નજરેથી જુએ છે. તે આનંદિત થઈને દાસીઓને કહે છે, “ધન્ય ઘડી ! ધન્ય વાર ! આજે તો રાજા આપણા મહેલની વાટે આવે છે ! દાસીઓ, તાંબાકુંડીએ ગરમ પાણી મેલો, અને રાજાને વધાવવા ‘ખજૂરિયાળા દીવલા’ અને કંકુચોખા તૈયાર કરો. રાજા માણેકચોક સુધી તો આવી પહોંચ્યા છે.” દાસીઓ રાજાનું સામૈયું કરવાની બધી તૈયારી કરે છે. રાણી સોળૈયો શણગાર સજવા લાગે છે. તે વાજિયા ઘઉંની પિંડ જેવી ઊજળી છે. હરખઘેલી રાણી ઊંચે ચાલે છે તો સ્વર્ગે જાય છે અને નીચે આવે છે તો પાતાળમાં જાય છે. પૂર્વ દેશના પવન વાય છે, અને યૌવનના ભારથી લચી પડતી રાણી ભાગીભાગીને ટુકડા થાય છે.

મોરચંગરાણી સરખી દાસીઓ સાથે ‘ધરમર’ વાદળમહેલ ઊતરે છે, અને રાજાનું સામૈયું કરવા સૂરજપોળમાં આવે છે. રાજા અને રાણી સામસામાં ભેગાં થાય છે, અને બંનેની આંખોના મેળાવા થાય છે. રાણી રાજાને કહે છે, “આજે તો મારે પડેલો કાળ પાછો વળ્યો છે!” રાણી રાજાને ‘દીવલે ઝોઆર’ કરે છે. કપાળમાં તિલક કરીને ચોખાથી વધાવે છે. મોરચંગરાણી રાજાને આગળ કરીને વાદળમહેલમાં લઈ જાય છે. દાસીઓ રાજારાણી માટે ભમરઢોલિયો ઢાળે છે, અને ઉપર ‘હીરખીઓ’ પાથરે છે. રાણી રાજાને કહે છે, “ રાજા, તમે ઢોલિયાના અગ્રભાગે વિરાજો !” રાણીના આદેશથી દાસીઓ ખોળા વાળીને દોડે છે અને કલાલના ઘેરથી પહેલી ધારનો દારૂ અને રબારીના વાડેથી એક તાજો બકરો લઈ આવે છે.

દાસીઓ રાજા અને રાણીના ઢોલિયા ઉપર ફૂલ પાથરીને ભમરઢોલિયો સજાવે છે. રાણી ‘પરતી ભાઠી’ના દારૂની ‘સાખો’ લઈને રાજા પાસે આવે છે. ઢોલિયે બેસે છે અને રાજા સાથે વાતો કરે છે. બંને વચ્ચે ‘હૂળાંની કૉબરિયો’ ફરે છે. રાણી ‘સાખ સાખ’ દારૂ રાજાને આપે છે, અને રાજા મીઠીમીઠી દારૂની સાખો પીએ છે. રાણી રાજાને કહે છે, “હે રાજા ! તમે મારી વાટમાં કાંટા વાવ્યા ! તને કોણે મહેણાં માર્યાં હતાં કે જેથી મારા તરફ તું વૈરાગી બની ગયો? આપણે તો સરખી જોડીનાં છીએ અને તું મને કેમ વિસરી ગયો? તને કોણે દુઃખ દીધાં ?” રાણી ધીમેધીમે રાજાને એકએક સાખ દારૂ પાય છે અને



આગળ વાત કરે છે, ‘‘રાજા, તું સૂવર મારવા ગયો હતો. બાર વરસે તું તો સૂવર મારીને વાદળમહેલમાં આવ્યો. જતાંજતાં નગરજનોને જાહેરમાં કહીને ગયો હતો કે, ‘અમે, રાજારાણી સાથે ખાઈશું, પણ તું તો એકલો સૂવર ખાઈ ગયો. તો પણ મેં તને કશું કહ્યું નથી. નવી રાણી પરણીને આવ્યો તો ભલે આવ્યો. મેં તને હજી સુધી ધર્મ સાટે કંઈ પણ કહ્યું નથી, છતાં તેં તો બારબાર વરસ સુધી આ તરફ લમણો વાળ્યો જ નહીં. રાજા, એવી મારા તરફ તારે શી રીસ હતી ?’’ રાજા કહે છે, ‘‘રાણી, મને તારા ઉપર કોઈ પ્રકારની રીસ ન હતી. હું અહીં આવીશ તો નવી રાણી મને મૂકીને જતી રહેશે એવા મારા મનના ભયના કારણે તારા મહેલે આવતો ન હતો. તારા ઉપર મારે કંઈ જ નથી. આજે આ તરફ આવતો હતો અને મને તારી ઘણી જ યાદ આવી આથી હું અહીં ખેંચાઈ આવ્યો. આજે બારબાર વરસે હું મારું ઘર સંભાળવા મારા ઘેર આવ્યો છું. ઘણા વરસે આજે આપણે સુખદુઃખની વાતો કરીએ’’. રાણી ઘણાં હેત કરીને ‘સાખ સાખ’ દારૂ પાય છે અને રાજા દારૂમાં ડૂબે છે. તે ધીમેધીમે નશામાં ચકચૂર થઈને આડુંઅવળું બોલવા લાગ્યો છે. મોરચંગરાણી રાજાના પેટમાં પેસીને નવી રાણીનો ભેદ લેવા લાગી છે, ‘‘રાજા, નવી રાણી પરણીને આવ્યો તો ભલે આવ્યો. તે હવેથી મારી નાની બહેન છે અને હું એની મોટી બહેન છું. હા, પણ તું એ તો કહે કે, તેનું પિયર કયું છે?’’ રાજા કહે છે, ‘‘રાણી,નવી રાણી તો મને વનવગડામાંથી રખડતી મળી છે.’’ ‘‘રાજા, તું મારાથી ભેદ શા માટે રાખે છે? તું જેવો તેવો રાજા નથી. તલવારિયો રાજા છે! ખરો વીરપુરુષ છે ! જ્યાં ત્યાં ભટકતી રાણી લાવે તેવો રાજા નથી. તે ખરા બાપની જ દીકરી હશે ! હા, પણ રાજા, તને આટલા વરસે મારા ઉપર શાનાં હેત રહ્યાં હોય ? માટે તો તું સાચી વાત કહેતો નથી.’’ રાજા કહે છે, ‘‘ગમે તે કહે પણ તે તારી માફક ઊંચ જાતની તો નથી જ. એટલા માટે તો હું નવી રાણીને રાતે લાવ્યો છું.’’ મોરચંગરાણી ધીમેધીમે ધાંધલરાજા ઉપર સ્રીચરિત્રનો પ્રભાવ ફેલાવા લાગી છે અને રાજાની સામે આંસુ સારવા લાગી છે. તે વિલાપ કરતાં કરતાં રાજાને કહે છે, ‘‘ નવી રાણીનો બાપ એ મારો બાપ ! તેનો ભાઈ એ મારો પણ ભાઈ છે ! તેનું પિયર એ મારું પણ પિયર મેં માન્યું છે તો પછી તું મારાથી ભેદ રાખીને અસત્ય કેમ બોલે છે?’’ ધાંધલરાજા



દારૂના નશામાં વધુ ને વધુ ડૂબતો જાય છે. તે ભાન ભૂલે છે. જેના કારણે નવી રાણીને આપેલું વચન ભૂલી જાય છે તે મોરચંગરાણીને સામે હીરાપથરાણીનો ભેદ ઉકેલતાં કહે છે, "રાણી, તારી વાત સાચી છે. જેવી તેવી રાણીને પરણીને આવ્યો નથી. હું તો ભગવાનના દરબારની પરી (અપ્સરા) પરણીને આવ્યો છું. તેનું નામ હીરાપથ પરી છે. હું તો સ્વર્ગની અપ્સરાને પરણીને આવ્યો છું !" આમ મોરચંગરાણીના સ્રીચરિત્રના પ્રભાવ તળે આવેલો અને દારૂના નશામાં ડૂબેલો ધાંધલરાજા હીરાપથ પરીને આપેલું વચન ભૂલીને તેનો સાચો પરિચય આપી દે છે.

નવા વાદળમહેલમાં રહેલી સ્વર્ગની અપ્સરા હીરાપથને દારૂના નશામાં ડૂબેલા ધાંધલરાજાએ મોરચંગરાણી આગળ પોતાનું આપેલું વચન તોડીને પોતાના સ્વર્ગીય પિયરના આપેલા સાચા પરિચયની ખબર પડે છે. આથી ગુસ્સાથી કાળઝાળ બનેલી તે સોનાના પારણિયામાં પોઢેલી તેમા કુંવરીને પોતાના ખોળામાં લઈને ધવડાવે છે, અને વિલાપ કરતાં કરતાં કહે છે, "દીકરી ! તું છેલ્લું ધાવણ ધાવી લે! દીકરી, તારો બાપ મૂઓ ! તેણે આપણી માદીકરીની જોડી સદા માટે તોડી !" હીરાપથ પરી આંસુ સારતી જાય છે અને ચાંદા અને પાબુને છાતીએ ચાંપીને ખોળે લે છે અને તેમને છેલ્લાં ચુંબન કરતાં કહે છે, "દીકરા ! તમે ખાજોપીજો અને માયા માંડજો! હવે કાયમ માટે આપણી માદીકરાની જોડી તૂટે છે ! તમે તમારી બહેનો અને બાપને સાચવજો !" હીરાપથ પરીની છેલ્લી શિખામણ પૂરી થવાની સાથે જ મહેલમાં એક મોટો ધડાકો થાય છે. હીરાપથ પરી મહેલ તોડીને નાનાં બાળકોને મૂકીને આકાશ માર્ગે સ્વર્ગમાં ઊડી જાય છે, જ્યારે ધાંધલરાજા જૂના વાદળમહેલમાં મોરચંગરાણીની સેજમાં દારૂમાં ડૂબી જાય છે.





કાળું ખેંસી

જાયેરિયામાં સુકાળ પડ્યો છે, કાળું ખેંસી કલમકચેરીમાં સરદારો સાથે બેઠો છે. કચેરીમાં અમલ(અફીણ)નાં પોતાં ફરે છે. કેળવેલી તમાકુ ભરેલા રૂપનળા હોકા ફરે છે. કચેરીમાં 'ગરમી ગરમી' વાતો ચાલે છે. બધા ખાય છે, પીએ છે અને મજા કરે છે.

એક દિવસનો સમાજોગ આવ્યો અને સમાજોગનો મહાજોગ આવ્યો. કાળું ખેંસી ગુજણિયાગઢની સીમમાં શિકાર કરવા જાય છે. વાટે જંગલી પ્રાણીઓનાં પગલાં શોધે છે. તેને સૂવરનાં પગલાં નજરે પડે છે. ખુશ થતો તે સૂવરનાં પગલાં જોતોજોતો આગળ વધે છે. રાઠોડોનો પાળેલો 'ફૂરકલો' સૂવર દરરોજ રાતે ઝેંઝણિયાઝોડમાં રાઠોડોના બાજરીના ખેતરમાં ઘાસ ખાવા માટે આવે છે. રાતના સમયે કાળું ખેંસી આંબા અને મહુડાના ઝાડ નીચે સામસામે "ઑંદીઓ' ઘાલે છે. તે હાથમાં બંદૂક લઈને સૂવરને મારવા માટે ઑંદીંમાં લપાય છે. મોડી રાત થાય છે અને સૂવર 'હૂહવાળા' કરતો બાજરીનું ઘાસ ખાવા ઝેંઝણિયાઝોડમાં આવે છે. સૂવર આવીને ઘાસ ખાવા લાગે છે. યોગ્ય સમય જાણી કાળું ખેંસી તાકીને નિશાન લે છે અને સૂવરને મારવા માટે બંદૂકનો ભડાકો કરે છે. કાળું ખેંસી ઑંદીમાંથી બહાર આવીને જુએ છે તો બાર મહિનાનો પાડો પડ્યો હોય તેમ મરેલો સૂવર પડ્યો છે. મનમાં હરખાતો તે વિચારે છે, "આજ તો ઘણું જ સુંદર અને ઘણું માંસવાળું જાનવર હાથ લાગ્યું છે. રાઠોડોએ ઘાસ ખવડાવીને તગડો કર્યો હતો, તે આ જ સૂવર !" વાદળમહેલમાં સૂતેલા ધાંધલરાજાના સરદારોના કાને બંદૂકનો અવાજ આવે છે. અવાજ સાંભળતાંની સાથે બધા સરદાર ભેગા થઈ જાય છે અને વાતો કરવા લાગ્યા છે કે "આપણી સીમમાં આ ગળતી માઝમરાતે ભડાકો કરનાર કોણ ? ભેગા થયેલા બધા સરદારો તીર-કામઠાં, તલવારો અને બંદૂકો સજાવીને 'ધરમર ધરમર' વાદળમહેલ ઊતરે છે અને ઝેંઝણિયાઝોડમાં આવેલા આંબા મહુડાને ચારે બાજુથી ઘેરી લે છે. તેઓ સામસામા બંદૂકના ભડાકા કરીને દુશ્મનને પડકારે છે, અને નજીક આવીને જુએ છે તો જાયેરિયાગઢનો કાળું ખેંસી સૂવરને ઢસડતો ઢસડતો લઈ જઈ રહ્યો છે. રાઠોડ તેને પડકારતા તેની તદ્દન નજીક જઈને કહે છે, "આટલી મોડી રાતે અમારી તલવારો અને બંદૂકોને



કોણ વહાલું થયું છે? અમારી જ બાજરી ખાતા અમારા પાળેલા સૂવરને મારનાર કોણ? કાળું ખેંસી, તારે રાતે ચોરની માફક આવીને આમ અમારા પાળેલા સૂવરને મારવો જોઈતો ન હતો.'' કાળું ખેંસી તેમને વળતો જવાબ આપે છે,''રાઠોડો ! મેં તો વનનું જનાવર માર્યું છે! તમે આ સૂવરને પાળ્યો હશે તેની મને ખબર ન હતી. જો તમે કહેતા હો તો આપણે તેના ભાગ પાડી લઈએ. મને સૂવર મારવાનો એક વધુ ભાગ આપો. બે ભાગ મારા અને એક ભાગ તમારો!'' રાઠોડ સરદારોને કટાક્ષમાં કહેલા કાળું ખેંસીના બોલ કડવા લાગે છે. વળતો જવાબ આપતાં કહે છે, ''ખેંસી, કાલ અત્યારે તો અમારા રોટલા ખાઈને જીવ્યો છે ! દુષ્કાળમાં તને જિવાડનારા કોણ? છતાં એટલામાં તો તું અમારા જ પગમાં પડ્યો!'' ''રાઠોડો, બોલવું હોય તો સંભાળીને બોલો! મેં તો વનનું જનાવર માર્યું છે. મેં કંઈ તમારા ઘરમાંથી બહાર કાઢીને સૂવર નથી માર્યો. મેં કંઈ તમારો ગુનો નથી કર્યો કે જેથી તમારાં કડવાં વેણ સાંભળું!''

હુંસાતુંસી આગળ વધે છે. રાઠોડો અને ખેંસી વચ્ચે ઝઘડો વધી પડ્યો છે. સામાસામે 'ઝરમરિયા મેઘની' માફક તીર છૂટવા લાગ્યાં છે. ગુસ્સાથી કાળઝાળ થયેલા રાઠોડો બંદૂકનો ભડાકો કરે છે, અને કાળું ખેંસી જમીન ઉપર ઢળી પડે છે. સૂવરની જીદના કારણે કાળું ખેંસી મરાયો.જગતમાં ખોટું કામ થયું.

ખેંસી અને રાઠોડ વચ્ચે આડાં વેર બંધાયાં. બે સમોવડિયા વચ્ચે સૂવરના કારણે ઝઘડો થયો અને કાળું ખેંસી પૂરો મરાઈ ગયો. એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ'નો મહાજોગ આવ્યો. કાળું ખેંસીના બે કુંવર મેદરો અને જેદરો દિવસે દિવસે જાયેરિયામાં મોટા થવા લાગ્યા.

પાબુ-ચાંદો રાઠોડ

હીરાપથ અપ્સરા નાનાં બાળકોને મૂકીને સ્વર્ગમાં ઊડી ગઈ અને ધાંધલરાજા મોરચંગરાણીના મહેલે જઈને મા વિનાનાં દીકરા-દીકરી કરીને બેસી ગયો. સૌથી નાની કુંવરી તેમા હજી સોનાના પારણામાં હીંચે છે. પાબુ અને ચાંદો તેને રડતી છાની રાખવા હાલરડું ગાય છે. અપ્સરા મા તો તેને મૂકીને કાયમ માટે સ્વર્ગમાં ઊડી ગઈ પણ ભૂખી થયેલી નાની કુંવરી ધાવવા માટે રડે છે.



પાબુ નાની બહેન તેમાને છાની રાખવા હાલરડું ગાતાં કહે છે, ‘‘બહેન, રડતી છાની રહે, હું તને જાયેરિયાના રાજકુંવર જેદરા ખેંસી સાથે પરણાવીશ! ખેંસી અને રાઠોડ વચ્ચે આડાં વેર પડેલાં છે, છતાં વેર ભાગીને પણ તને પરણાવીશું !’’ બહેનને ભાઈ હીંચોળે છે અને બહેન સૂતી સૂતી ભાઈ જે બોલે છે તે કાન દઈને સાંભળે છે. પાબુ આગળ કહે છે, ‘‘મારી બહેન, તું પરણીશ ત્યારે દહેજમાં તને આપણા ઝેંઝણિયાઝોડ, દીપાવલીનાડીઓ અને ભૂરી ભેંસો આપીશું.’’ પાબુ તેમાને જેમજેમ દહેજની લાલચ આપે છે તેમતેમ તે મોટેથી રડે છે અને ભાઈ દહેજમાં જે જે વસ્તુઓ આપે છે તે તે વસ્તુઓ ગણીગણીને મનમાં યાદ રાખે છે. પાબુ હીરની દોર ઝડપથી ખેંચે છે અને કહે છે, ‘‘બહેન, તને સોનાની ઉઢાણી અને પાણી ભરવા માટે સોનાનાં બેડાં આપીશું. તને સોનારૂપાનાં વસ્ત્રો આપીશું. પણ હવે તું છાની રહે.’’ તે છાની તો રહે છે પણ ભાઈએ રડતી છાની રહેવાની લાલચમાં કહેલી વસ્તુઓ ક્યારેય ભૂલતી નથી.

દિવસરાત તેમા મોટી થવા લાગી છે. બહેન ભાંખડિયે ખેંચાઈને થેઈથેઈ કરતી ઊભી થવા લાગી છે, અને શેરીબજારે રમવા લાગી છે. તે મોટી થઈ છે અને ભરજુવાનીમાં આવી છે. ચાંદો અને પાબુ મનમાં વિચારે છે, ‘‘તેમાબહેન મોટી થઈ છે અને ભરયૌવનમાં આવી છે. મોટી બહેન-દીકરી કુંવારી રહે તો પિતા અને ભાઈ માટે પાપનાં પગલાં ગણાય !’’

એક દિવસનો ‘સમાજોગ’ આવ્યો અને ‘સમાજોગ’નો મહાજોગ આવ્યો. પાબુ અને ચાંદો કચેરી ભરીને રાજસિંહાસન ઉપર બેઠા છે. મોચચંગરાણીના પાછળથી થયેલા ધોબો, ઢેફો, શૂરો, પૂરો અને બૂરો બધા કુંવર રાઠોડ સરદારોની વચ્ચે જાજમો ઉપર બેઠા છે. કચેરીમાં અમલનાં પોતાં ફરે છે, દારૂની સાખો ફરે છે અને બધા સરદાર ‘ગરમી ગરમી’ વાતો કરે છે. રાઠોડ સરદારોની હાજરીમાં પાબુજી અને ચાંદોજી જાયેરિયાનાં આડાં પડેલાં વેર ભાગવાની અને તેમાના લગ્નનું નાળિયેર મોકલવાની ચર્ચા કરે છે. આ અંગે બધા રાઠોડ કુળનો એકમત સધાતાં તેમાના લગ્નનું નાળિયેર જાયેરિયામાં મોકલવા માટે બ્રાહ્મણને કચેરીમાં બોલાવવામાં આવે છે. પાબુજી ‘નૂતર’ (આમંત્રણ) લઈ જતા બ્રાહ્મણને કહે છે, ‘‘હે બ્રહ્મદેવતા! આપણી બહેન તેમા ભરજુવાનીમાં



આવી છે. જાયેરિયાગઢમાં જેદરો અને મેદરો ખેંસી તેમાને લાયક કુંવરો છે. તમે જેદરા માટે નાળિયેર લઈને જાઓ.'' પાબુજીના કહેવાથી બ્રાહ્મણ તેમાનું નાળિયેર લે છે, અને મારગે મારગે જાયેરિયાગઢ તરફ જાય છે.

જાયેરિયાગઢમાં જેદરો અને મેદરો ખેંસી કચેરી ભરીને બેઠા છે. કાળ પડ્યો હતો ત્યારે તો ખેંસી 'વળખાં' કરતા હતા પણ હવે સુકાળ આવ્યો છે આથી બધા સરદારો વચ્ચે જેદરો ખેંસી મજા કરે છે. લીલીપીળી જાજમો ઉપર સરદારો વિરાજેલા છે. અમલનાં પોતાં ફરે છે. કેળવેલી તમાકુના રૂપનળા હોકા ફરે છે. જાજમો ઉપર દારૂની 'સાખો' ફરે છે, અને કચેરીમાં વાતોનો 'ધધમાટો' ઊડે છે. આવા આનંદ અને ઉત્સાહથી ભરેલા વાતાવરણમાં ગુજણિયાગઢનો બ્રાહ્મણ કચેરીમાં આવે છે, અને જેદરા ખેંસીને 'ઝોઆર મઝરો હારી'ને ઊભો રહે છે. સોનાના સિંહાસન ઉપર બેઠેલો જેદરો ખેંસી કચેરીમાં આવેલા બ્રાહ્મણને પ્રશ્ન કરે છે, 'હે બ્રાહ્મણ દેવતા ! તું કઈ બાજુથી આવે છે અને કઈ બાજુ જાય છે ? કયા ધણીએ તને અહીં મોકલ્યો છે?'' બ્રાહ્મણ કહે છે, ''હું ગુજણિયાથી લગ્નનું નાળિયેર લઈને અહીં આવ્યો છું. હું ગુજણિયાગઢના રાજા પાબુજી અને ચાંદાજીની બહેન તેમાનાં નાળિયેર લઈને આવ્યો છું. બાઈ ઘણી રૂપાળી છે. ઝાડેઝાડે યૌવન જાય છે. 'મસકે' ભાગે છે ઢોલિયાની ઈસ અને ફટકે તૂટે છે કાંસળીની કસ! બાઈ તો ભરયૌવનમાં આવી છે. ઘણા હેતથી રાઠોડોએ મને અહીં મોકલ્યો છે. હું જેદરા ખેંસી માટે નાળિયેર લાવ્યો છું.'' બ્રાહ્મણની વાત સાંભળીને બધા ખેંસી વર્ષોથી ગુજણિયાગઢ અને જાયેરિયાગઢ વચ્ચે આડાં પડેલાં વેરની ચર્ચા કરે છે. પણ જેદરો બ્રાહ્મણ દ્વારા કરવામાં આવેલાં તેમાનાં રૂપ વર્ણનથી મોહિત થયો છે. તે સરદારોને કહે છે, ''આપણાં વેર તો બાપદાદા વખતનાં ઘણાં જૂનાં છે. અત્યારે હવે તેનું શું છે? એ તો ઘણી જૂની વાતો થઈ. આપણે કેટલા દિવસ સુધી વેર રાખીને બેસી રહીશું ? રાઠોડોએ ઘણા જ હેતુથી આપણા માટે નાળિયેર મોકલ્યું છે. તો આપણે શા માટે જૂનાં વેર ભાગવાં ન જોઈએ ?'' જેદરાની વાત સાંભળી રહેલા લીલીપીળી જાજમો ઉપર બેઠેલા ખેંસી સરદારો અંદરોઅંદર ચર્ચા કરે છે કે, ''જો કુંવર પોતે બાપનું વેર ભાગવા માગતો હોય તો આપણે શા માટે ઝઘડો લંબાવવો જોઈએ ? જેદરો પોતે જ મારેલા બાપનું વેર ભૂલવા માગતો



હોય તો આપણે બધા ભેગા થઈને તેને ગુજણિયાગઢમાં જઈને પરણાવી આવીએ.'' આમ વિચારીને બધા ખેંસી એકમત થઈને ગુજણિયાગઢનું નાળિયેર સ્વીકારે છે, અને બ્રાહ્મણને મોટો પુરસ્કાર આપીને કચેરીમાંથી ઘણા માનપાન સાથે વિદાય કરે છે.

બ્રાહ્મણ તેમાના લગ્નનું નાળિયેર આપીને ગુજણિયાગઢમાં રાઠોડોની કચેરીમાં આવે છે. રાઠોડ તેને પ્રશ્ન કરે છે, ''જાયેરિયાગઢના ખેંસીઓએ આપણું નાળિયેર સ્વીકાર્યું કે ? ''બ્રાહ્મણ કહે છે, ''ખેંસીઓએ ઘણા હેતથી અને સન્માન સાથે આપણું નાળિયેર સ્વીકાર્યું છે.'' બધા રાઠોડ ચર્ચા કરીને તેમાકુંવરીના લગ્નનો શુભ દિવસ નક્કી કરે છે.

ગુજણિયાગઢનો બ્રાહ્મણ તેમા અને જેદરાનું સુદ એકમે પીઠી બેસવાનું અને પૂનમના દિવસે લગ્ન કરવાનું મુહૂર્ત લઈને પાછો જાયેરિયામાં જાય છે, અને લગ્નના શુભ સમાચાર આપીને ગુજણિયાગઢમાં પાછો આવે છે.

જાયેરિયાગઢમાં જેદરાને પીઠી બેસાડવાના 'નૂતર' (નિમંત્રણ)ના પીળા ચોખા ફરે છે. જેદરાને પીઠીએ બેસાડવા માટે બધા સરદારો અને નગરજનો ભેગા થાય છે. 'જાનવિયા ઢોલ' (લગ્ન સમયે વગાડવામાં આવતો વિશિષ્ટ પ્રકારના તાલવાળો ઢોલ) વગાડવામાં આવે છે. સ્ત્રીઓ ગીતો ગાય છે, અને ઘણા જ ઉત્સાહ અને ઉલ્લાસ સાથે નગરજનો પાટવી કુંવર જેદરાને પીઠીએ બેસાડે છે.

અહીં ગુજણિયાગઢમાં તેમાબહેનને પીઠી બેસાડવાના 'નૂતર'ના પીળા ચોખા ફરે છે. રાતે પૂરા નગરનાં લોકો વાદળમહેલમાં ભેગાં થાય છે. તાંબાકુંડીમાં ઊનાં પાણી મૂકવામાં આવે છે. તેમાને નવડાવવામાં આવે છે. સ્ત્રીઓ પીઠીનાં ગીતો ગાય છે. પીઠી ચોળવામાં આવે છે. 'જાંનવિયા ઢોલ'ના તાલેતાલે સ્ત્રીપુરુષો અને બાળકો નૃત્ય કરે છે અને ઘણા જ ઉલ્લાસ સાથે તેમાને પીઠીએ બેસાડે છે.

લગ્નના દિવસો નજીક આવી પહોંચ્યા છે. યુવતીઓ કાજળ ખરીદે છે. જુવાનો કાંસકા ખરીદે છે. વિધવા સ્ત્રીઓ છીંકણી ખરીદે છે. જાયેરિયા અને ગુજણિયાગઢમાં લગ્નની મોસમ બેઠી છે.



પૂનમનો દિવસ આવે છે. ગુજણિયાગઢ અને જાયેરિયામાં 'હોરમાં વાજાં' વાગે છે. ગુજણિયાગઢના ગાંદરે જેદરાની જાન આવે છે.

'હરિયા બાગ'માં જાનનો ઉતારો આપવામાં આવે છે. બાગ ફૂલોથી લચી પડ્યો છે. ચંપા અને કેવડા ફૂલ્યા છે. કાળી પાંખોની કોયલો બોલે છે. ફૂલો ઉપર કાળી પાંખોના ભમરા ગુંજે છે. ઘણું જ સોહામણું વાતાવરણ છે. વૃક્ષોની છાયામાં જાન બેઠી છે. જાન આવવાની ખબર પડે છે અને કન્યાપક્ષની સ્ત્રીઓ દોડતી બાગમાં આવે છે. વરપક્ષને નૃત્ય અને ફટાણાથી વધાવે છે. વરપક્ષની સ્ત્રીઓ પણ પ્રત્યુત્તરમાં ફટાણાથી નવાજે છે. લગ્નનું ઘણું 'હોયમણું' (સોહામણું) વાતાવરણ જામ્યું છે. 'વીદરાજા'(વરરાજા)ની સામે નાચણો નાચ કરે છે; તૂરી-તરગાળા 'તાંતો' તોડે છે; નટ ખેલ કરે છે.

વેવાઈઓને 'તોરણ સબાવવાનું' આમંત્રણ આપવામાં આવે છે. વીદરાજા તોરણે આવે છે. સામસામી વેવાણો ફટાણાં ગાય છે. વરરાજાને કન્યાની કાકી પોંખવા આવે છે. પોંખનારી વરપક્ષની સ્ત્રીઓ 'ઉખળા ડૂંટા'ની, મોટા પેટની અને મોટા દાંતવાળી કહે છે. વરરાજા લીલા વાંસના તોરણને તલવારનો એક ઝટકો મારીને 'તોરણ સબાવીને' ચૉરીમાં આવે છે. ચૉરીમાં લગ્નની વિધિ ચાલે છે. છેવટે કન્યાની ચૉરીમાં પધરામણી થાય છે. તેમા વરરાજા સાથે ચોરીમાં ફેરા ફરે છે. તે ફેરા અધૂરા મૂકી ચોરીમાં રડતી રડતી ઊભી રહે છે. પાબુજી અને ચાંદોજી બે ભાઈ તેને રડવાનું કારણ પૂછે છે. તેમા કહે છે, ''ભાઈઓ ! મા તો મને નાની મૂકીને મરી ગઈ ! પરંતુ તમે જ મારાં 'માવીતર' છો ! તમે મને પારકી કરવા જઈ રહ્યા છો. માટે મને હેતથી કન્યાદાન આપો.'' પાબુ અને ચાંદો તેમાને કન્યાદાનમાં સોનાનાં બેડાં, સોનાની ઉઢાણી અને સોનાની મોજડી આપે છે. કન્યાદાન કર્યા પછી તેમા ચોરીના બાકીના ફેરા ફરે છે. ખેંસી નવી રાણીને પરણીને 'હરિયા બાગ'માં આવે છે. કન્યાપક્ષવાળાં જાનને ઘણા માન સાથે વળાવે છે. જેદરો નવી રાણીને પરણી વાદળમહેલમાં આવે છે. નગરજનો નવી રાણીને જોવા વાદળમહેલમાં ઊમટે છે. નવી રાણીનો ગોળ ખાય છે. રાજા અને રાણીને પોંખે છે. લોકો જતાંજતાં રાજા અને રાણીને આશીર્વાદ આપે છે, ''તમે વાદળમહેલમાં ખાજોપીજો અને મજા કરજો. લાખની ઘડી એક એક પસાર થઈ રહી છે.''



દેવોલ અને તેમા બે બહેનો છે. દેવોલને ભીમ ચારણ સાથે ભાગણિયા નગરમાં પરણાવે છે. બંને બહેનો પોતાની સાસરીમાં ખાટહિંડોળે હીંચે છે. હરિયા બાગમાં હવા ખાય છે; સોનાની કુંડીએ સ્નાન કરે છે. ખાય છે, પીએ છે અને મજા કરે છે. આનંદમાં લાખની એક એક ઘડી પસાર થાય છે.

એક દિવસની વારતા બોલું છું અને ભરી સભા સાંભળે છે. પાબુ અને ચાંદાએ ઈખરાઘરાં(ગામનું નામ)ની વાટે સાંકડી ઘાટીમાં 'રમખું' માંડ્યું છે. વાટમાં ધૂળાનો પાટ પૂર્યો છે. પાટના મંડળમાં આવતા નવલાખ તારાઓની જગ્યાએ નવલાખ બરછીઓ ઊભી કરી છે. ચોરાશી સાધુની જગ્યાએ ચોરાશી હથિયારધારી સરદારો બેસાડ્યા છે. ભાલો ઊભો રાખી તેનો તંબૂર ગણીને ચાંદિયો જૂઠાંજૂઠાં ભજન બોલે છે. ગરતી માઝમરાત છે અને લાખો વણજારો 'ઈહકારા-ડસકારા' કરતો નવલાખ પોઠોને લઈને આવે છે. પાછળ 'સાત વીસો' ગોવાળિયા પોઠોના બળદોને હોંકે છે. જેવી વણજાર વાટ નજીક ઊંડી ઘાટીમાં પ્રવેશે છે કે તરત જ ભજન બોલવાનો ઢોંગ કરતો ચાંદો લાખા વણજારા ઉપર તૂટી પડે છે, અને તેને મારી નાખે છે. ચોરાશી સરદારો નવલાખ પોઠોને ઘાટીમાં ઘેરી લે છે. 'સાત વીસો' ગોવાળિયા ભયના માર્યા ધ્રૂજે છે. ચાંદો ગોવાળિયાઓને કહે છે, ''તમે બીકના માર્યા ભાગી જશો નહીં. જો અહીંથી નાઠા છો તો એકને પણ જીવતા મૂકશું નહીં. આ નવલાખ પોઠો ગુજણિયાગઢ તરફ હાંકો. લાખો વણજારો આપતો હતો તેનાથી પણ વધુ મજૂરી અમે તમને આપશું.'' મારના ભયે દેવ પણ દોડે એ ન્યાયે ગોવાળિયા બીકના માર્યા થરથર ધ્રૂજે છે, અને એક બીજાને સામે જોઈને કહે છે, ''આપણે તો રોટલાનું કામ છે. ભાંગીશું તો આ રાઠોડો આપણને પૂરેપૂરા મારી નાખશે.'' રોઠોડોના આદેશથી ગોવાળિયા ગુજણિયાગઢ ભણી નવલાખ પોઠો હાંકે છે. પાછળ પાછળ પાબુ, ચાંદો અને રાઠોડ સરદારો ઘોડા ખેલાવતા જાય છે. પોઠોને ચાલવાને કારણે આકાશમાં ધૂળની ડમરીઓ ચડે છે. વહેલી સવારે બધા ગુજણિયાગઢમાં આવી પહોંચે છે. પોઠો ઠાલવવામાં આવે છે અને વાદળમહેલના માણેકચોકમાં હીરા, મોતી અને માણેકના ઢગલા થઈ ગયા છે. 'સાત વીસો' ગોવાળો નવલાખ બળદોને લઈને ઝેંઝણિયા ઝોડમાં જાય છે. ઝેંઝણિયા ઝોડમાં 'ડોડિયો બરુ' 'ખલ્લાટા' મારે છે. બળદોને લીલા ઘાસમાં



ફેરવી ફેરવીને ચારે છે, અને દીપાવલી નાડીએ પાણી પાય છે. બધા ગોવાળો ગુજણિયાગઢમાં ખાય છે, પીએ છે અને મજા કરે છે.



એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ'નો મહાજોગ આવ્યો. જાયેરિયાગઢના વાદળમહેલમાં સાસુ અળખું અને તેમા વહુ ભમરઢોલિયે ભરનીંદરમાં સૂતી છે. 'ગરતી માઝમરાત' પસાર થાય છે. કૂકડે પોતાનું સ્થાન છોડી દીધું છે અને સાસુ ઝબકીને બેઠી થાય છે. અળખું કહે છે, ''વહુ, તને સૂતાંની સાથે જ ઘોર નિદ્રા કેમ આવી છે ? તું ઝટ દઈને બેઠી થા.'' તેમા સાસુનો સાદ સાંભળીને ઝડપથી બેઠી થાય છે, અને ગોખે ગોખે દીવા મૂકે છે. સાસુ વહુને કહે છે, ''નિર્મળ નીર ખૂટ્યાં છે. ચાલ, આપણે સરોવરે પાણી ભરવા જઈએ.'' સાસુ અને વહુ મરવાની ઉઢાણી માથે મૂકી ઉપર કાશીના ઘડા લે છે. બંને સરોવર કિનારે જવા નીકળે છે. અળખું અને તેમા વાતો કરતાં કરતાં રસ્તામાં આવતા હરિયા બાગમાં આવે છે. બાગમાંથી કાચી કણિયોરનાં દાતણ ભાગે છે અને દાતણ કરતી કરતી સરોવરની પાળે આવવા લાગે છે. રસ્તામાં સાસુ વહુને કહે છે, ''વહુ, આપણે બંને આપણા પિયરનાં પારખાં લઈએ. કોનું પિયર સમૃદ્ધ અને કોના ભાઈ શૂરવીર તે આ કાચી કણિયોરની બે બે ચીરીઓ દ્વારા નક્કી કરીએ.'' વહુ કહે છે, '' સાસુજી, એવી વાતો જવા દો. આવી વાતોથી આપણા પિયર માટે જોખમ ઊભું થાય. આપણા ભાઈઓ તો અત્યારે સૂતા હશે; બેસતા હશે; અને આપણાં પિયરમાં મજા કરતા હશે. તો પછી તમે શા માટે તેમનાં મરણ નોતરો છે?'' પણ સાસુ માનતી નથી. બંને વાતો કરતી કરતી સરોવર પાળે આવી પહોંચે છે. કાશીના ઘડા અને મરવાની ઉઢાણી નીચે મૂકે છે. અળખું આગળ કહે છે, ''દાતણની ચીરીઓ ફાડતાં દૂધની ધારાઓ વછૂટશે તો તેનું પિયર વધુ સમૃદ્ધ હશે, અને દાતણની ચીરીઓ ફેરવીને જમીન ઉપર નાખતાં જેની બંને ચીરીઓ સવળી પડશે તેના ભાઈ શૂરવીર હશે!'' તેમા કહે છે, ''સાસુજી ! જોજો હાં, તમારા મુખમાં માખી ન પડે ! તમે હાથે કરીને શા માટે પિયર માટે જોખમ ઊભું કરો છો ?'' અળખું પોતાના



વિચારોમાં મક્કમ રહે છે, અને વહુને ચીરીઓ ફાડવાનો આદેશ આપે છે. તેમા મનમાં વિચાર કરે છે, "કજિયાખોર રાંડો ને ભાઈ મરાવવાવાળી રાંડો ફાટી પડજો ! પિયર તો દૂર દેશમાં રહી ગયાં અને આ રાંડે તો અહીં જ ઝઘડો માંડ્યો છે." હવે તે અળખું ને કહે છે, "સાસુ, તમે પહેલું દાતણ ફાડીને ચીરીઓ કરો અને જમીન ઉપર નાખો. તમે મારાથી મોટાં છો એટલે પહેલો અધિકાર તમારો છે." વહુના આગ્રહથી સાસુ પહેલું દાતણ ફાડે છે. પણ દાતણમાંથી દૂધની ધારા વછૂટતી નથી પણ થૂંકની ધારા વછૂટે છે. હવે તે બંને ચીરીઓ ફેરવીને જમીન ઉપર નાખે છે અને બંને ચીરીઓ ઊંધી પડે છે. પિયરનું પારખું ખોટું પડ્યું હોવાથી અળખું શરમાઈ જાય છે. આ પછી તેમા પોતાના દાતણની ચીરીઓ ફાડે છે તો તેમાંથી દૂધની ધારા વછૂટે છે. તેમા ચીરો ફેરવીને જમીન ઉપર નાખે છે અને બંને ચીરીઓ સવળી પડે છે. બંનેનાં પારખાંથી ઘી અને પાણીનું મૂલ્ય થઈ ગયું. સાસુ છાતીમાં મુક્કા મારીને છાતી ફૂટે છે અને તેમાને કટાક્ષમાં કહે છે, " હે નબળા પિયરની નબળી રાંડ ! તારું નખ્ખોદ જજો ! હું તો તને ઊંધું ભણાવતી હતી. તારા ભાઈ શાના શૂરવીર ? તારું પિયર શાનું સમૃદ્ધ? મારા ભાઈ તો વિરાટનગરમાં રાજ્ય કરે છે, શૂરો (હૂરો) અને સજમોલ (હઝમોલ). તેમનાથી ધરતી ધ્રૂજે છે." સાસુ ઊલ ઉતારે છે, અને કજિયો આગળ ચલે છે, "તારા ભાઈઓ તો સૂનાં ઢોર(પશુ)ના ચોર છે. તારા ભાઈઓએ તો એઠાં દેવળ વાળીને ખાધાં છે.લાખા વણજારાને મારીને નવલાખ પોઠો લૂંટી લીધી છે. તારા ભાઈ શાના શૂરવીર ? અને તારું પિયર શાનું સમૃદ્ધ ?" હવે સાસુ અને વહુ મરવાની ઉઢાણી માથે મૂકે છે અને તેના ઉપર પાણી ભરીને કાશીના ઘડા મૂકે છે. બંને ઝઘડતાં ઝઘડતાં વાદળમહેલમાં આવે છે.



અળખું અને રાઠોડ

લાખા વણજારાની નવલાખ પોઠો લૂંટ્યા પછી રાઠોડોની સમૃદ્ધિ વધી ગઈ છે. પાબુ રાઠોડ વિચારે છે, "હવે આપણે તેમાબહેનનાં મામેરાં કરવાં જોઈએ."



તે છોટકલા પગના ચાંદાજીને કહે છે, ''ચાંદાજી, વાણિયા, સોની અને દરજીની દુકાને જઈને કાપડ અને સોના-ચાંદીનાં આભૂષણો લાવીને 'વીદવાગા' સિવડાવી લાવ. આપણે તેમાબહેનના મામેરાની તૈયારીઓ કરવી છે.'' મોટા ભાઈ પાબુના આદેશથી ચાંદોજી સૌથી પહેલાં વાણિયાના હાટે જઈને 'મઈકપરા' ખરીદીને સોનીની દુકાને જાય છે. સોનીની દુકાનેથી હેમના તાર ખરીદે છે અને દરજીને ઘેર જઈને 'વીદવાગા' સિવડાવીને લાવે છે.

પાબુજી ચાંદાજીને કહે છે,''અળખું વેવાણે આપણને હલકા ગણીને મહેણાં માર્યાં છે. આપણે મહેણાં ભાગવા માટે તેમાનાં મામેરાં લઈને જાયેરિયાગઢમાં જવાનું છે. તું આખા નગરમાં મામેરાંનું 'નૂતર' (આમંત્રણ) મૂકી આવ. કોઈને પણ ટાળી મૂકીશ નહીં.'' મોટાભાઈના આદેશથી ચાંદોજી સોનાની મોજડી પહેરે છે અને હાથમાં લાંબી ડાંગ લે છે. ચાંદોજી ઘેરઘેર ''ઝણ' ફરીને તેમાના મામેરાનું આમંત્રણ આપે છે. વહેલી સવારે કૂકડે પોતાનું સ્થાન છોડી દીધું છે. પીળો પ્રકાશ થયો છે. બધા રાઠોડ દાતણ કરી, સ્નાન કરી, ઊગતા સૂરજને વંદીને મૂએલા પિતાનું નામ લે છે, અને મામેરે જવાની તૈયારી કરે છે. તેઓ ઊગમણી દિશામાં દીવા મૂકે છે અને શોભતા શણગાર સજવા લાગ્યા છે. દેશના દીવા પાબુજી અને ચાંદોજી હીરાપથ પરીના સુંદર દીકરા છે. શૂરોજી, બૂરોજી, ઊબોજી, ઢેબોજી અને પૂરોજી મોરચંગરાણીના દીકરા છે.

બધા રાઠોડ કમરે 'હીરકાંનિયાં' ધોતિયાં પહેરે છે. માથે રાઠોડી પાઘ બાંધે છે. પીઠ પાછળ ઢાલ અને તલવાર બાંધે છે. પાબુ અને ચાંદો સોનારૂપાના વીદવાગા ધારણ કરે છે. તેમનું રૂપ જોઈને ઊગતો સૂરજ ઝાંખો થાય છે.

ઘોડાંને તૈયાર કરનારા 'હૉણેસા' ઘોડાઘોડીઓ ઉપર સામાન માંડે છે. ઘોડાંને તાણી તાણીને તંગ ભીડે છે. ઉલાળિયાં લગામ ઘાલે છે અને ઘોડાંને પગે 'ઘૂઘરમાળ' બાંધે છે. સોના રૂપાનાં આભૂષણોથી ઘોડા-ઘોડીઓ શોભી ઊઠે છે. રાઠોડો ઘોડે, ઊંટે અને હાથીની અંબાડી ઉપર બેસીને જાયેરિયામાં જવાની પૂરી તૈયારી કરીને માણેકચોકમાં આવે છે. ગોવાળો મામેરામાં લઈ જવા માટે હીરા, માણેક અને મોતીની પોઠો હાંકે છે. પાબુ અને ચાંદો પોઠોની પાછળ ઘોડા ખેલાવતા જવા લાગ્યા છે. તેમની પાછળ હાથી અને ઊંટ પર



બેસીને રાઠોડ સરદારો અને ગુજણિયાગઢના નગરજનો આવવા લાગ્યાં છે. ધૂળની ડમરીઓ આકાશમાં ચડે છે. આના કારણે ડુંગરો ઉપર કાળી વાદળી જામી છે.

જાયેરિયાગઢના ‘હરિયા બાગ’માં આવીને રાઠોડ ડેરા તાણે છે અને અળખું વેવાણ તેમના સામૈયે આવે તેની રાહ જોતા બેઠા છે. ધીમેધીમે દિવસ અસ્તાચળે જવા લાગ્યો છે. સૂડા સૂવા માટે માળા તરફ જવા લાગ્યા છે. વેવાણની રાહ જોતાંજોતાં રાત પડી છે અને લીલા બાગમાં જ બધા રાઠોડ સોડ તાણીને સૂતા છે.

વહેલી સવારે કૂકડાએ પોતાનું સ્થાન છોડી દીધું છે. પીળો પ્રકાશ થવા માંડ્યો છે. જાયેરિયાગઢની માળણ આળિયે દીવા મૂકીને સોળૈયો શણગાર સજવા લાગી છે. તે કેડ પ્રમાણે ચણિયો પહેરે છે, અને છાતી પ્રમાણે કાંચળી પહેરે છે. આછો સાળુ ઓઢે છે. કપાળમાં ટીલડી ચોડે છે. આંખોમાં કાજળ ઘાલે છે. તે વાળેવાળે મોતી ગૂંથે છે. એક હાથમાં સોનાની છાબ લે છે, અને બીજા હાથમાં ફૂલ પાડવાનો અંકોડો લે છે. તે ઝટઝટ ફૂલ વીણવા બાગમાં આવે છે. બાગમાં આવીને રૂપાના અંકોડાથી ફૂલ પાડે છે અને વીણી વીણીને સોનાની છાબમાં ભરે છે. પાબુ અને ચાંદો દાતણ કરતાં કરતાં માળણને ફૂલ વીણતાં જુએ છે. તેની પાસે જાય છે અને માળણ સાથે વાત કરતાં કહે છે, “બહેન, તું કઈ બાજુથી આવે છે, અને આ ફૂલો વીણીને શું કરીશ ?” માળણ કહે છે, “હું જાયેરિયાગઢની માળણ છું. અળખુંરાણી માટે હાર ગૂંથવા માટે ફૂલ લેવા આવી છું. રાણી અમને ફૂલોના હારનો મોટો પુરસ્કાર આપે છે.” ચાંદો માળણને ખોબો ભરીને સોનાની મહોરો આપે છે. માળણ સોનાની મહોરો જોઈને રાજી થાય છે. તે ચાંદાને કહે છે, “હે ભાઈ ! હરિયા બાગમાં કયા કામ માટે પોઠી આવ્યા છે? વીરા, જાયેરિયાગઢમાં તારે કોઈ કામ હોય તો કહે. તેં આ કયા કામ માટે મને ભેટ આપી છે ?” ચાંદો રાઠોડ કહે છે, “બાઈ, તારી અળખું રાણીને જઈને એટલું કહેજે કે ગુજણિયાગઢના રાઠોડ કાલના મામેરે આવ્યા છે, અને તેઓ સૂરજપોળમાં સામૈયાની રાહ જુએ છે. માટે સામૈયા માઢે ઝટ જા. તું આટલા સમાચાર અળખું વેવાણને ઝટ આપ.”

જાયેરિયાની માળણ છાબડીમાંથી ફૂલ ફેંકી દઈને દોડતી શેરીબજારે થઈને



વાદળમહેલે આવે છે, અને અળખુંને કહે છે, “હે માતા ! છોકરીઓને ગાવાની અને નાચવાની વાત લઈને આવી છું! ગુજણિયાગઢના રાઠોડ મામેરું લઈને કાલના હરિયા બાગમાં આવ્યા છે. સૂરજપોળોમાં તમારા સામૈયાની રાહ જોતા ઊભા છે.”

માળણની વાત સાંભળીને રાણી અળખું રાઠોડોના સામૈયાની તૈયારી કરવાનો આદેશ આપે છે. ફૂલી અને લાલી, ઠમકું અને જમકું, લાલી અને લીલી દાસીઓ સામૈયાની તૈયારી કરે છે. અળખું વેવાણ નવલાખની સાડી માથા ઉપરથી નીચે નાખીને તૂટેલું ઓઢણું ઓઢે છે. કમરે ફાટેલો ચણિયો પહેરે છે. છાતીએ તૂટેલી કાંચળી પહેરે છે. અળખું વેવાણ હોળીમાં આવતા ‘ઝરખું’ના વેશ જેવી બનીને રાઠોડોના સામૈયે જવાની તૈયારી કરે છે.

રાઠોડ સોળૈયો શણગાર સજીને ઊગતા સૂરજને વંદે છે. પાટવી પાબુજી કેશર ઘોડી પર સવાર થઈને ઘોડાની લગામ ખેંચે છે. તે સૂરજપોળના દરવાજે આવીને ઊભો રહે છે. તેની પાછળ ફૂલવછેરા પર સવાર થઈને ચાંદોજી આવે છે. ચાંદાની પાછળ ઢેબોજી રાઠોડ આવે છે. ઢેબાજીની પાછળ શૂરોજી આવે છે. શૂરાજીની પાછળ બૂરોજી અને બૂરાજીની પાછળ હેકજી અને ટેકજી સરદાર સૂરજપોળોમાં આવીને ઊભા રહે છે. રાઠોડ પોતાના મોભા પ્રમાણે એક જ પંક્તિમાં ઊભા રહી સામૈયાની રાહ જોતા ઊભા છે.

અળખું વેવાણ રાઠોડોના સામૈયા માટે “ધરમર ધરમર’ વાદળમહેલ ઊતરે છે. દાસી-છોકરીઓ ગીતો ગાય છે, અને બધી સ્ત્રીઓ સૂરજપોળમાં આવે છે. પાબુજી અળખું વેવાણનો ‘ઝરખું ’ જેવો વેશ જુએ છે અને મનમાં વિચારે છે, “ઓ તારી માની...! આ વેવાણે શું વેશ કાઢ્યો છે? જગતમાં ખોટું કામ આવ્યું. અમે તો સોનુંરૂપું, હીરામાણેકનું દાન કરવા માટે આવ્યા છીએ. મોંઘા મહેમાન બનીને પૂરા માનપાન સાથે લાપશી ખાવાની આશાએ આવ્યા છીએ અને આ વેવાણે શું કળા કરી? વેવાણે તો ખરો વેશ કાઢ્યો છે ને ?”સૌથી આગળ પાટવી પાબુજી છે. તેની સામે આવીને અળખું ઊભી રહે છે. દાસીઓ તેની આજુબાજુ ઊભી છે. અળખું હાથમાં થાળ લે છે. તે ઘોડીની પાછળ જઈને કેશર ઘોડીના પૂંછડે તિલક કરે છે, ત્યાર પછી આગળ આવીને પાબુજીની બોચીમાં ટીલું કરે છે. વેવાણનું અણછાજતું વર્તન જોઈને ચાંદો રાઠોડ ક્રોધથી



થરથર ધ્રૂજવા લાગ્યો છે. તે અળખું વેવાણને કહે છે, ''વેવાણ, મારી વાત સાંભળ. તમે ઘોડીના પૂછડે ટીલાં કેમ કર્યાં ? પાબુજીના કપાળે તિલક કરવાને બદલે બોચીમાં કેમ કર્યું ? કયા કારણે તમે અમને હલકા ગણ્યા? અમે તો મામેરામાં હીરામાણેક અને મોતીની પોઠો ભરીને આવ્યા છીએ. રાજી થવાને બદલે તું અવળચંડાઈ કેમ કરે છે?'' પ્રત્યુત્તરમાં અળખું કહે છે,''હે ચાંદાજી ! વધારે બોલ્યા વિના તારા ઘોડાની લગામ કાઠી પકડ! તું ચડે ઘોડે આવ્યો છે, તે તો અમે જાણ્યું!'' ચાંદોજી કહે છે,''કયા કારણસર વેવાણ તમે અમને કથીર બરાબર કરી નાખ્યા?આખા દેશનો દીવો અમારો પાટવી ભાઈ પાબુજી ! તેમની બોચીમાં ટીલું કરવાનું તારે કયું કારણ?'' અળખું કહે છે, ''તમે દેશના દીવા છો એ તો અમે જાણ્યું ! ઘણા શૂરવીર છો એ પણ જાણ્યું ! પેલું ગરીબ 'બાપરું !'વણજારું મારીને અહીં પોઠો ભરીને મામેરે આવ્યા ! જોયું તમારું શૂરાતન ! તમે તો સૂનાં ઢોરના ચોર છો !'' હવે વેવાણ અને વેવાઈ વચ્ચે ઝઘડો જામ્યો છે. સામસામે મહેણાંનો 'ધમકો' ઊડે છે, સૂરજપોળોમાં. ચાંદોજી કહે છે, ''વેવાણ ! તું મોઢું સંભાળીને બોલ !' આ ઘરના વાઘને તારા બોલ ખારા (કડવા) લાગે છે. તું અમને હલકું હલકું બોલ નહીં.'' અળખું વેવાણ કહે છે, 'તમે ઘરના વાઘ છો એ તો જાણ્યું! અલ્યા, કન્યાદાનમાં આપેલાં તારી બહેનનાં દહેજ તો ઘરમાં રાખ્યાં છે અને અહીં અમારા આંગણે ખારા મીઠાની પોઠો ભરીને આવ્યું છે? ધીમું બોલ! અને આવ્યું એ રસ્તે પાછું જા !'' અળખુંનાં કડવાં વચનોથી ચાંદાજીનો ક્રોધ વધવા માંડે છે. ગુસ્સાના આવેશમાં કહે છે, ''અમે તારા આંગણે આવ્યા છીએ અને અમને તું આમ કેમ બોલે છે'લી? હમણાં ગોફણ વીંજવું એમ વીંજવીશ તો બાર અને બારના છવ્વીસ (ચોવીસ) ગાઉને માથે જઈને પડીશ !'' વેવાણ કહે છે, ''એ તો તને શૂરવીર જાણ્યો ! ઘણો જ બહાદુર હોય તો જા વેરાઠનગરીમાં. ત્યાં મારા બે બહાદુર ભાઈઓ, શૂરો (હૂરો) અને સજમોલ(હઝમોલ) રાજ કરે છે. તેમનાં માથાં થાળીઓમાં મૂકી, થાળીઓ મારી ભાભીઓના ખોળામાં મૂકી, 'વાજમી' વહેલમાં મારી ભાભીઓને બેસાડીને અહીં સૂરજપોળોમાં લઈ આવે તો જ હું તને શૂરવીર ગણું અને તો જ તમારા કપાળમાં સમાં તિલક કરી ચોખલિયે વધાવી સામૈયું કરીશ !''

ଓଃଓଃଓଃଓଃଓଃଓଃ

અળખુંની વાતોથી રાઠોડોની છાતીમાં શેરડા પડે છે. તેઓ મૂછે તાવ દે છે. જતાં જતાં પાબુજી અળખુંને કહે છે, " હે વેવાણ ! તારા ભાઈઓ માટે આવું હલકું કેમ ઇચ્છે છે ? તારી આ વાતો કઈ બાજુ જશે અને કેવું થશે? જગતમાં ખોટું કામ થશે ." પાબુ અને ચાંદો બધા રાઠોડ સરદારો સાથે ઘોડા વાળે છે, અને હરિયા બાગમાં પાછા આવે છે. તેઓ ગુજણિયે જવાની તૈયારી કરે છે. રસ્તામાં પાબુજી સરદારોને કહે છે,"વેરાઠનગરીમાં રાજાનાં મુગટ સાથેનાં માથાં આપણે લેવાનાં છે. વિલંબ કરીશું તો મોડું થશે."

રાઠોડ સરદારો પાબુજી અને ચાંદોજી સાથે ગઢમાં આવે છે. ભાગ્યવાનના બોલ અને અભાગીના તૂટે પગ. પાબુજીના કહેવાથી ગુજણિયાગઢમાંથી વેરાઠમાં યુદ્ધ કરવા માટે જવાનું નક્કી કરવા માટે વહેલી સવારે ભેગા થવાનો 'ઝણ' ફરવા લાગ્યો છે.

શૂરો અને સજમોલ

સૂર્યનાં ઊગતાં કિરણોમાં બધા સરદાર ભેગા થાય છે. લીલી અને પીળી જાજમો પથરાય છે. સરદારો જાજમો ઉપર વિરાજે છે. રાઠોડોનું રાવણું બરાબર 'જક્યું' છે. લીલી તમાકુના રૂપનળા હોકા જાજમો ઉપર ફરે છે. અમલનાં પોતાં ફરે છે. દારૂની સાખો ફરે છે, અને રાઠોડોમાં 'ગરમી ગરમી' વાતો થાય છે. તેઓ દારૂના 'સખિયા' થઈ ગયા છે અને દારૂના નશામાં બોલવા લાગ્યા છે. પાટવી પાબુજી વાત કરે છે, "હે ભાઈઓ, આપણે વેરાઠનગરીમાં રમવા જવાનું છે. ભલે આવી શૂરા નરોની વાત. જીવતા રહીશું તો ગુજણિયાગઢમાં પાછા આવીશું. મૂઆ તો 'નરવર ગડ ઝોઆર !" અફીણ અને દારૂના નશામાં ચક્ચૂર રાઠોડો પાબુની વાતોનો સ્વીકાર કરે છે, અને કહે છે."જ્યાં જઈશું ત્યાં સાથે જ ભેગા ને ભેગા જઈશું. સાથે જ મરશું ! જીવશું તો સાથે જ જીવશું !" રાઠોડ સરદાર વહેલી સવારે નગરીમાં રમખું માંડવાનું નક્કી કરીને વેરાય છે.

બીજા દિવસે સૂરજ ઊગે છે અને કિરણો જગત પર પથરાય છે. માણેકચોકમાં પાબુ અને ચાંદો કાકાભાઈઓની રાહ જોતા ઊભા છે. પરંતુ,



એક પણ રાઠોડ સરદાર માણેકચોક બાજુ ફરકતો નથી. બંને ભાઈ વિચારે છે કે, ''મામેરાની લાપશી ખાવા માટે તો બધા આવ્યા હતા પરંતુ મરવા માટે કોઈ આવશે નહીં. માજણ્યા ભાઈ હશે અને એક જ બાપના દીકરા હશે તે જ સાથે રહેશે અને સાથે મરશે !'' પાબુ અને ચાંદો, શૂરિયો અને બૂરિયો, ઢેબો અને હેબો, ટેકજી અને હેકજી - બધા એક બાપના દીકરા મૂછો આમળે છે અને લડાઈમાં જવાની તૈયારી કરે છે. પીઠ પાછળ ઢાલ અને તલવાર ભરાવે છે. હાથમાં સિંદૂર રંગના ભાલા અને ફૂલ્લીવાળી બંદૂકો લે છે તો કેટલાક ભાઈઓ તીર કમાન લે છે. ઘોડાંને ઉલાળિયાં લગામ ઘાલે છે. તાણીને તંગ ભીડે છે, અને બધા ભાઈ છલંગીને ઘોડેસવાર થાય છે. ઘોડાને તીખા ચાબુક રોળવે છે, અને ઘોડા ખેલાવતા-ખેલાવતા વિરાઠની સીમમાં આવે છે.

થાક્યા હોવાના કારણે બધા ભાઈ પારસ પીપળે જાજમો પાથરીને બપોર ગાળે છે. ઘોડાંની લગામ કાઢીને થડે બાંધે છે. 'કાબરી - પટોરી' જાજમો પાથરે છે. અમલ ગાળે છે અને પીએ છે. પાટવી પાબુજી ચાંદાજીને કહે છે, ''તું આગળની ઘાટીમાં જઈને એ તો જોઈ આવ કે દુશ્મનો આપણા ઉપર હુમલો કરે તો કઈ બાજુથી ભાગી શકાય.'' ચાંદોજી કહે છે, ''હે પાટવી પાબુજી ! તું મોટો થઈને 'સોટી સોટી' વાતો કેમ કરે છે ?અહીં આવ્યા પછી ભાગી જવાની વાતો કેમ કરે છે?'' પાબુજી કહે છે, ''આપણે પારકા દેશમાં આવ્યા છીએ. આ દેશ પરાયો છે અને ધરતી પારકી છે. આ ભૂમિથી આપણે અજાણ છીએ.માટે આપણે કઈ બાજુથી લડવાનું અને દુશ્મનનો સામનો ન કરી શકીએ તો કઈ બાજુથી ભાગી શકાય. આ બધું જોયા વિના નગરમાં દાખલ ન થઈ શકાય. આ બધું જાણ્યા વિના કેવું પરિણામ આવે ?'' હવે તે આદેશ આપતાં કહે છે, ''ચાંદાજી, તું ઘાટીનો મારગ જોઈ આવ અને ઢેબાજી, તું ડુંગર ચઢીને વેરાઠનગરીથી આવતા જતા માણસોને જોતો રહે.''

ઘાટીના મારગ જોઈ આવ્યા પછી પાબુ અને ચાંદો વહેલી સવારે ઘાટીની બંને બાજુના મારગ રોકીને ઊભા રહે છે. ઢેબોજી હાંફતો હાંફતો ડુંગર ચડે છે અને ડુંગરે આવેલા મોટા સરગવાના ઝાડ ઉપર ચડે છે. તે વેરાઠનગરીના આવતા જતા રસ્તા જુએ છે. સૂર્ય ઊગે છે અને જગતમાં કિરણો ફેલાય છે. ઢેબોજી સરગવાના ઝાડ પર બેઠોબેઠો તડકો ખાય છે. વેરાઠનગરીમાંથી શૂરા



(હૂરા) અને સજમોલ(હઝમોલ)ની સવાસો સાંઢોના ટોળા છૂટ્યા છે. ખડીએથી ધૂળ ઊડવાને કારણે ડમરીઓ ચડાવા લાગી છે. પ્રથમ વરસાદ આવતાં પહેલાં ઊઠતા વંટોળ જેવી સાંઢો આવે છે અને ડુંગર ઉપર કબૂતરોનો સમૂહ બેઠો હોય તેવું લાગે છે. ધૂળના કારણે સાંઢોની પાછળ કોણ આવી રહ્યું છે તે દેખાતું નથી. હવે સાંઢો આગળ નીકળવા લાગી છે. તેમની પાછળ પાછળ ગોવાળ-રબારી ચકરડી ફેરવી દોરડું આમળી 'પાન' (લાકડાની ચકરડી ફેરવીને દોરડું વણવાની ક્રિયા) મૂકતો મૂકતો આવે છે. બગલમાં કૂવાના પાટની લાકડી દબાવી છે અને મારગે મારગે આવે છે. ઢેબોજી જુએ છે તો સાંઢોના ટોળાની પાછળ કોઈ નાનો ડુંગર ચાલ્યો આવતો હોય એવું લાગે છે. ખભા પાછળ પાણી પીવા માટે આખા પાડાના ચામડાનો કોસ લટકે છે. દિવસ સવા પહોર ચડ્યો છે અને રબારી આવી રહ્યો છે. ઢેબો રાઠોડ સરગવાના ઝાડ ઉપર બેઠોબેઠો તેને આવતો જુએ છે. રબારીનું રૂપ જોઈને ધ્રૂજણિયો તાવ ચડે છે અને આખું સરગવાનું ઝાડ થરથર ધ્રૂજે છે. તે વિચારે છે, " બધી સાંઢો તો આવી ગઈ પણ ડુંગરના મોટા શિખર જેવું આ કયું જનાવર આવી રહ્યું છે ?" હવે તે ભયનો માર્યો થરથર ધ્રૂજે છે અને ઝાડ ઉપરથી નીચે ઊતરે છે. નીચે ઊતરતાં વાર થતી હોવાથી તે ઝાડ ઉપરથી સીધું નીચે પડતું મૂકે છે, અને મૂઠીઓ વાળીને ભાગે છે. ઢેબોજી ડુંગર ઊતરીને પાબુજી અને ચાંદાજી પાસે આવે છે અને તેમને વાત કરે છે, "અરે, આ સાંઢોના ટોળા પાછળ તો આખી ડુંગરી આવી રહી છે ! આપણે આના વિશે કંઈ પણ જાણતા નથી. માટે આપણે અહીંથી ઝટઝટ ભાગી જઈએ. નહીં તો આપણને પૂરા મારી નાખશે!" પાબુજી સાંઢોની પાછળ આવતા રબારીને જુએ છે અને કહે છે, "અલ્યા, એ ઢેબાજી ! તું સમા કાળજે રહેજે ! એ તો સાંઢોનો ગોવાળ છે. તેને દેખીને તને તાવ કેમ ચઢ્યો? ધીરજ ધર; તું થરથર કેમ કાંપે છે?" ઢેબોજી કહે છે, "પાબુજી, જગતમાં ખોટું કામ આવશે. સાંઢોનો ગોવાળ આવો છે તો સાંઢોના ધણી કેવા હશે ? તેઓ અહીં આવશે તો પાછા ફરવાની વાટ જોઈ શકીશું નહીં. ભાઈઓ, મારું કહ્યું માનીને આપણે બધા અહીંથી ભાગી છૂટીએ". ઢેબાજીની વાત સાંભળીને પાબુજી ચાંદાજીને કહે છે, "આજે આપણી વાત બનવાની નથી. આજે તો અહીંથી આપણા ઘોડાઓને પાછા વાળો."



રાઠોડ વેરાઠનગરીની સીમમાંથી ગુજણિયાગઢમાં પાછા આવે છે. પરંતુ, કશું જ કર્યા વિના પાછા ફર્યા હોવાથી ચાંદાજીને ગુજણિયામાં ચેન પડતું નથી. તે વિચારે છે, ''અમે વેરાઠનગરીની સીમમાંથી કશું કર્યા વિના પાછા ફર્યા છીએ એ વાત રાઠોડ સરદારો જાણશે તો તેઓ શું ધારશે?'' આમ વિચારીને તે પાબુજીને કહે છે, ''આપણે હીરાપથ પરીના દીકરા છીએ. આપણને જન્મ દેનારી કુશળ રહેજો ! આપણે બહાદુર બાપના દીકરા છીએ ! તું આપણા પિતાનાં પરાક્રમોને યાદ કર. આપણને વેવાણે મહેણાં માર્યાં છે. આ મહેણાં ભાંગશું નહીં તો આપણે શૂરવીર ગણાશું નહીં. આપણે મરી જઈશું તો ભલે! પણ ચાલ, આપણે ફરીને વેરાઠનગરીમાં જઈએ, શૂરા અને સજમોલનાં માથાં લેવા. આ માટે આપણે આપણા કુળદેવતાઓની 'સેવાના' (ઉપાસના) કરીએ. તેઓ આપણને અવશ્ય મદદ કરશે જ.''

જગતમાં સોનાનો સૂરજ ઊગે છે. ચાંદોજી અને પાબુજી ઊગતા સૂરજને વંદે છે. ચાંદોજી ગૂગળના હોમ કરી, શંખ ફૂંકી, ઝાલર વગાડીને ગોત્રનાં દેવીદેવીઓની ઉપાસના (સેવના) કરે છે. તે ખેરાના ખેતલાને સ્મરે છે, ''હે સીમદેવ ખેતલા ! અમે વેરાઠમાં રમવા જઈએ છીએ અને તું અમારા ભાલા અને તલવારે ભેગો આવજે ! આ ભાલાથી તું જ લડજે'', સૂડાની ચામુંડાને સ્મરણ કરતાં કહે છે, ''હે ચામુંડા ! આપણે વિરાઠનગરીમાં રમખું માંડ્યું છે, આ ભાલા ઉપર બેસીને તું તૂટી પડજે !'' તે ભવાની જોગણીને કહે છે, ''હે ભવાની જોગણી ! તું ખાલી ખપ્પર સીધાં કર અને ભરીભરીને લોહી ભરખ જે ! ''

હવે તે ગોત્રનાં દેવદેવીઓની માનતા માનતાં કહે છે, ''હે ગોત્રનાં દેવ-દેવીઓ ! અમે વિરાઠનગરીમાં શૂરા અને સજમોલનાં માથાં લેવા જઈએ છીએ. માથાં લઈને સાજાતાજા પાછા આવીશું અને જાયેરિયાની અળખું વેવાણ સૂરજપોળોમાં અમારું સામૈયું કરશે તો તમને પાડા અને બકરાની જોડી ચઢાવીશું. તમે અમારી રણહાક સાથે ભેગાં આવજો.'' ગોત્રનાં દેવ-દેવીઓનાં સ્મરણ પછી રાઠોડ શસ્ત્રો સજે છે; તલવારો લે છે; ભાલા લે છે; ફૂલ્લીવાળી બંદૂકો લે છે. ઘોડાંને ઉલાળિયાં લગામ ઘાલે છે અને ઘોડાં ઉપર છલંગી સવાર થાય છે. 'કેશર કારમી' ઘોડી ઉપર પાટવી પાબુજી સવાર થાય છે અને ફૂલ વછેરા



ઉપર ચાંદોજી. ઉલાળિયાં લગામ ઢીલાં મૂકે છે અને ઘોડાઘોડીઓ પવન વેગે જવા લાગે છે.

માણેકચોક પાછળ મૂકે છે અને ઘોડા વનખંડમાં આવે છે. વનખંડ પાછળ મૂકે છે અને બંને ભાઈઓ વિરાઠનગરીની સીમમાં પ્રવેશે છે. 'ધરમર' ઘોડાંના ડાબલા વાગે છે અને 'તૂદળી' રેતો ઊડે છે. બંને ભાઈઓ પારેખ પીપળે આવે છે અને પાબુજી કહે છે, ''ઘોડા થાક્યા છે માટે ઘોડાંની લગામો કાઢો. અમલ લેવાની વેળા પણ થઈ છે.'' અમલના 'ઠુંગરા' કરીએ અને પછી 'રમખું' માંડવા જઈએ. ભલે આવી શૂરા નરોની વાત!'' લીલી-પીળી જાજમો પાથરી પારેખ પીપળાની છાયામાં બંને ભાઈ બેસે છે. અમલ ગાળે છે અને અમલ પીએ છે. અમલના ઘેનમાં પાબુજી ચાંદાજીને કહે છે, '' ભાઈ, ઘાટીનો રસ્તો જોઈ આવ. વળી દુશ્મન આવશે તો આપણે કઈ બાજુ ભાગશું ?'' હવે ચાંદાજીને મોટાભાઈ ઉપર રીસ ચડે છે અને તેને સમજાવતાં કહે છે, ''હે મોટા ભાઈ ! એકની એક વાત ફરીફરીને કેમ કહે છે? તું મોટો થઈને છોટુંછોટું કેમ બોલે છે?થનારી વાતો તો થશે જ. આ વખતે આપણે પાછા ફરવાના નથી. જેમ થવાનું હશે તે થશે. આ વખતે ઠાલા જવાનું નથી.કાંતો મરી જઈએ અથવા તો વિરાઠનગરીમાં રાજાનાં માથાં લઈને જઈએ, તો જ ગુજણિયાના ધણી કહેવાઈએ !'' બંને ભાઈ એકમત થાય છે.

કૂકડે પોતાનું સ્થાન છોડી દીધું છે. પીળિયાં પ્રભાત થયાં છે. બંને ભાઈઓ ઘાટીની બંને બાજુના રસ્તા રોકીને બેસી ગયા છે. શૂરા અને સજમોલની સવાસો સાંઢોના ટોળા છૂટ્યા છે. પહેલા વરસાદ પહેલાં ઊઠતી ધૂળની ડમરીઓની જેમ સાંઢો આવી રહી છે. પાછળ ડુંગરના શિખર જેવો રબારી આવી રહ્યો છે. સવાસો ગાયોનાં તાજાં જન્મેલાં વાછરડાં પીઠ પાછળ બાંધેલાં છે. ઘાટીની નજીક ને નજીક રબારી આવી રહ્યો છે. પાબુ રબારીને જોઈને કહે છે, ''હે ભાઈ રબારી ! આ કયા ધણીની સાંઢો છે ?'' રબારી કહે છે, ''હું તો મોટા ધણીઓની સાંઢો ચારું છું.'' ચાંદોજી પૂછે છે, ''ભાઈ, તારા રાજાનું શું નામ છે?'' ''મારા રાજાનું નામ શૂરો અને સજમોલ છે.'' પાબુજી કહે છે, ''ભાઈ, તારા રાજાનું અમારે થોડુંક કામ છે. તારા રાજા પાસે અમારા સમાચાર લઈને જઈશ ?'' ''હું તો સાંઢો ચારવા જાઉં છું. સાંઢો સૂની મૂકીને તમારા



સમાચાર આપવા જાઉં એવો હું નથી.'' પાબુજી કહે છે, ''ભાઈ, જા ને, અમે તારી સાંઢોને રોકિયે છીએ. અમારા થોડાક સમાચાર છે, તે કહીને પાછો આવ.'' રબારી કહે છે, ''હું તો સૂની સાંઢો મૂકીને ક્યાંયે જતો નથી. તમારે કામ હોય તો તમે જાઓ.'' રબારી ચાંદાની તદ્દન નજીક આવે છે. ચાંદોજી રબારી ઉપર હાથ નાખે છે અને રબારીનું નાક અને કાન કાપી લે છે.પાબુજી રબારીને કહે છે, ''તારા રાજાને જઈને એટલું કહેજે કે ગુજણિયાગઢથી પાબુ અને ચાંદો આવ્યા છે અને મારાં નાક અને કાન કાપીને સાંઢો લઈને જઈ રહ્યા છે. તમારે સાંઢો વાળવી હોય તો જલદી આવો. ઢીલ કરશો તો મોડું થશે.'' 'બાપરો'; રબારી તો બૂચા નાક અને કાનનો થઈ ગયો અને જમીન ઉપર આળોટવા લાગ્યો. પાબુ અને ચાંદો સાંઢોને હાંકીને 'ધધમાટે ધધમાટે' જવા લાગ્યા છે.

વિરાઠનગરીમાં કચેરી ભરાઈ છે. શૂરો અને સજમોલ રાજા સરદારો સાથે 'ગરમી ગરમી' વાતો કરે છે. દારૂ પીવાય છે અને 'હૂળાં'ની 'કૉબરિયો' ફરે છે. કચેરીમાં 'ધમકે ધમકો' ઊડે છે. રબારી દુઃખને કારણે બૂમો પાડે છે અને દોડે છે. તે કચેરીમાં આવીને 'ભૂહ' દઈને પડે છે અને નીચે આળોટે છે. શૂરો અને સજમોલ રબારીને પૂછે છે, ''રબારી, તને કોણે કૂટ્યો અને કોણે માર્યો ? તારા ઝઘડાની વાત કર.'' રબારી રડતો રડતો કહે છે, ''ધણિયો, આ જગતમાં ખોટું કામ થયું. મારું નાક અને કાન કાપી આપણી સવાસો સાંઢોના ટોળા લઈને ચાલતા થયા ગુજણિયા ગઢની વાટે. જતાંજતાં પાબુ અને ચાંદાએ કહ્યું છે કે, તારા રાજાને જઈને એટલું કહેજે કે તારે જો સાંઢો પાછી વાળવી હોય તો તારું 'ફોઝ-ફોટું' મેળવીને વિરાઠનગરીની સીમમાં આવતો રહે.''

શૂરો અને સજમોલ રાજા પોતાના સરદારોને આદેશ આપતાં કહે છે, '' પારકા દેશના આવીને આપણા દેશમાં ભેળાણ કરી જાય એ કેમ ચાલે? પાટવી નગારે ડંકા પાડો, 'વારી ઢોલ' વગાડો અને યુદ્ધની તૈયારી કરો. દુશ્મનોને આપણી સીમમાં જ ઘેરી લઈએ.''

રાજાના આદેશથી સરદારો શસ્ત્રો સજે છે. સિંદૂરિયા ભાલા લે છે; રૂપનળી બંદૂકો લે છે; ઢાલ અને તલવારો લે છે; તોપનાં નિશાન પડે છે; 'વોક તૂરઈયાં'



વાગે છે; 'હૂરી હૂરી' બૂમો પડે છે. શૂરા અને સજમોલની ફોજ નીકળે છે. સીમમાં આવીને રાજા કહે છે, ''પાબુ અને ચાંદાએ આપણા દેશમાં આવીને આપણી જ સાંઢો લીધી. આપણા રબારીને બૂચો કર્યો. આજે દુશ્મનોને જીવતા જવા દેવા નથી. 'અવળી અને તવળી વેંટો' પાડીને દુશ્મનોને ઘેરી લો.'' બધા સરદારો પાબુ અને ચાંદાને ચારે બાજુથી ઘેરી લે છે. શૂરા અને સજમોલ બંને ભાઈઓને લાગે છે કે, દુશ્મન હવે કોઈ રીતે છટકી શકે તેમ નથી. તેઓ દુશ્મનની ફોજ જોવા અને લડાઈ વિના સાંઢો પાછી આપવા માટે સમજાવવા હજામને દૂત બનાવીને મોકલે છે.

હજામ રાજાનું કહેણ લઈને પાબુ અને ચાંદા પાસે જાય છે, અને કહે છે, ''હે શૂરા ધણિયો! તમારું 'ફોઝ ફોટું' ક્યાં છે ? તમે બંને ભાઈઓએ આવો અન્યાય કેમ કર્યો ? હવે તમે અમારા ધણીની ટક્કરથી બચી શકશો નહીં.'' પાબુ કહે છે, ''ભાઈ, અમે તમારી ભૂમિમાં આવ્યા છીએ. અમારા માટે આ ભૂમિ અજાણી છે. વળી અમે બે જ ભાઈઓ છીએ. અમે એ પણ જાણીએ છીએ કે તમારા રાજા અમને જીવતા છોડવાના નથી. તમારી સાંઢો હરીને અભિમાન કરવા માટે પણ આવ્યા નથી. અમે તો તમારા હાથે મરવા માટે જ આવ્યા છીએ. તમારા રાજા અમને મારે તો ભલે મારે, પણ આ વનમાં કોઈ ખાસ દેખશે નહીં. અહીં જેટલા આવ્યા છે એટલા જ તમારા રાજાની વીરતાને જોશે.'' પાબુ વાત કરતાં આગળ કહે છે, ''તમારા રાજાને જઈને એટલું કહેજે કે તમારી વીરતા અને અમારું મોત જોવા આખા નગરના લોકોને ભેગાં કરે. ઘાંચી-મોચી-તૂરી-તરગાળા કોઈ પણ માણસ ઘેર રહેવું જોઈએ નહીં. વળી તમારા રાજા રાણીઓને પણ તેડી લાવે. જેથી તેઓ પણ તેમના પતિની વીરતાને નજરોનજર નિહાળી શકે !''

પાબુનો સંદેશો લઈને કાસદ શૂરા-સજમોલ પાસે આવે છે, અને પાબુનો સંદેશો યથાતથ કહે છે. બંને ભાઈઓ વિચારે છે, ''તેમની વાત સાચી છે. બે ભાઈ આપણી ફોજની 'અવળી તવળી વેંટો'માંથી કઈ રીતે છટકી શકશે ? માટે તેમના મોતને નગરજનો ભલે જુએ!'' હવે શૂરો કાસદને આદેશ આપે છે કે, ''તું નગરનાં બધાં માણસોને બોલાવી લાવ. રાણીઓને પણ તેડી લાવ. આપણી સાંઢોને હરી જનારાઓના અમે કેવા હાલ કરીએ છીએ તે તેઓ



નજરોનજર જુએ તો ખરાં!'' દૂતનો સંદેશો સાંભળીને વેરાઠનગરીનાં લોકો ગુજણિયાના રાજાને મારવાનું આ નવું દશ્ય જોવા ઊમટ્યાં છે. શૂરા અને સજમોલની રાણીઓને પણ સન્માન સાથે વેરાઠનગરીની સીમમાં રાજા અને સરદારોની વીરતાનું આ અનોખું દશ્ય જોવા માટે તેડી લાવે છે.

રાજાના કહેવાથી દૂત ફરીને પાબુ અને ચાંદાની પાસે આવે છે અને કહે છે, ''હે ગુજણિયાગઢના રાજા ! આખા નગરનાં લોકો તમારું મોત જોવા ઊમટ્યાં છે. રાણીઓ પણ તમારું મોત નિહાળવા સીમમાં પધારી છે. હવે તો તમારે મરવાની ઘડીઓ ગણાઈ રહી છે. માટે વિલંબ કરવાથી મોડું થશે.'' પાબુજી કહે છે, ''એ તો ભાઈ, અમે પણ જાણીએ છીએ કે તમારા શૂરવીર રાજા અમને જીવતા જવા દેવાના નથી. પણ અમારે મરતાં મરતાં થોડુંક રમવાની ઇચ્છા છે. આથી તારા રાજાને એટલું કહેજે કે તમારા બહાદુર સરદારો શસ્ત્રો સાથે મારગની બંને બાજુએ એક એક પંક્તિમાં ઊભા રાખે. હા, પણ અમને મારગની વચ્ચે વીરતાથી રમવા દેજો. જેથી અમને મર્યા પછી મોક્ષ મળે.''

હજામ આવીને રાજાને પાબુ અને ચાંદાનો સંદેશો કહે છે. શૂરો-અજમોલ કહે છે, ''અરે, એ તો મામાની ગાયો છે ! તેઓ હવે ક્યાં જવાના છે? તેમને ઘડીએક રમવા દઈએ. બધા સરદારો ખુલ્લાં શસ્ત્રો સાથે માર્ગની બંને બાજુ એકએક કતારમાં ઊભા રહો, અને જેવા તેઓ આપણી સાથે રમતા રમતા પાછા જાય ત્યારે તેઓને ઠાર મારો.'' રાજાના આદેશથી બધા સરદારો મારગની બંને બાજુએ શસ્ત્રો સાથે ગોઠવાય છે. બંને પંક્તિની વચમાં લડવાનો મારગ રાખે છે.

પાબુ અને ચાંદો શૂરા અને સજમોલની ફોજો ઉપર હુમલો કરતા પહેલાં વેરાઠનાં દેવ અને ગોત્રના દેવોનું સ્મરણ કરવાની તૈયારી કરે છે. તેઓ વિરાઠનગરીની સીમમાં ઊભા ઊભા વિચાર કરે છે કે, ''એક બાજુ આપણી બે ભાઈની જોડી એકલી છે. જ્યારે બીજી બાજુ તો વેરાઠનગરીનાં તમામ લોકો છે. માનવી, માનવીમાં, માનવી છે ! હાથી, ઘોડા અને ઊંટોનો પાર નથી. આવા સંજોગોમાં આપણે દેવદેવીઓની મદદ વિના કેમ કરીને જીવતા જઈશું ? આપણે આ પરાયા દેશની સીમમાં આવ્યા છીએ. માટે સૌથી પહેલાં



આ સીમનાં દેવદેવીઓનું સ્મરણ કરીએ. તેઓ કેટલાયે દિવસનાં ભૂખ્યાં છે. માટે તેઓને માણસોનો ભોગ ધરાવીએ. તેઓ આપણા હથિયારે અવશ્ય ભેગાં આવશે.'' છોટાં પગનો ચાંદો ગૂગળના હોમ કરે છે, અને શંખ ફૂંકે છે. તે આ સીમના ખેતલાને યાદ કરતાં કહે છે, ''હે ખેરાના ખેતલા ! અમે તારા ખેરામાં તને ભોગ ધરાવવા માટે આવ્યા છીએ'' ! તું અમારા ભાલે ભેગો આવજે.'' તે સૂડાની ચામુંડાનું સ્મરણ કરતાં કહે છે, ''તું અમારા સાથમાં રહેજે. તને આજે દૂધે પેટ ભરાવીએ છીએ !'' ભવાની જોગણીને યાદ કરતાં કહે છે, ''હે ભવાની માતા ! તું ખાલી ખપ્પર સમાં કર, તને લોહીથી ખપ્પર ભરાવીએ છીએ !'' આ પછી તે પોતાના ગોત્રદેવોનું સ્મરણ કરતાં કહે છે, ''હે અમારા બાપ-દાદાનાં દેવ! આ દેશ પરાયો છે અને આ જમીન પારકી છે! તમે અમારી વારે આવજો અને ખપ્પર ભરીભરી લોહી ભરખજો !'' ચાંદોજી ગોત્રદેવોનું સ્મરણ પૂરું કરે છે અને કેશર 'કારમી' ઘોડીને વાચા ખૂલે છે. તે કહે છે, ''દીકરા, આગલા ભવમાં હું તમારી માતા હતી! આ અવતારમાં તમને રમાડવા અને ફેરવવા ઘોડીનો અવતાર લઈને આવી છું. આપણે જીતીને જ જવાનું છે. હું કોઈ પણ રીતે તમારો વાળ વાંકો થવા નહીં દઉં. તમે મારા મુખમાં એક ખાંડું મૂકો. ડાબી બાજુના દુશ્મનોને મારવાના મારા ભાગે આવે છે.જમણી બાજુના દુશ્મનો પાબુજી તારા માટે. નાસેલા અને ભટકેલા દુશ્મનો ચાંદાજી તારા ફાળે આવે છે.'' હવે પાબુજી જમણા હાથમાં ખાંડું ધારણ કરે છે. કેશર 'કારમી' ઘોડી ઉપર સવાર થઈને તેના મુખમાં એક ખુલ્લું ખાંડું મૂકે છે. ચાંદોજી હાથમાં સિંદૂરિયો ભાલો લઈને ઊડીને ફૂલવછેરા ઉપર સવાર થાય છે. બંને ભાઈઓ ઘોડાંને કૂંડાળે ઘાલીને શૂરા-સજમોલની ફોજ સામે વળે છે. ઘોડાં 'રવોર' કરતાં પવન વેગે ઊડે છે. તેઓ શૂરા અને સજમોલની ફોજ નજીક આવે છે. મારગની બે બાજુ એક પંક્તિમાં રાજાના સરદારો ઊભા છે. વચ્ચે મારગ છે. સરદારો થાંભલા થઈને ઊભા છે. કેશર 'કારમી' ઘોડી હણહણતી મારગની વચ્ચે ઊડે છે. મોઢામાંના ખાંડાની મદદથી કેશર ઘોડી ડાબી બાજુના સરદાર કાપવા લાગી છે. જમણી બાજુના સરદાર પાબુજી કાપવા લાગ્યો છે. પહેલાં માથાં કપાઈ કપાઈ દૂર પડે છે, અને પછી ધડ નીચે જમીન ઉપર પડે છે. રણમાંથી ભાગેલા સરદારોને ચાંદોજી પીછો પકડીને



મારે છે. 'રમખા'માં શૂરા અને સજમોલનાં માથાં કપાઈને દૂર જઈને પડ્યાં છે, અને ધડના ટુકડા થઈને જમીન ઉપર ફસડાઈ પડ્યાં છે. બે ભાઈઓએ કેશર કારમી ઘોડીની મદદથી શૂરા અને સજમોલની ફોજનો ઘાણ કાઢી નાખ્યો છે. શૂરા અને સજમોલનાં પરાક્રમો જોવા આવેલાં લોકો રાણીઓ સાથે વિરાઠનગર ભણી નાઠાં છે. ભયની મારી રાણીઓ વાદળમહેલ ઉપર ચડી ગઈ છે. પાબુજી ચાંદાજીને કહે છે, ''ઝડપ કરો, આપણે મહેલમાંથી શૂરા અને સજમોલની રાણીઓને નીચે ઉતારીને જાયેરિયાગઢમાં લઈ જવાની છે.'' પાબુ અને ચાંદો કેશર ઘોડી અને ફૂલવછેરાને તીખા ચાબુક રોળવે છે. ઘોડાં પવન વેગે ઊડે છે અને વિરાઠનગરના વાદળમહેલમાં આવે છે. તેઓ રાણીઓને કહે છે, ''અમારે જાયેરિયામાં એક માનતા છે. તમે તમારા પતિઓનાં માથાં રણમેદાનમાંથી ઓળખીને થાળીઓમાં લઈ લો. બાધા પૂરી થવાની સાથે માથાં ઉપર 'અમીના કૂંપા' છાંટવામાં આવશે અને 'કણિયોરની કાંબ' ફેરવવામાં આવશે. તરત જ તમારા મરેલા પતિ જીવતા થશે. તમે ફરીને વિરાઠનગરીમાં તમારા રાજા સાથે ખાજો, પીજો અને માયા માંડજો.'' પતિ ફરીને જીવતા થશે એવી આશાથી રાણીઓ રડતી છાની રહીને પાબુ અને ચાંદાની સાથે જવા તૈયાર થાય છે.

શૂરા અને સજમોલની રાણીઓ માટે વાજમી વહેલો શણગારવામાં આવે છે. તેઓ વાજમી વહેલોમાં બેસે છે. ખોળામાં થાળીઓ મૂકે છે. રણમેદાનમાં આવીને રાણીઓ પોતાના પતિનાં માથાં શોધીને થાળીઓમાં મૂકે છે. થાળીઓ ખોળામાં મૂકીને વહેલમાં બેસે છે. આગળ આગળ વહેલો જાય છે અને પાછળ પાછળ ઘોડાં ઉપર બેસીને પાબુ અને ચાંદો જાય છે. ધૂળની ડમરીઓ ચડે છે. વહેલો જાયેરિયાગઢના હરિયા બાગમાં આવીને ઊભી રહે છે. બાગમાં જાયેરિયાની માળણ ફૂલ વીણે છે. ચાંદોજી માળણને કહે છે, ''માળણ, મારી વાત સાંભળ. તું મહેલમાં જઈને અળખું વેવાણને એટલું કહે કે, વિરાઠનગરી ભેળીને રાઠોડ હરિયા બાગમાં આવ્યા છે અને સૂરજપોળોમાં તારા સામૈયાની રાહ જુએ છે.'' ભાગ્યવાનના બોલ અને અભાગીના તૂટે પગ. માળણ દોડતી દોડતી વાદળમહેલ ચડે છે. તે અળખુંરાણીને કહે છે, ''માતા, તમે મારી વાત સાંભળો. હું તો ગાવાની અને નાચવાની નવલી વાતો લઈને આવી છું.



રાઠોડ વિરાઠનગરમાં જીત મેળવીને આવ્યા છે, અને સૂરજપોળોમાં તમારા સામૈયાની રાહ જોતા ઊભા છે.'' માળણના સમાચારથી અળખું રાણી વિચારે છે, ''રાઠોડ તો સૂનાં ઢોરના ચોર છે. સૂની ટેકરીઓમાં આવતા જતા વટેમાર્ગુને લૂંટીને જીવી ખાય છે અને સૂનાં ઢોર હાંકી જાય છે. તેઓની શી મજાલ છે કે વિરાઠનગરને ભેળી શકે ? લાવને સામૈયાના બહાને ફરીને તેમને એક બે મહેણાં મારી આવું !'' તે દાસીઓને આદેશ આપતાં કહે છે,''ચાલો રે બાઈઓ! સૂરજપોળોમાં રાઠોરના સામૈયે જઈએ.''

અળખું વેવાણ સોળૈયો શણગાર સજવા લાગી છે. કમરે 'મેઘાડાંમોર'નો ચણિયો પહેરે છે. છાતી પ્રમાણે કાંચળી પહેરે છે. આછો સાળુ ઓઢે છે. વાળેવાળે મોતી ગૂંથે છે. ગળામાં હારચીર પહેરે છે. કાનમાં ઝૂમણાં પહેરે છે. નાકે નથણી ઘાલે છે. કપાળ પ્રમાણે ટીલડી ચોડે છે. બાઈ તો રૂપરૂપનો ઢગલો થઈ છે. પૂર્વ દેશનો પવન વાય છે, અને બાઈ તો યૌવનના ભારથી ભાગીભાગીને ટુકડા થાય છે. હરખથી ઊડે છે તો સ્વર્ગે જાય છે, અને નીચે આવે છે તો પાતાળમાં જાય છે. દાસીઓ થાળીઓમાં કંકાવટી મૂકે છે. ચોખા મૂકે છે. ખજૂરિયાળા દીવા મૂકે છે. દસબાર છોકરીઓ આગળ, દસબાર છોકરીઓ પાછળ અને વચ્ચે અળખું વેવાણ ચાલે છે. દાસીઓ ગીતો ગાય છે અને 'રૂમઝૂમ બણાક' કરતી સૂરજપોળોમાં આવે છે. સૂરજપોળોમાં આવીને અળખું વેવાણ જુએ છે તો આગળ શણગારેલી વાજમી વહેલો ઊભી છે અને પાછળ એક જ પંક્તિમાં પાબુ અને ચાંદો ઊભા છે. અળખું વેવાણ નજીક આવીને જુએ છે તો પોતાની ભાભીઓ વહેલમાં બેઠી છે. ખોળામાં થાળીઓ છે અને થાળીઓમાં પોતાના ભાઈઓનાં માથાં છે. વાંકડી મૂછો ! આંખો ઉપર ભમ્મરિયા પટ્ટા અને એ જ બાપુની 'મોંકળા !' હવે અળખુંના હાથમાંથી સામૈયાની થાળીઓ પડી જાય છે. તે પણ 'ભૂહ' દઈને નીચે પડે છે. અળખું છાતી કૂટે છે અને આંસુ સારે છે. તે કહે છે, ''નખ્ખોદ જજો તમારું રાઠોડો ! તમે મારા માજણ્યા ભાઈ મારી નાખ્યા !'' તે હાથે 'ડાચાં' ભરે છે અને વિલાપ કરે છે. ચાંદોજી કહે છે, ''વેવાણ ! હવે છાની રહીને અમારા કપાળમાં તિલક કર અને અમને ચોખલિયે વધાવ ! અમે તારી ભાભીઓના ખોળામાં તારા જ સગા ભાઈઓનાં માથાં લાવ્યા છીએ ! તે દિવસે તો તેં ઘોડાંના પૂછડે



ટીલાં કર્યાં હતાં અને અમારી બોચીમાં તિલક તાણ્યાં હતાં. આજે તો અમે વિરાઠનગર ભેળીને આવ્યા છીએ. હવે તો તું અમને ખજૂરિયાળા દીવા કરીને હેતથી વધાવ !'' અળખું આંસુ સારતાં કહે છે, ''ચાંદિયા ! સામૈયું કરવાની એ તો ગાવા અને નાચવાની વાત છે ! ચોખલિયે વધાવવાની એ તો હસવા અને રમવાની વાત છે ! પાબુજી ! હું તો આજે ભાઈઓ વિનાની બની ગઈ, અને મારી ભાઈ-ભાભીઓની જોડીઓ આ સંસારમાંથી કાયમ તૂટી ગઈ ! જગમાં ઘણું જ ખોટું થયું !'' ચાંદોજી આવેશમાં આવીને કહે છે, ''વેવાણ, તેં માગ્યું અને તને મળ્યું ! હવે કેમ રડે છે ? તું આંખોમાંથી આંસુ લૂછી નાખ અને આનંદ સાથે ચોખાથી અમને વધાવી લે.'' તે વિલાપ કરતી કરતી ઊભી થાય છે. સોળૈયો શણગાર તોડીતોડીને ફેંકી દે છે. ચાંદાજીને કહે છે, ''ચાંદાજી, હું તો હસતી હતી અને તમારી મશ્કરી કરતી હતી. મેં ન હતું જાણ્યું કે તમે આવા શૂરવીર છો. રંડવા ! તમે પણ સ્રીની વાત ઉપર કેમ લાગી રહ્યા ? હાય રે ! મારા પિયર વિરાઠનગરમાં તમે થાંભલો રોપ્યો ! મારા પિયરમાં ખીજડો રોપીને અહીં આવ્યા ! હાય રે ! હું તો ક્યાંયની પણ નહીં રહી !'' ચાંદોજી ક્રોધમાં આવીને કહે છે, ''વેવાણ, તારે તારા ભાઈઓનું લોહી પીવું હતું તે પેટ ભરીને પીધું ! તારે તારી ભાભીઓની જોડીઓ તોડવી હતી તે તું તોડાવીને ઝંપી. અમે આ વિશે કંઈ પણ નહીં જાણીએ. હવે તું આ સોળૈયો શણગાર ઉતારવાનો રહેવા દે અને ફરીને દીવા પ્રગટાવી અમારા કપાળમાં કંકુનું તિલક કર !'' વેવાઈ અને વેવાણને ભારે ઝઘડો થાય છે. એક બાજુ અળખું વેવાણ આંસુ સારે છે અને બીજી બાજુ રાઠોડ સામૈયાની 'ઝક' લઈને ઊભા છે. કોઈએ કોઈને નિર્બળ ગણવા નહીં! આજે ઘી અને પાણીનું મૂલ્ય થઈ ગયું. રડતી અને છાતી કૂટતી અળખું વાદળમહેલમાં આવે છે. મૂછે તાવ દેતા રાઠોડ ગુજણિયાગઢમાં જાય છે.

જેદરો ખેંસી

એક દિવસનો સમાજોગ આવ્યો અને સમાજોગનો મહાજોગ આવ્યો. જાયેરિયાના વાદળમહેલમાં જેદરો ખેંસી ભમ્મર ઢોલિયો ઢાળીને સૂતો છે. તે 'અજ્જર વજ્જર' રાત કાઢે છે. 'અગલી અગાળું' અને 'પાસલી પસાળું' રાત થઈ છે.



જેદરાને 'આયરો' (શિકારનો દેવ) સપનામાં આવે છે. 'આયરો' કહે છે, ''હે જેદરા ! તને સૂતાંની સાથે જ નિદ્રા કેમ આવી ગઈ છે? આપણે વનમાં રમવા (શિકારે) જવું છે. આપણે વનમાં થોડું રમી આવીએ અને થોડું ખેલી આવીએ. હું તો આયરો પૂરો ખાયરો (ખાઉધરો) ! થોડું સૂવરનું કાળજું ખાઈ આવીએ ! તું ઝટઝટ બેઠો થા.'' જેદરો સ્વપ્નમાંથી ઝબકીને બેઠો થાય છે. આકાશમાં પીળિયાં પ્રભાત થાય છે. તે કાચી કણિયોરનું દાતણ કરે છે. ઊગતા સૂરજને વંદે છે. માતાપિતાનું નામ લે છે. હવે તે 'કર ખાંડું' સજે છે. ફૂલ્લીવાળી બંદૂક ખભે ભરાવે છે અને મારગે મારગે જાય છે. સાંજ પડે છે અને ગુજણિયાની સીમમાં આવે છે. જેંજણિયા ઝોડમાં આવેલી દીપાવલી નાડીએ ઑંદી ઘાલે છે. દિવસ ડાબા ડુંગરે (અસ્થાચળે) ગયો છે. સૂડા સૂવા માળે ગયા છે. રાત પડી છે. હરણ અને સાબર દીપાવલી નાડીએ પાણી પીવા માટે આવે છે. જેદરો પાસો નાખીને હરણ અને સાબરને મારીને પાળની પાછળ નાખે છે. મધ્યરાત્રિ થવા આવી છે, અને ગળે ઘૂઘરો બાંધેલો રાઠોડોનો પાળેલો સૂવર આવે છે. ગળામાં ટોકરી વાગી રહી છે અને 'ફૂરકલો' સૂવર ચરતો ચરતો આવી રહ્યો છે. તે ધીમેધીમે દીપાવલી નાડીએ પાણી પીવા માટે નીચે ઊતરે છે. ઑંદીમાં બેઠેલો જેદરો ખેંસી નિશાન લે છે, અને બંદૂકનો ભડાકો કરે છે. સૂવરને ગોળી વાગે છે અને તે ઊંધો થઈ જાય છે. જેદરો 'ઑંદીમાંથી બહાર આવીને જુએ છે તો સૂવર પૂરો મરાયો છે.

ગુજણિયાના વાદળમહેલમાં સૂતેલા ચાંદા રાઠોડના કાને બંદૂકનો અવાજ આવે છે અને એકદમ ઝબકીને બેઠો થાય છે. તે વિચારે છે, ''અડધી રાતે ગુજણિયાની સીમમાં બંદૂકનો ભડાકો કરનાર કોણ?'' તેને ધ્રાસકો પડે છે અને ધરમર ધરમર વાદળમહેલ ઊતરે છે. તે પાબુજીના મહેલમાં આવે છે. પાબુજી ભમ્મર ઢોલિયે મીઠીમીઠી નિદ્રા લઈ રહ્યો છે. ચાંદોજી તેને જગાડતાં કહે છે, ''પાબુજી, તને સૂતાંની સાથે ઘોર નિદ્રા કેમ આવી છે? આપણી સીમમાં અડધી રાતનો બંદૂકનો ભડાકો થયો છે.'' પાબુજી ચાંદાજીનો સાદ સાંભળીને ઝબકીને બેઠો થાય છે, અને ચાંદાજીને પૂછે છે, ''કઈ દિશામાંથી બંદૂકનો અવાજ આવ્યો?'' ચાંદોજી કહે છે, ''આપણી દીપાવલી નાડીઓ તરફથી બંદૂકનો અવાજ આવ્યો છે.'' પાબુજી ચાંદાજીને આદેશ આપતાં કહે છે,



‘‘દીપાવલી નાડીએ જોઈને તું ઝટ પાછો આવ.’’ વડા ભાઈનો આદેશ થતાં ‘સોટકલાં પગાં’નો ચાંદોજી ખભે સિંદૂરિયો ભાલો મૂકીને ‘ધરમર ધરમર’ વાદળમહેલ ઊતરે છે અને દીપાવલી નાડીએ આવે છે. તે રસ્તામાં આવનારનાં પગલાં શોધે છે. પણ રાતમાં કંઈ પણ દેખાતું ન હોવાથી ભડાકો કરનારને સાદ દઈને પડકારે છે. ચાંદાને સૂવર પાસે બેઠેલા જેદરાનું માથું નજરે પડે છે. તે આવેશમાં આવીને પૂછે છે, ‘‘આ અડધી રાતે દીપાવલી નાડીના કિનારે કોણ બેઠું છે ’લ્યા ?’’ જેદરો ખેંસી તેને જવાબ આપતાં કહે છે, ‘‘સાળાજી, એ તો અમે છીએ ’લ્યા !’’ સાળો અને બનેવી એકબીજાને ‘રામ રામ’ કહેતા મળે છે. આ પછી ચાંદોજી પૂછે છે, ‘‘બનેવી, આ અડધી રાતનો અહીં કોણે ભડાકો કર્યો ?’’ જેદરો કહે છે, ‘‘સાળાજી, અડધી રાતે આ વનમાં સૂવરની પાછળ અમે ભડાકો કર્યો છે !’’ ચાંદોજી સૂવરની નજીક આવીને જુએ છે તો ગળે ટોકરી બાંધેલો પોતાનો પાળેલો સૂવર નજરે પડે છે. મરેલા સૂવરને જોઈને ચાંદોજી આવેશમાં આવી જઈને કહે છે,‘‘બનેવી, તને ગળે બાંધેલી ટોકરીને અવાજ પણ કાને પડ્યો નહીં ? તેં અમારો પાળેલો સૂવર કેમ માર્યો ’લ્યા ?’’ જેદરો કહે છે, ‘‘સાળાજી ! મેં તો જંગલનું જનાવર સમજીને સૂવરને માર્યો છે ! હું જાણતો જ નહોતો કે આ તમારો પાળેલો સૂવર છે. મેં એકલાયે ભલે સૂવર માર્યો પણ હું એકલો જ તો આ સૂવર નહીં ખાઈશ અલ્યા ! તમને પણ હું ભાગ આપીશ !’’ સૂવરના કારણે સાળા અને બનેવીમાં બોલાચાલી વધી જાય છે. ક્રોધમાં આવીને ચાંદો કહે છે, ‘‘ગોલીના પેટના ! તેં અમને કેવા ગણ્યા કે તેં અમારી સીમમાં આવીને અમારો પાળેલો અને અમને વહાલો સૂવર મારી નાખ્યો ’લ્યા?’’ જેદરો કહે છે,‘‘સાળા ! મેં તો જંગલનું જનાવર માર્યું છે ! મેં તમારા ઘરમાં આવીને તો જનાવર નથી માર્યું છતાં હું તમને ભાગ ન આપવાનું ક્યાં કહું છું ?’’ સાળા અને બનેવીમાં ખરાખરીની ટક્કર લાગે છે. ક્રોધે ભરાયેલો ચાંદોજી ખભા ઉપરનો સિંદૂરિયો ભાલો હાથમાં પકડે છે અને કહે છે, ‘‘બનેવી, તું અમારો વહાલો સૂવર મારીને પાછો કટાક્ષ (ટેંરાઈ)માં કેમ બોલે છે? હવે બોલવાનું બંધ કર, નહીં તો તારી છાતીમાં આ સિંદૂરિયો ભાલો રોળવું છું. ચાંદો રાઠોડ બનેવી ઉપર ખીજાતો ખીજાતો પાછો વાદળમહેલમાં આવે છે અને જેદરો ખેંસી સૂવરના ટુકડા કરવા માટે ખાલ



પાડવા લાગે છે. ખાલ ઊતરડ્યા પછી સૂવરના ભાગ પાડે છે.

પાબુ અને ચાંદાના ભાગનો સૂવર માથે કરીને જેદરો ખેંસી ચાંદા રાઠોડના પગલે પગલે પાબુજીના મહેલે આવે છે અને આંગણામાં ઊભો રહીને સાદ દે છે, ''એ...સાળાજી ! તમે જાગો છો કે ઊંઘી ગયા છો ? અલ્યા, તમે વળી પાછા કહેશો કે સૂવર તો અમારો હતો અને બનેવી એકલો ખાઈ ગયો એટલે તમને ભાગ આપવા આવ્યો છું ! તમે ઝટઝટ બહાર આવો .'' પાબુજી કહે છે, ''એ...અલ્યા બનેવી ! તેં આ શું માંડ્યું છે? એક તો તમે અમારો પાળેલો સૂવર માર્યો છે અને પાછા કટાક્ષ (ટેંરાઈ)માં બોલો છો? તમે શું જાણો કે, સૂવર અમારે મન કેટલો વહોલો હતો? ભલું ઇચ્છતા હો તો અહીંથી ચાલ્યા જાઓ.'' જેદરો કહે છે, ''એ...સાળાજી ! હું તો તમને હેત કરીને ભાગ આપવા માટે આવ્યો છું. અલ્યા, એક દિવસ તો આ તાજો સૂવર ખાઓ. મારી સાળાવહુઓ તમને મસાલામાં છમકાવીને આપશે !'' પાબુને જેદરાનાં કટાક્ષથી ભરેલાં વચનો સહન થતાં નથી. તે આવેશમાં આવીને બોલે છે, '' એ... ગોલીના પેટના ! તું અમારે આંગણે આવીને અમારી મશ્કરીઓ કેમ કરે છે ? તું ઘણો શૂરવીર છે એ તો અમે તને જાણ્યો હવે ! ભલો થઈને અહીંથી ચાલ્યો જા. નહીં તો આ ઘડીએ ઠીક નહીં આવે. હમણાં જ તારા શરીર ઉપર એક વાળ નહીં રહે અલ્યા ! અમે અમારી બહેન આપી બેઠા છીએ. નહીંતર આ ઘડી જ તને ભાગતાં ભારે પડવાનું હતું !'' પાબુજીનાં તીખાં વેણથી જેદરાને લાગ્યું કે અહીં હવે વધુ રોકવામાં સાર નથી. આથી સૂવરની 'માટી' લઈને ત્યાંથી પાછો વળે છે અને જાયેરિયાના મારગે મારગે જવા લાગે છે.રસ્તામાં જતાંજતાં વિચારે છે, ''આજે તો રાણી સૂવર જોઈને ઘણી જ રાજી થશે.'' તે વાદળમહેલમાં આવે છે. રાજા અને રાણી ભમ્મર ઢોલિયે બેસીને વાતો કરે છે. જેદરો તેમા રાણીની કહે છે, ''કાલે ગુજણિયે ગયો હતો અને સસરાના ગાંદરેથી જીવતો આવ્યો છું. રાતે તો ગુજણિયામાં મારું નક્કી મોત હતું. મારો નાનો સાળો ચાંદિયો સિંદૂરિયો ભાલો મારી છાતીમાં મારવાનો હતો. હું જીવ બચાવીને જાયેરિયે પાછો આવતો રહ્યો છું.'' તેમા જેદરાને પૂછે છે, ''રાજા, તમે કયા કામ માટે ગુજણિયામાં ગયા હતા ? ચાંદોજી તમને શા માટે મારે ?'' જેદરો આગળ વાત કરતાં કહે છે, ''રાણી, દીપાવલી



નાડીએ શિકાર રમવા માટે ગયો હતો. દીપાવલી નાડીએ પાણી પીવા માટે આવેલા સૂવરને જંગલનું જનાવર જાણીને મેં બંદૂકે દીધો. સૂવરની મારે અને ચાંદાને જીદ પડી. આ સૂવરના કારણે જ તે મને મારી નાખવાનો હતો.'' તેમા જેદરાને કહે છે, ''એ રાજા, 'ફૂરકલો' સૂવર તો તેમણે આપણને દહેજમાં આપેલો હતો. તો પછી શા માટે તમને મારતો હતો ?'' હવે રાજા 'વહાલું વહાલું' બોલીને રાણીના પેટમાં પેસીને ભેદ લેવા લાગ્યો છે. તે રાણીને પૂછે છે, ''રાણી, તારા ભાઈઓએ આપણને દહેજમાં બીજું શું શું આપ્યું હતું ?'' રાણી પોતાનું પેટ ફાડીને વાતે વળી છે. જેદરાને કહે છે, ''રાજા, તેમણે આપણને જેંજણિયા ઝોડ, દીપાવલી નાડીઓ, પારેવો સાંઢ અને ભૂરી ભેંસો દહેજમાં આપી છે. આ બધું તો તેઓ ઘરમાં ઘાલીને બેઠા છે અને આપણા જ સૂવર માટે ચાંદિયો તમને કેમ બાથે આવ્યો ?'' તેમાની વાત સાંભળીને જેદરાના પેટમાં આમળો પડે છે. તે વિચારે છે, ''આપેલાં દહેજ તો ઘરમાં બેઠાં રાખ્યાં છે અને પાછા આ બનેવીને સામે થવું છે?'' તેમાની વાત સાંભળીને તેને સૂતાં નિદ્રા આવતી નથી. સૂતાં બેસતાં 'ઝપ' થતો નથી. ખાવાનું ભાવતું નથી. તે વિચારે છે, ''કયા સમયે ગુજણિયાગઢને ભેળી નાખું અને સાળાઓની છાતીએ ચડીને ઘૂંટ ભરીભરીને લોહી પીઉં !''

જેદરો કચેરીમાં આવે છે, અને રાજસભામાં આંટા મારે છે. મૂછે તાવ દે છે અને મનમાં કહે છે, ''હવે દેખો આ ધણીના ખેલ!'' કચેરીમાં બેઠેલા સરદારોને આજ્ઞા કરે છે, ''તમે ઝટઝટ આપણા ગઢના ગાંદરે સરાણિયાઓને બોલાવી લાવો. બાપ-દાદાના સમયનાં આપણાં હથિયારોને પાણી ચડાવવું છે.'' ભાગ્યવાનની જીભ ચાલે અને અભાગિયાના તૂટે પગ. જેદરાને કહતાં લાગી વાર અને સરાણિયાઓને બોલાવવા એક સરદારની જગાએ પંદર તૂટે છે. સરાણિયાને હથિયારોને ધાર કાઢવાનું જેવું કહેણ મળે છે કે તરત જ ગાડે અને પાટે ઉચાળા ભરીને જાયેરિયાના ગાંદરે ડેરા તાણે છે. તંબૂ, તંબૂમાં તંબૂ છે ! સરાણોનો 'ધધમાટો' ઊડે છે. જેદરા ખેંસીના શસ્ત્રાગારનાં બધાં હથિયાર ગઢના પાદરમાં આવવા લાગ્યાં છે, અને સરાણિયા જૂનાં કટાઈ ગયેલાં હથિયારોને ધાર કાઢીને પાણી પાઈને પાણીદાર બનાવે છે. થોડા સમયમાં તો ખાંડાં, તલવારો, કટારો, તીર-કમાનો અને ફૂલ્લીવાળી બંદૂકો તૈયાર થઈ



ગઈ છે.

જેદરાના આદેશથી ચોરાની લીમડિયે લીલીપીળી જાજમો પાથરવામાં આવે છે. જાજમો ઉપર સરદારો ભેગા થાય છે. ચોરા ઉપર જેદરો ખેંસી બિરાજે છે. તે રૂપનળા હોકા પીએ છે અને જાજમો ઉપર અમલનાં પોતાં ફરે છે. બધા ભેગા થઈને દારૂડા પીએ છે અને 'મારૂરા' ગાય છે. જેદરો વાતનો દોર પોતાના હાથમાં લેતાં કહે છે, ''સરદારો, આપણે તલવારે અને બંદૂકે મેળાવો કરવો છે.'' મૂછે તાવ દેતાં તે આગળ વાત કરે છે, ''આપણે બધાએ ગુજણિયાગઢમાં મારા સગા સાળાઓના આંગણે રમવા જવાનું છે. ભલે આવી વહાલા વેરની વાત. કાલે તો મારા સગા સાળાઓને કાપવા માટે જઈએ છીએ. ભલે આવી યુદ્ધની વાત. બહાદુર ધણિયોને યુદ્ધમાં જતાં છાતીઓ ફાટે છે, અને આનંદનો સાયર ઊમટે છે !'' બહાદુર સરદારો ગુજણિયાગઢમાં ચડાઈ લઈ જવા માટે એક મત થાય છે, અને સભામાંથી વેરાય છે. દિવસ અસ્તાચળે ગયો છે; સૂડા સૂવા માળે ગયા છે. રાત પડી છે અને બધા શૂરવીર સરદારો યુદ્ધની તૈયારી કરે છે. કૂકડે પોતાનું સ્થાન છોડી દીધું છે. પીળિયાં પ્રભાત થયાં છે. 'ધમકે ધમકો' ઊડે છે અને ખેંસી સરદારો ગુજણિયાગઢ ઉપર ચડાઈ લઈ જવાની તૈયારીમાં મશગૂલ છે. શૂરવીર સરદારો ફૂલ્લીવાળી બંદૂકો ખભે નાખે છે. કેટલાક સરદારો ઢાલ અને તલવારો પીઠ પાછળ બાંધે છે. તો કેટલાક સરદારો પોતાના વહાલા સિંદૂરિયા ભાલા હાથમાં પકડે છે. 'હૉણેસા' (અશ્વપાલ) ઘોડાઓને તાણીતાણીને બહાર કાઢે છે. મોઢે ઉલાળિયાં લગામ ઘાલે છે.

ચડાઈ કરવાની તૈયારીનો અવાજ તેમાના કાને આવે છે અને તે દાસીઓ દ્વારા રાજાને વાદળમહેલમાં આવવાનું કહેણ મોકલે છે. દાસીઓના કહેવાથી રાજા પગમાં સોનાની ચાખડીઓ પહેરે છે. હાથમાં 'સટિયો' રમાડતો 'ધરમર ધરમર' મહેલ ચડે છે અને ભમ્મર ઢોલિયે વિરાજે છે. રાજા રાણીને પૂછે છે, ''રાણી, તમે મને કયા કામ માટે આમંત્રણ આપ્યું છે ? તમારા કામનું ઝટઝટ નામ ધરો. ઢીલ કરવાથી મારે મોડું થશે.'' રાણી જેદરાને કહે છે, ''રાજા ! તમે આ શાનો ધમાકો માંડ્યો છે? ઘોડાં ઉપર શાનો સામાન માંડ્યો છે?'' જેદરો કહે છે, ''રાણી, આજે સાસરીની યાદ આવી છે ! આજે તો



ગુજણિયાગઢમાં મહેમાન બનીને જઈએ છીએ. સગા સાળા સાથે રમીને હમણાં પાછા આવીએ છીએ !'' તેમા કહે છે, ''રાજા, તમે જો આજે ગુજણિયે જશો તો ગામમાં ફરતાં કૂતરાં મળવાનાં છે. મારા ભાઈના આંગણે કૂતરાં ભસાડીને પાછા આવશો !'' તેમાની વાતથી રાજાને ધ્રાસકો પડે છે. તે રાણીને પૂછે છે, '' રાણી ! આજે ચડાઈની શુભ ઘડીએ તું હલકું કેમ બોલે છે ? વીર પુરુષોને તારા બોલ ખારા લાગે છે !'' તેમા કહે છે, ''રાજા, તમે જો આજે ગુજણિયે જશો તો ઠાલા પડશો !'' જેદરો આવેશમાં આવીને કહે છે, ''હે રાણી, સીધેસીધી તમારા દિલની વાત કહો તો કંઈ સમજ પડે!'' ''રાજા, તમે ગુજણિયે ચડાઈ લઈને જશો તો કાંટા વિનાના ખાખરા(કેસૂડા)ના વનમાં જતા હશો એવું લાગશે ! પાબુ તો જાન લઈને સોનગરે પરણવા ગયો છે. માટે જેવા તમે ગુજણિયામાં ચડાઈ લઈને જશો કે ગામના ગાંદરે કૂતરાં જ સામે મળશે !'' હવે જેદરાને રીસ ચડે છે અને તેની ઝણઝણાટી (સમાટો) માથાની ચોટીથી પગની પાની સુધી આવે છે, અને પગની પાનીથી માથાની ચોટી સુધી ચડે છે. રીસમાં ને રીસમાં તે 'ધરમર ધરમર' વાદળમહેલ ઊતરી જાય છે.

જેદરો મૂછે તાવ દેતો સરદારોને ચડાઈની આજ્ઞા આપે છે. બંદૂકના ભડાકાની સાથે બધા છલંગી ઘોડે સવાર થાય છે. ઘોડાંને કૂંડાળે ઘાલીને વાગ ઢીલી મૂકી, તીખા ચાબુક મારે છે અને બધા પવન વેગે જવા લાગે છે. 'ધરમર ધરમર' ઘોડાંના ડાબલા વાગે છે અને ઘોડા 'રવોર' (હણહણતા) કરતા ગુજણિયાના ગાંદરે આવે છે. ખેંસીઓ ગુજણિયાગઢની સીમનાં દેવદેવીઓ અને પોતાનાં ગોત્રનાં દેવી-દેવતાઓનું સ્મરણ કરી તેમને ભોગની લાલચ આપી ભેગાં મદદે આવવા આમંત્રણ આપે છે. આ પછી સારા શુકન જોઈને ગઢમાં પ્રવેશ કરે છે. પ્રવેશદ્વારમાં જ બૂરાજી રાઠોડનો મહેલ આવે છે. પાબુજી અને ચાંદોજી ગુજણિયાગઢની રક્ષાનું કામ તેમને સોંપીને ગયા છે. ખેંસી સરદારો 'અવળી તવળી વેંટો' પાડીને બૂરાજીનો આવાસ ઘેરી લે છે. મહેલના આંગણે આવીને જેદરો ખેંસી બૂરા રાઠોડને પડકારતાં કહે છે, ''હે ગોલીના પેટના ! તું બહાર આવ. આ તારો પોતાનો બનેવી તારા બારણે ઢૂક્યો છે ! તું ઝટઝટ બહાર આવ; મને મળીને 'રામરામ' કરીને પાછો જા !'' બૂરા રાઠોડના કાને

અવાજ આવ્યો કે તરત જ ઝબકીને બેઠો થાય છે. તે મનમાં વિચારે છે, ''હરરોજ તો કોઈ આવતું ત્યારે મને માનથી બોલાવતું હતું અને આજે આ કોણ તોછડાઈથી બોલાવે છે? અરે, કોરડાથી ખાલ ઉતરડું અને ચામડીમાં મીઠું ભરું !'' બૂરો રાઠોડ સોનાની ચાખડીઓ પગે પહેરે છે; મૂછે તાવ દે છે,અને વાનરપૂંછો ચાબુક આમળતો આમળતો 'ધરમર ધરમર' વાદળમહેલ ઊતરે છે. દોઢીના દરવાજે આવીને નમીને જુએ છે તો 'ધરમર ધરમર' ઘોડાંના ડાબલા વાગે છે. તલવારોમાંથી તેજ લિસોટા (ઝળુકા) ઊઠે છે, અને મહેલની ચારે બાજુએ 'અવળી-તવળી વેંટો' પાડીને સરદારો ઊભા છે. જેદરો બૂરાજીને ફરીને પડકારે છે, ''એ...ગોલીન પેટના ! તું કેમ સૂઈ ગયો છે ? ઊભાઊભા ઘોડાના પગ દુઃખે છે. તું ઝટઝટ બહાર આવ. મોડું કરવાનું કામ નથી.'' બૂરોજી દોઢીના દરવાજે ઊભોઊભો વિચારે છે, ''નથી કરવો રે વેરીઓનો સાથ; વનમાં ઊભા અમે એકલા ! હવે અમારું રક્ષણ કોણ કરશે?''

જેદરાની સેના જોઈને બૂરાજીને ધ્રૂજણિયો તાવ ચડે છે. ભયનો માર્યો ઊભોઊભો ધ્રૂજે છે. તે આગળ પણ જઈ શકતો નથી અને પાછળ પણ જઈ શકતો નથી. બૂરોજી લપાતો લપાતો વાદળમહેલમાં આવે છે. તે વિચારે છે, ''અત્યારે તો 'ભારથ'(ભારત)ના લડનારા મારા બે ભાઈ, પાબુજી અને ચાંદોજી ઘેર નથી. આ કસમયે પોતાનો સગો બનેવી જ વેરી બનીને આવ્યો છે. કડવાબોલા પણ ભાઈ એ ભાઈ જ છે! ભાઈ વિના વેરીનો સાથ કોણ ખેસવી શકે? ભાઈઓ વિના 'ભારથ' (ભારત, યુદ્ધ) સૂનું છે.'' તે અટારીએથી જ જેદરાને વાત કરે છે, ''બનેવી, આ સમયે તમારું કટક ક્યાંથી ચડી આવ્યું? અત્યારે તો તમારી તલવારો તૂટેલાં વૃક્ષોને જ કાપશે ! તમે તો જાણો છો કે પાબુજી જાન લઈને સોનગરે પરણવા ગયો છે. નગરમાં કોઈ શૂરવીર સરદાર અત્યારે હાજર નથી. તો પછી બેધારાં ખાંડાં રોળવવા કેમ આવું પડ્યું ?'' ખેંસીઓને અડગ ઊભેલા જોઈને બૂરોજી આજીજી કરતો કહે છે, ''હે બનેવી, ગઢનું મહેસૂલ તો પાબુજી, ચાંદોજી અને દેવોલ બહેન ખાય છે! હું તો જેમતેમ જીવી ખાઉં છું.આજે પૂરેપૂરા ઘાટમાં આવેલા બૂરાજીને તું મારીશ નહીં. કૂતરાને મારીશ તો ગંદકી વધશે. ચમારને મારીએ તો નખ્ખોદ જાય !'' બૂરાજીનાં વેણથી જેદરો આવેશમાં આવીને કહે છે, ''હે રાંડવા ! તું મરવા ભાગો કેમ



આડાટોળા કરે છે લ્યા?'' સામી છાતીએ આવ. આપણે સાળો અને બનેવી વાતો કરીએ !'' ભયથી ધ્રૂજતા બૂરાજીની જીભ બરાબર વળી શકતી નથી અને બોલવામાં લોચા પડે છે. તે વિચારે છે, ''આટલા બધા ખેંસીઓ સાથે હું એકલે હાથે કઈ રીતે લડી શકું ?'' હવે તે હિંમત કરીને જેદરાને કહે છે, ''જેદરાજી, મને જીવતો મૂકે તો તને આકડે મધ બતાવું! તું ત્યાં બરાબર રમીને મન વાળીને પછી ખુશ થઈને જા!'' જેદરો કહે છે, ''બૂરિયા, આડી વાતો રહેવા દે. મરવા ભાગો ડરતો હોય તો તું અમને એક પાડો આપ. બંદૂકનો ભડાકો કરીને પાડાને મારીશું. પછી હથિયારો મ્યાન કરી, મન વાળીને પાછા જઈશું.'' બૂરોજી કહે છે, ''બનેવી, એમ તો તું મને સાવ નબળો ગણીશ નહીં! હા, પણ હું તને ખરેખર આકડે મધ બતાવું છું ! હું તને ચારણોનો ભાગણિયોગઢ બતાવું છું. 'સાતવી' (સાતવીસો) ચારણો અત્યારે ત્યાં ઘોર નિદ્રામાં પડેલા છે. તમને આ ભાગણિયો ભળાવું છું; તમે કહેતા હો તો હું અત્યારે તેમને જગાડવા જાઉં અને તમે પાછળ પાછળ આવો. મારા બનેવી ભીમ ચારણની ભાગણિયો ભેળી, રમી, રાજી થઈને પછી તમે જાઓ.'' બૂરાજી રાઠોડની વાત જેદરા ખેંસીને જચે છે. આથી સાળો અને બનેવી એક મત થાય છે.

હવે બૂરો રાઠોડ હાથમાં 'સટિયો' રમાડતો રમાડતો વાદળમહેલ ઊતરે છે, અને મારગે મારગે ભાગણિયાગઢ તરફ જાય છે. 'સાતવી' ચારણો ઘોર નિદ્રામાં સૂતેલા છે. ઝીણીઝીણી 'ઘોરો' લે છે, અને નદીઓના ધોધ બોલતા હોય તેમ તેમનાં નાકનાં સામટાં નસકોરાં બોલે છે. આવા સમયે બૂરો રાઠોડ ભાગણિયામાં આવે છે, અને એકને પાટુ-(લાત) મારે છે અને પંદર ચારણ જાગે છે. બધા ચારણોને બાવડેથી પકડીને ઢગલા કરે છે. ભીમ ચારણ બૂરા રાઠોડને કહે છે, ''સાળાજી, એવું તો અત્યારે શું કામ પડ્યું છે કે તું અમારી સાથે 'પાટવે' (લાતે) રમે છે!'' બૂરોજી કહે છે, ''બનેવી, તમને સૂતાંની સાથે નિદ્રા કેમ આવી છે? આ રાતના કસમયે તમારા ગઢ ઉપર તો ખેંસીઓનો સાથ ચડી આવ્યો છે. તમે ઝટઝટ બેઠા થાઓ અને લડવાની તૈયારી કરો.'' બૂરાજીની વાત સાંભળીને ભીમ ચારણ પોતાના સરદારોને સજાગ કરતાં કહે છે, ''ચારણ સરદારો ! તમે ઝટઝટ તૈયાર થાઓ! હવે વિલંબ કરવાનું કામ નથી.



જાયેરિયાના ખેંસી આ મોડી રાતે આપણા ઉપર ચડી આવ્યા છે. તમે બધા ઝટઝટ અમલ(અફીણ)ના રવાને ગોળીઓમાં ઘાલીને વલોવો. આપણે અમલ પીને લડવા જઈએ.'' ભીમ ચારણના આદેશથી ચારણો અમલના રવા ભાગીને માટીના પાત્રોમાં વલોવવા લાગ્યા છે, અને ખોબેખોબે અફીણ પીવા લાગ્યા છે. બધા ચારણ સરદારો અમલના 'સખિયા' થઈ ગયા છે. ભીમ ચારણ તેમને પ્રેરતો કહે છે, ''સરદારો, ગઢના દરવાજા પાડીને આખલાની માફક 'રવોર' કરીને વેરીઓ ઉપર તૂટી પડો ! આપણે તેમને ગઢના ગાંદરે જ ભેટીએ !'' પણ બધા ચારણો અફીણના નશામાં ડૂબવા લાગ્યા છે. તેઓ જેમતેમ કરીને ઘોડાને ઘોડારમાંથી બહાર કાઢે છે. ઘોડા ઉપર સવાર થઈને 'સાતવી' ચારણ ગઢના અંદરના દરવાજે આવીને ઊભા રહે છે. બહારથી જેદરો ભીમ ચારણને પડકારે છે, ''હે સગા સાઢુજી ! તું જલદી બહાર આવ. બહાર તારો પોતાનો સાઢુ મળવા આતુર છે !'' ભીમ ચારણ કહે છે, ''હે સાઢુજી ! મારે તો ખોળામાં નાનાં બાળકો રડે છે! તમારી સાળી દેવોલ તો ઘોડિયામાં નાનાં બાળકો મૂકીને છ છ માસથી રિસામણે ગઈ છે !'' જેદરો કહે છે, ''એ...ગોલીના! તું બહાનાં બતાવ્યા વિના બહાર નીકળ !'' હવે ખેંસીઓ ક્રોધે ચડીને બંદૂકના ભડાકા કરવા લાગ્યા છે, અને ભાગણિયાગઢના દરવાજા તોડવા લાગ્યા છે. બંને પક્ષના શૂરવીર સરદારો સામસામે લડે છે. માથાં કપાવા લાગ્યાં છે, અને ધડ, ધડમાં ધડ પડે છે ! ચારણોના કટકા થઈને જમીન ઉપર પડવા લાગ્યા છે. ખેંસીઓ જંગલમાં ઝાડ કાપે તેમ ચારણોને કાપી કાપીને ઢગલા કરે છે. અફીણના નશામાં ડૂબેલા 'સાતવી' (સતાવીસો) ચારણ રણમેદાનમાં કપાઈ મરે છે. ભાગણિયાગઢમાં લોહીની નદી 'ખળુકવા' લાગી છે. લોહીની નદીમાં સવાસવા મણના પથ્થર તણાવા લાગ્યા છે ! જેદરો ખેંસી ઘોડાની વાગ ઢીલી મૂકે છે, અને ચારણોના સવાલાખ ગાયોના ટોળા લઈને જાયેરિયામાં આવે છે. ભાગણિયો ભેળી જીત લઈને આવેલા ખેંસીઓ ખાય છે, પીએ છે અને મજા કરે છે.



દેવોલ

દિવસ અસ્તાચળે ગયો છે અને સૂડા સૂવામાટે માળે ગયા છે. રાત પડી છે. દેવોલ રાણી દાસીઓને કહે છે, ''હે સખિયો ! તમે ઢોલિયો ઢાળો અને ઉપર 'હીરખ તળાઈયો' પાથરો ! તેના ઉપર કસ્તૂરી અને અત્તરનાં તેલ છાંટો !'' દાસીઓ ઢોલિયો પાથરે છે. ઢોલિયા ઉપર અત્તરના 'ધોળા' પડે છે, અને કસ્તૂરીના ભભકા ઊડે છે. દેવોલ ભમ્મર ઢોલિયા ઉપર પાથરેલાં ફૂલોના ઢગ વચ્ચે સૂતી છે. દાસીઓ વીંજણાથી વાયરો ઢોળે છે. તેને સૂતાંની સાથે નિદ્રા આવે છે. ઝીણીઝીણી 'ઘોર' બોલે છે અને તે મીઠીમીઠી નિદ્રા લે છે. 'પાસલી પસાલું' રાત થાય છે અને દેવોલને સપનું આવે છે. ભવાનીદેવી દેવોલ સાથે વાત કરે છે, ''હે બાઈ ! તું સૂતાંની સાથે ઘોર નિદ્રામાં કેમ પડી છે ? આજે તારી પતિપત્નીની જોડી તૂટી છે. તું તો બાઈ, દિયર અને જેઠ વિનાની થઈ! આજે તારી આખી ભાગણિયો ભેળાઈ ગઈ ! તું ઝટઝટ બેઠી થા.'' આ સપનું પૂરું થાય છે અને તરત જ તેને બીજું સપનું આવે છે. તેનો ઘરનો રાજા ભીમ ચારણ તેની છાતી માથે સૂતો છે. ભીમ ચારણ તેની છાતી સાથે રમત કરે છે. પ્રણયરાગમાં તન્મય થયેલાં બંને મારા સમ અને તારા સમ કરે છે અને 'સૉપરીઆ દાવ' (ચોપાટ) ખેલે છે. દેવોલ ફરીને ઝબકીને બેઠી થાય છે અને છાતી ઉપર હાથ દઈને વિચારે છે, ''ક્યાં ગયો મારા ઘરનો ભરથાર ! હમણાં તો મારી છાતીના માથે હતો ! ક્યાં ગયો મારા ઘરનો રાજા ! ''દેવોલ ફરીફરીને મહેલના ખૂણા જુએ છે પણ તેને કંઈ નજરે પડતું નથી. તે વિચારે છે, ''રિસામણાંને લીધે છ છ માસ થઈ ગયા. છતાં કોઈ દિવસ સપનામાં નહોતો આવ્યો, અને આજે રંડવો કેમ આવ્યો ? પહેલું તો મૂઉં ! માઠું સપનું આવ્યું ! મારી ભાગણિયોમાં કેવું થયું હશે ?'' તે વિચારીને ફરીને ફેરવીને ઢોલિયો ઢાળે છે. દેવોલને સૂતાંની સાથે નિદ્રા આવે છે. ઝીણીઝીણી ઘોર લે છે. તેને ફરીને સપનું આવે છે. સપનામાં ભવાનીદેવી વાત કરે છે, ''હે દેવોલ ! તારે તો પતિ અને પત્ની વચ્ચે કાયમનો વિયોગ થયો ! ભાગણિયામાં તો લોહીની નદી 'ખળૂકા' મારે છે !'' માઠું સપનું પૂરું થવાની સાથે દેવોલને ગમતું સપનું આવે છે. ભીમ ચારણ સપનામાં આવે છે, અને તે છાતી ઉપર પોઢવા લાગ્યો છે. બંને પ્રેમની રમત માંડે છે. દાવ ચડે છે અને દાવ ઊતરે છે. દેવોલ ફરીને



ઝબકી જાય છે, અને છાતી માથે જુએ છે તો છાતી સૂની છે. દેવોલ વિચારે છે, ''આજે મને આમ કેમ થાય છે ? કાચી નિદ્રાએ રંડવો આજે મને ફરીને સપનામાં આવ્યો ! હું જ ભૂંડી છું ! હું પોતે જ મનમાં રીસ રાખીને ચાલી નીકળી. હવે પતિ વિના આ પારકા ગામમાં કેમ કરીને રહેવું ? આજે છ છ માસ થયા, મારા ઘરના ભરથારનું મુખ જોયે. ઘરના આદમી જોડે ઘણું 'વખ' સારું નહીં. આજે તો હું તેને ગમેતેમ કરીને મનાવી લઉં.''

દેવોલ ઝડપથી બેઠી થાય છે અને કોઠીઓના સુકાયેલા 'દાટા' ખોલીને સૂંડલો ભરીને વાજિયા ઘઉં કાઢે છે. જાતે જ ઘંટીએ બેસીને નાનોમોટો આટો પાડે છે. ચૂલા પર કડાયું મૂકીને ભાદરવી ઘી ગરમ કરે છે; લોટમાં માળવિયો ગોળ ભેળવીને ચૂતું ચૂરમું બનાવે છે.

દેવોલ સોળૈયો શણગાર સજે છે. કમરે 'મેઘાડાંમોર'નો ચણિયો પહેરે છે. છાતીએ કાંચળી પહેરે છે. આછો સાળુ ઓઢે છે. વાળેવાળે મોતી ગૂંથે છે, ગળામાં હારચીરે પહેરે છે. તીરની અણીએ આંખમાં કાજળ રાળે છે. નાકે નથણી પહેરે છે, અને કાને 'ઝૂમણાં' ઘાલે છે. કપાળમાં ટીલડી ચોડે છે. વાજિયા ઘઉંના પિંડ જેવા દેહવાળી બાઈ તો ઘણી રૂપાળી લાગે છે. પૂર્વ દેશના પવન વાય છે અને બાઈ યૌવનના ભારથી ભાગી ભાગીને ટુકડા થાય છે. આખી પૃથ્વીનું રૂપ ! બાઈ તો શણગાર સજીને ઘણી 'હવાદી' થઈ છે !

દેવોલ દાસીઓને કહે છે, ''ચાલો બાઈઓ, આજે તો મારા ઘરના ભરથારને મનાવવા માટે જઈએ અને અમારા છ છ માસના વિયોગ ભાગીએ.'' દેવોલ થાળીમાં સૂતું ચૂરમું લે છે. પાંચ, સાત દાસીઓ આગળ છે, અને પાંચ સાત દાસીઓ પાછળ છે. વાતોનો 'રમઝોર' ઊડે છે અને બાઈ તો છોકરીઓના 'ઝૂલરે' (સમૂહમાં) જવા લાગી છે. આગળના પાલવ વાત કરે છે અને પગની પાની હુંકારા દે છે. દેવોલ 'રૂમઝૂમ બણાક' કરતી ઘરના ભરથારને મનાવવા મારગે મારગે જઈ રહી છે. 'ધમકે ધમકો' ઊડે છે અને બાઈ તો આનંદ કરતી કરતી વનખંડમાં આવે છે.

દેવોલની નજર ઊંચે આકાશમાં જાય છે અને તે 'રાતોલ' સમડીને ઊડતી જુએ છે. ધારીને જુએ છે તો સમડીની ચાંચ લોહીથી રંગેલી છે. તે સમડીને



કહે છે, ''હે સમડી, હું તને આજથી ધરમની બહેન કહું છું ! તું નીચે આવ.'' દેવોલના કહેવાથી સમડી ભમતી ભમતી નીચે આવે છે, અને સુકાયેલા ઠૂંઠે બેસે છે. દેવોલ સમડીને પૂછે છે, ''હે સમડી, તું સાચુ બોલ ! તેં શાના વડે ચાંચ રંગી છે ?'' સમડી કહે છે, ''ગુજણિયામાં કુંવારાં 'ઝોટાં' (ભેંસો) વિવાયાં છે. તેમની 'મેંલી' (મેલી) ભરખીને આવી છું. તેથી મારી ચાંચ લાલ થઈ છે!'' દેવોલ સમડીને ધોળી કાંચળી પહેરાવે છે. પછી સમડીને પૂછે છે, ''હે સમડી, હવે આપણે ધરમની બહેનો થઈ ! હવે તો તું સાચું બોલ.'' સમડી કહે છે, ''ભાગાણિયામાં ગઈ રાતે ખેંસીઓનો સાથ ચડી આવ્યો તેથી એક સામટા 'હાતવી' ચારણો કપાઈ મૂઆ ! અત્યારે તો ભાગણિયામાં લોહીની નદીઓ 'ખળૂકા' મારે છે ! આ નદીના કિનારે બેસી ચારણ સરદારોની માટી (માંસ) ખાઈને આવી છું. આથી મારી ચાંચ લાલ બની છે.'' સમડીની વાત સાંભળીને દેવોલ વિચારે છે, ''હું જ ભૂંડી ! ભૂલી મારા હૃદયમાં ! મારા પતિ અને મારે ઘણું છેટું પડી ગયું !'' દેવોલ છાતી કૂટે છે અને રડે છે. એકએક શણગારને તોડીતોડીને ફેંકી દે છે. તે દાસીઓને કહે છે, ''બાઈઓ, જગતમાં ખોટું કામ થયું. તમે પાછી જાઓ.'' તે ચૂરમાની થાળી ફેંકી દે છે, અને ખોળો વાળીને ભાગણિયા ભણી દોડવા લાગે છે. ભાગણિયામાં આવીને જુએ છે તો કાગડા ઊડે છે. જ્યાં ને ત્યાં ધડ પડેલાં છે. સ્થળે સ્થળે માથાં, માથાંમાં, માથાં પડેલાં છે! આગળ જતાં દેવોલને દિયર અને જેઠનાં માથાં નજરે પડે છે. દેવોલ માથાં જોઈજોઈ છાતીઓ કૂટે છે, અને વિલાપ કરે છે. તે ફરીફરીને ભીમ ચારણનું માથું શોધવા લાગે છે, પરંતુ, તેને કોઈ જગ્યાએ પતિનું માથું નજરે પડતું નથી આથી તેને ધ્રાસકો પડે છે. દેવોલ વિચારે છે, ''રંડવો ! મરવા ભાગો કાચી છાતી કરીને નાસી તો નહીં ગયો હોય ને?'' એટલામાં તો ગાયોના વાડાના મોઢે લોહીમાં ડૂબેલા ભીમ ચારણની રાતી પાગનું ફૂલ (છોગું) નજરે પડે છે. તે નીચે બેસી, ઢીંચણ વાળીને ધૂળમાં દટાઈ ગયેલું ભીમ ચારણનું માથું બહાર કાઢે છે. દાબડી જેવા ડોળાવાળી આંખો, ઉપર ભમ્મરિયા પટ્ટા, જાણે કે હસીને તે દેવોલની સામે આવે છે. દેવોલ માથું ખોળામાં લે છે અને કહે છે, ''રંડવા ! મને એકલી મૂકીને અહીંથી ચાલતો થયો ?'' દેવોલ ધ્રુસકે ધ્રુસકે રડે છે અને વિલાપ કરે છે. વાડામાંથી ગાયોના જવાના કારણે ધૂળ ઊડી



હતી. આ ધૂળને કારણે તેનું માથું ધૂળથી ઢંકાઈ ગયું હતું. દેવોલ પોતાના સાળુના છેડેથી ધૂળ સાફ કરે છે અને વિલાપ કરે છે,''મારા દેશના દીવા ! ઘરના વાઘ ! આપણી બની-બનાવેલી જોડી તૂટી ગઈ ! જગમાં ખોટું થયું કામ !'' દેવોલ છાતી કૂટે છે અને ઝૂરે છે. તે વિલાપ કરતી કહે છે, ''રાતે તો સપનામાં આવ્યો હતો. આપણે એક જ ઢોલિયામાં સૂતાં હતાં અને ભેગાં રમ્યાં હતાં. આજે તો આપણે પતિપત્નીને છેટું પડી ગયું.મૂઆ ! તું મને કાયમનું કલંક આપીને જતો રહ્યો' લ્યા ! તું તો મને છેતરીને ચાલ્યો ગયો. હું મારા દિલમાં ઘણી જ ભૂંડી રહી ગઈ! હું ભૂંડી ! છ છ માસનાં રિસામણાં રાખીને બેસી રહી ! આજે અબોલા તૂટે એ પહેલાં તો તું વેરાઈ ગયો ! એકાએક દેવોલ રડતી રડતી ઊભી રહી જાય છે. તે વિચારે છે કે ''હવે રડવાથી પતિ પાછો મળવાનો નથી. રડવાથી ગયેલું રાજ્ય પાછું મળતું નથી. થનારી વાતો થઈ ગઈ.'' તે મહેલમાં આવીને કાળો સાળુ ઓઢીને ચણિયાનો વીરકછોટો મારે છે. કમરે સાડલાનો છેડો બાંધે છે, અને ગુજણિયાની વાટે જાય છે. મારગે જતાંજતાં દેવોલ વિચારે છે, ''પાબુજી અને ચાંદોજી, મારા માજણ્યા બે ભાઈ અત્યારે ગુજણિયામાં નથી. પાબુજી સોનગરે પરણવા ગયો છે.મારે સોનગરે સમાચાર પહોંચતા કરવા પડશે. તેઓ જ્યારે આવશે ત્યારે જ ખેંસીઓની ખબર લેશે. આ બે ભાઈ જ મારાં વેર વાળશે.'' આમ વિચારીને તે ગુજણિયામાં આવે છે અને પોતાના ભાઈ બૂરાજી રાઠોડના આંગણે આવીને ઊભી રહે છે. દેવોલ બૂમ પાડીને કહે છે,''હે બૂરાજી, મારા વીરા ! તને આવી કવેળાએ ઊંઘ કેમ આવી છે? ખેંસીઓ તો ભાગણિયામાં ખીજડો વાવીને ચાલ્યા ગયા! અત્યારે તો ત્યાં ચારણોના લોહીની નદી 'ખળૂકા' મારે છે ! તું મોટેથી સાદ દે, કે જેથી સોનગરે પાબુજી અને ચાંદોજી સાંભળે અને આપણી વારે ચડે !'' બૂરોજી રાઠોડ કહે છે, ''હે મારી બહેન દેવલી ! મારે મોઢામાં કાગલી (કાકડા) થઈ છે. હું બરાબર બોલી પણ શકતો નથી. પછી બૂમ તો કઈ રીતે પાડી શકું ?'' દેવોલ આવી કવેળાએ બૂરાજીની અવળચંડાઈ જોઈને તેને શાપ આપતાં કહે છે, ''બૂરિયા, તું બહેનની ખરી ભીડ વખતે પણ મદદે ન આવ્યો. આડો ઉતર્યો ! હવે આ દેવલી શાપ બોલે છે કે તારા મોઢામાં જન્મોજન્મ કાગલી (કાકડા) વધજો,અને તારું નખ્ખોદ જજો!''



દેવોલ ભાઈનું ઘર છોડીને મારગે મારગે ઢોલીના ઘેર આવે છે. તે આંગણામાંથી જ સાદ દે છે, " ઢોલી દીકરા! જાગે છે કે ઊંઘે છે ?" ઢોલી કહે છે, "અડધો ઊંઘું છું અને અડધો જાગું છું. પણ બહેન એ તો કહે કે અત્યારે-કવેળાનું તારે મારું શું કામ પડ્યું છે?" દેવોલ કહે છે, "ભાઈ, તને સૂતાંની સાથે નિદ્રા કેમ આવી છે? વેરીઓનો સાથ ચડ્યો. તેઓ ભાગણિયો ભેળીને ચાલ્યા ગયા. 'હાતવી' ચારણો સામટા કપાઈ મર્યા. ભાગણિયામાં તો અત્યારે લોથો ઉપર કાળા કાગડા અને સમડીઓ ઉજાણી કરે છે ! પાબુજી જાન લઈને સોનગરે પરણવા ગયો છે. તું વારીઢોલ વગાડ. તેમના કાને વારીઢોલનો અવાજ પહોંચશે અને તેઓ આપણી વારે ચડશે." ઢોલી કહે છે, "બેનરી, મારા હાથે તો ખીલી નીકળી છે ! હું કેમ કરીને ઢોલ વગાડું ? મારો હાથ દુઃખે છે, જેના કારણે હું ઢોલ વગાડી શકતો નથી." ઢોલીની જૂઠી વાતોથી ક્રોધે ભરાયેલી દેવોલ શાપ આપે છે, "હે ઢોલીડા ! હથિયાર ઘણું પાણીદાર હોય અને ભીડ પડે કામ ન આવે તો એ હથિયાર શા કામનું ? તું ખોટાં બહાનાં બતાવીને મારા દુઃખમાં મદદે આવ્યો નહીં. જા, તારે હાથે જન્મોજન્મ ખીલી નીકળજો ! આ દેવલીનો શાપ છે કે તારું નખ્ખોદ જજો!"

ઢોલીના ના કહેવાથી દુઃખી થયેલી દેવોલ બાઈ ઊભીઊભી ઝૂરે છે અને વિચારે છે, "પાબુજી જાન લઈને ગયો તે સોનગરો તો ઘણે જ દૂર છે. હું એકલી ત્યાં ક્યારે પહોંચીશ ?" તે કાઠી છાતી કરીને વીરકછોટો મારે છે. તે મારગેમારગે સોનગરાની વાટે ઝટઝટ જવા લાગી છે. દેવોલ વનખંડની વાટે છે અને પાબુજી સોનગરામાં લગ્નમંડપમાં પરણવા માટે આવી પહોંચે છે. તૂરી-તરગાળા 'તાંતો' તોડે છે. નાચણો નાચ કરે છે. લગ્નના જાનવિયા ઢોલ વાગે છે. બંને પક્ષની વેવાણો તાલેતાલે નૃત્ય કરે છે, અને ફટાણાં ગાય છે. એટલામાં તો ચાંદોજી દૂરથી આવતી બહેનને જુએ છે. તે વિચારે છે, "ઘણો આગ્રહ કર્યો છતાં તે જાન સાથે તો આવવા તૈયાર ન થઈ અને અત્યારે લગ્નના ટાણે માથે કાળો સાડલો ઓઢીને ઝટઝટ એકલી જ કેમ આવે છે ? એવું તો શું કામ પડ્યું હશે કે દેવોલ ઉતાવળી ઉતાવળી આવી રહી છે?" ચાંદોજી ઝડપથી તેની સામે જાય છે અને તેને વાટમાં જ ઊભી રાખીને સમાચાર પૂછે છે, "બેનરી, તને ઘણું કહ્યું છતાં જાન સાથે તો આવી નહીં અને અત્યારે

આ લગ્નના ટાણે કાળો સાડલો ઓઢીને ‘ઝરખું’નો વેશ કાઢીને વેવાઈના માંડવે કેમ ઢૂકી ?’’ દેવોલ વાત કરી શકતી નથી અને તેની આંખોમાંથી શ્રાવણ અને ભાદરવો વરસે છે. ચાંદોજી તેને આશ્વાસન આપતાં કહે છે, ‘‘બહેન, એવું તે શું બની ગયું છે કે તું આમ હાંફળી ફાંફળી થઈને આંસુ સારે છે ? તું શાન્ત થા, અને તારા દિલની વાત કર.’’ દેવોલ ભાગણિયાના સમાચાર આપે છે, ‘‘ભાઈ, તમારા હોવા છતાં જગતમાં ઘણું જ ખરાબ કામ થયું. રાતના કવેળાએ ખેંસીઓનો સાથ ચડી આવ્યો. તેઓ ભાગણિયો ભેળીને સવાલાખ ગાયો લઈને ચાલતા થયા. અત્યારે ભાગણિયોમાં કોઈ આદમી જોવા મળતો નથી. બધા જ ચારણો કપાઈ મર્યા. તારો બનેવી પણ વીરગતિ પામ્યો છે. ભાગણિયામાં તો કાળા કાગડા ઊડે છે!’’

પાબુજી ચૉરીના બે ફેરા પૂરા કરી રહ્યો છે અને ચાંદોજી લગ્નમંડપમાં આવે છે. પાબુને ચૉરી વચ્ચે ઊભો રાખે છે અને તેના કાનમાં ભાગણિયો ભેળાયાના અને બનેવી ભીમ ચારણના મૃત્યુના સમાચાર આપે છે. ભાગણિયોના માઠા સમાચાર સાંભળીને પાબુજી ચૉરી વચ્ચે મ્યાનમાંથી કટાર કાઢે છે અને ગઠબંધનનો છેડો કાપે છે. કટારમાંથી તેજલિસોટો (ઝળુકો) ઊઠે છે અને કન્યાના પેટમાં દાખલ થાય છે. પાબુજી અને ચાંદોજી લગ્નમંડપમાંથી બહાર આવે છે અને કેશર (કારમી) ઘોડી અને ફૂલવછેરા ઉપર ઊડી ઊડીને સવાર થાય છે. ઘોડાંની લગામ ઢીલી મૂકે છે અને તેઓ પવન વેગે ઊડવા લાગે છે. ‘ધરમર ધરમર’ ઘોડાંના ડાબલા વાગે છે, અને ‘ધૂધળી’ રેતો ઊડે છે. બંને ભાઈ મારગે મારગે જાયેરિયાની નજીક આવવા લાગ્યા છે.

ભાગણિયો ભેળીને ખેંસીઓ આંબાજાંબુવે આવી પહોંચ્યા છે. જેદરો ખેંસી સરદારોને કહે છે, ‘‘ભાઈઓ, આપણે જીત મેળવીને આવ્યા છીએ; થાક્યા પણ છીએ. જેથી આ વૃક્ષોની છાયામાં થોડો આરામ કરી, અને બપોર ગાળીને પછી નગરમાં જઈએ.’’ જેદરાના આદેશથી ખેંસી સરદારો ઉલાળિયાં લગામ કાઢીને ઘોડાંને વૃક્ષોની છાયામાં બાંધે છે. છાયામાં લીલીપીળી જાજમો પાથરે છે. વચ્ચે જેદરો ખેંસી વિરાજે છે અને સામે ખેંસી સરદાર બેસે છે. જેદરો કહે છે, ‘‘ભાઈઓ, આપણે ભાગણિયો ભેળીને કાગડા ચારીને, ‘જીતનાઈઓ’ લઈને પાછા આવ્યા છીએ ! હવે તો આપણે અમલ કસુંબા



કરીએ.'' જાજમો ઉપર અમલનાં પોતાં ફરે છે. બધા વિજયી ખેંસીઓ દારૂડા પીએ છે, અને 'મારૂરા' ગાય છે. જેદરો દારૂના નશામાં ડૂલ થવા લાગ્યો છે, અને જાજમો વચ્ચે 'ગરમી ગરમી' વાતો કરતો કહે છે, ''ભીલોનું વેર તો ઉધેઈ પણ ખાય નહીં, અને ક્યારેય જૂનું ન થાય. આપણે સવાલાખ ગાયોના ટોળાનું હરણ કરીને, દહેજનું વેર લઈને પાછા આવ્યા છીએ.'' અમલના 'સખિયા' થઈ ગયેલા તેઓ હથેળીઓ ભરીભરીને અમલ પીવા લાગ્યા છે, અને દારૂના નશામાં ભલી અને ભૂંડી વાતો કરવા લાગ્યા છે. એટલામાં તો પાબુજી અને ચાંદોજી આવી પહોંચે છે, અને આડા ફંટાઈને ખેંસીઓને જવાનો રસ્તો રોકીને ઊભા રહે છે. જાજમો ઉપર વાતોનો 'ધધમાટો' ઊડે છે. બંને ભાઈ તેમની વાતો કાન દઈને સાંભળવા લાગ્યા છે. જેદરો કહે છે, ''સરદારો, આપણે બધાએ જેમ ઘેરીઘેરીને કૂતરાંને મારીએ તેમ ભાગણિયોના બધા ચારણોને મારી નાખ્યા! જેમ બકરાને કાપીએ તેમ ચારણોનાં માથાં કાપી નાખ્યાં. તમારા જેવા ભાઈઓને લીધે મને ઊનો વાયરો પણ લાગ્યો નહીં અને બધા ચારણોનો ઘાણ કાઢી નાખ્યો. મેં મારા હાથે મારા સગા સાઢુને ઠાર માર્યો !''

જેદરાની ભૂંડી વાતો સાંભળીને પાબુ અને ચાંદાનાં કાળજાં તૂટીતૂટીને ભોંય ઉપર પડે છે. તેઓ ક્રોધથી થરથર ધ્રૂજે છે. જેદરાનાં દર્પ ભરેલાં વેણ સહન ન થવાથી આવેશમાં આવી ચાંદોજી જેદરાને પડકારતાં કહે છે, ''એ...ગોલીના પેટના ખેંસી ! હવે તું ચૂપ મર ! એ તો ઘેર વાઘ ન હતા એટલે જ સૂની વાડ ભેળી નાખીને આવ્યો છે ! પણ હવે તું આ ધણીઓના ખેલ જોઈ લે ! ''ઘણા જ ક્રોધે ભરાયેલા પાબુજી અને ચાંદોજી બેધારાં ખાંડાં કાઢીને વનખંડમાં 'રમખાં' માંડે છે. બંને ભાઈ ટોળાં ઉપર તૂટી પડે છે, અને બકરાનાં માથાં કાપતા હોય તેમ ખેંસી સરદારોનાં માથાં કાપવા લાગે છે. અમલ અને દારૂમાં ડૂલ થઈ ગયેલા ખેંસી પોતાનાં હથિયારો હાથમાં લઈ શકતા નથી અને દોડવાનો પ્રયત્ન કરતા ખેંસીઓને બંને રાઠોડ ઘોડાં દ્વારા આંતરીને કાપે છે. વનમાં 'ધમકે ધમકો' ઊડે છે, અને ઘોડાં પર બેઠેલા બંને ભાઈ ખેંસીઓને દોડાવી દોડાવીને ઘાટમાં લે છે. ખેંસી સરદારોનો ઘાણ કાઢીને રીસે ભરાયેલા રાઠોડો ઘોડાંનાં પૂછડાં અને પગ કાપવા લાગ્યા છે. પોતાના સરદારોનાં માથાં



રણમાં રખડતાં જોઈને ભય પામેલો જેદરો ખેંસી રણમાંથી મૂઠીઓ વાળીને ભાગે છે અને જીવ બચાવવા કરમદીના ઝાડમાં લપાય છે. ચાંદાજીની દૃષ્ટિ તેના ઉપર પડે છે, અને ફૂલવછેરા ઉપર બેઠેલો તે ઘોડાને તીખા 'તાજણા' મારીને જેદરાનો પીછો પકડે છે. ચાંદોજી કરમદીમાં લપાયેલા જેદરાને જુએ છે, અને તેને મારવા માટે સિંદૂરિયો ભાલો નાખવા જાય છે. પરંતુ, તેની પાછળ આવેલો પાબુજી તેને રોકતાં કહે છે, 'સોટકલા' પગોના ચાંદિયા, બનેવીને રખે મારતો! બનેવીને મારીશ તો બહેનને રંડાપો આવશે. બહેનને આપણે જ લાંબી કાંચળી પહેરાવી છે. નબળા બનેવીને છોડી દે. જેમતેમ કરીને આ ધરતી ઉપર જીવી ખાશે. તેને જીવી ખાવા દે !'' ચાંદોજી લાંબો વિચાર કરીને કહે છે, ''પાટવી ભાઈ પાબુજી, નાગને મારવો જ ભાલો ! તેને બચાવીએ તો કોઈ દિવસ દંશ દે ! કાળ અને નાગ બન્ને સરખા ! વેરીને પૂરેપૂરો મારવા દે !'' પાબુજી કહે છે, ''ભાઈ, બનેવીને મારીએ તો જગતમાં ખરાબ કામ થાય. આપણી બહેન ખાતર તેને જીવતો જવા દે.'' પાબુના આદેશથી ચાંદોજી પોતાનું નિશાન પાછું વાળે છે. કરમદીમાં લપાયેલો જેદરો કહે છે, ''સાળાજી, થનારી વાતો થઈ ગઈ. મને આટલી વખત જીવતો મૂકો! ''જેદરાની આજીજીના કારણે બંને ભાઈ ઘોડાંને પાછાં વાળે છે. જતાંજતાં ચાંદોજી કહે છે, ''ગોલીના ! તેં તો તારા કરમ જેવું કર્યું ! રંડવા ! આપણો તો સાળા અને બનેવીનો સંબંધ હતો ! અલ્યા, માગતો હતો તો મોઢામોઢ માગીને લેવું હતું. પણ ભાગણિયોના ધણી મારવા જોઈતા ન હતા. ભૂંડા ! આવું કર્યું એ કર્યું. ફરીને આવું વેરીનું કામ કરતો નહીં. જા, આ ધરતી ઉપર જીવી ખા! સાળા બનેવીના સંબંધના કારણે અમે તને જીવતદાન આપીએ છીએ.''

પાબુ અને ચાંદો ઘોડાંની લગામ ઢીલી મૂકે છે, અને બંને ભાઈ ભાગણિયોમાં આવે છે. ભેળાયેલી ભાગણિયોમાં સમડીઓ અને કાગડા ઊડે છે. તેઓ જ્યાંત્યાં વેરાયેલી લોથો જોઈને દુઃખી થાય છે. છતાં આશ્વાસન લેતા બોલે છે, ''હા, પણ સામે સાટું વાળીને ભાગણિયોમાં પ્રવેશ્યા છીએ...! હવે તો આપણો પગ તેમની નીચે નથી.ભીલોના વેરને તો ક્યારેય કાટ ન ચડે કે ઉધેઈ પણ ન ખાય !'' બંને ભાઈ ગુજણિયામાં પાછા આવે છે.



પાબુ અને ચાંદાના ગયા પછી જેદરો ખેંસી કરમદીના ઝાડમાંથી બહાર નીકળે છે. પાબુ અને ચાંદાએ ઘોડાંના પગ અને પૂછડાં કાપી નાખ્યાં હતાં. હવે તે ઘોડા ઉપર સવાર થઈને જાયેરિયામાં કઈ રીતે જાય ? તે ચાલતો જ મારગે મારગે આવવા લાગ્યો છે. ભાગણિયોમાં જતો હતો ત્યારે તો મૂછે તાવ દેતો હતો.ભાઈઓના ભેગો હતો અને 'ધધમાટે ધધમાટો' ઊડતો હતો. અત્યારે તે ઉઘાડે પગે અને ઊતર્યા નૂરે જાયેરિયાગઢ તરફ આવી રહ્યો છે. મૂછો નીચે ઊતરી ગઈ છે અને હાથ હિલોળતો હિલોળતો ગઢને ગાંદરે આવવા લાગ્યો છે. લાંબી નજરે ગઢનાં લોકો તેને જુએ છે, અને અંદર અંદર વાતો કરે છે, ''આજે આપણો જાયેરિયાનો રાજા આવતો હોય તેવું લાગે છે.સાથે કોઈ પણ નથી. ઘોડો પણ નથી અને રાજા પગે ચાલતો એકલો જ કેમ આવતો હશે ?'' લોકો આશ્ચર્યથી દોડતા રાજા પાસે જાય છે. રાજા લોકો સાથે નજર મેળવી શકતો નથી અને નીચું માથું કરીને ગઢ તરફ જવા લાગે છે. લોકો તેના ઉપર પ્રશ્નોની ઝડી વરસાવે છે, ''રાજા ! કઈ દિશાથી આવે છે ? તું તો દહેજ લેવા ગયો હતો ને ? ક્યાં ગયું ફોજ-ફોટું ? તું એકલો જ કેમ આવે છે ? ક્યાં ગયા તારા કાકા અને ભાઈ ?'' સરદારોની પત્નીઓ પ્રશ્નો કરે છે, ''તું તારી સરખી જોડીવાળા સરદારોને ક્યાં મૂકીને આવ્યો ? અમારાં નાનાં બાળકો તેમના પિતાની આતુરતાથી રાહ જુએ છે !'' જેદરો એક પણ પ્રશ્નનો જવાબ આપવા સમર્થ નથી. તે ઊંધું ઘાલીને મહેલ તરફ આગળ ને આગળ વધી રહ્યો છે. હવે તેની કાકીઓ અને ભાભીઓ મહેણાં મારે છે, ''રંડવા ! તું તો તારા પોતા માટે દહેજ લેવા ગયો હતો અને અમારા ધણિયોને મરાવી નાખીને આવ્યો ? જેદરા, તારું નખ્ખોદ જજો !'' લાજનો માર્યો જેદરો ખેંસી દોડીને વાદળમહેલમાં દાખલ થાય છે, અને સ્ત્રીઓ અને બાળકો માણેકચોકમાં ઊભાંઊભાં ધ્રુસકે ધ્રુસકે આંસુ સારે છે.

વાદળમહેલમાં આવેલો રાજા અંધારું શોધીને લપાય છે. તેમારાણી તેની પાસે જઈને પ્રશ્નકરે છે, ''રાજા ! અંધારામાં કેમ લપાયો છે ? દહેજ લાવીને ક્યાં મૂક્યાં ? તું તો ઠાલોમાલો દેખાય છે. તારા કાકા અને ભાઈઓને કેટલે વાવીને આવ્યો ?'' જેદરો તેમાને કંઈ પણ જવાબ આપી શકતો નથી. મનમાં ને મનમાં હિજરાય છે.આજે ઘી અને પાણીનું મૂલ્ય થઈ ગયું. તે રાણીને કહે

છે, ‘‘રાણી, અત્યારે મને કંઈ પણ બોલતી નહીં. મારા દુઃખનો પાર નથી! મને ચાંદોજી ઠાર મારી નાખતો હતો પણ ભલું થજો મોટા સાળાનું કે મને જીવતો મુકાવ્યો. બંને ભાઈઓએ આપણું બધું જ ‘ફોજ-ફોટું’ કાપી નાખ્યું. તેમણે આપણા ઘોડા પણ જીવતા મૂક્યા નહીં. ઘોડાંના પગ કાપ્યા અને પૂંછડાં પણ કાપી નાખ્યાં. હું તો જેમતેમ કરીને નાઠો છું!’’ રાજા અને રાણી અંધારિયા ઓરડામાં બેસી રહે છે. જાયેરિયાની સ્ત્રીઓ તેમારાણીને પણ મહેણાં મારે છે, ‘‘લોહીની પીનારી તેમલી ! તારું ‘જળામૂળ’ જજો ! તારા દહેજ માટે તારા સગા દિયર અને જેઠને મરાવી નાખ્યા ! બાળકોને પિતા વિહોણાં બનાવ્યાં!’’ ખેંસી સરદારો વિનાના જાયેરિયામાં ઊંડો શોક વ્યાપી ગયો છે.

એક દિવસનો સમાજોગ આવ્યો; સમાજોગનો મહાજોગ આવ્યો. રાઠોડોથી હારેલો જેદરો ઊંડા દુઃખને કારણે દિવસે દિવસે દૂબળો પડે છે. એક દિવસે તે ગઢના લોકોને ભેગા કરે છે અને તૂરી-તરગાળા અને ઘાંચીમોચીઓ આગળ પોતાનું દુઃખ રડે છે. તે કહે છે, ‘‘ભાઈઓ, મને રોજરોજનાં મહેણાં ખમાતાં નથી ! સ્વજનોમાં લાંબો વિખવાદ સારો નહીં. હવે મારે મારા સાળા સાથે મેળ કરી લેવો છે. ભાઈઓ, તમે મારી સાથે ચાલો. આપણે બધા ગુજણિયે જઈને દારૂ પાઈ આવીએ અને મેળ કરી આવીએ.’’ જેદરાની વિણવણીથી ગામના લોકો ઢાલ-તવલારો, બંદૂકો સજીને ગુજણિયાગઢમાં જવાની તૈયારી કરે છે. જેદરો તેમાને કહે છે,‘‘રાણી, મારી જ ભૂલ પડી ગઈ છે.સાળા અને બનેવી વચ્ચે લાંબો વિખવાદ સારો નહીં. તેમની સાથે મેળ કરીને પાછો આવું છું.’’

જેદરો નગરજનો સાથે ઘોડાની વાગ ઢીલી મૂકે છે. ‘ધરમર ધરમર’ ઘોડાંના ડાબલા વાગે છે અને બધા લોકો ગુજણિયાગઢની વાટે જાય છે. જેદરા ખેંસીના હૃદયમાં વેરનો આમળો પડેલો છે તેને ધીમેધીમે સરદારો આગળ ઉકેલવા લાગે છે. તે કહે છે, ‘‘અમે તો અમારું બાકી દહેજ હતું તે લેવા ગયા હતા છતાં અમે રાઠોડોને તો નહોતા માર્યા. અમે ચારણોને મારીને આવતા હતા; અમે જીત મેળવીને આવતા હતા. રસ્તામાં અમલ પીવા માટે બેઠા; અમે અમલ અને દારૂમાં ચકચૂર હતા. બંને ભાઈઓ બેધારાં ખાંડાં લઈને આવી પહોચ્યા અને ખેલ થઈ ગયો! અમને અમારાં હથિયાર પણ લેવા દીધાં



નહીં, અને આપણા બધા ખેંસી સરદારોને ઘેરીઘેરીને મારી નાખ્યા. અરે, આપણાં ઘોડાંને પણ જીવતાં જવા દીધાં નહીં ! ઘોડાંના પગ અને પૂછડાં કાપી નાખ્યાં. પછી તમે જ કહો, ભાઈઓ, કઈ રીતે મારું મન વળે ?'' હવે તે સરખી જોડીના સરદારોમાં જુસ્સો ચડાવવા આગળ કહે છે, હા, આજે ગુજણિયામાં ફરીને 'રમખું' માંડવું છે ! તમે ડગી જતા નહીં ! મારા કાકા ભાઈઓનાં વેર વાળીને જ આપણે પાછા આવીએ.'' જેદરાની વાતોથી પોરસાયેલા શૂરવીર સરદારો મૂછે તાવ દે છે અને ઘોડાંને તીખા તાજણા રોળવે છે. પવને પવને ઘોડા જાય છે, અને ઘોડા 'રવોર' કરતા ગુજણિયાની સીમમાં પ્રવેશ કરે છે. જેંજણિયા ઝોડમાં પ્રવેશ કરીને તેઓ દીપાવલી નાડીએ આવે છે. જેદરો કહે છે, '' આપણે દહેજમાં મળેલી આ દીપાવલી નાડીએ આરામ કરીએ. સીધા ગઢમાં પ્રવેશીને મોતના મુખમાં નથી પડવું. મારા બંને સાળા મોતના દૂતો છે. આથી ગઢમાં પ્રવેશ્યા પછી તો આપણે જીવતા પાછા નહીં નીકળી શકીએ. ગુજણિયામાં ગામનું કૂતરું પણ આપણું નહીં થાય.''

સરદારો ઉલાળિયાં લગામ કાઢીને ઘોડાંને વૃક્ષની છાયામાં બાંધે છે. છાયામાં લીલીપીળી જાજમો પાથરે છે, અને બધા સરદારો જેદરા ખેંસી સાથે જાજમો ઉપર વિરાજે છે. જેદરો ખેંસી ગુજણિયામાં પોતાના આગમનના સમાચાર આપવા માટે બે ખેંસી સરદારોને મોકલે છે. ગુજણિયામાં પાબુજીના મહેલે જઈને ખેંસી સરદારો જેદરાના આગમનના સમાચાર આપતાં કહે છે, '' ગુજણિયાની સીમમાં તમારો બનેવી લીલીપીળી જાજમો પાથરીને મેળ કરવાની આશાએ પડતી ભઠ્ઠીનો દારૂ અને બકરા લઈને તમારી રાહ જોતો બેઠો છે. આપણે બધા આડી પડેલી વેરની વાતો ભૂલીને મેળ કરી લઈએ. સંબંધીઓમાં લાંબો સમય સુધી વિખવાદ સારો નહીં.'' પાબુજી ચાંદાજીને બોલાવીને કહે છે, ''ચાંદાજી, બનેવી સામે ચાલીને ગુજણિયાની સીમમાં મેળ કરવા આવ્યો છે, આપણે મેળ કરી લઈએ. તે આપણી વચ્ચે પડેલાં આડાં વેર ભાગવા માટે આવ્યો છે. આપણે પણ આપણા મનની રીસ છોડીને એક થઈ જઈએ. ઘણો સમય થયો; બહેન દુઃખી છે ; હવે તો તેને આપણા ભેગો બેસાડીએ. ચાંદોજી પાબુજીને મૌન સંમતિ આપે છે. આથી ઢાગજી, ઢેબોજી, બૂરોજી, શૂરોજી, નેપજી, અને ડેપજી ભાઈઓને પણ બોલાવવામાં આવે છે. પાબુજી અને



ચાંદાજી સાથે બધા કુટુંબી ભાઈઓ, બે ખેંસી સરદાર સાથે દીપાવલી નાડીએ આવે છે. જેદરો ખેંસી સાળાઓને ઘણા માન સાથે આવકારે છે, અને જાજમો ઉપર બેસાડે છે. જાજમો ઉપર અરસ પરસ અમલ આપવામાં આવે છે. ખેંસીઓ અને રાઠોડો એકબીજાની હથેળીઓમાંથી અમલ પીએ છે, અને બધા 'ગરમી ગરમી' વાતો કરે છે. જેદરો ખેંસી વાતનો દોર હાથમાં લેતાં કહે છે, ''સાળાજી, મારામાં જ ભૂલ આવી ગઈ અને ભાગણિયોમાં મેં ગજબ કરી નાખ્યો ! તેના બદલામાં તમે પણ પાછા પડ્યા નથી ! તમારા 'રમખા'માં મારા પણ ઘણા કાકાભાઈ કપાઈ મર્યા. પણ થનારી વાતો થઈ ગઈ. ઘણા માસે મારી આંખો ખૂલી અને આપણો મેળ થયો તો ઘણું જ સારું થયું.'' ચાંદોજી વાતનો દોર હાથમાં લેતાં કહે છે, ''બનેવી, તેં હાથે કરીને ભાગણિયામાં ખીજડો વાવ્યો ! ગોલીના પેટના ! હવે ભવિષ્યમાં એવું રખે કરતો.'' જેદરો ખેંસી બે ખાનાવાળી બતક (કૂંજો) બહાર કાઢે છે. એક ખાનામાં પહેલી ધારનો દારૂ (માદક દારૂ) ભરેલો છે,અને બીજા ખાનામાં ચોખ્ખું પાણી ભરેલું છે. દારૂની 'સાખ' પાબુ અને ચાંદા અને બીજા રાઠોડોને આપે છે. ચોખ્ખા પાણીની 'સાખ' પોતે પીએ છે, અને પોતાના સરદારોને પાય છે. જેમજેમ વધુ ને વધુ દારૂ પીએ છે તેમતેમ રાઠોડો દારૂના 'સખિયા' બને છે.તેઓ 'ગરમી ગરમી' વાતો કરે છે. તેમની આંખોમાં દારૂ આવવા લાગ્યો છે, અને બધા રાઠોડ દારૂના નશામાં ડૂબવા લાગ્યા છે. 'વખનો મારગ દારૂ'ના કારણે ચાંદાજીને ભૂલેલી વેરની વાતો પાછી યાદ આવે છે. તે દારૂના નશામાં 'લવારો' કરતા જેદરા ખેંસીને કહે છે, ''એ...ગોલીના પેટના ! તેં ઘણું જ અવળું કરી નાખ્યું. તે દિવસે કરમદીના ઝાડમાં તારું અવશ્ય મરણ હતું પણ અમે તને જીવતું મૂક્યું છે ! હવે આ ધરતી ઉપર જ્યાં અને ત્યાં ફરીને જીવી ખાજે !'' જેદરો ખેંસી રાઠોડો દારૂના નશામાં થોડું અવળું બોલે તેની રાહ જોતો જ બેઠો હતો. દારૂમાં ડૂલ રાઠોડો જેદરાને 'અનાપ-સનાપ' બોલવા લાગ્યા છે. જેદરો યોગ્ય તકની રાહ જોતો વીજળાહણ ખાંડું હાથમાં રમાડવા લાગ્યો છે. તે વિચારે છે, ''આજે ચાંદિયો અને પાબુરો ખરા ઘાટમાં આવ્યા છે. તે દિવસે અમારાં નિર્દોષ ઘોડાંને પણ મૂક્યાં નથી!'' તે દાંત કચકચાવીને ખાંડાની પકડ મજબૂત કરે છે. જેવા ચાંદો અને પાબુ 'લવારો' કરતા તેની તદ્દન નજીક



આવે છે કે તરત જ વીજળાહણ ખાંડાનો એક એક ઘા બંનેની ગરદન ઉપર કરે છે. બંનેનાં માથાં ધડથી અલગ થઈને કૂદીકૂદીને દૂર જઈને પડે છે. ક્રોધે ભરાયેલા ખેંસીઓએ બીજા રાઠોડ સરદારોને પણ બકરાની જેમ વધેરી નાખ્યા. રીસનો ભરેલો જેદરો પોતાના સરદારોને લઈ ગુજણિયામાં પ્રવેશીને રાઠોડોના વાદળમહેલમાં જાય છે.મહેલોમાંથી એકએક કરીને ગર્ભવતી સ્ત્રીઓને બહાર કાઢે છે. તેમનાં પેટ ચીરી નાખીને ગર્ભ બહાર કાઢે છે. લોહી તરસ્યો જેદરો રાઠોડ કુળને નિર્મૂળ કરી જીત મેળવી જાયેરિયામાં પ્રવેશ કરે છે.

પાબુ અને ચાંદો આ પૃથ્વીના પ્રધાન હતા. 'ધણિયો' વિના ગુજણિયાગઢમાં અંધારું થઈ ગયું.દેશના દીવા પાબુ અને ચાંદાના મૃત્યુથી દેશ અને પરદેશમાં લોકોના મુખે 'ડસકારા' થયા અને લોકો શેરીએ અને બજારે ઊભાં ઊભાં આંસુ સારવા લાગ્યાં. પાબુ અને ચાંદાના મરણથી આકાશમાંથી હેંખરિયો (ગુરુનો) તારો ડૂબી ગયો!

ગુજણિયામાં કોઈ નર જીવતો રહ્યો નહીં. જગતમાં એકલી સ્ત્રીઓ પણ શોભે નહીં અને એકલા પુરુષો પણ શોભે નહીં. જગતમાં નર અને નારીનો મેળો જ સોહામણો (હોયમણો) લાગે. નર વિહોણા ગુજણિયાના ગાંદરે બધી સ્ત્રીઓ ભેગી મળી છે, અને પોતાના પતિનાં માથાં શોધીને ખોળામાં લઈને આંસુ સારે છે.

ઝળરોકુંવર

સોનગરાથી પાબુજીની નવવધૂ પોતાના ઘરના ભરથારને મળવા માટે ગુજણિયાગઢ તરફ આવવા નીકળી છે. મારગમાં આવતાં વિચારે છે, ‘‘ફોજોની સામે લડનારો મારો ઘરનો ભરથાર ચૉરીમાંથી છેડો કાપીને ગયો. તેણે આખું જાયેરિયું ભેળી નાખ્યું. પણ તે ગયો તે ગયો. છ છ માસ થયા છતાં લેવા પણ ન આવ્યો. આજે તો જાઉં ગુજણિયામાં !’’

ગુજણિયાની સીમમાં આવતાં નવેલીને કાળાં તોલરાં આડાં ઊતરે છે, અને રાણીના પેટમાં જ્વાળા ઊઠે છે. તેને ફાળ પડે છે. મનમાં વિચાર કરે છે ‘‘આજે મને કેમ માઠા શુકન થાય છે?’’ ગઢના ગાંદરે આવે છે તો કલ્પાંત



કરતી સ્ત્રીઓનો મેળો નજરે પડે છે. તે દોડીને ત્યાં જાય છે. દેવોલ પાબુ અને ચાંદાની વીરગતિના સમાચાર આપે છે. તે સ્ત્રીઓના સમૂહ પાસે આવીને જુએ છે તો પુરુષોની લોથો પાસે આબુના દેવળ જેવો પાબુજી પડ્યો છે ! બાજુમાં તેનું કપાયેલું માથું પડ્યું છે. વાંકડી મૂછો, દાબડી જેવા ડોળાવાળી આંખો, આંખો ઉપર ભમ્મરિયાપટ્ટા, મુખ હસીને જાણે કે તેની સામે આવતું હોય એવું રાણીને લાગે છે ! નવી રાણી પાબુજીના માથાને ખોળામાં લે છે, અને છાતી કૂટતી અને કલ્પાંત કરતી કહે છે, ''આખા દેશનો દીવો, મારા ઘરનો ભરથાર કામે આવ્યો અને મારા કરમમાં કાળા કાગડા બોલ્યા! તારા ઉપર ઘા કરીને મારનારનું નખ્ખોદ જજો ! તને ચૉરી ફરતે મોટોમોટો જોયો હતો. જીવનમાં આવીને નહીં જોયા સોવન (સુહાવના) ઢોલિયા ! નહીં જાણી તારી વાસના કે મારી વાસના ! હાય ! આપણી વચ્ચેથી જ જોડી તૂટી ગઈ ! હાય ! આપણે પાછાં કયા ભવમાં આ જગમાં ભેગાં થઈશું ?'' બાઈની તો છાતી ફાટે છે, અને સાયર ઊમટે છે. તે છાતી કૂટે છે, અને આંસુ સારે છે.

નવવધૂનું કલ્પાંત જોઈ ન શકતી સ્ત્રીઓ પુરુષોની કાઠીઓ ગોઠવવા લાગી છે. સ્ત્રીઓ ભેગી મળીને પાબુજી અને ચાંદાજીના દેહને એક જ કાઠી ઉપર ગોઠવે છે.નવી લાડી મનને મજબૂત કરીને વિચારે છે, ''થવાની હતી એ વાતો તો થઈ ગઈ. હવે રોવાથી રાજ મળવાનું નથી.'' તે પાબુજીના દેહ પાસે આવે છે, અને સતી થવાનો પોતાનો નિર્ણય જાહેર કરતાં કહે છે, ''હે દેરાણિયો ! જેઠાણિયો ! નણંદ ! તમે ખાજોપીજો અને રાજ્ય કરજો ! લાખ લાખની એક ઘડી કાઢજો ! કોને કહીએ ઘરનો ભરથાર ? અમે બંને એક જ કાઠીમાં ભેગાં બળીને હું સતી થવા જાઉં છું.'' નવવધૂનો સતી થવાનો નિર્ણય સાંભળીને નણંદ દેવોલ કહે છે, ''હે ભાભી ! તમે સતી થાઓ તો ભલે થાઓ. તમારી કરણી તમારી સાથે અને મારી કરણી મારી સાથે. હું તો મારા ભરથારની પાછળ સતી થઈ શકી નહીં. તમે તો બીજા અવતારમાં ભેગાં મળશો. ચારણની લોથોને કાગડા અને કૂતરાં ખાઈ ગયાં. મારે અને મારા ભરથારને ઘણું છેટું પડી ગયું. ગોઝારા ખેંસીઓએ ગર્ભવતી સ્ત્રીઓના ગર્ભનો નાશ કરીને રાઠોડ કુળનું 'જળામૂળ' કાઢ્યું. પણ હજીએ તુંબડામાં એક ખૂણે કોઈ એક બીજ રહી જાય તેમ કોઈના પેટમાં પુરુષનું બીજ પડેલું હોય તો સાથે



લઈને બળશો નહીં.'' દેવોલની વાત સાંભળીને નવવધૂને ધ્રાસકો પડે છે. તે વિચારે છે, ''હમણાં તો ગજબ થઈ જવાનો હતો !'' તે પોતાના પેટની વાત જાહેર કરતાં કહે છે, ''હે નણંદ ! તે દિવસે તમે માઠા સમાચાર લઈને આવ્યાં અને ચૉરીમાં ફરતાં ફરતાં જ કટાર મ્યાનમાંથી કાઢીને તમારા ભાઈએ અમારા ગઠબંધનનો છેડો કાપ્યો. તે વેળાએ કટારમાંથી જે તેજલિસોટો (ઝળુકો) ઊઠ્યો હતો, તે મારા પેટમાં ઊતરી ગયો હતો અને તેનો મારા પેટમાં ગર્ભ રહ્યો છે. હવે તમે આ ગર્ભનો સ્વીકાર કરો.'' આમ કહીને નવવધૂ કટારથી પેટ ચીરીને છ સાત માસનો ગર્ભ બહાર કાઢે છે, અને દેવોલને સોંપતાં કહે છે, ''તમે આને જીવની માફક જાળવજો અને મોટો કરજો.'' આ પછી તે કાઠી ઉપર ચડે છે, અને પાબુજીનું માથું પોતાના ખોળામાં લે છે. સ્ત્રીઓ ભેગી થઈને કાઠીને આગ મૂકે છે. જવાળાઓ પ્રજળે છે, અને સોનગરાની કન્યા પાબુજી ભેગી બળીને સતી થાય છે. તેની સાથે સાથે બીજી રાઠોડ સ્ત્રીઓ પણ પતિ સાથે સતી થાય છે.

દેવોલ સાળુના છેડામાં ગર્ભને સંતાડીને સૂના વાદળમહેલમાં આવે છે. સોનાનું પારણું બાંધે છે. રૂના પૂંમડાની વચ્ચે બાળકને પારણામાં મૂકે છે. દેવોલ ભગવાનનું સ્મરણ કરતાં કહે છે, ''હે ભગવાન ! મારે તો સાસરી અને પિયર વચ્ચે આ એકલું ફૂલ છે ! આ ફૂલ હું તને સોંપું છું. તું હમેશાં તેના ભેગો રહેજે.'' દેવોલ હીરની દોરીથી સોનાનું પારણું હીંચોળે છે. હાલરડું ગાતાં ગાતાં કહે છે, ''હે અવતાર ! મારા રાઠોડકુળનો આ વંશ તું જ મોટો કરજે !'' કુંવર દિવસ રાત વાદળમહેલમાં મોટો થાય છે. માતાનું પેટ ચીરીને ઝીલીને લીધેલો હોવાથી દેવોલ ફોઈ કુંવરનું નામ ઝળરો પાડે છે.

ધન્ય ઘડી અને ધન્ય વાર. સોનાના કિરણોવાળો સૂરજ ઊગ્યો છે. દેવોલ ફોઈ ઝળરાકુંવરને સોનાના પારણે હીરની દોરી ખેંચીને ઝુલાવે છે. કુંવરને ઉછેરી મોટો કરવામાં તે સાસરી અને પિયરનું દુઃખ ભૂલી જાય છે. હવે ઝળરો સમજણો થાય છે અને શેરીબજારે રમતો થાય છે.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને સમાજોગનો મહાજોગ આવ્યો. ઝળરોકુંવર માણેકચોકમાં જાય છે તો ગામનાં છોકરાં ગેડીદડો રમે છે. તે દૂરથી ઊભોઊભો આ રમત જુએ છે. તેને આ નવી રમત જોવામાં રસ પડે



અને છોકરાંની પાસે આવીને ઊભો રહે છે. છોકરાં તેને જુએ છે, અને કહે છે, ''એકલમૂડિયા ! અમે તને ગેડીદડો રમવા નહીં દઈએ !'' છોકરાંની વાત સાંભળી ઝળરોકુંવર વિચારે છે, ''તમે મને આજે રમવા નહીં દો તો કાલે હું પણ તમને નહીં રમવા દઉં.''

ઝળરોકુંવર વાદળમહેલમાં આવે છે, અને દેવોલ પાસે ગેડીદડો લાવી દેવાની હઠ લે છે, ''મા, માણેકચોકમાં છોકરાં ભાતભાતની અને ઘાટઘાટની રમતો રમે છે. તેમને જોઈને મને પણ રમવાનું મન થયું છે. મા, મને સોનાની ગેડી અને રૂપાનો દડો ઘડાવી આપ. મને ગેડીદડો રમવાની ઈચ્છા થઈ છે.'' રાજહઠ અને બાળહઠ.કુંવર માનતો નથી તેથી દેવોલ સોનીના ઘેર જઈને સોનાની ગેડી અને રૂપાનો દડો ઘડાવી લાવે છે.

ઝળરોકુંવર 'અઝઝર વઝઝર' રાત કાઢે છે. તે મનમાં વિચારે છે, ''ક્યારે સવાર થાય અને હું 'કૂરિયાં ખેતાં'માં રમત માંડું.'' પીળિયાં પ્રભાત થાય છે. ઝળરો ઢોલિયામાંથી ઊઠી બેઠો થાય છે. તે દાતણ કરીને ઊગતા સૂરજને વંદે છે. હીરકાંનિયું ધોતિયું પહેરે છે અને માથે રાઠોડી પાઘ મૂકે છે. પગે સોનાની ચાખડિયો પહેરી અને હાથમાં ગેડીદડો લઈને ગામની ભાગોળે આવેલાં 'કૂરિયાં ખેતાં'માં આવે છે. ત્યાં આવીને ગેડીદડાની રમત રમવા માટે છોકરાંનો સાથ મેળવે છે. છોકરાં ઝળરાને કહે છે, ''એક બાજુ તો અમે બધાં છોકરાં રહીએ અને બીજી બાજુ તું એકલો છે તો એકલો રહે.'' ગામનાં છોકરાં અને ઝળરોકુંવર સોનાની ગેડી અને રૂપાના દડાથી રમત રમવા લાગ્યાં છે. દાવ ચડે છે, દાવ ઊતરે છે અને ગેડીદડાની રમત આગળ ચાલે છે. ઝળરાનો દાવ આવે છે. તેને રીસ ચડે છે. જોર કરીકરીને દડાને ગેડીઓ ફટકારે છે. ઝડપથી જતો દડો કેટલાંક છોકરાંને હાથે વાગે છે તો કેટલાંક છોકરાંને પગે વાગે છે. છોકરાં દુ:ખના કારણે બૂમો પાડે છે, અને ઘર તરફ દોડતાં મહેણાં મારે છે, ''એકલપેટિયા ! તું એકલો છે તો એકલો રમ ! એકલમૂડિયા ! અમારા હાથ અને પગ ભાગી નાખ્યા !''

બીજા દિવસની સવાર થાય છે, અને કાલે હાથેપગે વાગ્યું હતું એ તો ભૂલી જાય છે અને બધાં છોકરાં રમવા માટે ફરીને 'કૂરિયાં ખેતાં'માં એકઠાં થાય છે. ફરીને ગેડીદડાની રમત શરૂ થાય છે.



કાલની માફક આજે પણ એક બાજુ ઝળરો એકલો છે, અને બીજી બાજુ પાંચપચીસ છોકરાં છે. દાવ ચડે છે, અને દાવ ઊતરે છે. દડાની પાછળ ઘણું દોડ્યા પછી ઝળરા કુંવરનો દાવ આવે છે. હવે તે વિચારે છે, " બધા મને દડાની પાછળ દોડાવે રાખે છે પણ આજે જુઓ આ મરદના ખેલ !" ઝળરો દડો હાથમાં લે છે, અને રીસે ભરાયેલો તે દાંત કચકચાવીને જોરથી દડાને ગેટી ફટકારે છે. જેથી દડો દાવ ઝીલવા માટે દૂર ઊભાં રહેલાં છોકરાંના હાથપગ તોડીને આગળ નીકળી જાય છે, અને છાણાં વીણવા આવેલી એક વિધવા ડોશીના છાણાં ગોઠવેલા ટોપલા ઉપર જઈને પડે છે. જેથી બધાં છાણાં વેરાઈ જાય છે. ઝળરાના ઝનૂનથી ભયભીત થયેલાં છોકરાં બૂમો પાડતાં ગામ ભણી દોડે છે, અને ઝળરોકુંવર દડો લેવા ડોશીના ટોપલા પાસે આવે છે. ગોઠવેલાં છાણાં વેરાઈ ગયેલાં હોવાના કારણે ડોશી વિફરે છે, અને ઝળરાકુંવર પર મહેણાંની ઝડી વરસાવતાં કહે છે, "વણબાપા ! વણકાકા ! વણકુટુંબના ! જાતભાત વિનાના ! તારું નખ્ખોદ જાય ! તેં મારાં છાણાં શા માટે વેરી નાખ્યાં? તારા બાપ કે તારા કાકાને મેં તો નહોતા માર્યા' લ્યા નખોદિયા ! એવો શૂરો હોય તો જાને જાયેરિયામાં. તારા બાપના વેરી, તારી ફોઈ તેમાના ધણી જેદરા ખેંસીને મારવા! " ઝળરોકુંવર છાણાંમાંથી દડો લે છે, અને આવેશમાં આવેલી ડોશી ઝળરાને આગળ સંભળાવે છે, "મૂઆ, જેદરાએ પણ ગજબ કર્યો ! ભાગણિયોના ગર્ભ પણ નથી મૂક્યા ! ભૂંડાએ ગુજણિયામાં તો આકડા વાવ્યા ! મૂઆ ! તું પણ જ્યાં અને ત્યાં દડા ઝીંકીને આ 'રાંડીરાંડ ' આગળ શું જોર કાઢે છે? જા, જાયેરિયામાં, તારા બાપના વેરીને વાવીને આવે તો હું તને વીર ગણું!"

ઝળરાની આંખોમાં આંસુની ધારાઓ વહેવા લાગે છે. તે આંસુ સારતો સારતો વાદળમહેલ ચડે છે, અને ફોઈને જોઈને ધ્રુસકે ધ્રુસકે રડે છે. દેવોલ તેને પંપાળીને પૂછે છે, "દીકરા, તને કોણે કૂટ્યો અને કોણે માર્યો ? તારા દુઃખની વાત કર." ઝળરો કહે છે, "ફોઈ મને કોઈએ માર્યો પણ નથી અને કોઈએ કૂટ્યો પણ નથી. આજે મને મારા બાપુની યાદ આવી છે. મારે બાપુના ખોળામાં માથું મૂકીને સૂવું છે અને તેમના ખોળામાં મારે રમવું છે. તું મને મારા કાકા અને ભાઈ બતાવ.મારે તેમના ભેગા બેસવું છે, અને તેમની સાથે



વાતો કરવી છે.'' હવે દેવોલના હૈયામાં ભૂલેલી વાતો તાજી થાય છે. તે છાતી કૂટે છે. ઘણા વરસે હૈયામાં પાબુ અને ચાંદો આવે છે. તે ઊભીઊભી ઝૂરે છે, અને વિલાપ કરતાં કહે છે, '' દીકરા, મન વાળ ! વાદળ વાળ ! તું છાનો રહે કુંવરિયા ! ગમે તે કરીશ તો પણ તારા બાપુ કે કાકાનું મુખ જોઈ શકવાનો નથી દીકરા !'' ઝળરો પૂછે છે, ''ફોઈ, તેઓ ક્યાં ગયા ? આખા કુટુંબમાં આપણે બે જણ જ કેમ છીએ ? ફોઈ, તું સાચી વાત કર !'' દેવોલ નીચે બેસીને ઝળરાકુંવરને ખોળામાં લે છે, અને તેના માથે હાથ ફેરવે છે. બંનેની આંખોમાંથી શ્રાવણ અને ભાદરવો વરસે છે, અને બંને સ્વજનોને યાદ કરી કરીને રડે છે. દેવોલ સ્વસ્થ થઈ ઝળરાને આશ્વાસન આપતાં કહે છે, ''દીકરા, એ બધી જૂની વાતો જવા દે. તું તો મારે જોવાની આંખ છે. દીકરા ! તને કઈ રાંડે મહેણાં માર્યાં ? તને અવળી વાટે ચડાવનાર રાંડનું નખ્ખોદ જજો !'' હવે દેવોલના હૈયામાં ભાઈઓ આવે છે. તેઓ ચાલતા ત્યારે નીચે ધરતી ધ્રૂજતી હતી, અને ઉપર વાદળ ગાજતાં હતાં. તે વિચારે છે, ''હવે કોને કહીએ માજણ્યા ભાઈ ?'' કુંવરને છાતીએ ચાંપીને માથે હાથ ફેરવે છે, અને કુંવરને આશ્વાસન આપતાં કહે છે, ''દીકરા, મન વાળ ! વાદળ વાળ ! ઘડીએક ધીરજ ધર અને મોટો થા. દીકરા, આપણા મોટા મોટા સરદારો વેરાઈ ગયા! દીકરા, આગળના સમયમાં મોટામોટા કાળ પડ્યા. અનાજ અને પાણી વિના શું ખાઈને જીવે? આથી તારા બાપ અને તારા બધા કાકાઓને કાળે ભરખી ખાધા.'' ઝળરો ફોઈને આગ્રહ કરતો કહે છે, ''ફોઈ, જૂઠાંજૂઠાં બહાનાં બતાવ્યા વિના અમારા કુટુંબની સાચી વાતો કહે તો જ મારા મનને શાન્તિ થાય''. કુંવરના આગ્રહથી દેવોલ ધીમેધીમે પોતાનું પેટ ખોલવા લાગે છે, અને વર્ષોથી હૃદયમાં ભંડારી રાખેલી વાતોને હોઠ ઉપર લાવતાં કહે છે, ''દીકરા મારા ! હજી તું ઘણો જ નાનો છે, અને મારી વાતોથી ઊનો આકરો થતો નહીં. લોહીની તરસી તારી ફોઈ તેમા સાસરીના પક્ષમાં રહીને પોતાના ધણી જેદરાને ચડાવીને માજણ્યા ભાઈઓને મરાવી નાખ્યા. આવી કજિયાખોર રાંડોનું નખ્ખોદ જજો !'' ઝળરો ફોઈને પૂછે છે, ''શા માટે તેમા ફોઈએ મારા બાપુ અને કાકાઓને મરાવી નખાવ્યા?'' દેવોલ આગળ વાત કરતાં કહે છે, ''દીકરા, બાળપણમાં તેમા ઘોડિયામાં હીંચતી હતી ત્યારે તેને રડતી છાની રાખવા માટે



તારા બાપુએ હસતાં રમતાં ખાલી ખાલી દહેજ આપેલું તેને સાચું માની લીધું. મોટી થઈ ત્યારે જાયેરિયામાં પરણાવતી વખતે આ દહેજ આપવાનું તારા બાપુજી અને કાકો ચાંદોજી ભૂલી ગયા. સાસરે ગયા પછી તેમાએ પોતાના માજણ્યા ભાઈઓને અળખામણા કરીને પોતાના પતિ જેદરાને ખરી ખોટી વાતો કરીને ચડાવ્યો. રીસે ભરાયેલો જેદરો ખેંસી ભાઈઓનો સાથ મેળવીને ભાગણિયો ઉપર ચડી આવ્યો. તારા નિર્દોષ ફુઆ ભીમ ચારણને મારી નાખ્યા, અને આખી ભાગણિયો ભેળીને અમારી સવાલાખ ગાયોને હરીને ચાલતો થયો. આ દિવસે તારા બાપુજી સોનગરે પરણવા ગયા હતા.દીકરા, હું તેમને સમાચાર આપવા સોનગરે ગઈ. જેદરાની ફોજને તારા બાપુ પાબુજી અને ચાંદાજીએ રસ્તામાં જ ઘેરી લીધી. ખેલ થઈ ગયો દીકરા ! બે ભાઈઓએ જ દારૂ અને અફીણના નશામાં ડૂલ થઈ ગયેલા જેદરા ખેંસીના બધા જ કાકા અને ભાઈઓને મારી નાખ્યા. તારો કાકો ચાંદોજી તો જેદરા ખેંસીને પણ મોતના ઘાટ ઉતારતો હતો પણ બાપુએ બનેવી સમજીને નાગને જીવતદાન આપ્યું ! છ માસ પછી મેળ કરવાના બહાને જેદરો ગુજણિયાની સીમમાં ફોજ લઈને આવ્યો. તેણે બધા રાઠોડોને અફીણ અને દારૂમાં ડૂલ કરીને છેતરીને મારી નાખ્યા.'' દેવોલની વાત સાંભળીને ઝળરો પોતાના મૂએલા બાપુ અને કાકા ભાઈઓને યાદ કરી કરીને વિલાપ કરવા લાગ્યો છે. કુંવરને ચેન પડતું નથી. તે ઊભોઊભો 'ઝૂરણ' કરે છે. દેવોલ તેને આશ્વાસન આપતાં કહે છે, ''દીકરા મારા, તું ધીરજ રાખ. ઉતાવળ કરીશ નહીં. ધીરજ તને ગુણ આપશે. હજી તો તું ઘણો જ નાનો છે. તારે ઘણુંઘણું સમજવાનું છે. ઘણુંઘણું જોવાનું છે. આજે તો તું ચાલ મારી સાથે. હું તને તારા બાપુની રાજકચેરી બતાવું. તારા કાકા-ભાઈઓના વાદળમહેલ બતાવું.''

દેવોલ ગઢની કૂંચીઓ ઝળરાકુંવરને આપે છે, અને તેને આગળ કરીને ગુજણિયાગઢનો વૈભવ બતાવવા લઈ જાય છે. બંને મારગે મારગે ચાલીને ગઢની દોઢીને દરવાજે આવીને ઊભાં રહે છે. સૂરજપોળોમાં પ્રવેશતાં પહેલાં ગણપતિ (પોળિયા)નું સ્થાનક આવે છે. દેવોલ કુંવરને આ સ્થાનક બતાવતાં કહે છે, ''દીકરા, આ આપણા પૂર્વજોના ગણપતિ છે. પેઢીઓથી તેઓ આપણી સૂરજપોળોના રક્ષક છે. દીકરા, આ રક્ષક દેવને નમન કર.'' કુંવર નીચે



બેસીને ગણપતિને નમન કરે છે. સામે જ દોઢીના લોખંડી દરવાજાને મોટું ભમ્મરિયું તાળું મારેલું છે. ઝળરો મ્યાનમાંથી કટાર કાઢી પોતાની ટચલી આંગળી કાપીને લોહીના છાંટા તાળા ઉપર નાખે છે. કૂંચી લગાડીને તાળું ખોલે છે, અને (રાક્ષસી) દરવાજા ખોલીને ગઢમાં પ્રવેશે છે. દેવોલ ફોઈ કુંવરને દોરતી દોરતી પાબુજીની રાજકચેરીમાં લઈ જાય છે. દેવોલ કચેરી બતાવતાં કહે છે, ‘‘કુંવર, આ તારા બાપુજીની રાજકચેરી છે. તું હવે તેમનો રાજવૈભવ ધ્યાનથી જો.’’ કચેરીના પ્રવેશદ્વારમાં જ લીલીપીળી જાજમો પાથરેલી છે. ઝળરો જુએ છે તો ઉપર કસ્તૂરીના ભભકા ઊડે છે, અને જાતજાતનાં અત્તરોની મીઠીમીઠી સુંગધ આવે છે. કુંવર આ બધું જોવા માટે ફાંફે ચડે છે. કસ્તૂરીની સુંગધ માણતાં કહે છે,‘‘ફોઈ, તું તો કહેતી હતી કે રાઠોડોને મારી નાખ્યા છે ને ? પણ તેઓ તો હમણાં જ અહીંથી ગયા છે ને! જાજમો ઉપર હજી હમણાં જ છાંટેલી કસ્તૂરી અને અત્તરના ભભકા ઊડે છે ને ! તેઓ કઈ બાજુ ગયા હશે?’’ ઝળરો તેમને શોધવા માટે ખૂણેખૂણો તપાસે છે. પણ તેઓ કોઈ જગાએ મળતા નથી. હવે તે માથું કૂટે છે, અને વિલાપ કરતાં કરતાં ફોઈને પૂછે છે, ‘‘ફોઈ, આ સુંગધીદાર લીલી અને પીળી જાજમો તો હજી હમણાં જ પાથરી છે. આ જાજમો ઉપર બેસનારા અને ‘ગરમી ગરમી’ વાતો કરનારા મારા કાકા અને ભાઈઓ ક્યાં ગયા છે ?’’ તે જાજમો ઉપર ચડીને આગળ જાય છે તો બાપુનું ગાદીએ બેસવાનું સોનાનું સિંહાસન નજરે પડે છે. તે સિંહાસન ઉપર હાથ ફેરવે છે, અને બાપુની યાદ આવવાથી દુઃખી થઈને સિંહાસને માથાં પછાડે છે. કુંવર સિંહાસને માથું મૂકીને ઝૂરતો ઝૂરતો દેવોલને પૂછે છે, ‘‘ફોઈ, તું એ તો કહે કે આ સોનાના સિંહાસને બેસીને રાજ કરવાવાળા મારા બાપુ ક્યાં ગયા ?’’ ઝળરો કુંવર ‘વેરાગ’ કરીકરીને રડે છે, અને કહે છે, ‘‘તમે મને આ વનમાં એકલો મૂકીને ક્યાં ગયા બાપુ ?’’ દેવોલ કુંવરને આશ્વાસન આપતાં કહે છે, ‘‘દીકરા, તું હજી આગળ ચાલ, અને ફરીફરીને તારા બાપુ અને કાકાઓની વિલાસ સમૃદ્ધિ તો જો ?’’

વાદળમહેલમાં ફરતો ફરતો ઝળરો શયનખંડમાં આવે છે. ભમર ઢોલિયાની બાજુમાં સોનાનો ખાટહિંડોળો ઝૂલે છે. ઝળરો ખાટહીંડોળાને ચારે બાજુ ફરીફરીને જુએ છે. આગળ જાય છે તો સ્નાન કરવાની સોવન (સુહાવની)



કુંડીઓ નજરે પડે છે. દેવોલ આગળ લઈ જાય છે તો કુંવરને મોતીની માળાઓ અને રૂપનળા હોકા નજરે પડે છે. ઝળરો મોતીની માળાઓને હાથમાં લઈને પંપાળે છે, અને રૂપનળા હોકા ફેરવી ફેરવીને જુએ છે, અને દુઃખના કારણે હાથે ડાચાં નાખે છે. તેની આંખોમાંથી શ્રાવણ અને ભાદરવો વહે છે, અને બાપુને યાદ કરીકરીને કહે છે,"બાપુ મારા ! મને એકલો મૂકીને ક્યાં ગયો? મારે તારા સાથે ખાટહિંડોળે હીંચવું છે, અને મોતીની માળા પહેરી તારા ખોળામાં આળોટવું છે." દેવોલ પિતાની યાદને કારણે વિવશ થઈને બેસી પડેલા કુંવરને આશ્વાસન આપીને ઊભો કરે છે, અને ફરતી ફરતી શસ્ત્રગારમાં લઈ જાય છે. કુંવર ફૂલ્લીવાળી બંદૂકો, ઢાલ અને તલવારો, બંને બાજુ ધારાવાળાં ખાંડાં, તીર-કામઠાં, સિંદૂરિયા ભાલા અને બરછીઓ જુએ છે. એકએક હથિયારને હાથમાં પકડીને ધાર જોતોજોતો વિલાપ કરે છે, "સિંદૂરિયા ભાલા અને ખાંડાં લઈને 'ભારથ' (ભારત-યુદ્ધ) લડનારા મારા કાકા અને ભાઈઓ, તમે બધા કઈ દિશાએ ગયા છો ? હવે હું એકલો કોની સાથે બેસું અને કોની સાથે ફરું ?" તે 'વેરાગ' કરીકરીને રડે છે, અને કહે છે, "કાળનું મોઢું અદશ્ય થજો ! તારા કારણે તો મારા સતિયા બાપુ અને કાકાભાઈ, આ પૃથ્વી ઉપરથી ઊઠી ગયા." દેવોલ તેને મહેલની અગાસીએ લઈ જાય છે, અને ત્યાંથી રળિયામણાં આંગણાં બતાવે છે. અગાસીમાં ઝડેલા અલમી કાચ (દર્પણ) બતાવે છે, અને કુંવરને કહે છે, "દીકરા, અહીં બેસીને તારા બાપુ અને કાકા સોળૈયો શણગાર સજતા અને મૂછે તાવ દઈને પીઠ પાછળ હથિયાર બાંધીને 'ભારથ' લડવા જતા હતા." આ પછી દેવોલ સાતમાળિયા મહેલ પાસે આવીને ઊભી રહે છે. ઝળરોકુંવર પૂછે છે, "ફોઈ, આ સાતમાળિયો મહેલ કોનો છે?" દેવોલ કહે છે,"કુંવરિયા મારા ! આ સાતમાળિયો મહેલ 'સોટકલાં પગાં'ના તારા કાકા ચાંદાજીનો છે. તારા બાપુ અને તારો કાકો સાથે ને સાથે રહેતા." ફોઈ ને ભત્રીજો ઘોડારમાં જવા માટે ફરીને રાજકચેરીમાં આવે છે. ફોઈ કહે છે, "આ લીલીપીળી 'કાબરી-પટોરી' જાજમો જોઈને ? આ જાજમો ઉપર તો મહેતા-મુત્સદી વિરાજતા હતા. રૂપાના સિંહાસને તારા કાકા ઢાગજી, ઢુબજી, શૂરોજી અને બૂરોજી બેસતા હતા. સોનાના સિંહાસને તારા બાપુ પાબુજી અને ચાંદોજી વિરાજતા હતા.દીકરા, તારો બાપુ આ



સોનાની ગાદીએ બેસીને રાજ કરતો હતો. જાજમો પર અમલનાં પોતાં ફરતાં હતાં. મહેતા-મુત્સદ્દીઓ રૂપનળા હોકા પીતા હતા. બધા ભેગા બેસીને દારૂડા પીતા અને 'મારૂરા' ગાતા હતા. રાજકચેરીમાં બેઠાબેઠા 'ગરમી ગરમી' વાતો કરતા હતા. મારો પાટવી ભાઈ પાબુ અને છોટકલાં પગાંનો ચાંદોજી તો દેશના દીવા હતા ! અરે, ઘરના વાઘ હતા ! પણ દીકરા, તને અને મને એકલાં મૂકીને જતા રહ્યા. નખ્ખોદ જજો તારી તેમા ફોઈનું ! ભૂડી રાંડે ગુજણિયું અને ભાગણિયું બે ગામ ભેળી નખાવ્યાં ! તે વખતની તે શી વાતો કરવી ? બંને ગામના પાદરે લોહીની નદીઓ 'ખળૂકા' મારતી હતી ! ચારણોનો તો વંશ પણ રહ્યો નહીં. દીકરા, લોહીની નદીઓમાં સવાસવા મણના પથ્થર તણાયા હતા ! રાંડે મારે તો પિયર અને સાસરીમાં બંને સ્થળે કાળો ખીજડો વાવ્યો !'' હવે ઝળરોકુંવર હૃદયમાં અને હૃદયમાં દુઃખ સમાવા લાગ્યો છે. ધીમેધીમે તેનું દુઃખ મૌનનું રૂપ ધારણ કરે છે.

છેલ્લે દેવોલ કુંવરને ઘોડાંની ઘોડારમાં લઈ જાય છે. કેશર 'કારમી' ઘોડી દેવોલ અને ઝળરાને જોઈને હણહણે છે. ફૂલવછેરો પણ સામે આવે છે. ઝળરો બંને ઉપર હાથ ફેરવીને પંપાળે છે. દેવોલ કહે છે,''દીકરા, આ ઘોડાં પર બેસીને તાર બાપુ પાબુજી અને કાકો ચાંદોજી આખું જગત ફરતા. સદાય બંને ભાઈઓ સાથે જ રહેતા હતા, અને ભેગા જ ફરતા હતા. તેઓ ચાલતા હતા ત્યારે ધરતી ધ્રૂજતી હતી અને આકાશમાં વાદળો ગાજતાં હતાં. આખા દેશમાં તેમનો ડંકો વાગતો હતો...!'' દેવોલ આગળ વાત કરતાં કહે છે, ''બંને ભાઈઓ સાથે જ જીવ્યા અને એક જ કાઠીએ બળ્યા. તારી માતા અને તારી કાકી તેમની પાછળ સતી થઈ. પણ દીકરા, તું હજી તો ઘણો નાનો છે. તારો ફુઓ જેદરો ઘણો જ ભૂંડો આદમી છે. અત્યારે તું કશું કરતો નહીં પણ મોટો થાય ત્યારે જેદરા ખેંસીની ચોક્કસ ખબર લેજે. અત્યારે દીકરા, તું મન વાળ! વાદળ વાળ !'' ઝળરો દેવોલને કહે છે, ''હે ફોઈ ! હું હવે કેમ કરીને મન વાળું ? મારા બાપુ અને કાકા-ભાઈઓની કેવી ગત થઈ? વેરીને કંઈ જ નહીં કરી શકતો એવો હું દાંત નીચે જીભ કચડીને મરું કે ઊંધો પડીને મરું ? મારા બાપુનું વેર નહીં વાળી શકતો એવો હું ગઢના માનવીઓ ભેગો કઈ રીતે ફરી શકું ?'' તે આગળ કહે છે, ''ફોઈ, તું તારા નસીબે જીવી ખાજે અને હું મારા



નસીબે જીવી ખાઈશ.'' ઝળરા કુંવરના પગ આ ગઢમાં થોભતા નથી. દેવોલને કહે છે, ''ફોઈ, આજે જ ગુજણિયાના ગાંદરે જોગીઓએ ડેરા તાણ્યા છે. હું હવે અહીં રહેવા માટે શક્તિમાન નથી. હું તો આ ચાલ્યો જોગીઓ સાથે.''

ગુજણિયાના ગાંદરે જોગીઓએ ડેરા તાણ્યા છે. તંબૂ, તંબૂ અને તંબૂ છે! ઝળરોકુંવર મુખ્ય જોગી પાસે આવે છે, અને પૂછે છે, ''હે જોગી ! તમે કંઈ બાજુ જાઓ છો?'' જોગી કહે છે, ''અમે જાયેરિયા તરફ જઈ રહ્યા છીએ.'' કુંવર પૂછે છે, ''તમે મને સાથે લઈ જશો?'' જોગી કહે છે,''હજી તું ઘણો નાનો છે. હજી તો તારા મોઢામાં હમણાં જ દાડમનાં બીજ જેવા દાંત ફૂટી નીકળ્યા છે, અને તારે શા માટે જોગી થવું છે ? અમે તો લૂખું ખાઈએ અને ધૂળમાં સૂઈએ. તું શા માટે દુઃખી થાય છે?'' ઝળરો કહે છે કે,''હે જોગી ! મારે હવે ગુજણિયાગઢમાં રહેવાનો યોગ નથી. અહીં મારે કોઈ નથી. નથી તો બાપુ કે નથી તો કાકા; મારા કુટુંબમાં કોઈ નથી. તમારી સાથે ફરીશ અને માગી ખાઈશ. તમને ભીડ પડશે તો હું ભેગો રહીશ અને મને ભીડ પડશે તો તમે ભેગા રહેજો.'' જોગીઓ ઝળરાકુંવરને સાથે આવવાની સંમતિ આપે છે, અને તે જોગિયોના ડેરા સાથે જાય છે.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ'નો મહાજોગ આવ્યો. જાયેરિયાના ગાંદરે વાવને માથે જોગીઓએ ડેરા તાણ્યા છે. તંબૂ, તંબૂમાં, તંબૂ છે ! તંબૂઓ ઉપર ધજાઓ ફરકે છે. નાનકડા જોગીએ પણ વાવના માથે તંબૂ તાણ્યો છે. તે તંબૂમાં બેઠોબેઠો રાહ જોઈ રહ્યો છે કે જાયેરિયાગઢમાંથી વાવમાં પાણી ભરવા કોઈ આવે છે કે નહીં.

જાયેરિયાના ગાંદરે પીળિયાં પ્રભાત થયાં છે. વાતોનો 'ધમારોળ' ઊડે છે, અને વાદળમહેલમાંથી તેમારાણીની દાસીઓ સોનાનાં બેડાં લઈને પાણી ભરવા માટે આવી રહી છે. તેઓ વાવની નજીક આવે છે તો વાવને માથે ભમતા જોગીઓએ ડેરા તાણ્યા છે. દાસીઓ વાવને માથે ફરે છે. તેમને એક તંબૂમાં રૂપરૂપના ઢગલા જેવો એક નાનકડો જોગી નજરે પડે છે. દાસીઓ ડેરાની આજુબાજુ ફરે છે, અને અંદરઅંદર વાતો કરે છે, ''આવાં રૂપાળાં માનવી ક્યાંથી લાવીએ ?'' તેઓ એકીટશે જોગીનું રૂપ જોઈ રહી છે, અને વિચારે છે કે ''જોગીનાં નયન ખાંડાની ધાર જેવાં છે. દાબડી જેવા ડોળા ઉપર



ભમરા ‘લૂંબ્યા’ છે. દાંત તો દાડમનાં બીજ જેવા છે. નાક દીવાની શગ જેવું છે. મોઢું ગુલાબના ફૂલ જેવું છે. ઘણો જ રૂપાળો જોગી છે. મૂછોના આમળા આંખે અડ્યા છે. જોગીની છાતીના વાળ અંગરખું ફાડીને બહાર નીકળ્યા છે. પગની પિંડીના વાળ ‘અવળા તવળા’ પડેલા છે.’’ છોકરીઓ અંદરઅંદર વાતો કરે છે, ‘‘કોને કહીએ રૂપાળાં માનવી ! બાઈઓ, કોના કરમમાં લખેલો હશે ? આ આપણને માગેલો ક્યાં મળવાનો હતો ? આવા રૂપાળા જન્મીને પાછા જોગી કેમ થયા હશે ?’’ દાસીઓને જોગીઓના ડેરા પાસેથી ખસવાનું મન થતું નથી. તેઓ નાનકડા જોગીના તંબૂની આજુબાજુ ફરે છે, અને સવાપહોર દિવસ ચડે છે. હવે તેમને તેમારાણીની યાદ આવે છે. દાસીઓને તેમારાણીની બીક લાગે છે. વાવમાં જઈને જેમતેમ કરીને બેડાં ભરે છે. દાસીઓ બેડાં માથે મૂકીને ‘પૂંઠ’વાળે છે, અને જાય છે. વળી પાછી રસ્તા વચ્ચે ઊભી ઊભી ‘ઝોલા’ ખાય છે.

દાસીઓ બેડાં લઈને ‘ધરમર ધરમર’ વાદળમહેલ ચડે છે. તેઓ પાણીનાં ભરેલાં બેડાં માથેથી નીચે ઉતારીને પાણિયારે મૂકે છે. જેવી તેમારાણીની નજીક આવે છે કે તરત જ તેમારાણી દાસીઓની કમરમાં ‘વાનરપૂંછો’ ‘તાજણો’ (ચાબુક) ફટકારવા લાગી છે. પછી દાસીઓને પૂછે છે, ‘‘દિવસ તો સવાપહોર ચડ્યો છે અને આટલી વાર સુધી વાવના માથે શું કરતી હતી રાંડો !’’ દાસીઓ તેમારાણીને કહેવા લાગી છે,‘‘માતા ! અમને વાત તો કહેવા દો? અમને જાણ્યા જોયા વિના શા માટે મારી નાખો છો ? આપણી વાવના માથે તો ‘જોયણું’ (તારોડિયું) ફૂલ્યું છે. આ કહેવાની વાત નથી, જોવાની વાત છે.’’ એક દાસી વળી કહે છે, ‘‘માનવી તો ભગવાને સૌને ઘડ્યાં છે, પણ આપણી વાવના માથે પડેલા જોગીઓના ડેરામાં રેશમી કપડાં પહેરેલા જોગીના રૂપની તો શી વાત કરીએ રાણીબા ! અમે તો તેનું રૂપ જોતાં જ રહ્યાં. આ સવાપહોર દિવસ ચડ્યો છતાં અમને ત્યાંથી ખસવાનું મન થતું જ ન હતું. અમે તો તમારી બીકને લીધે જેમતેમ કરીને પાણી ભરીને આવતાં રહ્યાં છીએ. રાણીબા, ઘણો જ ‘હવાદિયો’ સરદાર છે ! વાઘના જેવી આંખો સામે તો જોવાતું પણ નથી. ઘણો જ ફૂટડો સરદાર છે! ’’

દાસીઓની વાત સાંભળીને તેમારાણીનું મન ઝાલ્યું રહેતું નથી. તે



દાસીઓનાં ભરેલાં બેડાં ઠલવાવી દે છે. તેમા સોળૈયો શણગાર સજે છે. કમરે 'મેઘાડાંમોર'નો ચણિયો, છાતીએ કાંચળી અને શરીરે આછો સાળુ પહેરે છે. તેમા માથે દામણી, કાને 'ઝૂમરાં' અને કપાળમાં ટીલડી ચોડે છે. રાણી વાળેવાળે મોતી ગૂંથે છે, અને પગમાં લાખનાં ''નેવર' પહેરે છે. રાણીનો દેહ તો વાજિયા ઘઉંનો પિંડ ! તેમા તો હોળીનો ભડાકો ! પૂર્વ દેશના પવન વાય છે, અને રાણી રૂપથી ભાગી ભાગીને ટુકડા થાય છે. ઊંચે ચાલે છે તો સ્વર્ગે જાય છે, અને નીચે આવે છે તો પાતાળમાં જાય છે.

તેમારાણી માથે સોનાનાં બેડાં મૂકીને વાદળમહેલ ઊતરે છે, અને દાસીઓના 'ઝૂલરે' (સમૂહ સાથે) વાવને માથે આવે છે. વાવને માથે ભમતા જોગિયોના ડેરા, ડેરામાં, ડેરા પડેલા છે. તેમા વાવે સોનાનાં બેડાં માથેથી ઉતારીને નીચે મૂકે છે, અને નજીકના એક તંબૂમાં જુએ છે તો નાનકડો એક જોગી જમીન પર સૂતેલો છે. બાળજોગીનું મુખ તો પૂનમના ચંદ્ર (પૂનમિયો સૉદોર) જેવું છે. તેના રૂપને જોઈને સૂરજ ઝાંખો થાય છે. તે જોગીને એકીટશે જુએ છે. તેમાને તરત જ પાબુની 'મોંકળા' (મુખકળા) હૈયામાં આવે છે. હવે તેના હૈયામાં પોતાના મરેલા ભાઈઓ આવે છે. આંખોમાંથી શ્રાવણ અને ભાદરવો વરસવા માંડે છે. તેમા છાતી કૂટે છે, અને વિલાપ કરતી વિચારે છે, ''હું જ ભૂંડી છું ! સાસરીના પક્ષમાં રહીને મેં મારા હાથે જ મારા ભાઈઓને મરાવી નખાવ્યા. પણ આજે ઘણા વરસે મારા પિયરનો જોગી નજરે પડ્યો છે. તે તંબૂની ચારે બાજુ ફરે છે, અને વિચારે છે, ''સંસારમાં આવીને ભવ આખો ભૂલી ગઈ ! મેં ભૂંડીએ ખોટું કામ કરી નાખ્યું ! હવે કોને કહું માજણ્યા ભાઈ ? આ તો સાચે જ મારા પાટવી ભાઈ પાબુ જેવો લાગે છે. તેનું જ મુખ અને તેની જ અણિયારી આંખો ! હાય ! પણ આટલા વરસે કઈ રીતે તેની પાસે જઉં અને તેને ખોળે લઉં ? હવે હું તેને દીકરો કહીને કઈ રીતે બોલાવું?'' તેમા ઊભીઊભી ઝૂરે છે.

તેમા પર દૃષ્ટિ પડતાં ઝળરોકુંવર વિચારે છે,''આ દાસીઓ સાથે આવી છે તે જરૂર મારી તેમા ફોઈ હોવી જોઈએ. માટે તે મને જોઈને ઝૂરે છે, અને આંસુ સારે છે. ચેન નહીં પડવાથી તંબૂની આજુબાજુ ફરે છે, અને મને આવીને જુએ છે. તે મારી તદ્દન નજીક આવે તો ભૂંડીનું ગળું જ મરડી નાખું ! આવી



કજિયાખોર રાંડ સામે તો મારે જોવું પણ નથી.'' જેમજેમ તેમા ઝળરાને ધારીધારીને જુએ છે, તેમતેમ ઝળરાનો આક્રોશ વધી જાય છે. ક્રોધના કારણે કુંવરની આંખોમાં લોહી ધસે છે. છતાં પણ તેમા હિંમત એકઠી કરીને ઝળરા સાથે વાત કરવાનો પ્રયત્ન કરતાં કહે છે, ''હે દીકરા ! તું મારી સાથે મનમેળાવો કર! થનારી વાતો થઈ ગઈ. દીકરા, હું તને ખોળે લઉં અને તું મને ખોળે લે.'' આવેશના કારણે ઝળરો તેમાની સામે જોયા વિના જ પ્રત્યુત્તરમાં કહે છે, ''લોહીની પીનારી રાંડ ! મારી નજરેથી દૂર જા, તેં મારા ગુજણિયાગઢમાં કાળો ખીજડો વાવ્યો !'' ''દીકરા મારા ! થવા કાળે જે થયું તે થયું ! હવે તું મારે ખોળે બેસ. હું તારું મન વળાવું છું !'' ''હે રાંડ ! મારા બાપુ અને કાકા તો આ પૃથ્વીના પ્રધાન હતા ! દેશના દીવા હતા ! ભૂંડી ! દહેજના કારણે જ તેં મરાવી નખાવ્યા !'' તેમા કુંવરને આજીજી કરતાં કહે છે, ''થયેલું બધું ભૂલીને તું મને ખોળે લે, દીકરા !'' તેમાની વાતોથી ઝળરાની આંખોમાંથી લોહી વરસે છે. તેમાથી અવળી દિશામાં જુએ છે. તેમા ઘણી જ નરમાશથી કહે છે, ''તું મન વાળ ! વાદળ વાળ! મારા ભેગો આવી જા દીકરા !'' તેમાની વાતોથી ઝળરાકુંવરનું મન હળવું થતું નથી. તે વિચારે છે, ''લોહી તરસી રાંડે મારા કુટુંબમાં આકડા વાવ્યા ! હજી પણ મારા આગળથી જતી નથી. રાંડને તીખા તાજણા મારી મારીને ખાલ પાડું !'' ઝળરાનું મૌન જોઈને હવે તેમા આવેશમાં આવીને બોલે છે,''કુંવર, તું મનમાં રીસ રાખીને મારી સામે પણ જોતો નથી. પણ રાઠોડ કુળમાં-તુંબડામાં તું એક જ બીજ રહ્યું છે ! જો તું મારા પક્ષમાં નહીં આવીશ તો તું પણ ખોવાઈ જઈશ ! માટે તું સમજી-વિચારીને મારા ખોળે આવ. આપણે ફોઈ-ભત્રીજો ફરીને ભેગાં થઈએ. ફોઈ-ભત્રીજો એકમત થઈશું તો જ તારાં વેર વળશે. જો તું મારાથી અળગો રહીશ તો હું વળી બીજો દાવ ખેલીશ.'' ઝળરો હવે મનનો ક્રોધ દબાવીને બીજી રીતે વિચારે છે કે, ''આ કજિયાખોર સ્ત્રીના સામો પડીશ તો હું એકલો ફાવી શકીશ નહીં. લોહી તરસી ફોઈનો શો ભરોસો ? તેની સાથે મેળ નહીં થાય તો મારા પાસા અવળા પડશે. માટે હવે તો હું તેની સાથે જ રહીને દાવ ખેલું.'' પાછી તેમા નરમ બનીને કહે છે, ''કુંવર, તું મારો દીકરો થઈ જા. તું આવ મારા ખોળામાં; હું જાતે જ તારો વેરી તારી આંખોમાં ઘાલું. તારા



વેરીનું જેટલું લોહી પીવું હોય એટલું પીવડાવું ! પણ હવે મારા તરફનો વિરોધ છોડી દે.'' ફોઈ અને ભત્રીજાની આંખોમાં આંસુ ઊભરાય છે. બંને એકબીજાથી અળગાં રહી શકતાં નથી. એકબીજાને ભેટી પડે છે. તેમાના ખોળામાં ઝળરો પડે છે, અને તેમા ઝળરાના ખોળામાં પડે છે. બંને 'વેરાગ' કરીકરીને સાથે રડે છે, અને સ્વજનોને યાદ કરીકરી વિલાપ કરે છે. ઝળરો શાન્ત થઈને ફોઈને પ્રશ્ન કરે છે, ''ફોઈ, મારા બાપુની સગી બહેન થઈને મારા કુટુંબમાં કાળો ખીજડો વાવ્યો ! તને એવી તે કઈ રીસ ચડી હતી કે ગર્ભવતી સ્ત્રીઓના ગર્ભ પણ કઢાવ્યા ?'' તેમા કહે છે,''દીકરા, થવાની વાતો થઈ ગઈ અને રહેવાની વાતો રહી ગઈ પણ હવે તું ચાલ, આપણા વાદળમહેલમાં આપણા વેરીને તારી આંખે ઘાલું. તેની છાતી ઉપર ચડી જા, અને ઘૂંટ ભરીભરીને લોહી પી ! તારાં આડાં વેર વાળ !'' ઝળરો વિચારે છે, ''ફુઓ એવો તે કેવો શૂરવીર છે? તેના જ વાદળમહેલમાં તેની ખબર લઈ આવું !''

ફોઈ અને ભત્રીજો વાવના માથેથી જાયેરિયાગઢના હાટે અને બજારે આવે છે. આ ફૂટડા સરદારને જોવા માટે જાયેરિયાના લોકો ઊમટે છે. રૂપરૂપના ઢગલા જેવા સરદારને જોઈને વિચારે છે,''ઓહ બાપા ! આવો રૂપાળો સરદાર કયા ધણિયાંનું બીજ હશે ? તેના સામે જોવાતું પણ નથી. સૂરજ જેવું તેજ ! ઘણો જ ફૂટડો સરદાર !'' દુકાને વેપાર કરતા વાણિયા કુંવરને જોઈ રહે છે. પાણી ભરવા જતી પનિહારીઓ વાટ વચ્ચે ઊભી રહીને તેને જોઈ રહે છે. ફોઈ અને ભત્રીજો વાદળમહેલ ચડે છે. તેમાના આદેશથી દાસીઓ ઝટઝટ ભમ્મર ઢોલિયો ઢાળે છે. તેના ઉપર 'હીરખ-તળાઈ' નાખે છે. ઢોલિયા ઉપર કસ્તૂરી અને અત્તરના ભભકા ઊડે છે. તેમા દાસીઓને કહે છે, ''બાઈઓ, ઢોલિયા ઉપર ફૂલડાં પાથરો, આજે તો મારા ભાઈનો દીકરો આવ્યો છે !'' દાસીઓ તાંબાકુડીમાં ગરમ પાણી લે છે, અને કુંવરને સ્નાન કરાવે છે. ઝળરોકુંવર મલમલ રેશમી કપડાં પહેરે છે, અને ભમ્મર ઢોલિયા ઉપર ફૂલોની વચ્ચે બેસે છે. દાસીઓ કુંવરને વીંજણાથી વાયરો ઢોળે છે. તેમા વિચારે છે, ''આજે મારાં આંગણાં કેવાં શોભી ઊઠ્યાં છે ! ઓહ બાપા ! અવળા કરમના કારણે ભૂલી પડી ! હું ભૂંડી ! જગમાં ખોટું કામ કર્યું ! માજણ્યા ભાઈ તો વેરાઈ ગયા ! પણ મારો ભત્રીજો મારા આંગણે બેઠો છે, અને મારો ઢોલિયો



કેવો ફૂટડો લાગે છે !'' તેમાના હૈયામાં મરેલા ભાઈઓ આવે છે, અને તેની આંખો ફરીને વરસે છે.

તેમા ઝળરા અને જેદરાની સરભરાની મોટી તૈયારીઓ કરવા લાગે છે. તે જાતે જ કુંભારના ઘેર જાય છે, અને કુંભારને કહે છે, ''કુંભારિયા વીરા, હું તારા આંગણે મોટું કામ લઈને આવી છું.'' તેમાને જોઈને આશ્ચર્ય પામેલો કુંભાર કહે છે, ''રાજભાતા ! સદા તો કોઈ કામ માટે દાસીઓ આવતી હતી! પણ આજે કયું મોટું કામ પડ્યું કે પોતે જ પધારવું પડ્યું?'' તેમા કહે છે, ''વીરા, આજે મારે તારું મોટું કામ પડ્યું છે. મને બે ખાનાંવાળી બતક (કૂજો) આપ. આવી બતક તો તારા જેવો ચતુર કારીગર જ ઘડી શકે. આજે મારે તેની ખાસ જરૂર પડી છે.'' કુંભાર ઘરમાંથી કાઢીને બે ખાનાંવાળી બતક આપે છે.

રાણી હાથમાં બતક લઈને કલાલના ઘેર આવે છે. તેમા રાણીને આવતાં જોઈને કલાલ આંગણામાં સામે આવીને કહે છે,''રાજમાતા, સદા તો મારા આંગણે સિપાહી આવતા ! કોઈ વેળા ચાકરો કે દાસીઓ આવતી પણ આજે તમારે જાતે જ કેમ આવવું પડ્યું ?'' તેમા કહે છે, ''ભાઈ, મારે પડતી ભઠ્ઠીના દારૂની ખાસ જરૂર પડી છે. તું મને પહેલી ધારનો તેજ દારૂ આ બતકના એક ખાનામાં ભરી આપ.'' કલાલ તેમાને બતકના એક ખાનામાં દારૂ ભરી આપે છે.'' આ પછી હાટેબજારે જાય છે, અને ઝેરનો એક કૂંપો ખરીદે છે.

બતક, દારૂ અને ઝેર ખરીદીને તેમા વાદળમહેલમાં આવે છે. રબારીના ઘેરથી દાસીઓ 'સટકતી નળીઓના સલા' (બકરાનું માંસ) લાવે છે. દાસીઓ તેમાં મરી મસાલા નાખીને ભોજન બનાવે છે. ઝળરા અને જેદરાની સરભરાની તૈયારી પૂરી થઈ ગઈ છે.

જાયેરિયામાં જેદરા ખેંસીની કચેરીઓ ભરાઈ છે. લીલીપીળી જાજમો ઉપર મહેતા-મુત્સદ્દી વિરાજ્યા છે. રૂપાના આસને ખેંસી સરદારો વિરાજ્યા છે; સોનાની ગાદીએ જેદરો ખેંસી બેઠો છે. કચેરીમાં 'હૂળાંની કૉબરિયો' ફરે છે. રૂપનળા હોકા પીવાય છે. અમલનાં પોતાં ફરે છે. બધા દારૂડા પીએ છે, 'મારૂરા' ગાય છે. જાજમો ઉપર 'ગરમી ગરમી' વાતો થાય છે. કચેરીમાં



'ધધમાટો' ઊડે છે. રાજકચેરીમાં જેદરો ખેંસી સરદારો સાથે મજા કરે છે.

આવી આનંદની પળોમાં રાજકચેરીમાં એકાએક આવેલી રાણીને જોઈને જેદરો ખેંસી સિંહાસન ઉપરથી ઊભો થઈ જાય છે, અને તેમાને પ્રશ્નકરે છે,"રાણી ! એવાં તે મોટાં શું કામ પડ્યાં છે કે તમારે જાતે અહીં આવવું પડ્યું?" તેમા કહે છે, "રાજા ! વાદળમહેલમાં તમારાં મોટાં કામ પડ્યાં છે ! માટે તો હું જાતે જ બોલાવવા આવી છું." રાજા સરદારોને કહે છે, "સરદારો, કોઈ દિવસ નહીં અને આજે રાણી જાતે જ મને રાજકચેરીમાં બોલાવવા આવી છે. માટે આજે આપણે કચેરી બરખાસ્ત કરીએ. કાલે પાછા કચેરીમાં ભેગા થઈશું અને ફરીને આપણે આપણા દિલની વાતો કરીશું !" હવે જાયેરિયાની કચેરીઓ બંધ થાય છે, અને બધા સરદારો પોતપોતાને ઘેર જાય છે.

ઝળરોકુંવર વાદળમહેલના એક ખંડમાં ઢોલિયે ફૂલોના ઢગ વચ્ચે વિરાજ્યો છે. કસ્તૂરી અને અત્તરના ભભકા ઊડે છે. દાસીઓ તેને વીંજણવાયરા ઢોળે છે. કુંવર મૂછો ઉપર હાથ નાખીને તાવ દે છે, અને વિચારે છે, "ફુઓ કેવો હશે ? આજે તો હું તેને બરાબર જોઈ લઉં!"

તેમા કચેરીઓ સૂની પાડીને જેદરા ખેંસીને આગળ કરીને વાદળમહેલમાં લઈ આવે છે, અને તેને ઝળરાથી અલગ એવા એકાન્ત ખંડમાં બેસાડે છે. રાજારાણી સોનાના આસન પર બેસીને વાતો કરે છે. તેમા કહે છે,"રાજા, આજે તમે રાજકચેરીઓમાં તમારા કાકા અને ભાઈઓ વચ્ચે બેઠાબેઠા 'ગરમી ગરમી' વાતો કરતા હતા, અને બધા સાથે આનંદ કરતા હતા. આવી આનંદની પળોએ હું તમને તમારા કાકા અને ભાઈઓ વચ્ચે અલગ કરીને અહીં લઈ આવી છું. આથી તમને મનમાં દુઃખ થયું હશે, પણ તમને કચેરી વચ્ચેથી બોલાવ્યા વિના છૂટકો જ ન હતો. આજે આપણા જીવનમાં એક નવી વાત આવી છે. રાજા, જો તમે માનો તો આ વાત કહું." રાણીનાં સ્નેહભર્યાં વચન સાંભળીને જેદરો કહે છે, "રાણી, હું તો બાલ્યાવસ્થાથી સ્ત્રીઓની જ વાતો માનતો આવ્યો છું ! તું એ તો કહે કે મેં આજ સુધી તારી કઈ વાત માની નથી?" રાણી દુઃખી થતી કહે છે, "રાજા, આજે તારા કાકાભાઈઓ વચ્ચે આનંદ કરતાં તને અહીં મારી પાસે આવતાં કેવું ખારું લાગ્યું હશે ! પણ મેં તો યુવાનીમાં જ મારા ભાઈઓને જોયા હતા. ત્યારથી તે આજ સુધી મારું તો



પિયરનું કૂતરું પણ નજરે પડ્યું નથી ! રાજા, તેં કોઈ દિવસ એ વિચાર કર્યો છે કે ભાઈઓ વિનાનું મારું મન કેવું હશે ? તું તો તારા કાકા અને ભાઈઓના મેળામાં રોજ ફરે છે. હું તો પિયર વિનાની એકલી પડી ગઈ. રાજા, તેં તો મારા રાઠોડ કુળનું તુંબડામાંનું એક પણ બીજ મૂક્યું નહીં. પિયર વિનાની મને કેવું થતું હશે? આ વૃદ્ધાવસ્થા નજીક આવી રહી છે ત્યારે કેમ કરીને મન વાળું?'' જેદરો મૌન બની રાણીની વાતો સાંભળે છે. રાણી આગળ કહે છે, ''રાજા, તું જેમ ભાઈઓના મેળા ભેગો ફરે છે, તેમ મારે પણ જો ભાઈ જીવતા હોત તો તે મારા આંગણે આવત. તમે વાદળમહેલમાં એક ઢોલિયે બેસીને સાળા અને બનેવી 'ગરમી ગરમી' વાતો કરત. મારા ભાઈઓથી આપણા ઢોલિયા કેવા શોભી ઊઠત! તેં જ અમારી ભાઈબહેનની 'સોવની' જોડીઓ તોડી !'' રાણીએ ઘણા વરસે 'વેરાગી' વાતો કાઢી છે. તે જેમજેમ પોતાના દુઃખની વાતો કરે છે, તેમતેમ જેદરાને પણ પોતાના શૂરવીર સાળા પાબુજી અને ચાંદોજી હૈયામાં આવે છે. જેદરો કહે છે, ''રાણી, યુવાનીમાં તો તને પણ ખબર પડી નહીં અને મને પણ ખબર પડી નહીં. હવે આપણને જતા દિવસે સમજણ આવી છે. રાણી થવા કાળ વાતો થઈને રહી. હવે મારા સાળા કેમ કરી શકું ? મને પણ મારા સાળા હૈયામાં આવે છે.'' જેદરો ખેંસી પોતાના મૂએલા સાળાઓને યાદ કરીકરીને આંસુ સારે છે, અને વિલાપ કરે છે. રાણી તેને આશ્વાસન આપતાં કહે છે, ''રાજા, હવે તું તારા મૂએલા સાળાઓની યાદમાં રડવાનું છોડી દે. આજે તો લગ્નના જેવી આનંદદાયક વાત બની છે. ઘણા વર્ષે આજે પાબુનો દીકરો મારી નજરે પડ્યો છે.એ જ પાબુની અણિયારી આંખો ! એ જ મોંકળા ! બરાબર પાબુજી જ જોઈ લે !'' રાણીની વાતોથી રાજા હરખે ભરાય છે, અને પાબુના દીકરાને જોવા માટે આતુર બને છે. તેમાને કહે છે, ''રાણી, તેને ગમેતેમ કરીને, સમજાવીને આપણા મહેલમાં લઈ આવ. મારે મારા પાટવી સાળા પાબુજીના બીજને જોવું છે. મારે તેને દોડીદોડીને હેતથી મળવું છે.'' સાળાઓની યાદમાં વિવશ બનેલા જેદરાની આંખમાંથી ફરીને આંસુ વરસે છે. તેમારાણી વિચારે છે કે ''સાળાઓની યાદમાં શોકાતૂર થયેલો રાજા હવે ઝળરા તરફ વેરની ભાવના રાખશે નહીં, અને કુંવર તરફ હેતભાવથી વર્તશે.'' કુંવરના આગમનની



સ્પષ્ટતા કરતાં કહે છે, "રાજા, તેની ચિંતા કર નહીં. તેનું નામ ઝળરોકુંવર છે, અને તે આપણા વાદળમહેલમાં જ છે. હું તેને જેમતેમ કરીને સમજાવીને અહીં સુધી લઈ આવી છું." જેદરો કહે છે, "તું મને ઝટઝટ મારા ભત્રીજા ભેગો કર. હવે હું તેનાથી વધુ સમય અળગો નહીં રહી શકું." રાજા ઉતાવળો થા મા ! હજી મને કચેરીમાંથી તારા આગમનની વાત કરવા દે. તારા વિષે તેને માહિતી આપવા દે. તેના મનની વાત જાણવા દે. હવે તે આપણા મહેલ સુધી તો આવ્યો જ છે. આપણા સિવાય બીજું તો કોઈ અહીં છે નહીં. તને મળવા માટે તો તે અહીં સુધી આવી પહોંચ્યો છે !"

રાણી ઝળરાકુંવર પાસે આવે છે. કુંવરની પાસે બેસીને તેને સમજાવતાં કહે છે, "દીકરા, વાત ધ્યાનથી સાંભળ. તારો ફુઓ કહે તો ફુઓ, અને તારો વેરી કહે તો વેરી! તને હેતભાવથી મળવા આવી રહ્યો છે. દીકરા, તેની સાથે હસીહસીને વાતો કરજે. તારા મનના ભાવ બહાર જણાવવા દેતો નહીં. ઉતાવળિયાં પગલાં ભરતો નેહીં. તારાં વેર વળાવું છું. યોગ્ય ઘાટ જોઈને જ ઘા કરજે. તારી સાથે મેળ કરાવવાના બહાને અહીં લઈ આવું છું. પણ રખે દીકરા, તારા ફુઆને જોતાંની સાથે 'ઊનો-અસુબરો' થતો." તેમા ઝળરાકુંવરને શિખામણ આપીને ફરી પાછી જેદરા ખેંસી પાસે આવે છે. તે જેદરાને સમજાવતાં કહે છે, "રાજા, મારી પાછળ પાછળ ચાલ. હું કુંવર સાથે મેળ કરાવું છું. હા,પણ કુંવર થોડો 'ટણકો' (ગરમ સ્વભાવનો)છે. માટે આવેશમાં આવીને તને કંઈ બોલે તો દિલમાં દુઃખી થતો નહીં."

જેદરો ખેંસી તેમાથી દોરવાતો તેની પાછળ પાછળ ઝળરાને મળવા માટે આવે છે. પ્રવેશદ્વારથી તેમાની આડમાંથી જેદરો જુએ છે. પૂનમના ચંદ્ર જેવો કુંવર ઢોલિયા પર ફૂલોના ઢગ વચ્ચે બેઠો છે. ખંડમાં અત્તર અને કસ્તૂરીના ભભકા ઊડે છે, અને દાસીઓ વીંજણાથી વાયરો ઢોળે છે. આમળેલી મૂછો કાને અડી છે. છાતીના વાળ અંગરખું ફાડીને બહાર આવેલા છે. વાઘના જેવી આંખો ઉપર ભમરા 'લૂમ્બ્યા' હોય તેવી ભ્રમરો શોભી રહી છે. બરાબર પાબુના જેવી જ મોંકળા ! કુંવર તો રૂપરૂપનો ઢગલો ! આખી પૃથ્વીનું રૂપ ! જેદરાનું મન તેના હાથમાં રહેતું નથી. તે બહાવરો બનીને દોડે છે, અને ઝળરાના પગ પાસે બેસી પડે છે. ઢોલિયે માથાં કૂટે છે,અને પોતાના મરેલા



સાળાઓને યાદ કરીકરીને વિલાપ કરે છે. ઊભો થઈને કુંવર સાથે મેળાવો કરતાં કહે છે, "ઓહો ! બાપા ! ઘણા વરસે મારા સગા સાળાઓનું મુખ નજરે પડ્યું છે !" ઝળરોકુંવર રાજા સાથે હાથમેળાવો કરે છે પણ આંખમેળાવો કરતો નથી. રાજા કુંવરના ઢોલિયે બેસે છે, અને તેને કહે છે,"દીકરા, મન વાળ ! વાદળ વાળ ! થનારી વાતો તો થઈ ગઈ; આજે જતા દિવસે મને સાળાના દીકરાનું મોં જોવા મળ્યું છે. આવ દીકરા, હું તને ખોળે લઉં." જેદરો કુંવરને ખોળે લે છે, અને પોક મૂકીને રડે છે. કુંવર પણ આંસુ સારે છે. ફરીને બંને ભેટે છે અને આંખમેળાવા કરે છે.

જેદરો ખેંસી કુંવર સામેના ઢોલિયા ઉપર વિરાજે છે. વચ્ચે તેમારાણી બેસે છે. ફુઓ-ભત્રીજો અને ફોઈ મન મૂકીને વાતો કરવા લાગે છે. રાણીના આદેશથી દાસીઓ દારૂ અને 'હૂળાંની કૉબરિયો' લાવે છે. ફુઆ અને ભત્રીજા વચ્ચે 'કૉબરિયો' ફરે છે. બંને શૂળા પર લગાડેલા કાળજાના ટુકડા ખાય છે, અને વાતો કરે છે. ફોઈ વચ્ચે વચ્ચે દારૂની 'સાખ' પાય છે, અને બંને વાતોના 'ધધમાટે ધધમાટા' ઉડાડે છે.

કુંવર વાતોનો દોર હાથમાં લેતાં કહે છે, "ફુઆ, મારે તો હવે ગુજણિયાગઢમાં મારું પોતાનું કહી શકું એવું કૂતરું પણ રહ્યું નથી ! હું કોની પાસે જઈને બેસું ? ફુઆ, અમે તો હવે વનમાં એકલા જ ઊભા છીએ ! અમારી એકલાની વહારે કોણ આવશે ? મારે ગુજણિયામાં કોઈ કુટુંબી ભાઈ પણ રહ્યો નથી. હવે હું કોના ઘેર જઈને બેસું ?" જેદરો તેને આશ્વાસન આપતાં કહે છે, "દીકરા, થનારી વાતો તો થઈ ગઈ. પણ હું તારો પોતાનો ફુઓ બેઠેલો છું. હવે આપણે અળગા થવું નથી. તું અને હું સાથે ફરશું અને સાથે રહીશું."

તેમા બે ખાનાંવાળી બતક મંગાવે છે.એક ખાનામાં તો પહેલી ધારનો તેજ દારૂ ભર્યો છે, અને બીજા ખાનામાં પાણી ભર્યું છે. દારૂની અને પાણીની એકએક સાખ બંનેને આપે છે, અને ફુઓ અને ભત્રીજો ફરીને વાતે ચડે છે. ઝળરોકુંવર વાત કરે છે, અને જેદરો ખેંસી કાન દઈને સાંભળે છે. ઝળરો કહે છે, "ફુઆ, મારે નથી તો સંસારમાં બાપુ ! નથી તો કાકા કે ભાઈ ! દુઃખનો માર્યો હું તારા આંગણે આવ્યો છું ! પણ મારા આવવાથી તું ઊનો કે 'અસૂબરો'



થઈશ નહીં. મારા બાપુ કે કાકાભાઈઓની વાતો તેમની સાથે ગઈ. તમારી વાતો તમારી સાથે રહી. હું તો હવે તમારા આશરે જ મોટો થવા આવ્યો છું! ગુજણિયાના લોકો કહે છે કે ખેંસીઓએ તો રાઠોડોની ગર્ભવતી સ્ત્રીઓને પણ નથી છોડી. પણ ફુઆ, હું લોકોની વાતો કાને ધરતો જ નથી. એ તો જૂઠી પણ વાતો કરે. હા, પણ ફુઆ, એ તો કહે કે મારા બાપુ અને તમારે શાનો કજિયો લાગ્યો હતો?'' રાણી બતકના એક ખાનામાંથી દારૂની બે 'સાખો' કાઢીને જેદરાને પાય છે, અને બીજા ખાનામાંથી પાણીની બે સાખો ઝળરાકુંવરને પાય છે. ઝળરોકુંવર કાન દઈને સાંભળે છે, અને જેદરો દારૂના નશામાં હૃદયમાં ભંડારી દીધેલી વાતો ખોલતો કહે છે,''સાંભળ દીકરા, તને અમારા ઝઘડાનું મૂળ કહું. તારા બાપદાદાઓએ સૂવરના કારણે મારા સગા બાપ કાળું ખેંસીને મારી નાખ્યા હતો. પાછળથી પણ તારા બાપુ, કાકા અને મારા વચ્ચે સૂવરના કારણે જ ઝઘડો લાગ્યો હતો.'' ઝળરો વચ્ચેથી વાત અટકાવતાં પૂછે છે, ''સૂવરના કારણે મારા દાદાએ તમારા બાપુને મારી નાખ્યા. એ વાત તો સાચી પણ એ સૂવર જંગલી હતો કે કોઈએ પાળેલો હતો?'' જેદરો વાતનો દોર હાથમાં લેતાં કહે છે, ''દીકરા, એ સૂવર તો રાઠોડોએ પાળેલો હતો. તે રોજ રાતે જેંજણિયા ઝોડમાં બાજરી ખાવા આવતો હતો અને દીપાવલી નાડીએ પાણી પીતો હતો. કાળ ભાગવા માટે મારો બાપુ ગુજણિયામાં આવ્યો હતો તે દિવસથી આ પાળેલા સૂવરને ઓળખતો હતો. છતાં રાતના સમયે આવીને તેણે આ પાળેલા સૂવરને માર્યો. પછી તો રાઠોડો અને મારા બાપુ વચ્ચે ઝઘડો વધી પડ્યો અને મારા બાપુને રાઠોડોએ ઠાર માર્યો. ત્યાર પછી તારા બાપુના વખતમાં ખેંસીઓ અને રાઠોડો વચ્ચે મેળ થયો. હું તારી ફોઈને પરણ્યો, પણ પરણ્યા પછી પાછો ફરીને તારા કાકા અને મારા વચ્ચે સૂવરના કારણે કજિયો લાગ્યો. પણ દીકરા, એ જૂની વાતો જવા દે. હવે તું તો એક જ સાળાનો એક જ દીકરો રહ્યો છે. આજે તો મારે મન ફરીને રૂડો અવસર આવ્યો છે. આજે આપણે એક જ ઢોલિયે બેસીને 'દારૂરા' પીએ છીએ અને 'મારૂરા' ગાઈએ છીએ. મારે પણ હવે કોઈ દીકરો રહ્યો નથી. હવે તો તું જ મને ફુઓ ગણે તો ફુઓ અને બાપ ગણે તો બાપ. પણ તું જ મારો દીકરો રહ્યો છે. દીકરા ચાલ, મારી કચેરીએ; તને હું સોનાના



સિંહાસને બેસાડું.''

તેમા આગ્રહ કરીને જેદરાને બે 'સાખ' દારૂ પાય છે, અને ઝળરા કુંવરને ચોખ્ખા પાણીની બે 'સાખ' આપે છે. ફરીને 'તળવારિયો' આદમી ઝળરો દારૂમાં ડૂબેલા જેદરા ખેંસીના પેટમાં પેસીને ભેદ લેવા પૂછે છે, ''ફુઆ, તમારી કચેરી જેવાં સાવ સોનાનાં સિંહાસન તો અમારી ગુજણિયાની કચેરીઓમાં પણ હતાં. હજી આજે પણ એ કચેરીઓની લીલીપીળી જાજમો ઉપર અત્તર અને કસ્તૂરીના ભભકા ઊડે છે. પણ ફુઆ,એ તો કહો કે તમે મારી ફોઈ પરણીને આવ્યા પછી વળી પાછો સૂવરને કારણે ફરીને ઝઘડો કેમ થયો ?'' ઝળરો કાન દઈને સાંભળે છે, અને જેદરો વાતનો દોર હાથમાં લેતાં કહે છે, ''દીકરા, એક રાતે હું પણ ગુજણિયામાં ગયો હતો અને દીપાવલી નાડીએ પાણી પીવા આવેલા તારા બાપુ અને કાકાએ પાળેલા સૂવરને બંદૂકનો ભડાકો કરીને મારી નાખ્યો હતો. હું તો આ સૂવરનો ભાગ આપવા માટે તૈયાર હતો પણ તારા બાપુ કે કાકો ભાગ લેવા તૈયાર ન થયા. તારો કાકો ચાંદોજી મને તો તે વખતે જ મારી નાખવાનો હતો, પણ હું જેમતેમ કરીને જીવ લઈને ભાગી આવ્યો. વળી, મહેલમાં આવ્યા પછી તારી ફોઈએ વાત કરી કે જેજણિયો ઝોડ, દીપાવલી નાડીઓ અને 'ફૂરકલો' સૂવર તો મારા ભાઈઓએ આપણને દહેજમાં આપ્યાં છે.પછી તેઓ એક સૂવરને કારણે તમને કેમ મારી નાખતા હતા ? એક તો મારા મનમાં બાપુ માર્યો હતો તેનું વેર તો હતું. વળી, તારી ફોઈએ દહેજ નહીં આપ્યાની વાત કરી. આથી મારાથી થોડી 'મોટિયાર વાળી' થઈ ગઈ, પણ હવે એ બધી જૂની વાતો જવા દે. હવે કોઈ તારી સામે પણ જોઈ શકશે નહીં. તારા માટે તો હું તારો ફુઓ બેઠેલો છું.''

તેમા જેદરાની આંખો સામે જુએ છે તો તેની આંખોમાં દારૂ ધસી આવ્યો છે. હવે તે કૂંપો ખોલીને દારૂના ખાનામાં ઝેર રેડે છે. ઝેર અને દારૂ મિશ્રિત એક સાખ જેદરા ખેંસીને ભરીને આપે છે. તેમા હેત કરીને તેને આ છેલ્લી 'સાખ' પાય છે, અને જેદરો ધીરેધીરે 'સાખ' પીવા લાગે છે. જેમજેમ જેદરા ખેંસીને દારૂ અને ઝેરની ભેગી અસર થવા માંડે છે, તેમતેમ ઝળરો વધુ ને વધુ આવેશમાં આવે છે. હવે તે વાતનો દોર પોતાના હાથમાં લે છે, અને ક્રોધાવેશમાં બોલવા લાગે છે, ''એ...ફુઆ! જો તારા મનમાં તારા મૂએલા



બાપનું વેર જાગતું જ હતું તો તારે મારી ફોઈને પરણવી જોઈતી ન હતી, અને મારી ફોઈ પરણ્યો તો ભલે પરણ્યો પણ તારે ફરીને અમારા રાઠોડોનો પાળેલો સૂવર મારવો જોઈતો ન હતો. અમારો વહાલો 'ફૂરકલો' સૂવર તેં માર્યો તો ભલે માર્યો પણ મારા બાપુ અને કાકા-ભાઈઓને મારીને અમારા ગુજણિયામાં કાળો ખીજડો વાવવો જોઈતો ન હતો ! એ...ફુઆ ! હવે તું કાન દઈને સાંભળ ! મને તું તારો કાળ સમજ કે વેરી સમજ. આજે હું તારી છાતીએ ચડ્યો છું 'લ્યા !" જેદરાને ઝેર અને દારૂના કારણે આંખે અંધારાં આવવા લાગ્યાં છે. ક્રોધના કારણે જ્વાળા બની ગયેલો ઝળરોકુંવર જેદરાને પડકારતાં કહે છે, "એ બાપરી'ના ! ઊભો થઈ જા, અને આવી જા મારી સામે. ગોલીના પેટના ! મારા બાપુ, કાકાભાઈઓને માર્યા તો ભલે માર્યા પણ નિર્દોષ એવા મારા ફુઆ ભીમ ચારણને મારવાનું તારું કયું પ્રયોજન હતું?" હવે ફુઓ અને ભત્રીજો સામેસામે ઊભા થઈ ગયા છે. ઝળરોકુંવર મ્યાનમાંથી બહાર કાઢીને બેધારવાળું વીજળાહણ ખાંડું હાથમાં રમાડવા લાગ્યો છે. તે જેદરાની લગોલગ આવી જાય છે, અને તેને કહે છે,"ફુઆ, હવે દેખ આ મરદના ખેલ !" રીસે ભરાયેલો ઝળરો ખાંડાની પકડ મજબૂત કરે છે, અને નાસવા જતા જેદરાની ગરદન ઉપર વીજળાહણ ખાંડું ઝીંકે છે. જેદરાના ગળાની અડધી નસો કપાઈ જાય છે, અને તે ત્યાંથી ભાગીને આ અટપટિયા (ભુલામણીવાળા) મહેલના ખૂણેખૂણે લપાય છે. મહેલમાં જ્યાં પાણી હોય ત્યાં કોરું દેખાય છે, અને જ્યાં કોરું હોય ત્યાં પાણી દેખાય છે. પણ પૂર્વજોના વેરને કારણે આગઆગ બની ગયેલો તળવારિયો ઝળરોકુંવર આ અટપટિયા મહેલમાંથી જેદરાને શોધી કાઢે છે. વળી, પાછો દારૂમાં ડૂલ અને ઝેર પીધેલો જેદરો મહેલના અંધારા ખૂણામાં બચવા માટે ફાંફાં મારે છે. પણ હવે તે ઝળરાના ઘાટમાંથી છટકી શકતો નથી. તેને એક જ લાતથી જમીન ઉપર પાડી દે છે, અને ખાંડાના એક જ ઝાટકે જેદરાનું મસ્તક ઊડીને કૂદતું કૂદતું દૂર પડે છે. ક્રોધથી ગાંડો બનેલો ઝળરો જેદરાની છાતી ઉપર ચડી જાય છે. કટારથી તેની છાતી ચીરીને ઘૂંટેઘૂંટે લોહી પીએ છે, અને લોહીથી મૂછો રંગે છે. પૂર્વજોનાં વેર વાળતો તે લોહી રંગી મૂછે તાવ દે છે, અને ઓડકાર લે છે. **રાઠોડ કહેવાયા ધરતીના સ્તંભ ! રાઠોડ કહેવાયા દેશના દીવા !**



તેમા કહે છે, ‘‘ચૂડો ઊતરી ગયો! પણ માજણ્યા ભાઈઓનું વેર વળ્યું અને આજે મારું મન વળ્યું!

સાધુ કહે છે, ‘‘જુઓ સ્રીઓના ખેલ...! સ્રીએ ખેદાનમેદાન કરાવ્યું. આવી રાંડો ફાટી પરજો!’’

હોકારાના દેનાર, તું ક્ષેમ-કુશળ રહેજે અને કરોડ દિવાળી સુધી રાજ કરજે ! યુગ તો વહી ગયા પણ રાઠોડોની વારતા રહી ગઈ !



રાઠોરવારતા
(ભીલી પાઠ)

કેહરો રાઠોર

હા હા... ધન ઘરીન ધન મોટો રા...
ધન રે ઘરીન મોટો વાર ન રા...ઝી...

હા હા... હાઝુરો પાંણ હોરમોન ઊગો ન રા...
હાઝુગરો પાંણ રે હોરમો ઊગિયો રા...ઝી...

હા હા... ઘણા ગણ ગડ ગુઝણિયાના રા...
ગણતો ગાઈયેં ગુઝણિયાના રા...ઝી...

ઓ હો... ગુઝણિયામા કુણ નર રાઝ કરતા,

ઓ... ગુણણિયામાં રાઠોર રાઝ કરતા,
ગુઝણિયાનું રાઝ રાઠોર કરતા રા...ઝી...

એ ધન તો ભલે ન ઝલમો ઝરણીવાળે પેટ,
એ...ધન રે રાઠોર કરતો રાઝ ન રા...ઝી...

બૉણિયો : ઝી...વતા! સાધઃ ભલાઈ ઝીવતા !

(રાગ બદલાય છે)



ઓ હો... ધન રાઠોર કરેં રાઝ કરેં ને રે પૉણ,
એ રાઠોર રાઝ કરેં ને રે પૉણ...
હા હા ગુઝણિયાનું રાઝ ધન કરતો રા...ઝી...

એ... ધન રાઠોરનો રે પૉણ ભેંમુરો,
ધન રાઠોરનો રે પૉણ...
હા હા...ધન રે રાઠોરનો ભેંમુરો,
ધન રાઠોરનો રે પૉણ...
હા હા...ધન રે રાઠોરનો ભેંમુરો વાઝિયો રા...ઝી...

ઓ ખમ્મા ભલે ઝલમા ઝરણીના પેટ રાઠોર,
ભલે ઝલમા ઝરણીના પેટ...
એ ઝલમતેં વાગા સોનાના થાળ રા...ઝી...

ભેંમુરા રાઠોરનો રે પૉણ ધૉદલઝી,
ભેંમુરા રાઠોરનો રે પૉણ...
હા હા ભેંમુરા રાઠોરનો ધૉદલ ભાળિયો રા...ઝી...

ધૉદલ કેહરોઝી રે પૉણ રાઠોર,
ધૉદલ કેહરોઝી રે પૉણ...
બેં ભાયાંની જોરી ઓવણા લાગિયાં રા...ઝી...

ભલેં ઝલમા ન રે પૉણ રાઠોર,
ભલેં ઝલમા ન રે પૉણ...
એ મૉટિયો ઝલમની દેવનારી હોરી રેંવઝો રા...ઝી...

મૉટી કેંવાંણા દેસના રે પૉણ દીવલા,
મૉટી કેંવાંણા દેસના રે પૉણ...
એ'લા મરદ કેંવાંણા દેસના દીવલા રા...ઝી...



હા હા...કળબા કટુબમા વાલા રે પૉણ મૉટી,
કળબા કટુબમા વાલા રે પૉણ...
હા હા... હગા રે હોઈ ન મૉનાઈયેં બોલિયેં રા...ઝી...

એ. મૉટી મરહેં ન રે પૉણ...
એ વારિયાંનાં ઝાર રે હૂનાં પરહેં રા...ઝી...

ઝીવતા ! ભલાઈ ! ઝીવતા !

(તંબૂર-સ્વર) તો મહરાઝ... હા રે... મહારાઝ રે ધન ઘરી ધન મસ્કલ મોટો વાર. હારે એકાદનરી વારતા બોલે. હા ને ભરી સપા હૉબળે. હા રે મહરાઝ રે સતઝુગની વારતા. હા... ને કળઝુગનાં મૉનવી. હા રે સતિયાંની વારતા વૉસિયે. હા ને ભરી સપા હૉપળે. હા રે મહારાઝ રે... વારતા મૉડિયેં રે રાઠોરાંની. હા રે વારતા વૉસિયેં હૂરાં નરાંની. હારે મહરાઝ મરનારા મરી ગાન અમર ગેઈ વાસના. એ રાઠોર અતા. હા રે મહારાઝ રે ગેંડ ગેંઝુઆમાં રાઝ કરે. ગેંડ ગુઝણિયાનું રાઝ રાઠોર કરતા. હા રે ધન રાઠોર કરતો રાઝ. હા રે ઘેંન રાઠોરનો દીકરો ભેંમ રાઠોર. ભલે ઝલમા રે ઝરણીન પેટ. હા રે ઝણનારી ઘણી હોરી રેંઝો.હા રે ભેંમુરા રાઠોરનો અવણિયાં ધૉદલ રાઠોર નં કેહરો રાઠોર. હા રે ધૉદલ રાઠોર નં કેહરો રાઠોર-બે ભાઈયાંની જોર. હા રે કેંરેં રે ગેંડ ગુઝણિયાનું રાઝ. એ...દેસના દીવા રાઠોર. હા રે ઘેંરાંના વાઘ. હગા હોઈના લાડકા. રાઝ બીઝના લાડકા. હા રે મહરાઝ રે એકાદનનો સમાઝોગ. સમાઝોગનો માઝોગ આવેં. હા રે મહારાઝ આવા રે ઝેઠી અહાડાંના દન. હા ને અવણિયાં થૂરમાં કાટાં નકલી આપ. ઝેંણી ઝેંણી વીજો ખવેં. હા... તે ભલેં આવા સાંમાસાના દન. બોલેં રે મેયાંવાળાં ઝીવરાં. હા ને ઘણું હોયમણું લાગેં. એ...ઝેંણી ઝેંણી વીજો ખવેં આપાંમા. હા ને કેહરો રાઠોર હૂતો નેંદરા ઘોર. હા રે ધોદલનું બઈરું મોરસંગ રૉણી મખરેં બોલેં. એ... દેવરિયા ! કહળણીનો દીકરો કે'વાય. હાને તને હૂતેં થકેં નેંદ કેંમ આવી ? હા રે થૂરમાં કાટાં નકલી આપ. ઝેંણો ઝેંણો એંદર વરહેં. હાને ભીઝેં કૂરિયાં ખેત. કળહણીના દીકરાન ઊગ કેંમ આવેં ? દીકરા હવેળા હૂઈયે, કવેળા ઝાગિયે



તો ઝીવી હકિયેં નેં. હા રે મહરાઝ રેં પાબી હેં તે દેવરિયાન હીખો કેવી દેય'લા ! હા રે કળહણીનો દીકરો. એકી ઑંખેં ઊગે, એકી ઑંખેં ઝાગેં. તનં હૂતે થકે નેંદ આવી. તું ઝબકીન બેઠો થા. તોરિયાંન હઝાઈ મૉંડે. હાને અળ સઉરાની હઝાઈ મૉંડે. હા રે મહરાઝ રે કેહરો રાઠોર હેં. કૂદીન બેઠો થઈ ઝાય. હા રે, મહરાઝ રે ઢોલિયાહો બેઠો થાય. હા... તે કાસી કણિયોરનાં દાતુણ મૉરેં. દાતુણ કરેં, કૂળરો રાળેં. હા ને, અવણિયાં ધવળા ધોરિયાંન પણ કેવા પહા પારે. નાથ ઘાલે મૉલ્લી ઘાલેં. હા...ને, ધવળા ધોરી હણગારવા લાગો.

ભલાઈ ! (તંબૂર-સ્વર)

મખરેં બોલેં ન રે પૉણ પાબી,
મખરેં બોલેં ન રે પૉણ...
એ...હૉપઝે દેવરિયા મારી વાતન રા...ઝી...

એ'લા... આપણ કળહણીના દીકરા રે પૉણ,
જાય્યા કળહણીના દીકરા રે પૉણ...
એ'લા અળખેં રે અળખેં કમાંણી કરિયેં રા...ઝી...

એંળ સઉરુંન રે પૉણ...
ઓ એંળ ન સઉરાની હઝાઈયો કરિયો રા...ઝી...

મખરે બોલનરે પૉણ કેહરિયો,
મખરે બોલ નરે પૉણ..
એ હૉપળઝે ભાભી રે મારી વાતન રા...ઝી...

બીઝરલાંન આલઝે રે પૉણ ભાભી,
બીઝરલાંન આલઝે રે પૉણ...
હા હા બીઝરલાં લેઈન વાવણા ઝાવિયો રા...ઝી...



કૂરી બરટીનાં રે બીઝ...પાબી,
કૂરી બરટીનાં રે બીઝ...
એ લે કૂરી રે બરટીનાં બીઝ આલિયાં રા...ઝી...

એંળાંની અરફેંણાં રે પૉણ...કેહરિયો,
એંળાંની અરફેંણાં રે પૉણ...
હા હા એંળાંની અરફેંણાં સરાવણા લાગિયો રા...ઝી...

ખેરિયો ખેરિયો ઝાવેં રે પૉણ કેહરિયો,
ખેરિયો ખેરિયો ઝાવેં રે પૉણ...
એ...કૂરિયાં રે ખેતાંમાં આવણા લાગિયો રા...ઝી...

બીઝ પાળીમાં મેલે રે પૉણ કેહરિયો,
બીઝ પાળીમાં મેલે ન રે પૉણ...
એ એંળની અરફેંણો ઊતારવા લાગિયો રા...ઝી...

એંળ પરું ઝોર ન રે પૉણ રાઠોર,
એંળ પરું ઝોરે ન રે પૉણ...
અવ ઉગમણા આથમણા એંળા તૉણિયા રા...ઝી...

પેંલો એંળો તૉણ ન રે પૉણ રાઠોર,
પેંલો એંળો તૉણ ન રે પૉણ...
એ'લા તાર ન તબૂરાં બારણે આવિયાં રા...ઝી...

બીઝો એંળો તૉણ ન રે પૉણ કેહરિયો,
બીઝો એંળો તૉણ નરે પૉણ....
હા હા...રૉમની માળા રે નઝરેં આવિયાં રા...ઝી...

હરિની માળા રે પૉણ રાઠોર,
હરિની માળા રે પૉણ...



એ'લા હરિની માળા રે બારી આવિયાં રા...ઝી...

તાર ન તબૂરો રે પૉણ કેહરિયો,
તાર ન તબૂરો રે પૉણ...
હા હા. તાર ન તબૂરો પાળીમા મેલિયો રા...ઝી...

તીઝો એંળો તૉણ ન રે પૉણ રાઠોર,
તીઝો એંળો તોણ ન રે પૉણ...
હાવ સોનાનાં ધૂપારણાં બારણેં આવિયાં રા...ઝી...

એ...એ તો એંળાં તૉણ ન રે પૉણ રાઠોર,
એંળાં તૉણ ન રે પૉણ...
એ એંળાં તૉણતે ભગતિ બારી આવિયાં રા...ઝી...

એ. માઝી હૉમી આવીન મળી રે પૉણ માઝી,
હૉમી આવીન મળી રે પૉણ...
એ એંળ રે આખતે ધૂફાં મેલિયાં રા...ઝી...

એ મૉટિયો એરિયેં તો નેં મળે રે પૉણ બૉતમો,
એરિયેં તો નેં મળે રે પૉણ...
ઝો ઝો હૉમેરી આવીન ભેળી આવિયો રા...ઝી...

એ... તો એંળાં ઊપાં મેલ રે પૉણ રાઠોર,
એંળાં ઊપાં મેલ રે પૉણ...
હા હા ધવળા રે ધોરી રે સોરવા લાગીયો રા...ઝી...

નાથ ન મૉરળી ન રે પૉણ રાઠોર,
નાથ ન મૉરળી ન રે પૉણ...
એ'લા ધવળાં રે ધોરિયાં ન કાઢવા લાગિયો રા...ઝી...

બૂસકા દેય ન રે પૉણ ઘોરિયાંન,
બૂસકા દેય ન રે પૉણ...
એ હૉપળઝો ધોરીલો મારી વાતન   રા...ઝી...

આઝહા ઝુદા પરિયા રે પૉણ ધોરિયો,
આઝહા ઝુદા પરિયા રે પૉણ...
એ’લા હઉ હઉ ને કરમે ઝીવી ખાવઝો   રા...ઝી...

ઝીવતા ! ઝીવતા !

(તંબૂર સ્વર) તો. મહરાઝ. હ હા તે કેહરો રાઠોર હેં. હા ને, ધોરી હેં તે ઊપા મેલેં. હા ને ધવળાં ધોરિયાંન જોતર સોળેં. જોતર સોરીન નાથન મૉલ્લીઓ વાઢેં. નાથ ન મૉલ્લીઓ વાઢીન કાઢી લેય. હા નેં, ફૂંહાળીન ફૂંહાળીન સાટેં. બૂસકા દેય. હા ને, હીખોમતો કેવો દેય. ખમા ! (તંબૂર-સ્વર) એ ધોરીલો ? હા હા રે, ઘણું તમે કમાઈ આલેલું, ખાતું પીતું. હા ન ઘણી આપણી હરખાંની જોર અતી. એ તમાંન મેં ઘણેં કસ્ટી દેઈન આખા. ઘણો મેં મોટો ગુનો કરો. ગાળ બોલો, લાખરી દીધી. માફ કરઝો. હા ને, આઝહા ઝુદા પરિયે. એ હઉ હઉ કરમે ઝીવી ખાઝો. તમાર માથાહી આઝ મેં ધૂહળી ઉતારી. ઉં તો માર કરમે ઝીવી ખો. હા ને તમારે કરમે તમે ઝીવી ખાઝો. હા રે મહરાઝ રે હીખ દેય. તું ઝાઝે રનમાં. હારે રનનો રોઝરો થાઝે. હા ને તૉરિયાન હીખો દેય. એ...તૉરિયા ? હેરકીનો હૉઢ થાઝે. એ ગાયોના ટોળામાં ફરઝે. ઘણો ફૂટરો ટોળો દેખાહેં. હા રે ટોળામાં એક હૉઢ એં. હા તો ગાયોનો ટોળો ફૂટરો લાગેં. ખમા ! ખમા !

તાર ન તબૂરો રે પૉણ કેહરો,
તાર ન તબૂરો રે પૉણ...
હા હા તાર રે તબૂરો લેવા લાગિયો   રા...ઝી...

ઓ... સોનાનાં ધૂફાયણાં રે પૉણ રાઠોર,
સોનાનાં ધૂફાયણાં રે પૉણ...



એ માથાના ફાળિયાહાં સાફ કરિયાં   રા...ઝી...

લીલાં હૂકાં સાંણાં ન રે પૉણ રાઠોર,
લીલાં હૂકાં સાંણાં ન રે પૉણ...
હાં હાં લીલાં રે હૂકાં રે સાંણાં વેંણિયાં   રા...ઝી...

ધૂણી ધખાવી બેઠો રે પૉણ કેહરો,
ધૂણી ધખાવી બેઠો રે પૉણ...
હા હા સોનાને ધૂફાયણે સેવા કરિયો   રા...ઝી...

હરિની માળા ન રે પૉણ કેહરો,
હરિની માળા ન રે પૉણ...
એ... હરિની માળા રે આથાં ઝાલિયાં   રા...ઝી...

ખેલે ખેલે ગુગળિયા રે ઓમ રાઠોર,
ખેલે ખેલે ગુગળિયા રે ઓમ...
એ... ખેલે ખેલે ગુગળિયા ઓમન   રા...ઝી...

એ માઝી મળી હેં તોન રે પૉણ ભગતિ,
મળી હેં તો ન રે પૉણ...
એ ઘણી કોડે રે કોડે ફરઝે રે   રા...ઝી...

એ... મારલી બેરો પાર ઉતારઝે રે પૉણ મારલી,
બેરો પાર ઉતારઝે રે પૉણ...
એ ઉગતી રે ફઝારે આવિયાં   રા...ઝી...

એ કેહરો ભઝન બોલ ન રે પૉણ રાઠોર,
ભઝન બોલન રે પૉણ...
હા હા તાર રે તબૂરે ભઝન બોલિયો   રા...ઝી...



એ ભાતુરલાં લેઈ આવેં રે પૉણ પાબી,
ભાતુરલાં લેઈ આવેં રે પૉણ...
ઓ કૂરી રે કોદરાંનાં હોગરાં લાવિયાં રા...ઝી...

સરવે ખાટી સાહો ન રે પૉણ પાબી,
સરવે ખાટી સાહો ન રે પૉણ...
એ ફેટે રે રમતાં રે આવણા લાગિયાં રા...ઝી...

બળદ નહીં દેખાતા રે પૉણ ખેતરમાં,
બળદ નહીં દેખાતા રે પૉણ...
આઝ તો કળહણી બળદ કેંમે ઝાવિયો રા...ઝી...

લગતી લગતી રે પૉણ પાભી,
લગતી લગતી રે પૉણ...
હા હા લગતી રે લગતી રે આવણા લાગિયાં રા...ઝી...

ભઝન બોલ ન રે પૉણ કેહરિયો,
ભઝન બોલ ન રે પૉણ...
એ પાળામાં મેલીન ભઝન બોલિયો રા...ઝી...

સરિયા રીહાંના રે મોર પાબી,
સરિયા રીહાંના રે મોર...
એ કાળમેળી કાળમેળી ઓવણા લાગિયાં રા...ઝી...

(તંબૂર-સ્વર) તો મહારાઝ. હા... તે કેહરો રાઠોર હેં. તે અવણિયાં ગુગળના ઓમ કરે. તાર તબૂરેં પઝન બોલે. માળા ફેરવેં અરિના નૉમની. દોર લાગી રે અરિની. હા રે ઊડેં પઝનાંની ઠોર. એ...દન સેંરો ભેંર બપોર. હા રે મહારાઝ લાડમદે પાબી હેં. કૂરી કોદરાંનાં હોગરાં કરેં, હા ને અવેં સરવેં ખાટી સાહ લેય. ખેરિયે થકી આવે.કૂરિયાં ખેતાંની વાટેં. હા રે, લગતી લગતી આવેં. હા નેં લાંબી નઝરેં ઝોયે. ખેતરમાં નહીં દેખાતા બળદ કે કળહણી. હા



રે, કિયા ખેતરમાં ગા. તે... ઝોતી ઝોતી આવેં... કૉય દેખાતું નહીં ન આ દાદોય કેમ ના ગા ? હા રે માર દેવોરે કિયા ખેતરમાં ઝાઈન અળ ઝોરું અહેં ? હા રે લગતી લગતી આવેં. હા નેં અવેં ધૂણી નઝરેં આવેં. હા રે હાઉ હેરી લગતી આવેં. પાળીમાં બેઠો બેઠો તાર ન તબૂરે ભઝન બોલેં. ઓ હો ખોટું કરું રે ઝગમાં કૉ...મ. લાડમદે ભાભી તો... મનમાં વીસાર કરેં. ઝાહરે ઝા આ કાટી કેં ધૉરી મેલાહેં એ. આ કેવી આવી ? કાળમી કાળમી થઈ ગેઈ. હા ને આવીન પેસણિયાં કેવી કને ઊપી રે. એ...પાબી રઈ મખરેં બોલેં. એ...દેવોર! હા તું હું લેઈને બેઠો હેં ? આ તો ગૉંડો થો કે વાવરો. આ તનં અવળે મારગે કેંણે સરાવી નૉખો. હા...તે કેહરો રાઠોર મનમાં વીસાર કરેં. રંગમાં ભંગ પારો. ખોટું આવું રે ઝગમાં કૉમ. હા રે દલરામાં ડસકો આવેં. હા ને લાડમદે પાબી હેં તે અવણિયાં કેવી અવટા બોલેં. કેહરો રાઠોર કૉનિયા દેઈ હૉપળેં...

એ હૉપળે દેવરિયા રે વાત મારી,
હૉપળે દેવરિયા રે વાત...
સોળું રે દલરાં રે વાળી વાત ન — રા...ઝી...

એ હૉપળે દેવરિયા રે વાત મારી,
હૉપળે દેવરિયા રે વાત...
ઓ...સોળું રે દલરાં રે વાળી વાતન — રા...ઝી...

અવળેં મારગિયેં રે પૉણ કેહરિયા,
અવળેં મારગિયેં રે પૉણ...
એ... અવળેં રે મારગિયે કેંમ વળિયો — રા...ઝી...

અન્ન ખાઈયેં પરાં ઝીવિયેં રે પૉણ દેવરિયા,
અન્ન ખાઈયેં પરાં ઝીવિયેં રે પૉણ...
એ આપણ અન્ન ખાઈયેં ન પરાં ઝીવિયેં — રા...ઝી...



અન્ન ખાઈયેં તો ભગતિ રે પૉણ દેવરિયા,
અન્ન રે ખાઈયેં તો ભગતિ રે પૉણ...
અન્ન રે ખાઈયેં તોસ ભગતિ કરિયેં રા...ઝી...

અન્ન ખાઈયેં ગૉણાં ગાઈયેં પૉણ દેવરિયા,
અન્ન ખાઈયેં ગૉણાં ગાઈયેં રે પૉણ...
અન્ન રે ખાઈયેં તો ગૉણાં ગાવિયેં રા...ઝી...

ઓ... કળહણીનો દીકરો રે...પૉણ,
કળહણીનો દીકરો રે પૉણ...
તેં ભગતિનાં પરમાંણાં આથાં ઝાલિયાં રા...ઝી...

એ ભગતિ રોટા નેં આલે રે પૉણ દેવરિયા,
ભગતિ રોટા નેં આલે રે પૉણ...
એ'લા કમાંણી કરિયેં તો રોટા મળહેં રા...ઝી...

પાબીન દેવરિયો રે પૉણ ઝગમાં,
પાબીન દેવરિયો રે પૉણ...
એ'લા પાભીન દેવોરન કજિયો લાગિયો રા...ઝી...

બટકા બોલી નાર રે પૉણ પાબી,
બટકા બોલી નાર રે પૉણ...
એ એંણી કજિયારી રૉંડોનું નખોદ ઝાઝો રા...ઝી...

કજિયો મૉંડો ન રે પૉણ પાબી,
કજિયો મૉંડો ન રે પૉણ...
એ'લા હૉંપળઝે દેવરિયા રે મારી વાતન રા...ઝી...

ભગતિ ડોઓ પૂરહેં રે પૉણ દેવરિયા,
ભગતિ ડોઓ પૂરહેં રે પૉણ...



એ ભઝન ભાવ તનં ઝીવતો રાખહેં રા...ઝી...

માર ગૉમમાં મતી આવઝે રે પૉણ દેવરિયા,
ગૉમમાં મતી આવઝે રે પૉણ...
એ માર ગુજણિયા ગડેમાં મતી આવઝે રા...ઝી...

મારે મેંલે માં આવઝે રે પૉણ દેવરિયા,
મારે મેંલે માં આવઝે રે પૉણ...
એ ભઝન બોલીન રોટા ખાવઝે રા...ઝી...

કૉનિયા મૉડ ન રે પૉણ કેહરિયો,
કૉનિયા મૉડ ન રે પૉણ...
ઑહુઆંના ધારોરા સૂટવા લાગિયા રા...ઝી...

હૉપળઝો ભાભી ન રે વાત મારી,
હૉપળઝો ભાભી ન રે વાત...
એ'લી કૉનિયા રે મૉડીન તમે હૉપળો રા...ઝી...

બૉતમાન હોરો રાખઝે રે પૉણ ભાભી,
બૉતમાન હોરો રાખે ન રે પૉણ...
એ... મારા ધૉદલઝીન ઘણો હોરો રાખઝે રા...ઝી...

ઘણી હોરી રેંઝે ન રે પૉણ ભાભી,
ઘણી હોરી રેંઝે ન રે પૉણ...
એ મારા આઈના ઝણાની ઝૂટિયો તૂટિયો રા...ઝી...

એ કરઝે ગુઝણિયાનું રે રાઝ ભાભી,
કરઝે ગુઝણિયાનું રે રાઝ...
એ ગુઝણિયો ગડ રે તનં આલિયો રા...ઝી...

ಡಙಡಙಡಙಡಙಡಙಡಙ

લોકાં હોરાં રાખે ન રે પૉણ ભાભી,
લોકાં હોરાં રાખે ન રે પૉણ...
એ...આપણ કૉમદાર રે કોઠારી હોરા રાખઝો   રા...ઝી...

વૉણિયા બૉપુણ ન રે પૉણ ભાભી,
વૉણિયા બૉપુણ ન રે પૉણ...
એ કાસ ન કુપાર હોરા રાખઝો   રા...ઝી...

સાકરીની કરનારી રે પૉણ સોરિયો,
સાકરીની કરનારી રે પૉણ...
એ...દાવરી બાયો ન હોરી રાખઝે   રા...ઝી...

ફરી ફરી નમે ન રે પૉણ કેહરિયો,
ફરી ફરી નમે ન રે પૉણ...
એ ગુઝણિયું ફરીન પગે લાગિયો   રા...ઝી...

એ પૂઠ વાળવાની પેંણો ન રે પૉણ ભાભી,
પૂઠ વાળવાની પેંણો ન રે પૉણ...
એ અન્ન રે ખાવાની આકરી લેવિયો   રા...ઝી...

ભગતિનાં પરમાંણાં રે પૉણ દેવરિયો,
ભગતિનાં પરમાંણાં રે પૉણ...
અવતારનો તબૂરો ખભામાં લેવિયો   રા...ઝી...

દેસવટે ઝાવેંન રે પૉણ દેવરિયો,
દેહવટે ઝાવેં ન રે પૉણ...
ગુઝણિયું સોળી ન ઝાવા લાગિયો   રા...ઝી...

ઊપી ઊપી ઝોવલા ઝોવેં રે પૉણ ભાભી,
ઊપી ઊપી ઝોવલા ઝોવેં રે પૉણ...



એ રૉંડન ઑંહુઆંના ધારોરા સૂટવા લાગિયા રા...ઝી...

એ બૂડી હાથેં કરીન કાટો રે પૉણ દેવરિયો,
હાથે કરીન કાટો રે પૉણ...
ઊપી રે ઊપી રે રોવણા લાગિયાં રા...ઝી...

(એક બાણિયો : રોયેં રાઝ થકેં નેં મળેં તનં !)
ઊપી થકી રોય રે પૉણ ભાભી,
ઊપી થકી રોય રે પૉણ...
એ અવેં લાડમિયો દેવરિયો કેંણાંન કરિયેં રા...ઝી...
ઝીવતા રો...

એ દેવરિયા ? હા તે હું ખટલો આથ લેતો ? એ...આ તો તનં રોટા નેં આલેં. આ તો, તંન કૉય કેંતેં પૉણીય નેં મળેં નેં. ખાવાનુંય નેં મળેં. (ખાંખારો) એ દેવરિયા ? ખરો કમાંણી કરતો કરતોન આ ખટલો આથ લેતો. એ તો આપણાંન તો નેં ઝોઈયેં.આ તો નાગાં આદમિયાંનું કૉમ હેં. આ તો બાબાંનું કૉમ હેં. આ તો આપણ કમાંણીવાળાંનું કૉમ નહીં. આ તો મૉંગણ ભીખારિયાંનું કૉમ. એ...મૉંગી ખાઈન ઝીવણાવાળાંનું. હા નેં તેં આ થોક લેતો. હા ને અન્ન ખાઈયેં તો ગૉણાં ગાઈયેં. અન્ન ખાઈયેં તો નાસુ કરિયેં. અન્ન ખાઈયેં તો ભગતિ કરિયે. અન્ન ખાઈયેં તો મેળે ઝાઈયેં. અન્ન ખાઈયેં તો હારું બતું આવળેં. હા ને અન્ન વગર તો કૉય આવતું નહીં. એ... તું કમાણી કરવી રવ દેઈન પેસણ આ થોક લેઈન ઝૂતો હેં. તે...તનં આ રોટા આલેં ન ખાઝે! મું તો તનં રોટા આલોહ નેં. હા રે, મહરાઝ રે લાડમદે ભાભી હેં, દેવરિયાન અવટા બોલેં. હા ને રીહની રીહમાં ખીઝે. એ...દેવરિયા? આ ખટલો લેઈન મારે મેંલે આવતો નેં. લાઝી હરમીન પરાં મરિયેં. આપણ રાઝા બાત્સાનાં ઘેંરાં, આપણ ઘેંરેં આવું ઝોઈઝેં નેં. અનેં તું માર મેંલાં આહનો કેં ગુઝણિયા ગૉમ આહનો રેંતો નેં. આ બતો ખટલો થાર તાર ન તબૂરોનેં આ હુ કેંવાયે ? આ લેઈ પેસ પરો ઝાઝે... એ તનં રોટા ખવારહેં નેં. માર ગુઝણિયામાં તું રેં ઝે માં. હા રે મહરાઝ કેહરો રાઠોડ હેં. હા તે મનમાં વીસાર કરેં, ખોટું આવું



ખાંપણ સૉટારી? હા રે સોરીયોન વાત કરેં... એ બાઈયો? તમે વસનાંમાં બતેલી હાં તો ઉંય બતેલો હું. મનં ઝે તે કરીન સૂટો કરાં. હા ને તમાર તો તોય લાડા તો ઝોઈઝેં સેં ક'લી! ઝોઈઝેં સ કે'લી ઑમેં. તમાંન ઝગરામાં એરી કાઢી આલો હેં, ઉં હું ખોટો હું ? હા તે અવણિયાં (શ્રોતાજન હસે છે) સોરીયો હા તે... બધી વીસાર કરેં, હા ને, સવઝીના દેવળ પૂઠણ ઝ...ય. દેવળ પૂઠણી ઝાઈન રૂપ બદલેં.. હા રે એઝી રૂપાળી અતી એ તો કાળી કદવાળી થેઈયો! હાને કાળી કદવાળી અતી એઝી એ રૂપાળી થેઈયો ! ડાઈ અતી એ મોટિયારણો થેઈયો! મોટિયારણો અતી એ ડાઈ થેઈ ગેઈયો! એકી તો પાસાળી ગૂબરાળી થ...ય! મોટા મોટા દૉંત! હા મોટા મોટા કૉન! કળા રૂપી બની ગેઈયો... હા રે રૂપાળી સોરીયો અતી એ તો કાળી ડૂમર થેઈયો... કાળી ડૂમર ગળિયારી, ગૂબરાળી, પાસાળી, લોયાળીન એવી, ઝેવી ન તેવી! હા રે પેલી ડાઈ ડોકરિયો અતી એ- મોટિયાર સોરીયો, બખની બખની થેઈ! હા ને એકી અવારે ઊપી રેંઈયો... હા રે... સવઝી હીખો દેય રાઝાન. એ રાઝા? તું એંમ કરઝે, રૂપાળી ઝોઈન આથે હાઝે માં. હા ને ઝે... આથે હાયે એસ થાર બાયલી! એ... થારી લાડી! એં ને ઝો બખની ઝોઈન હાવ ઝાયે, તો બોદી પૉનેં પરહેં! હા પણ બોદી ઝોઈન હાઝે, એઝ બખની હેં! એ મોટાં મોટાં ઝાળાંવાળી, એંણી નસ હા ઝે. (શ્રોતાજન હસે છે) હા રે હીખોમતો દે... ય. હા ને... એકી અવારે સોરીયો ઊપી... હા ને રાઝા હેં તે આખી અવાળે કેંવો પેઠો! હા રે મહરાઝ રાઝા ઝોતો ઝોતો ઝાય... હા રે... અવાળેં ન અવાળેં ઝોયે... એ'લા ભાઈ, બખનું મેલીન બોદું કૂણ લે... ય? હા રે બખની સોરીન આથ નૉખવા ઝા...ય. હા ને સવઝી કુંતાનો વેહ લેય. હા રે કુંતું થઈન કૉનમાં પેહે. હા ને... રાઝા આથ નૉખવા ઝાય. હા ને... કૉનમાં કુંતું પેહી ઝાય... હા તે પાસો કૉનમાં આથ નૉખેં રાઝા... હા રે... આગળ નેંહરે... હા રે પેલી બખનીને આથ નૉખે... વળી કૉનમાં કુંતું પેહે... હા તે... રાઝા કૉનમાં આથ નૉખીન આગળસ ઝા...ય. હા રે એંમ કરેં કરેં ને કાળી કદવાળી સોરી અતી! હા રે મોટામોટા દૉત! મોટા પોટા કૉન! હા રે...



કાળી કદવાળી રે પૉણ રાઝા,
કાળી કદવાળી રે પૉણ...
એ... દેખો રે આથમાં આવિયો   રા...ઝી...

મનમાં વીસાર મૉંડે રે પૉણ રાઝા,
મનમાં વીસાર મૉંડે રે પૉણ...
હોઈ રે! ખોટું એ આવું રે ઝગરામાં કૉમન   રા...ઝી...

(એક બાણિયોઃ એ હારી ગમાઈન કાળી લેતી! સાતઃ હા!)

ટોળો લૂંટેણો રે પૉણ બાઈયો,
ટોળો લૂંટેણો રે પૉણ...
આપેંણ ટોળાનાં રે રૂપ ઓરાં લેવિયાં   રા...ઝી...

(એક બાણિયોઃ એ બાર બાર વરસ થેઈ ગાં! સાતઃ હા!)

ખોટું કરું નરે પૉણ સવઝી,
ખોટું કરું નરે પૉણ...
એ... સવઝી ખોટું રે કરું ઝગરામાં કૉમન   રા...ઝી...

મુટે બોલે ન રે પૉણ સવઝી,
મુટે બોલે ન રે પૉણ...
એ... બાઈયો હૉપળાં માર દલરાંવાળી વાતન   રા...ઝી...

લખનારીના લેખ રે પૉણ સોરીયો,
લખનારીના લેખ રે પૉણ...
એ'લી... લખિયા રે લેખ રે આડા આવિયા   રા...ઝી...

રાતમાં વીવા મૉડિયો રે પૉણ સવઝી,
રાતમાં વીવા મૉડિયો રે પૉણ...
એંણે સવઝી ન દેવળિયેં વીવા મૉડિયો   રા...ઝી...



રાઝા પરણાવેંન રે પૉણ સવઝી,
રાઝા પરણાવેંન રે પૉણ...
ઓ હો! રાતમાં રે વીવા રે મૉડવા લાગિયો રા...ઝી...

સવરી ફેરા ફીરેં રે પૉણ સવઝી,
સવરી ફેરા ફીરેં રે પૉણ...
એ... લાડી સવરી રે ફેરા રે ફીરવા લાગિયાં રા...ઝી...

ઊપાં રઈયાં ન રે પૉણ ઈરાવર,
ઊપાં રઈયાં ન રે પૉણ...
હા! હા! સવરી ફીરતાં રે ઊપાં રઈયાં રા...ઝી...

સવરીનાં દૉણ આલઝો રે પૉણ...
એ... લાડી સવરી રે ફરતાં રે ઊપાં રઈયાં રા...ઝી...

(તંબૂર-સ્વર) તે સોરિયો હેં તે બધી ઢૂહકે ઢૂહકે રોયે. એ સવઝી ? ખોટું કરું રે ઝગમાં કૉમ... ઝાહરે બાપા અમારો ટોળો લૂંટણો ! હા રે...ટોળાનું રૂપ ટાળીન લેતું ! હા રે...હરખી બતી હૈયે. હારે ઈરાપથ હરખી અમે એકેં નહીં. હા ને અમારા ટોળાનું રૂપ લૂંટીન લેતું ! હા રે સોરીયો તો ઢૂહકે ઢૂહકે રોયે. હા રે...સવઝી વાતો કરેં, એ બાઈઓ ? હા રે...મારો દોહ નહીં. લખનારીના લેખ આડા આવા. હા રે...આલેલું મેળેલું આડું આવું. હા કેં કોઈની સેવા કરેલી ફરી ! સોરીયો બાઈ મગરામાં વીવાય થોન બાઈ આદમી મળો ! હું કરવા તમે મનં એંમ કરાંલી ! હા રે તમે રોઈ, રતરી મતી મરઝો. હા રે...સોરીયો રે સોરીયો ગીતાં ગાં વીવાંનાં. હા ને આપું વનરાવનમાં વીવા મૉડિયેં. હા તે...રાઝાને ન બાઈન પરણાવી દેઈયેં. હા રે...મહરાઝ રે બઈરાનો ઝીવ ! ઘરી એક રોયેં ન ઘરી એક આહેં ! વીવાનું નૉમ લેતું. હા...ને સોરીયો આહતે મુઢે થઈ ગેઈયો. હા રે...મહરાઝ સોરીયો હેં તે વનમાં વીવા મૉડો. હા...રે ગાંણાં ગાય રે વીવાંનાં. હૉ રે...મહરાઝ રે અરતી વીદ રાઝાની થઈયો. હા ને...અરતી થઈયો વીદણીની. એ મૉડવેંણો ન જૉનવેંણો થઈયો. હા તે હોમા તોમી ઉલાળા લે...ય. હા ને ભૂડાન ભલાં



ગાંણાં ગ...ય. હાતે મહરાઝ રે તોરણેં આવેં. તોરણ સબાવીન સવરીએ ઝાય. હા રે મહરાઝ રે સવરી ફેરા ફીરેં. હા રે...સવરી ફરતી ફરતી ન અવણિયાં ઈરાપથ હેં તે ઊપી રઈ...હા ને...સોરીયાંન વાતો કરેં, એ...બાઈયો ? મનં સવરીનાં દૉણ આલાં. તે...લઉં સવરીનાં દૉણ. તમે તો રૉડો હાં રે હાં બતી ટોળામાં ! હા ને મનં એકલી વળાવાં ! એ ઉં કેંણાંની બાઈયો ન મારું કુણ ? હા તે મૉગ બાઈ સવરીનાં દૉણ ઝે મૉગે એ તનં આલિયે. હા રે મનં આલાં રે બાઈઓ ઝાંઝર ... ઝાંઝર આલાં તો ઉં સવરી ફીરું , હારે સોરીયો કનહું લે.. ય. તમે વીસાર કરો બાઈઓ. હા રે હરખી હરખી ટોળાહી તમે મનં ઝુદી પારી. હા રે વનરાવનમાં વીવા મૉડો ! હા રે નહીં દેખાં રે રાઝાનાં ગૉમ કે ગૉદરાં. એંણાની ઝમી કે ઝગિયા કળહો કે કટુંબ. તન કેં માલ. હા રે એંહેં કે હીખેરાં નહીં ! હા રે ઝોકેં આ વનમાં મનં હાઈ આલીન તમે ઝાતી રઈ હાં ! હા રે ઑણેં ઑણેં મંદિરે મંદિરે વાહો કરતો અહેં કે કેથો રેંતો અહેં ! હા ને કેં ઝાઈન રો ? હા રે કિયાં તીલાંનાં તાપણાં ? કેયી નદિયાંનાં નાવણાં ? હા નેં માર કેંમ કરવું બાઈયો ! હા રે મનં કાળી રાતની ભીર પરે. હા ને ભીર પરેં તમે ભેળી આવાં એણાં વસન આલાં. હા રે સોરિયો મખરે બોલે, એ બાઈ ? હા રે આ તનં ઝાંઝર આલું. હા રે તું એંમ કરઝે, તે ખેલઝે ગુગળના ઓમ; હા ને ઝાંઝર જરા ખખરાવઝે; હા તે ઑબાવારીમાં ખબર થાહેં. હા રે આખી ઑબાવારી હેંહરી ઝાહું. નવલાખ બાઈયોનો ટોળો આવી મળહું. હા રે થારી ઝે ભીરો અહેં એ ભીરો કાઢી નૉખહું. પૉણ તું દલરામાં દઃખ ઑણઝે માં. હા ને...અમે ભેળી ન ભેળી હૈયે. હા પણ...અવણ સવરી, હોરી હોરી સવરી ફીર ! હા તે...ઈરાપથ સવરી ફીરે. હા રે...સવરી ફેરા ફરી ન પેસણિયાં અવણિયાં કેવાં સૂટાં પરે! હા રે સોરીયો ઝય રે ઑબાવારીઓમાં...હા રે સવઝી હેં તે હીખોમતો દે...ય, એ રાઝા? આ સોરીયો તો તનં પણ્ણાવીને ઝાતી રઈયો. હા ને અવણિયાં તું ઝા. તે આ બાઈન ઘણી હોરી રાખઝે. હા ને કૉયેં એહકુ મેંહકુ દેઝે માં...એંલા પૉણ એ રાઝા ? હા તે તું આ બાર બાર વરહ થઈ ગાં.

કેંમહા આવા ન રે પૉણ રાઝા,



કેંમહા આવા ન રે પૉણ...
એ'લા...કરઝે રે થાર દલરાં વાળી વાતન રા...ઝી...

હૂઓર ન આકેં ન રે પૉણ સવઝી,
હૂઓર ન આકે ન રે પૉણ...
એ...હૂઓર ન આકે રે મું તો આવિયો રા...ઝી...

પગલાં ભોળાવી ગિયો ન રે પૉણ હૂઓરિયો,
પગલાં ભોળાવી ગિયો ન રે પૉણ...
એ'લા...ઑણે રે પાસળ ઉં તો આવિયો રા...ઝી...

ઘોરાની સેત આવે રે પૉણ રાઝા,
ઘોરાની સેત આવે રે પૉણ...
એ...સવઝી એ મેં વરલાની વરવાઈયે ઘોરો બૉંતિયોરા...ઝી...

વરલા એઠણ આયો રે પૉણ રાઝા,
વરલા એઠણ આયો રે પૉણ...
એ ઘોરાનાં આડકાં રે નઝરેં આવિયાં રા...ઝી...

બદૂખની સેત આવે રે પૉણ રાઝા,
બદૂખની સેત આવેં રે પૉણ...
ઓ...વરલે રે બદૂખ મેલવા લાગિયો રા...ઝી...

(એક બાણિયો : એ...વરલે તો બદુખ મેલેલી હેં ! સાત : હા!)

નારી નઝરે આવી રે પૉણ રાઝા,
નારી નઝરે આવી રે પૉણ...
ઓહો ! બદૂખની નારી રે નઝરે આવિયો રા...ઝી...

ઘોરાનાં હાડકાં ન રે પૉણ રાઝા,
ઘોરાનાં હાડકાં ન રે પૉણ...



એ'લા...ઘોરાનાં આડકાં રે ભેળાં કરઝો રા...ઝી...

હાડકાં ભેળાં કરેં રે પૉણ રાઝા,
હાડકાં ભેળાં કરેં રે પૉણ...
એ...સવઝી અમિયાંના હસા રે નૉખવા રા...ઝી...

ઘૉરો બેઠો ઓપ્યો રે પૉણ રાઝા,
ઘોરો બેઠો ઓપ્યો રે પૉણ...
હા હા...કાળિયો રે રેવત બેઠો ઓવિયો રા...ઝી...

રૂપનળી બદૂખો રે પૉણ રાઝા,
રૂપનળી બદૂખો રે પૉણ...
એ'લે...રૂપનળી બદૂખો નઝરે આવિયો રા...ઝી...

બદૂક આથમાં લેવે રે પૉણ રાઝા,
બદૂક આથમાં લેવે રે પૉણ...
એ'લે...ફેરવીન ફેરવીન ઝોવા લાગિયો રા...ઝી...

હૂઓરિયો નેંહરો ન રે પૉણ રાઝા,
હૂઓરિયો નેંહરો ન રે પૉણ...
એ...સવઝી રે ઝટાળો મખરેં બોલિયો રા...ઝી...

ભરાકો કરેં ન રે પૉણ રાઝા,
ભરાકો કરેં ન રે પૉણ...
એ...ભરાકો કરી ન હૂઓરિયો મારિયો રા...ઝી...
ઝીવતા ! ભલાઈ ! ઝીવતા!

(તંબૂર-સ્વર) તો...મહરાઝ? ઓ...રે મહરાઝ? હા તે...અવણ સવઝીન તૉદલ રાઝા...હા ને ઈરાપથ હેં. તેં...સવઝીના દેવળમાં બેઠાં બેઠાં વાતો કરે...એ બાઈ! તું દલરામાં દઃખ ઑણઝે માં. હા ને...ઝોતી



એવું તનં મળું હેં. હા ને મૉગતો એવો રાઝન મળું. હા રે...કળહો હેં, કટુબ હેં. ગૉમ હેં ન ગૉદરાં હેં. ધન-માલનો પાર નહીં, હા ને રાઝ-બીઝનો પાર નહીં. લાવ-લેસકર ફોઝ ફાંટું. હા રે...આ તો ગુઝણિયાનો રાઝા હેં સોરી! રાઝા હેં, રાઝા! ગડ ગાંઝુઆનો. હા રે...બાઈ રે બાઈ થાર કોની વાતની ખૉમી નહીં. હા ને તું ઝા. તે ખાઝે,પીઝેન રાઝ કરઝે. એ રાઝા ? તે આ બાર વરહાં તરી માર દેવળમાં બેહી રો. અનં માર સેવા સાકરી કરી. પણ આ તું હું કરતો ન કેંહો આવો? મું તો હૂઓર ન આકે આવેલો અતો. માર અરિયો વાગ હૂઓરે ભેળો. તે...હૂઓર ન પગલે ન પગલે આવો. હા પણ ઑહેળો હૂઓર ભોળવી ગો. હા રે તેંણી વેળ ઘોરાની સેત આવે. બદૂખની સેત આવેં. હા ને સવઝી મખરે બોલે, હેંડન કેંહેળો બેઠો અતો તું ? તું પેંલો આવીન કેં ઊપો રો ? હા...તે વરલા એઠણ આવેં. હા ને...રાઝા વાતો ક...રે, એ સવઝી? આ ઑ હેળો મેં ઘોરો બૉંતો. આ આડખાં હેં એ માર ઘોરાનાં હેં. હા ને...ઑહેળી બદૂખ ઊપી મેલી વરલે. તે...આ નારીસ દેખાય ઑ તો હા રે કેંહો તો વેંણી ખાતો હેં એંતોઈએ. હા રે મહરાઝ રે સવઝી મખરે બોલે, એ...રાઝા ? આ ઘોરાનાં આડખાં વેંણીન ભેગાં કર ને ? હા રે ઘોરાનાં આડખાં હાવળીને ભેગાં કરે. હા તે... માદેવઝી હેં. હાતે અમિયાંના હસા સૉટે. કણિયોરની કોબો રાળે. હા ને...ઘોરો હેં તે ફરાક દેઈન બેઠો થઈ ઝા...ય.હા રે કાળિયો રેવત એંહોરા કરે. હા ને..કેવો ધરધર તુઝેં ન વરલા એઠણ ઊપો . હા રે...મહરાઝ રે રાઝા બદૂખ હારેંણ નઝર કરેં. રૂપનળી બદૂખ નઝરે આવેં. હા ને બદૂખ તો તીતકાય ન ઝૉણેં મૉખ લપકી ઝાય એવી ! ખમા ! ખમા ! (તંબૂર-સ્વર) તે હણગારેલો ઘોરો ઊપેલો હેં...હા ને, અતી એવી ન એવી બખની બદૂખ નઝરે આવી. હા રે, રાઝા ઘૉમી ઝાઈન બદૂખે આથ નૉખે. ફેરવી ફેરવી ન ઝો...ય. હા રે...માર અતી એઝ તો બદૂખ હેં. હા ન ઘોરોય મારો, આ બધો હણગાર ઘોરાનો મારઝસે. તે અવણિયાં ઘોરાની વાગ હા...ય. હા ને...સવઝી હીખો દે...ય. હા પણ...એ વાત તો હાસી પણ કેં હેળો ઘોરો ભોળવી ગો ? હા રે...રાઝા લાંબો આથ કરીન વતારેં. ઑહેળોસ ભોળવી ગો. હા રે લાંબો આથ કરતાંની હાથેઝ અવણ હૂઓર હૉમો આવેં. એં'લા એ આવેં હૂઓર તો. હા રે રાઝાન



સવઝી વાતો કરેં. ભરાકો કરકે'લા હૂઓર આવેં ન. હા તે ધૉદલ રાઝાએ ભરાકો ક...રો. હા ને... હૂઓરિયો ઠૉમ પા...રે. એ રાઝા ? હા ને અવે આ લાડી લેઈન ઝા થારા દેસમાં. હા તે...હૂઓરના સૉગન ખાઈન આવો. થાર સૉગન સૂટા. લાડીન ઘણી હોરી રાખઝે. એ...રાઝાન રૉણી ઘોરે અસવાર થ...ય. હા ને હૂઓર તે ઘોરા ઉપર બેહે. તૉણેં ઘોરાની વા..ગ. ખેર ખેર ન ખરલે ખાટ. હા રે મહરાઝ રે આવે રે ગેંડ ગાંઝુઆની વા...ટે હા રે વન મેલે વન લે...યે. હા તે ગૉમને ગૉંદરે આવે. હા રે મહરાઝ રે ગૉમના ગૉદરે આવીન પેસણિયાં ઊપો રાખેં ઘોરો. હા ને...રૉણીન વાતો કરે, એ રૉણી ? ઑ...અતરાહું મારું ગૉમ આવું. તે આ આપણસ ગૉમ હેં. હા તે રૉણી ઊપી રઈ; મનમાં વીસાર કરે, એ રાઝા ? થાર રૉણીઓ કેતરી ? એક રૉણી! માર તો એક ઝ રૉણી અતી. અતીનં તું વળી કેંય તે બાર વરહ થઈ ગાં ભાઈ. અહેં કે નેં અહેં. હા તે રૉણી હેં ઊપી રઈ, એ રાઝા ? ઉં તો નહીં આવતી થાર ગૉમમાં.

નેં આવું હૉકાં ને રે મેંલ રાઝા,
નેં આવું હૉકાં ને રે મેંલ...
એ'લા કે દિ' નેં આવું હૉકાંવાળા મેંલન રા...ઝી...

હૉકાં મેંણાં મારહેં રે પૉણ રાઝા,
હૉકા મેંણાં મારહેં રે પૉણ...
એ નેં આવું હૉકાંવાળા મેંલ રે રા...ઝી...

નવો મેંલ કરી આલઝે રે પૉણ રાઝા,
નવો મેંલ કરી આલઝે રે પૉણ...
એ'લા...નવલી રે લાડીન નવો મેંલન રા...ઝી...

(એક બાણિયો : એ ઝુનાં મેંલાંમાં નેં આવું ! સાત : હા !)

ગૉમ ન ગૉંદરે ઊપી રે પૉણ લાડી,
ગૉમન ગૉંદરે ઊપી રે પૉણ...



એ ગૉમન રે ગૉંદરે રે ઊપાં રઈયાં　　　　　રા...ઝી...

રાઝા વાતાં સોળ ન રે પૉણ રાઝા,
રાઝા વાતાં સોળ ન રે પૉણ...
એ હૉપળે રૉણી રે મારી વાતન　　　　　રા...ઝી...

હાત માળિયો મેંલ ન રે પૉણ રૉણી,
હાત માળિયો મેંલ ન રે પૉણ...
એ...હાત માળિયે મેં લે રે તમે આવઝો　　　　　રા...ઝી...
ઝીવતા ! ભલાઈ ! ઝીવતા !

(તંબૂર-સ્વર) તો...મહરાઝ ! તો રે મહરાઝ ! હા તે...હેંડ તનં હાત માળવાળું મેંલ આલું. હા ને દાસી સોકરિયો આલું. તે...તું વાદળમેંલાં ખાઝે, પીઝે ન માય્યાં મૉંડઝે. હા ને તનં ઝીલવા નાવાની સોવન કુંડિયો, હા ને એવા ખાવાના વાગ બગીસા, કોઈ વાતની આપણ ખૉમી નહીં. દાસી સોરીયો તનં ઝીલારહેં, નવરાવહેં. હા ને તું હેંડ તનં લેઈ ઝઉં મેંલમાં. એ રાઝા ? મું આવું તો ખરી પણ મનં હૉંકો મેં ણાં મારે. તે ઉં તો નહીં આવતી રે. નેં આવું રાઝા મારોત નવો મેંલન નવી રૉણી, મું તો નહીં આવતી રે. રૉણીય નવી ન માર મેંલય નવો. હા પણ નવા નવ રૉણી હેં ને આકરું બોલું તો કેંમ...એ’લા રીહાય તો કેંમ થા...ય. તે અવણિયાં રાઝા તો બાપરો વીસાર કરેં. હા ને રૉણી હેં તે એક અઠ લેતી ! વાતો કરતે કરતેસ રાત પરી...રૉણી આગળ નેં આવેં કેં પાસળ નેં આવેં...હા રે...અવણિયાં ગૉમન ગૉંદરેં રાત પરી...હા ને વાહો કેવો રય ! હોરો રેં હુંકારાં ના દેનાર. ઝુગ ઝાયન વારતા આગી હાલે...





અગલી અગાળું રાતો રે પૉણ રાઝા,
અગલી અગાળું રાતો રે પૉણ...
એ હે...અગલી રે અગાળું રે રાતો ઓવિયાં રા...ઝી...

બેઠાં ઓયાં ન રે પૉણ રૉણી,
બેઠાં ઓયાં ન રે પૉણ...
હા હા અરધી રે રાતોનાં બેઠાં ઓઈયાં રા...ઝી...

ખેલે ગુગળના ઓમ રે પૉણ રાઝા,
ખેલે ગુગળના ઓમ રે પૉણ...
હા હા ખેલે ખેલે રે ગુગળના ઓમન રા...ઝી...

ઝાંઝર ખખરાવેં રે પૉણ ઈરાવર,
ઝાંઝર ખખરાવે રે પૉણ...
હા હા...ખેલે રે ખેલે ગુગળના ઓમન રા...ઝી...

નવલાખ દેવિયો રે પૉણ ઈરાવર,
નવલાખ દેવિયો રે પૉણ...
ઑબા રે વારિયોમાં ખબર ઓવિયાં રા...ઝી...

(એક બાણિયો : એ...કૉને ઝણાકો ઝા...ય ! સાત : !)

કૉને ઝણાકો પરિયો રે પૉણ દેવિયો,
કૉને ઝણાકો પરિયો રે પૉણ...
હા હા...અબાવ રઈન મખરેં બોલિયાં રા...ઝી...

હૉપળો બાયો ન રે વાત મારી,
હૉપળો બાયો ન રે વાત...
એ...નૉનકલી સોરું રે દલરાંની વાતન રા...ઝી...



બાઈન ભીરો પરિયો રે પૉણ રૉડો,
બાઈન ભીરો પરિયો રે પૉણ...
આઝ અરતી રે રાતોનાં ભીરો પરિયાં રા...ઝી...

એખલી વળાવી રે પૉણ બાઈન,
એખલી વળાવી રે પૉણ...
આઝ અરતી રે રાતેની ભીરો પરિયાં રા...ઝી...

ધધમાટો કરે ન રે પૉણ દેવિયો,
ધધમાટો કરો ન રે પૉણ...
હોઈ રે ઑબા રે વારીમાં ધધમાટો કરિયો રા...ઝી...

નવલાખ દેવિયો ન રે પૉણ ઝગમાં,
નવલાખ દેવિયો ન રે પૉણ...
એ બાઈની રે ભીરે ઝાવા લાગિયો રા...ઝી...
ઝીવતા ! ભલાઈ ! ઝીવતા !

હા રે...રે ઈરાવર ગુગળના ઓમ ખેલે. હા ને...અવણિયાં બાઈયે આલેલું ઝાંઝર હેં. વસનાં કોલાંમાં આવી ન બતેઈ ન પેસણિયાં આવેલી અતી. તે...ઝાંઝર ખખરાવે. હા રે...મહરાઝ, ઑબાવારીમાં ખબર થા...ય. હા રે અબાવ દેવી મખરે બોલે, એ...બાઈયો ? કેંમ હૂતે ઉંગ આવી ? હા રે ટોળો લૂટઈ ગો ! રૉડો આપું તો બધી હૈયે હરખા હરખીની જોરમાં, હા ને...પેલી એકલીન આલી. આઝ તો અરતી રાતની ભીર પરી. બાઈન હું ભીરો પરી ગેઈયો ? એ રૉડો નહીં રે ઢીલાંનાં કૉ...મ. હા તે ઝટપટ ઝાઈયેં તે બાઈની ખબર લે...વા. હા રે...મહરાઝ રે...અબાવ દેવી વાતો કરેં. હા ને નવલાખ દેવીઓ હેં તે કેવી બેઠી થઈ ઝા...ય. હા રે ઑબાવારીમાં ધધમાટો ઊડે. હા તે બાઈયો હેં, બાઈની ખબર લેવા ઝાવાની હઝાઈ કરેં...હા રે મોટી મોટી સૉસો કરેં; મોટી મોટી પૉખો કરેં. હા ને સરગાં પવનાંમાં કેવી સરેં ! ખમા ! (તંબૂર-સ્વર) તે...સરગાં પવનાંમાં દેવીઓ સરેં...હા રે



સરગે ધધમાટો ઊડેં. હા રે…મહરાઝ રે અવણિયાં બાઈની ખબર લેવા આવેં. હા રે…આવી રે આવી ગેંડ ગાંઝુઆમાં આવી. હા રે…ગૉમને ગૉંદરે આવી. હા રે…પેસણિયાં બાઈયો હેં તે ધખોધખ પરેં. હા રે નવલાખ એ દેવયો આવી ગેઈયો. હા ને…અવણિયાં ઈરાપથ ન વાતો કેવી કરે, ખમા ! (તંબૂર-સ્વર) એ બાઈ ? તે તનં હું દુઃખ પરું ને ? હા ને કેંમ એલો મારો ? હા રે…પરિયા મખરે બો…લે, એ બાઈઓ ? તમે હૉ તો હરખાંના ટોળામાં ફરાં. હા ને…મનં કૂતરાન હાઈ આલાં એંમ હાઈ આલી! ઝોકેં આ અરતી રાતની મનં ભીર પરી તે. નેં દેખાં ગૉમ કેં ગૉદરાં. ઘેર કેં બાર તમે નેં ઝોવું. હા ને આ તો લેઈ ઝાઈન મનં હૉકોના મેંલે સરાવે. તે મનં હૉકો મેંણાં મારહેં. નહીં ઝાવી હૉકોના મેંલે. આ ઝો તમે મનં નવું મેંલ આઝનું આઝ કરી આલાં. હા રે અબાવ દેવી મખરેં બોલે, એ બાઈ ? એવી વાતમાં તો હું માલ હેં! હા રે દન ઊગતેં ઊગતેં નવું મેંલ કરી દઈયે. હા ને તું ડરી માં ઝા. હા રે મહરાઝ રે નવલાખ યેં દેવીઓ હેં…હા રે સતનું કૉમ.ને હાત માળનું મેંલ સણીન કેવું તેયાર કરે! ખમા! ખમા! (તંબૂર-સ્વર) તે હાત માળિયું મેંલ સણું. હા રે…મેંલમાં લીલાન પીળા રંગ પૂરા…બતરી ઘાઈનું રગનું મેંલ બણાવું. હા રે…ખાટ એંડોળા આવા થકા. હા ને…ઝીલવા માટે સોવન કુંડિયો. હા રે કૉય કેંવાની વાતનેં. હા…તે ઈરા પરિયા મખરે બોલે, એ બાઈ ! મેંલ તો કરું એ વાત હાસી. હા પણ મેં કેંણાંન કૂવે પૉણી ઝોહ ? એય હરખું ખાદરું ગોડી આલતી ઝો! હા ને ઉં કેં ઝીલવા ઝો ? તે…મનં નૉનકુંય એક તળાવ બૉતી આલાં. હા રે મહરાઝ રે દેવિયો હેં. હા રે એકની કઈ પનરે ઊઠેં…નવલાખની વાત એતણ નૉનકી નેં. ઓ બાપા ! ગઝબ થઈ ગો, એક ગૉમ ગોડી નોખેં એતરી…નવલાખેં દેવીએ તળાવ ગોડું. હા રે તળાવ ગોડીન પેસણ તેયાર કરી આલું. હા ને બાઈ પાસી મખરે બોલે, એ બાઈઓ? આ તો તમે ખરું કરું હેં. હા પણ ઉં એવા ખાવા કિયા અરિયા વાગમાં ઝો? અરિયો વાગ બણાવી આલાં. હા તે માર, એ'લી માર ફૂલરાં હૂંઘવાં એતણ માર પોતાના વાગમાં ઝાઈન બેહી રો ! તે…નવલાખ દેવીઓ વીસાર કરેં, વાત તો હાસી હેં. હા રે ઝાત ઝાતના સૉપા, કેવરા, ઝાસીન ઝવલી; મરવા ન મોગરાં; હા રે ઝાત ઝાતની ફૂલઝારી ઉસેળી; હા ને અરિયો વાગ બણાવેં.



હા રે...દન ઊગતેં ઊગતેં તો નવું નગર કેવું વસાવેં! હા રે હોરો રેં ઉકારાંના દેના...ર. ઝુગ ઝાય ન વારતા આગી હાલે...

હાત માળિયાં મેંલાં ન રે પૉણ દેવિયો,
હાત માળિયાં મેંલાં ન રે પૉણ...
એ...હાત માળિયાં મેંલાં રે બણાવણા લાગિયો રા...ઝી...

એવા ખાવાની વારિયો રે પૉણ દેવિયો,
એવા ખાવાની વારિયો રે પૉણ...
ઓહો! અરિયો રે વાગ બણાવણા લાગિયાં રા...ઝી...

વાતાં સોળે ન રે પૉણ દેવિયો,
વાતાં સોળે ન રે પૉણ...
એ'લી હૉપળે'લી બેંનરી રે વાતન રા...ઝી...

ખાઝે,પીઝે ને બાઈ માર,
ખાઝે પીઝે ને રે પૉણ...
એ...તમે ખાઝો ન પીઝો ન માય્યા મૉડઝો રા...ઝી...

ભીર પરેં તો રે બાઈ માર,
ભીર પરેં તો રે પૉણ...
તનં ભીર પરેં તો સમરણ કરઝે રા...ઝી...

દેવિયો વેરાવા રાગી રે પૉણ ઝગમાં,
દેવિયો વેરાવા લાગી રે પૉણ...
એ તો ઑંબા રે વારીમાં આવણા લાગિયો રા...ઝી...

પીળિયાં પરોર ઓય્યાં રે પૅાણ ઝગમાં,
પીળિયાં પરોર ઓય્યાં રે પૅાણ...
અવેં પીળિયાં રે પરોર ઓવણા લાગિયાં રા...ઝી....



ગુઝણિયાનાં લોકાં રે પૉણ ઝગમાં,
ગુઝણિયાનાં લોકાં રે પૉણ…
ઓહો! ગુણણિયાનાં લોકો ભાળવા લાગિયાં   રા… ઝી…

(એક બાણિયોઃ એ… આ કેંમ નવું મેંલ થઈ ગઉં હેં! સાતઃ હા!)

મેંલાંમાં મેંલાં રે પૉણ ઝગમાં,
મેંલાંમાં મેંલાં રે પૉણ…
આપણ ગૉમને રે ગૉદરે મેલાં સણિયાં   રા…ઝી…

ઝૉખો ઝાવેં ન રે પૉણ હૂરઝિયો,
ઝૉખો ઝાવેં ન રે પૉણ…
એ નગરમાં મેંલાં નઝરે આવિયાં   રા…ઝી…

કોવેંલો બોલેં ન રે પૉણ ઝગમાં,
કોવેંલો બોલેં ન રે પૉણ…
એ… અરિયાં રે વાગાંમાં કોવેંલ બોલિયાં   રા…ઝી…

ભલેં આવી સતિયાંની રે વાત મૉટિયો,
ભલેં આવી સતિયાંની રે વાત મૉટિયો,
ભલેં આવી સતિયાંની રે વાત…
ગણ તો ગાવિયેં રે સતિયાંના રે   રા…ઝી…

હા રે… અબાવ દેવી મખરેં બોલેં… એ બાઈ! તનં એખલી નેં નૉખી દેઈયેં… ભીર પરેંન પોકાર કરઝે. એ… હારી બાઈયો ભેળી થાહું. હા રે… તનં દઃખી થાવ દેવું નેં. હા ને અવેં તો ખાઝે, પીઝે ન રાઝ કરઝે! હા ને અમે તો ઝાઈંયે અમાર ઘૅર… હા રે નવલાખ દેવીઓ હેં… એ ધધમાટો કરેં… હા ને ઑબાવારીમાં કેવી ઝા… ય. ખમા! (તંબૂર-સ્વર) તે… ઑબાવારીમાં દેવિયો ઝાતી રઈયો. હા નેં હીરાં પરિયાન ધૉદલ રાઝા હેં ગુઝણિમાં. હા… રે રાઝા બેઠો થઈ ઝા…ય. હા તે ઝો… યે. હા તે રૂપ



રૂપના ઢગલા! હા રે ઑતો મૉનવી બતાં બેહતાં ઑ તો આ કેવો મેંલ થઈ ગો! હા રે રાઝાએ ઝૉણું નેંતું. રાઝા ન તો હવામણની ઉંગ મેલી. તે રાઝા હૂઈ ગયેલો અતો. હા ને... દન મહરાઝ ઊગોન રાઝાન ઑખોમાહી નેંદ ઊડી. એ ઝોય તો હાત માળનું મેંલ નઝરે આવું. હા ને.... બત્તી નવલી કળા નઝરે આવી. એ રાઝા તો વીસાર કરેં, આ હું કળા થઈ ગેઈ! ઉં ઝુને મેંલે કેં આવતો રો, વેકુઠમાં તો નહીં ? હા રે અવણિયાં ગેંડ ગાંઝુઆનાં લોકો હેં એ તો ઊઠાં થઈન ઝો... ય. હા, તો ગૉમન ગૉદરેં તો નવાં નવાં મેંલ નઝરેં આવાં. હા રે હારાં લોકાં ન ઝોયણું ફૂલું. આ હું કળા થઈ ગેઈ! હા ને કેંણે ધણિયે આ બતું કાળખાંનું ગોટવી દેતું! હા રે મહરાઝ રે અવણ તૉદલ રાઝાન ઈરાં પરિયા હેં એ... હાત માળિયા મેંલમાં ખય, પીયેં ન મઝા કરેં. હા ને રૉણી રઈ મખરે બોલેં, એ રાઝા! તે... થાર નવી રૉણીન તું ઝા... યે, હા તો ભલેં ભલેં ઝા. હા... પણ તું એતરી મારી વાત સેતે રાખ... કોઈ તનં હારો લે...ય. થાય રૉણી હારો લેય કે ઑણા ગૉમનાં મૉનવી હારો લે... ય. હા તો તું એંમ કેંઝે કે ઉંટેડાંના વાહરાહી પણી લાવો હું, ટેડી એંમ કેંઝે! કેંઝે મનં નેંસી ઝાતની કેંઝે! હા રે નકરિયાં ઓળગણી ભગણી કેંઝે! હા પણ. ભગવાંન આ ઘૅરની અસુંબરા પણીન આવો હું એંમ માં કેંઝે! તું મોટાઈ કરતો માં, ઝાઈન! માર પીયરનાં નૉમ લેઝે માં ! ને થાર ન માર વસન. એ... તું ઝો માર નૉમ લે... ય. હા ને હાસું નૉમ વતારી આલે, એંણે દન ઉં ઝાતી રો. થાર ન માર વસન સૂટા. હા ને સેત રાખીન થાર રૉણી ન મેંલે ઝા... યે. ગૉમ્માં ઝા... યે, કલમ કસેરિયે ઝા... યે, પૉણ મારું ખરું નૉમ કેંઝે માં. હા રે રાઝા રઈ વીસાર ક...રે, એ રૉણી? કોઈને નેં કઉં ! હા રે અવણિયાં રાઝાન રૉણી હેં, વાદળ મેંલાંમાં ખય, પીયેંન મઝા કરેં. હા... રે દનરા ગણતેં મઈના ઝ...ય. મઈના ગણતે વરહ ઝ....ય. હા રે મહરાઝ હોરો રેં હુંકારાંના દેનાર. ઝુગ ઝાયન વારતા હા... લે.





પરિયા સરતે દને ઓયાં રે પૉણ,
પરિયા સરતે દને ઓયાં રે પૉણ...
એ... દનરા રે ગણતે મઈના ઓવિયા રા...ઝી...

નવ નવ મઈના ઓઈયા રે પૉણ બાઈનેં,
નવ નવ મઈના ઓઈયા રે પૉણ...
નવ રે મઈના નવ દનરા રા...ઝી...

હીળાં હીળાં પેટ દુઃખે રે પૉણ રૉણી,
હીળાં હીળાં પેટ દુઃખે રે પૉણ
હીળાં રે હીળાં રે પેટ દુઃખિયાં રા...ઝી...

માઝી મખરે બોલે રે પૉણ સોરિયો,
માઝી મખરે બોલે રે પૉણ...
એ... હૉપળાં સોરીયો રે મારી વાતન રા...ઝી...

પારોહણ બોલાવઝો રે પૉણ સોરીયો,
પારોહણ બોલાવઝો રે પૉણ...
બાઈયો નહીં રે ઢીલાં રે વાળાં કૉમન... રા...ઝી...

પારોહણ બોલાવેં રે પૉણ સોરીયો,
પારોહણ બોલાવેં રે પૉણ...
એ ધૉમી રે ધૉમી સોરીયો ઝાવિયો... રા...ઝી...

વાટકિયાં તેલ રે પૉણ ડોકર,
વાટકિયાં તેલ રે પૉણ...
એ... વાટકિયાંમાં લેય રે ઝાસાં તેલન રા...ઝી...

પેટુરલાંન સારે ન રે પૉણ ડોકર,
પેટુરલાંન સારેં ન રે પૉણ...



હીળી હીળી રે પીરો આવણા લાગિયો   રા...ઝી...

કુવોર ઝલમિયો રે પૉણ ઈરાવર,
કુવોર ઝલમિયો રે પૅાણ...
અવેં ઝલમતેં વાગા રે સોનાના થાળને   રા...ઝી...

ભલે ઝલમા પરિયાના પેટ પાબુઝી,
ભલે ઝલમા પરિયાના પેટ...
હા હા ઝલમતે વાગા રે સોનાના થાળન   રા...ઝી...

હોળમાં વાઝાં વાઝે રે પૅાણ મૉટિયો,
હોળમાં વાઝાં વાઝે રે પૅાણ...
એ... ભલે રે ઝલમા રે પરિયાના પેટન   રા...ઝી...

દેસનો દીવલો ન રે પૅાણ પાબુઝી,
દેસનો દીવલો ન રે પૅાણ...
હા... ગુઝણિયા ગડેમાં ઝલમ ધરિયાં   રા...ઝી...

મૉટી ઝલમા રે પૅાણ ગુઝણિયે,
મૉટી ઝલમા રે પૅાણ...
એ... ભલે રે ઝલમા રે ઝરણીના પેટન   રા...ઝી...

(તંબૂર-સ્વર) તો... મહરાઝ! હા... રે તૉદલ રાઝાન ઈરાં પરિયા હેં... હા રે ગુઝણિયામાં ખય, પીયેં ન મઝા કરેં. હા... રે આદમી બઈરાંની મત. હા રે... એક મત ઉપર એં ડે... હા રે... ખય પીયે મઝા કરે. હા રે... મહરાઝ રે દનરા ગણતે મઈના. હા ને... મઈના ગણતે વરહ. એ.. ઈરાં પરિયા સરતે દને થા... યે. બાઈને પેટમાં ગરપ રેં... હા રે.. નવ મઈના નવ દન થા. હાને બાઈન તો હીળાં હીળાં પેટ દુઃખે... ખમા! (તંબૂર-સ્વર) તે બાઈને હીળાં હીળાં પેટ દુઃખે... બોલે, એ... સોરીયો? બાઈયો રે બાઈયો, માર તો પેટમાં હું યે ઉબાળા રમેં... સોરીયો રે... મનં તો કેંમયેં



થાય આઝ તો, હા ને ઝૉવ રે ઝૉવ આઝ તો પારોહણને બોલાવી લાવાં. હા રે મનં તો પેટમાં આઝ હું ય લાગેં. હા રે મહરાઝ રે સોરીયો હેં લાલી ન ફૂલી, રેમલી નં તેમલી. હા તો વાતો કરેં... એ... માઝી? નહીં દેખાં રે પારોહણનાં ઘૅર. હા રે અમે કેંમની ઝાઈયેં ને? એ સોરીયો ? ઝૉ રે ઊગમણી પોળેં; હા રે... ઑંગણે અલમીકાસ; હા ને ઑંગણેં પારોસ પીપળી ઊપી હેં; હારે... વંડે વરુંઝી નાગરવેલ; હા રે... એ વાઝેં ડોકરનાં ઘૅર. હારે ધૉમી થકી ઝૉવ... ઝટ લેઈ આવાં. હારે... મહરાઝ રે સોરીયો હેં, વાળિયે ખોળે ધૉમેં. એ... આવેં રે આવેં પારોહણન ઘૅર. હા રે પારોહણ ડોકરી ન એલો મારેં, એ... માઝી રે માઝી ! હા રે હૂઈ ગેઈ એં તો બેઠી થઈ ઝા. હા ને ઝાગતી એં તો બારી આ...વ. હા રે... અવેં માઝી મખરે બોલેં, એ... સોરીયો? હું એતરું બતું ઉતાવળનું કૉમ હેં બાઈઓ? એ માઝી? હા રે... રૉણીન પેટ દુઃખેં. ઈહેન ઉપળે ફરતી એંડે. ગોડિયે ગોડિયે વાદળ મેંલાંમાં ફરેં. હા નેં નહીં ટીલ કરવી. તે... ડોકરી હેં. હા રે... ટૂટી પેંઝારાં પૉગે ઘાલે. આથમાં... કમળ લાખરી લે...ય. હા ને... લાખરીન ખટુકરેં ખટુકરેં કેવી આગળ થઈ ઝા...ય. ખમા! ભઈલા! (તંબૂર-સ્વર) તે આવેં રે આવેં ઈરાં પરિયાને મેંલે હા તે... મહરાઝ રે ધરમર સરેં વાદળ મેંલ. હા ને વાટકિયે ઝાસાં તેલ મગાવે. હા રે... તેલ મગાવીન પેસણયાં બાઈનાં પેટ સારેં. હારે આડાન અવળું ઝો...ય. હા ને... બાઈને તો અવણિયાં ઝીવરો ઝા... યે. હા રે બૂબો પારેં. વાદળમેંલાંમાં ધધમાટો ઊડેં. હારે દેખો રે મૉટિયાંનો ઝલમ. હા રે... તે કોઈ ઝૉણહેં નેં ન હવેરમાં ફલાંણીન સૂટકો થો હેં, એંમ કેંહેં... એ મૉટી કેદિ' કોઈનું ભલું કરહેં નેં. હા ને... ઘણી માઝીન તકલી દેહેં. એંણાં ધણિયાંનાં અમર નૉમ રેંહે. હા નેં... એ હાગી વાત ગણાય. (તંબૂર-સ્વર) તે...માઝી તો ઈહેને ઉપળે ફરે. હા નેં... ઈરાં પરિયાન પેટ કુવોર ઝલમો. હા નેં... ઝલમતે વાઝા સોનાના થાળ. હોળમાં હોળમાં વાઝાં વાઝેં. દેખો રે મૉટિયાંની વા...ત. હા રે વાટકુંય નેં વાઝેં, હા કેં એક બેં પડોસી નેં ઝૉણેં; એવું ઝલમ લેતેલું કોઈ દિ' ભલા નેં દેય. તે ભલેં ઝલમો રે પરિયાન પેટ. હા રે આખી રાત અવણ માયરને ફોરા પારી અવેં બારો કેવો આવો ! એ... આટેં વસણાં મસરું ખાંડ. હારે બઝારે વટયે ખરેક ખોપરાં. હા તે મહારાઝ રે

ଔଔଔଔଔଔ

અવણિયાં પાબુ રાઠોર ઝલમો. હા રે... મેંલે બતય સોનાનાં પારણાં. ઈરની દોરી એંસે. હા રે... મેંલાંમાં ઠેંખલિયાં કરે. હોરો રેં હુંકારાંના દેના ર. ઝુગ ઝાયન વારતા આગી હા..લે.

સોનાનાં પારણિયાં રે પૉણ પાબુઝી,
સોનાનાં પારણિયાં રે પૉણ...
એ... એંસે રે ઈરવાળી દોર   રા...ઝી...

દન રાતેં મોટો ન રે પૉણ પાબુઝી,
દન રાતેં મોટો ન રે પૉણ...
એ... દન રે રાતે રે મોટો ઓવિયો   રા...ઝી...

પટેલિયેન પરેં રે પૉણ પાબુઝી,
પટેલિયેન પરેં રે પૉણ...
અવેં ગોડિયે ન ગુપરિયે ઓવણા લાગિયો   રા...ઝી...

થેઈ થેઈ થેગલિયાં કરેં રે પૉણ કુઓરિયો,
થેઈ થેઈ થેગલિયાં કરે રે પૉણ...
એ તો હેરિયે રમણા ઓવણા લાગિયો   રા...ઝી...

હેરિયાં રમે રે પૉણ કુઓરિયો,
હેરિયાં રમે રે પૉણ...
હેરિયે રમણા ઓવણા લાગિયો   રા...ઝી...

નેંહાળે ભણે ન રે પૉણ કુઓર,
નેંહાળે ભણેં ન રે પૉણ...
એ... ભણતાં રે ભણતાં રે આવણા લાગિયો   રા...ઝી...

તો મહરાઝ! ઓ... રે મહરાઝ... હ... હા રે... ધૉદલ રાઝાન ઠીક આવું. હ હા... રે કુઓર ઝલમો. હ હા તે એંસે રે એંસે ઈરની દો.. રે. હા રે... સોનાને પારણે એંસે. હા રે દને રાતે, મોટો થા... યે. હા રે... મહરાઝ



રે પટેલિયે પરતો થો. હા રે... માઝી હેં, તે દીકરા ન ઘણો લાડે કોડે મોટો કરે. તે ગોડિયે ગુંપરિયે થાય. ખમા! (તંબૂર-સ્વર) તો... મહરાઝ. હા રે... કુઓર હેરી બઝારે રમેં. હા રે... અવણિયાં ઈરા પરિયાંન હેં... બીઝો વળી પેટ વતારે... હા રે મહરાઝ રે નવ મઈના ન નવ દન થ...ય. હા ને અવણિયાં વળી કુઓર ઝલમે ખમા!

સૉંદલિયો ઝલમોન રે પૉણ ઝગમાં,
સૉંદલિયો ઝલમોન રે પૉણ...
એ... પરિયાન પેટેં કુઓરિયો ઝલમો રા...ઝી...

ભલે ઝલમો ઝરણી ન રે પેટ મૉટી,
ભલે ઝલમો ઝરણી ન રે પેટ...
માર ઝલમતેં વાઝા રે સોનાના થાળ ન રા...ઝી...

વાઝાં વાઝેં ન રે પૉણ ગુઝણિયેં,
વાઝાં વાઝેં ન રે પૉણ...
એ... મૉટિયાંની વેળાએ ઘરિયાળાં વાઝિયાં રા...ઝી...

બેં ભાયાંનો જોરો રે પૉણ મૉટિયો,
બેં ભાયાંનો જોરો રે પૉણ
એ સૉંદલિયા પાબુ રે વાળાં જોરન રા...ઝી...

માના ઝણેલા રે પૉણ બૉતમો,
માના ઝણેલા રે પૉણ...
એ માના રે ઝલમેલા કેંમહા કરિયેં રા...ઝી...

સોનાનાં પારણિયાં રે પૉણ સૉંદલિયો,
સોનાનાં પારણિયાં રે પૉણ...
એ એંસે રે ઈરની વાળી દોરન રા...ઝી...



દનેં રાતેં મોટાં રે પૉણ,
ઓ હો દનેં રાતેં મોટાં રે પૉણ...
એ તો... દન રે રાતે મોટો ઓવિયો   રા...ઝી...

ગોડિયાં ગુપરિયાં રે પૉણ કુઓરિયો,
ગોડિયાં ગુપરિયાં રે પૉણ...
એ ગોડિયાં રે ગુપરિયાં ઓવણા લાગિયો   રા...ઝી...

(તંબૂર-સ્વર) તો... મહરાઝ! ઓ રે મહરાઝ! હા તે... ધૉદલ રાઝાન કુવોર ઝલમો. હા રે પાબુ તો મોટો થઈ ગો. બીઝો કુવોર ઝલમો. હા રે વાઝા રે સોનાના થાળ. હા રે હોળમાં વાઝાં વાઝેં... હા રે ગુઝણિયામાં ધધમાટો ઊડે, એ... આટે વસાંણી મસરું ખૉંડ. બઝારે વટાંણાં ખરક ખોપરાં. હા રે રૉકાં ગોલાંનાં ઘૅર થ...ય. હા રે વાઝાં વાઝેં, ઢોલ વાઝેં, નગારાં વાઝેં... હા તે... ધૉદલ રાઝાન કુવોર ઝલમો. ખમા! (તંબૂર-સ્વર) તે નૉમ ધરાં રે સૉંદોઝી. હા રે એકલો ઝ અતો પૉણ બેં ભાઈ થા... કેંણાંન કેંઈયેં રે આઈનો ઝણો ભાઈ! હા રે પાબુઝી ઈલો ગા... યે. હા ને કુવોર કેવો મોટો કરે... હા... તે. બેં બેંનો ઝલમેં. હા રે... એકીનું નૉમ દેવોલ. હા નેં... એકીનું નૉમ તેમાં... હા રે... સિયાર ભાઈ બૂનનો જોરો થો... હા તે... ગુઝણિયામાં ઘણું રૂરેતું થઉં...

એ... ધૉદલઝી પરિયા રૉણીનો મેંલ...રે રાઝા,
પરિયા રૉણીનો મેંલ...
હા... પરિયા રે રૉણીને મેંલે રવિયો   રા...ઝી...

એ.. રાઝા નવલરી રૉણીને રે મેંલ રાઝા,
નવલરી રૉણીને રે મેંલ...
ધૉદલઝી નવલરી રૉણીને મેંલે રવિયો   રા...ઝી...

એ... ખમ્મા બાર બાર વરસ ઓઈયાં રે પૉણ રાઝા,
બાર બાર વરસ ઓયાં રે પૉણ...



બાર બાર રે વરસ ઓવણા લાગિયાં રા...ઝી...

એક દનેરો રે પૉણ રાઝા,
એક દનેરો રે પૉણ...
એકા રે દનેરો સમાઝોગન રા...ઝી...

એ... રાઝાન ઈયામાં આવી ન રે પૉણ રૉણી,
ઈયામાં આવી ન રે પૉણ...
એ...ઝૂની રે રૉણી ઈયામાં આવિયાં રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ રાઝા,
વાતાં સોળ ન રે પૉણ...
એ'લી હૉપળ કેં રૉણી રે મારી વાત ન રા...ઝી...

(એક બાણિયોઃ એ રૉણી... મુખ્ય ગાયઃ ખમા!)

એ... રૉણી બાર બાર વરસ ઓયાં રે પૉણ રૉણી,
બાર બાર વરસ ઓયાં રે પૉણ...
એ'લી નહીં ગિયો રે ઝૂની રૉણીને મેંલને રા...ઝી...

પરિયા વાતાં સોળ રે પૉણ રાઝા,
પરિયા વાતાં સોળ રે પૉણ...
ઓ... હૉપળાં કે રાઝા રે મારી વાતન રા...ઝી...

ભલા! ઝીવતા!

એ... સતિયાંની વારતા વૉસિયેં. ભરી સપા હૉપળે...! એ... ધૉદલ રાઝા હેં, હારે... મહરાઝ રે નવલી રૉણી પરણી આવો. એ બાર બાર વરહ થઈ ગાં. હા રે મહરાઝ કે ખય, પીય મઝા કરેં. હા પણ ઝૂની રૉણીને મેંલ ઝાતો નહીં... બોલતો નહીં; સાલતો નહીં. હા રે મહરાઝ એકાદનેરો સમાઝોગ... સમાઝોગનો માઝોગ. હારે ઝૂની રૉણી હેં તે રાઝાન ઈયામાં



આવેં. હોયણાં હપનાંમાં આવેં. હા ને ધૉદલ રાઝા હેં, એ ઝપકી બેઠો થાયે. હા ને અવણિયાં નવી રૉણીન વાત કરેં, એ... રૉણી? તનં પણ્ણી આવો. બાર બાર વરસ થઈ ગાં. હા રે આપણ તો બે, તેંણ સીયાર સૈયાં થઈ ગાં. તે માર ઝૂની રૉણી બાપરી રડાપેંણ ભોગવે. હા રે કે દિ'ય નહીં મુટે બોલો. હા... કે ઑંખ મેળાવા નહીં કરા. હા તે... આઝ ઉં ઝઉં ઝૂની રૉણીને મેંલે. ખમા! તે રૉણીન રાઝા વાતાં કેવાં કરે! હોરો રે હુંકારાંના દેનાર. ઝુગ ઝાયન વારતા આગી હા... લે. ખમા!

હાં હાં રૉણી વાતાં સોળ ન રે પૉણ રૉણી,
વાતાં સોળ ન રે પૅાણ...
હૉપળ કેં રાઝા રે મારી વાતન રા...ઝી...

ભલે ભલે ઝાય ન રે પૅાણ રાઝા,
ભલે ભલે ઝાય ન રે પૅાણ...
કૉનિયા રે મૉડીન તમે હૉપળો રા...ઝી...

મારા પીયોરનાં નૉમ રે પૅાણ રાઝા,
મારા પીયોરનાં નૉમ રે પૅાણ...
તમે મારો પીયોરનાં નૉમ મતી લેવઝો રા...ઝી...

હા હા... મનં ટેડેંણ કેંઝો રે પૅાણ રાઝા,
ટેડેંણ કેંઝો રે પૅાણ...
હા હા... ટેડેંણ રે ઓળગેંણ મન કેવઝો રા...ઝી...

(એક બાણિયોઃ એ રાઝા નેંસી કુમની કેંઝે મનં તું! સાતઃ હા હા!)

રાઝા ટેડેંણ ઓળગેંણ કેંવઝો રે પૅાણ રાઝા,
ટેડેંણ ઓળગેંસ કેંવઝો રે પૅાણ...
તમે મારો પીયોરનાં નૉમ મતી લેવઝો રા...ઝી...



હે હે... રાઝા વસન આલીન ઝાઝો રે પૉાણ રાઝા,
વસન આલીન ઝાઝો રે પૉાણ...
મારાં રે નૉમ રે મતી લેવઝો રા...ઝી...

રાઝા મૉટી બઈરાંની જૂટિયો રે પૉાણ રાઝા,
મૉટી બઈરાંની જૂટિયો રે પૉાણ...
હા... સતનાં રે વસન મન આલઝે રા...ઝી...

મખરે બોલે ન રે પૉાણ રાઝા,
મખરે બોલે ન રે પૉાણ,
હાં હાં... ધૉદલ રે રાઝા રે મખરે બોલિયો રા...ઝી...

માર તો પરિયા રૉણી ન રે પૉણ રૉણી,
પરિયા રૉણી ન રે પૉણ...
તનં ટેડેંણ ઓળગેંણ કેંમ કેંવિયે રા...ઝી...

મોટાંનાં મૉનવી ન રે પૉાણ રૉણી,
મોટાંનાં મૉનવી ન રે પૉાણ...
તમાંન ટેડેંણ રે ઓળગેંણ કેંમ કેંવિયે રા...ઝી...

એ... રાઝા મારું કયેલું મૉનઝોન રે પૉણ રાઝા,
મારું કયેલું મૉનઝેન રે પૉાણ...
એ રૉંડવા દલરામાં દઃખ રે મતી ઑાણઝે રા...ઝી...

વસન આલેન રે પૉાણ રાઝા,
વસન આલેન રે પૉાણ...
સતનાં રે વસન આલવા લાગિયો રા...ઝી...

એ રાઝા ઝૂટિયો ટૂટહેં રે પૉાણ રાઝા,
ઝૂટિયો ટૂટહેં ન રે પૉાણ...



એ રાઝા વસનાંની ખબેંર તમે રાખઝો　　　　　રા…ઝી…

વસને કોલે ઓયો રે પૉણ ધૉદલિયો.
વસને કોલે આયો રે પૉણ…
વસને રે કોલે રે ઓવા લાગિયો　　　　　રા…ઝી…

હીરકાંનિયું ધોતીરું ન રે પૉણ રાઝા,
હીરકાંનિયું ધોતીરું રે પૉણ…
હા હીરકાંનિયું ધોતીરું પેરવા લાગિયો　　　　　રા…ઝી…

હા હા… રાઝા હોળઈયો હણગાર રે પૉણ રાઝા,
હોળઈયો હણગાર રે પૉણ…
સોપતો રે હણગાર મૉડવા લાગિયો　　　　　રા…ઝી…

એ રાઝા રાઠોરી પાગો ન રે પૉણ તૉદલઝી,
રાઠોરી પાગો ન રે પૉણ…
રાઠોરી પાગો રે માથે મેલિયો　　　　　રા…ઝી…

સોનાની મોઝોરી રે પૉણ રાઝા,
સોનાની મોઝોરી રે પૉણ…
સોનાની મોઝોરી પૉગે પેરિયો　　　　　રા…ઝી…

સટિયો લેવેંન રે પૉણ રાઝા,
સટિયો લેવેંન રે પૉણ…
સટિયો રે રમારેને ઝાવા લાગિયો　　　　　રા…ઝી…

ધરમર ઊતરેંન રે પૉણ રાઝા,
ધરમર ઊતરેંન પૉણ…
એ તો ધરમર ઉતરેં રે વાદળિયાં મેંલન　　　　　રા…ઝી…

ઝીવતા! ભલાઈ! ઝીવતા…



(તંબુર-સ્વર) તો... રે મહારાઝ... હ હા તે... રાઝા રૉણી વાત કરે. ખમા! (તંબૂર-સ્વર) એ...રૉણી રઈ મખરે બોલે... એ રાઝા? કૉનિયા દેઈ હૉપળઝે... નર નારનો જોરો... હારે મહરાઝ રે મોટી બઈરાંનો જોરો. ઘણી હોયમણી જોરી... હારે મહરાઝ રે ધવળાં ધોરિયાંની જોર ઘણી હોયમણી જોર. બાપ દીકરાની જોરી ઘણી હોયમણી જોર. હારે મહારાઝ રે મા... દીકરીની જોર, ઘણી હોયમણી જોર. એ... રાઝા! હા રે બાપ દીકરાંની જૂટિયાં, હારે ઘણી ઘણી હોયમણી હેં... હારે આપું ખાય, પીય, મઝા કરિયે, હાને રખે રે જૂટી ટૂટેં... એ માલિક? મેલઝે રે હરખાંની જોર. કોઈની જૂટિયો ટૂટઝો માં... હારે મહરાઝ રે રાઝા ન રૉણી વાતાં કરેં... એ રાઝા? ભલી હૉ રૉણી તૉય માર તો હૉક થઈ... એ તનં કનહું ખરું નૉમ તો લેવરાવહેં. હા પણ તું કાઠો થાઝે... હાને મારું નૉમ આલઝે...માં.એૅણાં મનં વસન આ...લ. (હાથતાળી આપે છે.) કેદિ’નેં કઉં... એ... રાઝા ન રૉણી વસને કોલે થ...ય. હારે મહરાઝ રાઝા હેં... એ ઈરકાંનિયું ધોતિયું પેરે... હોળઈયો હણગાર મૉડે... હારે... મહારાઝ રાઠોરી પાગ માથે મેલે... હાને સોનાની મોઝરીઓ પૉગે ઘાલેં. એ... આથમાં લેય રે સટિયો. હાને રૉણીન હીખમત દેં... ય. રૉણી રે ખાઝે, પીઝે, મઝા કરઝે... ઈયામા હમા કારજેં રેંઝે... દલરામાં દઃખ... હાને ઉં તો એક રાત કે બે રાતો રઈન તો આવતો રો... હા પણ તું દલરામાં દઃખ ઑણઝે માં... હારે... રૉણીન રાઝા સૂટાં પરેં... રાઝા ધરમર ઉતરે વાદળ મેંલ... હારે મહરાઝ ખેરિયો થકો આવેં મૉણકસૉકમાં... હાને હેરી બઝાર કેવો ઝા...ય! હોરો રે હુંકારાનાં દેના... ર. ઝુગ ઝાય ને વારતા અગી હા... લે. ખમા!

હેરી બઝારે આયો રે પૉણ રાઝા,
હેરી બઝારે આયો રે પૅાણ...
હેરી રે બઝારે રાઝા આવિયો રા...ઝી... હા...ઝી...

(એક બાણિયોઃ એ ખમ્મા! સાતઃ હા!)

એ... સટિયો રમારે રે પૉણ રાઝા,



સટિયો રમારેં રે પૉણ...
હોઈ રે... સટિયો રે રમારેં આવણા લાગિયો   રા...ઝી...

એ'લી ઝળુકે બેઠીન રે પૉણ રૉણી,
ઝળુકે બેઠીન રે પૅાણ...
એ મેંલાં ને ઝળુકે બેહવા લાગિયાં   રા...ઝી...

મેંલાંને ઝળુકે રે પૅાણ રૉણી,
મેંલાંને ઝળુકે રે પૅાણ...
મેંલાંને ઝળુકે ઝોવા લાગિયાં   રા...ઝી...

(એક બાણિયોઃ એ રાઝા ઝેંમ ઝાય તેંમ ઝોયણાં ઝો...ય! સાતઃ હા!)

સોરીયાંન વાતાં સોળ રે પૅાણ રૉણી,
સોરીયાં ન વાતાં સોળ રે પૅાણ...
એલી હૉપળઝો સોરિયો રે મારી વાત ન   રા...ઝી...

બાઈયો રાઝા આવેં ન રે પૅાણ સોરિયો,
રાઝા આવેં ન રે પૅાણ...
હેરી રે બઝારે રાઝા આવિયો   રા...ઝી...

(એક શ્રોતાઃ ઘણા દને આવને! સાતઃ હા!)
મેંલાંવાળી વાટે રે પૅાણ રાઝા,
મેંલાંવાળી વાટે રે પૅાણ...
એ સોરીયો મેંલાંવાળી વાટે રાઝા આવિયો   રા...ઝી...

(એક શ્રોતાઃ એ રૉણી રાઝી થઈન ફરેં! સાતઃ હા!)

તાંબાની તાવણિયે રે પૅાણ સોરિયો,
તાંબાની તાવણિયે રે પૅાણ...
સોરીયો તાંબાની તાવણિયે રે પૉણી મેલઝો   રા...ઝી...



પૉણી ઉનાં મેલાં રે પૉણ સોરીયો,
પૉણી ઉનાં મેલાં રે પૅાણ...
સોરીયો નહીં રે ઢીલાંવાળાં કૉમન રા...ઝી...

સોરીયો કકાવટીએ કકુ રે પૉણ સોરીયો,
કકાવટીએ કકુ રે પૅાણ...
એ સોરીયો ખઝૂરિયાળા દીવલા લઈન આવઝો રા...ઝી...

(એક બાણિયોઃ એ હૉમેરે ઝાવું હેં! સાતઃ હા!)
સોખલિયા લેઈ આવઝો રે પૅાણ સોરીયો,
સોખલિયા લેઈ ઓવઝો રે પૅાણ...
રૉડો ખઝુરિયાળા દીવલા લેતી આવઝો રા...ઝી...
ભલાઈ! ઝી'વતા!

(તંબુર-સ્વર) તો... મહરાઝ! તંબૂર સ્વર) એ... રાઝા હેં... હા રે મહરાઝ સટિયો રમારેં ખેરિયો થકો ઝા...ય. હા રે... આવ્યો રે મૉણકસૉકમાં. એ... હેરી બઝારે આવેં. હારે...લાંબી ફાળે સોટે ડગલે. ખેરિયો થકો રાઝા ઝા...ય. હારે મહરાઝ રે રૉણી હેં. વાદળ મેંલાંમાં બેઠી... બેઠી એરાં એ...રે. એ લાંબી નઝરે રાઝાને ઝોયે તો રાઝા હેરી બઝારે આવેં. હારે મહારાઝ બેઠી બેઠી રૉણી ઝો...ય. એકી નઝરે ઝોઈ રઈ. એ... રાઝા આઝ કેંમનો ઝા...ય? હેં તો એઝો ઝ! હા પણ ઝાય કેંમનો? હા... તે બેઠી બેઠી ઝોવલા ઝો... ય. હા રે... મહરાઝ રે રાઝા તો રૉણી ના મેંલાંવાળી વાટે ઝ, ખમા! ખમા! (તંબૂર-સ્વર) એ... મોરસંગ રૉણી વાતો કરેં, એ... સોરીયો? લાલીન ફૂલી, રેમલીન તેમલી. હારે બાઈયો ટમકું ન ઝમકું. હૉપળો રે સોળું મારા દલની વા... ત. હા રે... બાર વરહાંનો કાળ પરો. હા પણ આઝ તો થુરમાં આપ કાટાં. એ... રાઝા તો હીંખેરાં કેંમનું થઉં? હા ને... રાઝા આવેં હેં આપણસ મેંલવાળી વાટે. એ... સોરીયો! નહીં રે ઢીલાંનાં કૉમ. ઢીલ કરહાં તો મોરું થા...ય. એ.. બાઈયો? ઝો આડા અવળો કેંમનો નહીં બઝારે ઝાતો રેં તો! આ તો આપણ મેંલે, ખમા! (તંબૂર-સ્વર) એ... સોરીયો? હારે તાંબાની



તાવણિયે પૉણી ઉનાં મેલાં. હાને એકી ઝૉ તે કકુવર લેતી આવાં, હા રે... થાળીઆંમા દીવલા, હાને સોખા લેતી આવાં. હારે... ઝાઈયેં હુરઝી પોળાંમાં. હા તે રાઝાન સોખલિયે વતાવિયે. ટીલાં ટબકાં તૉણિયે. હા ને મૉનપૉનહો લેઈ આવિયેં. હારે... બાઈયો રે બાઈયો! કેંન કેંઈયેં ઘેરનો આદમી! હારે... ભલી રે મોટી બઈરાંની જો... ર... હારે, બાર વરહાંનાં રુહણાં પરાં. એ... અમે તો અરપણાં તાંન કૂટણાં નતાં... (હસે છે.) એ... રાઝા તો મનં ઉપર રુહણાં ઘાલીન ઝાતો રો. હા... ને બાર વરસ થઈ ગાં. પૉણ મનં હાર તો લમણો વાળો નતો. પણ આઝ તો ઝણે પરેલો કાળ પાસો વળો એંમ થઉં હેં (હસે છે). એ રાઝા તો જરૂર આવેં. એ...સોરીયો, નહીં ઢીલાંનાં કૉ...મ. હારે...મહરાઝ સપાગિયાંની ઝીપ,... અપાગિયાંના પોગ ટૂટી પરેં ! સોરિયો ધોમી થકી ઝ...ય. ભણિયાં ભણિયાં કોંમાં કરે. હા રે...એકી તો ખઝૂરિયાળા દીવાલા કરેં. એકી કકુ લેં...ય. એકી સોખા એરી કાટેં...હાને થાળિયે દીવલા કેવી લે...ય. ખમા! (તંબૂર-સ્વર)એ રાઝા આવેં હેરી બઝારે. હા નેં વાદળ મેંલાંમાં સોરીયે હઝાઈ કરી. એતરામાં તો રૉણીયે હોળઈયો હણગાર મૉડો.

એ... સોપતાં પેરે, સોપતાં ઓઢે. હારે...રૉણી તો ઘણી રૂપાળી થા...ય. કાસીનું કળપલું, વાજિયાંની પેંડ. હારે મહરાઝ ઉલાળે સરગ ઝાય! સોંપી પેયાળ ઝાય! વાજિયાં ગઆંની પેંડ. પૂરબ દેસનો પવન વાઝેં. ભાગી ભાગી ટુકડા થા...ય. હા રે મહરાઝ જોવન ઝોલા ખાય. હા રે ડાવુ બઈરું અતું ! હા પણ આદમીન દેખીન કુઆરી થઈ! (હસે છે.) (તંબૂર-સ્વર) તે...રૉણી હેં. હા રે મહરાઝ હરખીઆંનો લેય હાથ. હા ને મૉણકસૉકમાં કેવી આવેં ! હા રે મહરાઝ હુરઝી પોળોમાં આવેં. હા ને રાઝાય હોમો હુરઝી પોળોમાં આવેં. હોમા તોમાં ભેળાં થ...ય. હોરો રેં હુંકારાંના દેનાર. ઝુગ ઝાયન વારતા આગી હા...લે ખમા!

દીવલે ઝોઆર કરે રે પૉણ રૉણી,
દીવલે ઝોઆર કરે રે પૉણ...
એ...રાઝાન દીવલિયે ઝોઆર કરવા લાગિયાં રા...ઝી...



ટીલાં તૉણન રે પૉણ રોણી,
ટીલાં તૉણ ન રે પૉણ...
એ...કંકુનાં ટીલાં રે તૉણવા લાગિયાં રા...ઝી...

મોટી બઈરાંની જોરીઓ રે પૉણ ઝગમાં,
મોટી બઈરાંની જોરીઓ રે પૉણ...
એ...મોટી બઈરાંની જોરીઓ હોયમણી રા...ઝી...

રુહણાં કોઈમાં પારઝો રે પૉણ સોરીયો,
રુહણાં કોઈમાં પારઝો રે પૉણ...
એ'લે મોટી બઈરાંમાં રુહણાં કોઈમાં પારઝો રા...ઝી...

સોખલિયે વધાવે રે પૉણ રૉણી,
સોખલિયે વધાવેં રે પૉણ...
એ હે ! અગળ કરીન લેઈન ઝાવિયાં રા...ઝી...

આય્યો વાદળિયા મેંલાં રે પૉણ રાઝા,
આય્યો વાદળિયા મેંલાં રે પૉણ...
એ...વાદળ રે મેંલાંમાં આવણા લાગિયો રા...ઝી...

રોણી મખરે બોલે રે પૉણ સોરીયો,
રોણી મખરે બોલે રે પૉણ...
એ...બાઈયો ઢોલિયો રે ઢાળીન હીરખી વૉસઝો રા...ઝી...

ઢોલિયો ઢાળોન રે પૉણ સોરીયો,
ઢોલિયો ઢાળો ન રે પૉણ...
એ...રૅડે ઢોલીરો રે ઢાળીને હીરખી વૉસિયાં રા...ઝી...

હોરિયે રઈ ન બેહઝો રે પૉણ રાઝા,
હોરિયે રઈન બેહઝો રે પૉણ...
એ હે! નવીને મેલીને મારે મેંલે આવિયો રા...ઝી...



(એક બાણિયો : એ ઘણાં હેતાંહાં બેહાં ! સાત : હા !)

રૉણી વાતાં સોળ ન રે પૉણ રૉણી,
વાતાં સોળ ન રે પૉણ...
એ હૉપળઝો રે સોરિયો રે મારી વાતન રા...ઝી...

સોરીયો ઝાઝો કલાળના ઘૅર ન રે પૉણ,
સોરિયો ઝાઝો કલાળન ઘૅર ન રે પૉણ...
એ પરતી રે ભાઠીનો દારૂરો ઑણઝો રા...ઝી...

(એક બાણિયો : એ ઘણે દને રાઝા આવા હેં ! સાતઃ હા !)

એ...બાઈયો ઝાઝો રે રબારના ઘૅર,
સોરીયો ઝાઝો રે રબારના ઘૅર...
સોરીયો સટકતી નળિયોના સલા લાવઝો રા...ઝી...

નહીં ઢીલાંનાં કૉમ રે પૉણ સોરિયો,
નહીં ઢીલાનાં કૉમ રે પૉણ...
સોરીયો નહીં રે ઢીલાવાળાં કૉમન રા...ઝી...

એ...સોરીયો તૉમાં તૉમીને ઝાવેં રે પૉણ,
સોરીયો તૉમી તૉમીને ઝાવેં રે પૉણ...
ભણિયાં રે ભણિયાં રે કૉમાં કરિયાં રા...ઝી...

એ...સોરીયો ઝય કલાળન ઘૅર ન રે પૉણ,
સોરિયો ઝય કલાળન ઘૅર ન રે પૉણ...
એ હે...ફેટે રે રમતી રે ઝાવા લાગિયાં રા...ઝી...

એ...અરતી ઝાય રબાર ન ઘૅર ન રે પૉણ સોરીયો,
અરતી રબારના ઘૅર ન રે પૉણ...
રબારિયાંના વારે ઝાવા લાગિયાં રા...ઝી...



એ સોરીયો દારૂરો ઑણ ન રે પૉણ,
સોરીયો દારૂરો ઑણ ન રે પૉણ...
બાઈઓ પરતી રે ભાઠીનો દારૂ ઑણિયો — રા...ઝી...

એ સોરીયો ખટકતી નળિયોનો રે પૉણ,
સોરીયો ખટકતી નળિયોનોરે પૉણ...
સોરીયો ખટકતી નળિયોના સલા ઑણિયા — રા...ઝી...

કયેલાં કૉમાં ન રે પૉણ સોરીયો,
કયેલાં કૉમાં ન રે પૉણ...
સોરીયો કયેલાં રે કૉમાં રે કરવા લાગિયાં — રા...ઝી...

દારૂરો લેઈ આવિયો રે પૉણ સોરીયો,
દારૂરો લેઈ આવિયો રે પૉણ...
હા હા...પરતી રે ભાઠીનો દારૂ ઑણિયો — રા...ઝી...

ખટકતી નળિયાં ના રે પૉણ સલા,
ખટકતી નળિયાંના રે પૉણ...
ઝટકા રે મારીન લેઈન આવિયાં — રા...ઝી...

દેખઝો બઈરાંના રે ખેલ મૉટિયો,
દેખઝો બઈરાંના રે ખેલ...
હાસી રે આલી રે સાકરી કરિયો — રા...ઝી...

(એક બાણિયો : સાકરીનેં કરહેં તો ધોમી મેલહેં ! સાત : હા !)

સતુર નારિયો ન રે પૉણ ઝગમાં,
સતુર નારિયો ન રે પૉણ...
સતુર નારિયો રે હોરી રેંઝો — રા...ઝી....



કજિયા...ખોરાં ન રે પૉણ બૉતમો,
કજિયા ખોરાં ન રે પૉણ...
કજિયા રે ખોર રૉડો ફાટી પરઝો રા...ઝી...

હેત રાખઝો ન રે પૉણ બાય્યો,
હેત રાખઝોન રે પૉણ...
એ હે ઘૅરના રે આદમીનાં હેત રાખઝો રા...ઝી...

હારે...મહરાઝ રે રાઝા હેં. બેઠો થઈ ઝા...ય. હારે ખટકતી નળિયોના સલા મારેં...હારે મહરાઝ અવેં હૂઓરાંની કાંબરિયો ફ...રે. હારે રૉણી હેં તે દારૂ લેઈન ઢોલિયે કેવી આ...વે.હા રે મહરાઝ હો રો રેં હુંકાંરાના દેનાર...ઝુગ ઝાયન વારતા આગી હા...લે.

મેંઠી મેંઠી સાખો ન રે પૉણ રાઝા,
મેંઠી મેંઠી સાખો ન રે પૉણ...
હાહા...મેંઠી રે મેંઠી સાખો લેવિયો રા...ઝી...

હૂરાંની કાંબરિયો ન રે પૉણ રાઝા,
હૂરાંની કાંબરિયો ન રે પૉણ...
હૂરાંના કાંબરિયો ફરવા લાગિયાં રા...ઝી...

વાતે વળી ન રે પૉણ રૉણી,
વાતે વળી ન રે પૉણ...
હૉંપળઝો રાઝા રે મારી વાતન રા...ઝી...

(એક બાણિયોઃ એ...થારા હમન મારા હમ કરવા જૂતી હેં! સાતઃ હાં!)

કૉંટા વાવા ન રે પૉણ રાઝા,
કૉંટા વાવા ન રે પૉણ...
એ'લા...મારી વાટોમાં કૉંટા વાવિયા રા...ઝી...



કેંણ મેંણાં મારાં ન રે પૉણ રાઝા,
કેંણ મેંણાં મારાં ન રે પૉણ...
એ'લા...સતિયો રે વેરાગિયો તું તો ઓવિયો રા...ઝી...

હેંણે ભૂલી ગિયો રે પૉણ રાઝા,
હેંણ ભૂલી ગિયો રે પૉણ...
એ'લા...એરી રે જોરીનાં આપણ વાઝિયે રા...ઝી...

તનં કેંણે દુઃખરાં દેતાં રે પૉણ રાઝા,
કેંણે દુઃખરાં દેતાં રે પૉણ...
મારાં રે મેંલાં ભૂલી ઝાવિયો રા...ઝી...

(એક બાણિયોઃ એ...પેંલા પણણેતનું ઘેર અતું ને...? સાત : હા ! હા!)

દારૂરાંમાં ડૂલો રે પૉણ રાઝા,
દારૂરાંમાં ડૂલો રે પૉણ...
મોટી રે મોટી વાતાં સોળિયાં રા...ઝી...

દલરે દઃખ માં ઑણઝે રે પૉણ રોણી,
દલરે દઃખ માં ઑણઝે રે પૉણ...
નૉનકલી રૉણી પરણી આવિયો રા...ઝી...

ભલે ભલે પરણો ન રે પૉણ રાઝા,
ભલે ભલે પરણો ન રે પૉણ...
એ નવલી રે રૉણી રે ભલે પરણો રા...ઝી...

તું તો હૂઓરન આકેં ન રે પૉણ રાઝા,
હૂઓરન આકેં ન રે પૉણ...
એ'લા હૂઓર ન આકેં ન તું તો ઝાવિયો રા...ઝી...



હીખો દેઈન ગિયો રે પૉણ રાઝા,
હીખો દેઈન રે પૉણ...
હૂઓરની માટી રે લેઈન આવિયો રા...ઝી...

એખલો ખાઈ ગિયો રે પૉણ રાઝા,
એખલો ખાઈ ગિયો રે પૉણ...
રૉંડવા મનહો રે એખલો રે ખાઈ આવિયો રા...ઝી...

નવી રૉણીનો ઓઈયો રે પૉણ રાઝા,
નવી રૉણીનો ઓઈયો રે પૉણ...
એ'લા...ઝૂની રે રોણી કુણેં ગમહેં રા...ઝી...

પરણો તો ભલે પરણો રે પૉણ રાઝા,
પરણો તો ભલે પરણો રે પૉણ...
કેંણા રે...દેસેમાં પરણી આવો... રા...ઝી...

એ'લા...મારી બેંન કેંવાણી રે પૉણ રાઝા,
મારી બેંન કેંવાણી રે પૉણ...
એ'લા...નૉની રે બેંનરી રે મારી આવિયાં રા...ઝી...

વનમાં મળી ન રે પૉણ રૉણી,
વનમાં મળીન રે પૉણ...
એ'લી રખરતી મળી તે લેઈન આવિયો રા...ઝી...

ટેડણ ઓળગણ રે પૉણ રૉણી,
ટેડણ ઓળગણ રે પૉણ...
એ'લી ટેડણ ઓળગણ પરી લાવિયો રા...ઝી...

ઝૂઠું ઘણું બોલને રે પૉણ રાઝા,
ઝૂઠું ઘણું બોલને રે પૉણ...



એ'લા ઘૅરના બઈરાને ઝૂઠું તું તો બોલિયો   રા...ઝી...

એ...રૉણી સાખ પૂરી આલેન રે પૉણ રૉણી,
સાખ પૂરી આલેન રે પૉણ...
દારૂડાંની સાખો પૂરી આલવા લાગિયાં   રા...ઝી...

(એક બાણિયો : હાસુ બોલહેં. એતણ કપ ભરીને આલો...! સાતઃ હા...!)

એ રૉણી ઊહકી ઊહકી રોયે રે પૉણ રૉણી,
ઊહકી ઊહકી રોયે રે પૉણ...
એ હૉપળઝો રાઝા રે મારી વાતન   રા...ઝી...

એંણીનાં માવીતરાં રે પૉણ રાઝા,
એંણીનાં માવીતરાં રે પૉણ...
એ રાઝા મારાં રે માવીતરાં એથાં મળિયાં   રા...ઝી...

(એક બાણિયો : હા...પેટમાં પેહી ઝાય...! સાત : હા...!)

એંણીના બૉંતમિયા રે પૉણ રાઝા,
એંણીના બૉંતમિયા રે પૉણ...
એ મારા રે બૉંતમિયા ઓથા ઓવિયા   રા...ઝી...
ઝીવતા...

(તંબૂર-સ્વર) ઓ...મહરાઝ! ઝે ઝે મહરાઝ ! હા!હા! રે...રાઝાન રૉણી હેં, હા હા...તે...દારૂરા પીયે, મારૂરા ગયેં!હ!હા! રે...મેંઠી મેંઠી સાખો રૉણી આલેં ! હા રે...રાઝા મેંઠી મેંઠી સાખો લેંયે...હા...ને હૂળાંની કૉબરીયો ફરે. એ...રૉણી રઈ મખરે બોલેં, એ રાઝા? હુ હેં ને ? (તંબૂર-સ્વર) એ રાઝા ? હૉપળો રે મારાં દલાંની વાતો. એ રાઝા ? એ મારાં હેરી બઝારમાં, મારી વાટોમાં, ગેખરું વવેંણા ન'લા. તે...કૉંટા વાવા! કૉંટા વાવનાર કુણ? મનં નૉખી દેનાર કુણ...? એ...બાર બાર વરસ થાં. હારે તે ઑમનો



લમણો વાળીન ઝોઉં નં. મેં તો તનં મેંણાં મારાં નતાં. કાળો ગોરો ન તો કો... એં...રાઝા ? તું તો હૂઓરને આકેં ગો. હા તે હૂઓર મારીન પાસો આવો. હા...રે લેઈન આવો વાદળ મેંલામાં. હા ને, રાઝા ન રોંણી...ખાહેં એંમ કેં તો' તો... હાને તું થારી ગરઝે ગો...હા ને મનં ઉપરિયાં કેંમ દઃખ વોંટું ? તે હૂઓર લઈન આવો...હા પણ તોય તનં કોંય નેં કઉં...મું તો અઝી ધરી કોંય નેં કઉં. હા ને રોંણી પણ્ણીન આવો. હા તો તું પણ્ણીન આવો. મેં તો ધરમ વાસ્તે કોંય નેં કઉં...! પણ...એ માર મેંલાં હાર લમણો નેં વાળો....રાઝા! આવો તો ભલે ભલે આવો. પણ મનં ઉપર હું રીહ અતી ? (તંબૂર-સ્વર) એ...રાઝા રઈ મખરેં બોલેં, એ રોંણી ? એ...તનં ઉપર કોંયસ દઃખ નહીં. હા પણ ઉં નવી રોંણી પણ્ણીન આવો. રોંણી મેલીન ઝાતી રેં હેં, પેસ ઉં મારે દઃખે નતો આવતો...ખમા ! ખમા ! (તંબૂર-સ્વર) તે રોંણી રાઝા વાતો કરેં, એ રોંણી ? દલરાંમાં દઃખ ઓંણઝેમાં હા...રે તેં મનં કોંય ન'તું કઉં. મેં તનં ન'તું કઉં. હા પણ માર ઘેર હપાળીન માર ઘેર આવો હું, હા ને આપું હખ દઃખની વાતો કરિયેં. હા રે મહરાઝ રોંણી હેં, હા,તે મેંઠી મેંઠી સાખો આલે. હા રે મહરાઝ રે રાઝા દારૂમાં ડૂલે. હા ને અવણિયાં બઈરું હેં તે કેવું ભેદ લે...ય એ રાઝા ? એ તું રોંણી પણ્ણો તો ભલેં પણ્ણીન આવો. એ માર વોંહલી બેંન. હા ને... ઉં વડી બેંન. હા રે... તું ભલે પણ્ણીન આ... વો. હા, પણ કેંણા દેસની રોંણી પણ્ણો? હા ને કેંય પિયર હેં? હા તે... કે દિ'કતો આપણ તેંણે ઝણાંન ઝાવું પરહેં. તું મનં હાસી હાસી, વાતો કરે. ખમા! (તંબૂર-સ્વર) એ... રાઝા રઈ મખરે બોલેં... એ રોંણી મનં તો વન વગરામાંહી કેંહું રખરતું મળું હેં! એહું લેઈન આવો હું પાઈ! એ રાઝા? તું કોંય ઝેવો તેવો રાઝા નહીં. તું તો... તળવારિયો રાઝા! તું હાગી આદમી! તું કેંય રખરતું તો ઓંણે એવો નહીં. હા... પણિયાં ખરાં ધણિયાંની દીકરી અહેં હા પણ મનં ઉપર ઝીવ કેંમ નહીં 'લા?

(શ્રોતાજનો હસે છે.)

હા તે... તનં મનમાં ઝીવ નહીં 'લા. એતણ હા રે રોંણી લેંહકાં લે...ય. હા ને રાઝા હેં તે કેવો વાતો કરે! ખમા! (તંબૂર-સ્વર) એ રોંણી? એ ટેડેંણ હેં કે ઓળગેંણ હેં! એતરામાં સ હેં. આ તો કોઈ ઊસી જાતની તો નહીં! ના રે



ના રાઝા...! એવું બધું, મનહો દગો રાખવો અતો તો હું કરવા આવો રાતો રાત! હાતે તું આવીન અઝીય મનં દગો રાખે! એંણ ભાઈએ માર બાસ હૉ! હા ન તું મનં હું કરવા ઝૂઠું બોલેં...?

(શ્રોતાજન હસે છે)

(તંબૂર-સ્વર) એ રાઝા રૉણી વાતે વળાં. હા... રે રૉણી પેટમાં પેહી ગે...ઈ. રાઝાના ભેદ લે...ય. હા રે... રાઝા આલીન આવો વસન. હા... પણિયાં રાઝા દારૂમાં ડૂલી ગો! દેખાં દારૂના ખેલ! હા... રે હૂતેલી વાતો ઝગવે. હાને ભેળેલાં વેંરાં ઊપાં ક...રે. એ...દારૂ પીવામાં માપ રાખિયેં. હા રે પી હકાં તો દારૂ પીવો ! હા ને મરવું એં તો વાહળો પીવો.તે દારૂમાં ડૂલો રાઝા. હાતે રાઝા હેં તે મખરેં બોલે, એ રૉણી ઝેવી તેવી પણ્ણીન નહીં આવો. મું તો ભગવૉનના ઘૅરની પરિયા પણ્ણીન આવો! હા રે નૉમ ઈરાં પરિયા હેં. હા રે દારૂમાં હેં તે રાઝા વાત કરેં. હાને... વાદળ મેંલમાં રૉણીન ખબર થાયે. હોરો રેં હુંકારાંના દેનાર. ઝુગ ઝાયને વારતા આગી હા... લે!

દારૂરાંમાં ડૂલો ન રે પૉણ રાઝા,
દારૂરાંમાં ડૂલો ન રે પૉણ...
એ... દારૂરાંનો સખિયો ઓવણા લાગિયો રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ રાઝા,
વાતાં સોળ ન રે પૉણ...
હૉપળ કેં રૉણી રે મારી વાતન રા...ઝી...

પરિયા રૉણી રે પૉણ રાઝા,
પરિયા રૉણી ન રે પૉણ...
એ’લી... પરિયા રૉણીન મું તો લાવિયો રા...ઝી...

વસન આલીન ગિયો રે પૉણ રાઝા,
વસન આલીન ગિયો રે પૉણ...
એ... રૉણીનાં વસન અમે ભાગિયાં રા...ઝી...



મેંલાંમાં ખબર ઓય્યાં રે પૉણ રાઝા,
મેંલાંમાં ખબર ઓય્યાં રે પૉણ...
હીરા રે પરિયાન ખબર ઓવિયાં રા...ઝી...

કુંવરી ધવારેં રે પૉણ રૉણી,
કુંવરી ધવારેં રે પૉણ...
એ’લા... તેમાં રે કુંવરી રે ધવારવા લાગિયાં રા...ઝી...

ખબર ઓય્યાં ન રે પૉણ રૉણી,
ખબર ઓય્યાં ન રે પૉણ...
વાદળ રે મેલાંમાં ખબર ઓવિયાં રા...ઝી...

રૂંગાં રાળેં ન રે પૉણ રૉણી,
રૂંગાં રાળેં ન રે પૉણ...
એ... ઈરાં રે રૉણીએ રૂંગાં રાળિયાં રા...ઝી...

સેલાં સેલાં ધાવણિયાં રે પૉણ દીકરા,
સેલાં સેલાં ધાવણિયાં રે પૉણ...
એ... દીકરા સેલા રે સેલાં ધાવણિયાં ધાવઝો રા...ઝી...

થારો બાપુ મૂઓ રે પૉણ દીકરા,
થારો બાપુ મૂઓ રે પૉણ...
આપણ માયર રે દીકરાંની જોરિયો તોરિયો રા...ઝી...

સૉંદલિયો પાબુ ન રે પૉણ દીકરા,
સૉંદલિયો પાબુન રે પૉણ...
એ સાથી રે લગારી ખોળિયે લેવિયાં રા...ઝી...

બુસકા દેવેં ન રે પૉણ રૉણી,
બુસકા દેવેં ન રે પૉણ...



દીકરા ખાઝો રે પીઝો ન રે માય્યા મૉડઝો　　　　રા...ઝી...

માય્યર દીકરાંની રે પૉણ દીકરા,
માય્યર દીકરાંની રે પૉણ...
માય્યર દીકરાંની જોરિયો ટૂટિયો　　　　રા...ઝી...

હીખોમતો દેવેં ન રે પૉણ રૉણી,
હીખોમતો દેવેં ન રે પૉણ...
એ દીકરાંન હીખો રે દેવા લાગિયાં　　　　રા...ઝી...

મેંલાંમાં ભૂડકો ઓઈયો રે પૉણ રૉણી,
મેલાંમાં ભૂડકો ઓઈયો રે પૉણ...
મેંલ રે તોરીન ઝાવા લાગિયાં　　　　રા...ઝી...

પરિયા ઝાતાં રઈયાં ન રે પૉણ પરિયા,
ઝાતાં રઈયાં ન રે પૉણ...
એ... બાળકરે મેલીન ઝાવા લાગિયાં　　　　રા...ઝી...

ઝીવતા!



કાળું ખેંસી

એકા દનેરો રે પૉણ સમાઝોગ,
એકા દનેરો રે પૉણ...
એકા દનેરો સમાઝોગન　　　　રા...ઝી...

લેકાર મૉડે ન રે પૉણ કાળુરો,
લેકાર મૉડે ન રે પૉણ...



એ તો મનમાં રે વીસાર મૉડવા લાગિયો   રા...ઝી...

બાઝરે ઈળેલો રે પૉણ હૂઓરિયો,
બાઝરે ઈળેલો રે પૉણ...
એ.... બાઝરે રે ઈળેલો હૂઓર વાઝિયો   રા...ઝી...

રાઠોરે ઈળેલો રે પૉણ હૂઓરિયો,
રાઠોરે ઈળેલો રે પૉણ...
એ બાઝરે રે ઈળેલો હૂઓરિયો વાઝિયો   રા...ઝી...

ઝોવા ઝાવેં ન રે પૉણ કાળુરો,
ઝોવા ઝાવેં ન રે પૉણ...
હૂઓરિયો રે ઝોવા લાગયો   રા...ઝી...

હૂઓરના પૅગેં ન રે પૉણ કાળુરો,
હૂઓરના પૅગેં ને રે પૉણ...
હૂઓરિયાના પૉગ રે ઝોવા લાગિયો   રા...ઝી...

હો હો રા...ઝી...
પૉગેં નઝરે આવા રે પૉણ કાળુરા,
પૉગ નઝરે આવા રે પૉણ...
હૂઓરિયાના પૉગ નઝરે આવિયા   રા...ઝી...

હો હો રા...ઝી...
પગલાં પગવેં નેં રે પૉણ કાળુરો,
પગલાં પગવેં ને રે પૉણ...
ખેરિયો હૂઓરનાં પગલાં રે પગવવા લાગિયો   રા...ઝી...

હો હો રા...ઝી...
એ પગલે પગલે ઝાવેં રે પૉણ કાળુરો,



પગલે પગલે ઝાવેં રે પૉણ...
એ... પગલે રે પગલે રે ઝાવા લાગિયો રા...ઝી...

હો... રા...ઝી...
બાઝરે હીલો રે પૉણ હૂઓરિયો
બાઝરે હીલો રે પૉણ...
એ... રાતે રે હીલેલો હૂઓરિયો આવિયો રા...ઝી...

હો... રા...ઝી...
ઑદિયો કાલ ન રે પૉણ કાળુરો,
ઑદિયો કાલ ન રે પૉણ...
ઑબા રે ઝાંબુએ રે ઑદિયો ગાલિયો રા...ઝી...

એ ઑદિયો લપ રે પૉણ કાળુરો,
ઑદિયો લપ રે પૉણ...
ઑબા રે ઝાંબુએ ઑદિયો કાલિયો રા...ઝી...

રા...ઝી...
બમણા તમણા ન રે પૉણ કાળુરો,
બમણા તમણા ન રે પૉણ...
બમણા તમણા રે માર મેલિયા રા...ઝી...

ઑદિયોમાં બેઠો રે પૉણ કાળુરો,
ઑદિયોમાં બેઠો રે પૉણ...
કાળુરો ખેંસી રે ઑદિયે બેહિયો રા...ઝી...

ઓ મહારાઝ! ઝે ઝે મહારાઝ! ઝાહેરિયાના ખેંસી. ઓહ... હા તે... મહરાઝ રે કાળુરો ખેંસી હેં. હારે... ખેરિયે ખેરિયે ઝય. હા રે... ઝેંઝણિયાં ઝોડાંમાં આવેં. આવે રે આવે રે ઑબા ઝૉબુએ... આવી ન પેસ પૅગમાં



પગલાં ઝોય... હા તો, હૂઓરના પૅગ નઝરે આવે! હા ને ઝોતો ઝોતો ઝાયેં. પૉગ નઝરે આવેં. તે બાઝરીનું ખૉર નૉખેલું. હદા ની એં તો વાટ પરી ગેએલી. હારે... ખૉર નઝરેં આવું. હારે... કાળુરો ખેંસી વીસાર કરેં, હારે... રાઠોરે અઝી તો મારો નહીં. રાતે તો આવહેં. તે... કાળુરે ખેંસી ઑંદી ધાલી. હૉમા તૉમી ઑંદિયો ઘાલી. એ...બમણા ન તમણા માર મેલે. અનં ઑંદિયોમાં કેવો હતાઈ ન બેઠો. હા રે... વેળા વખતો થઈ... હા તે... હૂઓરિયો ઘોરકાં કરેં ન આવે. અરે મહરાઝ રે અવણિયાં રે પગહોટ વાઝેં. હા રે અવણિયાં કાળુરો ખેંસી હેં તે તીયાર થઈ ઝાયે. અરે... બૂદી કોટાંની બદૂક આથ લેય. અરે મહરાઝ રે બદૂક આથ ઝાલી હેં એ'લા ધવળો હૂઓર આવી ગો. આવી ન બાઝરીનું ખૉર ખાય. અવણિયાં કાળુરો ખેંસી ભરાકો કરેં. તે હૂઓર તો પરો મારો. હોરો રેં ઉંકારાંના દેનાર, ઝુગ ઝાયન વારતા હાલે...

એ... ભૂડકો ઓયો ન રે પૉણ રાઠોરો,
ભૂડકો ઓયો રે પૉણ...
હૉમા ન તૉમા રે, પરાકો ઓઈયો — રા...ઝી...

કૉનિયા મૉડરે પૉણ રાઠોર,
કૉનિયાં મૉડરે પૉણ...
એ અરધી રાતેનો ભરાકો ઓઈયો — રા...ઝી...

કૂદીન બેઠો ઓયો રે પૉણ રાઠોર,
કૂદીન બેઠો ઓયો રે પૉણ...
એ'લા હૉપળો રે હરદારો મારી વાત ન — રા...ઝી...

ભૂડકો ઓયો રે પૉણ બૉતમિયો,
ભૂડકો ઓયો રે પૉણ...
આઝ અરધી રે રાતોનો ભરાકો ઓઈયો — રા...ઝી...



કેંણે ભરાકો કરિયો રે પૉણ રાઠોર,
કેંણે ભરાકો કેંરિયો રે પૉણ...
એ... ઑંબા રે ઝૉંબુએ રે ભરાકો ઓઈયો રે... રા...ઝી...

કર ખૉડે હઝાઈયો રે પૉણ રાઠોર,
કર ખૉડે હઝાઈયો રે પૉણ...
એ... અળવળિયા હાદે આવણા લાગિયા રા...ઝી...

એ અળવળિયો આવે રે પૉણ રાઠોર,
અળવળિયો આવે રે પૉણ...
એ ઑંબા રે ઝૉંબુવે રે આવણા લાગિયા રા...ઝી...

ધૉમેં ધૉમેં લેઈ ઝાવેં રે પૉણ કાળુરો,
ધોમેં ધૉમેં લેઈ ઝાવે રે પૉણ...
ધૉમેં રે ધૉમેં લેઈ ન ઝાવિયો રા...ઝી...

મખરે બોલે રે પૉણ રાઠોર,
મખરે બોલે રે પૉણ...
એ'લા રાતનો ભરાકો કરવાવાળું કુણ રે રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ કાળુરો,
વાતાં સોળ ન ર પૉણ...
એ હૉંપળો ન રાઠોરો મારી ન વાત રા...ઝી...

એ હૂઓરિયો મારો ન પૉણ રાઠોરો,
હૂઓરિયો મારો ન પૉણ...
હૂઓરની પૂઠ રે ભરાકો કરીઓ રા...ઝી...

મારવો નતો હૂઓરિયો રે પૉણ કાળુરા,
મારવો નતો હૂઓરિયો રે પૉણ...



પાળેલો હૂઓરિયો કેંમેં મારિયો રા...ઝી...

વનનું ઝનાવર મારિયું રે પૉણ રાઠોરો,
વનનું ઝનાવર મારિયું રે પૉણ...
વનનું ઝનાવર આતો મારિયું રા...ઝી...

પાગલા પારિયે ન રે પૉણ રાઠોરો,
પાગલા પારિયે ન રે પૉણ...
હૂઓરના પાગલા રે આપણે પારિયે રા...ઝી...

પાળેલું કૂતરું હેં રે પૉણ કાળુરા,
પાળેલું કૂતરું હેં રે પૉણ...
પાળેલું કૂતરું રે પૉગે આવિયું રા...ઝી...

એ હળી મળી ન રયા રે પૉણ કાળુરા,
હળી મળી ન રયા રે પૉણ...
આઝ પાળેલું કૂતરું રે પૉગે આવિયું રા...ઝી...

ખારા લાગા ન રે બોલ પૉણ કાળુરા,
ખારા લાગા ન રે પૉણ...
કાળાન મેંણાં રે ખારાં લાગિયાં રા...ઝી...

વનનું ઝનાવર મારિયું રે પૉણ રાઠોરો,
વનનું ઝનાવર મારિયું રે પૉણ...
વનનું ઝનોર મેં તો મારિયું રા...ઝી...

કરળું કેંમ બોલે ર પૉણ ગોલીના,
કરળું કેંમ બોલે રે પૉણ...
મૉટિયાં રે હૉમું કેંમ બોલિયો રા...ઝી...



એ કજિયો ઓયો ન રે પૉણ મૉટિયો,
કજિયો ઓયો ન રે પૉણ...
હૂઓરન બારામાં કજિયો ઓયો   રા...ઝી...

મોટાં ધણિયાંની રે પૉણ મૉટિયો,
મોટાં ધણિયાંની રે પૉણ...
એ'લા એ'લા મોટાં રે ધણિયાંની મોટી વાતન   રા...ઝી...

હૉમા તૉમા બોલાવા રે પૉણ મૉટિયો,
હૉમા તૉમા બોલાવા રે પૉણ...
હા, હા! કાળુરા ખેંસીન મારવા લાગિયા   રા...ઝી...

ભૂડકા ઓયા ન રે પૉણ બૉતમો,
ભૂડકા ઓયા ન રે પૉણ...
એ હૉમા રે તૉમા રે ભૂડકા ઓયન   રા...ઝી...

(એક બાણિયોઃ મૉટી મરઈ ગો! મુખ્ય ગાયકઃ હા!)

પૂરો પૂરો મારિયો ન રે પૉણ કાળુરો,
પૂરો મારિયો ન રે પૉણ...
મૉટિયો હૂઓરને કારણે પૂરો મારિયો   રા...ઝી...

એ ખોટું આવું ઝગરામાં રે પૉણ માલકો,
ખોટું આવું ઝગરામાં રે પૉણ...
એ હૂઓરની ઝીદે રે કાળુરો મારિયો   રા...ઝી...

તે રે ભાઈયા! ઓ રે... પાઈયા! તે... ભૂડકો કરો ઑબા ઝૉબુએ (મઉરે) હૂઓરિયો પારી દીધો. કાળું ઑદીમાહો બારો નેંહરે... તૉમીન હુઓર ઉપર ઝાયેં... એ ય હૂઓર ન ઝોય ધૉમીન. બાર મઈનાંનો પાડો પરી રો એં એંમ પરી રો! કેંમ કરવું? બખનું ઝનાવર આથ આવું! સાર ખવારી ખવારી



પેસણિયાં બખનો કરી ન મેલો! તે આથમાં ફરી વળું... મનમાં વીસાર કરેં... આનેં ઊસો કરવા ઝાય. પૉણ હેંણાહો ઊંસો થાય? એ ઊસો નહીં થાતો. કાળુરો વીસાર કરેં, કેંમ કરવું? હા રે હૂઓર પાખળ પાખળ ફરેં. બદૂકનો અવાઝ ગો, વાદળ મેંલાંમાં. તન રાઠોર ન ભેંમ રાઠોરના દીકરા. બધા ઝગનાં મૉણહ... ધન આવી હૂરાં નરાંની વાત. આવી રે સતિયાંની વાત... બધા ભરાક થઈને બેઠા થઈ ગા. વાતો કરેં, એ બૉતમો...? કેંણે પરાકો કરો? અનં ભૂડકો કરનાર આપણા ખેરામાં કુણ આવું’લા? ઓ રે લળવળ વળવળ કમર બૉંતે. બરસીએ આથ નૉંખે. હા રે બદૂકો લેય, કૉમઠીઓ લેય, અરે તીર ને કબૉણ આથ લેય. બૂદી કોટાંની બંદૂકો ઘાલે. ભલે આવી રે મૉટિયાંની વાત. તેં એકેં થળબે ભેળા થઈ ઝૉય. ધરમર ઉતરે વાદળ મેંલ.એ ખેરિયા થકા આવે રે આવે ઑંબા મઉરે.લમણી વેંટો પારેં. અનં આકો નાખીન કેવા ઝોવેં! (તંબૂર-સ્વર) એ કાળિયો ખેંસી તો તૉણે તૉણે હૂઓર લેઈ ઝાય. નેં રાઠોર હેં તે કેવા કેવા ઢૂકળા આવેં! હારે મખરે બોલે રે રાઠોર, એ’લા ભૂડકો કરવાવાળો કુણ હેં? કેંણે અતારે ભરાકો કરો? તે... કાળુરો મખરે બોલે, મેં તો હૂઓર આવો એતણ હૂઓરની પૂઠ ભરાકો કરો હેં... એ અવણિયાં રાઠોર હેં તે કેવા વાતો કરેં...! (તંબૂર-સ્વર) એ કાળુરા...? આ હૂઓર તો બાઝરે ઈલેલો અતો... અનં તેં હું કરવા મારો’લા...? તે કાળુરો ખેંસી મખરે બોલે, રાઠોરો, આતો વનનું ઝનાવર હેં. ઝૉણું નતું કે તમાર હેં એંમ. ભાલગા પારીએ. હરખી પૉતીએ તમે લઈ ઝોવ અનં ભૂડકાનો એક ભાગ એંમ બે ભાગ મનં આલો. બે ભાગ આલું પૉણ તમે અવળું કેમ બોલો? રે મૉટિયાંન લાગે ખારા બોલ. ટણકા આદમીઓની ટણકી વાત. બાદૂર આદમીઓની બાદૂર વાત. અવળા આદમીઓની અવળી વાત. એ રાઠોર રઈન મખરે બોલે. હારે... પાળલો કૂતરો પૉગે આવો. કાલનો દન તો ડૂઓ પીન ગો. કેંમ ઑમ કરું’લા એ કાળુરા? ઝેંમ તેંમ આદમી નહીં. કાળુરો મખરે બોલે, એ રાઠોરો? બોલવું એં તો મુટું હપાળીન બોલાં. તમેં આવું કેં બોલો’લા? વનમાંહું ઝનાવર મારું હેં... તમેં કેંમ આવું અવળું અવળું બોલો? હા રે હૂઓરનો કઝિયો લાંબો થાયે. હા રે... અવણિયાં કાળુરો ખેંસી ન રાઠોર હેં, હા તે આંટી પરી ગેઈ. પેલો કેં મું ઝબરો... પેલો કેં મું ઝબરો. ભાલોર સૂટે તે



ઝરમરિયા મેહ! બદૂકો સૂટેં. તોપના નેઝા ટૂટેં. ધધમાટે ધધમાટો થાએં. અન અવણિયાં કેવો ધમકો લાગેં. (તંબૂર-સ્વર) તે ધમકો થો ઑબા મઉરે. તે...ભાલોર ઝરમરિયા મેહ વરહે! હા તે ધન રાઠોર હેં, બૂદી કોટની બદૂક ખરપે નૉખેં. કાળુરો ખેંસી પરો મરઈ ગો. અરે બાપ રે હૂઓર કાઝે મૉટી મરાંણા... ખોટું આવું ઝગમાં કૉમ. હા તે... કાળુરો ખેંસી પરો મરાંણો... હા અવણિયાં કઝિયો કેવો લાંબો થાયે. હોરો રેં હુકારાંના દેનાર. ઝુગ ઝાયને વારતા હાલે.



પાબુ નં સૉંદો

ઝેંદરો મેંદરો ન રે પૉણ બૉતમો,
ઝેંદરો મેંદરો ન રે પૉણ...
ઝાયેરિયે કાળુંના કુવોરિયા મોટા ઓઈયા રા...ઝી...

ધૉદલ રાઝા ન રે પૉણ કુવોરિયા,
ધૉદલ રાઝા ન રે પૉણ...
એ પાબુ ન રે સૉંદો ન કુવોરિયા વાઝિયા રા...ઝી...

દેવલી, તેમલી ન રે પૉણ બેંનરી,
દેવલી, તેમલી ન રે પૉણ...
એ નૉનકી રે બેંની રે તેમાં બેંનરી રા...ઝી...

પારણિયાંમાં એંસ રે પૉણ તેમલી,
પારણિયાંમા પોઢાં રે પૉણ...
ધૉદલ રે રાઝાની દીકરી રા...ઝી...

માયર વેંણાં હૂતાં રે પૉણ દીકરાં,



માયર વેંણાં હૂતાં રે પૉણ...
એ સોના રે પારણિયે તેમાં એંસિયાં   રા...ઝી...

પાબુ ઈલો ઘાલ રે પૉણ તેમાં,
પાબુ ઈલો ઘાલ રે પૉણ...
એ પારણિયાંમાં એંસે ઈલરો લિયો   રા...ઝી...

સૉનરીન રેંઝે પૉણ બેંનરી,
સૉનેરીન રેંઝે પૉણ...
મોટાં રે પારણાંમાં બાઈ એંસે   રા...ઝી...

ઝાહેરિયામાં આલું રે પૉણ બેંનરી,
ઝાહેરિયામાં આલું રે પૉણ...
એ આવાં રે મેંલાંમાં તનં પરણાવું   રા...ઝી...

ઝેંદરો ખેંસીન રે પૉણ બાઈ માર,
ઝેંદરો ખેંસી ન રે પૉણ...
એ ઝેંદરા ખેંસીન હાર પરણાવું   રા...ઝી...

કૉન મૉડ ન રે પૉણ તેમાં,
કૉન મૉડ ન રે પૉણ...
પારણિયાંમાં પોઢી હૉપળવા લાગિયાં   રા...ઝી...

ડાઈસાં આલું ન રે પૉણ બેંનરી,
ડાઈસાં આલું ન રે પૉણ...
એ એકી રે વારનાં સૉનેરાં રેઝો   રા...ઝી...

તો... મહારાઝ. એ મૉટિયાં મૉટિયાંન કઝિયો લાગો. હા રે કાળુરો ખેંસી પરો મરઈ ગો. હા તે ખેંસિયાંને ન રાઠોરાં ન આડાં વેંર પરાં. હા રે... નૉનકૉક હેં મેંદરો ખેંસી. ઝેંદરો નં મેંદરો બે ભાઈ. કાળુરા ખેંસીના



દીકરા. અરે.... મહરાઝ રે ધૉદલ રાઝાના હેં દીકરા, સૉંદોન પાબ, હૂરિયો નં બૂરિયો. હા રે... ધોબો નં ઢેફો એ સૉય ભઈયાં નં બે બેંનો હેં, દેવોલ નં તેમાં. હા રે મહરાઝ અવણિયાં ધૉદલ રાઝા હેં... હા રે ધૉદલ રાઝાન સૉંદો નં પાબુ દીકરા. માયર વગરનાં દીકરાં કરી ન બેઠો રાઝા! એ... નૉનકી અતી તેમાં બેંન. માયર તો મેલી ન પરી ઝાતી રઈ...! હા રે... તેમાં સોનાના પારણે એંસે... એંસે રે ઈરની દોરી. હા રે રોવેં રે રોવેં નૉનાં બાળ. અરે. ધાવણાની સીઝેંણ રોવેં. માયરની સીઝેંણ રોવેં... પારણિયાંમાં રોવેં, રતરેં ન ઝૂરણ કરેં. એ સૉંદો ન પાબુ ઈલો કરેં. અરે... મહરાઝ રે સૉની રેંઝે મારી બેંન. હા રે... રોતી સૉની રેં. હા રે... પૉણ નૉનકું બાળક ખાતા વગર કેંમ કરીન રેં. પાબુ ઈલો કરેં. અરે.. મહરાઝ રે સૉની રેં. હા રે... પૉણ નૉનક બાળક ખાતા વગર કેંમ કરીન સૉનું રે (તંબૂર-સ્વર) હા રે મહરાઝ રોવેં રે રોવેં નૉનૉ બાળ! (રાગાત્મક સ્વર બોલે છે) એ... સૉંદોઝી ઈલો ગાયેં... ...એ... મારી બેંન, રોતી સૉની રેં. હા ને કૉનિયા મૉડીન હૉપળ. હા તે પાબુઝી ઈલો ગાયે. હાળાં વેંર ભાગીન તનં પણાવું. પણાવું રે તને ઝાયેરિયામાં. હા રે કાળુરા ખેંસીનો દીકરો, ઝેંદરા ખેંસી ન તનં પણાવું... તેમાં તો કરી એક કૉન દેય. હા તે... મહરાઝ રે મનમાં ગૉઠ વાળેં. હા રે અઝી તો અતી નૉનકી. એ... બાઈ તો એક ટસકો હૉપળીન ફરીન રૂગાં રાળેં. અરે મહરાઝ રે, સૉંદો ન પાબુ બેં પાઈ ઈલો ગાયે. પાખળ પાખળ ફરેં. એ બાઈ! પાબુઝી રઈન મખરે બોલે, કૉનિયા દેઈન હૉપળ. હા રે... તનં આલું રે ડાઈસાં. આલું રે તનં સોનાનાં બેડલાં, હા રે... તનં આલું સોનાની અઢુણિયો. હા રે તારો અરધો પેરવાસ કરો... સોના રૂપાનો પેરવાહ! હા નેં... એ બાઈ પુરકાં ઢોર ડાઈસે આલું. પારૈયો હૉઢ. ઝેંઝણિયો ઝોડ ડાઈસે આલું. હા નેં દીપાવલી નાડી આલું. એ પાબુઝી હેં, હા રે ઈલો ગાય ન ડાસસાં આલેં. એ તેમાં બાઈ હેં; હા રે... પારણિયાંમાં કૉનિયા કેવી મૉડે! (તંબૂર-સ્વર) એ... બાઈએ તો કૉનિયા મૉડા. હા રે... એંસે રે સોનાને પારણે. દન રાતે મોટી થાએ...

> દન રાતેં મોટાં રે પૉણ તેમાં,
> દન રાતેં મોટાં રે પૉણ...



દન રાતેં રે મોટાં ઓઈયાં રા...ઝી...

પટેલિયે પરેં ન રે પૉણ બેંનિયાં,
પટેલિયે પરેં ન રે પૉણ...
ગોડિયેન ગુપરિયે ઓવણા લાગિયાં રા...ઝી...

અરે... થેયાં ન થેગલિયાં રે પૉણ તેમાં,
થેયાં ન થેલગિલયાં રે પૉણ...
હેરિયે રે રમતાં રે ઓવાણા લાગિયાં રા...ઝી...

હેરિયાંમાં રમેં રે બાઈ માર,
હેરિયાંમાં રમેં રે પૉણ...
હેરિયાં રે રમતાં રે ઓવણા લાગિયાં રા...ઝી...

મોટ મોટેરાં ઓયાં રે પૉણ તેમલી,
મોટ મોટેરાં ઓયાં રે પૉણ...
મોટ રે મોટેરાં ઓવા લાગિયાં રા...ઝી...

ભર ઝોવનિયાં આય્યાં રે પૉણ તેમાં,
ભર ઝોવનિયાં આય્યાં રે પૉણ...
ભર રે ઝોવનિયાં ઓવણા લાગિયાં રા...ઝી...

રાતે વીસાર મૉડ રે પૉણ સૉદિયો,
રાતે વીસાર મૉડ રે પૉણ...
મનમાં વીસારા મૉડવા લાગિયો રા...ઝી...

ઝોવનિયાંમાં આવી રે પૉણ તેમાં,
ઝોવનિયાંમાં આવે રે પૉણ...
ભેંર રે ઝોવનિયાંમાં રે ઓવિયાં રા...ઝી...



નાળેર મેલ ન પૉણ રાઠોર,
નાળેર મેલ ન પૉણ...
ભણિયો રે નાળેર લેવા લાગિયો રા...ઝી...

ભણિયાન એલો માર રે પૉણ રાઠોર,
ભણિયાન એલો માર રે પૉણ...
ભણિયા રે બૉપુણન એલો મારિયો રા...ઝી...

ભણિયો બોલાવો રે પૉણ રાઠોર,
ભણિયો બોલાવો રે પૉણ...
કલમ રે કસેરીએ આવણા લાગિયો રા...ઝી...

પેલા ગુઝણિયામાં તેમાં મોટી થાયે, હા રે... મહરાઝ બાઈ તો પેંર ઝોવનિયાંમાં કેવી આવે! (તંબૂર-સ્વર) તે ભેંર ઝોવનિયાંમાં તેમાં આવી. હા રે... અવણિયાં સૉદો પાબુ વીસાર કરેં, બાઈ તો ભેંર ઝોવનાંમાં આવી. ઘરમાં મોટી થાયે નેં રાખીએ. મોટી દીકરી નેં ઝોયે. એ તો કેંવૉય પાપનાં પગલાં ! હાર્ હાહરિયા હરખી થાય ન હાહરિયે વરાવણી... હા રે મોટો દીકરો કેંરમાં હેં... હા તો એ પાપનાં પગલાં કેંવૉય! હા તે મહરાઝ રે હઉ હઉના કેંર આવેં, હા તે જેઠ મઈને કમાંણી થાએ. ઝોવન આવેં જોરું મેળવણું! હા નકર બાપ પાપનો ભાગીદાર! એ... પાઈ રે પાપના ભાગીદાર નેં થાવું. (તંબૂર-સ્વર) એ... આપણેં ભણિયા બૉપુણન એલો મારવો પરેં... મહરાઝ રે હરદાર ન એલો મારે, અને વાતો કરે, હરદારો બૉપુણન બોલાવો. હા તે... ભણિયા બૉપુણને કેવો બોલાવેં! હા... રે ભણિયો બૉપુણ આવે. કસેરિયાંમાં આવી ન ઊપો રેં. તે રાઠોર રઈ મખરે બોલેં, એ ભણિયા બૉપુણ? નહીં રે ઢીલાંનાં કૉમ! બાઈ આવી ભેંર ઝોવનમાં. હા રે... તેમાં બાઈનાં નાળેર લેઈન ઝવાં. હા નેં પરો ઝા તે બાઈનો વીદ એરી કાટ. અરે... મહરાઝ રે બૉપુણ રઈ મખરે બોલેં, એ.... ધણિયો આ તે કયા દેસમાં ઝઉં? હા રે સૉદો ન પાબુ રઈ ન મખરે બોલેં, એ... ભણિયા બૉપુણ? હા ને તું ઝાને ઝાયેરિયામાં. હા રે... ઝેંદરા ખેંસીન નાળેર આલે! અનં નાળેર ઝેલાવી ન



પાસો આવ ! એ મહરાઝ રે ભણિયો દેવતા આપ ઝેવો હેં, (તંબૂર-સ્વર) તે ભણિયા બૉપુણને નાળેર આલાં. ભણિયો લેઈન હેંડી નેંકરો. હા રે... ઝાય રે ઝાય ઝાયેરિયાની વાટે. ખેરિયો થકો ઝાએ. હા રે અવણિયાં ઝાયેરિયામાં કેવો આવે! એ... કસેરીઓ ભરી બેઠા હેં ખેંસી. લીલી પીળી ઝાઝમો રાળેલી હેં. ગરમી ગરમી વાતો કરેં. અમલાંનાં પોતાં ફરેં. મેળવેલી ભૉગોના ઓકા પીએં. અરે મહરાઝ રે દારૂરાંની સાખો ફરેં. હાને ગરમી ગરમી વાતો કરેં. એ રે એવામાં ભણિયો બૉપુણ હેં, હા તે ઝાઈને કેવો ઊપો રો.

એ... ઝોઆર મઝરો હાળ રે પૉણ ભેંણિયો,
ઝોઆર મઝરો હાળ રે પૉણ...
એ... ઝોઆર રે મઝરો હાળવા લાગિયો રા...ઝી...

એ... મેંદરો મખરે બોલ રે પૉણ ભણિયા,
મેંદરો મખરે બોલ રે પૉણ...
એ... ભણિયા કિયો ભણિયા વાળો દેસન રા...ઝી...

મેંદરો મખરે બોલ રે પૉણ ભણિયા,
મેંદરો મખરે બોલ રે પૉણ...
ઠોકીરા કેંમ હો રે આયોન કેંમ ઝાય રા...ઝી...

એ... ભણિયો વાતાં સોળ રે પૉણ મૉટિયો,
ભણિયો વાતાં સોળ રે પૉણ...
હૉપળાં રે ધણિયાં રે મારી વાતનં રા...ઝી...

ગુઝણિયા હો આવો રે પૉણ ભણિયો,
ગુઝણિયા હો આવો રે પૉણ...
એ... નાળેરાં ઝેલાવા ઉંતો આવિયો હો... રા...ઝી...

તેમાંના નાળેર રે પૉણ ખેંસીઓ,
તેમાંનાં નાળેર રે પૉણ...



તેમાંનાં નાળેર લેઈ ન આવિયો રા...ઝી...

આળાં રે વૅર રે પૉણ ગુઝણિયેં,
આળાં રે વૅર રે પૉણ...
હાહા, કેંમ કરી ગુઝણિયેં ઝાઈયેં રા...ઝી...

(તંબૂર-સ્વર) તે... ઝોઆર મઝરો હાળી ભણિયો ઊપો રો. હા રે મહરાઝ એવામાં ઝેંદરો ખેંસી મખરેં બોલેં, એ...ભણિયા બૉપુણ? કેંણાં ધણિયાંનાં નૉમ? કેંણાંનો મેલેલો ભણિયો આવો? એ... ભણિયો બૉપુણ મખરે બોલેં, એ...ધણિયો? હા રે મૂળારા દેસનો નહીં. હા ને ગુઝણિયે મેલેલો આવું. એ... ખેંસી રઈ મખરે બોલે, એ ભણિયા? કેતરા કૉમે આવો? હા રે કેંઝે થારાં કૉમાંનાં નૉમ. હા રે મહરાઝ ભણિયો બૉપુણ મખરે બોલે... એ ધણિયો? ઉં તો બાઈનું નાળેર લેઈન આવો હું... ઘણાં હેત કરી ન રાઠોર મોકલો હેં... હા રે સૉંદો ન પાબુ રાઠોર એંણે મોકલો ન આવું... એ બાઈ તો ઘણી રૂપાળી હેં! બેહે ઢોલિયે. ભાગે બાઈ ઢોલિયાની ઈહ! અને ઊપી થાતાં ફટકે ટૂટે કૉસળીનો કેંહલો! એ... બાઈ આવી હેં ભેંર ઝોવનમાં. અને મનં વીદ એરવા કાઢો હેં. એ મનં કઉં હેં. હા રે ઝેંદરો ખેંસી હેં, પોતેં નાળેર ઝેલાવઝે. હા રે મહરાઝ રે અવણિયાં ખેંસી હેં તે કેવા વીસાર કરે! (તંબૂર-સ્વર) એ હરદાર તો વીસાર કરેં... પૉણ બૈરામાં ઝીવ કાસો. હા રે ભણિયા બૉપુણે રૂપનાં વખાંણ કરાં. ઘણી રૂપાળી હેં એમ વાતો થઈ. હા રે ઝેંદરો ખેંસી મખરેં બોલેં, એ હરદારો? એ'લા ડોહાંના આથની વાતો. એ વાતો કણી ઝૂની થઈ ગેઈ. હા રે કેતરા દન વૅર રાખહો? ઝેંમ તેંમ કરી વૅર ભાગવાં. હેત કરીન પેસણ રાઠોરે નાળેર મોકલું હેં. હા તે આપણ નાળેર ઝેલી લઈએં. હા તે મહરાઝ અવણ કસેરીઓમાં કેવી વાતો કરેં! એ હગાઈમાં ઠગાઈ નેં ઝોએં. હા તે મહરાઝ... અવણિયાં કુંવારી કુંવારા ખૉણું. કુંવારામાં કોઈ આડું બોલે, હા તો એનું નખ્ખોદ ઝાએ...! હા રે મહરાઝ રે કુંવારામાં આડું નેં કેંવાય. ટૂટતું એં તો હૉતી દઈએ. હા પણ બે કરીએ, તોરીએં નેં. હા રે મહરાઝ હઉ કોઈ હરદાર હેં તે વીસારા કરેં. હા તે પોતાના બાપનું વૅર ઝતું કરતો એં, હા તો આપણે બીઝાં કાકા પાઈયાંન હું કરવું હેં. હા રે... આપણે તો આ કઝિયો



લાંબો નહીં કરવો. હા નેં વૅર પાગીન હેંડાં તે ઝાઈ પણ્રી લાવીએ. ઓ મહરાઝ! (તંબૂર-સ્વર) એ ખેંસીએ મત બૉતી... હા રે અવણિયાં નાળેર કેવાં ઝેલે! હા રે નાળેર ઝેલેં. ભણિયો બૉપુણ હેં, એ રાઝુ થઈ ન પેસણિયાં ઝાએં... એ ભણિયાન ઈલમ આલો હેં રે. ભણિયો બૉપુણ હેં તે ખેરિયો થકો આવે. આહતે મુટે કેવો પાસો ઝાએં! હા રે આવે રે આવેં ગુઝણિયામાં. આવી ન કસેરિયામાં કેવો પરેં...! (તંબૂર-સ્વર) તે રાઠોર તો ભાણિયા હારણ ઝોઈસ રા. અરે... મહરાઝ અવણિયાં રાઠોર આવતામાં પૂસણાં પૂસેં, એ ભાણિયા દેવતા? કેમ કરી ન આવો? અરે ભણિયો બૉપુણ વાત કરેં, એ... ધણિયો...? ઘણાં હેત ભાવનાં નાળેર લેતાં હેં, હા... ને અવણિયાં તમાર કેંમ કરવું હેં..? તે તેમાંન પીઠીએ બેહારીએ, એની નૂધ પારી નહીં. હા તે તમે અવણિયાં વાતો કરો અનં એક ટૉપું ઉં પાસું કરી આવું... હા રે મહરાઝ હોરો રે હુંકારાના દેનાર... ઝુગ ઝાયન વારતા બોલે.

ઝવારે બેહાં રે પૉણ બાઈ માર,
ઝવારે બેહાં રે પૉણ...
એ તેમાં હેં રે બાઈ ઝવારે બેહિયાં... રા...ઝી...

પરતી પૂનમનો રે બાઈ માર,
પરતી પૂનમનાં રે પૉણ...
પરતી પૂનમનાં પરણેત કરિયાં... રા...ઝી...

ગણેહનાં કૉમ રે પૉણ ભણિયા,
ગણેહનાં કૉમેં રે પૉણ...
ગણેહવાળાં કૉમને... રા...ઝી...

ઝાઝે રે ઝાયેરિયે રે પૉણ ભણિયા,
ઝાઝે રે ઝાયેરિયે રે પૉણ...
એ ઊગતા રે ઊગમણના ઝવારા પેંરિયા રા...ઝી...



ખેરિયો ખેરિયો ઝાવેં રે પૉણ ભણિયો,
ખેરિયાં ખેરિયાં ઝાવેં રે પૉણ...
ઝાયેરિયામાં ઝાઈ આવણા લાગિયો રા...ઝી...

ઝવારેં આવેં રે પૉણ ઝેદરો,
ઝવારે આવેં રે પૉણ...
એ વીદ રે રાઝા ઝવારે બેહિયો... રા...ઝી...

ઝાયેરિયામા પીળા સાવર ફરેં. હા ને... વાતો થય. એ ભાઈઓ? એ હરદારો? કાસ નં કુંપાર! કૉસી નં મોસી; તૂરી નં તરગાળા; હા ને ઝવારે આવઝો. હારે આપણે પાટવી રાઝાને. પાટવી કુંવોરને પણણાવા ઝવારે બેહારિયે. એ... પીળા સાવળ ફરેં. હા... રે, તાંબાવટ પૉણી ઉનાં મેલાં. વીદ રાઝા ન ઝીલારાં-ખવરાવાં. હારે મહરાઝ રે અવણિયાં કેવી ઝાવાની હઝાઈ થાય. ખમા! (તંબૂરા-સ્વર) તે... અવણિયાં વીદ રાઝાન તો ઝવારે બેહારે. હા તે મહરાઝ રે વીદ રાઝા ઝવારે બેહે. હા રે ગીતારી બાઈઓ ગીતાં ગૉયે.

પરણવા આવા ને રે પૉણ ખેંસી,
પરણવા આવા ને રે પૉણ...
એ... ગુઝણિયામાં પરણવા આવિયા... રા...ઝી...

હરિયાં વાગાંમાં રે પૉણ ખેંસી,
હરિયાં વાગાંમાં રે પૉણ...
હરિયાં રે વાગાંમાં રે ઓરા આવિયા... રા...ઝી...

પરણવાની વેળાને રે પૉણ ખેંસીઓ,
પરણવાની વેળા ને રે પૉણ...
હોઈ રે! પરણવાની વેળા રે ઓરા આવઝો... રા...ઝી...

વેળા વખત ઓય્યાં રે પૉણ વેવાઈ,



વેળા વખત ઓય્યાં રે પૉણ...
વેળા રે વખતાં ઓવણા લાગિયાં...   રા...ઝી...

તોરણિયે આવેં ને રે પૉણ ઝેંદરો,
તોરણિયે આવેં ને રે પૉણ...
વીદ રે રાઝા તોરણિયે આવિયો...   રા...ઝી...

હાં હાં ! વીદ તોરણિયે આયો રે પૉણ ઝગમાં,
વીદ તોરણિયે આયો રે પૉણ...
એ...તોરણિયે વીદ રે આવણા લાગિયો   રો...ઝી...

ફેરા ફીર રે પૉણ ઝેંદરો સવરિયે,
ફેરા ફીર રે પૉણ...
એ...સવરિયાં ફેરા રે ફીરવા લાગિયો   રો...ઝી...

સવરિયાં ફીર ને રે પૉણ બાઈ,
સવરિયાં ફીર ને રે પૉણ...
એ ફરતાં રે ફરતાં રે ઊપાં રઈયાં...   રા...ઝીં...

સવરીનાં દૉણ મૉગે રે પૉણ બાઈ,
સવરીનાં દાંણ મૉગે રે પૉણ...
એ સવરીનાં દૉણ મૉગવા લાગિયાં...   રો...ઝી...

મૉગે એ આલઝો રે પૉણ બેંનરીન,
મૉગે એ આલઝો રે પૉણ...
એ સવરીનાં દૉણ રે તમે આલઝો...   રા...ઝી...

પૂરકલાં ઝોટ ન રે પૉણ પાઈ માર,
પૂરકલાં ઝોટ ન રે પૉણ...
પૂરકલાં ઝોટ રે ડાયસે આલઝો   રા...ઝી...



પારણિયાંમાં એંસ રે પૉણ તેમાં,
પારણિયાંમાં એંસ રે પૉણ...
પારણિયાંમાં એંસ તે ડાયસાં આલિયાં   રા...ઝી...

ઝેંઝાણિયાં ઝોડન રે પૉણ તેમાં,
ઝેંઝણિયાં ઝોડન રે પૉણ...
ઝેંઝણિયાં ઝોડ રે ડાયસે આલિયાં...   રા...ઝી...

દીપાવલી નાડી રે પૉણ તેમાં,
દીપાવલી નાડી રે પૉણ...
દીપાવલી નાડી ડાયસે આલઝો   રા...ઝી...

પાબુ સૉદરિયો રે પૉણ ઝગમાં,
પાબુ સૉદરિયો રે પૉણ...
સવરિયાંમાં ડાયસાં આલવા લાગિયા   રા...ઝી...

(તંબૂર-સ્વર) એ મહરાઝ. હા..તે વીદ રાઝા ઝવારા બેઠો. હા તે ભણિયો બૉપુણ ઝાય, ગુઝણિયામાં. એ...રાઠોરોને વાત કરેં, એ ધણિયો ? ઝાયેરિયામાં વીદ રાઝા ઝવારે બેઠો. હા ને...આપણા બાઈ ન ઝવારે બેહારો. તે રાઠોર રઈન વીસાર કરેં, હા ને... હા...રે ગીત આવું. અવણિયાં આપણ હેં તે ગૉમમાં હેં તે લીલા ઝવારા મેલાં...હા રે...આખા ગૉમના લોકોને તેરાવો. અરે...આપણ તેમાં બાઈને ઝવારે બેહારીએ. એ...તનં ઝેવા મનં ઝેવા હરદાર હેં, કેંતે લાગે નવલી વાત. હારે પીળા કરી સાવળ લેઈ ઝાય. હા તે કેંર કેંર સાવળ મેલે. હા...રે ગૉમમાં સાવળ ફરેં...અરે મહરાઝ રે વેળા વખતો થયેં. અરે...આખા ગૉમનાં લોકો આવે. હા તે...બાઈન તો તાંબાવટ પૉણી ઊનાં મેલે. હા રે મહરાઝ રે સોવની કુંડીએ બાઈને કેવી નવરાવે. (તંબૂર-સ્વર) તે...બાઈન ઝીલારી નવરાવી ન પેસણિયાં કેવી લાવે ! હા રે... બાઈને તો પીઠી સોળે. હા રે સોરીઓ પીઠીનાં ગીતો ગયે. હા રે...મહરાઝ બાઈ હેં તે ઝવારે બેંહારી. એ સોહન વાઝે ન નગારાં વાઝેં. હા રે...અવણિયાં



નાસણ પાત્યણો ખેલ કરેં. તૂરી તૉતો તોરે. એ...હોળમાં હોળમાં વાઝાં વાઝે. એ...આવી રે વીવાની વાત. હા રે...મહરાઝ રે મોટિયાર સૈય્યા હેં, કૉગહિયો મોલવેં. મોટિયાણ સોરિયો હેં. એ કાગળની કૂંપલિયો મોલવેં. અને રૉડી રૉડો સેંકણિયો મોલવેં. ખમ્મા...(તંબૂર-સ્વર) હારે રે મહરાઝ રે, તમકો ઊડ રે ગુઝણિયામા. તમકો ઊડ રે ઝાયેરિયારમા. હા રે...ગુઝણિયામાં લાડી હેં, અને ઝાયેરિયામાં લાડો હેં. એ ભલે આવી રે વીવાંની વાત. હારે ભણિયો બૉપુણ વાત કરેં, એ સૉદા-પાબુ...? પરતી પૂનમનાં પણ્ણેત. અનેં વીદ રાઝાની જૉનો આવહેં. અરે આવો રે પૂનમનો દન. અનં વીદ રાઝાની જૉનો કેવી આવેં! એ...ગાઝતે ન વાઝતે જૉનો આવે. હા રે ગાજાં વાઝે રે વાજાં વાઝેં. હા રે...નાસણો બાઈયો નાસે. હા ને કેવી જૉનો આવે ! હા રે જૉંનો આવે રે અવણિયાં ગુઝણિયામા. હા રે...રાઠોરોએ ઉતારો આલો. હરિયાં વાગાંમાં જૉંનો રે આવે. હરિયા વાગાંમાં જૉનો કેવી બેહે...! એ...કણો ફૂલણો હરિયો વાગ. સોપાન કેવરા ફૂલણા. કાળી પૉખોની કોયલો બોલેં. પીળી પૉખોના ભમરા ગુંઝેં. એ...મહરાઝ ઘણું હોયમણું લાગેં !હા...હૉમી તૉમી વેવેંણો ઉલાળા લેય. ગૉણાં ગાંય વીવાંનાં. એ વેળા વખતો થાંય. હા ને અવણિયાં ગુઝણિયાના વેવાઈ વાતો કરેં, એ...વેવાઈઓ ? તોરણ સબણા ઝટ દઈન આવો. હા તે...મહરાઝ રે તોરણે આવેં વીદ. હા રે તલવારે આવે રે વીદ. એ લાડીની આઈ પૂંખેં વીદ.ધમકેં ધમકો કરેં. અનં વેવાંણો હેં તે કેવી ગીતો ગૉયે. હા રે ઉખળા ડૂટાની કય. પાહેંરપૂહી કય. મોટા પેટની કય...મોટા દૉતાંની કય. હા ને ગીતો ગય. હા રે મહરાઝ રે વીદ રાઝા સવરીએ આવેં. એકમો ફેરો ફરેં. બીઝો ફેરો ફરેં. હા ને તેંણમો ફેરો કેવો ફરેં ! (તંબૂર-સ્વર) એ ફેરો ફરીન ઊપો રેં. હા રે અગળ થાયે રે તેમાં લાડી. હા તે...સવરી ફેરા ફરે. હા રે ફેરા ફરતી ઊપી રેં અને મૉગ રે સવરીઓનાં દૉણ. તે મહરાઝ રે પાબુન સૉદો બૉતમા હેં, બાઈન પૂસણાં પૂસેં, એ બાઈ મારી લાડકી બેંન, મૉગ રે મૉગ હું મૉગે ? અનં કેંમ ઊભી રઈ સવરીમાં ?હા રે તેમાં બાઈ વાત કરેં, એ માનો ઝણો? આઈ તો નૉનકાહી મેલી ન મરી ગેઈ. અરે ભાઈ મારા માવતર ! અને તમાં કન મૉગુ સવરીઆંનાં દૉણ. મનં સવરીનાં દૉન આલો. એ મહરાઝ રે ! આપ ઝેવો સૉદરિયો હેં, તે...મખરે બોલેં, અરે આલું રે



આલું સોનાનાં બેરલાં. અનેં સોનાની અઢુણી આલું .પેંગે પેરવાની મોજરી સોનાની આલું...! મૉગ રે મૉગ બાઈ રાઝી થઈ ન મૉગ,અરે ઝે મૉગે એ તનં આલું...! (તંબૂર-સ્વર) હા તે મહરાઝ રે પાબુઝી મખરે બોલેં, એ બેંનરી...! પુરકાં ઝોટ તનં ડાયસે આલું. હા રે...પારેવિયા હૉઢ તનં ડાયસે આલું. અનં ઝેંઝણિયાં ઝોડ આલું. દીપાવલી નાડી આલું. એ...તનં ડાયસાં આલું. હા રે...વળી ઝોય તો મૉગ. જે ઝોય તનં આલું. અરે મહરાઝ રે તેમાં બાઈ હેં. તે અવે સવરી ફેરા કેવી ફરેં ! હા રે મહરાઝ હોરો રેં હુકારાંના દેનાર. ઝુગ ઝાય ન વારતા આગી હાલે.

પણીન આવા ન રે પૉણ ખેંસી,
પણીન આવા ન રે પૉણ...
તેમાંન પણીન ખેંસી આવિયા... રા...ઝી...

નવલી રૉણી ન રે પૉણ ખેંસી,
નવલી રૉણી ન રે પૉણ...
હોઈ રે વાગ રે વારિયાંમાં પરણેત આવિયાં... રા...ઝી...

વાદળ મેંલાંમાં રે પૉણ ખેંસી,
વાદળ મેંલાંમાં રે પૉણ...
એ વાદળિયાં મેંલાંમાં રે ઓરા આવિયા... રા...ઝી...

ઝાયેરિયાની રૉણી રે પૉણ તેમાં,
ઝાયેરિયાની રૉણી રે પૉણ...
ઝાયેરિયાની રૉણી બનવા લાગિયાં... રા...ઝી...

રાઝ કરેન રે પૉણ ખેંસી,
ઝાયેરિયામાં રાઝ કરતા રે પૉણ...
એ ઝાયેરિયામાં ખેંસી રાઝ કરતા... રા...ઝી...

(તંબૂર-સ્વર) એ...ભાઈયા...?એ...તેમાં રૉણી પરણીન આવા. હા



રે આવા ઝાયેરિયામાં. એ...નવલી લાડીન પરણીન આવા. અરે મહરાઝ રે વાદળ મેંલાંમાં વીદ ઝયે. હા તે...આખું ગૉમ હેં તે ઝાયેરિયાગઢમાં કેવું આવે ! લાડો નં લાડી મેંલંમા ઊપાં રાખેન ખાંખદ કરેં. દીખોમતો દેય. એ...લાડી ન લાડા ? ખાઝો, પીઝોન મઝા કરઝો. હારે એક કરી લાખની ઝાયે. હારે ઝાય હઉ હઉન કેંર. હા રે...અવણિયાં ઝેંદરા ખેંસીની જૉનો વેરાંય. એ...હઉ હઉના કેંરે લોકો ઝયે. લાડીન લાડો ખાંય ,પીય ન મઝા કરેં. હા તેમાં કુંવરી હેં. તે ઝાયેરિયાની કવરૉણી કેંવરાય. તે...ખાય,પીએન મઝા કરેં. હારે...તેમાં ન દેવોલ બે બૂનો. હા રે...દેવોલ બાયનો તે'દિ વીવા મડણો. એ...ભાગણિયાંમાં પરણાવી. હારે ભેંમુરા સારણને પરણાવી. એ ભાગણિયાંમાં ખાએ, પીએન મઝા કરે. હા...રે તેમાં બાઈ હેં તે ઝાયેરિયામાં ખાએ, પીએ ન મઝા કરેં. એક એક ઘરી લાખની કાઢેં. અરે ખાટ એંડોળે એંસે. હરિયાં વાગાંમાં એવા ખાય. હા રે સોનાની કુંડીએ ઝીલણાં ઝીલેં. એ...ખાય ,પીએ ન મઝા કરેં. દન ગણતે મઈના ઝયે. મઈના ગણતે વરહ ઝય. હા રે મહરાઝ રે ગુઝણિયામાં રાઠોર ખાય, પીએ મઝા કરેં... હા રે...ઘણાં વરહાં ખૂટી ગાં. હા ને અવણિયાં...



અળખું

(તંબૂર-સ્વર) તે મહરાઝ ! એ...એકા દનનો સમાઝોગ,અનં સમાઝોગનો માઝોગ આવેં. હા...તે...તેમાં હૂતી વાદળ મેંલ. હા રે મહરાઝ રે, હાહુ ન વઉ હૂતી નેંદરા કોર. હા...તે...ગરતી માઝમરાત થાયેં. હા રે...મહરાઝ રે પળમાં સૉડે કુકરિયા રોળ. અને હાહુ હેં તે કૂદીન બેઠી થાય. હા રે અવણિયાં વઉરીને કેવી વાતો કરેં...એ...વઉરી! કેંમ હૂતાં ઊગ આવી ? ઝટ દઈને બેઠાં થાં. હા રે મહરાઝ રે અવણિયાં તેમાં રૉણી હેં તે કેવી કૂદીન બેઠી થાય...હોરો રે હુંકારાંના દેનાર, ઝુગ ઝાય તે વારતા હાલે...

(રાગ બદલાય છે.)



હાહુરી વઉરીન વાતાંન સોળ રા...
હાહુરી વઉન વાતાં સોળિયાં રા...ઝી...

એ...હૉપળે વઉરી મારાં દલાંની વાત...રા...
એ...હૉપળે વઉરી મારાં દલાંની વાત... રા...ઝી...

એક દનનો ટેંમ રે આવિયો રા...
એક રે...દનનો ટેંમ આવિયો... રા...ઝી...

એ...તેમાં રે વઉરીની સેવા ઓઈયાં રા...
એ...તેમાં રે વઉરીની સેવા ઓઈયાં... રા...ઝી...

એ...અરધી રાતોની સેવા બોલે રા...
એ...અરધી રાતોની સેવા બોલિયાં... રા...ઝી...

એ...ઝેંણાં રે ઝેંણાં રે પેરવા પેર રા...
એ...ઝેંણાં રે ઝેંણાં રે પેરવા પેરિયાં... રા...ઝી...

એ...સાથી પરમાંણ કૉસુઓ પેર રા...
એ...સાથી પરમાણ કોસુઓ પેરિયો... રા...ઝી...

એ ગળા રે પરમાંણ હાર સીર પેરયાં રા...
ગળા રે પરમાણ હાર સીર પેરિયા... રા...ઝી...

લેંલાર ટીલરી પારિયાં રા...
હારી હારી લેંલાર ટીલરી... રા...ઝી...

દેયાં રે પરમાંણ હાળુલાં ઓઢિયાં...
દેયાં રે પરમાંણ હાળુલાં ઓઢિયાં... રા...ઝી...

હાહુરી વઉરીન વાતાં સોળિયાં રા...
હાહુરી વઉને વાતાં સોળિયાં... રા...ઝી...

ଔଔଔଔଔଔ

હેંડઝે રે વઉરી સરવર ઝીલવા રા...
હેંડઝે રે વઉરી સરવર ઝીલવા... રા...ઝી...

તો મહરાઝ! તે... એકાદનનો સમાઝોગ, સમાઝોગનો માઝોગ. હારે હાહુ નં વઉરી હૂતી હૂતી નેંદરા ઘોર... એ સૉડે રે કુકરિય રોળ. હારે મહરાઝ રે તેમાંની હાહુ હેં.... હા રે અરખું હાહુ બેઠી થઈ ઝાયેં. હાન ડોહલી વાતો કરેં, એ વઉરી? હૂતે નેંદ કેંમ આવી? ઝટ દેઈન બેઠી થઈ ઝા. હા તે તેમાં વઉરી હેં, કૂદીન બેઠી થાએ. આળિયે આળિયે દીવલા મેલે. હા રે મહરાઝ રે હોળૈયા હણગાર મૉડે. કેંરાં પરમાંણ સારણો પેરે. હારે ઢુગે ફેટિયું પેરે. સાથી પરમાંણ કૉસુઓ પેંરે. ગળા પરમાંણ હાર સીર પેરે. એ વાળે વાળે મોતી હારે. હારે મહરાઝ રે અવણિયાં દેઈયાં પરમાંણ હાળુળાં ઓઢે. હા રે એતરામાં હાહુરી રઈન મખરેં બોલેં, એ વઉરી, પણસીએ ખૂટાં નરમળ નીર. હેંડો રે આપણ નીર ભરવા ઝાઈએં. હારે મહરાઝ હાહુરીન વઉરી મતાં બૉંતે. હા ને મરવાનાં અટુણાં માથે મેલે. કાસીના કરુલા આથ લેય. અરે મહરાઝ હાહુરી ન વઉરી પૉણીરાં કેવાં ઝય! હા રે... હોરો રે હુંકારાંના દેનાર. ઝુગ ઝાય ન વારતા હાલે.

એ... હાહુરી ન વઉરી પૉણીરાં ને સાલાં રે... રા...ઝી...
એ... હાઉરી ન વઉરી પૉણીરાં ને સાલાં રે... રા...ઝી...

હૉપળે વઉરી ને રે... પૉણ મારી,
હૉપળે વઉરી ને રે પૉણ...
હૉપળન રે સોળું દલરાંની વાતને... રા...ઝી...

આપણાં ભાયાંનાં રે પૉણ વઉરી,
આપણાં ભાયાંનાં રે પૉણ...
આપણા રે ભાયાંનાં પારખાં લેવિયે... રા...ઝી...

મખરે બોલ ન રે પૉણ તેમાં,
મખરે બોલ ન રે પૉણ...



હૉંપળે રે હાહુ મારી વાતનં... રા...ઝી...

ઝોખો ઉપઝેન રે પૉણ હાહુરી,
ઝોખો ઉપઝેન રે પૉણ...
એંણી રે વાતાંનો ઝોખો ઉપઝે... રા...ઝી...

(તંબૂર-સ્વર) તે મહરાઝ. હા તે હાહુરીન વઉરી પૉણીરાં ઝય. હા રે કાસીના કરુલા આથમાં ઝાલે... મરવાનાં અટુમણાં માથે મેલે! હા તે નરમળ નીર ભરવા ઝય. હા રે... ખેરિયે થકી ઝયે. હા... રે હેરી બઝારે આવેં. હા રે... મહરાઝ રે વાતાં સોળેન આવે. હાહુરી રઈન મખરે બોલે. એ વઉરી, હરિયાં વાગાંમાં એંડાં. હા તે કણિયોરનાં દાતુણ કરીએ. હા તે, મહરાઝ, હરિયાં વાગાંમાં આવે... હા રે કણિયોલનાં દાતુણાં મૉરે. (તંબૂર સ્વર) તે કાસી કણિયોરનાં દાતુણ મૉરે... હા રે મહરાઝ રે દાતુણાં કરે ન ઝયે... તે દાતુણાં કરે ને વાટે ઝયે. વાટે ઝયે ન વાતો સોળે. હા રે અરખું હાહુરી મખરૅ બોલેં, એ વઉરી? આઝ તો આપણ દાતુણ કરીએં. હા ને દાતુણમાં પારખાં લઈયે. હા રે આપણાં ભાઈયાંનાં પારખાં લઈએં. એ... કેંણાંના ભાઈ હબળા ને કેંણાંના ભાઈ નબળા? આપણે પિયોરનાં પારખાં લઈએં. હા રે હાહુ તો વાતો કરેં. વઉરીને સાથી થળકો આવેં... એ.. વઉરી રઈ મખરૅ બોલે, એ હાહુરી? એવી વાતો ઝાવા દયો! હા... ને એંણી વાટે તો ઝોખો ઉપઝે! ખમા...

હા હા મુટે મખરે વાતાં સોળ રે હા...
એ... મુટે રે મખરે વાતાં સોળિયાં... રા...ઝી...

એ. વઉરી આપણાં પાયાંનાં પારખાં લેઈએં... રા...ઝી...
આપણાં રે પાયાંનાં પારખાં લેવિયેં રા...ઝી...
હા...રા...ઝી...

કેંણાંનાં પિયરિયાં હબળાં વાઝેં... રા...
હે હે... કેંણાંનાં પિયરિયાં નબળાં વાઝિયાં... રા...ઝી...



સરવરિયેં આવેં ને રે પૉણ તેમાં,
સરવરિયેં આવેં ન રે પૉણ...
એ સરવરિયાની પાળે ઓરાં આવિયાં... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ તેમાં,
વાતાં સોળ ન રે પૉણ...
હૉપળાં ને હાહુરી મારી વાતન... રા...ઝી...

બૉતમાની વાતો ને રે પૉણ હાહુરી,
બૉતમાની વાતો ને રે પૉણ...
એ આપણ બૉતમાની વાતો ઝાવ દેવઝો... રા...ઝી...

હું'લી દાતુણ ફારીએં ને રે પૉણ વઉરી,
દાતુણ ફારીએં ને રે પૉણ...
એ દાતુણનાં રે સીરિયાં ફારી પારખાં લેવિયે... રા...ઝી...

(તંબૂર સ્વર) એ... કાસી કણિયોલનાં દાતુણ મૉરે. હા રે... દાતુણાં કરે ન ઝય. હા તે હાહુરી રઈ મખરે બોલી, એ વઉરી...? આપણ કરીએ રે કૉયક નવલી વાત... હા... રે આપણે નવી કળા કરીએં. હા ને તું કૉનિયા દેઈન હૉપળ. હા તે એંમ કરીએં , આપણે પાઈઓનાં પારખાં લેઈએ. કેંણાંનું પિયોર હબળું ને કેંણાંનું નબળું? હા રે દાતુણની સીરીઓ કરીએં. અનં સીરિયોમાં પારખાં લઈએ. હા રે મહરાઝ રે તેમાં વઉરી મખરેં બોલેં, એ હાહુરી? ઘણા ખમા રે આપણા પિયોરના. હા તો આપણ ઑ બેઠાં બેઠી વાતો કરીએં... પૉણ આપણા પિયોરનું નૉમ નેં લેવું. અનેં હબળાં નબળાંની વાત ઝવા દ્યો. એ વઉરી...? આપણું તો દાતુણ ફારીએં. હા ને... દાતુણની સીરીઓ કરીએં. એ... સીરીઓ નૉખીએં. ઝેંણાંની સીરીઓ ઊંધી પરેં, એંણીનું પિયોર નબળું. અનં હવળી સીરીઓ પરેં... એંણીનું પિયોર હબળું. અરે મહરાઝ તેમાં રૉણી મખરે બોલે, એ હાહુરી? એંણી વાતે ઝોખો ઉપઝેં. હા ને.... હૂતાં બેઠાં ન હું કરવા મરણ કરે? હાહુ વઉ આવે રે સરવરની પાળેં. એ... મરવાનાં



અટુણાં માથાહાં નેંસાં મેલે. કાસીના કરુલા નેંસા મેલે. હા ને ઊપી ઊપી વાતો કરેં, એ વઉરી...? આપણે દાતુણાં ફારીએ. હા ને સીરીઓ સીતેં ફેરવીએં. ઝેંણાંના હબળા પાઈ અહેં એંણ દુતાંના તારોરા સૂટહેં. હા ને નબળા અહેં એંણ થુકના ધારોરા સૂટહેં. હા રે, સીરી ઝો હમી પરહેં. એંણ પાઈ હબળા. અનેં ઊતી સીરીઓ પરહેં, એંણા પાઈ નબળા કેંવાહેં. એ... તેમાં બાઈ હેં તે વીસાર મૉડે, ખોટું આવું રે ઝગમાં કૉમ. એ હાહુરી? એવી વાતો ઝાવા દયો... એવી વાતે કણો ઝોખો ઉપઝે. હા ને હું કરવા એંમ કરાંહાંને? એ વઉરીનું કયું હાહુરી નહીં મૉનતી. હા તે... તેમાં વઉરી મખરે બોલે, એ હાહુરી? ઝોઝે મોટા મખમાં મૉખ પરહેં. હા રે એવી રૉંડોનું નખોદ ઝાઝો... કઝિયાખોરો કળા કલાંમણી, મૉટિયાં મરાંમણી રૉંડો ફાટી પરઝો. હા રે મહરાઝ રે હૂતે બેઠે અવણિયાં કઝિયો મૉડો. એ... પિયોર તો દૂરા દૂરા દેસમાં રઈ ગાં હેં. હા નેં... ઑ હાહુને અવણિયાં ઝોકેં ઑ હાહુ તો હૂતાં બેઠાંને મરાવે... અરે મહરાઝ રે પેંલું દાતુણ હાહુરી એ ફારું... અનેં ઝીપેં સીરિયો ફેરવી... થુકના ઝાખોટા સૂટા. અનં અવણિયાં સીરિયો હેં તે કેવી નેંસી નૉખે! એ બે સીરિયો ઊતી પરી. હા રે મહરાઝ રે... દાતુણ ફાટું વતાવણું. કી પૉણીનું મોલ થઈ ગઉં. ડોકરી લાઝી... હા પૉણ પૂંડી રૉંડ તો વીખો કરેં. હા રે અવણિયાં વઉરીન વાતો કરેં, એ વઉરી? પૉણ માર તો બે સીરિયો ઊતી પરી હેં. હા રે તમે ફારાં. તમાર દાતુણની સીરિયો કેવી પરેં. હારે મહરાઝ અવણિયાં તેમાં કુંવરી હેં, દાતુણાં ફારેં. હા રે મહરાઝ રે ઝીપેં સીરિયો ફેરવેં. તે... દુતાંના તારોરા સૂટા. હારે દુત નેંહરીને તારોરા સૂટા. હા રે મહરાઝ અવણિયાં સીરિયો હેં તે નેંસી નૉખે. બેં સીરિયો હમી પરેં... એ... હાહુરી હેં, સાથીમાં ઢેંકો ઝીંકે. મસકા મલ્યેં. કેવું કરાળ બોલે... એ રૉંડ? તારું ઝાઝો ખરિયાને ખોર...! નબળા પિયરની રૉંડ નબળી! ઉં તો તનં ઑમ કરીન ઉસલી ભણાવતી હું'લી, તારા પાઈ નબળા કેંવૉય. હા રે મારા બૉતમિયા વીયોણ નગરીમાં રાઝ કરે! હૂરો ને હઝમોલ! હા રે ધરતી તુઝે ઑણાંહી! હૂની ટોગરીના સોર! તે તો હબળાં અતાં અહેં! એ રૉંડે તો અવણિયાં કઝિયો મૉડો. હોરો રેં હુંકારાનો દેનાર. ઝુગ ઝાય ન વારતા હાલે.



કઝિયો મૉડ ન રે પૉણ અળખું,
કઝિયો મૉડ ન રે પૉણ...
એ... સીરી રે રાળ રે કઝિયો મૉડિયો... રા...ઝી...

થારું નખોદ ઝાઝો રે પૉણ વઉરી,
થારું નખોદ ઝાઝો રે પૉણ...
એ... થારું રે પિયોરયું નબળું વાઝિયું... રા...ઝી...

હૉંપળે વઉરી ન રે વાત પૉણ મારી,
હૉંપળે વઉરી ન રે વાત...
એ સોળું રે દલરાંવાળી વાતને... રા...ઝી...

નબળા પિયોરની રે પૉણ વઉરી...
નબળા પિયોરની રે પૉણ...
એ મારાં રે પાયાંની મોર લાવઝે... રા...ઝી...

ડોઓ નેરિયોન રે પૉણ વઉરી,
ડોઓ નેરિયો ન રે પૉણ...
નાકાં ઉપર રે ડોઓ નેરિયો... રા...ઝી...

ઝીવતા રાખાને રે પૉણ વઉરી,
ઝીવતા રાખાને રે પૉણ...
મોટાં કાળાંમાં ઝીવતા રાખિયા... રા...ઝી...

એંહટો ડોઓ વાળિયો રે પૉણ વઉરી,
એંહટો ડોઓ વાળિયો રે પૉણ...
મેં થારા રે પાઈ ઝીવતા રાખેયા... રા...ઝી...





(તંબૂર સ્વર) તો મહરાઝ...! ધન ઘરી રે, મસ્કલ મોટું. હા રે... એકાદનની વારતા બોલે, હા ને ભરી સભા હૉંપળે. એ...સૉંદો ન પાબુ રાઠોર હેં. હા... રે હૉકળી ઘાટીમાં રમખું મૉંડું. હારે... મહરાઝ... આવતા ન ઝાતા મારગ રોકા. એ... સૉંદિયે મૉંડો રે વાટમાં ધૂળાનો પાટ. હા રે... મહરાઝ રે ધૂળાનો પાટ મૉંડે. હા તે... મૉંડ રે નવલાખ રે બરસી! હા રે મહરાઝ રે સૉરાસી સાધુરા પાટમાં મૉંડે. અનં હેંદુરિયો હેલ રોપે. હા રે... હેલનો તબૂરો કરેં. એ... ઝૂઠાં ઝૂઠાં ભઝન પૂરાં બોલે. ખમા... (તંબૂરા સ્વર) હા રે મહરાઝ રે હૉકળી ઘાટીમાં રમખું મૉંડું. હા રે સૉંદા ન પાબુ રાઠોર, હા... રે ભાલોરિયું રમારેં સૉંદરિયો. હા નં આવતા ઝાતા મારગ રોકે. હાને... લાખોતરી વણઝારો આવેં. ઈહકારા કરેં ન વણઝારો આવેં. હા રે વણઝારન નં સૉંદિયાન કઝિયો લાગે. હા રે મહરાઝ રે લગતો લગતો લેય રે સૉંદરિયો. હા ને... વણઝારાન બરસી રોળવેં. હા રે વણઝારો પરો મારેં. હા ને વણઝારો મારી વાતો કેવી કરેં! એ ખમા. (તંબૂર સ્વર) એ વણઝારો મારી ન વાત કરે. એ વાત કરેં રે ગોવાળાંન. એ'લા એ ગોવાળિયો? નાહી ભાગીન ઝઈન મરઝો માં. અનં નાઠા તો એકેં ઝીવતો મેલો નેં. લાખો વણઝારો આલતો એંમ ઉં પણ તમાંન વતારે મોલ આલો. હા. પણિયાં નાહી ગા તો એકેં ઝીવતો મેલો નેં. હા... તે, મારના ભાગા દેવ! ટણકાં મૉટિયાંની ટણકી વાત. હા રે... મહરાઝ રે હૂરા નરાંની ટેવ. તે બાપરા તુઝેન વાતો કરેં. એક એકી હૉમું ઝુએં. એ પાઈઓ? કોઈ નાહઝો માં. આપણ તો રોટાનું કૉમ હેં. આપણ મરવું નહીં. એ મહરાઝ રે અવણિયાં હાત વીહી ગોવાળ હેં, હોંકારા કરેં. ઈહકારા ડસકારા કરેં. અનેં બાળદ હેં તે કેવી આકેં! (તંબૂર સ્વર) એ સૉંદિયે વણઝારાં વાળી બાળદ લૂંટી. હા રે હાવ હોનાના ઈરા! હા રે મૉણક નં મોતી. હા રે બાળદ હેં તે અવણિયાં ગોવાળિયા આકેં. હા ને સૉંદો પાબુ કોરિયે સરા. તે... કોરિયો રમારે નં અગળ અગળ ઝય. હા રે પૂઠણ તો અવણ બાળદરી કણી. તૂદળી રેતો ઊડેં. હા ને અવણિયાં લાખાની બાળદરી કેવી આવેં ! હા તે મહરાઝ ખેરિયા થકા આવેં. હા રે અવણિયાં ગુઝણિયામાં કેવા આવે! (તંબૂર સ્વર) હા... રે અવણ મૉણકસૉંકમાં આવેં... અ... હારે નોકરિયા હેં, હા તે, પોઠી ઉપરહી તો ગુણો ઠલવેં, મૉણકસૉંકમાં



તો ઢગલા થઈ ગા! હા નેં અવણિયાં નોકરિયા હેં, તે પોઠી લેઈ ઝય. હા રે મહરાઝ રે અવણિયાં ઝેંઝરિયા ઝોડાંમાં, ફેરવી ફેરવી સારે. અનં રાઠોર મનસૂબાંની વાતો કરેં!



વાતો સોળ ન રે પૉણ પાબુઝી,
વાતો સોળ ન રે પૉણ...
આ... હૉંપળઝે બૉતમિયા મારી વાત... રા...ઝી...

હૉંપળે સૉંદરિયા રે વાત મારી,
હૉંપળે સૉંદરિયા રે વાત...
નૉનકરી સોળું રે દલરાંની વાત... રા...ઝી...

નહીં ઢીલાંનાં કૉમ રે બૉતમો,
નહીં ઢીલાંનાં કૉમ રે પૉણ...
ઝટ ન કરિયેં તો મૉરું ઓય... રા...ઝી...

પૉગે પેંઝારાં રે પૉણ બૉતમો,
પૉગે પેંઝારાં રે પૉણ...
એ... રે પેંઝારાં ઘાલીને ઝાવા લાગિયો... રા...ઝી...

ખેરિયો ઝાવેં ન રે પૉણ સૉંદરિયો,
ખેરિયો ખેરિયો ઝાવેં રે પૉણ...
આ... હા... ખેરિયો રે ખેરિયો રે ઝાવા લાગિયો... રા...ઝી...

વૉણીલરાને આટે રે પૉણ સૉંદરિયો,
વૉણીલરાને આટે રે પૉણ...
વૉણીલરાને આટે ઝાવા લાગિયો... રા...ઝી...



હેંમ ખેંમ કપરા મોલવેં ન રે સૉંદરિયો,
હેંમ ખેંમ કપરા મોલવેં ન રે પૉણ...
હેંમ ખેંમ કપરા લેવા લાગિયો... રા...ઝી...

લેઈન પાસો વરિયો રે પૉણ સૉંદરિયો,
લેઈન પાસો વરિયો રે પૉણ...
હોનીરલાને આટે આવણા લાગિયો... રા...ઝી...

હા... હા... ઝી...
દરઝીરાને આયો રે પૉણ સૉંદરિયો,
દરઝીરાને આયો રે પૉણ...
દરઝીરાને આટે આવણા લાગિયો... રા...ઝી...

હૉંપળે દરઝીરા રે વાત મારી,
હૉંપળે દરઝીરા રે વાત...
આ સોળું મારા દલરાં વાળી વાતન... રા...ઝી...

વીદ વાગા હીવેને રે પૉણ દરઝીરા,
વીદ વાગા હીવેને રે પૉણ...
એ નહીં રે ઢીલાં રે વાળાં કૉમને... રા...ઝી...

હા... હા... ઝી...
સોપતા વાગા હીવ ન રે પૉણ હોનીરલો,
સોપતા વાગા હીવ ન રે પૉણ...
હા હા ફૂટરા રે ફૂટરા વાગા હીવિયા... રા...ઝી...
દેવતા ઝીવતા...

(તંબૂર સ્વર) હેં રાઠોર હેં તે વાતો કરે. પાટવી પાબુ મખરે બોલે, એ



સૉંદરિયા? નહીં ઢીલાંનાં કૉમ. હા રે ઢીલ કરિયે મોરું થાયે; મૉરું કરે ઢીલ થાય. હારે સૉંદિયા હેરી બઝારાં. હા... રે ઝૉ હેરિયાં બઝારે... હા રે વૉણીલરાના આટે ઝા... એ મઈ કપરા લેતો આવ. હા રે હેંમ ન ખેંમ, મઈ કપરા લઈ આવે. હા, દરઝીના કેંર ઝા; વીદ વાગા હીવરાવ... હારે મહરાઝ નહીં ઢીલાંનાં કૉમ. એ પાબુ રાઠોર વાત કરેં. સૉંદો રાઠોર હેં... હાતે હેરી બઝારે કેવો ઝાય! (તંબૂર સ્વર) હા તે મહરાઝ ખેરિયો ખેરિયો ઝાય. આવ રે વૉણીરલાન આટે. અરે વૉણીરલાને વાતો કરેં, એ ભાઈ વૉણીરલા વીરા! હા રે ઝટ ઝટ બેઠો થા. અનં હેંમ ખેંમ કપરા આલ. હા તે... વૉણિયો હેં, હેંમ ન ખેંમ આલેં. મઈ કપરા આલે. હા ને સૉંદો રાઠોર હેં, ફેરવી ફેરવી ઝોવે. હા નેં અવણિયાં બખના ઝોઈ ઝોઈ કાપલા કેવા લેય! લેઈન પેસણિયાં આવે રે આવે દરઝીને આટે. હા રે.. દરઝીરાને વાતો કરેં, એ દરઝીરા વીરા? નહીં ઢીંલાંનાં કૉમ... ઢીલ કરિયેં મૉરું થાય. એ... કાપલા એક એક કરીને લઈને આવે. હા રે વીદ વાગા હીવ્. હા રે નહીં ઢીલાંનાં કૉમ. હા રે મહરાઝ રે મોટા ધણિયાંની મોટી વાત. દરઝીરો હેં, તે અવણિયાં વીદ વાગા કેવા હીવે...! (તંબૂર સ્વર) (રાગાત્મક રાગે મુખ્ય ગાયક બોલે છે) હા રે મહરાઝ આઝ સૉંદા પાબુના વીદ વાગા હીવ રે. એ... સૉંદા પાબુના વીદ વાગા હીવેં. અનં હૂરિયા બૂરિયાના હીવેં. સૉંદા ભેગા હીવે. હા હા... એ ઘણા ફૂટરા ફૂટરા લાગા હેં! હા ને મહરાઝ વીદ વાગા તીયાર કરેં. અવણ પાબુઝી રઈન મખરે બોલે, એ સૉંદાઝી! નહીં ઢીલાંનાં કૉમ... ઢીલ કરે મોરું થાય. હા રે ગૉમમાં ઝણ ફરી આવ. આખા ગુઝણિયામાં ઝણ ફરી આવ. દરઝી, મોસી, તૂરી, તરગાળ. હારે ટેડ નં ડૂબ... હવેળમાં ઝાઈન બત્તાંન લેઈન, હા રે કોઈ કેંરે રેંઝો માં. કોરીન તારવી, હા રે આથીની અંબારીએ. હારે ઝાઈએં રે ઝાઈએં બાઈનું મૉમેરું લેઈ. હા રે... વેવાંણે અલકા ગણા; અલકા ગણીન મેંણાં મારાં. હા... રે મેંણાંનાં મૉમેરાં લેઈ ઝાઈએં. એ કૉયકણ લાફી ઝમારહેં. હા રે લાફી ઝમીન પાસા આવતા રેં હું. એ મહરાઝ રે સૉંદો રાઠોર હેં, એ લાંબી ડાંગ આથ લે. હોનાની સાંખરીઓ પૅગે ઘાલે. ખેરિયો થકો ઝાયે... હોરો રેં હુંકારાંના દેનાર; ઝુગ ઝાય ને વારતા હાલે. ખમ્મા ઝીવતા રો...



ઝણ ફર રે પૉણ સૉદરિયો,
ઝણ ફર રે પૉણ...
એ... ગુઝણિયામાં ઝણ ફરવા લાગિયો... રા...ઝી...

કેંરે કેંરે ન ફર રે પૉણ સૉદરિયો,
કેંરે કેંરે ન ફર રે પૉણ...
હૉંપળઝો બૉતમિયો મારી વાતને... રા...ઝી...

મૉમેરે ઝાયેંન રે પૉણ બૉતમિયો,
મૉમેરે ઝાયેંન રે પૉણ...
મૉમેરાં કરી ન પાસા આવિયેં... રા...ઝી...

તેમાં કેંર માં રેંઝો રે બૉતમો,
તેમાં કેંર માં રેંઝો રે પૉણ...
આપણે મૉમેરાં કરી ન પાસા આવિયેં... રા...ઝી...

ઉપલે ફળે ફર ને રે પૉણ સૉદિયો,
ઉપલે ફળે ફરને રે પૉણ...
ગુઝણિયામાં ઝણ ફરવા લાગિયો... રા...ઝી...

કેંર રે આવિયો રે પૉણ સૉદિયો,
કેંર રે આવિયો ને રે પૉણ...
ઝણ રે ફરીને કેંર આવિયો... રા...ઝી...

હા રે સૉદો રાઠોર હેં, લાંબી ડાંગ આથ લેય. હોનાની સાંખરિયો પૉગે ઘાલે. ખેરિયો થકો ઝાયે. હા રે... ગૉમમાં ફરી ફરી ન વાતો કરે, એ... ભઈયા? નહીં રે ઢીલાંનાં કૉમ. ઝટ ઝટ આવઝો ઉગતી ફઝારમાં બત્તા ભેળા થાઝો... હારે... કૉસી, મોસી, તૂરી, તરગાળ. હારે કોઈ કેંર રેંઝો માં. ઝાવું રે ઝાહેરિયામાં. હારે મૉમેરાં કરી ન આવિયેં. હા... ને લાફીઓ ઝમી આવિયેં. હા રે મહરાઝ આખા ગૉમમાં ઝણ ફરે. ખેરિયો થકો કેવો આવે!



ભલા રે ઝીવતા. (તંબૂર સ્વર) એ... આવ રે વાદળ મેંલાંમાં. હારે અઝ્ઝર બઝ્ઝર રાતો કાટેં. હાને સૉડે કુકરિયેં રોળ. હારે ફેં ફાટે પરભાત થય. કૂદી કૂદી બેઠા થય. હાને ઝંગળ લોટિયાં આથ લેય. ઝંગળ ઝારી ફીરી પાસા આવેં. હા... રે કાસી કણિયોરનાં દાતુણ મૉરે. હા રે... મહરાઝ રે દાતુણ કુલ્લા રાળે. હારે દાતુણ ફારે. હારે... આથ ધોયે, પૉગ ધોયે. ઉગતા સુરઝ ઑદે. મા બાપનાં નૉમ લેય. અનં મહરાઝ રે રાઠોર હેં...

હણગાર મૉડન રે પૉણ રાઠોર,
હણગાર મૉડન રે પૉણ...
સોપતા રે સોપતા રે હણગાર મૉડિયા... રા...ઝી...

વીદ વાગા પેરે ન રે પૉણ રાઠોર,
વીદ વાગા પેરે ન રે પૉણ...
વીદ વાગા રે પેરવા લાગિયા... રા...ઝી...

હોનું પેરે રૂપું ન રે પૉણ રાઠોર,
હોનું પેરે રૂપું ન રે પૉણ...
હોનું રૂપું પેંરવા લાગિયા... રા...ઝી...

માથે રાઠોરી પાગ રે પૉણ રાઠોર,
માથે રાઠોરી પાગ રે પૉણ...
માથે મેલે રાઠોરી પાગન... રા...ઝી...

એકી રાતના ઝલમેલા રે પૉણ રાઠોર,
એકી રાતના ઝલમેલા રે પૉણ...
એકીસ રે ઓળીના ઢુઢિયા... રા...ઝી...

એકીસ ઓળીના ઢુઢિયા રે પૉણ રાઠોર,
એકીસ ઓળીના ઢુઢિયા રે પૉણ...
એકીસ રે રાતેના ઝલમેલા લાગિયા... રા...ઝી...



ઉગતા સુરઝ રે પૉણ બૉતમો,
ઉગતા સુરઝ રે પૉણ...
હા હા... ઉગતા રે સુરઝ ઝૉખા ઝાય રે... રા...ઝી...

ઘણા કૂટરા ન રે પૉણ રાઠોર,
ઘણા કૂટરા ન રે પૉણ...
ઉગતા રે સુરઝ ઝૉખા ઝાવિયા... રા...ઝી...

ઑકળી મૂસાંન રે પૉણ રાઠોર,
ઑકળી મૂસાંન રે પૉણ...
મૂસાંના અમોળા ઑખિયે અડિયા... રા...ઝી...

હા... દેસના દીવલા ન રે પૉણ રાઠોર,
દેસના દીવલા ન રે પૉણ...
ધન... રાઠોર રે કેંવરૉણા દેસના દીવલા... રા...ઝી...

મૉટી મરહેં રે રાઠોર,
મૉટી મરહેં રે પૉણ
મૉટી મરહેં ન ધાકલો પરહેં... રા...ઝી...

ભલે ઝલમા ઈરાં ન રે પેટ રાઠોર,
ભલે ઝલમા ઈરાં ન રે પેટ...
ઝલમની દેનારી હોરી રેવઝો... રા...ઝી...
હા... હા...ઝી...

પરિયાના દીકરા ન રે પૉણ પાબુઝી,
પરિયાના દીકરા ન રે પૉણ...
ઘણી રે હોરી ઝણનારી રેંઝો... રા...ઝી...
હા... હા... ઝી...



વારીઓના ભમરા રે પૉણ મૉટિયો,
વારીઓના ભમરા રે પૉણ...
એ ફરી રે ફરીન હોરમ લેવિયો... રા...ઝી...

રાઠોર એ હોળૈયા હણગાર મૉડે. હાને હીરકાંનિયાં ધોતિરાં પેરે, હાને મહરાઝ વીદ વાગા પેંરે. રાઠોરી પાગ માથ બૉતેં. હા રે... હોના ને રૂપાના મૉડે હણગાર હોનું પેંરે રૂપું પેરે. હા ને ઉગતા સુરઝ ઝૉખા થય. એકી રાતના પાઈ હેં. એકી ઓળીના ઢુંઢિયા. એકી રાતના ઝલમેલા. ભલે ઝલમા ઝણનીના પેટ. ભલે ઝલમા ઈરા પરિયાન પેટ. હા રે મહરાઝ સૉદોન પાબુ, પરિયાના દીકરા. હૂરિયો ન બૂરિયો, ઉબો ન ઢેબો, હારે મોરસંગ રૉણીના દીકરા. ઝણે તો ઝણ હીરા. નહીં તો રહેઝે કરમાં વૉઝણી. એ ઝલમની દેનારી, ઝણ તો હૂરા નર ઝણઝે; નહી ં તો રેંઝે કરમાં વૉઝણી. હારે... રાઠોર કેંવરાંણા દેસના દીવા... હારે રાઠોર કેંવરાંણા ઘરાંના વાઘ. મરદે માય્યા ન વરખે સાય્યા. હારે મૉટી વગળ ધાકલો પરહેં. (તંબૂર સ્વર) તે... મરહણે તરહણે હૂરા નર. ભલે આવી રે મૉટિયાંની વાત. હારે... મૉટી મરહેં ડસકારા થાહેં. મૉટી મરહેં દેસ પરદેસમાં ધાકલો પરહેં. હા રે હગે હોઈયે ઓળખા નેં; ના ધરમમાં દેખાંણા ને; નાત પૉતમા કેંણે નેં ઓળખા; એવા ધરમના બેટા ફાટી પરઝો. એ તો ઝલમના મરેલા કેંવૉય... રોયેં રે કળહોન કટુંબ, રોયેં રે કાકા ન ભાઈ; ઑણી પેઢીમાં ધાકલો પરેં. હા... રે રૉંડો હેં તે વનારી વનારીન રોયેં, હા રે... તે દિ' કેંવાયેં મૉટી. હાર... બાર ગૉમે નેં ઝૉણા કેં નેં ઓળખા. બેહેં નેં (તંબૂર સ્વર) એ... વળી હણગાર મૉડે રાઠોર. એ ઉગતા સુરઝ ઝૉખા ઝય. હારે એકી રાતના ઝલમેલા, એકી ઓળીના ઢુઢિયા. હા રે સૉ ભાઈ હેં તે હોળૈયા હણગાર મૉડે. એકી અવારે ઊપા થયે. હા રે... કોરાંના હૉણેસા ન વાત કરેં, એ... હૉણેસો નહીં ઢીલાંનાં કૉમ. હારે કોરિયે સમાંન મૉડાં. હારે... અવણ તૉણી તૉણી તંગ ભીરા. હોળૈયો હણગાર કોરિયોન મૉડાં. ઉલાણિયાં લગાંમ ઘાલાં. હા રે મહરાઝ સોના રૂપાના મૉરવા કાલા... હા ને કોટમાં કૂગળા બૉત્યે. હારે... ઘણી ફૂટરી કોરિયો હણગારેં. હોને રૂપે હણગારેં... હારે... હોના રૂપાનાં ફૂલાં પેરે. હા રે એતણિયાં કેવા મેળાવા



કરે ! (તંબૂર-સ્વર) તે... હારે ગૉમના મોટિયાર બધા ભેળા મળે. મૉણકસૉકમાં આવેં. હા રે સૉદરિયો હેં તે મખરે બોલે, એ આદમી ગોવાળિયો? નહીં ઢીલાંનાં કૉમ. ઢીલ કરેં મોરું થાય. ઝટઝટ પલવાં. હા રે ઈરાંઝવાંનાં બાળદ હેં તે પોઠિયા લાદાં. અનં ખેરિયા થકા એંડાં. અરે મહરાઝ તૂદળી ઉડે રેતો. કેંતે લાગી વાર. ઝટ ઝટ હેં તે અવણિયાં કેવી બાળદ લલકારે! સૉદો પાબુ કોરિયો ખેલેં, કોરિયો રમારેંન ઝય, પૂઠણ તો આથીએ ન ઊટે મૉનવી આવેં... કોરે ને પાળે, હઉ ઝય રે બાઈન મૉમેરે... ખેરિયા થકા ઝય... આવે રે ઝાયેરિયાની વાટે. હોરો રે હુકારાંના દેનાર; ઝુગ ઝાય ન વારતા હાલે. ખમ્મા!

કોરીઓ રમારે રાઠોર રા...
કોરલી રે રમારે ઝાવા લાગિયાં... રા...ઝી...
હા... હા... ઝી...

એ'લા ઊગતા હુરુઝ ઝૉખાન ઝૉયન રા...
હોહો! ઊગતા હુરુઝ ઝૉખાન ઝૉયન... રા...ઝી...
હા... હા...ઝી...

તૂદળી તૂદળી રેતો ઊડે રા...
તૂદળી રે તૂદળી રે રેતો ઊડિયો... રા...ઝી...
હા... હા... ઝી...

હાહા ઉંબર રે સુબરાંની હેરિયે રા...
ઉંબર રે સુંબરાંની હેરિયે આવિયા... રા...ઝી...
હા... હા... ઝી...

એ તો ઝાયેરિયે આવિયા રે રાઠોર રા...
ઝાયેરિયાના મારગે આવણા લાગિયા... રા...ઝી...
હા... હા... ઝી...

હરિયા વાગાંમાં રે પૉણ રાઠોર,



હરિયા વાગાંમાં રે પૉણ...
એ હરિયા રે વાગાંમાં કેવા આવિયા... રા...ઝી...

ડેરા તૉણ ન રે પૉણ રાઠોર,
ડેરા તૉણ ન રે પૉણ...
હરિયા રે વાગાંમાં ડેરા તૉણિયા રા...ઝી...

હા મહારાઝ રે ખેરિયા થકા આવેં. આવેં રે આવેં ઝાયેરિયામાં... હારે હરિયા વાગાંમાં આવેં. હારે હરિયા વાગાંમાં ડેરા તૉણે... એ... ડેરા તૉણીન અવણિયાં વાટો ઝુએ. ખમ્મા રે વાટ ઝોતે રાત પરી... હારે મહરાઝ દનરા ગિયા ડાવે ડુગરે... હૂરલા ગિયા હોવન માળિયે. હૉજિયા વખત થાયે... હાને રાઠોર હેં તે કેવા હૂતા! હરિયા વાગાંમાં હૂતા... હા રે મહરાઝ સૉડી કુકરિયે રોળ. ફેં ફાટને અઝવાળે... હારે... કૂદી કૂદી બેઠા થયે. હારે મહરાઝ રે અવણ ઝંગળ લોટી આથ ઝાલે અનં ઝંગળ ઝારી ફરવા ઝયે... ખમ્મા... એ ઝંગળ ઝારી ફરવા રાઠોર ઝય. ઝંગળ ઝારી ફરી પાસા... હા રે કાસી કણિયોળનાં દાતુણ મૉરે... અરે મહરાઝ સૉદો રાઠોર હેં, દાતુણ કરે ન બગીસાંમાં ફરે, હારે એવામાં ન અવણિયાં માળણ હેં, હા તે હોળૈયા હોળૈયા હણગાર કેવી મૉડે!



કૂદીન બેઠાં ઓઈયાં રે પૉણ માળણ,
કૂદીન બેઠાં ઓઈયાં રે પૉણ...
હોળૈયો હણગાર મૉડવા લાગિયાં... રા...ઝી...
હા... હા...રા... ઝી...

હોળૈયો હણગાર રે પૉણ માળણ,
હોળૈયો હણગાર રે પૉણ...



એ હોળૈયો હણગાર મૉડવા લાગિયાં... રા...ઝી...

એ કેંરાં પરમાંણ રે પૉણ માળણ,
સારણો પેર રે પૉણ...
સાથી પરમાંણ કૉંસુઓ પેરિયો... રા...ઝી...
હા... ઝી...

હોળૈયો હણગાર રે પૉણ માળણ,
હોળૈયો હણગાર રે પૉણ...
હા હા... હોળૈયો હણગાર મૉડવા લાગિયાં... રા...ઝી...

વાળે વાળે મોતી હારે રે પૉણ માળણ,
વાળે વાળે મોતી હારે રે પૉણ...
દેઈયાં રે પરમાંણ હાળુલો ઓઢિયો... રા...ઝી...

સોનાની સાબો ન રે પૉણ માળણ,
સોના સાબો ન રે પૉણ...
હાહા રૂપાની એંકરોળો આથાં ઝાલિયાં... રા...ઝી...

આવી હરિયાં વાગાં રે પૉણ માળણ,
આવી હરિયાં વાગાં રે પૉણ...
હરિયા રે વાગાંમાં આવણા લાગિયાં... રા...ઝી...

ઝોઈ ઝોઈ ફૂલરાં વેંણતી રે પૉણ માળણ,
ઝોઈ ઝોઈ ફૂલરાં વેંણ રે પૉણ...
રૂપાની એંકરોળે ફૂલરાં વેંણિયાં... રા...ઝી...

દાતુણિયાં ડૉળ ન રે પૉણ સૉંદરિયો,
દાતુણિયાં ડૉળ ન રે પૉણ...
સૉંદરિય દાતુણિયાં લેવિયાં... રા...ઝી...



વાતાં સોળ ન રે પૉણ સૉંદરિયો,
વાતાં સોળ ન રે પૉણ...
હૉપળ કેં બેંનરી રે મારી વાતને... રા...ઝી...

કેમહી આવેં ન રે પૉણ બેંનરી,
કેમહી આવેં ન રે પૉણ...
કેંમહાં રે આવો ન કેંમે ઝાવન... રા...ઝી...

ફૂલરાં વેંણવા આવી રે પૉણ રાઝા,
ફૂલરાં વેંણવા આવી રે પૉણ...
ફૂલરાં રે વેંણવા રે અમે આવિયાં... રા...ઝી...

ફૂલરાં ન હું કરહાં રે પૉણ માળણ,
ફૂલરાં ન હું કરહાં રે પૉણ...
ફૂલરાં ન વેંણીન હુંય કરહાં... રા...ઝી...

સોહર ગઠિયન રે પૉણ બૉતમા,
સોહર ગઠિયન રે પૉણ...
હાહા અળખી રે કાઝી ને સોહર ગઠિયે... રા...ઝી...

રીઝમોલ આલન રે પૉણ અળખું,
રીઝમોલ આલન રે પૉણ...
બૉતમા ધરમ રે પૂઝારાં અમે કરિયે... રા...ઝી...

હાઉ હોનાના મૉર રે પૉણ સૉંદિયો,
હાઉ હોનાના મૉર રે પૉણ...
હોનાના મૉર રે આલવા લાગિયો... રા...ઝી...

મનમાં રાઝુ ઓયાં રે પૉણ માળણ,
મનમાં રાઝુ ઓયાં રે પૉણ...



એ મનમાં રે રાઝુ રે ઓવણા લાગિયાં... રા...ઝી...

(તંબૂર સ્વર) તે ભાઈયા... હા તે સૉંદો રાઠોર હરિયા વાગાંમાં દાતુણ તોળે ન ફરેં. હારે મહરાઝ માળણ બાઈ હેં. એ સોપતા હણગાર પેરે. હારે સારણો પેરે. હા રે મહરાઝ ઢુગા પરમાંણ ફેટિયું પેરે. હારે બાઈ કૉંસુઓ પેરે... ગળે હાર સીર પેરે. ઑંખિયેં કાઝળ રાળેં. હા તે ખેરિયે થકી અવણિયાં માળણ હેં તે વીસાર કરે.. મનમાં વીસાર માળણ કરે. એ હોનાની સાબો લેય... રૂપાની અકરોળ લેય. હા ને મરવાનાં અટુણાં માથે મેલે... હા રે બાઈ તો રમઝમ કરતી આવેં. આવે રે હેરી બઝરાંમાં. હા અગલા કૂલા અગળ રાખેં. વૉહલા કૂલા હૂકા રાખેં. હારે ઠમકે ઠમકે માળણ હેંડે... હા રે પૂરુબ દેસના પવન વાઝેં. પાગી ટુકરો થઈ ઝાયે... કાસીનું કરપલું; વાજિયાં ગઑની પેંડ, સોંપી પેયાળ ઝાયેં. હારે મહરાઝ આવે રે હરિયાં વાગાંમાં. હારે ફરી ફરી ફૂલ વેંણે. હારે રૂપાની અકરોળે ફૂલ પારેં. હા ને સોનાની સાબો ભરે. ખમ્મા... (તંબૂર સ્વર) તે... ફૂલ તોરે ને સૉંદિયો વાતો કરેં. માળણ ફૂલરાં વેંણે.. હા ને સૉંદિયો મખરે બોલે, એ બાઈ હું કરે હેં ને? હા... ફૂલ વેંણીન હું કરહૉ? હા રે સોહર ગઠિયેં ન વીરા! હા રે બાઈ સોહર ગઠીન હું કરાં? હા તે અમે તો સોહર ગઠીન અળખું માઝીન પેરાવીએ... એ અળખું માઝી રીઝમોલ આલેં... અનં અમાર પેટિયું ઊપું થાય ભાઈયા. એ સૈયાં ડોઆ ભેળાં થાય. હા રે મહરાઝ રે સૉંદો રાઠોર આપ ઝેવો આદમી હેં... મોટાં ધણિયાંની મોટી વાત. ગુણતી ખોલી હાવ હોનાના મૉર લેં. પેંહ ભરીન મૉર લેં... હા રે લેઈન આવેં. માળણ કનેં. હા રે માળણન મોતી આલે. એ માળણ ઝૂલરીના સેરામાં લેય. હા ને માળણ આહતે મુઢે થઈ ગેઈ. એ વીરા હારે કૉય રે થારાં કૉમ? એ બાઈ થારી અળખુંરી વેવાંણને એતરું કેંઝે, એ રાઠોર કાલના મૉમેરે આવા હેં... નહીં ઢીલાંનાં કૉમ. હુરુઝી પોળોમાં હૉમેરાંની વાટ ઝોયેં. હા ને ટીલે ટબકે ઝટ દેઈન ઝા... એતરો હઝાસાર તું આલે, એ વેવાંણ અળખું ને એતરું કેઝે તું ઝટ દેઈન આવે... એ... માળણ તો ફૂલાં વેંણવાં પલાં રે. હાને સોનાની સાબો લેય અનં અકરોળો લેય... ખાલી માલી ધૉમેં... હા રે આવેં હેરી બઝારાંમાં. હા રે ધરમર સરેં વાદળ મેંલ. હા રે



મહરાઝ રે અળખુંના મેંલે કેવી આવે! હા રે મહરાઝ રે માળણ હેં તે વાતો કરે, માઝી રે માઝી! પલેં આવે સોરીઓ હરખી વાત... માળણ વાતો કરે... અનં અળખું કૉનિયા મૉડે... હોરો રે હુંકારાંના દેનાર; ઝુગ ઝાય ન વારતા અગળ હાલે.

વાતાં સોળ ન રે પૉણ માળણ,
વાતાં સોળ ન રે પૉણ...
એલે હૉપળઝે માઝી મારી વાતને... રા...ઝી...

નવલી વાતો લાવી રે પૉણ માઝી,
નવલી વાતો લાવી રે પૉણ...
વનાંખડાંની રે વાતો રે લેઈને આવિયાં... રા...ઝી...

ગૉણાં ગાવાની રે પૉણ માઝી,
ગૉણાં ગાવાની રે પૉણ...
એ આહવા રમણાની વારતા લેઈન આવિયાં... રા...ઝી...

નાસવા રમણાની રે પૉણ માઝી,
નાસવા રમણાની રે પૉણ...
નાસવા રમણાની વાતો લાવિયાં... રા...ઝી...

માળણ મખરે બોલ રે પૉણ માળણ,
માળણ મખરે બોલ રે પૉણ...
એ... હૉપળ રે માઝી મારી વાતન... રા...ઝી...

હૉમેરે આયા ન રે પૉણ રાઠોર,
હૉમેરે આયા ન રે પૉણ...
હોનાનાં બેરાં મેલીન રાઠોર આવિયા... રા...ઝી...

ટીલાં ટબકાંની રે પૉણ માઝી,



ટીલાં ટબકાંની રે પૉણ...
ટીલાં રે ટબકાંની વાતો લેવિયાં... રા...ઝી...

વનાં ખડાં ને ઝાયે રે પૉણ માઝી,
વનાં ખડાં ને ઝાયે રે પૉણ...
હાહા... મૉમેરાંના હૉમેરે અમે ઝાઈયેં... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ અળખું,
વાતાં સોળ ન રે પૉણ...
હૉપળઝો સોરીઓ રે મારી વાતન... રા...ઝી...

આપણ હૉમેરાં ન ઝાય રે પૉણ સોરિયો,
આપણ હૉમેરાં ન ઝાય રે પૉણ...
હુરઝી રે પોળોમાં હૉમેરે ઝાઈયેં... રા...ઝી...
હા...હા...ઝી...

સોપતા હણગાર મૉડ રે પૉણ અળખું,
સોપતા હણગાર મૉડ રે પૉણ...
ઝટ દેઈ હૉમેરાં લેવા લાગિયાં... રા...ઝી...

(એક સહાયક એ'લી એ કેમ વાતો કરવા ઝૂતી હેં?

મુખ્ય ગાયકઃ અ...હા...)
ટૂટાં ફાટાં ન રે પૉણ અળખું,
ટૂટાં ફાટાં ન રે પૉણ...
ટૂટાં ફાટાં પેરણાં પેરવા લાગી... રા...ઝી...
હા...હા...ઝી...

હારે અળખું માઝી હેં, હા તે મુઢું મલ્લે. કૂદીન ઢોલિયાહી બેઠી થાયે. સોરીઓન વાત કરેં, એ... લાલીન ફૂલી, રેંમલીન તેમલી. એ બાઈઓ ઠમકું



ન ઝમકું, લાલી ન લીલી. હારે નહીં રે ઢીલાંનાં કૉમ. તમે મનં પાસળ પાસળ થઈ ઝૉ ક'લી સોરિયો! હારે વેવાંણ હેં...ઘાટ કરાવીન માળો પેરે. હા ને ટૂટેલો કેંહલો પેરે. એ ટૂટાં કપરાં પેરે. હા ને મહરાઝ રે નવલાખની હાળી માથેં હેં. હાળી માથાહી નૉખી દેં. હા ને ટૂટેલું ઓઢણું ઓઢેં. હારે ટૂટેલો કૉસુઓ પેરે. હા રે ઓળીનો વેહ. હોળીની ઝરખું થાયે. ખમ્મા. (તંબૂર સ્વર) એ અળખુંએ તો તોફો મૉડો. હા રે મહરાઝ રે રાઠોર હેં, સોપતા સોપતા હણગાર પેરેં. હા રે દાતુણ કરેં, કુલ્લા રાળેં. આથ ધોયેં, પેંગ ધોયેં... ઊગતા સુરુઝ ઑંદે. મૂઆં બાપનાં નૉમ લેય... હા રે મહરાઝ રે હોળૈયા હણગાર મૉડે. હા રે વીદ વાગા પેરે. હા રે ધોતીરાં પેરે. રાઠોરી પાગો માથે બૉતેં. હા રે હોના રૂપાના હણગાર મૉડે. ઊગતા સુરઝ ઝૉખા થયે. હા રે મહરાઝ રે હોળૈયા હણગાર રાઠોર મૉડે. હા ને અવણિયાં કોરિયોના માથે અસવાર થયે... ભાઈ હેં... પાટવી પાબુઝી અગળ થાય. કેહોર કારમી કોરિયે અસવાર થાયે. હા ને કોરલી તૉણે. હારે હુરઝી પોળોમાં આવેં. હા રે પૂઠ ફૂલવસેરે સરે સૉદાઝી. હા રે કોરિયો રવારેં આવેં... હા રે પાબુઝી વૉહળ સૉદોન... સૉદાઝી વૉહળ ઢેબોઝી. વૉહળ હૂરિયો ન બૂરિયો. હેકઝીન ટેકઝી... કૉય કેંવાની વાત નેં... હા રે એકી રાતના ઝલમેલા. હાને એકી ઓળીના ઢુંઢિયા. હા રે મહરાઝ ઊગતા સુરઝ ઝૉખા ઝય. હા રે રાઠોર આવે રે હુરઝી પોળોમાં. હા રે એકી અવારે કેવા ઊપા રેં... ખમા (તંબૂર સ્વર) તે અળખું વેવાંણ હેં... ટીલે ન ટબકે આવેં. હા રે ફૂટેલું ધેપું લેં. માથેં કરેં. હા રે મહરાઝ રે રાઠોર હરખો એવો ઝેવો તેવો કકુ લેય... હા રે ખેરિયે થકી આવેં. ગીતાં ગય ને આવેં. હા રે સોરિયો બાપરી ગીતો ગય. વીદ ગીતાં ગય. હા રે રૉંડે કરું રે ઍણા કપાળ ઝેવું. એવી રૉંડોનું નખોદ ઝાઝો. ધરમર ઉતરે વાદળ મેંલ. એ... હુરઝી પોળોમાં આવેં... હા રે મહરાઝ રે કેહોર કારમી ઘોલ્લીય પાબુઝી સરો હેં... તે મહરાઝ! તે પાટવી પાબુઝી મનમાં વીસાર કરે... ઓય થાર આઈનું આ વેવાંણે હું તોફો કરો? ખોટું આવું ઝગમાં કૉમ. હોના રૂપાનાં દૉણ કરવાં. હા ને લાફી ઝમવાની આસા અતી. આને વેવાંણે હું કળા કાલી? આ હું વેહ કાઢીન આવેં? હા રે વેહ થો! એ પાબુઝી હેં,હા રે અગળ થઈ ન ઊપો રો. હા ને વેવાંણ ટીલે આવી... હા ને



સોરિયો પાખળ પાખળ ઊપી. હા તે મહરાઝ રે થાળ આથમાં લેય. હા રે અળખું ટીલે કેવી આવે! હા ને અળખું વેહ કાઢીન આવી. અળખું ઝરખું થઈ આવી. દેખ મારા ખેલ. એ... કારમી કેસર કોરલીન પૂસરે ટીલું કરેં. સૉંદો રાઠોર હેં. થર થર દેઈ તુંઝે. હા ને અવણ વાતો કેવી કરે!

કોરલીન પૂસરે ટીલાં કરેં રા...
કોરલીન પૂસરે રે ટીલાં તૉણિયાં... રા...ઝી...
હા...હા...ઝી...

એ પાબુન કૂસિયાંમાં ટીલાં કરેં રા...
કૂસિયાંમાં રે ટીલાં કરવા લાગિયાં... રા...ઝી...
હા...હા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ સૉંદરિયો,
વાતાં સોળ ન રે પૉણ...
હૉપળઝે વેવાંણ મારી વાતન... રા...ઝી...
હા...હા...ઝી...

એ હૂકા તૉણ ન રે વેવાંણ,
હૂકા તૉણ ન રે પૉણ...
કોરીન પૂસરે રે ટીલાં તમે તૉણિયાં... રા...ઝી...
હા...હા...ઝી...

એ અલકા ગણા ન રે પૉણ તેમાંય,
અલકા ગણા ન રે પૉણ...
ગૂસિયાંમાં ટીલાં અમાંન તૉણિયાં... રા...ઝી...
હા...હા...ઝી...

મખરે બોલે ન રે પૉણ અળખું,
મખરે બોલે ન રે પૉણ...



હૉપળઝે સૉંદરિયા મારી વાતન...   રા...ઝી...

ખોટું આવે ન રે પૉણ વેવાંણ,
ખોટું આવે ન રે પૉણ...
ખોટું રે આવેં ઝગરામાં કૉમ...   રા...ઝી...
હા...હા...ઝી...

(એક સહાયક ગાયકઃ એ ખમ્મા!
મુખ્ય ગાયકઃ ખમા!)
વણઝારાં મારાં ન રે પૉણ સૉંદિયા,
વણઝારાં મારાં ન રે પૉણ...
વણઝારાં મારી ન સેહાગ લઈયેં...   રા...ઝી...

હાહા... હૂનાં રે દેવરિયાંના પૉણ સૉંદિયા,
હૂનાં રે દેવરિયાંના રે પૉણ...
હૂનાં રે દેવરિયાંના સોરન...   રા...ઝી...

સોરેલાં ડાયસાં ન રે પૉણ સૉંદિયા,
સોરેલાં ડાયસાં ન રે પૉણ...
સોરેલાં ડાયસાં કરવા આવિયો...   રા...ઝી...

મુટું હપાળી બોલે રે પૉણ વેવાંણ,
મુટું હપાળી બોલે રે પૉણ...
ખારા રે લાગે ન રે મૉટિયાં ન બોલ...   રા...ઝી...

હૂરો ન હઝમોલ રે પૉણ બૉતમા,
હૂરો ન હઝમોલ રે પૉણ...
એ’લા વેરાઠ રે નગરીમાં રાઝ કરિયાં...   રા...ઝી...

એ’લા માથાં લેઈન આવઝે રે પૉણ સૉંદિયા,



માથાં લેઈન આવઝે રે પૉણ...
સૂની રે પોળોમાં લેવા લાગિયાં... રા...ઝી...

એ વખરાં પારાં ન રે પૉણ અળખું,
વખરાં પારાં ન રે પૉણ...
હાહા વખરાં રે પારિયાં ન... રા...ઝી...

એ દેખઝે વેવાંણ રે ખેલ મારા,
દેખઝે વેવાંણ રે પૉણ...
એ દેખઝે રે મૉટિયાં રે વાળા ખેલને... રા...ઝી...

(તંબૂર-સ્વર) હા ઈરાં ઝવાંની બાળદ લેઈન આવા. મૉણકન મોતી.ઈરા નં ઝવેંર. હા રે કૉય કેંવાની વાત નહીં. હા ને તું રાઝુ થવાના બદલે કેમ ઉખળાઈ કરેં? હા રે મહરાઝ રે અળખું રઈન મખરે બોલે, સૉદાઝી! કોરાં ઢીલાં મેલે. વતારે બોલે તો ઠીક નેં આવેં... વેવાંણ! એ કેંમ અમાંન અલકા ગણે? હા ને કેંમ નખાના અમાંન કથિર બરોબર કરી નાખા? દેસનો દીવો માર પાબુઝી! પાબુઝીની ગૂસીમાં ટીલું તૉણું! હા રે બૈઈરાનું પાપ લાગે નકર ઑણી કરી ટૂમો દઈન તાળવું ફોરું. હા ને તું ઑમ કેંમ વાતો કરે? અરે મહરાઝ રે અળખું રઈન મખરે બોલે, સૉદાઝી! મેં ઝૉણા રે તનં ટણકા... હા રે પેલું લાખું વણઝારું મારી અનં થારા મુઢાનું બાળદ આવું હેં... હૂની ટોગરીઓના સોર... ધીમું ધીમું બોલ. હા ને પાસપુદા પૉગે પાસું પરું ઝા... હા ને તું કેંણાંન ટૂમો દેઈન તાળવું ફોરે? હા અને મારા હૉમું તું કેંમ વાતો કરે? એ... વેવાંણ નં વેવાઈન કઝિયો લાગો. ધમકો ઉડો રે હુરઝી પોળોમાં... ખોટું આવું રે ઝગમાં કૉમ. હારે મહરાઝ રે સૉદો રઈન મખરે બોલે, એ વેવાંણ? ખારા લાગ રે મૉટિયાંન બોલ. મુટું હપાળીન બોલ... હા ને કેંમ તું અલકા ઝૉણા અમાંન? અમે ગડ ગેંઝુઆનું રાઝ કરિયેં... મૉટી કેંવાયેં દેસના દીવા! હા રે મૉટી કેંવાયેં ઘરાંના વાઘ! હા રે મહરાઝ રે કેમ તું અલકું બોલે? હા તે વેવાંણ રઈ મખરે બોલેં, સૉદરિયા! હું ને તે સૉદરિયાના ખેલ! હા રે આલેલાં ડાયસાં કેંરમાં રાખાં! હા ને થાર બેંનને તેં ડાયસું આલી હકું નેં. હા ને



મેંઠાની બાળદ લેયન આવું હેં! તે ધીરું ધીરું બોલ... મેં ઝૉણું તે પરું ઝા...હા રે મહરાઝ રે સૉંદો રઈ મખરે બોલે, એ વેવાંણ? નખ્ખા હેં તે અમાંન એંમ કેંમ બોલેં હેં'લી? મુટું હપાળી ન બોલે કેં... મૉટિયાંન લાગેં ખારા બોલ. ઑણી કરી અવણાં ગોફણ વેંઝવેં એંમ વેંઝવો! હા ને બાર ન બાર સવીસ ગાઉન માથે પારું! કેંમ તું ઑમ બોલે? (ભાર દઈને બોલે છે) (તંબૂર સ્વર) એ સૉંદાઝી? ટણકો એં તો મેં તનેં નેં ઝૉણો! હા ને ટણકો એંતો પરો ઝાઝે વેંરાઠમાં. હા રે તું તો બાપરા હૂની દેવરિયોના સોર! મારા બૉતમિયા હૂરા નં હઝમોલ. વિરાઠ નગરીમાં રાઝ કરે. હા ને મારા ભાયાંનાં માથાં લાવેં. હા નેં મારાં ભાયાંનાં માથાં થાળીઓમાં મેલી આવે. વાઝમી વૉલાંમાં મારી પાબીઓન મેલી આવે. હા રે ખોળામાં માથાંન તું લઈ આવેં. તે દિ' તનં ઉં હુરઝી પોળોમાં હૉમેરાં કરું. હા ને હમાં ટીલાં તૉણું! કકુવટીએ ઝોવાર કરું, સોખલિયે વતાવું! (તંબૂર સ્વર) તે કઝિયારી રૉડોનું ઝાઝે ખરિયાન ખોર! વાલાના વિઝોગા પરાવા. સેંનાવળી રૉડોનું ખરિયા ન ખોર ઝાઝો! હા રે કળા કલાંમણી, મૉટિયાં મરાંમણી, હા રે અળખું હેં ભૂંડા ખેરાની. હા રે મહરાઝ રે રાઠોર વાતો કરેં. મૂસેં ડાકોરા મૂકેં... હા રે મહરાઝ રે સાથીમાં હેરરા પરેં. ખોટું આવું રે ઝગમાં કૉમ. આ કેંમહી ઝાહેં ન? હા ન આ કેવું થાહેં? હા રે મહરાઝ રે અળખું વેવાંણ હેં ભૂડા ખેરાની. એ... રાઠોરાંન મેંણાં મારેં. હા રે મહરાઝ રે સૉંદો ન પાબુ રાઠોર, હા રે તૉણે કોરાંની વાગ. હા રે અરિયા વાગાંમાં પાસા ઝયે. હા રે હોરો રેં હુંકારાંના દેનાર... ઝુગ ઝાય ન વારતા અગી હાલે...



ખેરિયા ખેરિયા ન રે પૉણ રાઠોર,
હા રે દાંણિયા ફૂટી ફૂટી રોયે... એ રોતી રોતી એને કેંર ઝાય... હા રે વાળી વાળી ગોડિયો રોયેં... હા તે મૉગતું એવું મળે... હા રે લોયાંની પીનારી રૉંડો ફાટી પરઝો! હા રે અગલે ફેરે રાઠોર મૉમેરે આવા તેદિ' મૉમેરાં કરાં ઑંત તો આવું નેં થાંત! હા તે વેવાયાંન અલકુ અલકુ બોલી... હા ને માના ઝણા ભાઈ પરા મારા.. હા રે મહરાઝ રે રાઠોર હેં, હા રે તૉણે ઘોરાંની વાગ... હા રે આહતા થકા આવે રે ગુઝણિયામાં... હા તે ખય, પીએ મઝા કરે... ઘરી લાખની કાટેં. હા રે લીલી ન પીલી ઝાઝામેના માથે વરાઝ થય. હા રે વરલે સાય્યા ! હારે મહરાઝ રે મૉટી કેંવાંણા દેસના દીવા... હારે મોટી મનસુબાંની...કરે વાત હા રે મહરાઝ રે કેળવેલી ભૉગોના ઓકા પીએં... અમલાંનાં પોતાં ફરે... દારૂરાંની સાખો ફરે... હૂળાંની કૉબરિયો ફરે... હા ને ઢાલાંની કૉબિયે ઝાઝમો રાળે... એ હરદાર ગરમી ગરમી વાતો કરે. ખય, પીએં ન મઝા કરે... ગરમી ગરમી વાતો કરે રે કેંવાંણા લોયાંના પીનારા! હા રે મહરાઝ રે મરદે માય્યા, વરલે સાઈયા... હા રે મૉટી કેંવાંણા કેંરાંના વાઘ... તે હગે હોઈયે કેંણે ઝૉણા નેં... પૉસ પસમાં કોઈએ ઓળખા નેં... હા રે એવા નર ફાટી પરઝો! એવાંનું ઝાઝો ખરિયા ખોડ! એવાના મેડ ફાટી પરઝો! હા તે મહરાઝ રે રાઠોર હેં તે દેસના દીવા કેંવાણા. ઈરાં પરિયાના દીકરા... હા રે ઝલમતે વાઝા સોનાના થાળ! હોળમાં હોળમાં વાંઝાં વાઝાં! હા રે ઝલમ દેનારી ઘણી હોરી રેંઝો! હા રે મહરાઝ રે ખાય, પીએ ન મઝા કરે... હા રે દનરા ગણતે મઈના ઝય... મઈના ગણતે વરહ થાય... હા રે ઝુનાં વૅરાં બધાં ભૂલે ઝયે... હા રે મહરાઝ રે અવ અળખું હેં. હા ને ઝેંદરો ખેંસી હેં... હા તે ઝાયેરિયામાં ખય, પીયેં ન મઝા કરેં. હા રે મહરાઝ રે એકાદનરો સમાઝોગ... સમાઝોગનો માઝોગ આવો. હા તે મહરાઝ રે ઝેંદરો ખેંસી હેં... હા તે મનમાં વીસાર કેવો કરે! હોરો રે હુંકારાંના દેનાર. ઝુગ ઝાય ને વારતા હાલે. ખમા...





ઝેંદરો ખેંસી

વીસાર પરો મૉડ રે પૉણ ઝેંદરો,
વીસાર પરો મૉડ રે પૉણ...
હો! હો! મનમાં રે વીસાર રે મૉડવા લાગિયો... રા...ઝી...

ભલે આવી હૂરાં નરાંની વાત મૉટિયો,
ભલે આવી હૂરાં નરાંની વાત...
ભલે આવી'લા હૂરાં નરાંની વાત... રા...ઝી...

એ હપનું આવું ન રે પૉણ ઝેંદરા,
એ હપનું આવું ન રે પૉણ...
હા! હા! ગોતરનાં રે દેવ હપનામાં આવિયાં... રા...ઝી...

એ રમણા ઝાવું ન રે પૉણ ઝેંદરા,
એ રમણા ઝાવું ન રે પૉણ...
તનં હૂતે થકે નેંદરા કેંમ આવિયો... રા...ઝી...

અઝર વઝર કાટ ન રે પૉણ ઝેંદરો,
અઝર વઝર કાટ ન રે પૉણ...
ઓ! અઝર રે વઝર રાતો કાટિયો... રા...ઝી...

(ખોલરામાં કૂકડાંનો અવાજ)

ઝબકી ન બેઠો ઓય્યો રે પૉણ ઝેંદરો,
ઝબકી ન બેઠો ઓય્યો રે પૉણ...
અગર રે બતિયાં આથાં ઝાલિયાં... રા...ઝી...
ઝીવતા...!

(તંબૂર-સ્વર) તો મહરાઝ! ઓ મહરાઝ! હા તે ઝેંદરો ખેંસી હેં, હા રે મહરાઝ... હૂતે થકેં અવણિયાં નેંદ આવેં... હા રે પરતી માઝમ રાત... હા



તે હૂતો નેંદરા ઘોર... હા રે મહરાઝ રે હૂતા થકાને હપનું આવે... હપનાંમાં આવે રે ગોતરનાં દેવ... હા તે હૂતો થકો ન અવણિયાં ઝબકી બેઠો થાય. હા ને હપનું વાત કરે, એ ઝેંદરા? કેંમ હૂતો નેંદરા ઘોર? હા રે આપણે રમણા હરખા આદમી... હાગી રઝપૂતાંના દીકરા. હા રે ખતરીઑના દીકરા... હા રે રમી આવિયેં; ખેલી આવિયેં. હૂરી માટિયાંના ખનાર... હા રે હૂળાંની કૉબરિયો ફરે... હા ને દારૂરાંની સાખો ફરે... હા રે મહરાઝ રે હૂતે નેંદ કેંમ આવી એ ... આયરો હપનાંમાં આવેં... હા રે મહરાઝ રે ઝેંદરો ઝબકી બેઠો થાય. હા નેં અઝર વઝર રાત કાટેં... અરે મહરાઝ રે અવણિયાં ઝેંદરો હેં તે કૂદીન બેઠો થાય. ઝંગળ લોટો આથ લેય... હા રે મહરાઝ ઝંગળ ઝારી ફરી પાસો આવે. એ... કાસી કણિયોરનાં દાતુણ મૉરેં... હા રે કણિયોરનાં દાતુણ મૉરીન દાતણ કરીન આવેં... હા રે દાતુણ કરેં, કુળળા કરેં. ઊગતા સુરુઝ ઑદેં. માબાપનાં નૉમ લેય... હા રે મહરાઝ રે... અવણિયાં કર ખૉડે હઝાઈ કરેં. હા રે બુદી કોટની બદૂક લેય... હા ને ખૉડી ખૉડી બદૂક ભરેં. હા તે મહરાઝ રે... ઝેંદરાન તો આયરો હપનામાં આવો હેં. દેખાં રે મૉટી આયરો પૂરો ખાયરો! હા રે મહરાઝ રે અવણિયાં દેંનરા આવા ભેંર બપોર. હા રે દનરા નમણા આવા.. હા રે નમતા દનનો અવણિયાં કેવો હઝાઈ કરે! એ ખેરિયો થકો ઝાય... હા રે મહરાઝ રે ઝાય રે ઝાય ઝેંઝણિયાં ઝોડાંમાં. એ ફરી ફરી ન ઝોય... (વચ્ચે કેટલાક રાગિયા આવે છે, તેને મુખ્ય ગાયક 'રૉમ રૉમ' કરે છે; એ રૉમ રૉમ રાગિયાઃ રૉમ રૉમ.)

ઝેંઝણિયાં ઝોડાંમાં રે પૉણ ઝેંદરા,
ઝેંઝણિયાં ઝોડાંમાં રે પૉણ...
એ ઝેંઝણિયાં ઝોડાંમાં આવણા લાગિયો... રા...ઝી...

નમી નમીને ઝોય રે પૉણ પગલાં,
નમી નમીને ઝોય રે પૉણ...
હો! હો! નમી ને નમી પગલાં ઝોવિયાં... રા...ઝી...

હૂઓર નાઠો હેં ન રે પૉણ ઝેંદરા,



હૂઓર નાઠો હેં ન રે પૉણ...
એ હૂઓરિયાના પૉગ નઝરેં આવિયા... રા...ઝી...

દીપાવલી નાડિયેં ન રે પૉણ ઝેંદરો,
દીપાવલી નાડિયેં ન રે પૉણ...
એ દીપાવલી રે નાડિયેં આવણા લાગિયો... રા...ઝી...

ઑંદીઑ કાલ ન રે પૉણ ઝેંદરો,
ઑંદીઑ કાલ ન રે પૉણ...
એ દીપાવલી નાડિયે ઑંદિઑ કાલિયાં... રા...ઝી...

ઑંદીઑમાં બેઠો ન રે પૉણ ઝેંદરો,
ઑંદીઑમાં બેઠો ન રે પૉણ...
ઑંદીઑમાં બેહવા રે ઝેંદરો લાગિયો... રા...ઝી...

દનરા ગિયા ડાવાં ને રે પૉણ ડુંગરાં,
એ દનરા ગિયા ડાવાં ડુંગરાંન રે પૉણ...
એ દનરા રે ગિયા ને ડાવે ડુગરે ને... રા...ઝી...

મોર મારે કૂકરાં રે પૉણ ઝેંદરો,
મોર મારે કૂકરાં રે પૉણ...
હા હા રે પાળ પૂઠે કૂકરાંન નૉખવા લાગિયો... રા...ઝી...

હરણાં બુટારાં રે પૉણ ઝેંદરો,
હરણાં બુટારાં રે પૉણ...
એ હરણાં રે બુટારાં મારવા લાગિયો... રા...ઝી...

આથાંન હઝારે રે પૉણ ઝેંદરો,
આથાંન હઝારે રે પૉણ...
એ આથાં ન હઝારવા લાગિયો... રા...ઝી...

ଓଞ୍ଚଓଞ୍ଚଓଞ୍ଚଓଞ୍ଚଓଞ୍ଚଓଞ୍ଚ

તે ઝેંદરો ખેંસી હેં. એ દીપાવલી નાડિયે ઝાઈન ઑંદી ઘાલેં... હા રે તાર વસ ઑંદી કાલીન કેવો બેઠો... હા રે ઑંદીમાં લપીન બેઠો... દનરા ગિયા ડાવે ડુગરે.. હૂરલા ગિયા હોવન માળિયે... હા રે મહરાઝ રે હૉંજિયા વખત થાય.. હા ને મોર કૂકરાં પૉણી આવેં. હા તે મોર મારેં, કૂકરો મારેં. હા ને પાળ પૂઠણ નૉખે... હા રે મહરાઝ રે કરી એક થાય.. તે અરણાં બુટારાની ટૅમ થાય.. ઓણાં બુટારાં પૉણી આવેં... હા રે અરણાં બુટાર મારેં. તે... અરણાં બુટાર મારીન પાળ પૂઠણ નૉખેં... હા રે મહરાઝ કરી એકણ થાયે. તે હૉબોર હુબારા આવે. હા તે હૉબોર હુબારા મારે, હાને પાળ પૂઠણ નૉખે. હા તે મહરાઝ રે ઝોય રે ઝોય હૂઓરની વાટ... હા તે ભરાકો કરતો નહીં. હા તે એંમસ મારે હેં. હા તે કોઈ કેં મોર કૂકરો મારો, હૂઓર ન હૉબોર મારા. હા ને કોઈ કેં નહીં મારા... હા રે એંણા હાર ભૂટકો કરતો નહીં. હા રે બતાં પૉણી પી પીન ઝાતાં રેં... હા ને પેસણિયાં તે અગલી અગાળું રાત થાયે. પાસલી પસાળું રેન થાયે... હા રે મહરાઝ રે એવામાં તો કૂગરો બૉંતેલો હૂઓર આવો... હા રે ટોકરી વાઝેંન હૂઓર આવેં. એ રાઠોરાંનો પાળેલો હૂઓર હેં... હા રે અરતી રાતનો પૉણીએ ઉતરે. હા રે મહરાઝ રે ઝેંદરો હેં. બેઠો બેઠો ઝોયે... હા તે હૂઓરિયો પૉણી આવેં. હા ને અરતી રાતનો ભૂટકો કરેં. હા તે ઑંગળી તૉણેં તે હૂઓરન ગોળી લાગેં. હા રે હૂઓર પરો મારેં... હા રે મહરાઝ રે હૂઓર મારી ન કેવો બેઠો થઈ ગો. ખમા! ખમા! (તંબૂર-સ્વર) તે અરતી રાતનો ભૂટકો થો. હા રે મહરાઝ રે સૉંદા રાઠોર ન કૉને અવાઝ આવેં.

ભૂટકો ઓઈયો ન રે પૉણ બૉતમો,
ભૂટકો ઓઈયો ન રે પૉણ...
એ અરતી રે રાતનો ભરાકો ઓઈયો... રા...ઝી...

કૉણે ભરાકો કરિયો રે પૉણ સૉંદરિયા,
કૉણે ભરાકો કરિયો રે પૉણ...
હાહા કૂદી ન રે બેઠો ઓવણા લાગિયો... રા...ઝી...



એ લળવળ લળવળ બૉંતે રે પૉણ સૉંદિયો,
લળવળ લળવળ બૉંતે રે પૉણ...
લળવળ રે લળવળ કમર બૉંતિયો... રા...ઝી...

હેંદુરિયો હેલન રે પૉણ સૉંદરિયો,
હેંદુરિયો હેલન રે પૉણ...
એ હેંદુરિયો હેલ રે આથાં ઝાલિયો... રા...ઝી...

હળવળિયો આવેં ન રે પૉણ સૉંદરિયો,
હળવળિયો આવેં ન રે પૉણ...
એ ધરમર રે ઉતરે વાદળિયાં મેંલન... રા...ઝી...

પાબુઝીના મેંલે ન રે પૉણ સૉંદરિયો,
પાબુઝીના મેંલે ન રે પૉણ...
એ પાબુઝીના રે મેંલે આવણા લાગિયો... રા...ઝી...

હૂતે નેંદ કેંમ આવી રે પૉણ બૉતમા,
હૂતે નેંદ કેંમ આવી રે પૉણ...
અરધી રે રાતોનો ભરાકો ઓઈયો... રા...ઝી...

કૂદીન બેઠો ઓઈયો રે પૉણ પાબુઝી,
કૂદીન બેઠો ઓઈયો રે પૉણ...
હાહા સૉંદલિય પાબુ રે વાતાં સોળિયાં... રા...ઝી...

કેંણે ભરાકો કરિયો રે પૉણ સૉંદલિયા,
કેંણે ભરાકો કરિયો રે પૉણ...
એ અરધી રે રાતોનો ભરાકો ઓઈયો... રા...ઝી...

કેખા ભરાકો ઓઈયો રે પૉણ બૉતમા,
કેખા ભરાકો ઓઈયો રે પૉણ...

અરધી રે રાતોનો ભરાકો ઓઈયો... રા...ઝી...

દીપાવલી નાડિયે ન રે પૉણ બૉતમા,
દીપાવલી નાડિયે ન રે પૉણ...
એ આપણ દીપાવલી નાડિયે રે ભરાકો ઓઈયો.. રા...ઝી...

હળવળીઓ ઝાવેંન રે પૉણ સૉંદરિયો,
હળવળીઓ ઝાવેંન રે પૉણ...
એ દીપાવલી નાડિયે રે આવણા લાગિયો... રા...ઝી...

ફરી ફરી ન ઝોય રે પૉણ સૉંદરિયો,
ફરી ફરી ન ઝોય રે પૉગ...
એ નાડિયે રે ફરી ફરી ન ઝોવા લાગિયો... રા...ઝી...

હાદ પરો પાર ન રે પૉગ સૉંદરિયો,
હાદ પરો પાર ન રે પૉણ...
એ દીપાવલી નાડિયેં રે હાદ પારિયો... રા...ઝી...

નઝરે આયો ન રે પૉણ સૉંદરિયા,
નઝરે આયો ન રે પૉણ...
એ ડોકાહો ઝેંદરો નઝરે આવિયો... રા...ઝી...

કેંણે કરો ભરાકો રે પૉણ બનેવી,
કેંણે કરો ભરાકો રે પૉણ...
હા! હા! અરધી રે રાતોનો ભરાકો ઓઈયો... રા...ઝી...

અમે કરો ભરાકો રે પૉણ હાળાઝી,
અમે કરો ભરાકો રે પૉણ...
એ'લા હૂઓરના વૉહળ ભરાકો કરિયો... રા...ઝી...



(તંબૂર-સ્વર) હા રે હાળો ન બનેવી ભેળા મળે... હા રે હૂઓર ઝોવા ઝાય સૉંદોઝી... એ પોતાનો હૂઓર નઝરે આવેં... હા રે મહરાઝ રે હાળા બનેવીન રગરો લાગે. એ બનેવી? કેંમ પાળેલો હૂઓર મારો? હા રે તું તો ઝૉણતો એં નહીં... હા રે ઝેંદરો ખેંસી મખરે બોલે, એ બાવા, મેં તો ઓળખો નતો. હા ને બેદનું ઝનાવર ઝૉણીન મારી નૉખું હેં. એ... તનયે આલોય'લા મું એકલો તો નેં ખઉં... હા રે મહરાઝ રે હાળા બનેવીન રગરો લાગેં... હા રે સૉંદો રાઠોર મખરે બોલે, એ ગોલીના પેટના! હા તે તેં ઝૉણા કેંમ નેં અમાંન તે પાળેલો હૂઓર મારી નૉખો? તૉણીન રોળવું હેંદુરિયો હેલ માથામાં... હા તે બે ધડ કરી નૉખું. કેંમ તે હૂઓર મારો'લા? હા રે હાળા બનેવીન ટક્કર લાગી... હા રે કૉય કેંવાની વાત નેં... હા રે ઝેંદરો ખેંસી વાતો કરેં, એ... બાવા? બેદનું ઝનાવર મેં મારું હેં. મેં કૉય નહીં થારું ઊપા ફાહુ મારું! એખલો તો નેં ખઉં, તનં પૉણ ભાગ આલો! હા રે મહરાઝ! સૉંદો રાઠોર મખરે બોલેં, એ બનેવી? અલકું અલકું તું અજીએં કેમ બોલેં? હા ને આદમીયાં હૉમું કેંમ આવું બોલે હેં 'લા તું! (મોટેથી બોલે છે) પાળેલો હૂઓર મારીન પેસણિયાં ટેંરાઈ કરવી રવ દે... હા રે મહરાઝ રે સૉંદો રાઠોર હેં તે બનેવીન ખીઝતો થકો કેંર ઝાય. હા ને... ઝેંદરો ખેંસી હેં તે હૂઓરન કેવો ઉબેરે...! હા રે હૂઓરની ખાલો પારેં...

ભાગલો પાર ન રે પૉણ ખેંસી,
ભાગલો પાર ન રે પૉણ...
હૂઓરિયાનો ભાગલો પારવા લાગિયો... રા...ઝી...

હાળાંનો પાગ ન રે પૉણ બનેવી,
હાળાંનો પાગ ન રે પૉણ...
હાળાંનો ભાગ રે પારવા લાગિયો... રા...ઝી...

ખેરિયાં ખેરિયાં આવે રે પૉણ ઝેંદરો,
ખેરિયાં ખેરિયાં આવે રે પૉણ...
ખેરિયાં રે ખેરિયાં આવણા લાગિયો... રા...ઝી...



હા દેય ન રે પૉણ ઝેંદરો,
હા દેય ન રે પૉણ...
એ હૉપળાં રે હાળાઝી મારી વાતન... રા...ઝી...

ભાગલો આલવા આયો ન રે પૉણ હાળાઝી,
ભાગલો આલવા આયો ન રે પૉણ...
હૂઓરિયાનો ભાગ આલવા આવિયો... રા...ઝી...

મખરે બોલ ન રે પૉણ પાબુઝી,
મખરે બોલ ન રે પૉણ...
હૉપળે રે બનેવી મારી વાતન... રા...ઝી...

ઝૉણયાં નેં ઝૉણિયાં રે પૉણ બનેવી,
ઝૉણયાં નેં ઝૉણિયાં રે પૉણ...
ઝૉણિયાં રે નેં ઝૉણિયાં પરો ઝાવઝે... રા...ઝી...

ગાંઝુઆના ગૉદરે આવોય રે પૉણ બનેવી,
ગાંઝુઆના ગૉદરે આવોય રે પૉણ...
વળતો રે હમો પરો ઝાવઝે... રા...ઝી...

ખમા ! (તંબૂર-સ્વર) તે હૂઓર ઉબોરીન ભાગ પારેં... હા રે સૉદા પાબુનો ભાગ પારેં... તે માથે કરીન લેઈ ઝાયે. હા ને આવો પાબુન મેંલે... હા રે બારો રઈ હાદ પારેં. એ હાળાઝી? એ'લા હૂવ ઝાવાં ક ઝાગાં? આ હૂવ... તમે કૉહ મારો હૂઓરિયો અતો એંમ તે તમાંન ભાગ આલવા આવો હું! હા રે ભાગ આલીન ઉંતો પરો ઝઉં હું ને ઝટ ઝટ તમે બારા આવાં. હા રે મહરાઝ રે, ટણકાં આદમિયાંની ટણકી વાત.. એ... રાઠોર મખરેં બોલેં, બનેવી! તું કેંમ આદમિયાં હૉમો ઝેંમ ને તેંમ આ ખાઈન વળો હેં? એ તું લેઈન પેસ પરો ઝા... હા ને તેં મૉટિયાં હૉમી આ અદેખાઈ કરેં. નેં ઠીક આવેં. તાલી નેં આવેં વાત. હા ને તું પરો ઝા. તે મહરાઝ! ઝેંદરો ખેંસી હેં. મનમાં



વીસાર કરેં, આ આદમી તો નહીં મૉનવાના. હા પૉણ કેંમ કરું? એ બાવા? તમે તો કેંહાં'લા નેં આલો એંમ. હા તે ઉં લેઈન આવો હું લેં તમાંન આલું... હહા રે.. મહરાઝ, રાઠોર તો મૉનતા નહીં. હા ને રાઠોર કરવું બોલે, પોતે બેંનને લાંબી કૉસળી આલી હેં. આ નકર ઑણી ઘરીમાં પારી દેતે વાર નહીં. એ ગોલીના પેટના! કેંમ આવી પેસણિયાં મઝકરીઓ કરેં? હા ને ઝૉણું, પરું ઝા. નહીં તો ઑણી કરીમાં ઠીક આવહેં નેં. તે... બનેવી હેં તે અવણિયાં પાસો વળેં... હા રે... હૂઓરની હાડ્ય લેઈન કેંર આવેં. હા રે મહરાઝ રૉણી ન રાઝા હેં તે કેવાં વાતો કરે!



વાતાં સોળ ન રે પૉણ ઝેંદરો,
વાતાં સોળ ન રે પૉણ...
એ હૉપળ રે રૉણી મારી વાતન... રા...ઝી...

ગુઝણિયામાં ગો તો રે પૉણ રૉણી,
ગુઝણિયામાં ગો તો રે પૉણ...
હુહરાન ગૉદરે ઝીવતો આવિયો.... રા...ઝી...

હુંય ઓયું ન રે પૉણ રાઝા,
હુંય ઓયું ન રે પૉણ...
એ હુંય રે ગુઝણિયામાં કૉમેં ઓઈયાં... રા...ઝી...

હેંણાનો કઝિયો રે પૉણ રાઝા,
હેંણાનો કઝિયો રે પૉણ...
એ'લા હેંણાંનો કઝિયો રે આઝ ઓઈયો... રા...ઝી...

હેંણે માર ન રે પૉણ સૉંદિયો,



હેંણે માર ન રે પૉણ...
એ હેંણા રે કારણિયે આઝ મારતો... રા...ઝી...

એ હૂઓરની કીઝણ ન રે પૉણ રૉણી,
હૂઓરની કીઝણ ન રે પૉણ...
એ હૂઓરની કીઝણ રે મનં મારતો... રા...ઝી...

સૉને આલો તો રે પૉણ હૂઓરિયો,
સૉને આલો તો રે પૉણ...
એ કૂગરલો હૂઓરિયો ડાયસે આલિયો... રા...ઝી...

ઘણા દન ઓઈયા રે પૉણ ઝગમાં,
ઘણા દન ઓઈયા રે પૉણ...
એ'લા આલેલાં ડાયસાં રે કેંમ રાખિયાં... રા...ઝી...

બૈઈરાનો વિસવા ન રે પૉણ મૉટિયો,
બૈઈરાનો વિસવા ન રે પૉણ...
એ બૈઈરાનો વિસવા રે કોઈ માં રાખઝો... રા...ઝી...

દીકરી બેંનોનો રે પૉણ બૉતમો,
દીકરી બેંનોનો રે પૉણ...
એ બેંનિયાંનો વિસવા કોઈ માં રાખઝો... રા...ઝી...

હૂકા ઝીકો ન રે પૉણ રાઝા,
હૂકા ઝીકો ન રે પૉણ...
એ ઝેંઝાણિયાં ઝોડ રે ડાયસે આલિયાં... રા...ઝી...

હા! હા! પારેવિયો હૉઢ ન રે પૉણ રાઝા,
પારેવિયો હૉઢ ન રે પૉણ...
એ પારેવિયો હૉઢ રે ડાયસે આલિયો.. રા...ઝી...



હું હું આલેલું રે પૉણ રૉણી,
હું હું આલેલું રે પૉણ…
એ’લી હું હું રે ડાયસામાં તમાંન આલિયું…   રા…ઝી…

(તંબૂર-સ્વર) હા પણ મેં તો હૂઓર મારો હેં તે હાડ લેઈન કેંર ઝઉં… હા ને રૉણીન ખવારું! તે… આથે સરીન લેઈન ઝાયે… હા રે આવે રે ઝાયેરિયામાં… હા તે વાદળ મેંલાંમાં કેવો આવેં! (તંબૂર-સ્વર) હા તે વાદળ મેંલાંમાં રાઝા આવે… હા રે આવીન પેસણિયાં હૂઓરનાં હાડ નૉખે. હા ને પેસણ રૉણી ને રાઝા કેવાં વાતે વળાં હેં તે…! એ રાઝા રૉણી બેઠાં થકાં વાતો કરેં… હા રે રાઝા રઈ મખરે બોલે, એ રૉણી? તે ઉંતો હૂઓરનું હાડ લેઈન આવો. આ પણ આઝ સૈયાંનો ભાગલો નીમતો આવો. હા રે આઝ મારું મરણ અતું! હા પણ ઝેંમ તેંમ કરીન ગળો હું ને ! (તંબૂર-સ્વર) એ રાઝા ! આઝ તનં હું દુઃખાં પરાં? હા ને કેંમ થતું તે સૈયાંનો ભાગલો નીમતો આવો? કેંરે મૉટિરા થારા દલરાંની વાત! હા! હા! રાતનો તું હું કરવા ગો? હા ને તનં હું થઈ ગું તે તું કેંમ મરી ઝાતો? હા રે રાઝા રઈ મખરે બોલેં, એ રૉણી! હા કેંણાંનો પારકાં ઝણાંનો કઝિયો નેં… હા ને કેંરમાં આઝ તો કઝિયો થો! એ… મનં મારવાવાળો બીઝો તો કુણ હેં? હા પણિયાં થારા ભાઈ મારી નૉખતા! હા રે સૉદલિયે માથામાં હેલ રોળવી. હા તે ઝેંમ તેંમ કરી ટળી ગો… હા ને નાહીન પેસ આવતો રો. એ રૉણી મખરે બોલેં, રાઝા! હેંણાન કીઝણ હાળો બનેવી મરાઈ ઝાતા? હા ને હું થઉ ગઉ? હા રે મહરાઝ રે રાઝા મખરે બોલે, એ રૉણી! તે અમે તો હૂઓરની કીઝણ ટકરાઈ ગા… હા ને આ હૂઓરની કીઝણ માર હાળો મારી નૉખતો… તે ઝેંમ તેંમ કરી નાહી આવો… એ સૉદલિયો કેંતો કે પાળેલો હૂઓર કેંમ મારો? પણ રૉણી મેં તો ભૂલમાં, મું હું ઝૉણુંક એંણાંનો હેં? હા ને ભૂલમાં ભરાકો કરો… તે ભરાકો હૉપળીન પેસણિયાં આવી ગો… એ આઝ તો મનં મારીસ નૉખતો… હા રે મહરાઝ રે બૈઈરા કને આદમી વાત કરેં… હા રે દેખાં બઈરાંના ખેલ… હા રે ઘણી વેળામાં બૈરું હું હું ખેલ કેંરે… હા રે મહરાઝ રે બૈઈરાનો ન બેંનનો વિસવા કરવો નેં! હા… રે બૈઈરું બીઝાણાન કેંરમાં હૉતારીન ઘાલહેં! હા ને બેંન



બીઝા ઝણાન કેંરમાં હૉતારીન ઘાલહેં! હા રે બૈઈરાનો ન બેંનનો વિસવા કરવો નેં... પોતાની વાત બૈઈરાન નેં આલવી! તે બેંનને નેં આલવી... હા તે મહરાઝ રે અવણ રૉણી વાતે વળી... હાસુ કાગરી પેંરે એતરી હારિયાંન વાત નેં આલવી. એ રૉણીન રાઝા અવણ વાતે વળાં... એ રૉણી! ના ના એ રાઝા? તે... એ ટણકા મારા ભાઈ... હા તે એવા ટણકા તૉય એંણાં કણ આપણું તો ઘણું હેં... હા તે આપું તો નહીં મૉગણું કરતાં. હા ને એક હૂઓર તેં મારો હેં... હૂઓરની સીઝ આઝ તનં કેંમ મારતા? હા રે કઝિયાળાન ડાંઢું બોલવું ઝોઈયેં... તે મહરાઝ રાઝા તો કૉનિયા મૉડે... ને રૉણી કનેં કેવું વાલું વાલું બોલેં! એ'લી તું બીઝાની વાત ઝાવા દે... વળી હું હેં એંણાં કનેં આપણે? હા રે રાઝા તો પેટમાં પેંહીન ભેદ લેય... હા ને રૉણી હેં તે અવણિયાં વાતે વળી... દેખાં રે દેખાં ભૂડી રૉડોના ખેલ... દેખાં રે કજિયાળી રૉંડોના ખેલ... હા રે કજિયાળી રૉંડો ફાટી પરઝો! હા રે કળા કલાંમણી રૉંડો ફાટી પરઝો! મૉટિયાં મરાવણી. હા રે સેંનાવળી રૉંડોનું નખોદ ઝાઝો! એ... રૉંડે તો પેટ ફારી નૉખું! હા ને વાતે કેવી વળી! એ રાઝા? ભૂરાં ઝોટ ડાયસે આલાં... હા રે પારેઈયો હૉટ ડાયસે આલો. સોનાનાં બેરુલાં આલાં. સોનાની અટુણિયો આલી. એંણાં કનેં તો ઘણું આપણું પરેલું હેં... મનં આલીન કેંરમાં રાખી રા હેં.. હા તે... આલતા તો નહીં ને તનં હૂઓરની સીઝ કેંમ મારતા? હા રે રાઝા તો બેઠો બેઠો મૂસે ડાકોરા ઘાલે! હા ન દેઈયાંના વાળ ઊપા થઈ ગા! દેખાં રે દેખાં મૉટિયાંના ખેલ... ! હા રે રાઝા મનનો મનમાં વીસારા કરે... હા રે રૉણીન ફૂંહાળી ફૂંહાળીન હારો લેય. એ રૉણી? એ'લી એતરું હેં કે વળી કૉય હેં? એ રાઝા? ઝેંઝણિયાં ઝોડ આપણાં હેં. દીપાવલી નાડી આપણી હેં... હા ને ઝેંઝણિયાં ઝોડ ડાયસામાં આલેલાં... દીપાવલી નાડી આલેલી. હા ને તું આ હૂઓરની સીઝે હું કરવા બાથે આવેલો હેં? હા રે મારાં આલેલાં ડાયસાં કેંરમાં રાખીન બેંહી રા હેં... એવા ટણકા એં તો ભાઈયાંન હું કરિયે? હા રે મહરાઝ રે ઝેંદરો ખેંસી હેં. મૂસે ડાકોરા ઘાલે... હા ને પેટમાં કેવો ઑમળો પરેં! એ... ખાવા, હૂતે થકે ઝપ થાતી નહીં. ખાવા ભાવતું નહીં... હા ને કેંણી વેળણિયાં આપાંન તો કાટ આવી ઝાયેં... હા રે દેખાં રે મૉટિયાંના ખેલ. હા રે મહરાઝ અવણિયાં ઝેંદરો હેં તે કેવો વાતો કરે! હોરો રે હુંકારાંના



દેનાર... ઝુગ ઝાય ને વારતા હાલ્લે.



વાતાં સોળ ન રે પૉણ રાઝા,
વાતાં સોળ ન રે પૉણ...
હૉંપળ રે રાઝા રે મારી વાતન... રા...ઝી...

નહીં ઢીલાંનાં કૉમ રે પૉણ બૉતમો,
નહીં ઢીલાંનાં કૉમ રે પૉણ...
નહીં રે ઢીલાં વાળાં રે કૉમને... રા...ઝી...

એ ઝેંદરો વાતાં સોળ ન રે પૉણ ઝેંદરો,
વાતાં સોળ ન રે પૉણ...
હૉંપળઝો બૉતમિયો મારી વાતન... રા...ઝી...

એ હરણિયા બોલાવઝો રે પૉણ બૉતમો,
હરણિયા બોલાવઝો રે પૉણ...
એ અમદા રે વાદેના હરણિયા તેરઝો... રા...ઝી...

કેંતે લાગી વાર રે પૉણ હરદાર,
કેંતે લાગી વાર રે પૉણ...
એખના સરિયા રે પનરૅ આવિયા... રા...ઝી...

એ અમદાવાદેના રે પૉણ હરદાર,
એ અમદાવાદેના રે પૉણ...
એ અમદા રે વાદેના હરણિયા તેરિયા... રા...ઝી...

એ ભારી ભારી આવ ન રે પૉણ હરણિયો,



ભારી ભારી આવ ન રે પૉણ...
હોઈ રે! ભારી રે ભારી હરણિયો આવિયો... રા...ઝી...

તૂદળી તૂદળી ન રે પૉણ રેતો,
તૂદળી તૂદળી ન રે પૉણ...
હો...! ધૂદળી રે ધૂદળી રેતો ઊડિયો... રા...ઝી...

ગાડે પાડે આવેં ન રે પૉણ હરણિયો,
ગાડે પાડે આવેં ન રે પૉણ...
એ ધૂદળી રે ધૂદળી રેતો ઊડિયો... રા...ઝી...

મારગાંની જોરન રે પૉણ હરણિયા,
મારગાંની જોરન રે પૉણ...
એ મારગાંની જોર હરણિયા આવિયા... રા...ઝી...

તબૂ તબૂમાં રે પૉણ ખેંસીઓ,
તબૂ તબૂમાં રે પૉણ...
હા! હા! તબૂ રે તબૂમાં તબૂ તૉણિયા... રા...ઝી...

ડેરા નૉખેં ન રે પૉણ હરણિયાં,
ડેરા નૉખેં ન રે પૉણ...
એ તો હરણિયાન ઘેંર ડેરો નૉખિયો... રા...ઝી...

લવારી તેરાવેં રે પૉણ ખેંસી,
લવારી તેરાવેં રે પૉણ...
એ લવારી તેરાવેં ઝગિયા વાટન... રા...ઝી...

(તંબૂર-સ્વર) એ ભાઈયા? હા રે... મૉટી બૈઈરાંનો એક ઝીવ! હા રે આઈના ઝણા અળખા કરા! હા નેં તેમાં બેંનરીએ અતી એતરી વાત પેટની કાટી આલી! હા રે પિયોર ન અળખું કરીને હાહરી હારણ ઝૂતી... હા રે



એવી રૉંડોનું નખોદ ઝાઝો! હા રે આદમી કેં બઈરું... કેંરે બધી રેં તો બરોબર... હા રે કરી એક પિયરમાં ઝાય એતણિયાં હાહરીન ખોર કાટેં... હા ને હાહરીમાં આવેં ન પિયરની ખોર કાટેં. એવી રૉંડો ફાટી પરઝો! હા રે કજિયારી રૉંડોનું ખોડ ઝાઝો! એ... અતી એતરી માનાં ઝણાંની વાત કાટીને... કેંરના આદમીન વતારેં. ઘેંરના આદમીન તો હૂતે બેઠે ઝય નેં થાયેં... કેંણી વેળ હાહરીની ગાદી પરી સરી ઝઉં! હા ને ઘૂંટ ભરીન લોઈ પીઉં! હા રે મહરાઝ રે ઝેંદરો ખેંસી હેં, એ... અવળું ન તવળું ફરે... હા ને હરદારાં ન વાતો કરેં, એ હરદારો! નહીં રે ટીલાંનાં કૉમ... ઢીલ કરિયેં મોરું થાયેં... હા રે ધૉમી ઝૉ અમદાવાદ. અમદાવાદી હરણિયા તેરાં. હા ને હરણિયાંનું મોટું કૉમ પરું હે. (તંબૂર-સ્વર) એ... સભાગિયાંની ઝીપ અભાગિયાંના પૉગ ટૂટી પરેં...! હા રે એકના કયે'લા પન્ર હઝાર તૉમે... હા રે મહરાઝ રે ધૉમા થકા ઝયે... હા રે ઝય રે અમદાવાદ... હા રે હરણિયાં વાહમાં ઝયે... હા ને હરણિયાંન કેવી વાતો કરે! એ હરણિયો બૉતમો! હા રે નહીં રે ઢીલાંનાં કૉમ... હા રે નહીં એક બેં દનનું કૉમ... હા રે પૉસ પસી દનાંનું કૉમ હેં. હા ને હેંડાં ઝાયેરિયામા... હા રે મહરાઝ કૉમવાળાન મઝૂરી ઝોઈઝે... હા રે કજિયાવાળાન કજિયો ઝોયેં. હા ને દારૂરિયાન દારૂ ઝોયેં. સોરી વાળાન રાત ઝોયેં... હા રે સેંનાળાવાળાન કાટ ફાંકું ઝોય! એ... હરણિયા હેં. હા તે... બધા થરબે થઈ ગા. ને બધા હરદારોને વાતો કરે, હા રે અમે આવિયેં બાવઝી! હા રે મોઢાનું મૉગું મોલ લેહું... હા રે હરદાર વાત કરેં, એ હરણિયો બૉતમો? એ ઝે લેવું એ મુઢાનું મૉગું મોલ. હા ને કેંયે એવું કૉમ કરવું પરે... હા રે હરદાર હેં હરણિયાંન વાત કરેં. હા ને હરણિયાં તેયાર થય. તે ગાડે નં પાડે ભાર ભરેં... હા રે હા દેખાં રે રૉંડોના ખેલ. ગાડે ન પાડે ભાર ભરેં... હા રે મહરાઝ રે ખેરિયા થકા આવેં. આવે રે મારગાંની જોરે... હા રે ધૂધળી ધૂધળી રેતો ઊડેં... હા ને હરણિયા કેવા આવેં! તે... પેટન વાસ્તે મઝૂરી કરવી પરે... હા તે હરણિયા આવે ઝાયેરિયા મા... હા રે ગૉમન ગૉદરે આવેં... હા ને પરાવ કેવો નૉખે! એ... પરાવ નૉખે. હા ને અવણિયાં ઝેંદરો ખેંસી મખરે બોલે, એ હરદારો! નહીં રે ઢીલાંનાં કૉમ. બાપ ડાડાં આથનાં અથિયાર... પરી રેલાં હેં... કાટ ખાઈ ગો! એ'લા ઝોઈ ઝોઈ બારાં કાટાં.



હા ને હરણિયાંન કેંર મેલવાં… (તંબૂર-સ્વર) તે હરણિયાંના કેંર વેઠો નૉખે… હા રે મહરાઝ રે તલવારે મેલાન ગરોળિયા વાગ… વરઝી ઉમેલાન મૂગિયા વાગ… હા રે બૂદી કોટ બદૂકો હમી કરાવેં… હા રે ભાલો ઉતરાવે, તલવારો ઉતરાવે… હા રે કટારી, મેલાવા, ઉકરાળા પાટ. એ… હરણિયા હેં… હા રે ધમકેં ધમકો મૉડો… હા રે મહરાઝ રે ગાડલિયો ટૂટેં. હા રે હરણિયા કેવા કૉમ કરેં! હા રે મહરાઝ હરણિયાંના કેંર વેઠો નખણી… હા નેં અવણિયાં ઝેંદરો ખેંસી હેં. તે… મૂસે ડાકોરા ઘાલેં. હા ને કેવો હરદારાંન વાતો કરેં, એ હરદારો! ઝટ ઝટ ભેળા થાં… હા ને થોરું કૉમ હેં તે આપણું ભેળા થઈન સૉરાની લેંબરીએ વાતો કરીયેં… હા રે ભલો રે ભાઈયાંનો જોરો… હા રે હગુ હોઈ તો મેંઠું મેંઠું બોલહેં. હા પણિયાં પાઈ અગળ મરેં…! હા રે કેંણાંન કેંઈયેં આઈના ઝણા! થોરીક વાત કરતાંમાંન બથ ભેગા થાઈ ઝય. એ… સૉરાંની લેબરિયે ઝાઝ્માં નૉખી… લીલી ન પીળી ઝાઝ્મો… હા રે ઝાઝ્મોના માથે વરાઝ થય. હા ને ઝેંદરો ખેંસી કેવો વાતો કરે!

ઢાલાંની કૉબીને પૉણ ખેંસી,
ઢાલાંની કૉબીને પૉણ…
ઢાલાંની કૉબીએ રે ઝાઝ્મો રાળિયાં… રા…ઝી…

વાતાં સોળ ન રે પૉણ ઝેંદરો,
વાતાં સોળ ન રે પૉણ…
હૉંપળાં રે બૉતમિયો મારી વાતન… રા…ઝી…

તળવારે મેળાવો રે પૉણ બૉતમો,
તળવારે મેળાવો રે પૉણ…
તળવારે મેળાવો આપણ કરિયેં… રા…ઝી…

બદૂકે મેળાવો રે પૉણ ખેંસીઓ,
બદૂકે મેળાવો રે પૉણ…
એ બદૂકે મેળાવો રે કરવા લાગિયા… રા…ઝી…



એ માર હગાં હાળાં ન ઝાય રે પૉણ બૉતમો,
હગાં હાળાં ન ઝાય રે પૉણ...
એ હગાં રે હાળાં ન કાપણા ઝાઈયેં... રા...ઝી...

રમણા ઝાય ન રે પૉણ ખેંસીઓ,
રમણા ઝાય ન રે પૉણ...
એ માર હગાં રે હાળાંન રમણા ઝાઈયેં... રા...ઝી...

નહીં કાયોરનાં કૉમ રે પૉણ હરદારો,
નહીં કાયોરનાં કૉમ રે પૉણ...
એ હૂરાં રે પૂરાં રે વાળાં કૉમન... રા...ઝી...

મરહું કરહું ન રે પૉણ બૉતમો,
મરહું કરહું ન રે પૉણ...
એ'લા મરહું રે કરહું રે હૂરા નરન... રા...ઝી...

કોઈ માં ઘેંર રેંઝો રે પૉણ, બૉતમો,
કોઈ માં ઘેંર રેંઝો રે પૉણ...
એ હૂરાં રે નરાં રે વાળાં કૉમન... રા...ઝી...

મારાં રે ભાગાંનાં રે પૉણ ખેંસી,
મારાં રે ભાગાંનાં રે પૉણ...
એ ઝેંઝણિયાં રે વાળાં ઝોડન... રા...ઝી...

કસેરિયો વેરાંણી રે પૉણ બૉતમો,
કસેરિયો વેરાંણી રે પૉણ...
એ હઉ હઉ ને રે કેંરે ઝાવા લાગિયા.... રા...ઝી...

દનરા ગિયા ન રે પૉણ બૉતમો,
ડાવા ડુગરે ન રે પૉણ...



એ હૂરલા રે ગિયા રે હોવન માળિયે... રા...ઝી...

ફરી ફરી ભર ન રે પૉણ બદૂખો,
ફરી ફરી ભર ન રે પૉણ...
એ'લા ફરી રે ફરી ન બદૂખો ભરિયો... રા...ઝી...

ફોઝોના ભરાકા રે પૉણ બૉતમો,
ફોઝોના ભરાકા રે પૉણ...
ફોઝોના ભરાકા ઓવણા લાગિયા... રા...ઝી...

હઝાઈયાં ઓવેં ન રે પૉણ ઝાયેરિયેં,
હઝાઈયાં ઓવેં ન રે પૉણ...
કર ખૉડે રે હઝાઈયાં ઓવણા લાગિયાં... રા...ઝી...
ઝીવતા...!

(તંબૂર-સ્વર) તો! મહારાઝ...! હ હા તે... ઝાયેરિયામાં ધમકો ઊડેં. રે... હરણિયાં ન ઘેંર વેઠો નખણી... હા રે તળવારે મેલા રે ઝાંણિવિયા વાગ... બરસીએ મેલા રે મુગિયા વાગ... હા રે મહરાઝ રે કટારીએ મેલાવા બમણા વાગ... હા રે બદૂખે મેલા રે બમણા માર... હા તે ઝેંદરો ખેંસી વાત કરે, એ હરદારો! થરબેં ભેળા થાઝો... હા રે એક થોરકીક માર વાત હેં... હારા હરદાર હેં તે અવણ કેવા ભેળા થયે! સૉરાંની લેંબરિયે ઝાઝમો રાળી... હા રે હારા હરદાર ભેળા થયે... હા રે ભલો રે ભાઈયોનો જોરો... હા રે એકેં થરબેં આવે... હા ને લીલી પીલી ઝાઝ્મે વરાઝ થયે... ખમા (તંબૂર-સ્વર) એ ઝાઝમે ખેંસી વરાઝ થા.. હા એ અવણિયાં અમલાંનાં પોતાં ફરેં... દારૂરાંની સાખો ફરે... હા રે મહરાઝ રે ઝેંદરો ખેંસી વાતો કરે, એ હરદારો! હા ભલે આવી રે મૉટિયાંની વાત... હા રે ભલે આવી રે વાલાં વૅરાંની વાત... હા રે ઝાવતરાં ધણિયાંન હોયમણું લાગે... રૉડવો સાથિયો ફાટેં, સાયોર ઉલટેં. એ... મારાં હારાં વૅર પરેલાં ગુઝણિયામાં... હા નેં અવળું થઈ ગઉં હેં તે... આપું ઝાઈયેં પૉમણા... હા રે વૅરાં ભાગીન તેમાં પરણીન



આવા... હા પણિયાં એક ટૉપું કરી આવણું હેં... તે... દનરા ઝય ડાવે ડુગરે, હૂરલા ઝય હોવન માળિયે... હા ને હૉઝનારા બતા પાસા ભેળા થાઝો... એ ભલે આવી હૂરાં નરાંની વાત... એ કાયોર કાયોર ભાગી ઝય... હૂરા લરે રણ ખેતમાં... હા રે મહરાઝ.. હરદાર હેં, હા તે એકા મૂસે ડાકોરા ઘાલે... હા રે એકા તો મનમાં એંમ વીસાર કરેં... કેવું થાહેં! હા રે ઝૂની વાતે અતારે સૈયાં... બા વગરનાં સૈયાં થઈ ઝાહેં... હા રે મહરાઝ... એકા તો ઝે તે મૉંદ ઘાલે... હા રે તાવ ઘાલેં, તેઝરો ઘાલેં... હા રે બઈરાની વાતો... હા રે કોઈ તો કેં હેં મૉસો આવો હેં! એ... કોઈ તો કેં ફલાંણું ઢેંકણું. હા રે હૂરા લરાંય રણ ખેતમાં... હા રે વેળા વખત થાય, મતો બૉતેં... હા ને અવણિયાં કેવા વેરય... હા રે દનરા ગિયા ડાવે ડુગરે, હૂરલા ગિયા હોવન માળિયે... હા રે મહરાઝ રે હરદાર હેં. એ... પાસા અવણિયાં કેવા કસેરિયાંમાં ભેગા થયે! ખમા! (તંબૂર-સ્વર) તોમ... હા રે ભેળા થઈ ન વાતો કરે... હા રે ઝેંદરો ખેંસી મખરેં બોલેં, એ બૉતમો! નહીં રે ઢીલાંનાં કૉમ... બૂદી કોટની બદૂકો આથ ઝાલાં... ભમ્મરિયા ભાલા આથ ઝાલાં... હેંદુરિયા હેલ લિયાં... હા રે કટારીઓ લિયો, તળવારો લિયો.... હા રે મહરાઝ રે હરદાર હેં. હઉ હઉનું અથિયાર લેંય... હા ને એકેં થરબેં વાતો કરે. હા રે મહરાઝ રે તળવારિયા હેં... બૂદી કોટની બદૂકો આથ લે ય... હા ને અવણિયાં વણ માપો હોર નૉખેં. હા ને ખૉડી ખૉડી ભરે એ... કેંઝરા ખવાણા ઊડેં... હા રે મહરાઝ રે ધમકો ઊડે... હા રે કૉનાંમાં હણાકા ફૂટેં! રીહાંના ભરેલા ખેંસી હેં... હા તે ખૉડી ખૉડી બદૂકો કેવી ભરે. ખમા (તંબૂર-સ્વર) એ ભાઈયા? હા તે ખૉડી ખૉડી બદૂકો ભરે. હા રે કૉય કેંવાની વાત નેં! કૉનાંમાં તો હળાખો ફૂટે... હા રે તેમાં રૉણી વાદળ મેંલાંમાં. હા રે કૉને ઝેંણાકો ઝાયે... હા ને રૉણી વાતો કરેં!

> એ તેમાં મખરે બોલે રે પૉણ સોરિયો,
> તેમાં મખરે બોલે રે પૉણ...
> એ હૉપળઝો બાયો રે મારી વાતન... રા...ઝી...
>
> ઝાઝો કસેરિયાં રે પૉણ સોરિયો,



ઝાઝો કસેરિયાં રે પૉણ...
કલમ રે કસેરિયે તમે ઝાવઝો... રા...ઝી...

સોરિયો તમારા બાપુ ન રે પૉણ સોરિયો,
તમારા બાપુ ન રે પૉણ...
એ તમારા રે બાપુ ન એલો મારઝો... રા...ઝી...

સોરિયો એલો મારી ન આવઝો રે પૉણ,
એલો મારી ન આવઝો રે પૉણ...
એ નહીં રે બાઈયો ઢીલાંવાળાં કૉમન.. રા...ઝી...

સોરિયો એખની કઈલી ન રે પૉણ સોરિયો,
એખની કઈલી ન રે પૉણ...
એ... એખની કઈલી પનર આવિયાં... રા...ઝી...

એ લાલી ફૂલી ન રે પૉણ સોરિયો,
લાલી ફૂલી ન રે પૉણ...
એ તો લાલી ફૂલી આવણા લાગિયાં... રા...ઝી...

એ કસેરિયાંમાં આવી રે પૉણ સોરિયો,
એ કસેરિયાંમાં આવી રે પૉણ...
એ કલમ કસેરિયે આવણા લાગિયાં... રા...ઝી...

સોરિયાં વાતાં સોળ રે પૉણ ખેંસી,
સોરિયાં વાતાં સોળ રે પૉણ...
એ'લા હૉપળઝો બાપુ રે મારી વાતન.... રા...ઝી...

એ બાપુ મારી એલો મારે રે પૉણ બાપુ,
મારી એલો મારે રે પૉણ...
એ વાદળિયાં મેંલાંમાં એલો મારિયો... રા...ઝી...



એ સોનાની સૉખરીઓ રે પૉણ રાઝા,
સોનાની સૉખરીઓ રે પૉણ...
એ સોનાની સૉખરીઓ પૉગે ગાલિયાં... રા...ઝી...

મેંલાંમાં આવ રે પૉણ રાઝા,
મેંલાંમાં આવ રે પૉણ...
એ વાદળ રે મેંલાંમાં આવણા લાગિયો... રા...ઝી...

મખરે બોલે ન રે પૉણ તેમાં,
મખરે બોલે ન રે પૉણ...
હાહા! હૉપળઝો રાઝા રે મારી વાતન... રા...ઝી...

ભલે ભલે આવા ન રે પૉણ રાઝા,
ભલે ભલે આવા ન રે પૉણ...
હોરિયે રે હોરિયે તમે બેહઝો... રા...ઝી...

બેહઝો ભમર ઢોલિયેં રે પૉણ રાઝા,
બેહઝો ભમર ઢોલિયેં રે પૉણ...
હોહો! બેઠાં રે બેઠાં વાતાં સોળિયાં... રા...ઝી...

તમાંય મન એલો મારિયો રે પૉણ રૉણી,
તમાંય મન એલો મારિયો રે પૉણ...
એ બોલઝે રે થારાં દલરાંવાળી વાતન... રા...ઝી...

આઝ હૂસારાં મૉડાં ન રે પૉણ રાઝા,
હૂસારાં મૉડાં ન રે પૉણ...
તમે કેખા રે ઝાવાના હૂસારા મૉડિયા... રા...ઝી...

સરેતરે ઝાયન રે પૉણ રૉણી,
સરેતરે ઝાયન રે પૉણ...



ગુઝણિયે રે પૉમણા ઝાઈયેં ન... રા...ઝી...

હગાં હાળાંન ઝાયન રે પૉણ રૉણી,
હગાં હાળાંન ઝાયન રે પૉણ...
એ હગાં રે હાળાંન રમણા ઝાઈયેં... રા...ઝી...

હું હારો લેં ય!
તેમાં વાતાં સોળ રે પૉણ રાઝા,
તેમાં વાતાં સોળ રે પૉણ...
હૉંપળાં ન રે રાઝા મારી વાતન... રા...ઝી...

ગૉમના કૂતરાન રે પૉણ રાઝા,
ગૉમના કૂતરાન રે પૉણ...
તમે કૂતરાન ભહારી પાસા આવહાં... રા...ઝી...

(તંબૂર-સ્વર) એ મહરાઝ... હ હા હા! તે તેમાં રૉણી મખરે બોલે, એ સોરીયો? નહીં રે ઢીલાંનાં કૉમ... ઢીલ કરેં મોરું થાય... એ આઝ તો ફેંસાંના ખલ્લાટા ઊડે! હા ને આઝ સૉરે હું ધમકો મૉડો હેં? તે લેંબરે સૉરે, હા રે તમારા બાવઝીન એલો મારો.. હા ને ઝટ દેઈન પેસણિયાં હા દેતી આવો... હા એ આઝ કેંમ ધમકો મૉડો હેં? લાલી નં ફૂલી, રેમલી નં તેમ... લી. એ કંકુ નં ઝમકું સોરિયો... હા તે વાદળ મેંલાંમાં કેવી ઝયે! ખમા !(તંબૂર-સ્વર) તે વાદળ મેંલાંમાં સોરિયો આવેં... હા રે કલમ કસેરિયાંમાં આવેં. હા ને આવીન કેવી ઊપી રે! હા રે મહરાઝ રે ઝેંદરા રાઝાને વાત કરેં, એ... બાપુ? નહીં રે ઢીલાંનાં કૉમ... ઢીલ કરિયેં મોરું થાય... એ માઝી રાવળે એલો મારે... હા રે નહીં ઢીલાંનાં કૉમ... હા રે આપ ઝેવો રાઝા હેં. તે... સોનાની સૉખરિયો પૉગે ઘાલે... હા રે મહરાઝ રે આથમાં સટીઓ લેય... હા ને અવણિયાં કેવો ધરમર વાદળિયાં મેંલ ઉતરે... હા રે મહરાઝ રે ધરમર મેંલહો ઉતરે... હા રે આવે રે કોરાંમાં. હા ને હેરી બઝારે કેવો આવે! એ સટિયો રમારે રાઝા આવેં... હા રે મહરાઝ રે ખેરિયો થકો આવે... હા રે તેમાં રૉણીને મેંલે



આવે... હા ને ઢોલિયે વરાઝ કેવો થાયે! (વાક્ય ઉતાવળે બોલે છે) ખમા ! (તંબૂર સ્વર) એ...રાઝા રૉણી બેઠાં બેઠાં વાતો કરે... હારે મહારાઝ રે રાઝા વાત કરે, એ રૉણી ! તેં કણવેળ એલો મારો...હું પરાં રે મોટાં કૉમ ? કરે રે થારાં દલાંની વાત... એ રૉણી હેં.... હા રે તેમાં રૉણી વાતે વળી, એ રાઝા ? કેં ઝાવાનો હુસારો મૉડો ? કેંણાંના ખલ્લાટા ઊડતા ? કૉનાંમાં હળાખો ફૂટતી ! હા ને તેં આઝ ધમકેં ધમકો મૉડો હેં એં...આઝ કેં ઝાવાનું ધારું હેં રાઝા ? એ દન તો ગો હેં ડાવે ડુંગરે. હૂરલા હોવન મળિયે. હા ન તમે કેં ઝાવાનો આ ધરાકો મૉડો હે'લા ? (ઉતાવળે બોલે છે) હા રે મહરાઝ રે રાઝા રઈ મખરે બોલે, એ રૉણી? એહ' લી તનં ખબર નહીં ? ના રે ના રાઝા મન તો ખબર નહીં. હા ને અમે ઝાઈએં હેં', લી થારા ભાઈઓન એં ! હા રે હગાં હાળાંન પૉમણા ઝાઈયેં. એ ગૉમેતરાં કરીન પાસા આવિયેં. ખમા ! (તંબૂર- સ્વર) એ રૉણી ? હ હા રે ગૉમેતરાં કરીન પાસા આવિયેં. હગાં હાળાંન પૉમણા ઝાઈયે...મિળી હૉમળી ન પાસા આવિયે. હારે મહારાઝ રે તેમાં રૉણી હેં...હા તે ઝાઝન વાત કરેં, એ રાઝા ! ઝૉ તો ભલે ભલે ઝૉ...હા પણિયાં આઝ તો ગૉમના કૂતરા મળવાના હેં તમાંન ! એ કૂતરાંન ભેંહારીન પાસા આવાં ! હા રે મહરાઝ રે આપ ઝેવો રાઝા હેં...હા રે સાથીમાં ધમકો પરેં...હા નેં વાતો કરેં, એ રૉણી ! તું અલકું અલકું કેંમ બોલે હેં ? મારી હાહુ, કૂતરાન ભેંહારીન આવીએં એવા હૈય ? એ રાઝા, આઝ તો તમે હૂના પરવાના હાં ! હા ને કૂતરાંન ભેંહાળીન આવહાં તમે ! હા રે મહરાઝ રે ઝેંદરો કેંસી હેં... મૂસાંન ડાકોરા ભીરે...હા ને વાતો કરે... એ રૉણી ? મૉટિયાંન લાગેં ખારા બોલ ! હા ને અલકું અલકું તો બોલઝેઝ માં...હા તે મહારાઝ રે રાઝાન રૉણીન રગરો લાગો...હા રે તેમાં રૉણી મખરે બોલે, એ રાઝા ! પાબુન સૉદો કેંર નહીં...હા રે આઝ તો તમે હૂના પરવાના હાં...

ઝાય તો બખે રે ઝાઝે પૉણ રાઝા,
ઝાય તો બખે રે ઝાઝો રે...
એ'લા કૂતરાં ભેંહારી પાસો આવઝે... રા...ઝી...

સાકરીના કરનાર પૉણ રાઝા,



સાકરીના કરનાર રે પૉણ...
હો હો સાકરીના કરનાર કેંર નહીં... રા...ઝી...

પરણવા ગિયો ન રે પૉણ પાબુઝી,
પરણવા ગિયો ન રે પૉણ...
હાહા સૉંદિયો પાબુઝી પરણાવા ઝાવિયા... રા...ઝી...

કૂતરાં ભેંહારી આવહાં રે પૉણ રાઝા,
એ કૂતરાં ભેંહારી આવહાં રે પૉણ...
એ હૉપળાં રે તેમાં વાળા બોલને રા...ઝી...

રીહાંના સમાટા રે પૉણ રાઝા,
રીહાંના સમાટા રે પૉણ...
એ સોટીમાં ભરાકો ઓવણા લાગિયો... રા...ઝી...

ઝેંણી રીહાંરો ભરેલો રે પૉણ રાઝા,
ઝેંણી રીહાંનો ભરેલો પૉણ...
એ રાઝા કલમ રે કસેરીએ આવણા લાગિયો... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ રાઝા,
વાતાં સોળ ન રે પૉણ...
એ હૉપળાં રે હરદારો રે મારી વાતન... રા...ઝી...

ભલે આવી મૉટિયાંની રે વાત બૉતમો,
ભલે આવી મૉટિયાંની રે વાત...
એ ભલે આવી'લા હૂરાં નરાંની વાત... રા...ઝી...

મરહું પરહું ન રે પૉણ બૉતમો,
મરહું પરહું ન રે પૉણ...
એ'લા મરહું રે પરહું રે હૂરા નરન... રા...ઝી...



નહીં રાયોરનાં કૉમ રે પૉણ બૉતમો,
નહીં કાયોરનાં કૉમ રે પૉણ...
એ હૂરાં રે નરાં રે વાળાં કૉમન... રા...ઝી...

ઝાલાં તળવારો રે પૉણ બૉતમો,
ઝાલ્લાં તળવારો રે પૉણ...
એ ઝાલાં રે તળવારો રણ ખેત આવિયાં... રા...ઝી...

હરતે બદૂખો ઘાલઝો રે પૉણ મૉટિયો,
હરતે બદૂખો ઘાલાં રે પૉણ...
એ હેદુરિયા હેલ રે આથાં ઝાલઝો... રા...ઝી...

(તંબૂર-સ્વર) તેમાં રૉણી મખરે બોલે, હા આઝ તો સૉદોન પાબુ કેંર નહીં...હા રે મહરાઝ રે પરણાવા ગ્યો હેં પાબુઝી. હા...ને તું તો હૂનો પરી ગ્યો ન આઝ ! હારે મહરાઝ રે રાઝાન તો રીહાંના સમાટા સરા ! હા, રે માથાનો સમાટો પૉગે આવો, પૉગોનો સમાટો માથે ઝાયે; હા ને સોટીમાં ભરાકો થાયે. ખમા ! (તંબૂર-સ્વર) એ...રાઝાન સરા રે રીહાંના મોર...હા રે ઝટપટ બેઠો થાયે...હા રે મહરાઝ રે મોટું મસ્કલ કેંણું ? હા રે આવે રે આવેં કલમ કસેરિયાંમા... એ રીહાંના સમાટે વાત કરે, બૉતમો ! નહીં રે ઢીલાંના કૉમ...ભલે આવી રે હૂરાં નરાંની વાત... હૂરાં નરાંન હૂરદમ સરેં ! હૂરાં નરાં ન ભગતણ આવેં ! હા રે મહરાઝ મરહું તરહું હૂરા નર...નહીં રે કાયોરનાં કૉમ. એ બૉતમો ? ઢાલ નં તલવારો ખરપે નૉખાં..હા ને બદૂખો ફરતેં રાળવો...હેંદુરિયા હેલ આથેં લીયાં...હા ને ઝટ કરો પાઈઓ ! નહીં રે ઢીલાંના કૉમ. હા રે મહરાઝ રે તૉણી તૉણી કોરા બારા કાટેં... કોરાંને માથે સમાંન મૉડેં...તૉણી તૉણી તંગરા ભીરેં. હા રે મહરાઝ રે કૂદીન અસવાર થયે. હા ને અવણિયાં કેવા ઉલાણિયાં લગાંમાં તૉણે ? એ...કોરા કૂડાળે ઘાલા...મૉણકિયાં સૉકાંમાં રમેં...હા રે મહરાઝ ખળતાલે ખેઉરા ઊડેં. ખળવર ખળવર વાઝેં કોરાંના ડાબલા...હા રે તૂદળી તૂદળી રેતો ઊડેં. હા રે મહરાઝ રે ખેંસીએ પૂરાં રમખાં મૉડાં. હ હા તે ખેરિયા થકા કોરા તૉણેં...હા રે



મહારાઝ રે તૉણે રે કોરાંનાં લગાંમ....હા ને અવણિયાં ગેંડ ગાંઝુઆની વાટે ઝય.... ઉમરાં સુંબરાંની સેરિયે આવે...હા રે મહરાઝ રે કોરા તૉણેં. હા....તે ઑંબા ઝૉંબુએ આવેં. હારે ઝેંઝણિયાં ઝોડાંમાં આવેં. હારે ઘોરલા રવોર કરેંન આવેં.એ...ખેરિયા થકા ઝય. હા રે મહરાઝ રે ઝાય રે ઝય ગેંડ ગાંઝુઆંન ગૉદરે...હા રે મહારાઝ ગુઝણિયાન ગૉદરે ઝઈન ઘોરા ઊભા રાખેં....હા ને ડાબા ઝમણાં હમણ લેય....હા રે મહરાઝ રે ઝેંદરો ખેંસી મખરે બોલેં, હરદારો! કરી એક તૉણાં કોરાંની વાગ. હા ને આપણ કરીએ એક બતા વાત. એ...ખેંસીએ ઘોરા ઊપા રાખા...હા ને ઝેંદરો ખેંસી મખરે બોલેં, ભાઈઓ! નહીં રે કાય્યોરાંનાં કૉમ. ભલેં આવી રે હૂરાં નરાંની વાત...મરહું ન તરહું હૂરા નર...હા ને કોઈ ઝોઝો કાસા પરી ઝાઝો માં...હા રે એકે મૉનવી ઝીવતો નેં રેં. હા ને આખું ગુઝણિયું ભેળીન પાસા ઝઈયેં. ખમા ! ખમા ! ખમા ! (તંબૂર-સ્વર) એ આપ ઝેવો ઝેંદરો ખેંસી હેં. હા તે હરદારાંને કેવો વાત કરે, હરદારો ! હા રે સમરાં રે સમરાં આ ખેરાંનાં દેવ. હા ...રે આપું કોઈ ગૉમ્માં ઝાઈયેં, હા તો પેંલા આપું ખેરાંના દેવ સમરિયે, હા ને પેસણ ગૉમ્માં પેંહિયેં. હા રે મહરાઝ રે રાઠોરોનાં દેવ સમરેં... હા રે ઊપા થકા સમરણો કેવી મૉડે ! હા રે હોરો રેં હુંકારાંના દેનાર. ઝુગ ઝાયન વારતા હાલે.

સમરણો મૉડે ન રે પૉણ ખેંસી,
સમરણો મૉડે ન રે પૉણ...
એ સમરે રે સમરે ખેતરનાં દેવન... રા...ઝી...

ખેરાનો ખેતલો ન રે પૉણ રાઝા,
ખેરાનો ખેતલો ન રે પૉણ...
એ ખેરાનો ખેતલો રે સમરવા લાગિયા... રા...ઝી...

ઑણે એલે આવે રે પૉણ ખેતલા,
ઑણે એલે આવે રે પૉણ...
હો ! હો ! સમરિય રે અમાંન એલે આવઝે... રા...ઝી...



ઑણે ભાલે ભેળો ન રે પૉણ ખેતલા,
ઑણે ભાલે ભેળો ન રે પૉણ…
એ ઑણ રે ભાલે રે ભેળો આવઝે… રા…ઝી.

સમરે સૂડાની રે પૉણ સૉમડા,
સમરેં સૂડાની રે પૉણ…
હોહો ! સૂડાની રે સૉમડા રે સમરવા લાગિયો… રા…ઝી…

ઑણે ખૉડે આવે રે પૉણ સાંમડા,
ઑણે ખૉડે આવે રે પૉણ…
માઝી સમરિયે ઑણે ન એલે આવઝે… રા…ઝી…

સમરે ભવાંની રે પૉણ ખેંસી,
સમરે ભવાંની રે પૉણ…
એ માઝી ઑણ રે એલે રે ભેળી આવઝે… રા…ઝી…

ઑણે એલે આવે ન રે પૉણ માઝી,
ઑણે એલે આવે ન રે પૉણ…
એ ઑણે ભાલે રે ભેળી આવઝો… રા…ઝી…

રમણા આવા ન રે પૉણ માઝી,
રમણા આવા ન રે પૉણ…
એ અમે ગુઝણિયા માંય રે રમણા આવિયા… રા…ઝી…

ઘોરીલા તૉણ ન રે પૉણ ખેંસી,
ઘોરીલા તૉણ ન રે પૉણ…
એ ઘોરીલા રે રમારેં ઝાવા લાગિયા… રા…ઝી…

બૂરિયાનું કેંર વેંટિયું રે પૉણ ખેંસિયો,
બૂરિયાનું કેંર વેંટિયું રે પૉણ…



એ બૂરિયા રે રાઠોરનું કેંર વેંટિયું... રા...ઝી...

અવળા તવળી ન રે પૉણ વેંટો,
અવળા તળળી ન રે પૉણ...
એ અવળા રે તવળી વેંટો પારિયાં... રા...ઝી...

બારણેં આવે ન રે પૉણ હાળાઝી,
બારણેં આવે ન રે પૉણ...
એ ગોલીના પેટના બારણેં આવઝે... રા...ઝી...

(તંબૂર-સ્વર) હા રે મહરાઝ રે બૂરા રાઠોરનું કેંર એક વડું હેં. હા તે ઝાઈન ખેંસીએ ઘેંર વેંટું...ડાવા ન ઝમણી વેંટો પારે... અવળી ન તવળી વેંટો પારે...ખમા (તંબૂર-સ્વર) એ કૂડાળે કૂડાળું કાલેં. એ ગોલીનાપેટના બૂરિયા ? ઝટ ઝટ બારો આવ... નહીં ઢીલાંનાં કૉમ... હા રે મહરાઝ રે પોતાનો બનેવી બોલાવા ઘાલે...એ બૂરિયા રે રાઠોર ! કેંમ હૂતું રે નેંદરા કોર? ઝટ ઝટ બારું આવ. પોતાનો બનેવી આવો હું. હા તે મિળી હૉમળીન પેસણિયાં પાસો ઝા ! હા તે મહરાઝ રે કૉને ઝણાકો પરો બૂરા રાઠોરને આવો. મનમાં વીસાર કરેં બૂરો રાઠોર, એ...હદા તો મનં મૉન દઈન બોલાવતો... હા ને આઝ પરતેં નૉમે કેંણે બોલાવો...? હારે કોરલે ઉડારું ખાલ, મેંઠે ભરું સૉબરી ! હા તે મહરાઝ રે બૂરો રાઠોર હેં, કૂદીન બેઠો થાયે. વૉનર પૂસો તાઝણો આથ લેય, હા ને તાઝણો ઑમળન કેવો બેઠો થઈ ગો ! તે સોનાની સૉખરીઓ પૉગે ઘાલેં.... હારે મૂસાંના ડાકોરા ઘાલેં. હા રે મહરાઝ રે ઝટ ઝટ નેંસો ઉતરે.... ધરમર ધરમર મેંલહો નેંસો ઉતરે. હા રે મહરાઝ આવો રે આવો ડૉઢીઝીના દરવાઝે. હા ને નમી નમીન ઝોયેં એ તળવારાંના ઝળુકા પરેં. આપાંની વીઝો ખવેં. હા તે મહરાઝ રે ધરવર ધરવર લાગેં ઘોરાંના ડાબલા...અવળા ન તવળી વેંટો પરી. હા તે બૂરો રાઠોર ઊપો ઊપો વીસાર કરેં, ઑ તો કૉય ન'તું ન આ બતું હું દેખાય...? આઝ ખોટું આવું ઝગમાં કૉમ... હા રે મહરાઝ રે મનમાં વીસાર બૂરિયો કરે, હા નેં એવામાં તો બનેવી બોલાવે ઘાલે ખમા (તંબૂર- સ્વર) એ બૂરાઝી કેંમ ગોલીના પેટનું



હૂઈ રઉં હેં ? હા ને કોરાન ઊપા દુઃખે પૉગ...ઝટ ઝટ બારો આવ...નહીં ઢીલાંનાં કૉમ. હા ને બૂરો રાઠોર તો ઊપો ઊપો વીસાર કરેં, ખોટું આવું રે ઝગમાં કૉમ...ન કરવો રે વૅરીઓનો હાથ! હા...તે અવણિયાં વનમાં ઊપા એખલા ! કુણ કરેં વાર ! હા રે મરાઝ રે ઊપો ઊપો તુઝે ! તુઝણિયો તાવ સરો....એ...અગળ રે નહીં ઝાઈ હકતો ન પાસળ રે નહીં ઝાઈ હકતો...હા રે મહરાઝ રે પૂઠેંણ આથ નૉંખેં....હા ને પાસપૂદે પૉગે એંડેં...હા ને પાસપૂદો ન પાસપૂદો વાદળ મેંલે ઝય....હા રે મહરાઝ રે ઊપો ઊપો વીસાર કરે, ખોટું આવું રે ઝગમાં કૉમ હારે મહરાઝ રે ઊપો ઊપો વીસાર કરે !

(એક સહાયક ગાયકઃ એ હગું હોઈ તો ભારથમાં કોઈ નેં આવે ! મુખ્ય ગાયકઃ હા!)

આઈના ઝણેલા રે પૉણ બૉતમો,
આઈના ઝણેલા રે પૉણ...
એ મૉટિયો આઈના રે ઝણેલા હરદે આવહેં... રા...ઝી...

એ કેંમહા કરિયેં ન રે પૉણ મૉટિયો,
એ કેંમહા કરિયેં ન રે પૉણ...
એ'લા આઈના ઝણેલા કેંમહા કરિયેં... રા...ઝી...

કરવા બોલહું ને રે પૉણ બૉતમો,
કરવા બોલહું ને રે પૉણ...
એ'લા આઈના રે ઝણા તો કરવા બોલહું... રા...ઝી...

ભારથના લરનારા રે પૉણ બૉતમો,
ભારથના લરનારા રે પૉણ...
એ ભારથના લરનારા બૉતમા આવહેં... રા...ઝી...

વૅરિયાં વૅરિયાં ન રે પૉણ બૂરાઝી,
વૅરિયાં વૅરિયાં ન રે પૉણ...



વૅરિયે અવળા રે તવળી વેંટો પારિયો... રા...ઝી...

કેંર નતા રે પૉણ પાબુઝી,
કેંર નતા રે પૉણ...
આઈના ઝણા બૉતમિયા પાબુઝી કેંર... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ બૂરોઝી,
વાતાં સોળ ન રે પૉણ...
એ હૉપળઝે બનેવી મારી વાતન... રા...ઝી...

(તંબુર-સ્વર) તો મહરાઝ, હા ને અવળા તવળી વેંટો પરી. હા રે મહરાઝ ઘણો રે વેરાગી વૅરિયાળો હાથ ! હા તે વૅરિયોનો હાથ કુણ ટાળેં ? હા ને વેરિયો ભેગું કુણ મરવા આવે ? એ મૉટિયો મેંઠું બોલ રે હગું હોઈ ! હા રે કી ઘલાંમણું કેંવાય હગુંહોઈ ! થાળીઓનું ઝમનાર કેંવાય હગુંહોઈ, હા રે મેંઠાના ખનારા કેંવાય ભાઈ. હા રે હગું હોઈ તો ભારથનું ભાગનાર નહીં. હા રે ભીર તો નેં ભાગે હગું હોઈ...હા રે ભીર ભાગહેં પણ અગળ કોઈ મરહેં નેં.હા...રે કરવા કોના ભાઈ ...હા રે કેંણાંન કેંઈયેં માના ઝણા ! હા તે માના ઝણા વના ભારથ હૂનો ! એ... માનો ઝણો એં તો આગળ મરેં. હા રે... હગું, હોઈ અગળ કોઈ મરહેં નેં...હા રે બૂરા રાઠોરન સેતો આવે...આઈના ઝણા બૉતમા સેતમાં આવે... કેંમહા કરું રે આઈના ઝણા બૉતમા. કેંમહા કરું રે માના ઝણા ભાઈ...હા ને હગું હોઈ અગળ પરહેં નેં ...હા ને માનો ઝણો ભાઈ અહેં હા...તો કોઈ કોઈ આવણા દેહેં નેં. એ...બૂરો રાઠોર બાપરો મનમાં વીસાર કરે, હા રે ભાઈયાંની ભીર,ભાઈ ભાગે. હા પણિયાં સૉદોન પાબુ ઘણેં ગા...હા રે કેંર નહીં ભારથના લરનારા. હા ને વૅરિયાનો હાથ કુણ ખેહવે ! ખમા ! (તંબૂર- સ્વર) ઓ મહરાઝ તે... કરવાબોલા રે ભાઈ ! ભાયાંની ભીર ભાઈ ભાગેં ! હા ને ભાઈયાંમાં કજિયો નેં રાખવો ! હગા હોઈમાં કજિયો નેં રાખવો ! દેખો રે દેખો પોતાનો બનેવી આવી લુંબો ! હા રે આલેલાં ડાયસાં કોઈ ઘેંરમાં રાખવાં નેં. હા રે (ગળામાં ગરેરાટી) દીકરી બેંનને કોઈ આલિયે...હા તો હાથેકુ આલી દેવું...હા રે



કેંરમા રાખી કોઈએ બેંહવું નેં...નકરિય દેખાં રે દેખાં કોઈ દીકરી બેંન આપણી નહીં... હા રે આપણા કેંરમાં એં તો આપણી કેંવાય...હા રે અવળી ફરી ન કાગરી પેરે તેહીવેળની પારકી કેંવાય...હારે પારકાં ઝણાંન વાત કરહેં..પારકાં ઝણાં આગળ વાલી થયે...હા રે તો માના ઝણા ભાઈ પરા મરાવેં ! આઈનો નં બાઈ બેંનનો કોઈ વિસ્વા રાખવો નેં ...હા રે મૉટિયાં કેંરના બઈરાનો કોઈ વિસવા રાખવો નેં. એ આલેલાં ડાયસાં કોઈ ઘેરમાં રાખઝો માં (ઝડપથી મોટા અવાજે બોલે છે). હા રે મહરાઝ રે ડાયસાંની સીઝણિયાં ઘેંરના આદમીન વાલી થઈ ! હા ને માના ઝણાં ઉપર સરેતરાં કરાવાં. હા રે તેમાં રાઠોરેંણે સરેતરાં કરાવાં...એ દેખાં રે દખાં આઈના ઝણા ભાઈનાં કેંર પરાં વેંટાં...અવળા ન તવળી વેંટો પારી...હા નેં પોતાનો બનેવી બોલાવા ઘાલેં. એ તો ડાયસાંની સીઝણિયાં બોલાવા ઘાલે...હા રે મહરાઝ ! અવણિયાં ઝેંદરો ખેંસી હેં...બોલાવેં બોલાવો ઘાલેં...હા ને બૂરો રાઠોર હેં એ મખરે બોલેં, બનેવી ! આબુનો વૉર પાબુઝી ખાયેં. ...હા ને ગૉમનો વૉર સૉદાઝી ખાયે... ગૉમનું હેલથું દેવોલ બેંનરી ખાયે.. હા ને મનં પૂરા ઘાટનો બૂરિયાન મારઝે માં ! ઉં તો પરબ વારે ઝીવી ખઉં, બનેવી ! મને હું કરવા આવી રીતે આવીન ઝેંમ તેંમ તું ઊપો રેં...એ મન ઝીવતો મેલઝે...હા ને મને મારે તો કૂતરું મારું ને એ એંઠવારો વતો! ટેડ મારે નખોદ ઝાયે ! મનં હું કરવા મારે હેં બનેવી ! હા રે ઝેંદરો ખેંસી હેં...હા તે બૂરા રાઠોરને વાત કરે...એ ગોલીના પેટના બૂરિયા ? હા રે રૉંડવા મરવા ભાગું કેંમ આડા ટોળા કરેં ? હા રે હોમી સાથીએ આવેં. હા ને હાળો બનેવી વાતો કરીએં...મરવા ભાગું બોલિયો માં દે...હા રે મહરાઝ રે મરવા મૉટિયો કુણ ઝાયે...! હા રે બૂરો રાઠોર વાદળ મેંલાંમાં તુઝન વાતો કરેં. હા રે મુટામાહી તો ઝીભયેં નહીં કુસણતી... હાને કેંમ કરીન મૉટિયાં હાથેં લરવું ? હા ને રોતો બોલે...હા ને કેવો વાતો કરે ! બનેવી ! મને ઝીવતો મેલે તો એક વાત કરું...આકોરિયેં મેંદ વતારું...! એ તો પરો રમીન પેસ ઝા. હા રે મહરાઝ રે ઝેંદરો ખેંસી મખરે બોલેં, બૂરિયા ! આડા ટોળા કરવા રવ દે...હા ને એક પાડો આલ ! હા તે ભરાકો કરિયેં. હા ને મન વાળીન પાસો ઝઉં..હા રે મહરાઝ રે બૂરો રાઠોર આપ ઝેરો હેં. હા તે મખરેં બોલેં, એંમ તો નખાહ બનેવી નબળો ગણાઝે માં...હા નેં તનં આકોરિયેં



મેંદ વતારું ! હા રે મહરાઝ ભાગણિયાંમાં ઝઉં...હા રે હાતવી સારણ ભાગણિયાંમાં હૂતેલા હેં...હા તે તનં ભાઝણિયાં ભરાવું. હા ને ઉં ઝગારીન આવું...હા ને પૂઠણ અવ તું આવ. હા તે ભાગણિયાં ભેળી ન પરો ઝાઝે ! (ઉતાળળથી બોલે છે) હા રે મહરાઝ રે હાળો બનેવી મતાં બૉતેં...હા રે મહરાઝ રે બૂરો રાઠોર હેં. ધરમર ઉતરેં વાદળ મેંલ. હા રે સટિયો રમારેંન ઝાયેં...ખેરિયો થકો ઝાયે...હા તે...ભાગણિયાંમાં. હા રે મહરાઝ રે હાતવી સારણ હૂતા નેંદરા ઘોર...હા રે પરાંમાં ઘોર લિયે ન હૂતા. હૉમટી નઈયાંનાં ધોધકાં બોલે. હા રે મહરાઝ...એવામાં તો બૂરો રાઠોર કેવો આવે ! હા હા એક એક પાટું મેલેં...પનર પનર ઝણા ઝાગેં...હા રે મહરાઝ...(જીભનો લોચો વળે છે) સારણાં ઊઠા કરે હા ને વાતો કેવી કરે ! હોરો રેં હુંકારાંના દેનાર...ઝુગ ઝાય ને વારતા હાલે...ખમા...! ઝીવતા...!

વાતાં સોળ ન રે પૉણ બૂરોઝી,
વાત સોળ ન રે પૉણ...
એ હૉપળાં રે બનેવી મારી વાતને... રા...ઝી...

તમાંન નેંદાં કેંમ આવી રે પૉણ બનેવી,
નેંદો કેંમ આવી રે પૉણ...
હૂતે રે નેંદાં રે કેંમ આવિયાં... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ ભેંમુરો,
વાતાં સોળ ન રે પૉણ...
એ ભેંરે સારણ વાતાં સોળિયાં... રા...ઝી...

વૅરિયાં સરિયાં રે પૉણ બનેવી,
વૅરિયાં સરિયાં રે પૉણ...
સરિયાં રે સરિયાં રે વૅરિયાંવાળો હાથન... રા...ઝી...

સરિયો ખેંસિયાંનો રે પૉણ બનેવી,
સરિયો ખેંસિયાંનો રે હાથ...



રૉંડવો સરિયો રે સરિયો રે ખેંસિયોનો હાથન... રા...ઝી...

હા ! હા ! સૂડાનો મોરવી પૉણ ભેંમુરો,
સૂડાનો મોરવી પૉણ...
હાહા ભેંમુરો સારણ વાતાં સોળિયાં... રા...ઝી...

હૉપળાં હરદારો રે વાત મારી,
હૉપળાં હરદારો રે વાત...
બૉતમો નહીં રે ઢીલાંવાળાં કોમન... રા...ઝી...

અમલાંના રવા રે પૉણ સારણ,
અમલાંના રવા રે પૉણ...
હાથમાં તારાં રે લારે પારવા લાગિયાં... રા...ઝી...

વલાંમણી ગોરિયો ન રે પૉણ બોતમિયો,
વલાંમણી ગોરિયો ન રે પૉણ...
વલમણી ગોરીએ રે અમલ ઝેરવા લાગિયા... રા...ઝી...

પેંહાંવાળી ન પીવ રે પૉણ અમલિયાં,
પેંહાંવાળી ન પીવ રે પૉણ...
એ’લા પેંહાંવાળીન અમલિયાં પીવિયાં... રા... ઝી...

અમલાંના સખિયા ન રે પૉણ સારણ,
અમલાંના સખિયા ન રે પૉણ...
એ અમલાંના રે સખિયા ઓવણા લાગિયા... રા... ઝી...

બોલાવો ઘાલ ન રે પૉણ ઝેંદરો,
બોલાવો ઘાલ ન રે પૉણ...
એ હૉપળાં રે હાટુ મેળાવો મિળિયેં... રા...ઝી...



ઝટ ઝટ બારો આવઝે રે પૉણ હાટુઝી,
ઝટ ઝટ બારો આવઝે રે પૉણ...
બારે પોતાનો હાટુ મિળવા આવિયો... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ ભેંમુરો,
વાતાં સોળ ન રે પૉણ...
એ હૉપળ ન હાટુ રે મારી વાતન... રા...ઝી...

ઘોરિયેં નૉનૉ બાળ રે પૉણ હાટુઝી,
ઘોરિયેં નૉનૉ બાળ રે પૉણ...
ઘોરિયેં રે રોવે નૉનરિયાં બાળન... રા...ઝી...

રુહણે ગેઈ ન રે પૉણ દેવલી,
રુહણે ગેઈ ન રે પૉણ...
નૉનરિયાં બાળ રે ઘોરિયેં મેલિયાં... રા...ઝી...

નેંહરે ગોલીના રે પૉણ હાટુઝી,
નેંહરે ગોલીના રે પૉણ...
એ ઊપા રે બોલતો રૉમા રૉમ'લા... રા...ઝી...

ભૂડકો ઓયો ન રે પૉણ ખેંસિયો,
ભૂડકો ઓયો ન રે પૉણ...
એ ભાગણિયાં માંય રે ભૂડકો ઓઈયો... રા...ઝી...

મૉટી મારા ન રે પૉણ બૉતમો,
મૉટી મારા ન રે પૉણ...
એ ભાગણિયાં માંય રે ભૂડકો ઓઈયો... રા...ઝી...

ધમકો ઓયો ન રે પૉણ બૉંતમો,
ધમકો ઓયો ન રે પૉણ...



એ પાખાં રે લુંબીન ટોગરાં સરિયાં...   રા...ઝી...

ધેંરાં ધેંરાં ધેંરાં રે પૉણ મોટિયો,
ધેંરાં ધેંરાં ધેંરાં રે પૉણ...
માથાં રે માથામાં માથાં વેંણિયાં...   રા...ઝી...

(એક સહાયક સાત : એ ભાગણિયું ભેરાઈ ગઉં ! મુખ્ય સાત : હા!)

લોયાંની નદિયો ન રે પૉણ મૉટિયો,
લોયાંની નદિયો ન રે પૉણ...
એ રે લોય્યાંની નદિયો રે ખળૂકા મારિયાં...   રા...ઝી...

પથર તણાતા ઝાય રે પૉણ મૉટિયો,
પથર તણાતા ઝાય રે પૉણ...
હાહા લોય્યાંની નદિયાં રે ખળૂકા મારિયાં...   રા...ઝી...

ભાગણિયાં ભેરી ન રે પૉણ ખેંસિયો,
ભાગણિયાં ભેરી ન રે પૉણ...
એ બોકરા રે મૉની ને પૂરા મારિયા...   રા...ઝી...

અમલ કોઈ માં ખાઝો રે પૉણ બૉતમો,
અમલ કોઈ માં ખાઝો રે પૉણ...
એ દારૂના નસામાં પૂરા મારિયા...   રા...ઝી...

દારૂ કોઈ માં પીઝો રે પૉણ બોતમો,
દારૂ કોઈ માં પીઝો રે પૉણ...
એ દારૂના નસામાં પૂરા મારિયા...   રા...ઝી...

હા રે કૂદી કૂદીન સારણ બેઠા થય. હા રે મહરાઝ રે ભેંમુરો સારણ મખર બોલે, એ હાળા ! આઝ હું પરું રે મોટું કૉમ? હા નેં તું કેંમ પાટવે રમેં ? હા ને કેંઝે રે કૉમાંનાં નૉમ. હા ને તું હું હેં ને તે પાટવે રમે રે ? એ બૂરો રાઠોર



વાતો કરે, એ બનેવી, નહીં રે ઢીલાંનાં કૉમ. ઢીલ કરિયેં મોરું થાહેં...ઝટ ઝટ બેઠા થઈ ઝૉ...હા રે સરો રે વૅરિયાંનો હાથ! હા! હા! રે! મહરાઝ અવળા ન તવળી વેંટો પારી. હા ને ભાગણિયું તો બતું વેંટીન બેહી ગા હેં...હા ને તમે તો હૂતા હૂતા ઘોર લિયાં! ઝટ ઝટ ઝાગી ઝૉ...હા રે મહરાઝ રે ભલે આવી રે રણની વાત! આવી રે ભારથની વાત ! હા રે મહરાઝ રે ભેંમુરો સારણ હેં. કૂદીન બેઠો થાયે...હા રે ટોળાનો નાયક વાતો કરેં, એ બાવા? હાળાઝી ! હા રે કેંણાંનો હાથ સરો? હા ને અરતી રાતનો આ કેંણે ઘેરાવો ઘાલો ? હા ને ઑફી ગોહેં ને તું આવો હેં તે ! હા રે મહરાઝ રે ભેંમુરો સારણ હહા, બૂરો રાઠોર વાતો કરે, એ બનેવી ? સરો રે સરો ખેંસીઓનો હાથ ! એ ઝાયેરિયાનો હાથ સરો હેં ! હા ને ભાગણિયામાં અવળા તવળી વેંટો પારી હેં. આપણાંન પરા મારે. ઝટ ઝટ બેઠા થઈ ઝૉ..હા રે મહરાઝ રે ભેમુરો સારણ હેં...હા રે હેરદારાંન વાતો કરેં, એ બૉતમો ? નહીં ઢીલાંનાં કૉમ. ઢીલ કરિયેં મોરું થાયે. ઝટ ઝટ મેળિયે સરી ઝૉવ...હા તે અમલાંના રવા નેંસા નાખી દયાં. હા નેં હદાતો અથેળિયાંમાં અમલ ઘાલી ઘાલીન પીતા...હા પણ આઝ તો વલાંમણી ગોળિયે ઝેરાં અમલ ! હા ને પેંહાં વાળી વાળીને પીએં ! હા ને પેસ ભારથ લરિયેં ! (ઉતાવળે બોલે છે) ખમા! (તંબૂર-સ્વર) (ગરેરાટી) એ...હરદારાં ન લાગે કેંતે વાર. હા ને તમ ઝેવા, મન ઝેવા હરદાર હેં...હા રે મેળિયે સરી ઝય...હા ને અમલાંના રવ્વા ધક્ કરાઈ કરાઈન નેંસા નૉંખે...હા રે મહરાઝ રે અમલાંના રવા ભાગે. હા નેં...વલાંમણી ગોળિયો હમી કરેં...હા રે મહરાઝ રે વલાંમણી ગોળિયાંમાં અમલ ઝેરેં. એ...સાહ ઝેરતા એં એંમ અમલ ઝેરેં...હા રે મહરાઝ રે હાતવી સારણ હેં. હા ! હા! તે...ગોડિયો વાળી વાળી અમલ પીયેં...બરાબર અમલાંના સખિયા થયે...હા રે ડોરણેં સરા ! હા રે એવામાંન તો ઝેંદરો ખેંસી બોલાવો ઘાલેં...એ ગોલીના પેટનો ! હા ને કેંણી વેળાનાં અમાંન ખોટી કરાં...હા રે ઝટ ઝટ ઊપાં થઈ ઝૉવ...હા ને ઝટ ઝટ લરવા આવાં...નહીં ઢીલાંનાં કૉમ. હા રે પોતાનો હાટુ બોલાવો કાલેં...હા રે ભેંમુરા સારણ અને ઝેંદરો ખેંસી હગા હાટુ અતા. ભેંમુરા સારણન કેંર દેવોલ અતી...હા ને ઝેંદરા ખેંસી કેંર તેમાં રાઠોરણ અતી...એ બેં હગા હાટુ અતા. હા રે મહરાઝ રે હગા હાટુએ



બોલાવો ઘાલો. હા ને ભેંમુરો સારણ મખરેં બોલેં, એ હાટુઝી! માર તો ખોળેં નૉનકાં બાળક રોવેં…હા ને કરી એક તું તૉણ કોરાની વાગ. હા રે…થાર પાટલા હાહુએં તો રુહણાં ઘાલાં હેં…એ તો રિહાઈન પરી ગેઈ હેં! હાન માર તો ખોળે રોવેં નૉનકું બાળ! ઘરી એક ઘોરાની વાગ ઝાલ…હ હા રે મહરાઝ વૅરી વળી કુણ થોપતા અહેં ! હ!હા! રે…ભૂડકેં ભૂડકા થય…હા રે ધમકેં ધમકો ઊડેં. હા! હા! રે…મહરાઝ રે ધક્ દેઈન મૉટી નેંસા પરે. માથાં કૂદી કૂદીન વેગળાં પરેં, ધેંર ધેંરમાં ધેંર પરેં…! હા રે માથામાં માથાં પરેં ! હ ! હા ! રે… કટકા થઈન ઝમિયેં પરેં…હા રે મહરાઝ રે ભલેં આવી ભારથની વાત. હૂરાં નરાંની વાત…હા રે હૂરા લરે રણ ખેતમાં. રણ ખેતમાં ધમકો મૉડો. હા રે મહરાઝ રે લોયાંની નદીઓ ખળખળાટ ઊડેં. હવામણના પથર તણાતા ઝાય ! હા રે હૉમટા મૉટી મૂઆ રે ભાગણિયાંમાં. હા રે મહરાઝ રે ઝેંદરો ખેંસી હેં. ઝેંદરો ખેંસીનો હાથ હેં. હા તે… ઘણા ઝબળા આદમી મારી નૉખા ! હા નેં રમખાં મૉડાં રે ભાગણિયાંમાં એ…મૉટિયાંન તો ગોટવી નૉખા…હા રે મહરાઝ મગરાંમાં વાલર વિતેથાં..બાવળાં ગોતલાંના ઘૉણ કરા…હા રે ખોટું રે આવું ઝગમાં કૉમ…હા રે ભાગણિયાં ભેળીન…ખેંસી હેં. હ ! હા ! તે અરખ પૂરી કરીન પેસ કોરા તૉણે…હ હા રે ઝાય રે ઝય ઝાયેરિયામાં…



દેવોલ

દનરાં ગિયાં ન રે પૉણ દેવોલ,
દનરાં ગિયાં ન રે પૉણ…
એ દનરાં રે ગિયાં રે ડાવે ડુંગરે… રા…ઝી…

હૂરલા હોવન માળિયાં રે પૉણ દેવોલ,



હૂરલા હોવન માળિયે રે પૉણ...
એ હૂરલા રે ગિયા તે હોવન માળિયે... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ બાઈન,
વાતાં સોળ ન રે પૉણ...
એ હૉપળાં રે બૂનિયાં રે મારી વાતન... રા...ઝી...

હૉપળાં સોરિયાં ન રે વાત મારી,
હૉપળાં સોરિયાં ન રે વાત...
એ નૉનખલી સોળું રે દલરાંની વાતન... રા...ઝી...

ઢોલિયા ઢાળઝો ન રે પૉણ સોરિયો,
ઢોલિયા ઢાળઝો ન રે પૉણ...
એ તમે ઢોલિયો ઢાળી ન હીરખી વૉસઝો... રા...ઝી...

હીરખીયાં વૉસઝો ન રે પૉણ બાઈયો,
હીરખીયાં વૉસઝો ન રે પૉણ...
હીરખીયાં ઉપર ફૂલાં વેરઝો... રા...ઝી...

કસતૂરીનો ભેઝ રે પૉણ બાઈયો,
કસતૂરીનો ભેઝ રે પૉણ...
અંતરાંના ભેઝ રે તમે સૉટઝો... રા...ઝી...

કેંતે લાગી વારો રે પૉણ સોરિયો,
કેંતે લાગી વારો રે પૉણ...
એ તો ઢોલિયા રે ઢાળીન હીરખી વૉસિયાં... રા...ઝી...

ફૂલરાં વેરાં ન રે પૉણ સોરિયો,
ફૂલરાં વેરાં ન રે પૉણ...
કસતૂરીના ભેઝ સૉટવા લાગિયાં... રા...ઝી...



અંતરાંના તોરા રે પૉણ સોરિયો,
અંતરાંના તોરા રે પૉણ...
બાઈયો કસતૂરીના ભભકા ઊડવા લાગિયા... રા...ઝી...

ફૂલરાંના ઢગ ન રે પૉણ દેવોલ,
ફૂલરાંના ઢગ ન રે પૉણ...
એ ફૂલરાંના ઢગરામાં બેહવા લાગિયાં... રા...ઝી...

ધોરા પરેં ન રે પૉણ બાઈ માર,
ધોરા પરેં ન રે પૉણ...
એ'લી કસતૂરીના ભભકા ઊડવા લાગિયા... રા...ઝી...

હૂતી વાદળિયાં મેંલાં રે પૉણ દેવોલ,
હૂતી વાદળિયાં મેંલાં રે પૉણ...
એ હૂતી રે વાદળિયાં મેંલન... રા...ઝી...

ઝેંણી ઝેંણી ઘોરો લેવ રે પૉણ દેવોલ,
ઝેંણી ઝેંણી ઘોરો લેવ રે પૉણ...
એ ઝેંણી રે ઝેંણી ઘોરો લેવિયાં... રા...ઝી...

હપનું આવું ન રે પૉણ બાઈ માર,
હપનું આવું ન રે પૉણ...
એ હપનિયેં આવી રે ભવાંની દેવીન... રા...ઝી...

હૂતે નેંદ કેંમ આવી રે પૉણ બાઈ રે,
હૂતે નેંદ કેંમ આવી રે પૉણ...
બાઈ ખોટું રે આવું ઝગરામાં કૉમન... રા...ઝી...

જૂટિયાં ટૂટી ન રે પૉણ દેવોલ,
જૂટિયાં ટૂટી ન રે પૉણ...

આઝ તો મૉટી રે બઈરાંની રે ઝૂટિયાં ટૂટિયાં રા...ઝી...

હપનિયું વાત સોળ રે પૉણ દેવોલ,
હપનિયું વાત સોળ ન રે પૉણ...
એ કેંરનો રે આદમી હપનાંમાં આવિયો... રા... ઝી...

એ'લો ઢોલિયેં આવો ન રે પૉણ ભેંમુરો,
ઢોલિયેં આવો ન રે પૉણ...
એ દેવોલના ઢોલિયેં રે આવણા લાગિયો... રા...ઝી...

સૉપરિયા દાવ ખેલ ન રે પૉણ ભેંમુરો,
સૉપરિયા દાવ ખેલ ન રે પૉણ...
એ રૉડવે ઢોલિયા રે માથ રે રમખાં મૉડિયાં... રા...ઝી...

(એક સહાયક ગાયક : એ હોયણું આવેસ્સે હા !)

સાથિયાંરે માથે રે પૉણ રાઝા,
સાથિયાંરે માથે રે પૉણ...
રૉડવે સાથિયાંરે માથે રે રમખાં મૉડિયાં... રા...ઝી...

(એક સહાયક ગાયક : એ કજિયો કરો! મુખ્ય ગાયક : હા !)

વાતાં સોળ ન રે પૉણ ભવાંની,
વાતાં સોળ ન રે પૉણ...
થાર મૉટી રે બઈરાંની જોરિયો ટૂટિયો... રા...ઝી...

ઝીવતા...

ઓ મહરાઝ... એ સરો રે ખેંસીઓનો હાથ હા. ભાગણિયાં ભેળી પરા ગ્યા. (તંબૂર-સ્વર) હા રે મહરાઝ હૂવાની વેળા વખતાં થયે... હા ને દેવોલ આવેં... હા રે ઢોલિયામાં કેવી બેહે... હા રે ફૂલાંના ઢગરામાં બેઠી. હા!



હા! રે... ફૂલરાંના ઢગરામાં બેઠી... હા રે અંતરાંના ધોળા પરેં. કસતૂરીના ભભકા ઊડેં! હા ને સોરિયો વેંઝણ વઈરા ઢોળે! હા રે રોળ ભમરિયાં ડોળવને ડગિયાં તોળ... હા રે હોરાની રેંનારી રાઠોરણ બાઈ. હ હા રે ફૂલાંના ઢગરામાં હૂતી... હા રે હૂતી રે હૂતી મેંઠી મેંઠી નેંદે... હા રે... મહરાઝ મેંઠી મેંઠી ઝેંણી ઝેંણી ઘોરો લેય! હા રે અગળી અગાળું પાસલી પસાળું રાત થાય. હા ને બાઈન હપનું આવે. એ હપનાંમાં આવે રે ભવાંની ઝોગણી. હા રે મહરાઝ ભવાંની ઝોગણી વાત કરે, બાઈ? કેંમ હૂતી રે નેંદરા ઘોર? હા નેં હૂતે થકેં નેંદ કેંમ આવી? તે મૉટી બઈરાંમાં રુહણા પારાં. ખોટું કરું રે ઝગમાં કૉમ... હા રે રૉંડ નેં દેખી હકી. હા ને પરી ટૂટી રે મૉટી બઈરાંની જોર... હા રે થારો આદમી પરો મરાઈ ગો. હા તે તું તો આદમી વગળની થઈ... હા રે મહરાઝ ભવાંની ઝોગણી વાત કરેં. હા ને એવામાં તો બીઝું હપનું આવેં. એ હપનું ભેળું ન ભેળું આવેં. હા રે હપનાંમાં આવેં રે કેંરનો રાઝા! હા રે ભેંમુરો હપનાંમાં આવો! હા રે એક ઝ ઢોલિયામાં બે ઝણાં હૂતાં! હા રે તારા હમ મારા હમ કરેં. દૉણ સર દૉણ ઊતરે... હા રે ઢોલિયાના માથે રમખાં મૉડાં! હા રે રૉડવો સાથિયો ને માથે રમત કરે! હા રે હપનું વાતો કરે... હા રે હપનામાં બાઈ રમેં! રમે રે રમે કેંરના આદમીની ભેળી. હા રે મહરાઝ એવામાં પાસી ભવાંની ઝોગણી હપને આવેં. એ બાઈ તનેં હૂતેં નેંદ કેંમ આવી? હા રે પરી ટૂટી રે મૉટી બઈરાંની જોર... પરી ટૂટી રે દેવરાં ઝેઠાંની જોર... હા રે તું હાહરી વગળની થઈ ગેઈ. હા ને પિયર વગળની થઈ ગેઈ! હા ને રૉંડ હૂતેં નેંદ કેંમ આવી? ઝટ ઝટ બેઠી થઈ ઝા. હા રે દેવોલ રાઠોરેંણ હેં. કૂદી ન બેઠી થાય... હા રે ઢોલિયાહી ઘણેં દૂરી ઝાઈન પરેં... હા ને સાથીમાં આથ દેતી દેતી દેયેં. હા! હા! રે... અવણિયાં તો સાથિયાંને માથે અતો... હા ને કેંમનો ઝાતો રો... હા ને ઑણેં ખૂણે પેલે ખૂણે ઝોવેં... હા રે અવણ કેંરમાં એ... ફરી ફરી ખૂણે ઝોવેં... હા રે કૉય નઝરે આવતું નહીં. હા રે મહરાઝ રે મનમાં વીસાર કરેં. સૉ સૉ મઈના થઈ ગા. હા રે અઝી હુદી હપનાંમાં નતો આવતો. હા નેં રૉડવો આઝ તો હપનાંમાં આવો. હપનાંમાં આવો એ વાતમાં હું નવાઈ! હા ને પણ સાથિયાંના માથેં રમત કરતો. હા ને આઝ કેંમનું કેંમ આવું થઈ ગઉં? હા ને વસમાં તો બીઝું હુયેં હપનું આવું. એ...



મૂઓ તો મરઈ ગો એવું હપનું આવું! હા રે આ માર કેવું હપનું આવું અહેં? હા રે મહરાઝ રે બાઈ હેં. હા તે ફેરવીન ઢોલિયો ઢાળેં. હા નેં પાસી હેં તે અવ ભમર ઢોલિયેં કેવી હૂતી! હા રે હૂતી હૂતી રે નેંદરા ઘોર...! મેંઠી મેંઠી નેંદે હૂતી! હોરો રેં હુંકારાંના દેનાર. ઝુગ ઝાયન વારતા અગી હાલે...

હૂતી વાદળિયાં મેંલાં રે પૉણ બાઈ માર,
હૂતી વાદળિયાં મેંલાં રે પૉણ...
એ હૂતી રે હૂતી વાદળિયાં મેંલન... રા...ઝી...

ઝેંણી ઝેંણી ઘોરો લેવ રે પૉણ દેવોલ,
ફરીન હપનું આવું રે પૉણ...
એ કેંરના રે આદમીનું હપનું આવિયું... રા...ઝી...

હપનિયું વાત સોળ રે પૉણ દેવોલ,
હપનિયું વાત સોળ રે પૉણ...
એ હૉપળઝે દેવોલ મારી વાતન... રા...ઝી...

પરી ભૂલી ન રે પૉણ દેવોલ,
પરી ભૂલી ન રે પૉણ...
એ બાઈ મૉટી રે બઈરાં ઝૂદાં પરિયાં... રા...ઝી...

રુહણાં કોઈ માં પારઝો રે પૉણ બાઈ,
રુહણાં કોઈ માં પારઝો રે પૉણ...
એ મૉટી બઈરામાં રુહણાં કોઈમાં પારઝો... રા...ઝી...

જૂટિયાં ટૂટી ન રે પૉણ દેવોલ,
જૂટિયાં ટૂટી ન રે પૉણ...
એ માર મૉટી રે બઈરાંની જોરિયો ટૂટિયો... રા...ઝી...

એ આદમી કેંણાંન કેંયે રે પૉણ બાયો,



આદમી કેંણાંન કેંયે રે પૉણ…
એ'લી કેંરનો રે આદમી કેંણાંન કેંઈયેં… રા…ઝી…

પરાયું કેંર ન રે પૉણ બાયો,
પરાયું કેંર ન રે પૉણ…
એ… આદમી વેંણાં કેંરાં નહીં સોપતાં… રા…ઝી…

પારકાં ગૉમાં ન રે પૉણ સોરિયો,
પારકાં ગૉમાં ન રે પૉણ…
એ આદમી વેંણાં કેંમ કરીન રઈયેં… રા…ઝી…

આદમીનું ઘેંર ન રે પૉણ બાઈયો,
આદમીનું ઘેંર ન રે પૉણ…
એ'લી આદમી બઈરામા રુહણાં કોઈ માં પારઝો… રા…ઝી…

હોયણાંમાં આવો ન રે પૉણ ભેંમુરો,
હોયણાંમાં આવો ન રે પૉણ…
રૉંડવો સાથિયાં ન માથે પોટવા લાગિયો… રા…ઝી…

કૂદી ન બેઠાં ઓઈયાં રે પૉણ દેવોલ,
કૂદી ન બેઠાં ઓઈયાં રે પૉણ…
એ ખૂણે રે ખૂણે રે એરવા લાગિયાં… રા…ઝી…

સાથિયાં કૂટ ન રે પૉણ દેવોલ,
સાથિયાં કૂટ ન રે પૉણ…
એ રૉંડવો કાસી રે નેંદે હોયણામાં આવિયો… રા…ઝી…

પરી ભૂલી ન રે પૉણ ઝગમાં,
પરી ભૂલી ન રે પૉણ…
એ મેં મૉટી રે બઈરાંમાં રુહણાં રાખિયાં… રા…ઝી…



માલેખ મેળવી ગયો ન રે પૉણ આદમી,
મેળવી ગયો ન રે પૉણ...
એ અવતાર પેંલો રે આદમીન મનેં મેળવે... રા...ઝી...

મૉનતા મૉનેં ને રે પૉણ દેવોલ,
મૉનતા મૉનેં ને રે પૉણ...
એ ભવાંની મનેં રે મેળવી ન ભેંમો આલઝે... રા...ઝી...

કોઈ માં રાખઝો રે પૉણ બાઈયો,
કોઈ માં રાખઝો રે પૉણ...
મૉટી રે બઈરાંમાં રુહણાં કોઈમાં રાખઝો... રા...ઝી...

મરઝો પૂંડી રૉંડ રે પૉણ દેવોલ,
મરઝો પૂંડી રૉંડ રે પૉણ...
એ મૉટી રે બઈરાંમાં રુહણાં રાખિયાં... રા...ઝી...

કૂદીન બેઠાં ઓયાં રે પૉણ દેવોલ,
કૂદીન બેઠાં ઓયાં રે પૉણ...
એ અવ હૂકા રે દાટા રે ખોલવા લાગિયાં... રા...ઝી...

ગઉરા કાટ ન રે પૉણ દેવોલ,
ગઉરા કાટ ન રે પૉણ...
બાઈ તો વાઝિયા રે ગઉરા રે કાટવા લાગિયાં... રા...ઝી...

હૂંલ્લેઈ આટા વાળા રે પૉણ દેવોલ,
હૂંલ્લેઈ આટા વાળા રે પૉણ...
એ હૂંલ્લેઈ આટા રે વાળવા લાગિયાં... રા...ઝી...

(તંબૂલ-સ્વર) એ... મહરાઝ! હા! હા! તે... દેવોલ હેં.. દેવોલ રાઠોરેંણ! હા! હા! રે... પેંલે વખત હપનું આવું. હા તે કૂદી ન બેઠી થઈ



ગેઈ. હા ને ખૂણે ખૂણે એરવા પરી... હા તે ઝોઈ ઝોઈ થાકી... હા ને મનમાં વીસાર કરેં... આવું મનં હું હોયણું આવું અહેં. એ સૉ મઈના થઈ ગા... હા રે તેદિ' નેંતો સેતેં આવતો... હા ને આઝ તો આવી ગો તે... ઢોલિયામાં બેંઠેલાં હૂતાં! હા... ને આવું હું હોયણું આવું? હા પણિયાં પાસી ફેરવીન ઢોલિયો ઢાળો... હા તે દેવોલ હેં તે ફેરવી ઢોલિયો ઢાળેં. હા તે મહરાઝ હૂતી નેંદરા ઘોર. ફૂલાંના ઢગરામાં હૂતી! હા તે અંતરાંના ધોળા પરેં! કસતૂરીના ભભકા ઊડે... રૂનાં ગદેલાંમાં પોઢી... હા રે મહરાઝ.. હૂતી રે હૂતી નેંદરા ઘોર. એ ઝેંણી ઝેંણી ઘોરો લેય. મેંઠી મેંઠી નેંદરે પોઢી. એવામાં ન તો પાસું હપનું આવેં. હા રે હપનામાં આવેં ભવાંની દેવી.. એ ભવાંની દેવી વાત કરેં, એ... બાઈ... તનં હૂતે નેંદ કેમ આવી? હા નેં હૂતી એં તો ખરું કરું. હા પણિયાં રૉડ કેંરના આદમીમાં રુહણાં કરાં. હા ને થારો આદમી તો પરો મરઈ ગો... હા રે મૂઓ કેં મરણો. ખોટું આવું ઝગમાં કૉમ. નર નારીની જૂટી ટૂટી. હા નેં તું આદમી વગળની થઈ ગેઈ... હા રે ભવાંની ઝોગણી વાત કરેં. હા ને ઘરી એકણ થાય... હા ને પાસો ભેંમુરો સારણ હપનામાં આવેં. એ... ઢોલિયાન માથે રાઝાન રૉણી હૂતાં રે હૂતાં નેંદરા ઘોર... હા રે તારા હમ મારા હમ કરે.... હા રે દૉણ સરે દૉણ ઉતરે. હા ને એક એક ઘરી લાખની કાટેં... હા રે મહરાઝ... સાથિયાંન માથેં રમત મૉડે... હા રે ઢોલિયાન માથેં રમત મૉડે... હા રે આદમી બઈરાંની જોરી. ધણી બઈરાંની જોર... હા રે કેંણ, કઈયેં ઘરનો આદમી! કેંણાંન કેંઈયેં ઘેંરનું બઈરું! મત તોરે માલિક નર નારીની જોર....! હા ને મહરાઝ રે... મૉટી બઈરાંની જૂટી હેં. કેવી હોયમણી જોર...! એ હૂતાં થકાં મઝા કરે...! હા રે મહરાઝ રે એવામાં હપનું... વાત કરેં. એ બાઈ? કરમાં પૂલી રે, પૂલી રે થારા માયલામાં! હા રે ફટ રે ગોઝારી નાર! હા રે મૉટી બઈરાંમા રુહણાં પારાં. રુહણાં રાખી રૉડ બેઠી. હા પણ આદમી વગળની થઈ ગેઈ... હા રે પણ કેંણાં ન કેંઈયેં કેંરનો આદમી? પારકા તો ઝોવા મળહેં. હા પણ સૈયાંનો બા ઝોવા નેં મળે. ખમા (તંબૂર-સ્વર) એ... સરો રે સૉભળો... હા રે... વાત કરિયેં રે સતિયાંની. હા ને... અકેંલ્લ આવેં પોતાની. એ સૈય રે સૉપણી આદમી બઈરાંની જૂટી, આદમી બઈરાંમાં રુહણાં રાખવાં નેં. હગા હોઈમાં રુહણાં રાખવાં નેં. હા રે



કાકાં ભાયાંમાં રુહણાં માં ન ઝોયેં. હા રે કોઈમાં રુહણું તો ઝોયેં નેં. હા રે મરહું ન તરહું. હું લેઈ ઝાહું? હા તે મહરાઝ રે મૉટી બઈરાં મા રુહણાં નેં રાખવાં. મરિયેં તો હાસા મરી ઝાઈયેં. હા રે મહરાઝ રે... ફટ રે ગોઝારી નાર! ફટ રે પૂડી રૉંડ! ખોટું કરું રે ઝગમાં કૉમ. રુહણું તો એક દન ય નેં ઝોઈઝેં. હા પણ સૉ સૉ મઈના થઈ ગ્યા. હા ને થારો આદમી તો પરો મરઈ ગો... હા રે સરો રે ખેંસીઓનો હાથ. હા ને પોતાના હાટુએ પોતાનો હાટુ મારો. હા રે ઝેંદરે ખેંસીએ ભેંમુરા સારણન પરો મારો. હા રે મહરાઝ રે હપનું વાત કરે... હા ને દેવોલ હેં. ઝપકીન બેઠી થાયે. હા રે સાથીમાં આથ નાખે. હૂની હૂની સાથી લાગેં. હઈયામાં ઝોયેં. હઈયામાં કૉય દેખાતું નહીં. એ ફરીન ખૂણે ખૂણે એરવા પરી. પણ મળતો નહીં... હા રે મહરાઝ રે ઢોલિયાહી નેંસી ઉતરે. હા ને ગોડા ઉપર ભોટું મેલીન રોએં... હા રે વાળી વાળી ગોડિયો રોયેં... ખોટું આવું રે ઝગમાં કૉમ. કરમાં પૂલી ગેઈ. હા રે મારી અક્કલ ફૂટી. એ... મેં સૉ સૉ મઈનાનાં રુહણાં રાખાં.. બાપા મારા આ હું થઈ ગું તે બેંહ હોયણાંમાં આવો! હા! હા! રે... કેંણી વેળ હેંન રાત ઝાતી રેં... હા ને કેંણી વેળ દન મહરાઝ બારો આવેં? હા ને મારો કેંરના આદમીન મનાંણાં કરું! હા રે મહરાઝે ઢૂહકે ઢૂહકે રોવેં. એકી ઑંખે હરાવણ એકી ઑંખે ભાદરવો! હા રે અઝર વઝર રાત કાટેં. ઝગમાં સૉડે કૂકરિયેં રોળ. હા ને કૂદીન બેઠી થાય. એ... ધૉમીન પેસણિયાં ઝાય કોઠી હારણ. એ મોટી કોઠી ઉપર ઝાયે. હા ને હૂકા દાટા ઉગેળી નૉખેં. હા ને વાઝિયા ગઉ કાટેં. હૂડકો કાલી ગઉ કાટેં. હા રે મહરાઝ રે દણનાં કરીન પેસ કંટીએ બેઠી. એ ઝટપટ દણનાં ડરે... હા રે ઝેંણા ઝેંણા ગઉ ડરેં... હા રે મહરાઝ ગઉરા ડરીન પેસણિયાં હૂડલે આટા વાળે... હા રે હૂડલે આટા વાળે. હા બાઈ તો ઝટપટ કૉમ કરેં. બાપા કેંણાંન કઈયે ઘરનો આદમી! કેંણે કઈયેં રે સૈયાનો બા. હા રે મેં તો ખોટું કરું રે ઝગમાં કૉમ. હા પણિયાં આઝ તો મનાંણાં કરી આવું... ખમા.

સૂલે કરાયો મેલ રે પૉણ બાઈ માર,
સૂલે કરાયો મેલ રે પૉણ...
સૂલે રે સૂરમાં કરવા લાગિયાં... રા...ઝી...



સૂતાં કર રે સૂરમાં રે પૉણ દેવોલ,
સૂતાં કર રે સૂરમાં રે પૉણ...
હો! હો! સૂતાં રે સૂરમાં કરવા લાગિયાં... રા...ઝી...

કાટે માળવિયો ગોળ રે પૉણ દેવોલ,
કાટે માળવિયો ગોળ રે પૉણ...
હોહો ભાદરવી કીય રે કાલવા લાગિયાં... રા..ઝી...

(એક સહાયકઃ આઈ રે આઈ મુટામાં મૂકીયેં ન ઉતરી ઝાયએ! મુખ્ય ગાયકઃ હા!)

આદમીની કીઝણ રે પૉણ બાયાં,
આદમીની કીઝણ રે પૉણ...
દેખાં સૂતેલાં સૂરમાં કરવા લાગિયાં... રા...ઝી...

(એક સહાયક ગાયકઃ થોરું અગળ કરું ઑત તો ગમાંત!! મુખ્ય ગાયકઃ ''હા!'')

મખરે મૉખ મૉડ રે પૉણ બાઈ માર,
મખરે માંખ મૉડ રે પૉણ...
બાઈ દેઈ રે દેઈ હણગાર મૉડિયો... રા...ઝી...

કેંરે સારણો પેર રે પૉણ દેવોલ,
કેંરે સારણો પેર રે પૉણ,,,
એ ઢૂંગા રે પરમાંણ ફેટિયું પેરિયું... રા...ઝી...

કૉસુઓ પેર ન રે પૉણ દેવોલ,
કૉસુઓ પેર ન રે પૉણ...
બાઈએ સાથી પરમાંણ કૉસુઓ પેરિયો... રા...ઝી...

હાર સીર પેર ન રે પૉણ દેવોલ,



હાર સીર પેર ન રે પૉણ...
એ ગળા રે પરમાંણ હાર સીર પેરિયાં... રા...ઝી...

નાકેં નેથરી પેર રે પૉણ દેવોલ,
નાકેં નેથરી પેર રે પૉણ...
એ લેલાર પરમાંણ ટીલરી પારિયાં... રા...ઝી...

ભાલોરાંની અણિયેં રે પૉણ બાઈ માર,
ભાલોરાંની અણિયેં રે પૉણ...
એ ભાલોરાંની અણિયેં કાઝળ રાળિયાં... રા...ઝી...

ઝૂમરાં પેર ન રે પૉણ દેવોલ,
ઝૂમરાં પેર ન રે પૉણ...
એ કૉનાં રે પરમાંણ ઝૂમરાં પેરિયાં... રા...ઝી...

વાળે વાળે મોતી હારે રે પૉણ દેવોલ,
વાળે વાળે મોતી હારે રે પૉણ...
એ વાળે રે વાળે મોતી હારિયાં... રા...ઝી...

હાળુરો ઓઢ ન રે પૉણ દેવોલ,
હાળુરો ઓઢ ન રે પૉણ...
એ દેયાં રે પરમાંણ હાળુરો ઓઢિયો... રા...ઝી...

એ તો આદમીનો હણગાર રે પૉણ રૉંડો,
આદમીનો હણગાર રે પૉણ...
એ મૉટી મરાંણે હણગાર મૉડિયો... રા...ઝી...

આદમીની કીઝણ રે પૉણ દેવોલ,
આદમીની કીઝણ રે પૉણ...
એ આદમીની કીઝણ હણગાર મૉડિયો... રા...ઝી...



(તંબૂર-સ્વર) તો મહરાઝ. તે દેવોલ રાઠોરેંણ હેં. હા તે મહરાઝ સૂરમાં કરીન પેસણ વાટકીઓમાં ઘાલેં... હા ને પેસણિયાં ધેફરે કાસ મૉડે. એ... હોળૈયા હણગાર મૉડે. હા રે મહરાઝ હોળૈયા હણગાર મૉડે. હા ને.. કેરાં પરમાંણ સારણો પેરે... હા રે નાડી ગુજોરનું ફેટિયું, હા ને... મેઘાડાંમોરનો સારણો. હા રે ઢુંગે ફેટિયું રાળે. સાથી પરમાંણ કૉસુઓ પેરે... હા રે ગળે હાર સીર પેરે. ગળા પરમાંણ વારલો પેરે. બાઈ તો ઝોઈ ઝોઈન હણગાર મૉડે... ખમા! (તંબૂર-સ્વર) ઝીવતા રેંઝો, તે... કાસમાં ઝોઈ ઝોઈન હણગાર મૉડે. કેંય ખૉમી પરવા લેતી નહીં. હ! હા! રે! નાકેં નેથરી પેરે. હ! હા! રે... લેલાર પરમાંણ ટીલરી પારે. કૉને ઝૂમરાં પેરે... હા રે ભાલોરાંની અણીયે કાઝળ રાળે... હા રે વાળે વાળે મોતી હારે. હા રે બાઈ તો ઘણી રૂપાળી થઈ ગેઈ! આથાંની અસુંબરા...! વાઝિયાંની પેંડ! કાસીનું કરપલું. પુરુપ દેસના પવન વાઝેં. ભાગી ભાગી ટૂકરા થાય. હા રે... મહરાઝ રે ઘણી રૂપાળી થાય! એ... દેઈયાં પરમાંણ હારલો ઓટેં... હા રે મહરાઝ... ઘણી સોપતી રૂપાળી થાય... હા... ને પેંગાં પરમાંણ નેવર પેરે. નવ નવ લાખનાં નેવર પૉગે ઘાલે... હા... રે મહરાઝ વાટકિયાંમાં લેય સૂતાં સૂરમાં... હા રે બાપા બીઝું તો બતું ખરું પણ એ બાપા! પરથીનું રૂપ થઈ ગઉં! એ ઘણી હવાદી બાઈ થઈ ગેઈ! દેખાં રે દેખાં ભાઈઓ બઈરાંના ખેલ! બઈરું હણગાર મૉડેં. હા પણિયાં આદમી પૂઠણ હણગાર મૉડે. હા નકરિયાં હણગાર મૉડવાની કોઈ ઝરૂર નહીં. હા રે... આદમીની સીઝણ હણગાર મૉડા! વાટકીઓમાં લેય સૂતાં સૂરમાં. કેંરના આદમીન મનમણે ઝાય. સોરિયોન વાત કરેં, એ સોરિયો? હેંડાંક બાઈયો ઝાઈયેં મારે કેંરના આદમીન મનમણા! હોરો રેં હુંકારાંના દેનાર... ઝુગ ઝાયન વારતા અગી હાલે. હલાવો... ખમા! ઝીવતા રો!

સોરિયાંના રે ઝૂમરે રે પૉણ બાઈ માર,
સોરિયાંના રે ઝૂમરે રે પૉણ...
એ... સોરિયાંના રે ઝૂમરે રે ઝાવા લાગિયાં... રા...ઝી...

વનખડ ઝાવેં ન રે પૉણ બાઈયાં,



વનખડ ઝાવેં ન રે પૉણ...
એ... કેંરનો આદમી મનમણા સાલિયાં... રા...ઝી...

વનાંખડાંમાં આવાં રે પૉણ સોરિયો,
વનાંખડાંમાં આયાં રે પૉણ...
એ... વનાં રે ખડાંમાં આવણા લાગિયાં... રા...ઝી...

રાતો પૉગ ન રે પૉણ હૉમરી,
રાતો પૉગ ન રે પૉણ...
એ... લોઈમાં પૉગ તમે રગિયો... રા...ઝી...

મુઢે લોઈ ન રે પૉણ હૉમરી,
મૂઢે લોઈ ન રે પૉણ...
એ... રાતું રે કરી ન કેમહાં આવિયાં... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ દેવોલ,
વાતાં સોળ ન રે પૉણ...
એ... હૉપળઝે બેંનરી મારી વાતન... રા...ઝી...

હેંણે રગીન રે પૉણ બેંનરી,
હેંણે રગીન રે પૉણ...
બેંનરી હેંણે રગીન થારી સૉસન... રા...ઝી...

હાસું બોલે ન રે પૉણ હૉમરી,
હાસું બોલે ન રે પૉણ...
એ'લી હેંણ રે રગી રે થારી સૉસન... રા...ઝી...

લોઈ ભરખી ન રે પૉણ દેવોલ,
લોઈ ભરખી ન રે પૉણ...
એ... નહીં ખાલી રગી મારી સૉસન... રા...ઝી...



(એક સહાયક ગાયકઃ ''એ હાસું બોલઝે!''

મુખ્ય ગાયકઃ ''હા!'')
કૉસરી પેરાવું રે પૉણ હૉમરી,
કૉસરી પેરાવું રે પૉણ...
એ... બાઈ હાસું રે હાસું રે તું તો બોલઝે... રા...ઝી...

કૉસરીની બેંનિયાં ન રે પૉણ હૉમરી,
કૉસરીની બેંનિયાં ન રે પૉણ...
એ'લી... કૉસરીની બેનિયાં રે આપે ઓઈયેં... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ હૉમરી,
વાતાં સોળ ન રે પૉણ...
હૉપળઝે બેંનરી મારી વાતન... રા...ઝી...

(એક સહાયક સાતઃ એ બાઈ નવલાઈ થઈ ગેઈ હેં! સાતઃ હા!)

મૉટી મરણા રે પૉણ દેવોલ,
મૉટી મરણા રે પૉણ...
એ'લી મૉનેતા રે મૉટી પરા મારિયા... રા...ઝી...

લોયાંની નદિયાંન રે પૉણ દેવોલ,
લોયાંની નદિયાં રે પૉણ...
લોયાંની નદિયાં ખળૂકા મારિયાં... રા...ઝી...

એ બાઈ માર સાથિયાં કૂટ ન રે પૉણ બાઈ માર,
સાથિયાં કૂટ ન રે પૉણ...
એ લાંબી રે ફાળે રે સોટે પગલે... રા...ઝી...

ભાગણિયાંમાં આવી રે પૉણ દેવોલ,
ભાગણિયાંમાં આવી રે પૉણ...



એ... ભાગણિયાંમાં કાગલા ઊડવા લાગિયા... રા...ઝી...

હૂનું હૂનું લાગ ન રે પૉણ મૉટિયો,
હૂનું હૂનું લાગ ન રે પૉણ...
એ'લા... મૉટિયાં રે વેંણું હૂનું લાગિયું... રા...ઝી...

આવી ભાગણિયાં રે માંય દેવોલ,
આવી ભાગણિયાં રે માંય...
એ... લોયાંની નદિયો ખળૂકા મારિયાં... રા...ઝી...

ધેંરાં ધેંરાંમાં ધેંરાં રે પૉણ ખેંસિયો,
ધેંરાં ધેંરાંમાં ધેંરાં રે પૉણ...
એ... માથાં રે માથામાં માથાં પારિયાં... રા...ઝી...

દેવરાં ઝેઠાંનાં રે પૉણ માથાં,
દેવરાં ઝેઠાંનાં રે પૉણ...
હા! હા! દેવરાં જેઠાંનાં માથાં નઝરે આવિયાં... રા...ઝી...

ફરી ફરી ન ઝોવેં રે પૉણ દેવોલ,
ફરી ફરી ન ઝોવેં રે પૉણ...
મૉટીનું માથું નહીં નઝરેં આવતું... રા...ઝી...

રૉંડવો મરવા ભાગો નાઠો રે પૉણ રાઝા,
મરવા ભાગો નાઠો રે પૉણ...
ભાયાનાં પેંલો રાઝા નાઠો... રા...ઝી...

લોઈમાં બૂડેંણો રે પૉણ ભેમુરો,
લોઈમાં બૂડેંણો પૉણ...
એ...પાગરીનાં ફૂલાં રે નઝરે આવિયાં... રા...ઝી...

એ...ગોડિયાં વાળીન બેઠી રે પૉણ દેવોલ,



ગોડિયાં વાળીન બેઠી રે પૉણ...
હા ! હા ! રેતીમાહી માથું બારું કાટિયું... રા...ઝી...

વૉકળી મૂસોનો રે પૉણ ભેંમુરો,
વૉકળી મૂસોનો રે પૉણ...
હાહા ! ખોળામાં માથું રે લેવા લાગિયાં... રા...ઝી...

એ...રૉંડવા એખલી મેલી ન રે પૉણ રૉંડવા,
એખલી મેલી ન રે પૉણ...
મનં એખલી મેલીન તું સાલિયો.. રા...ઝી...

(એક સહાયક સાતઃ એ કરમાંના દોહ ! સાતઃ હા !)

હોયણાંમાં આવો ન રે પૉણ રાઝા,
હોયણાંમાં આવો ન રે પૉણ...
રૉંડવા મૉટી રે બઈરાં રેંમખાં મૉડિયાં... રા...ઝી...

એ...માર વૉકળિયાં મૂસોનો રે પૉણ હરદાર,
વૉકળિયાં મૂસોનો રે પૉણ...
એ...માર કેંરનો રે આદમી કેંણાંન કેંઈયેં... રા...ઝી...

રુહણાં લેતાં રે પૉણ દેવોલ,
રુહણાં લેતાં રે પૉણ...
હા...આદમી સીઝણ અમે ઠાલાં પેંરિયાં... રા...ઝી...

માયલામાં પૂલી ન રે પૉણ રાઝા,
માયલામાં પૂલી ન રે પૉણ...
એ બાપા સૉ સૉ રે મઈનાંનાં રુહણાં પારિયાં... રા...ઝી...

કેહા અવતારમાં રે પૉણ રાઝા,
કેહા અવતારમાં રે પૉણ...



આપણે મૉટી રે બઈને ભેળાં ઓવહું... રા...ઝી...

(તંબૂરી-સ્વર) ઓ મહરાઝ ! પૉસ સોરિયો અગરન પૉસ સોરિયો વૉહળ...હા રે વસમાં દેવોલ હેં. હા રે રમઝમ ન બણાક ! હા રે ખેરિયે થકી ઝય. વાતોના રમઝોળ ઊડે...હા રે... અગલા ફૂલા અગળ વાત કરે...! હા રે વૉહલા કૂલા હુંકારા દેય ! હા રે ભલો રે સોરિયોનો હાથ. હા રે... સોરિયો તો ઠાઠા મસકરીઓ કરેં. હા ને... મારગાંની જોરે ઝયે. એ ખેરિયે થકી ઝય. હા રે... વનાંખડાંમાં આવેં...હાને સરગાં ભમે રાતોલ હૉમરી...હા રે મહરાઝ લાંબી નઝરે ઝોયે રે દેવોલ. હારે ઊસું ઝોય. હૉમરી નઝરે આવેં...હા રે...હૉમરીન વાત કરેં., એ બાઈ ? તનં કરું રે ધરમની બેંન હા રે...ભમતી ભમતી નેંસી આવ. હૉમર હેં તે ભમતી ભમતી નેંસી આવે. હા...ને હૂકે ઠૂઠે બેહે...! ખમા (તંબૂર-સ્વર) તે હૂકે ઠૂઠે બેઠી રે હૉમરી...દેવોલ વાત કરે... એ હૉમરી ? હાસું હાસું બોલઝે. હા ને...હેંણ રગી થારી સૉસ ! એ વાત મનં કર. હૉમરી રઈ મખરે બોલે, એ...બાઈ ? ગુઝણિયેં વિયણાં હેં રે કુવારાં ઝોટ ! મેંલિયો ખાતી ! હા રે... ભરખીન પેસણ મારી સૉસ રગી હેં... હા રે મહરાઝ... દેવોલ વાત કરેં, એ બાઈ ! તનં કૉસળી પેંરાવું, ધમની બેંન થાઈયેં ! હા પણ મનં હાસી વાત કર. હા રે... એંમ કરીન દેવોલ હેં, હા તે તૉળી કૉસળી હૉમરને પેરાવે. હા રે... અતારે ઝોઈયેં તો કૉસળીની હિલાંણી હેં ! હા રે... હૉમરી રઈ મખરે બોલે...એ... દેવોલ બાઈ ? હાસું હાસું બોલું. હા રે ગઝીબ થઈ ગઉં ! ખોટું આવું રે ઝગમાં કૉમ. હા તે ગુઝણિયામાં હૉમટા મૉટી મરાઈ ગ્યા! હા ને ભાગણિયાં ભેળઈ ગેઈયો ! સરો રે સરો ખેંસીઓનો હાથ. હા તે ગુઝણિયું ભેળી પરા ગા. લોયાંની નદિયો ખળુકા મારેં ! હવામણનો પથર લોયાંની નદિયાંમાં તણાતો ઝાય ! હા ...રે મૉટિયાંની માટી ખાતી હેં. હા ને મેં સૉસ રગી હેં. (તંબૂર-સ્વર) એ દેવોલ રાઠોરેંણ...હા રેં મનમાં વીસાર કરેં, ખોટું આવી ગઉં રે ઝગમાં કૉમ. ઘણી ભૂલી રે મારા માયલામાં. હા ને (ભેંમુરાન માર) સેટી પરી ગેઈ. એ સોરિયો ખોટું આવું રે ઝગમાં કૉમ. હઉ હઉના કેંરે ઝેંમ ઝાવું એ એંમ ઝૉવ...અગળ વીરલંગોટો ઊસો હારો ! હાને હણગાર ને બીઝા બેં ટૂંકા



થાએ ટૂટી ગા ! હા ને ધૉમી થકી ઝાયે...આવે ભાગણિયાંમાં. હા રે ફરી ફરીન ઝોયેં. હા રે...ઝે ઝાય કાગલાન હૉમરો ઊડેં ! હા ને એરે તો ધેંર ધેંર ન મસ્કલ મસ્કલ પરેલાં હેં ! ખોટું આવું ઝગમાં કૉમ...હા રે ધેંરાં ધેંરાંમાં પરેલાં. માથાં માથામાં માથાં પરેલાં ! હાલરાં ગોતલાંના ઢગ નઝરે આવેં...! હા તે ફરી ફરીને બાઈ ઝોય...(તંબૂર-સ્વર) એ ફરી ફરીને બાઈ ઝોયે. ખોટું આવું રે ઝગમાં કૉમ. મારા દેવોર ઝેઠ બતા મરઈ ગ્યા. હા ને માથાં નઝરે આવેં. હા પણ મારા કેંરનો રાઝા નહીં નઝરે આવતો ! એ રૉંડવો મરવા ભાગો કાસી સાથી કરી ગો કે કેંમ કરું ? કાકા ન પાઈ બત્તા મરઈ ગ્યા. હા ને અણો હેં કે કેંમ થઉં ? હા રે એરતી એરતીન ઝાય. હા રે ગુઆરાના મુટે ઝાય. હા તે ગુઆરના મુટેં આવેં રાતી પાઘરી નઝરે આવે...હા રે બાઈ ગોડિયાં વાળી બેંહેં. એ ઝોઈન ફેંદી ફેંદી ન ઝોય...હા રે મહરાઝ... તેહુમા સૉટેલું માથું નેંહરેં. વૉકળી મૂસો ! ભમરિયા પટા ! હા રે ડાબરિયાં ડોળાંનો નઝરેં આવે! બાઈ તો ખોળામાં માથું લેય. હા ને ઢૂહકે ઢૂહકે રોયે ! (તંબૂર-સ્વર) એ... બાઈ તો ઢૂહકે ઢૂહકે રોયે ! હા રે ગોયણમાં પૂરેલું માથું કાટું ! હા રે ગોઆરાના મુટે પરેલો અતો. હા રે...સાલોર માઝી મખરે બોલી, એ બાઈઓ ? કોઈ ખરએંટો અડારઝો માં...હા રે આ તો ટોડાનો નાયક હેં ! હા ને આપણો ગોઆળિયો હેં. હા રે... હાકરિયાં ગીતાંનો ગવનારો હેં ! કોઈ પેંગનો ખરએંટો અડાડઝો માં...એંમ કરીન સાલોર માઝી નેંહરી ગેઈ. હા પણિયાં બત્તી કોઈએ ખરએંટો અડારો નેં. હા ને... ખરએંટે ઊડેલો ગોઈરો, એણા ગોઈરમાં માથું બૂરઈ ગઉં ! હા તે દેવોલે બારું કાટું...હા ને ખોળામાં માથું લેતું. હા ને માથું લેઈન વનારી રોયેં, એ મારા પોવીના પરદૉમ ! એ મારા દેસના દીવા ! ખોટું આવું રે ઝગમાં કૉમ. બણી ટૂટી નર નારીની જોર!હૉજે તો આવો હોયણાંમાં, એકા ઢોલિયામાં બે ઝણાં હૂતાં ! હા ને આઝ તોઆપણેં આદમી બઈરાંની સેટી પરી ગેઈ...હા ને કેંણાંન કઉં કેંરનો આદમી ? હગુંહોઈ ઘણું નઝરે આવેં. હા રે સોહતીલા હરદાર ઘણા નઝરે આવહેં, હા પણિયાં સૈયાંનો બા કેમહો કરિયેં ? હા રે બીઝો આદમી કરિયેં તો સૈયાંનો કાકો કેંહું ! હા પણ સૈયાંનો બા કેંવા નેં મળે ! હારે બાઈ તો વનારી વનારી રોયેં...એ રૉંડવા પરી ટૂટી રે નરનારીની ઝોર! કિયા અવતારમાં



ભેળાં થાહું ? હા ને કે દિ' મૉટી બઈરાંની જોરી થાહેં ? એ મનં સેતરીન પરો ગો! એ કણી પૂંડી રે મારા દલરામા. એ મારા માયલામાં ખોટું કરું રે ઝગમાં કૉમ. એ મેં સૉ સૉ મઈનાંનાં રુહણાં રાખાં...હા ને આઝ તો પરો વેરઈ ગો!હા રે બાઈ તો સાથિયો ફૂટેં, ને રૂગાં રાળેં. રોતી રોતી બેઠી થઈ ઝાય...રોયેં થકેં આદમી નેં મળેં. મૉગા વગળ ભાગ નેં મળેં. નેં મૉગિયેં તો ભૂખાંના મરી ઝાઈએં...હા નકલ નેં કરિયેં તો રાઝ નેં મળેં...હા રે દાવ નેં રાખિયેં તો વૅર નેં વળે! હાથ નેં રાખિયેં તો કમાણી નેં કરી હકિયેં. હાથ કરિયેં તો ઊગ આવેં ! હા રે...મહરાઝ રે દાંનત બગારિયેં તો સોરી આવરેં ! હા રે નીતિ બગારિયેં તો સેનાવળું આવરેં ! હા રે મહરાઝ રે અવણિયાં બાઈ હેં તે મનમાં વીસાર કરે, એ રોયે થકે રાઝ નેં મળે. હા રે મહરાઝ રે વીરકસોટો વાળેં, હા ને માથેં નૉખેં રે કાળા હાળુરા. હા રે કાળો સારણો પેરે...હા ને હણગાર કાટી કાટી ન નૉખી દેતા. હા રે હણગાર તો હેં રે મૉટિયાંનો! કેંણા પૂઠણ હણગાર મૉડવો ? હા રે... ઘણી રૂપાળી અહેં પણ રૉંડી રૉંડ કેંવાહેં! હા નેં...નબળી ઝ અહેં પણ મૉટી અહેં તેહીવેળ મૉટિયાંની બાઈલી કેંવાહેં ! મૉટીયાં વગળ તો રૉંડી રૉંડ કેંવાય. હા તે મૉનવી વેંરોધ કરેં. આ તો રૉંડ ડાકેંણ અહેં ! આ તો રૉંડ સેંનાવળી અહેં ! સરિયો વૉરિયો વાળો હાથ...હા તે ભાગણિયાં ભેળી પરા ગા. હા રે... હૉમટા મોટી મરઈ ગ્યા. હા ને તું તો હૂતેં હૂતેં ન ઢોલિયેં હેં... એ કેંમ થઉં હેં તે હેં હૂઈ ગો ? હા રે સૉંદો ન પાબુ કેંર નહીં...

રૂગાં રાળ ન રે પૉણ દેવોલ,
રૂગાં રાળ ન રે પૉણ...
એ વનારી વનારી રૂગાં રાળિયાં... રા...ઝી...

નર નારીની જોરી રે પૉણ રાઝા,
નર નારીની જોરી રે પૉણ...
નર રે નારીની જોરિયો ટૂટિયાં... રા...ઝી...

જૂટિયો ટૂટીન રે પૉણ રાઝા,



જૂટિયો ટૂટીન રે પૉણ...
નર રે નારીની જૂટિયો ટૂટિયો... રા...ઝી...

હોયણાંમાં આવો ન રે પૉણ રાઝા,
હોયણાંમાં આવો ન રે પૉણ...
એ...રાઝા હોયણાં રે હપનાંમાં પરો આવિયો... રા...ઝી...

ભેળાં રમતાં ન રે પૉણ રાઝા,
ભેળાં રમતાં ન રે પૉણ...
આવે સર રે પાળી ન ભેળાં રમિયાં... રા...ઝી...

એકા ઢોલિયામાં રે પૉણ રાઝા,
એકા ઢોલિયામાં રે પૉણ...
આપે એકા રે ઢોલિયામાં ભેળાં મળતાં... રા...ઝી...

ઢૂહકે ઢૂહકે રોયેં રે પૉણ દેવોલ,
ઢૂહકે ઢૂહકે રોયેં રે પૉણ...
મૂએલા આદમી સીઝણ રોવિયાં... રા...ઝી...

એખલી મેલી ન રે પૉણ રાઝા,
એખલી મેલી ન રે પૉણ...
કળાંખ લગારી તમે ઝાવિયા... રા...ઝી...

નખોદ ઝાઝો ન રે પૉણ રાઝા,
નખોદ ઝાઝો ન રે પૉણ...
એ એંણા ઝેંદરા રે ખેંસીનું નખોદ ઝાવઝો... રા...ઝી...

રે બાઈ તો વનારી વનારી રૂંગાં રાળેં. રોતી રોતી ન વીસાર કરો. એ રોયેં રાઝ નેં મળેં. હા રે કૉય કળા કરવી પરહેં. કાળો હાલ્લો માથે નૉખે. હા રે... મહરાઝ રે મનમાં વીસાર કેવો કરે ! પાબુઝી સૉદોઝી કેંર નહીં. હા રે



પાબુઝી પરણવા ગો. હા રે…એણાં ધણિયાંન હમેસાર આલવા પરહેં…હા ને એ મારા માના ઝણા બૉતમા આવહેં. તેહીવેળાંનાં વૅરાં વળહેં. હવા હવા મણનો પથર લોયાંની નદિયાંમાં ઝાયે ! હારે આ વૅર તો વાળનાર બીઝો કોઈ નહીં…હા પમ પાબુ નં સૉદો મળહેં ! હા તો ખેંસીની ખબેંર લેયે… હા રે મહરાઝ રે દેવોલ હેં. વીરકસોટો વાળેં… કેંરે હાલ્લો બૉધેં. હા ને લાંબી ફાળે સોટે ડગલે, હા રે મહરાઝ ખેરિયે થકી ઝાયે. હોરો રે હુંકારાંના દેનાર…ઝુગ ઝાય વારતા હાલે. હલાવો….

ખેરિયાં ઝાવેં ન રે પૉણ દેવોલ,
ખેરિયાં ઝાવેં ન રે પૉણ…
એ ખેરિયાં રે ખેરિયાં રે ઝાવા લાગિયાં… રા…ઝી…

એ આવ્વી પાઈના રે કેંર દેવોલ,
આવી પાઈના રે કેંર…
બૂરિયાના રે કેંર રે આવણા લાગિયાં… રા…ઝી…

એ વાતાં સોળ ન રે પૉણ દેવોલ,
વાતાં સોળ ન રે પૉણ…
હૉપળઝે બૉતમિયા મારી વાતન… રા…ઝી…

હૂતે નેંદ કેંમ આવી રે પૉણ બૉતમા,
હૂતે નેંદ કેંમ આવી રે પૉણ…
હૂતે રે નેંદાં કેંમ આવિયાં… રા…ઝી…

ભાગણિયાં ભેળાંણી ન રે પૉણ બૉતમા,
ભાગણિયાં ભેળાંણી ન રે પૉણ…
એ રૉડવા લોયાંની નઈયો ખળૂકા મારિયાં… રા…ઝી…

મૉટી મરણા રે પૉણ બૉતમા,
મૉટી મરણા રે પૉણ…



એ…આપણ ખોટું આવું રે ઝગરામાં કૉમ… રા…ઝી…

વાતાં સોળ ન રે પૉણ બૂરિયો,
વાતાં સોળ ન રે પૉણ…
હૉપળઝે બેંનરી રે મારી વાતન… રા…ઝી…

કાગલી ઓયાં ન રે પૉણ બાઈ માર,
કાગલી ઓયાં ન રે પૉણ…
એ મારા રે મુટામાં કાગલી ઓયાં… રા…ઝી…

કેંમ કરી બૂબ પારું રે પૉણ બાઈ માર,
કેંમ કરી બૂબ પારું રે પૉણ…
મારા રે મુટામાં કાગલી ઓઈયાં… રા…ઝી…

સરિયાં રીહાં ન રે પૉણ દેવોલ,
સરિયાં રીહાં ન રે પૉણ…
એ સરિયાં રે રીહાં વાળાં મોરને… રા…ઝી…

દેવલીનો હરાપ રે પૉણ બૂરિયા,
દેવલીનો હરાપ રે પૉણ…
એ મૉદું રે મન રે હરાપ બોલિયો… રા…ઝી…

હ! (તંબૂર-સ્વર) એ ભાઈયા ? તનં હૂતે નેંદ કેંમ આવી ? એ…ખોટું આવી ગઉં હેં ઝગમાં કૉમ…હા રે મૉટીઓના કૉણ નેંહરી ગા ! હા ને… રૉડવા તું હૂતો હેં ! હા ને તનં ઉંગય ઊડતી યેં નહીં ન કેંમ ઑમકરી રો હેં ? હા તે તું ઝાગીન ઝટ ઝટ બારો આવ… હા રે મહરાઝ રે દેવોલ વાત કરેં. બૂરિયો કૉનિયા દેય. એ ભાઈયા ? ભાગણિયાં ભેળીને ખેંસી પરા ગા…સરો રે ઝેંદરા ખેંસીનો હાથ. હા રે ભાગણિયો ભેળી નૉખી. હા ને ધેંર ન મસ્કલ ઝુદાં કરી નૉખાં. લોઈની નદિયો ખળખળાટ કરે. હવા મણનો પથર લોઈની નદીઓમાં તણાતો ઝાયે ! હા ને સૉદો- પાબુ કેંર નહીં. એ… પાબુઝી પરણવા



ગો હોનગર ઘેંર... હા રે તું બૂબ પાર.હા તે પાબુન સૉંદાન કૉને ઝેંણાકો ઝાયે. હાને ઝટ દેઈન વારે સરે. એ... બૂરિયો વીરો મખરે બોલે, એ બાઈ ? કેંમ કરી ઉં બૂબ પારું ? માર તો બાકામાં કાગલી થઈ હેં... એ ઉંતો ઠાવું બોલીય હકતો નહીં ? હા રે કેંમ કરીન બૂબ પારું ? (ઝડપથી) ખમા ! (તંબૂર-સ્વર) એ બાઈ રઈ મખરે બોલે, એ બૂરિયા ? થારું ઝાઝો રે ખરિયા ખોડ. હા રે ખરી ભીરમાં તું આડો નેં આવો ! કવેળ વખતમાં નેં આડો આવો... હા રે...હું કૉમનો કેંવૉય ? થારું ઝાઝો રે ખરિયા ખોડ ! હા રે મહરાઝ (તેમાં બાઈ) દેવોલ બાઈ હરાપ બોલેં, એ...મારો તનં ઝલમો ઝલમ હરાપ લાગઝો...થારા બાકામાં ઝલમો ઝલમ કાગલી રેંઝો ! હા રે મહરાઝ રે દેવોલ હરાપ દેય... હા ને ધોમી થકી ઝાયે. હા રે ઝાય રે ઝાય ઢોલિયાના ઘેંર. ઢોલિયાના ઘેંર ઝાઈન કેવી ઊપી રેં ! હોરો રેં હુંકારાંના દેનાર...ઝુગ ઝાયન વારતા અગી હાલે...

ઢોલિયાના ઘેંર આવે રે પૉણ દેવોલ,
ઢોલિયાના ઘેંર આવે રે પૉણ...
એ ઢોલિયાના ઘેંર આવણા લાગિયાં... રા...ઝી...

હા દેઈ બોલાવો રે પૉણ દેવોલ,
હા દેઈ બોલાવો રે પૉણ...
એ હૉપળઝે બૉતમિયા મારી વાતન... રા...ઝી...

હૂતો હેં કેં ઝાગે રે પૉણ દીકરા,
હૂતો હેં કેં ઝાગે રે પૉણ...
એ...ઝાગતો એં તો બારણિયેં આવઝે... રા...ઝી...

આતો હૂતો ઝાગું રે પૉણ બેંનરી,
આતો હૂતો ઝાગું રે પૉણ...
આતો રે હૂતો રે આતો ઝાગિયો... રા...ઝી...

હુંય પરાં કૉમ રે પૉણ બેંનરી,



હુંય પરાં કૉમ રે પૉણ...
તમે કેતરે રે કૉમે રે એલો મારિયો... રા...ઝી...

હૂતે નેંદ કેમ આવી રે ઢોલિયા,
હૂતે નેંદ કેમ આવી રે પૉણ...
હૂતે થકે નેંદો કેંમ આવિયાં... રા...ઝી...

સરિયો વૅરિયાંવાળો હાથ. તે ભાગણિયાં ભેળી પરા ગા. હાને હૉમટા મૉટી મરાઈ ગા.હા ને તું તો હૂતો હૂતોન ઘોર લેય ! એ કેંમ થઉં હેં તે હૂઈ ગો હેં ? હા રે સૉંદો ન પાબુ કેંર નહીં. હા તે તું વારીનો ઢોલ વઝાર. હા તે કૉને ઝણાકો ઝાય. હા નેં મારા ફોઝોના લરનાર આવીન મળે ! (ઉતાવળથી) ખમા ! (તંબૂર-સ્વર) એ...ઢોલિયો વીરો મખરે બોલે, એ બાઈ ? આઝ તો આવું ખોટું કૉમ...તાલીન આવી વાત. હા રે...મારતો આથાંમાં તો હુંય થ્યુંસ ! એ ધધમાટી આવેં ! હા ને ઉં તો ઢોલ નહીં વઝારી હકતો, એ...કેમ કરી ઢોલ વઝારું ? હા રે મહરાઝ રે દેવોલ મખરેં બોલેં, એ બૉતમા ? આવી બોરી બૂડામાં તુ બૉનાં કાટઝે માં ? આડા ટોડા કરઝે માં ! હા ને વારી ઢોલ વઝાર...એ માર બૉતમાંન ખબર થાયે...હા ને આવીન મળેં...હા રે મહરાઝ રે ઢોલિયો વીરો વાત કરે, એ બેંનરી ? મારેં તો આથ દુઃખે. હા નેં આથમાં હુંય તૉતો થો હેં ! સીલી નેંહરી હેં. એ ઉંતો ઢોલ નહીં વગારી હકતો. આખો આથ હૂણો હેં. હા રે મહરાઝ દેવોલ બાઈ મખરે બોલેં, એ ઢોલિયા ? એ તેં તો કરું રે ઝગમાં ખોટું કૉમ ! પેલો એં બળદ હેં. હા ને બળદની ઝેંમ કૉમ નેં કરે, હા તો એ બળદ હું કૉમનો ? હા રે ધણિયોનો માલ એં સૂટી ઝાય. હા ને હટ દેઈન કૉમ નેં થાતું એં, એ બળદ હું કૉમનો ? હા...રે બખની ઝોઈન બઈરી ઑણિયેં, રોટો નેં આલે એ બઈરું હું કૉમનું ? રોટો કરેં ખરો પણ બોલે બેકણું તો હું કૉમે આવે ? હા રે એક બે ઝણા, પૉસ ઝણા, સૉ ઝણા આવેં...હા ને ઝેંમ તેંમ બોલેં, એ બખની બઈરી એં તૉય હું કરિયેં ? હા રે મહરાઝ રે બખનો આદમી એં...હા ને કોઈ પૉમણા આવેલા વૉયન બઈરાને ધકા ઘાલે; હાને આડું અવળું બોલે, એ આદમી કૉય કૉમનો નેં. ઝાતે દને દીકરો ડોવો નેં આલેં, એ દીકરો હું કૉમનો ? હા રે બખની દીકરી હેં, બાપનો આબરું નેં



રાખેં, હા ને ઝેંમ તેંમ ફરેં,એ દીકરી કૉમ આવેં નેં. એ...ખરું અથિયાર હેં, હા રે ખરી ભીરમાં આડું નેં આવે, એ અથિયાર કૉય કૉમનું નેં. હા રે બખની બૂન હેં, એ બૂન સમદ ફૂલી ફૂલીન મરિયે; હા રે ખરી બૂન બોલવામાં આડી નેં આવેં, એ બૂન હું કૉમની ? એ ઢોલિયા ? તેં ખોટું કરું રે ઝગમાં કૉમ... ખરી ભીરાંમાં તું આડો નેં આવો. થારાં આથાંમાં ઝલમો ઝલમ ખીલી ફૂલઝો! દેવલીનો મારો હરાપ લાગઝો ! એ તું ખરી ભીરમાં આડો નેં આવો. થારું ઝાઝો ખરિયા ખોડ ! હા રે મહરાઝ રે બાઈ ઊપી થકી રૂંગાં રાળે...હા રે બાઈ ઊપી ઊપી ઝૂરણ કરેં. હારે મનમાં વીસાર કરે, કણે દૂરું હેં હોનગરું ઘેંર. હા રે કેંણી વેળમાં ઝઉં ? કેંમ કરીન પેસણ ભાઈયાંન ખબર આલું ? હા રે મહરાઝ કાઠી સાથી કરેં...વીરલગોટો ટૂકો હારેં. કેંરે કાપલો બૉતે. હા ને બાઈ હેં તે કેવી લાંબે મારગે ઝાય ! હા રેં મહારાઝ રે ઝાય રે હોનગરા ગડની વાટે...હોરો રેં હુંકારાંના દેનાર. ઝુગ ઝાયન વારતા આગી હાલે ! ખમા !

સવરીમાં આયો ન રે પૉણ પાબુઝી,
સવરીમાં આયો ન રે પૉણ...
સવરીમાં આયો ન વાઝાં વાઝિયાં... રા...ઝી...

સવરી ફેરામાં ન રે પૉણ પાબુઝી,
સવરી ફેરામાં રે પૉણ...
સવરી ફેરામાં તમે ફરઝો... રા...ઝી...

ગીતારી બાયાં ન રે પૉણ ઝગમાં,
ગીતારી બાયાં નરે પૉણ...
ગીતારી બાયાં રે ગીતાં ગાવિયાં.. રા...ઝી...

ગીતાં ગાવેં ન રે પૉણ બાયાં,
ગીતાં ગાવેં ન રે પૉણ...
એખા ગીતારી બાયાં રે ગીતાં ગાવિયાં... રા...ઝી...

લાંબી ફાળે ને રે પૉણ દેવોલ,



લાંબી ફાળે ને રે પૉણ...
લાંબી ફાળે ને સોટે પગલે... રા...ઝી...

વનાં ખડાંમાં આવે રે પૉણ દેવોલ,
વનાં ખડાંમાં આવે રે પૉણ...
સૉદિયો લાંબી નઝરે રે ભાળવા લાગિયો... રા...ઝી...

લાંબી નઝરે ભાળે રે પૉણ સૉદિયો,
લાંબી નઝરે ભાળે રે પૉણ...
એ હોનગરે રઈન ભાળવા લાગિયો... રા...ઝી...

હાહ લેયને આવે રે બેંનરી,
હાહ લેયને આવે રે પૉણ...
એખલી એખલી રે કેંમ આવિયાં... રા...ઝી...

હૉમેરે ઝાવેં ન રે પૉણ બૉતમો,
હૉમેરે ઝાવેં ન રે પૉણ...
એ અગેહળો ઝાઈન મળવા લાગિયો... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ સૉદિયો,
વાતાં સોળ ન રે પૉણ...
એ હૉપળઝે રે બેંનરી મારી વાતન... રા...ઝી...

ઑહુઆંના ધારોરા રે પૉણ દેવોલ,
ઑહુઆંના ધારોરા પરવા લાગિયા... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ દેવોલ,
વાતાં સોળ ન રે પૉણ...
હાતવી સારણ પરા મારિયા... રા...ઝી...



ખોટું આવું કૉમ ન રે પૉણ બૉતમા,
ખોટું આવું કૉમ ન રે પૉણ...
એ...ઝગરામાં આવું રે ખોટું કૉમન... રા...ઝી...

સરિયો સરિયો ન રે હાથ બૉતમા,
સરિયો સરિયો ન રે હાથ...
એ ખેંસી ભાગણિયો ભેળીન પરા ઝાવિયા... રા...ઝી...

કાગલા ઊડે ન રે પૉણ બૉતમા,
કાગલા ઊડે ન રે પૉણ...
એ લોયાંની નદિયાં ખળૂકા મારિયાં... રા..ઝી...

સવરીમાં આવો ન રે પૉણ સૉંદો,
સવરીમાં આવો ન રે પૉણ...
એ ઝટ ઝટ રે સૉંદલિયો આવણા લાગિયો... રા...ઝી...

ફરતે ઊપો રાખે રે પૉણ સૉંદિયો,
ફરતે ઊપો રાખે રે પૉણ...
એ સવરી રે ફરતાં રે ઊપો રાખિયો... રા...ઝી...

ઊપો રાખી વાત સોળ રે પૉણ સૉંદિયો,
ઊપો રાખી વાત સોળ રે પૉણ...
આઝ તો ખોટું આવું રે ઝગરામાં કૉમન... રા...ઝી...

કેંરનો કટારો રે પૉણ પાબુઝી,
કેંરનો કટારો રે પૉણ...
કેંરનો કટારો કાટવા લાગિયો... રા...ઝી...

સેરો વાઢે ન રે પૉણ પાબુઝી,
સેરો વાઢે ન રે પૉણ...



એ... સવરિયાંમાં સેરો વાઢવા લાગિયો... રા...ઝી...

કટારનો ઝળુકો ન રે પૉણ પાબુઝી,
કટારનો ઝળુકો ન રે પૉણ...
એ...રૉણી ઝળુકાનો ઑધાર રેંવા લાગિયો... રા...ઝી...

(તંબૂર-સ્વર) એ મહરાઝ ? હા રે દેવોલ રાઠોરેંણ હેં; હહા રે વીરલગોટો ઊસો હારેં. હા રે મહરાઝ વાળી ખોળિયે ઝાય...એ લાંબી ફાળે સોટે પગલે,હા રે મહરાઝ રે ઝાય રે હોનગરા ગડની વાટે. હા... રે ધૉમી થકી ઝાયેં. એ અવણ રે પાબુઝી આવો હેં રે સવરીમાં... સવરી ફેરા ફરેં પાબુઝી...હા રે મહરાઝ ગીતારી બાયાં ગીતાં ગયે. નાસણો પાતણો ખેલ કરેં! તૂરી તૉતો તોરેં ! ગાઝાં વાઝેં, વાઝાં વાઝેં, હા રે હોમા તૉમી વેવાંણો મઝા લેય ! એવામાં તો દેવોલ આવતે લાંબી નઝરે કૉય ભાળે. એ લાંબી નઝરે ભાળે સૉંદોઝી. હ ! હા ! રે આઝ તો દેખી રે દેવોલ બેંનરી...એ મનમાં વીસાર કરેં. તૉ માર કેંર તો બાઈ નતી આવતી. હા ને અવણ એકલીઝ આવેં ! હેં તો દેવોલ ઝેવી દેખાય. હા પણ આ ઝળખુરીનો વેહ કેંમ લીતો હેં ? એ ખભામાં હારલું હેં; હા નેં કાળો ઓટેલો હેં. આ કેંમે આવેં ? વેહ કાઢો હેં એંમ આવેં ! આ હું હરખું થઈ ગઉં ? હા તે બાઈ હેં હૉમી આવતેં દેખેંણી. હા ને સૉંદો રાઠોર હેં, એ...હૉમો ઝાય...હા રે બેંનને ઝાઈન અગળ મળેં.... વાટમાં ઊપી રાખેં. હાને પૂસણાં કેવાં પૂસેં ! એ બાઈ ? એ તું જૉન હાતેં નતી આવતી, હા ને આઝ આ ઝળખુંનો વેહ લેઈન કેંમ આવી હેં ? ખમા ! (તંબૂર-સ્વર) એ દેવોલ બેંનરી વાતો કરેં, હા રે વાતો નહીં કરી હકતી. હા રે...બૉતમાન દેખીન ઑખોમાહા ઑહુઓના ધારોરા સૂટા ! હા રે એકી ઑખે હરાવણ ! એકી ઑખે પાદરવો !હા રે ઑહુઓના ધારોરા વળી સૂટે ! હા તે સૉંદોઝી મખરેં બોલે, એ બેંનરી ? હું હરખું થઈ ગઉં ? હા ને કેંમ તું રૂંગાં રાળેં ? કરે થારાં દલરાંની વાત...હા રે મહરાઝ રે દેવોલ રઈ મખરે બોલેં, એ બૉતમા ? ખોટું આવું રે ઝગમાં કૉમ. હા રે...હૂની ભાગણિયો પરી ભેળઈ ગઈયો ! સરો રે સરો ખેંસીઓનો હાથ; હા તે ગુઝણિયું ભેળઈન પરા ગા. હા રે મહરાઝ...લોઈની નદિયો ખળૂકા કરેં ! હવામણનો પથર



તણાઈ ઝાયેં ! હા ને આખા ગૉમમાં કાગરા થઈ ગા હેં ! હા રે આદમી ઝોવા કોઈ નહીં... હા ને પરો ગો ઝેંદરો ખેંસી...અરે મહરાઝ રે દેવોલ વાત કરે, હા રે સૉદરિયો કેવો હૉપળે ! ખમા (તંબૂ- સ્વર) (અંદર અંદર વાતો) એ મહરાઝ ? હા તે સૉદોઝી હેં, હા તે ઝટ દેઈ પાસો વળેં. હા રે પાબુઝી સવરીમાં આવો હેં. એક બેં ફેરા પાબુઝી ફરો...હા ને સૉદોઝી આવો સવરીમાં. હા ને સવરીમાં આવીને ઊપો રાખેં. હા તે મહરાઝ રે પાટવી પાબુન ઊપો રાખીન વાત કરેં, એ બૉતમા ? ખોટું આવું ઝગમાં કૉમ...સરો રે સરો ખેંસીઓનો હાથ, હા રે ભાગણિયો ભેળી પરા ગા. હા રે મહરાઝ રે ધેંર મસ્કલ ઝુદાં પરેલા હેં એંમ વાત થયે ! હા ને આપણો હમેસાર લઈન આપણી બાઈ આવી હેં. દેવોલ બાઈ ઊપી થકી રૂંગાં રાળેં. હા ને આપણું કેંમ કરિયેં? હા રે મહરાઝ રે કૉનમાં વાત કરી. હા રે આપ ઝેવો પાબુઝી હેં તે... સવરીમાં કટાર તૉણેં. હા રે કેંરહો કટાર તૉણેં. હા ને સવરીમાં સેરો કેવો વાટેં ! એ મહારાઝ ? હા તે પાબુઝી હેં તે સવરીમાં સેરો વાટેં ! હા રે કેંરમાંહો કટાર તૉણતે ઝળુકો પરો ! હા તે ઝળુકાનો લાડીન ઑતાર રઈ ગો ! હા રે પેટમાં ઑતાર રઈ ગો હેં લાડીન....હા ને પાબુઝી હેં તે સવરીમાંહો બારો પરી ઝાયેં. હા રે મહરાઝ કેહોર કારમી કોરીન થપોરી થપોરીન પલાંણે...તૉણી તૉણી તંગરા ભીરે . સોટકલાં પગાંનો સૉદિયો હેં, હારે ફૂલવસેરો પલાંણેં. હા રે મહરાઝ રે તૉણી તૉણી તંગરા ભીરેં...હા ને પાબુઝી-સૉદો હેં હા તે ઘોરાંના માથેં અસવાર થય; હા ને તૉણેં ઘોરાંની વાગ. હા રે ખરતાલેં ખેઉરો ઊડે, ધરમર ધરમર વાઝેં કોરાંના ડાબલા.તુંદળી તુંદળી રેતો ઊડેં; હા ને ખેરિયા થકા કેવા આવે (ઝડપથી). હોરો રેં હુંકારાંના દેનાર. ઝુગ ઝાયન વારતા હાલે.

❖ ❖ ❖

એ...ઑબા-ઝૉબવું ન રે પૉણ ખેંસી,
ઑબા-ઝૉબવું ન રે પૉણ...

એ...ઉબર સુબરની હેરિયે ઓરા આવિયા રા...ઝી...

ઝાઝમો રાળેં ન રે પૉણ ખેંસી,
ઝાઝમો રાળેં ન રે પૉણ...
કાબરી રે પટોરી ઝાઝમો રાળિયાં... રા...ઝી...

લીલી પીળી ન રે પૉણ ઝાઝમો,
લીલી પીળી ન રે પૉણ...
એ કાબરી રે પટોરી ઝાઝમો રાળિયાં... રા...ઝી...

ઝાઝમે વરાઝ ઓઈયા રે પૉણ ખેંસીરા,
ઝાઝમે વરાઝ ઓઈયા રે પૉણ...
એલા ઝાઝમાંના માથે વરાઝ ઓઈયા... રા...ઝી...

અમલિયાં ગાળેં ન રે પૉણ ખેંસીઓ,
અમલિયાં ગાળેં ન રે પૉણ...
એ અવળા રે તવળી સાખો ફરિયાં... રા...ઝી...

એ...અમલાંનાં પોતાં ફીર રે પૉણ ઝેંદરા,
અમલાંનાં પોતાં ફીર રે પૉણ...
એ...ઉબર રે સુબરાંની હેરિયે આવિયા... રા...ઝી...

એ...બફોરિયાં ગાળેં ન રે પૉણ ખેંસીરા,
બફોરિયાં ગાળેં ન રે પૉણ...
એ...અવળા રે તવળી સાખો ફરિયાં... રા...ઝી...

અમલાંના સખિયા ન રે પૉણ ખેંસી,
અમલાંના સખિયા ન રે પૉણ...
અમલાંના સખિયા રે ઓવણા લાગિયા રા...ઝી...



એ...વાતાં સોળ ન રે પૉણ ઝેંદરો,
વાતાં સોળ ન રે પૉણ...
એ...હૉંભળઝો હરદારો મારી વાતન... રા...ઝી...

જિતનાઈયો લેઈ આવા રેપૉણ હરદાર,
જિતનાઈયો લેઈ આવા રે પૉણ...
ભાગણિયાં ભેળી ન આપે આવિયા... રા...ઝી...

ભાગણિયાં ભેળી ન રે પૉણ હરદાર,
ભાગણિયાં ભેળી ન રે પૉણ...
એ'લા ભાગણિયાં ભેળી ન આપે આવિયા... રા...ઝી...

એ...હગો હાઢુરો મારિયો રે પૉણ બૉતમિયો,
હગો હાઢુરો મારિયો રે પૉણ...
એ...હાતવી રે સારણ પરા મારિયા... રા...ઝી...

એ..હાતવી સારણિયાં મારિયાં રે પૉણ બૉતમિયો,
હાતવી સારણિયાં મારિયાં રે પૉણ...
હાતવી સારણિયા મારા ન આપે આવિયા... રા...ઝી...

એ ડાયસાં લેઈન આયા રે પૉણ બૉતમિયો,
ડાયસાં લેઈન આયા રે પૉણ...
કાકાં રે પાયાં ન વાતાં સોળિયાં... રા...ઝી...

ભલી ભાયાંની જોરિયો રે પૉણ બૉતમો,
ભલી ભાયાંની ઝોરિયાં રે પૉણ...
એ'લા જિતનાઈયો લેઈન આપે આવિયા... રા...ઝી...

ભર બપોર દનરો થાય...ઝેંદરો ખેંસી મખરે બોલે, એ ભાઈયો ? હા રે અમલાંની વેળા વખતો થઈ...હા રે...ઘરી એક ધાબાં ઘોરાંની વાગ;



એ...આપણું અમલ ગાળિયેં. હા ને અમલાંના સખિયા થાઈયેં. અમલ પીયેંન પેસ ઝાઈયેં...હા ! હા ! રે...આતરી ઉતાવળ માં કરાં.... હા રે મહરાઝ રે આપ ઝેવા હરદાર હેં; હા તે ઘોરાંની વાગ ધાબેં. ધગ દેઈ દેઈન ઘોરાંહા નેંસા ઉતરે. હા ને વાતાં કરેં, હાન લીલી પીલી ઝાઝમ રાળે. ઝાઝમોના માથેં વરાઝ થયે. હા રે મહરાઝ અમલ કેવા ગાળેં ! એ ખેંસી અમલ ગાળેં. હા રે અથેળીએ અમલ પીયેં ! અમલાંનાં પોતાં ફરે; હા રે દારૂરાંની સાખો ફરેં. હા ને ગરમી ગરમી વાતો કરે, એ દારૂરિયો તો ભૂડાન ભલી વાતો કીધી...હા રે ભૂડાંન ભવલી વાતો કરેં. ઝેંદરો ખેંસી મખરે બોલેં, એ...ભાઈઓ ? હા રે...ભલો રે ભાઈયોનો જોરો. દેખાં રે મૉટીઓ, ગુઝણિયું ભેળી આવા. હા ને ભાગણિયાં ભેળી ન આવા. હાતવી સારણ પરાં મારાં....એ'લા કૂતરાં મારેં એંમ રેપરી રેપરીન મારી નૉખાં ! પેલો ભેંમુરો સારણ થોરી ટણકાઈ કરતો, હા પણ પોતાનો હાઢુ અતો. હા રે મારો હગો હાઢુ અતો. તોયેં એંણાન પરો મારી નૉખો. હા ને ડાયસાં તો વાળીન પરા આવા ! હા પણ એતો ભેળા અતા બધા એતણ...હા રે એકલાહી કૉય નેં થાયે...દેખાં રે ભાઈયાંવાળાં જોર ! હા રે ભાઈયાંનો જોર તો એંમ કૉમે આવેં. દોરી વખતમાં ભાઈ આડા આવે. હા રે મેંઠું બોલું હગુંહોઈ ! કરવા બોલા ભાઈ ! હા રે ભાયાંની ભીર ભાઈ ભાગેં. હા તે ફોઝના લરનારા ભાઈ. લેકારના વાળનારા ભાઈ. હારે ભાઈયાં વગળ ભારથ હૂનો ! હા રે દેખાં રે મૉટીઓ આપાંન ઊનો વઈરો નેં લાગો ! હા તે આપણે સારણાંનો કૉણ કાઢી લેતો...હા રે ભૂંડાન ભલી વાતો કરેં. એવામાં સૉંદોન પાબુ હેં; તે... ખેરિયા થકા આવેં...હા રે ઘોરા રમારેં ન આવેં. હહા રે... મહરાઝ રે અગળ આવીન ઓડા ઘાલા....હા ને અગળ ઓડા ઘાલીન કેવા કૉનિયા દેય ! હા ને ઉંમર સુબરાંની હેરિયે ધધમોટો ઊડેં...હા રે મહરાઝ રે સૉંદો ન બાપુ હેં તે આથે ડૂસા ભરેં. હા ને થર થર કૉપે ! હા ને કૉનાંના ટપોરા મૉડે!

હૂની વાર ભેળી રે પૉણ બનેવી,
હૂની વાર ભેળી રે પૉણ...
એ હૂની રે... ભાગણિયાં ભેળી આવિયો... રા...ઝી...



જિતનાયો લેઈન આયો રે પૉણ બનેવી,
જિતનાયો લેઈન આયો રે પૉણ....
એ હૂની રે ભાગણિયાં ભેળી આવિયો... રા...ઝી...

કાકાંની હાથે ને રે ગોલીના,
ભાયાંની હાથે ને રે પૉણ...
એ' લા કાકાંના હાથે ને રે ભાગણ ભેળિયો... રા...ઝી...

ધીરેરો રેંઝે ન રે પૉણ ગોલીના,
ધીરેરો રેંઝે ન રે પૉણ...
એ મૉટિયાંનો લેકાર લેઈન આવિયો... રા...ઝી...

અમલાંના સખિયા ન રે પૉણ ખેંસીરા,
અમલાંના સખિયા ન રે પૉણ..
એ અમલાંના સખિયા રે ઓવણા લાગિયા... રા...ઝી...

રમખાં મૉડ ન રે પૉણ સૉદલિયો,
રમખાં મૉડ ન રે પૉણ...
એ એંણાં રણ રે રીઝાંમાં રમખાં મૉડિયાં... રા...ઝી...

તળવારે આપ વીઝો ખવેં રે પૉણ સૉદિયા,
તળવારે આપ વીઝો ખવેં રે પૉણ...
એ ખેંસીને કૂદીન મારવા લાગિયા... રા...ઝી...

રેપ્રી રેપ્રી ન રે પૉણ સૉદરિયો,
રેપ્રી રેપ્રી ન રે પૉણ...
એ રમણા રે રમણા રે પરા મારિયા... રા...ઝી...

એ બાપરો ઝેંદરો નાઠો રે પૉણ સૉદલિયો,
ઝેંદરો નાઠો રે પૉણ...



એ નાઠો રે નાઠો કમદીમાં લપિયો... રા...ઝી...

કમદીના ઝારમાં રે પૉણ ઝેંદરો,
કમદીના ઝારામાં રે પૉણ...
એ'લા કમદીના ઝારામાં હૉતવા લાગિયો... રા...ઝી...

વૉહળ ઓયો ન રે પૉણ સૉદરિયો,
વૉહળ ઓયો ન રે પૉણ...
એ રેપ્રીન વૉહળ ઓવા લાગિયો... રા...ઝી...

હા રે ઝેદરો વાત કરે, હાને પેલાંનાં તો કાળઝાં ટૂટી ટૂટીન ભોંય પરે! ખોટું થઈ ગઉં ઝગમાં કૉમ. સૉદિયો નહીં ધાબી હકતો. હારે... સૉદિયો મખરેં બોલે, એ ગોલીના પેટના, ધીરું ધીરું રેંઝે!... ને... હા ને ધીરું ધીરું આવઝે! હા રે વાઘાંની હાથરિયેં હેંયાળ લોટા! થારા બા કેંર નતા! હા! હા! રે એતણિયાં તે ભેળકો પારો. દેખાં રે મૉટિયાંના ખેલ... હા રે... મહરાઝ રે પાબુ ન સૉદો હેં; તે કાટી તળવારે પરેં ટોળામ્મા... હા રે... મહરાઝ રે અમલાંના સખિયા ખેંસી થઈ ગા હેં... હ! હા! તે... અથિયારન બીઝાં કેંણી વેળા લેય? હા રે મહરાઝ રે અતાં એં અથિયાર રઈ ગાં. હા ને નાહતાં થકાં એકાંની ફેંસો વટઈ ગેઈ... હા ને માથાં કૂદી કૂદીન વેગળાં પરેં! એ... રેપ્રી રેપ્રીન ખેંસી પરા મારા.... હા રે મહરાઝ ધમકો ઊડો રે ઉબર સુબરની હેરિયે! આડા અવળા કેંમના ઝય? ઘોરિયો ઉપર રાઠોર બેઠેલા હેં... હા ને... અવણ ધમરાવી ધમરાવી કેવા મારે! (તંબૂર-સ્વર) તો મહરાઝ... હા રાઠોર હેં... રીહાંના ભરેલા... હા! રે... મહરાઝ રે રેપ્રી રેપ્રીન ખેંસીઓનો કૉણ કાઢી નૉખો! ઘેંર મસ્કલો ઝુદાં પરે! હારે પરેલાં થકાંન ફરીન પેસણ લોરાં નૉખે! એકાકાના બે બે તેંણ તેંણ કટકા કરેં. હા રે મહરાઝ રે ઝેંદરો ખેંસી હેં; એ નાઠો થકો ઝાયેં. વાળી મૂઠીએ ઝેંદરો નાઠો. હા રે મહરાઝ રે પૂઠણ ધૉમે સૉદોઝી; હા ને આગળ ધૉમે ઝેંદરો! હા રે ધૉમો થકો કમદીના ઝારામાં પેઠો. હા રે મહરાઝ સૉદોઝી હેં... હેંદુરિયો હેલ રોળવેં. એવામાંન તો પાટવી પાબુઝી મખરેં બોલેં, એ સોટકલાં પેંગાંના સૉદિયા, એ'લા રખેન

બનેવી મારતો! હા રે બનેવી મારે તો બાઈન રડાપેંણ આવેં. બાઈન કૉણી કૉસળી મળે... હા રે ખોટું આવેં ઝગમાં કૉમ. રેંવા દેં ઝીવી ખાહેં એ તો! હા રે મહરાઝ રે સૉંદોઝી વીસાર કરે, એ... ભાઈયા? નાગ તો મારોસ ભલો! હા રે નાગન બસાવો નેં. હા રે કાળન નાગ એકઝ કેંવૉય! હા ને તેં આડી ઝીપ કેંમ ઘાલી? ના કેંતો નેં, મનં પૂરો કરવા દે... એ સૉંદાઝી! એ'લા મારતો નેં, બાઈન લાંબી કૉસળી આલવી હેં; ખોટું આવે. હા તે તું રવા દે ન નહીં મારવું ! હા રે મહરાઝ રે સૉંદોઝી લટ દેઈન પાસો વળે. હા ને ઝેંદરો ખેંસી મખરે બોલે, એ હાળો! થેનારી વાતો થેઈ ગેઈયો! હા પણ ઑણે એલે ઝીવતો મેલાં. હા રે મહરાઝ અવણ ઝેંદરા ખેંસીન ઝીવતો મેંલે. હા ને... મખરે બોલે, એ ગોલીના પેટના? થેં તો થારાં કરમ ઝેવું કરું! હા તે એતરાં ગૉમાંનો ધૉણવો ઘાલો. હા રે ભાગણિયાં ભેળી. હા ને આ ગુઝણિયું અતું એય ભેળાવું. રૉંડવા પોતાના હાળા બનેવી અતા... હા તે ઝે મૉગવું અતું એ મુટે મૉગવું અતું... હા પણિયાં આવા મૉટી મળાવવા ન'તા. હા રે આવું કરું રે કરું, આવું કરઝે માં! હાને ઝાઝે ઝીવી ખાઝે... હા રે મહરાઝ રે એથો ઝાયે... હા ને પાબુ સૉંદો હેં તે ઘોરિયે સરા. હા રે તૉણે ઘોરાંની વાગ... હા રે આવે રે ગુઝણિયામાં. હા રે મહરાઝ રે ફરી ફરીન ઝોય. હા તો બધી ભાગણિયાં ભેળી નૉખી. હા રે મહરાઝ રે ફરી ફરીન ઝોય. હા તો બધી ભાગણિયાં ભેળી નૉખી. હા રે દેવેના સારણ પરા મારા. ખોટું આવું ઝગમાં કૉમ. હા પણિયાં હાટું તો વાળીન આવા હૈય. હા રે ઝે થનારી થઈ ગેઈયો. હા પણ અવણતો ઉપર આપણા, એંણાં એઠણ પેંગ અવણ નહીં! એંણે કરું એવું આપે કરી નૉખું... પેંગાં ઉપર પેંગ પારા હેં! પીલાંનું વેંર એંતોઈ ખાય નેં! હા તે પેંગાં ઉપર પેંગ પારા. હા ને આવું હાટું વાળીન આવા... હા રે મહરાઝ રે ખય પીય રાઝ કરેં. એક એક ઘરી લાખની કાટેં! હા રે મહરાઝ રે ઝેંદરો ખેંસી હેં; હા તે અવણિયાં કમદીહો બારો નેંહરો. હા તે ઘોરાંની તો ફેંસાં વાટી નૉખેલી અતી. હા તે કેહો ઘોરે સરે? હા રે આથિયાંની હૂડો વાટી... હા ને ઘોરાંનાં પૂસરાં વાટાં... ઘોરાંની ફેંસો વાટી. કેંણે વાટી? સૉંદે ન પાબુ એ વાટી. હા રે એંડતો થકો ઝેંદરો ખેંસી ઘેંર ઝાય. હા રે મહરાઝ રે ખેરિયો ઝેંદરો ઝાય. આવે રે ઝાયેરિયામાં... હા રે હેરી બઝારે આવેં...



લોકાં એ ધૉમી ધૉમીન હૉમાં ઝોવા આવે. હા રે મહરાઝ રે આવીન પેસણિયાં વાતો કેવાં કરે! હોરો રેં હુંકારાંના દેનાર... હા રે ઝુગ ઝાય ન વારતા અગી હાલે... ખમા!

લોકાં પૂસણાં પૂસ રે પૉણ ઝેંદરા,
લોકાં પૂસણાં પૂસ રે પૉણ...
એ પૂઠણાં રે મેલીન તમે આવિયા... રા...ઝી...

કેયે પાખેહી આવે રે પૉણ રાઝા,
કેયે પાખેહી આવે રે પૉણ...
ડાયસાં લેઈન આવિયો... રા...ઝી...

આઝ એખલો કેંમ આવે રે પૉણ રાઝા,
એખલો કેંમ આવે રે પૉણ...
એ... ફોઝ રે ફોટું રે કેખા મેલિયો... રા...ઝી...

કેખા મેલીન આવે રે પૉણ રાઝા,
કેખા મેલીન આવે રે પૉણ...
થારા કાકાન પાઈ કેખા મેલિયા... રા...ઝી...

હરખી જોરિયાંના રે પૉણ રાઝા,
હરખી જોરિયાંના રે પૉણ...
એ'લા હરખી રે જોરિયાંના કેખા મેલિયા... રા... ઝી...

ઝાયેરિયાની બાયો રે પૉણ ઝેંદરા,
ઝાયેરિયાની બાયો રે પૉણ...
એ ઝાયેરિયાની બાયાં પૂસણાં પૂસિયાં... રા...ઝી...

(એક સહાયક બાણિયોઃ એ એકલો કેંમ આવો હેં? સાતઃ હા!)

માર સોરાંનો બાપુ ન રે પૉણ રાઝા,



મારુ સોરાંનો બાપુ ન રે પૉણ...
આપણાં સોરાંના બાપુ કેં મેલિયા... રા...ઝી...

હુંય ઝબાપ આલ રે પૉણ ઝેંદરો,
હુય ઝબાપ આલ રે પૉણ...
એ... નેસું રે ઝોઈન ઝાવા લાગિયો... રા...ઝી...

રોતો રતરતો રે પૉણ રાઝો,
રોતો રતરતો રે પૉણ...
એ... રોતો રે રતરતો ઝાવા લાગિયો... રા...ઝી...

બઈરાં મોહા બોલ રે પૉણ રાઝા,
બઈરાં મોહા બોલ રે પૉણ...
એ રાઝા થારું રે ઝાઝો રે ખરિયા ખોડન... રા...ઝી...

પરા મરાવીન આયો રે પૉણ રાઝા,
પરા મરાવીન આયો રે પૉણ...
એ'લા તારું રે ઝાઝો રે ખરિયા ખોડન... રા...ઝી...

ડાઈસાં લેવા ગિયોન પૉણ રાઝા,
ડાઈસાં લેવાને ગિયોન પૉણ...
એ અમારા મૉટી પરા મરાવિયા... રા...ઝી...

દેખાં કજિયાંના રે ખેલ બૉતમો,
દેખાં કજિયાંના રે ખેલ...
એ કાકિયાં ભાંઝાઈયાં મેંણાં મારિયાં... રા...ઝી...

કાકિયાં પાબિયાં રે પૉણ રાઝા,
કાકિયાં પાબિયાં રે પૉણ...
એ'લા કાકિયાં રે પાબિયાં મેંણાં મારિયાં... રા...ઝી...



કસેરિયાંમાં બઈરાં રોય રે પૉણ રાઝા,
કસેરિયાંમાં બઈરાં રોય રે પૉણ...
એ ઢૂહકે રે ઢૂહકે રોવા લાગિયાં... રા...ઝી...

બાપા વગરનાં ઓયાં રે પૉણ સોકરાં,
બાપા વગરનાં ઓયાં રે પૉણ...
એ બાપ રે વગરનાં દીકરાં ઓઈયાં... રા...ઝી...

(તંબૂર-સ્વર) તો મહરાઝ! તે ઝેંદરો ખેંસીં હેં... હા! હા! રે... ઉગારે પૉગે આવે. હા રે... એંડતે પૉગે આવે. એ ઉતરે નૂરે ઝાલિયે મુટે! ઝાતો તેણી વેળા તો મૂસે ડાકોરા ઘાલતો! ભાયાંના ટોળામાં ભેળો અતો. હા તે ધધમાટે ધધમાટે ઊડતો. હા ને અવતો પોળવીન એખલો આવેં. મૂસો નેંસી ઉતરી ગેઈ, ઑહુઑના ધારોરા સૂટા ઑખોમાં. ઝીવ કાસો થેઈ ગેઈયો! હા ને આથ ઈલોળબતો એકલોઝ આવેં એ... ગૉમન ગૉદરે એખલો ઝ આવો. હા નેં લાંબી નઝરેં સૈયાં ન બઈરાં દેખેં... આપણો ઝાયેરિયાનો રાઝા એં એવો ઝ આવેં! હા પણ ઘોરોય નહીં ન કૉય નહીંન આ કીમ એખલો ઝ આવતો અહેં? હા રે મહરાઝ ધૉમી ધૉમી અગેહળાં ઝય... એ ઝાઈન પેસણિયાં હારો લેય. એ રાઝા? તમે તો બતું કણું ફોઝ ફોટું લેઈન ઝાતા. હા ને એખલા ઝ કેંમ આવાં? હા ને રાઝા તો બોલતો ઝ નહીં. હું કરીન બોલેં? બાકું ફાટું બકાલનું,કી પૉણીનાં મોલ થઈ ગાં! હા રે ભાઈયાંનો ટોળો તો પરો મરાવીન આવો. અવેંણ હું મુટેં ગૉમમાં આવેં? હા પણ વગર નાકાંન હું થાય. હા રે એ સૈયાં બઈરાં હાર ઝોતો નહીં; હા ને ઊતુંસ કાલીન આવેં! હા રે મહરાઝ બઈરાં અગળ ફરે... હા નેં રાઝાન પૂસણાં પૂસેં, એ રાઝા? કાકા ભાઈનો હાથ લેઈન ઝાતો; હરખી જોરીના કેં મેલા? ફોઝ ફોટાં લઈન ગો... હા ને ફોઝ ફોટાં કેં મેલીન આવો? હા રે ઝેંદરો તો બોલતો નહીં... ઑખાંમાં ઑહઑના ધારોરા સૂટા. ઉતરે નૂરે ઝાલિયે મુટે! હા રે બઈરાંન ખબર પરી ઝાય હેં. ઝોને રૉડવો મરાવીન આવો હેં... હા રે કાકિયો-પાબિયો મખરે બોલે, એ નખોદિયા? હાસી હાસી વાતો કર... અમાર સૈયાંના બા કેં મેલીન આવો? હા રે મહરાઝ રે ઝેંદરો હું મુટે બોલેં? હા રે લાઝનો મારેલો. હા ને



બઈરાં તો ઢૂહકે ઢૂહકે રોવે! હા રે સૈયાંન બઈરાં રોયેં, થારું ઝાઝો રે ખરિયા ખોર... રૉંડવા રે રૉંડવા તું ડાયસાં લેવા લઈ ઝાતો. હા રે અમારા પરા મરાવા... હા રે થારું નખ્ખોદ ઝાઝો! હા રે મહરાઝ રૉંડવો તો ગોડિયો વાળી વાળી રોવેં! સાથિયો કૂટેં ન રોવેં, બાપ વગરનાં દીકરાં કરાં... હા રે મહરાઝ રે સૈયાં રોયેં રે બઈરાં રોયેં. હા રે... અમાંન બા વગરનાં કરાં. નખોદિયા, થારું નખોદ ઝાઝો! હા રે નૉનકાં સૈયાં રોયેં. રાઝા ધોમો થકો મેંલમાં પેહી ઝાયેં. એ... મેંલાંમાં ઝાઈન પેસણિયાં અતારામાં પેહીન પેસ બેહી ગો! હા રે તેમાં રૉણી હેં તે ઝાઈન પૂસણાં પૂસેં, એ રાઝા? આ હું થઉંન કેમનું કરીન આવા? તું તો ડાયસાં લેવા ઝાતોન ઠાલો માલો કેંમ આવો? એ રાઝા તો લાઝી ગો! કેવી રીતે હું ઝબાપ દેય? હા રે મનમાં હીઝાય રો રો! હા પણિયાં હું મુટે તેમાં આગળ વાત કરે? હા તે રૉણીન વાત કરે, એ રૉણી? તું મનં અતારે કૉયઝ બોલઝે માં. મું તો થારા પરતાપ, ઝીવતો રો. મનં સૉંદોઝી મારી નૉખતો... હા પણ મોટા હાળાનું ભલું થાઝો! એંણે ઝીવતો મેલાવો હેં... હા ને બત્તું ફોઝ ફાંટું મારી નૉખું... હા રે એકેં ઝીવતો મેલો નહીં. ઘોરાંની ફેંસો વાટી. હા રે ઘોરાંનાં પૂસરાં વાટી વાટીન ધૉમી મેલાં ઘોરાંન! એંણા વનવગરામાં કોરાં રખરતાં ફરેં. હા ને ઉં તો ઝેંમ તેંમ કરીન નાહીન આવતો રો. એ રૉણીન રાઝા હેં તે અતારા ઓલ્લામાં બેહીન રૉ. હું કરીન બારાં નેંહરે? બારાં નેંરહતે તો ગૉમનાં લોકાં ઉપર પરીન મારી નૉખેં... દેખો રે ભાઈયો કજિયાના ખેલ! કાકીઓન ભાભીઓ... હા રે થારા કારણ અમારા લેઈ ગો. પરા મરાવીન આવો. થારું નખોદ ઝાયેં... હા રે રૉંડવા થારું નખોદ ઝાઝો! હા ને તેમાં રૉંડ લોયાંની પીનારી; થારું ઝાઝો રે ખરિયા ખોડ! હા તે દેવરાં-ઝેઠાંન પરા મરાવા. હા રે સૈયાં નં બઈરાં રોયેં. હા રે મહરાઝ ઝાયેરિયામાં તો ધમકો મૉડો! હા રે તે રોવાનો હંગાવો પરો. હા રે ધાકલો પરો રે ઝાયેરિયામાં! હા રે સૈયાંન બઈરાં કણાં દુઃખી હેં. હા પણ અવેં હું કરે'લા, થાનારી વાતો થઈ ગેઈ. હા તે... રોયે થકે અવેં હું થાયે? કેંમ કરીન ઝીવતા કરવા? હા રે મહરાઝ રે કેતરા દન હૉપળે ઝેંદરો મેંણાં? હા રે મઈનો બે મઈના, બતું વેઠી નૉખું. હા ને પેસ પાસો વીસાર કરે, હા રે અવ કેંમ કરવું? આ હદા હદાનાં આતરાં બતાં ગૉમનાં ખીજે હેં... આ તે માર કેંમ



કરવું? હેંડાં પણ કૉયક તો કરવું પરહેં... મેંણાં તો ખારાં લાગેં.

મેંણાં ખારાં લાગાં ન રે પૉણ ઝેંદરા,
મેંણાં ખારાં લાગાં ન રે પૉણ...
એંણાન કાકિયાં રે પોઝાઈયાં મેંણાં મારિયાં... રા...ઝી...

મેંણાં મારિયાં રે પૉણ ઝેંદરા,
મેંણાં મારિયાં રે પૉણ...
રૉડવાન કાકિયે પોઝાઈયે મેંણાં મારિયાં... રા...ઝી...

દેવરાંણિયાં ઝેઠાંણિયાં રે પૉણ ઝેંદરા,
દેવરાંણિયાં ઝેઠાંણિયાં રે પૉણ...
એ'લી દેવરાંણિયે ઝેઠાંણિયે મેંણાં મારિયાં... રા...ઝી...

એ... રૉડવા કલમન કસેરિયાં રે પૉણ ઝેંદરા,
કલમન કસેરિયાં રે પૉણ...
એ... ઝાયેરિયામાં રઈન કૉનિયા મૉડિયા... રા...ઝી...

દેવરાં ઝેઠાંનાં રે પૉણ તેમલી,
દેવરાં ઝેઠાંનાં રે પૉણ...
એ'લી દેવરાં રે ઝેઠાંનો ધૉણવો કાટિયો... રા...ઝી...

હળી મળી રેંવું રે પૉણ તેમાં,
હળી મળી રેંવું રે પૉણ...
એંણી તેમલીનું ઝાઝો રે ખરિયા ખોડન... રા...ઝી...

લોયાંની પીનારી રે પૉણ તેમલી,
લોયાંની પીનારી રે પૉણ...
એ... દેવોર રે ઝેઠાંના હરાપા લાગિયા... રા...ઝી...



મનમાં વીસાર મૉડ રે પૉણ ઝેંદરો,
મનમાં વીસાર મૉડ રે પૉણ...
એ મનમાં રે વીસાર મૉડવા લાગિયો... રા...ઝી...

એ દેખઝે મૉટિયાંના રે ખેલ રૉણી,
દેખઝે મૉટિયાંના રે ખેલ...
આપણાંન ગૉમનાં લોકાંએ મેંણાં મારિયાં... રા...ઝી...

ઝણ પરો ફરન રે પૉણ ઝેંદરો,
ઝણ પરો ફરન રે પૉણ...
હગા રે હોયાંમાં ઝણ ફરિયો... રા...ઝી...

કૉસીઓ મોસીઑનાં રે પૉણ ઝેંદરો,
કૉસીઓ મોસીઑનાં રે પૉણ...
એ કૉસીઓનાં રે મોસીઑનાં આટે ફીરિયો... રા...ઝી...

ફોઝ પરી મેળ ન રે પૉણ ઝેંદરો,
ફોઝ પરી મેળ ન રે પૉણ...
એ'લા કૉસીઓની રે મોસીઑની ફોઝ મેળિયાં... રા...ઝી...

(તંબૂર-સ્વર) એકા દનરો સમાઝોગ નં સમાઝોગનો મા ઝોગ આવેં. હ! હા! તે... ઝેંદરો ખેંસી હેં... દન રાતેં દૂબળો પરેં! ઝે થવાનું થઉં! હા રે... મહરાઝ ઝેંદરો હેં તે હગાં હોઈયાંમાં ફરેં; હા તે દઃખની વાત કરે.. કૉસીઓ-મોસીઓમાં ફરેં; હા ને દઃખની વાત કરે. માર કેંમ કરીન દાવ વાળવો? હા રે હગાહોઈયાંનો હાથ મેળવેં; ઘૉસીઑનો, મોસીઑનો, તૂરીનો, તરગાળાનો. હા તે... મહરાઝ રે ઝેંદરો મેળાવા કરે. ઘોરિયાંની તારે હઝાઈ કરેં... હદા હદાનાં મેંણાં નહીં ખમાતાં. એક આંટો કાઢી આવણો હેં. ગુઝણિયામાં આંટો કાઢવો હેં... હા રે... મહરાઝ રે મનમાં ડાગ રાખેં. હા રે... લોકાંન તો મુટેં એવી વાતો કરેં કે મેળ કરવો હેં હગાં હાળાંન. હા રે



મહરાઝ રે હાળાં-બનેવીમાં વીખો પરો. એ... અવતો બે, સાર, પૉસ, સૉ મઈના થઈ ગા. મેળ કરવા ઝાવું... હેંડાં રે હેંડાં ભાઈયો ઝાયેં મેળ કરવા. થનારી વાતો થઈ ગેઈયો; હા પણિયાં મેળ કરી આવું. કેતરાક દન હગાંમાં રુહણાં રાખવાં? હાળા-બનેવીયાંમાં રુહણાં નેં ઝોઈયેં! એ મેળ કરીન પાસા આવીયેં. હા રે... મહરાઝ રે ફોઝ ફોટું મેળવે... હા ને ઝેંદરો તે કોરીન તારે હઝાઈ કરે. હા રે બૂદી કોટની બદૂખો આથ ઝાલી. હા ને કરખૉડે હઝાઈ કરે. હા ને હાથ પૂરો મેળે... હા રે... મહરાઝ હાથ મેળીન પેસ કેવો ઝાયે? હોરો રેં હુંકારાંના દેનાર. હા રે કરોર દિવાળી રાઝ કરે! હા ને ઝુગ ઝાયન વારતા હાલે!

તેમાંન વાતો સોળ રે પૉણ ઝેંદરો,
તેમાંન વાતો સોળ રે પૉણ...
એ... હૉપળઝે રે મારી વાતન... રા...ઝી...

હગા હાળાં ન રે પૉણ રૉણી,
હગા હાળાં ન રે પૉણ...
એ... હગા રે હાળાં ન વીખો પરિયો... રા...ઝી...

અમાર વીખો પરિયોં હેં ન રે પૉણ રૉણી,
વીખો પરિયોં હેં ન રે પૉણ...
એ... હાળાં રે બનેવીમાં વીખો પારિયો... રા...ઝી...

મનાંમણાં કરી આવું રે પૉણ રૉણી,
મનાંમણાં કરી આવું રે પૉણ...
એ... હગાં રે હાળાં ન મનાંમણાં કરિયેં... રા...ઝી...

ઘોરીલા તૉણ ન રે પૉણ ઝેંદરો,
ઘોરીલા તૉણ ન રે પૉણ...
એ ઘોરિયો રમારેં ઝાવા લાગિયો... રા...ઝી...



ખેરિયા ખેરિયા ઝાવ રે પૉણ ખેંસીઓ,
ખેરિયા ખેરિયા ઝાવ રે પૉણ...
એ... ઘોરિયો રમારેં ઝાવા લાગિયા... રા...ઝી...

ખેરિયા ખેરિયા ઝાવ રે પૉણ ખેંસીઓ,
ખેરિયા ખેરિયા ઝાવ રે પૉણ...
એ... ઘોરિયો રમારેં ઝાવા લાગિયા... રા...ઝી...

એ ધૂધળી રેતો ઊડ રે પૉણ ખેંસીઓ,
ધૂધળી રેતો ઊડ રે પૉણ...
એ... ધૂધળી રે ધૂધળી રેતો ઊડિયો... રા...ઝી...

ઉંબર સુબરની હેરિયો રે પૉણ ખેંસીઓ,
ઉંબર સુબરની હેરિયો રે પૉણ...
ઉંબર સુબરની હેરિયે આવણા લાગિયા... રા...ઝી...

ઝેંદરો વાતાં સોળ રે પૉણ બૉતમો,
ઝેંદરો વાતાં સોળ રે પૉણ...
હૉંપળઝો બૉતમિયો મારી વાતન... રા...ઝી...

એ... ભૂલ પરી મારી ન રે પૉણ ખેંસીઓ,
ભૂલ પરી મારી ન રે પૉણ...
એ'લા રેપ્રી રેપ્રીન મારિયા... રા...ઝી...

(એક સહાયક સાતઃ એ બરસિયેં બરસિયેં મારી નૉખા!
મુખ્ય સાતઃ હ! હા! હા!)
વળખાં કરાવાં રે પૉણ રાઠોરાં,
વળખાં કરાવાં રે પૉણ...
એ ઘોરાંનાં પૂસરાં રે પૂરાં વાઢિયાં... રા...ઝી...



રીહો સરાવેં રે પૉણ ઝેંદરો,
રીહો સરાવેં રે પૉણ...
એ... હરખી રે જોરી વાળાંમાં વાતાં સોળિયાં... રા...ઝી...

ઘોરીલા તૉણ ન રે પૉણ ઝેંદરો,
ઘોરીલા તૉણ ન રે પૉણ...
એ... ઝેંઝણિયાં ઝોરાંમાં આવણા લાગિયા... રા...ઝી...

ઑબા-ઝૉબુવેં ન રે પૉણ ખેંસી,
ઑબા-ઝૉબુવેં ન રે પૉણ...
એ... ઑબા રે ઝૉબુવે રે આવણા લાગિયા... રા...ઝી...

હા રે... મહરાઝ ઝેંદરો કોરાંના માથે અસવાર થાયે. હા રે તૉણે ઘોરાંની વાગ. ખેરિયા થકા ઝાય. હા રે... તુદળી તુદળી રેતો ઊડેં... ધરમર વાઝે ઘોરાંના ડાબલા... હા રે મહરાઝ રે ખેરિયા થકા કેવા આવે! એ આવા રે ઊબરાં સુબરાંની હેરિયે. હા રે? ઑ આવીન ઝેંદરો વાતે સરો... હા રે હરખી જોરવાળાન વાત કરે, એ... હગો હોઈયો? એ ભાઈયો? કણા હોરા આવઝો અમાર થવાનું થઈ ગઉં! હા ને... અમે તો લેકાર લેઈન આવતા ને ડાયસાં લેઈન આવતા... હા પણિયાં રાઠોરાંન તો નતા મારા પણિયાં સારણાંન મારી નૉખા... હા રે... હગો હાટુ મેં મારો... હા પણ એ તો મનં ડાયસાં નતો આલતો એતણ મારો... હા તે.. પેસણિયાં નવલાખ ટોળા લેઈન ઑહેળા આવા. આવીન પેસણ અમલિયાં ગાળતા... હા ને અમલાંના સખિયા થઈ ગ્યા. એવામાં તો ધૉમીન પાબુન સૉદો આવા... એ... અગળ આવીન એંણાંએ ઓડો ઘાલો. અતાતો બેં ઝણા પૉણ ઑતો ખેલ ઊડી ગો! અમાંન તો બોલાવો ઘાલો. એ નાહતે નાહતે ઝ અમાંન તો પરા મારા. રેપ્રી રેપ્રીન મારા... અમાર તો ધેંર ન માથાં ઝુદાં કરી નૉખાં! અમાર તો કાકા-ભાયાંન પરા મારા. એ કેંમ કરીન મન વાળું? હા રે... એ ભાઈયો ટણકા! હા રે નકરિયાં માર તો કૉય નહીં... હા રે... ઝેંદરો હેં તે હગાંહોઈયાં કનેં રૂગાં રાળેં. એ હરખી જોરીનો! માર કરનાર ન માથ રાઠોરે ધમકો ઘાલો. હા પણ



મૉટિયાંન પેટમાં ડાગ પરેલા હેં. હા રે દોરી બળેં પણ ઑબળો નેં ઝાયેં! પીલાંનું વેંર એંતોઈ નેં ખાઈ ઝાયેં! ઝેંદરો મૂઓ નહીં એતરા દન મારા વગળ નેં મેલું... હા ન આઝ તમાંન લેઈન ઝઉં. હા તે મૂઆ એતરા મૂઆન ઝીવતા એતરા... હા પણ રખેન ઠોકીરો ડગી ઝાતા માં! હા ને મારા કાકા ભાઈ પરા, રાઠોરે મારા હેં... હા ને આઝ ઝાઈન પેસણિયાં રમખું મૉડવું હેં, તે મારાં વેંર વાળીન પેસણિયાં આવિયેં. હા રે... મહરાઝ રે હરખી જોરીવાળાંન રીહો સરાવેં. એ'લા તમે કેંર અતાન અમાંન રેપ્રી રેપ્રીન પરા મારા! ઉંય લપો'લા કમદીમાં. હા! હા! મારા તે ઉંય હાથ જોરીન પેસ નાઠો... હા પણિયાં આઝ ખરા રેંઝો. હા તે મહરાઝ રે હઉને, ફોઝને રીહ સરાવેં... હા તે તમ ઝેવા મન ઝેવા હરદાર હેં... હા રે મૂસાંના ડાકારા ભીરેં! હા રે... મહરાઝ! પેસ તૉણે ઘોરાંની વાગ. ખરતાલે ખેઉરા ઊડેં... હા રે.. ખેરિયા થકા આવે રે ઝેંઝણિયાં ઝોડાંમાં. હા રે... ઘોરા રવોર કરેં. હ! હા! રે! તૉણે ઘોરાંની વાગ; હા રે... મહરાઝ રે દીપાવલી નાડી ઉપર આવેં. હા... ને ઑ બેહે. હા ને ઑ બેહીન પેસ વાતે વળા. હારે ઝેંદરો મખરે બોલેં, એ હરદારો ? કરએક ધાબો ઘોરાંની વાગ. હા રે ગૉમ્માં તો પેહી નહીં ઝાવું... હા ને સૉદો ન પાબુ હેં એ તો... એ તો મૉતના મારણિયા હેં! હા તે ગૉમ્માં કે ખેરામાં ઝીવતા નેંહરી હકીયેં કે નેં. હા પણિયાં આપણે હૉમ હેઢી ઉપર બેહીયેં... હા ને સૉદા પાબુન બોલાવીયેં... એ હૉમ હેઢી ઉપર આપણ મેળાવો કરિયેં. હા... નકરિયાં ગૉમનું કૂતરું ય આપણું નેં! હા... કેંમ થાયેં ને કેંમ નહીં... મનં તો એવી ડોહી તો મેંણાં માર હેં...!

પાબુઝી વાત સોળ રે પૉણ સૉદલિયો,
પાબુઝી વાત સોળ રે પૉણ...
હૉપળ કે સૉદલિયા મારી વાતન... રા...ઝી...

પોતાનો બનેવી રે પૉણ સૉદલિયો,
પોતાનો બનેવી રે પૉણ...
એ... મેળ રે લેવા બનેવી આવિયો... રા...ઝી...



(એક સહાયક સાધુ બોલે છેઃ એ હગાંએ તો કેંર ભેળાવું ને! મુખ્ય સાધુ બોલે છેઃ હા!)

એ હગા હોઈમાં રે પૉણ સૉંદલિયા,
હગા હોઈમાં રે પૉણ...
એ હગા હોઈમાં રુહણાં કોઈ માં રાખઝો... રા...ઝી...

કાકાં ભાયાંમાં રે પૉણ બૉતમો,
કાકાં ભાયાંમાં રે પૉણ...
એ કાકાં ભાયાંમાં રુહણાં કોઈ માં રાખઝો... રા...ઝી...

મેળ લેય ન રે પૉણ સૉંદલિયા,
મેળ લેય ન રે પૉણ...
આપણા હગા રે બનેવીય મેળ લેવિય... રા...ઝી...

હૉમા હેઢિયેં આયા રે પૉણ રાઠોર,
હૉમા હેઢિયેં આયા રે પૉણ...
એ હૉમા રે હેઢીયેં આવણા લાગિયા... રા...ઝી...

ઝાઝમો રાળી ને રે પૉણ રાઠોર,
ઝાઝમો રાળી ને રે પૉણ...
લીલી રે પીલી રે ઝાઝમો રાળિયો... રા...ઝી...

ઝેંદરો વાત સોળ રે પૉણ હાળાઝી,
ઝેંદરો વાત સોળ રે પૉણ...
હૉપળઝે હાળોઝી મારી વાતન... રા...ઝી...

ખટકતી નળિયાંના રે પૉણ હાળાઝી,
ખટકતી નળિયાંના રે પૉણ...
એ ખટકતી નળિયાંના સલા ઑણિયા... રા...ઝી...



સલો પરો માર ન રે પૉણ બનેવી,
સલો પરો માર ન રે પૉણ...
બનેવી આલેન ખાવા લાગિયા... રા...ઝી...

હૂળાંની કૉબરિયોન રે પૉણ બનેવી,
હૂળાંની કૉબરિયોન રે પૉણ...
એ આપણાં મનરાં વાળીન ભેળા ઓઈયેં... રા...ઝી...

અથેલીએ અમલ રે પૉણ મૉટિયો,
અથેલીએ અમલ રે પૉણ...
એ અથેલીએ અમલ લેવા લાગિયા... રા...ઝી...

દારૂરા પીએંન રે પૉણ ખેંસીરા,
દારૂરા પીએંન રે પૉણ...
દારૂરા રે પીએંન મારૂરા ગાવા લાગિયા... રા...ઝી...

(તંબૂર-સ્વર) તો મહરાઝ... હ હા રે... ખેંસી આવા રે હૉમા હેઢા ઉપ્પર... એ ઝેંદરો ઊપો થકો વાત કરેં, એ હરદારો? હા રે મારા હાળાન ઝૉવ... હા ને ખબર આલાં. હા હમૂઝણા એક બેં આદમી ઝૉવ, હા ને સોંદા પાબુન ખબર આલાં. હા! હા! તે... બનેવી આવો હેં મેળ લેવા. હા રે કેતરા દન રુહણાં રાખ્ખાં? હા રે કેંરમાં રુહણું ઝોયેં નેં. હગા-હોઈમાં રુહણું નેં ઝોયેં. કાકા-પાયાંમાં રુહણું નેં ઝોયેં. હા ને હગાં હાળાં-બનેવીઆંમાં રુહણાં નેં ઝોયેં. હા તે રુહણાં તો ભાગવાં... હા રે... ઝૉ રે સૉંદા પાબુન ખબર આલાં... એ ઝટ દેઈન આવેં. હા ને મેળ કરી દેઈએં. હા રે... મહરાઝ રે તન ઝેવા મન ઝેવા કૉય ટૂટેં. ઝોય સૉંદા પાબુન મેંલે... સૉંદા પાબુન વાત કરેં, એ હગો...? એ તમાર બનેવી આવો હેં? હા રે હગાં હાળાંન મેળ લેવા આવો. તમે મેળ કરી દયાં. હા રે... પરતી ભાટીનો દારૂ; સટકતી નળિયોના સલા. હા ને આવીન પેસણિયાં ગૉમન ગૉદરે ઊપો રો... એ એંડાં કેં મેળ કરી દઈયેં... હા નેં અવં કેતરા દન રુહણાં રાખહાં! એ આડી આડી વૅરાંની વાતો ભૂલી ઝાઈયેં! હા નેં મેળ લેઈન પેસ ભેળા એંડીયેંન ભેળા ફરીયે... હા



રે ખાતે વતું એ બીઝ! હા ને મરતે વતા એ ઠઈડા! હા ને અવ ડાવા કેંમહા કરીયેં? હા તે હગેહા ડાવા હૈય ન ભોળા હૈય! હા રે મહરાઝ રે સૉદા નં પાબુ મનમાં વીસાર કરેં, એ પાટવી પાબુઝી મખરેં બોલેં, એ સૉદાઝી? વાત હાસી હેં. એકાએક બનેવી રો હેં... એ બતાને એંણે રૉડવે પરા મારી નૉખા. હા રે... ભેંમુરા સારણન તો પરો મારો. એ દેવોલ બાઈન રડાપણ આવું. હા હા ને અવણિયાં તેમાંવાળો એક બનેવી આપણો રો હેં. એ હાળાં-બનેવીઆંમાં રુહણાં કેંમ કરીને સોપેં? એ એંડાંક તે આપું તો મેળ કરી લઈએં. હા રે... મહરાઝ રે સૉંદો ન પાબુ રાઠોર હેં. હૂરિયો ન પૂરિયો, ઢેપોન ઢેબો... હા રે... નેપઝીન ડેપઝી. હા... રે મહરાઝ ખેરિયે થકા આવેં. આવે રે હૉમા હેઢી ઉપર. હા રે ખેંસીએ લીલી ન પીળી ઝાઝમો રાળી... હા રે... પાબુઝી તલવારેં ઝાઝમે આવે... ઝાઝમોન માથે વરાઝ થયે. હા ને અથેલીએ અલમ લેય... (મોટેથી ભાર દઈને) હા રે હૉમાં તૉમાં અમલ ખય... હા રે આડાં વૅરાંની વાતો મટી ગેઈયો! એ હાળો? હા રે મનમાં ભૂલ આવી; એ મેં તે ગઝીબ કરી નૉખું! હા ને તમેય ગઝીબ કરી નૉખું. હા રે તમારાય ઘણા મૂઆ ન મારાય ઘણા મૂઆ... હા ને અવણ આપણો મેળ થો. હા રે મહરાઝ રે સોટકલાં પગાંનો સૉંદિયો મખરેં બોલેં, એ બનેવી? તેં આથેં કરીન ખેઝરો વાવો! હા રે... મહરાઝ રે દારૂરા પીયેં મારૂરા ગયે! હા રે ઝેંદરો ખેંસી હેં, એ... પરતી ભાઠીનો દારૂ ઑણો. હા રે બે ખાંનાંવાળી બતેંક હેં. એક ખાંનામાં દારૂ હેં, હા ને એક ખાંનામાં પૉણી હેં! હા રે... મહરાઝ દારૂની સાખ સૉદાનને પાબુન આલે; હા ને સોખા પૉણીની સાખ લેય રે ઝેંદરો ખેંસી! હા રે ફોઝ ફોટુંન સોખું પૉણી પીયારેં! હા ને રાઠોરાંન પરતી ભાઠીનો દારૂ પીયારેં. હા રે દારૂ પીતે પીતે દારૂના સખિયા કેવા થયે! (તંબૂર-સ્વર) એ મહરાઝ? હા રે દારૂના સખિયા થા! હા રે લોડણે સરા! હા ને... ગરમી ગરમી વાતો કરેં... હા રે દારૂ હેં વખનો મારેંગ! હા રે દારૂ નેં પીવો... હા રે દારૂ પીએં તો ભૂલેલી વાતો પાસી સેતેં આવેં! હા રે નાખેલી વાતો પાસી થય... હા રે મહરાઝ રે દારૂના સખીઆ પાસા રાઠોર થય... હાને સૉદલિયો મખરેં બોલેં, એ બનેવી? હા રે ગોલીના પેટના તેં અવળું કરી નૉખું! હા રે... તે 'દિ થારું તો મરણ અતું પણ ઝીવતું મેલું! હા ને... અવણ આથ ઉપર



ઝેવાં… હા રે મહરાઝ રે થોરોક ઑટી તો ઝોતોઝ થો ઝેંદરો! હા ને સૉદોઝી થોરું અવળું બોલો. હા રે… મહરાઝ રે ઝેંદરો ખેંસી ઊપો થાયે. હા ને રાઠોર ન બરાબર લોડણે સરાવેં! હા રે મહરાઝ વીઝાહણ ખૉડેં આથ નૉખે. હા ને અવણિયાં ખૉડું કેવું રમારેં! (તંબૂર-સ્વર) એ… રૉડવેં આઝ ખોટું કરી નૉખું રે કૉમ! હા રે બાપા! દેસના દીવા, પરદાંન. હા રે સૉદો ન પાબુ! હા રે ઘોરિયાંના સરનારા; હા ને દેસના દીવા! બરોબર દારૂરા સખીયા થઈ ગ્યા. હા ને વીઝાહણ ખૉડું રોળવેં રે ઝેંદરો ખેંસી; હા તે માથાં કૂદી કૂદીન દૂરાં પરેં! ઝાહ રે રૉડવા ખોટું કરું કૉમ… સૉદો પાબુ પરા મારી નૉખા. હા રે દેસમાં ધાકલો પરો! હા રે… બૂડો રે હેંખરિયો તારો! મૉટિયાં વગર અતારાં પરી ગાં! એ મૉટી તો કેંવૉય દેસના દીવા! હા રે મૉટી કેંવૉય ઘેરાં ના વાઘ, મૉટી કેંવૉય ઝારખાંના બેહનાર. હા રે મહરાઝ રે મૉટી મરહેં ડસકારા થાહેં. મૉટી મરહેંન દેસાં દેસાંમાં ધાકલો પરહેં. હારે મહરાઝ રે હગોહોઈમાં ધાકલો પરેં… નાતપોતમાં ધાકલો પરેં! હા રે રાઝ બીઝમાં ધાકલો પરેં… ગૉમે અરતાળ પરેં… હા રે… અવણિયાં હેરી બઝારે રૂગાં કેવાં રાળેં! એ સૉદો ન પાબુ પરા મરઈ ગા! ગા! હા રે ઝેંદરો ખેંસી મખરે બોલેં, એ હરદારો?…નહીં ઢીલાંનાં કૉમ. ઝટઝટ ઊપા થઈ ઝૉવ. હા ને વાદળ મેંલાંમાં ઝાઈએ. હા રે મહરાઝ રે ઝેંદરો ફોઝ ફોટું લેય… હા ને વાદળ મેંલાં હૉમો કેવો ઝય! (તંબૂર-સ્વર) તે તૉણ રે કોરાંની વાગ. હા… રે મહરાઝ રે ખેરિયો થકો ઝાય રે વાદળ મેંલાંમાં. હા રે વાદળમેંલાંમાં રાઠોરાંની રૉણીઓ હેં, હા રે… રાઠોરાંની રૉણીઓ તૉણી તૉણી બારી કાટેં. હા રે… રૉડવેં ખોટું કરું રે કૉમ. હા રે રીહાંનો ભરેલો ઝેંદરો. હા રે હૂરાંન હૂરપણ સરેલું હેં. હા રે મહરાઝ રે બઈરાં તૉણી તૉણીન બારાં કાટાં; હા રે પેટાં સીરી સીરીન ગાપ કાટા! એ હારાં બઈરાંનાં પેટાં સીરાં; હા રે રાઠોરાંનું વસ મેલું નેં. હા રે મહરાઝ રે ગાપણિયોના ગાપ કાટા. હા રે મનવાળું… ઝેંદરો હેં તે કેવો હેંડી નેંકરો! હા રે ફોઝ ફોટું લેય, હા ને ખેરિયો થકો કેવો ઝાયેરિયાની વાટે ઝાયે. હા રે હોરો રેં હુંકારાંના દેનાર; ઝુગ ઝાયન વારતા આગી હાલેં.





હોનગરે પરણેલો પૉણ પાબુઝી,
હોનગરે પરણેલો રે પૉણ....
નવલી રે લાડી મિળવા ગુઝણિયામાં આવિયાં... રા...ઝી...

મેંલાંમાં નહીં ઝાતી રે પૉણ લાડી,
મેંલાંમાં નહીં ઝાતી રે પૉણ...
લાડી બારણ રે બારણ આવણા લાગિયાં... રા...ઝી...

ગૉમન ગૉદરે ન રે પૉણ લાડી,
ગૉમન ગૉદરે ન રે પૉણ...
એ ગૉમન ગૉદરે રે આવણા લાગિયાં... રા...ઝી...
એ બઈરાંનો મેળો ન રે પૉણ મૉટિયો,
બઈરાંનો મેળો ન રે પૉણ...
બઈરાં રે બઈરાં રે ભેળાં ઓઈયાં... રા...ઝી...

નવલી લાડી આવ રે પૉણ મૉટિયો,
નવલી લાડી આવ રે પૉણ...
એ હાલરાં રે ગોતલાંના ઢગ કરિયા... રા...ઝી...

માથું ખોળામાં લેય રે પૉણ લાડી,
માથું ખોળામાં લેય રે પૉણ...
બાપરી વનારી વનારી રોવા લાગિયાં... રા...ઝી...

એ'લા સવરીમાં સેરલો ન રે પૉણ પાબુઝી,
સવરીમાં સેરલો ન રે પૉણ...
સવરીમાં સેરલો રે તમે વાઢિયો... રા...ઝી...

વનારી વનારી રે પૉણ લાડી,
વનારી વનારી રે પૉણ...
વનારી વનારી રોવા લાગિયાં... રા...ઝી...



મૉય લેતો ઝાઝે રે પૉણ રાઝા,
મૉય લેતો ઝાઝે રે પૉણ...
રૉડવા એખલી રે મેલીન કેંમ ઝાવિયો... રા...ઝી...

નેં ઝોયા ઢોલિયા ન રે પૉણ રાઝા,
નેં ઝોયા ઢોલિયા ન રે પૉણ...
આપે ભેળાં બેહીન વાતાં નહીં કરિયાં... રા...ઝી...

એ મારો દેસનો દીવલો ન રે પૉણ પાબુઝી,
દેસનો દીવલો ન રે પૉણ...
આઝ તો દેસનો દીવો રે કૉમે પરો.... રા...ઝી...

સાથીઓ કૂટ ન રે પૉણ બાઈલી,
સાથીઓ કૂટ ન રે પૉણ...
એ મારા રે કરમમાં કાગલા બોલિયા... રા...ઝી...

મનં એખલી મેલી ન રે પૉણ રાઝા,
એખલી મેલી ન રે પૉણ...
એ મનં કેંણાંના ડોળાં હાર મેલીન ઝાવિયો... રા...ઝી...

(તંબૂલ-સ્વર) તો મહરાઝ! હા તે ઝેંદરે ખેંસીએ ખોટું કરું રે કૉમ.. હા રે અનારી નરાંની અનારી વાત! એ ઝેંદરો ખેંસી હેં... હ હા રે... આખા ગુઝણિયાન ઘૉણવું ઘાલું... હા ને પેસણ પરો ગો. હા રે મહરાઝ રે બઈરાં બઈરાં ભેળાં મળાં. હા રે... બઈરાં આદમીનો ભેળો મેળો હેં. હા તો મેળો લાગેં હોયમણો! હા રે... રુરુ રળમણું ભેળું હેં તો બઈરાંન આદમી એંતો ખલીએં.નકર બઈરાં બઈરાં નેં ખલેં. હા તે આદમી આદમી નેં ખલેં... હા રે મહરાઝ ગુઝણિયાંમાં એકેં આદમી રો નહીં! હા ને બઈરાં બઈરાં ભેળાં મળાં; હા રે... ગૉમન ગૉદરે આવીન રોવેં, રતરેં, ઝૂરણ કરેં! હા રે સૉદો ન પાબુ પરા મરઈ ગ્યા. એ... બાઈયો હેં તે આવીન ખોળાંમાં માથાં લેય.. હા ને રોવેં, રતરેં ન ઝૂરણ કરેં. ગાપણાં બઈરાંન ગાપ નેંહરી ગા! હા રે ગુઝણિયામાં



કોઈ રઉં નહીં... હા રે મહરાઝ રે એવામાં એણા દનસ હોનગરાવાળી લાડી; હા રે... સૉરીમાં સેરો વાઢીન આવો એ લાડી. હા તે હોનગરા ઘેંરહી આવેં. આઝ તો ઝઉં ગુઝણિયામાં, હા તે માર ઘેંરના ભરથાર ન ભેળી મળું! હા રે ફોઝોનો લરનાર. ઑહા ઝા એવાન એવા આખું ઝાયેરિયું ભેળી નૉખું. હા ને ફોઝ લેઈ ગિયે સૉ હાત મઈના થા તૉય લેવા નેં આવો... એ આઝ તો ઝઉં ગુઝણિયામાં. માર હાહરીમા ઝઉં. હા રે મહરાઝ રે નવલી લાડી હોનગરાહી સૂટેં... હા રે આવેં ગુઝણિયાની વાટેં... હા રે... મહરાઝ રે આવતેં થકેં હમણ થાતાં નહીં! હા રે મહરાઝ રે કાળાં તૉલરાં આડાં ઉતરે. હા રે રૉણીન પેટમાં ઝાળ પરેં! મનમાં વીસાર કરેં, હા તે મનં ખોટું હમણ કેંમ થયે? એ વીસારતી વીસારતી આવેં. હા રે ગુઝણિયાના ગૉદરે આવી; હા ને ગૉમનાં લોકે વાત કરી. આઝ તો ખોટું આવું ઝગમાં કૉમ. સૉદોન પાબુ મરઈ ગ્યા. હા રે હૂરિયો ન બૂરિયો, ધાંબો ન ઢેબો રાઠોર. હા રે હારા રાઠોર પરા મરઈ ગ્યા. હા ને... ગાપણાં બઈરાંના ગાપ કાટા... સરો રે ઝાયેરિયાનો હાથ. ઝેંદરે ખેંસીએ આઝ તો રળી નૉખું! હા રે મહરાઝ નવલી લાડી મનમાં વીસાર કરેં. (ઉતાવળથી અને મોટેથી બોલે છે), એ... નવી લાડી વીસાર કરેં. ઓ બાપા! ખોટું આવી ગું ઝગમાં કૉમ. હા રે... વાત હાસી કરાં વેંલી. ફરી ફરીન લાડી હારો લેય... હા રે... મહરાઝ રે ખરી વાત હૉપળેં. હા ને સાથીઓ કૂટેં. ખોટું આવું ઝગમાં કૉમ. સવરીમાં ફેરા ફરતે દેખો. હા રે બેં ફેરા ફરો; તેંણમેં ફેરે તો સવરીમાં સેરો વાઢો! એ બરોબર મુટું એં દેખી હકી નેં! હા ને આઝ ઝોવા આવતી... હા ને આઝ તો એંસી વાત થઈ ગેઈ. હા રેં ધૉમી થકી આવેં. હા રે મહરાઝ રે બઈરાંનાં મુટાં નઝરે આવેં. હા તે વાદળ મેંલાંમાં હુંકરવા ઝય? હા રે ધૉમી થકી આવેં ગૉમન ગૉદરેં. હા રે આવીન મેળામાં ઝોયેં... હા... તો આડા પરેલા નઝરે આવા. માથાં દૂરાં દૂરાં પરેલાં. હા રે... મહરાઝ રે લાડી હેં તે ઝોયેં. હા! રે.. ઑકળી મૂસો! ભમરિયાં પટાંનો! હા રે... આબુનો વૉળ પરી રેંલો! એ... ધૉમી ઝાઈન... પેસણિયાં કનેં બેહે... હા રે માથું લેઈન ખોળામાં મેલેં. હા ને ગોડિયો વાળી વાળીન રોયેં. એ...રાઝા? ખોટું કરું રે.. ઝગમાં... કૉમ. હા... રે તન ઉપર ઘા કરનારનું નખોદ ઝાઝો! એ... માર ગઝીબ કરી નૉખું. હા રે રૉડવા

રૉંડવા સૉરી ફરતે તનં દેખો! પેસણ તો આપે ભેળાં બેહીન વાત નેં કરી. હા... તે ન દેખા હોવન ઢોલિયા! હા રે થારી વાસના કેવી? મારી વાસના કેવી? આપું નેં ઝૉણી હકાં એકીકાંની વાસના...! હા... ને અધરમાં જોટીઓ ટૂટી! એ અવતાર, કિયા ઝગમાં ભેળાં ફરહું...? ભલો રે નર નારીનો જોર! નર નારીની જૂટી ટૂટી! એ અવતાર, કિયા ઝગમાં ભેળાં ફરહું... ભલી રે નરનારીની જોરી. નર નારીની જૂટી ટૂટી ! એ અમાંન કિયા ભૉવ ભેળાં મેળવે? હા રે બાઈ તો વનારી વનારીન રૂગાં રાળે; સાથીઓ ફાટેં, સાયોર ઉલટેં! હા રે મહરાઝ રે રોયે! રોયે! રે રોયેં! નવી લાડી રોયેં... હા રે ગૉમનાં બઈરાં રૂગાં રાળેં. હા ને બઈરે બઈરે કાઠીઓ મેળી. હાને સૉદા પાબુની કાઠીઓ કેવી મેળે! હા... તે એ સૉદા પાબુન કાઠીઓ મેળીન આડ મેલે. હા...રે મહરાઝ, નવલી લાડી મખરેં બોલેં, એ બાઈઓ? વાત તો હાસી હેં! હા... પણિયાં... (વિસ્મરણ થવાથી તંબૂર-સ્વર) એ નવલી લાડી મખરે બોલે, એ દેરાંણિયો જેઠાંણિયો! એ નણદોલ! ખાઝો, પીઝો, રાઝ કરઝો! એક એક કરી લાખની કાઢઝો! હા રે ભલી રે નર નારની જોર! હા રે મહરાઝ રે ભલી રે બાપ દીકરાની જોર! હા રે ભલી રે ભલી દીકરી માય્યરની જોર... હા રે ભલી રે ભાય બૂનની જોર... હા રે કેંમહાં કરિયેં આઈ ન બા ! કેંણાંન કેંય રે ઘેંરનો આદમી, ઘેંરનું બઈરું. એ... દેરાંણિયો! ઝેઠાંણિયો! એ... વાલી નણદોલ! ખાઝે, પીઝે, રાઝ કરઝે! એક એક કરી લાખની કાઢઝો! હા ને મારા કેંરના ભરથારન વાસ્તે સતી થઉં. હા... રે એકી કાઠીમાં ભેળી બળું; એંણ દન ઉં સતી કેંવઉં! માર ઝીવીન હું કરવું અતું? હા... રે નર નારીની જોર; મારી જોરી પરી ટૂટી. એંણા ભેગી બળું. હા રે મહરાઝ રે નવલી લાડી હેં. કાઠીએ સરવા ઝાયે... હા ને દેવોલ મખરેં બોલે (ભાર દઈને), (તંબૂર-સ્વર) એ પાબીઓ, સતી થાંવ તો ભલે ભલે થાંવ. હા રે તમારી કરણી તમાં હાથેં; મારી કરણી મન હાથેં; એ ઉં તો આંગીહીઓ (આંગણિયો)માં ધૉમણાસ રઈ... માર આદમી પૂઠ સતી થઈ હકી નેં. હા ને... તમે તમારા આદમીઑના વાસ્તે સતી થૉવ... હા તો તમે બીઝા અવતારમાં નર નારીની જોર ભેળાં મળહાં. હા રે માર તો આદમીહી સેટી પરી ગેઈ! કાગરા કૂતરા લોથન ખાઈ ગ્યા. હા ને... તમાર તો આઝ સાથી



હરહા હેં! એ ઝેંમ કરવું એં એંમ કરી હખાં. હા પણિયાં મારાંનું, કેંક કેંતાંક હેં. ગાભણિયાંના ગાપ કાટા હેં. તે દિ' તુંબલીમાં બીઝ રેં એવું કોઈના પેટમાં એં તો રખેન રોંડો લેઈ ઝતી ઓ... હા ને અઝી એ ઝુઓ કોંયક એં તો! હા રે મહરાઝ નવલી લાડી વીસાર કરેં, કોંયક તો હેં પેટમાં. એ... સૉરીમાં કટાર બારો કાટો... સેરો વાટવા કટાર કાટો, કટારમાં ઝળુકાનો ગરપ રઈ ગેઈલો! એના સૉ મઈના થઈ ગા. સૉ મઈનાંનો ગરપવાસો હેં; હા... રે નવલી લાડીન પેટમાં! હા રે... નવલી... કાઠીએ સરતી સરતી પાસી નેંસી ઉતરેં... હા ને કટાર મૉડે પેટેં. પેટે કટાર મૉડીન પેસણિયાં, સૉ મઈનાંનો ગરપ બારો કાટેં! હા ને દેવોલન આલેં. એ બાઈ...? એ... થાર કને. કેંયક ઝણેતો ઝીવ રેં તો વાહ! નેં રેં તો વાહ! હા રે મહરાઝ રે સૉ મઈનાંનો ગરેંપ આલે. હા ને નવલી લાડી હેં તે પાબુ ભેળી બળેં. હા રે સૉદાનું બઈરું બળેં, ઢોબાને ઢેબાનું બળેં. હા રે મહરાઝ રે હૂરિયાનાંને બૂરિયાનાં બઈરાં સતી થયેં... હા રે ભેળી કાઠીઓ બળેં.. આ ને અવણિયાં આખા ગુઝણિયામાં તો ધોંણવો ઘલઈ ગ્યો. આકોરિયા ઊગા! કોઈ આદમીનો ઝાય્યો નહીં રો. રાઠોરાંનું વસ ખોવઈ ગઉં. સૉ મઈનાંનો ગરપવાસો હેં; હા તે દેવોલ લેઈન વાદળ મેંલાંમાં કેવી ઝાયેં! હા રે મહરાઝ રે... વાદળ મેંલાંમાં લેઈ ઝોયેં... તે દેવોલ સમરણ કરેં, એ માલિક! મારાંનું વસ ઝાતું રઉં. કે દિ'ય વસ રાખી હકેં તો માલિક મારું સૉ મઈનાંનું ફૂલ હેં. હા તે ઑણ ભેળો આવે! હા ને માર ફૂલ હેં માર! હા તે ફૂલ મરેં વાસના ઝીવેં! હા તે આ ફૂલને તનં ભળાવું હેં; એ અવતાર ભેળો રેંઝે! હા ને આ સૉ મઈનાનો ગરપવાસો મનં મોટો કરી આલે! હા રે મહરાઝ રે બાઈતો સોનાનાં પારણાં બૉતેં. હા ને રૂનાં પૂબરાંમાં મેલેં... એ... સૉ મઈનાનો ગરપવાસો. હા તે સોનાનાં પારણાં, ઈરની દોરો... હા રે ઈરની દોરે એંસે. હા ને મહરાઝ, દનેં રાતેં મોટો થાયેં... નૉમ પારું પેટ ઝલ્લીન ઝણો તે ઝળરો કુવોર... ઝળરો કુવોર દને રાતે મોટો થાયે... હા રે મહરાઝ હોરો રેં હુકારાંના દેનાર; કરોર દિવાળીએ કરે રાઝ... ઝુગ ઝાયને વારતા હાલે... (રાગાત્મક અવાજે) હાલે... (રાગાત્મક અવાજે)





ઝળરો કુંવર

ફઈન આલિયો ન રે પૉણ કુવોરિયો,
ફઈન આલિયો ન રે પૉણ...
ફઈના રે ખોળે કુઓરિયો આલિયો... રા...ઝી...

સતી ઓયાં ન રે પૉણ રૉણી,
સતી ઓયાં ન રે પૉણ...
એ ઝળરાની માયર સતી ઓઈયાં... રા...ઝી...

દેખઝો સતિયાંના રે ખેલ મૉટિયો,
દેખઝો સતિયાંના રે ખેલ...
એ આદમીની રે ભેળી બળવા લાગિયાં... રા...ઝી...

પાબુ ભેળી બળી રે પૉણ રૉણી,
પાબુ ભેળી બળી રે પૉણ...
એકી રે કાઠિયેં ભેળાં બળિયાં... રા...ઝી...

હોનાનાં પારણિયાં રે પૉણ ઝળરો,
હોનાનાં પારણિયાં રે પૉણ...
એંસ રે ઈરવાળી દોરન... રા...ઝી...

ઈલરિયો ગાય ન રે પૉણ દેવોલ,
ઈલરિયો ગાય ન રે પૉણ...
એ સોનાને પારણિયે ઈલરિયો ગાવિયો... રા...ઝી...

નૉનકે મોટો કરિયો રે પૉણ કુઓરિયો,
નૉનકે મોટો કરિયો રે પૉણ...
એ વાદળ રે મેંલાંમાં મોટો કરિયો... રા...ઝી...



દન રાતના પૉતરા રે પૉણ કુઓરિયો,
દન રાતના પૉતરા રે પૉણ...
દન રે રાતે રે મોટો ઓઈયો... રા...ઝી...

રૂએનાં પૂબરાંમાં રે પૉણ કુઓરિયો,
રૂએનાં પૂબરાંમાં રે પૉણ...
એતો... રૂએનાં પૂબરાંમાં મોટો ઓઈયો... રા...ઝી...

એ મારાં રાઠોરાંનું બીઝ રે પૉણ ઝગમાં,
રાઠોરાંનું બીઝ રે પૉણ...
ફઈ તો કુમરી રે કુમરીન મોટો કરિયો... રા...ઝી...

હાહરી પીયરનું રે પૉણ દેવોલ,
હાહરી પીયરનું રે પૉણ...
બાયે હાહરી રે પીયરનું દેવું વાળિયું... રા...ઝી...

નહીં દેવોર ઝેઠ રે પૉણ માલેક,
નહીં દેવોર ઝેઠ રે પૉણ...
નહીં રે ઝાયા મારા વાટમાં... રા...ઝી...

પરવેલો રાખઝે ન રે પૉણ માલેક,
પરવેલો રાખઝે ન રે પૉણ...
મારા રે કળબામાં પરવેલો રાખઝે... રા...ઝી...

ગોડિયે ન ગૂપરિયે ન રે પૉણ કુઓરિયો,
ગોડિયે ન ગૂપરિયે ન રે પૉણ...
એ... ગોડિયે રે ગૂપરિયે મોટો ઓવણા લાગિયો... રા...ઝી...

(તંબૂર-સ્વર) હા ને દેવોલ કુવોરની સેવા સાકરી કરેં, હા રે એંસ રે ઈરની દોરી; હા ને ઈલો ગાય. હા ને માલિકન સમરણ કરે, એ માલિક!



કેંમહા કરું રે માર દેયોર ઝેઠ? કેંમહો કરું મારો કેંરનો આદમી? હા રે કેંણાંન કઉં માના ઝણા ભાઈ? એ... ભાઈયાં વગરની હું રે માલિક! દેવરાં ઝેઠાં વગરની... હા રે હાહરી પીયરનું ઈયું નૉખું હેં એંણા ફૂલ ઉપર... હા રે ફૂલની સેવા સાકરી કરો... હા ને ફૂલ...

ધન કરી ધનવાળો રે પૉણ માલકો,
ધન ધરી ધનવારો રે પૉણ...
હાહા હાઝુ કરો પાંણ રે હોરમો ઊગિયો... રા...ઝી...

ફઈયેં મોટો કરિયો રે પૉણ ઝળરા,
ફઈયેં મોટો કરિયો રે પૉણ...
એ લાડે રે કોડે રે મોટો કરિયો... રા...ઝી...

ડગલિયાં મૉડ ન રે પૉણ ઝળરો,
ડગલિયાં મૉડ ન રે પૉણ...
હો! હો...! ડગલિયાં ભરતો રે ઓવા લાગિયો... રા...ઝી...

એ.... હેરુલિયાંમાં રમ રે પૉણ ઝળરો,
હેરુલિયાંમાં રમ રે પૉણ...
હેરુલિયે રમતો રે ઓવા લાગિયો... રા...ઝી...

નેંહાળે ભણ રે પૉણ કુવોરિયો,
નેંહાળે ભણ રે પૉણ...
હાહા... નેંહાળે ભણ રે ઓવા લાગિયો... રા...ઝી...

હમઝણો તો ઓયો રે પૉણ કુવોરિયો,
હમઝણો તો ઓયો રે પૉણ...
રમતાં રે ખેલતાં રે ઓવા લાગિયો... રા...ઝી...

હેરિયે બઝારે રે પૉણ ઝળરો,



હેરિયે બઝારે રે પૉણ...
હેરિયે રે બઝારે રમણા ઓઈયો... રા...ઝી...

(તંબૂર-સ્વર) તો મહરાઝ! હહા રે ધન ઘરી ધન મસ્કલ મોટું... હા રે એકાદનની વારતા બોલે; હા ને આપણી સપા હૉપળે. હા રે મહરાઝ રે સત ઝુગની વારતા; કળઝુગનાં મૉનવી વૉસિયે. વારતા વૉસિયે સતિયાંનીન, ભરી સપા હૉપળે. ઝળરો સોનાના પારણિયે એંસે; ઈરની દોરે એંસે; (મોટેથી) હા તે ફઈ કેવો લાડે કોડે મોટો કરે! (તંબૂર-સ્વર) હા તે કુવોર દન રાતે મોટો થાયે... હા રે મહરાઝ પટલિય પરતો થાયે. હા ને ગોડિયે-ગૂપરિયે થાયે. દન ગણતેં મઈના; હા ને મહરાઝ મઈના ગણતે વરહ; ડગલિયો મૉડતો થાયે. એ હેરી બઝારે રમેં... હા રે મહરાઝ રે દેવોલ ફૂઆળી હેં. અગલી વાતો બધી ભૂલી ઝાયે. હા રે હાહરીમાં દુઃખ પરેલું; પીયરમાં દઃખ પરેલું; હા રે બતાં દઃખ પરહુ મન વાળેલું હેં ઝળરા કુવોર ઉપર... હા રે લાડે કોડે મોટો કરેં... હા રે મહરાઝ કુવોર તો હેરી બઝારે રમતો થાય... (મોટેથી) હા તે નેંહાળે ભણતો થાયે. (તંબૂર-સ્વર) તો મહરાઝ! હહા રે ઝળરો રમે રે હેરી બઝારે. હા રે હમઝણો થાયે. હા ને ભણતો થાયે... હા રે ભણી ગણી હૉંજે કેંર આવે... હા ને ફૂઈન ભતરિજો હખદઃખની વાતો કરેં, હા રે મહરાઝ રે દેવોલ ફૂઆળી હેં; મનમાં વીસાર કરેં, હા... રે મારા કળબાનું બીઝ રઉં તો ખરું. હા રે પણિયાં રખે રે કરીમાં કોઈ વાત આલે... કોઈ કણિયાં ભરમાવહેં તો અવળી થાહેં... થાહે બાપા માર તુબલીમાં બીઝ હેં આતો! તે દેવોલ હેં તે દીખોમતો દેય ; એ દીકરા ! કોઈની વાતે લાગવું નેં...હા રે...કોઈના કેંર ઝાવું નેં...કોઈકેં મૉનવી વાત કરે તો કૉનિયા દેવા નેં... હા ને એકી વાટેં ઝાઝેન એકી વાટેં આવઝે... હા ને પરો આવતો રેંઝે કેંર...હહા તે હખદઃખની વાતો આપણું બે મા' દીકરો કરહું...હા તો કોઈની વાતો લેઈ આવઝે માં. હા ને કોઈના વાદે લાગે માં, વાતે સરઝે માં...હા રે...મહરાઝ રે ફૂઈ હેં તે હીખો દેય. (મોટેથી) હા ને કુવોર હેં તે નેંહાળે ભણતો કેવો થાયે! હા રે મહરાઝ રે ઑણીયા-બૉપણાંનાં સોકરાં દરાદોટે રમેં... એ ઝળરો હેં તે ઊપો રો. ઝોયણાં ઝોયેં... હા ને સોકરાં વાતો કરેં, એ એકલ મૂડિયા! હા તે તું હું



કરવા આવીન ઊપો હેં? અમાર દોટ ન ગેડી નેં અડવા દેયેં. હા ને અમાર ગેડીય નેં આલીયેં ન તનં દોટ નેં આલિયેં. હહા તે ઝળરો હેં તે મનમાં વીસાર કરેં, આઝ નેં રમણા દેયાં તો હવેળો ઉંય નેં રમણા દેઉ... તે ગેડી ભાળીન તે પેસણિયાં હૉજે ઘેંર આવે... ઘેંર આવીન પેસણિયાં માઝીન બેં વાત કરેં, એ માઝી! સૈયાંતો હેં તે હુંય તે ઝેને તે ઘાટ ઘાટનાં રમેં. હા તે મનેય રમણાનું મન થઉં હેં. હા રે... મહરાઝ રે બાળ હઠન ગુગળા હઠ! હા તે ગુગળા હઠન રાઝા હઠ! સોકરે દેખું એં ન મૉગું એંન આલું નેં એ તો રોતું સૉનું રેં નેં. હા રે રાઝાએ ધારેલું એં, નેં પૂરું કરવા દેંય... હા રે... બોલેં ટઉકા કરેં. ટઉકાન બોલ કરેં. હા તે રાઝા હઠ કેં સોકરા હઠ... હા રે આવીન માઝીન વાતો કરેં, એ માઝી? મનં તો સોનાનો ગેડિયો ન રૂપાની દોટ... હા હા રે રૂપાનો ગેડિયો સોનાની દોટ... મન ઝટ હવેળમાં ઘરી આલ તે ઉંય રમણા ઝઉ... એ... કુવોર હેં વાતો કરેં...

એ ઝળરો વાતાં સોળ ન રે પૉણ કુવોરિયો,
વાતાં સોળ ન રે પૉણ...
એ હૉપળઝે ફૂઆળી મારી વાતન... રા...ઝી...

હૉપળઝે ફૂઆળી રે વાત મારી,
હૉપળઝે ફૂઆળી રે વાત...
એ... સોળું રે માર દલરાં વાળી વાતન... રા...ઝી...

એ ફોઈ દોટ ગેડિયોન રે પૉણ ફૂઆળી,
દોટ ન ગેડિયો ન રે પૉણ...
દોટ ન ગેડિયો મેળવી આલઝે... રા...ઝી...

એ રમણાની હલુન રે પૉણ ફૂઆળી,
રમણાની હલુન રે પૉણ...
એ રમણાની હલુન મન આવિયાં... રા...ઝી...

એ ઝાવ હોનીન રે ઘેંર દેવોલ,



ઝાવ હોનીન રે ઘેંર...
હાહા હોનીરલાના ઘેંર ઝાવા લાગિયાં... રા...ઝી...

હોનાની દોટ ન રે પૉણ દેવોલ,
હોનાની દોટ ન રે પૉણ...
રૂપાનો ગેડિયો રે લેવા લાગિયાં... રા...ઝી...

એ અઝર વઝર રાત કાટ રે પૉણ ઝળરો,
અઝર વઝર રાત કાટ રે પૉણ...
એ અઝર રે વઝર રાતો કાઢિયાં... રા...ઝી...

સોખલિય વતાવેં રે પૉણ ઝળરો,
સોખલિય વતાવેં રે પૉણ...
એ'લા દોટન ગેડિયો સોખલિયે વતાવેં... રા...ઝી...

ઝંગળ લોટા ન રે પૉણ ઝળરો,
ઝંગળ લોટા ન રે પૉણ...
ઝંગળ રે લોટા રે આથાં ઝાલિયાં... રા...ઝી...

એ કુવોર દાતુણિયાં ડૉળ ન રે પૉણ ઝળરો,
દાતુણિયાં ડૉળ ન રે પૉણ...
દાતુણ રે કૂળળા રાળવા લાગિયો... રા...ઝી...

ઊગતો સુરુઝ ઑંદ રે પૉણ ઝળરો,
ઊગતો સુરુઝ ઑંદ રે પૉણ...
હા હા મા બાપનાં નૉમ રે લેવા લાગિયો... રા...ઝી...

(તંબૂર-સ્વર) હા તે ઝળરો કુવોર ઢોલિય ઝાય. હા તે ઢોલિયાના પાયે પાગળી મેલે. હા ને દોટ ન ગેડિયો મેલે માંસા મા. હા ને મોર વરાઝ થાયે. હા રે મહરાઝ, હૂતો રે નેંદરા ઘોર. એ હૂતો તે હેં પૉણ કોઈ કેંક ઝાવતો, હા



રે મનનો મનમાં હારી રાતમાં ગેડિયો રમેં... હા રે મહરાઝ રે અઝર વઝર રાત કાટેં. પળમાં સૉડ રે કૂકરિય રોર. હા ને પીળિયાં પરોર થય. કૂદીન ઢોલિયાહો બેઠો થાય. હા રે મહરાઝ રે ઝંગળ લોટો આથ ઝાલે... હા ને ઝળરો હેં તે ઝંગળ ઝારી ફરવા ઝાય.એ ઝંગળ ઝારી ફરીન પાસો વળેં. પાસો વળતેં કણીયોરનું દાતણ મૉરે. રાઠોરી પાગ માથે મેલે... હીરકોકાંનિયાં ધાતીરાં પેરે. હા ને દોટ નં ગેડિયો આથ લેય... હા રે મહરાઝ રે દોટન ગેડિયો લેય;હા ને હેરી બઝારે આવેં. એ હેરી બઝારે આવીન સઈયાંન વાતો કરેં, આથાંની હૉનિયાં કરેં. દોટ વતારેં, ગેડિયો ઉસારેં. હા ને ઝળરો હેં તે ઑણીયાં, બૉપુણાંમાં કેવો ઝાય... એ ઑણિયાં-બૉપુણનાં સોકરાં વૉહળ આવેં... હા રે મહરાઝ હાથ મેળવેલો ઝળરો હેં... હા તે ખેરિયાં થકાં ઝય... હા રે મહરાઝ રે, કૂરિયાં ખેતમાં કેવાં આવેં'લા! હોરો રે હુંકારાંના દેનાર... ઝુગ ઝાયન વારતા હાલે! ખમા!

ગૉમનાં ગૉદરાંમાં રે પૉણ સોકરો,
ગૉમનાં ગૉદરાંમાં રે પૉણ...
એ તો... ગૉમનાં ગૉદરાંમાં સોકરાં મેળવે...   રા...ઝી...

કૂરિયાં રે ખેતાંમાં આવે રે પૉણ ઝળશે,
ઝેંળરો કૂરિયાં ખેતાંમાં આવે રે પૉણ...
હા! હા કૂરિયાં રે ખેતાંમાં આવણા લાગિયો...   રા...ઝી...

એ... વાતાં સોળ ન રે પૉણ કુઓરિયો,
વાતાં સોળ ન રે પૉણ...
એ'લાં હૉપળાંરે સોકરાંરે મારી વાતન...   રા...ઝી...

દોટે રમિયેં ન રે પૉણ સોકરો,
દોટે રમિયેં ન રે પૉણ...
આપું દરા રે દોટે રે રમતા ફરિયેં...   રા...ઝી...

(એક સહાયક રાગિયોઃ 'એ અરી!' સાતઃ 'હા!')



સોકરાં મખરે બોલે ન રે પૉણ,
સોકરાં મખરે બોલે ન રે પૉણ...
હૉપળે ઝળરા રે અમારી વાતન... રા...ઝી...

તું એકલો વાઝે રે પૉણ કુવોરિયા,
એકલો સ વાઝે રે પૉણ...
એ'લા એકલો રે આયોન એકલો રમઝે... રા...ઝી...

એક પખ એખલોન રે પૉણ કુવોરિયો,
એક પખ એખલોન રે પૉણ...
એક રે પખ રે એખલો રે વાઝ હો... રા...ઝી...

એ દોટે રમેં ન રે પૉણ સોકરાં,
દોટે રમેં ન રે પૉણ...
એ દૉણ રે સરે ન રે દૉણ ઉતરે... રા...ઝી...

દૉણ સર દૉણ ઉતર રે પૉણ ઝળરા,
દૉણ સર દૉણ ઉતર રે પૉણ...
હાહા દૉણ રે સર રે દૉણ ઉતર રે... રા...ઝી...

એ ઝળરા દૉણ સરિયાં રે પૉણ કુઓરિયા,
દૉણ સરિયાં રે પૉણ...
એ ઝળરાન માથે દૉણ સરિયાં... રા...ઝી...

એ સરિયા રીહાંના રે પૉણ ઝળરા,
સરિયા રીહાંના રે પૉણ...
એ તો સરિયા રે રીહાં વાળા મોરન... રા...ઝી...

એ ઝળરો રીહાંનો ભરેલો રે પૉણ ઝળરો,
રીહાંનો ભરેલો રે પૉણ...



હાઈન એક રોળ ગેડિયો રોળવેં... રા...ઝી...

એ આથ પૉગ ભાગ ન રે પૉણ ઝળરો,
આથ પૉગ ભાગ ન રે પૉણ...
સોકરાં રોતાં રે રોતાં ઝાવા લાગિયાં... રા...ઝી...

મોહા બોલ ન રે પૉણ સોકરાં,
મોહા બોલ ન રે પૉણ...
એ રોતાં રે રતરતાં ઝાવા લાગિયાં... રા...ઝી...

ઘેંર આવેં ન રે પૉણ કુઓરિયો,
ઘેંર આવેં ન રે પૉણ...
દોટ રે ગેડિયો રે લેઈન આવિયો... રા...ઝી...

(તંબૂર-સ્વર) હા ને હોનાની દોટ અનં રૂપાનો ગેડિયો ઝળરા કુંવરના આથમાં હેં. હા રે સઈયાંએ નવલી કળા દેખી... સઈયાં તો વૉહળ રઈન કેવો ટોળો વળઈ ગો. એ... કૂરિયાં ખેતાંમાં આવે. હા રે મહરાઝ રે સઈયાં મખરેં બોલે, એ ઝળરા! તું તો એખલો હેં, હા તે એખલો રેંઝે... અમે તો થારા હાથમાં રઈયેં નેં... હા નેં અમે તો બતાં એક પાખે રઈયેં. તે મહરાઝ રે ભાઈયાં વગળ ભારથ હૂનું. હા રે ભાઈ હેં તો ભાઈ ભાઈ ભેગા રેંય. પારકા ઝણાન કુણ ભેળો રાખેં. એ બાપરા ન તો એકલ મૂડિયો એકલ મૂડિયો કરેં; હા રે એખલો ન એખલો ફરે એકલો ન એકલો રમે ! સોકરાંનો હાથ હેં તે એક પાખે પૉસ - પસીહુ સોકરાં હેં, અનં એકેં પાખેં ઝળરો એખલો. હા રે.... કણાં ઝણાંની કણી મોટી વાત. હા તે ઝળરાન માથે દૉણ આવું. હા ને પેસણિયાં રીહાંના સમાટા સરા... તે ઝળરો તો હાઈ દોટન ગેડિયો મારેં; હા તે દોટ ટૂટેં... સોતરાં એકાં તો આથાં ઉપર લાગેં. સોકરાંન ઝેંન તેં લાગી દોટ એ... સોકરાં તો સીહો બૂબો કરેં; હા ને રોતાં રતરતાં નાહવા લાગાં! હા રે સૈયાં મોહા બોલે, એ નખોદિયા થારું ઝાઝો નખોદ! હા રે અમાર આથ ન પૉગ ભાગી આલા. હા રે... મહરાઝ રે સોકરાં તો મોહા બોલ ને ખેરિયાં થકાં



ઝય. હા રે... મહરાઝ રે સોકરાંનો હાથ વેરઈ ગ્યો. ઝળરો મનમાં વિસાર કરેં, સૈયાં તો નાહી ગાં અવં કેંણાં ભેગો રમું? એ દોટ ન ગેડિયો આથ લેય... હા ને લેઈ ન કેંરે આવેં... હા રે... મહરાઝ રે અઝર વઝર રાત કાટેં. હા ને કૂરિયાં ખેતાંમાં પરો ઝાય. હેરિયે બઝારે ઝાય. હા તે બીઝાં સૈયાનો હાથ મેળે. હા રે મહરાઝ રે એકાદનનો સમાઝોગ; સમાઝોગનો માઝોગ. એ ઝળરો હેં તે હેરી-બઝારે સોકરાંનો હાથ મેળે; હા ને કૂરિયાં ખેતાંમાં ઝાયે. ખમ્મા (તંબૂર-સ્વર) તો મહરાઝ! હ! હા! તે ખેરિયો થકો ઝય; હા રે કૂરિયાં ખેતાંમાં આવે. હા તે સઈયાં તો વાત કરેં, એ ઝળરા? તું એખલો હેં તે એક પાખે એકલો રેં. હા ને અમે એક પાખે રઈયેં. હા રે મહરાઝ સઈયાં હેં તે બત્તા ગોટવીન ઝાય... ઝળરા ભેગાં નહીં આવતાં. એખલો રો. ઝળરાન માથે દૉણ સરેં... હા ને ઝળરો મનમાં વીસાર કરેં, ઝાહ રે બાપા! સૈયાં હેં તે હદા મારા માથે દૉણ સરાવેં... દેખાં મારા ખેલ! હા રે મહરાઝ રે હાઈન દોટ ગેડિયો રોળવેં. એ દોટ ટૂટે... હા રે મહરાઝ સોકરાંના આથ ન પૉગ ભાગે... એ સઈયાં તો રોતાં થકાં ઝય... હા ને મહરાઝ રે દોટ ટૂટી... તે એક ડોહી સૉણાં વેંણતી. સૉણાં વેંણે ડોકર.. રૉડી રૉડ અતી બાપરી! હા રે દોટ કૂદી એવી ન ઝાઈન ટોપલામાં પરી.. હા રે.... સૉણાના ટોપલામાં દોટ પરે... હા ને દોટે સૉણાં વેરઈ ગાં... એ ડોકરી તો મોહા બોલે, એ થારું ભો્ડું ફૂટઝો નખોદિયા! હા રે હુકરવા બગારી નાખું મારું?

એ... થારું નખોદ ઝાઝો ન રે પૉણ ઝળરા,
નખોદ ઝાઝો ન રે પૉણ...
મારાં રે સૉણાં રે કેંમ વેરિયાં... રા...ઝી...

મારાં સૉણાં વેરિયાં ન રે પૉણ ઝળરા,
સૉણાં વેરિયાં ન રે પૉણ...
એ'લા થારું રે ઝાઝો રે ખરિયા ખોડન... રા...ઝી...

ઝાત ભાત વગળના રે પૉણ,
ઝાત ભાત વગળના રે પૉણ...



એ'લા થારો રે બાપુ રે કેંણે મારિયો... રા...ઝી...

થારો બાપુ કેંણે મારિયો રે પૉણ નખોદિયા,
થારો બાપુ કેંણે મારિયો રે પૉણ...
થારો રે બાપુ રે કેંણે મારિયો... રા...ઝી...

ખેંસીએ મારો ન રે પૉણ ઝળરા,
ખેંસીએ મારો ન રે પૉણ...
થારો રે બાપુ રે ખેંસીયે મારિયો... રા...ઝી...

ઝેંદરે મારો ન રે પૉણ ઝળરા,
ઝેંદરે મારો ન રે પૉણ...
થારા રે બાપુન ફૂઈયેં મરાવિયા... રા...ઝી...

સૉંદલિયા પાબુ ન રે પૉણ રાઠોર,
સૉંદલિયા પાબુ ન રે પૉણ...
એ રૉંડવા સરેતરે સરીન પૂરા મારિયા... રા...ઝી...

થારા ફૂઆ એ રે પૉણ નખોદિયા,
થારા ફૂઆ એ રે પૉણ...
એ'લા સવરિયાંનાં દૉણ રે ઝાયેરિયામાંય રે... રા...ઝી...

(એક રાગિયોઃ એ અરી! મુખ્ય ગાયકઃ હા!)

કૉનિયા મૉડ ન રે પૉણ ઝળરો,
કૉનિયા મૉડ ન રે પૉણ...
ઊપો રે ઊપો કૉનિયા મૉડિયા... રા...ઝી...

કૉનાંના ટપોરા રે પૉણ ઝળરો,
કૉનાંના ટપોરા રે પૉણ...
ઝળરો ઊપો રે ઊપો કૉનિયા મૉડિયા... રા...ઝી...



ઝાત પાત વગળના રે પૉણ ઝળરા,
ઝાત પાત વગળના રે પૉણ...
ડોકરે મોહા મેલિયા... રા...ઝી...

એ રૉંડવા ઑંહુઆંના ધારોરા રે પૉણ ઝળરા,
ઑંહુઆંના ધારોરા રે પૉણ...
એ ઑંહુઆંના ધારોરા સૂટવા લાગિયા... રા...ઝી...

એ બાપરા વૅરાંની વાતો ન રે પૉણ ઝળરા,
વૅરાંની વાતો ન રે પૉણ..
વૅરાંની વાતો લઈ ઝાયેરિયામાં આવિયા... રા...ઝી...

મેંણાં ખારાં લાગાં ન રે પૉણ ઝળરા,
મેંણાં ખારાં લાગાં ન રે પૉણ....
બાપરા ડોકરનાં મેંણાં ખારાં લાગિયાં... રા...ઝી...

મોહા બોલ ન રે પૉણ ડોકર,
મોહા બોલ ન રે પૉણ...
હૉંપળઝે નખોદિયા મારી વાતન... રા...ઝી...

મારાં સૉણાં કેંમ વેરિયાં રે પૉણ ઝળરા,
મારાં સૉણાં કેંમ વેરિયાં રે પૉણ...
એ'લા માર રૉંડી રૉંડેનાં સૉણાં વેરિયાં... રા...ઝી...

(તંબૂર-સ્વર) તે ડોકરી તો મોહા બોલેં, એ રૉંડવા? થારું ઝાઝો રે રે ખરિયા ખોડ! તેં મારાં સૉણાં વેરાં. પૉણ થારા કાકા ન ભાઈ... રાઠોરાંનો કેળવા અતો ઝોઈ ઝોઈન ગાભણિયોના ગાભ કાઢી નાખા! ઝેંદરે, થારા ફૂવે...! નેં થાર ફઈયેં તેમાંય મરાવી નૉખા! હા ને તું વળી આવો તુંબલીનું બીઝ રઉ હેં તે અમાં હૉમી દોટ નૉખે? હા ને એવું ઝબરું એં તો ઝાન ઝાયેરિયામાં, થારો ફૂઓ મારે તો ખરો ગણું. તે મહરાઝ ઝળરો કુવોર હેં; ઑંહુઆંના



ધારોરા સૂટા! એકી ઑંખે હરાવણ; એકી ઑંખે ભાદરવો! હા રે... ઊપો ઊપો રોવેં, રતરેં, ઝૂરણ કરેં. ખોટું આવું રે ઝગમાં કૉમ. હા રે... મહરાઝ રે ઊહકી ઊહકીન કુવોર રૂંગા રાળેં... હા ને ખેરિયો થકો ઝયેં. ઝાય રે મેંલાંની વાટેં. ધરમર સરેં વાદળ મેંલ. હોરો રેં હુંકારાંના દેનાર; (ઝડપથી) ઝુગ ઝાય ન વારતા અગી હા... લે, ખમા...



રોતો રોતો આવેં ન રે પૉણ કુવોરિયો,
રોતો રોતો આવેં ન રે પૉણ...
એ... રોતો રે રોતો આવણા લાગિયો... રા...ઝી...

સરિયો વાદળ મેંલાં રે પૉણ ઝળરો,
સરિયો વાદળ મેંલાં રે પૉણ...
એ... ઊપો ઊહકી ઊહકીન રોવા લાગિયો... રા...ઝી...

રોવેં રોવેં વાદળ ન રે પૉણ કુવોરિયો,
રોવેં રોવેં વાદળ ન રે પૉણ...
રોવેં રે રોવેં વાદળિયાં મેંલન... રા...ઝી...

મખરે બોલ ન રે પૉણ ફૂઆળી,
મખરે બોલ ન રે પૉણ...
હૉપળઝે દીકરા રે મારી વાતન... રા...ઝી...

એ... દીકરા કેંણે કૂટો ન રે પૉણ કુવોરિયા
કેંણે કૂટો ન રે પૉણ...
કેંણે રે કૂટો રે કેંણ મારિયો... રા...ઝી...



કરઝે દુઃખરાંની રે વાત કુવોરિયા,
કરઝે દુઃખરાંની રે વાત...
એ તનં કેંણે રે કૂટો રે કેંણે મારિયો... રા...ઝી...

એ ઝળરો વાતાં સોળ ન રે પૉણ કુવોરિયો,
ઝળરો વાતાં સોળ ન રે પૉણ...
હૉપળ કેં ફૂઆળી મારી વાતન... રા...ઝી...

આઝ બાપુની સેતો ન રે પૉણ ફૂઆળી,
બાપુની સેતો ન રે પૉણ...
એ'લી...આઝ બાપુની સેતો આવિયાં... રા...ઝી...

એ'લી... આઝ બાના ખોળામાં ઝાવું રે પૉણ ફૂઆળી,
બાના ખોળામાં ઝાવું રે પૉણ...
એ મારા રે બાપુના મેંલે ઝાવિયે... રા...ઝી...

બાપુ વતારે રે પૉણ ફૂઆળી,
બાપુ વતારે રે પૉણ...
એ... બાપુના બોલાવા માર લાવઝે... રા...ઝી...

એ... બાપા બોલાવઝે પૉણ ફૂઆળી,
બાપા બોલાવઝે પૉણ...
એ... આઝ બાપા રે ભાયાંની સેતો આવિયાં... રા...ઝી...

(તંબૂર-સ્વર) તો મહરાઝ! તે કુવોર રોતો થકો આવેં. આવે રે આવે વાદળ મેંલાંમાં... હા તે વાદળ મેંલાંમાં આવીન કેવાં રૂંગાં રાળેં. તે ધેફરે માથાં ઝીકી ઝીકીન રોવેં. હા રે... મહરાઝ રે ફઈતો નાહીન બારી આવેં. હા તે દેવોલ ફૂવાળી હેં તે કેવી પૂસણાં પૂસેં; એ દીકરા? તનં કેંણે કૂટો? કેંણે મારો? કર રે દીકરા થાર દુઃખની વાત. કેંણે તનં આઝ મેંણાં મારાં? હા રે... તનં આઝ ઑખ કાઢી એં તો ઑખ ફોરું! ઑગળી હૉમી કરી એં... એણી



ઑંગળી તોરું! આઝ તનં કેંણે હું કઉં તે રોવે? હા ને તું સૉનો રઈન વાતો કરે.. હા રે... મહરાઝ રે કુવોર હેં તે રોવેં, રતરે, ઝૂરણ કરેં. હા રે સાથીઓ કૂટેં, રૂંગાં રાળેં! હા રે મહરાઝ રે ફઈ ન ભતરીઝો મેંલાંમાં કેવાં વાતે વળાં. હા ને... કુવોર તો સૉનો રેંતો નહીં... હા ને દેવોલ ફઈ હેં તે ફૂંહાળીન હારો લેય... દીકરા માર સૉનો રેં; હા ને સૉનો રઈન વાત કર... એ તનં કેંણે મારો? હા રે મહરાઝ ઝળરો કુવોર હેં; હા તે ફઈ ન વાતો કરેં, એ ફૂઆળી! મનં કેંણે કૂટો નહીં ને કેંણે મારો નહીં... હા પણ આઝ મનં બાની સેતો આવી હેં; તે મનં બાપુ વતાર! હા રે... બાપ દીકરો આઝ ભેળા બેહીયેં. (ઝડપથી) હા ને અમે વાતો કરિયેં! (તંબૂર-સ્વર) તો મહરાઝ? હા રે ઝળરો કુવોર વાતો કરેં, હા ને દેવોલ ફૂઆળી હૉંપળે. એ માઝી...? મારા કાકા ભાઈ મનં વતાર... આઝ કાકા ભાયાંની અરુ આવી. હા તે... કાકાં ભાયાં ભેળો બેહું. હા ને કરિયે દલની વાતો. એ આ માર કાકા ન ભાઈ કોઈ નહીં... માર બા...ય નહીં. હા તે કેં ગા? તે વતાર! હા રે... મહરાઝ રે ભૂલેલી વાતો હઈયામાં આવેં... હા ને દેવોલ ફૂઆળી હેં... સાથીઓ કૂટેં. હા ને કેવી રૂંગાં રાળેં!

ઊહકી રોવેં ન રે પૉણ દેવોલ,
ઊહકી રોવેં ન રે પૉણ...
રોવેં રતરે ન ઝૂરણ કરિયાં... રા...ઝી...

ઈયામાં આવા ન રે પૉણ સૉંદલિયા,
ઈયામાં આવા ન રે પૉણ...
આઈના રે ઝણા રે ઈયામાં આવિયા... રા...ઝી...

ખોટું આવું કૉમ ન રે પૉણ ઝગમાં,
ખોટું આવું કૉમ ન રે પૉણ...
એ ખોટું રે આવું ઝગરામાં કૉમન... રા...ઝી...

એ માર કોરિયોના સરનારા રે પૉણ સૉંદલિયા,



કોરિયોના સરનારા રે પૉણ...
એ માર આઈના ઝણા રે ઈયામાં આવિયા... રા...ઝી...

બાના ઝણા ન રે પૉણ દેવોલ,
બાના ઝણા ન રે પૉણ...
બાના ઝણા રે ઈયામાં આવિયા... રા...ઝી...

કેંમહા કરું ન રે પૉણ બૉતમા,
કેંમહા કરું ન રે પૉણ...
એ માર આઈના રે ઝણા રે કેંમહા કરિયે... રા...ઝી...

(એક બાણિયા- એ ખમા માલકાંન! મુખ્ય ગાયકઃ હા!)

ઝૂરણ મૉડ ન રે પૉણ દેવોલ,
ઝૂરણ મૉડ ન રે પૉણ...
કળબાની સીઝણ ઝૂરણ મૉડિયાં... રા...ઝી...

એ'લા મનરાં વાળઝે ન રે પૉણ કુવોરિયા,
મનરાં વાળઝે ન રે પૉણ...
એ દીકરા સૉનેરો રઈન મનરાં વાળઝે... રા...ઝી...

(એક બાણિયોઃ એ પૂઆ આપણે કેમ કરીન ઝીવતાં રઈગાં? સાતઃ હા!)

આપણાં કેંમ નઈ મૂઆં રે પૉણ પૂઆળી,
આપણાં કેંમ નઈ મૂઆં રે પૉણ...
આપણાં બે ફઈ ભતરીઝ કેંમ નેં મરિયાં... રા...ઝી...

હાસું હાસું બોલઝે ન રે પૉણ ફૂઆળી,
હાસું હાસું બોલઝે ન રે પૉણ...
એ હાસી રે હાસી વાતો બોલઝે... રા...ઝી...



મખરે બોલે ન રે પૉણ દેવોલ,
મખરે બોલે ન રે પૉણ...
હૉપળઝે દીકરા મારી વાતન... રા...ઝી...

તો મહરાઝ! હા હા એ... ફઈન ભતરીઝ વાદળ મેંલાંમાં રૂંગાં રાળેં. હા... રે આઈના ઝણા અઈયામા આવેં. હા... તે દેવોલ હેં તે ભેળી રૂંગાં રાળેં... હા ને વાતો કરે; ઝળરો કુવોર, એ પૂઆળી? એ... કેંમનું થઈ ગું? હા ને કેંમ ઍમ આવે, બા નં કાકા ભાઈ? વતાર મનં કાકા ભાઈ...! કાકાં-પાઈની અરુ આવી, તે... માર કાકા ભાઈ કેખા? કાકાં ભાયાંના ખોળામાં ઝઉં; મનસૂબાની વાતો કરિયેં. હા ને... આઝ તો બાની અરુ મનં આવી! તે... દેવોલ હેં તે રૂંગાં રાળેં ન વાતો કરેં, એ દીકરા? એ વાતો ઝાવા દે! હા પણ તનં કેંણે કૂટો કેંણે મારો? કરે થાર દઃખની વાત... હા ને... ભીપ ઊપી કરી એં ભીપ વાટું. હા પણ તું હાસી હાસી વાતો કરે... હા રે મહરાઝ રે કુવોર હેં તે એકેં વાતેં નહીં ગણતો... હા.... ને ફઈ ન વાતો કરેં, એ ફૂઆળી? માર બા વતાર! હાને માર કાકા ભાઈ વતાર! એ... માર તો બાના ખોળામાં ઝાવું! કાકાં ભાયાંના ખોળામા ઝાવું... હાનેં કરિયેં મનસુબાની વાત. હા રે મહરાઝ કોરિયાંના સરનાર... વૉકળિયાં મૂસોના, ભમ્મરિયાં પટાંના! ડાબરિયાં ડોળાંના! સૉદોન પાબુ પોવીના પરદાંમ! દેસના દીવલા! હા રે મહરાઝ ધરતી ધુઝે ઉમર ગાઝેં! હા રે ભલેં આવી હૂરાંની વાત. હા રે મહરાઝ માના ઝણા બૉતમા અઈયામાં આવેં, કોરિયાંના સરનાર... હા ને ભારથના લરનારા! હા ને પાંડવોનો, પાંડવોનો તો નેં ને રાઠોરાંનો ખોડવો નેંહરેલો. હા તે પોવીના પરદાંમની સેતો આવેં... હા ને દેવોલ હેં તે ગોડિયો વાળી વાળી રોવેં. ઝાહ રે બાપા કેંણી રૉડે વાતો વતારી? હા ને એંણી રૉડોનું નખોદ ઝાઝો! તે... મારાન કેયી રૉડે મેંણાં મારાં? હા ને કેઈ રૉડે આવું મેંણું મારું? તે...હા તે અવળી વાટે કાઢી નૉખો... માર ઝોવાની ઑંખ અતી. હા ને કેઈ રૉડે આ અવળી વાટેં સરાવો? હા તે હું થાહેં ન હું? હા રે મહરાઝ રે દેવોલ હેં; સાથીઓ કૂટી કૂટી રૂંગાં રાળેં. હા રે માના ઝણા અઈયામાં આવા... હા તે પાબુ સીઝે રોવેં. સૉદાની સીઝે રોવેં... રોયેં, રતરે, ઝૂરણ



કરેં! હા ને પેસણ પાસી મન વાળી ન બેઠી થાય. એ બેઠી થઈન ઝળરાન માથેં આથ ફેરવેં. ખોળામાં લેઈન સાથી બોરાહી વાતો કરેં, એ દીકરા? મન વાળ, વાદળ વાળ... કરી એક ધીરપો રાખ.. એ મોટા મોટા પરા વેરઈ ગા! એંણા બારામાં મરતોક પૉમા! હા ને આઝ તું હું કરવા રૂગાં રાળેં હેં? ઝો રોયેં થકેં રાઝ નેં પૉમિયેં! હા ને ખોટી રીતે રોઈન મારા દીકરા માં મર.. હા ને ધીરપો રાખ... એ ધીરઝના ફળ મેંઠાં હેં... હા ને તું ઊનો તુંનો થાઝે માં! હા મહરાઝ રે ફઈન ભરતીઝો કેવાં વાતો કરેં!

હૉંપળે કુઓરિયા રે વાત મારી,
હૉંપળે કુઓરિયા રે વાત...
આઝ રે સોળું રે દલરાંની વાતન... રા...ઝી...

મનરાં વાળઝે ન રે પૉણ દીકરા,
મનરાં વાળઝે ન રે પૉણ...
તીરો રઈન વાતો સોળઝે... રા...ઝી...

કેંણી રૉંડે મેંણાં મારિયાં રે પૉણ કુવોરિયા,
કેંણી રૉંડે મેંણાં મારિયાં રે પૉણ...
એંણી રે રૉંડોનાં નખોદ ઝાવઝો... રા...ઝી...

નખોદ ઝાઝો ન રે પૉણ રૉંડોનું,
નખોદ ઝાઝો ન રે પૉણ...
ઓ... હ કેંણી રે રૉંડો રે મેણાં મારિયાં... રા...ઝી...

એ’લા કાળ પરિયા ન રે પૉણ કુઓરિયા,
કાળ પરિયા ન રે પૉણ...
એ... એંણા રે બારામાં મરતોક પૉમિયા... રા...ઝી...

હાસું હાસું બોલ રે પૉણ ફૂઆળી,
હાસું હાસું બોલ રે પૉણ...



એ હાસી રે હાસી વાતો બોલઝે... રા...ઝી...

એ'લા ધીરપો રાખઝે ન રે પૉણ કુવોરિયા,
ધીરપો રાખઝે ન રે પૉણ...
એ'લા ઊનો રે અસુબરો માં ઓવઝે... રા...ઝી...

દીકરા કૉનિયા મૉડઝે ન રે પૉણ ઝળરા,
કૉનિયા મૉડઝે ન રે પૉણ...
એ... મનં આવી વેરાગવાળી વાતન... રા...ઝી...

દીકરા નેંઠ કરી તનં રાખું રે પૉણ કુઓરિયા,
નેંઠ કરી તનં રાખું રે પૉણ...
તું ઊનો રે અસુબરો મતિ ઓવઝે... રા...ઝી...

એ વાતાં સોળ ન રે પૉણ ફૂઆળી,
વાતાં સોળ ન રે પૉણ...
એ હૉપળઝે દીકરા રે વાતન... રા...ઝી...

ભ્લાઈ, ઝીવતા...
એ'લા મૉટી મરાવિયા રે પૉણ દીકરા,
મૉટી મરાવિયા રે પૉણ...
એ... લોય્યાંની પીનારિયેં લોઈ પીવિયાં... રા...ઝી...

એ... રૉડ હાહરીમાં ઝૂતી ન રે પૉણ તેમાં,
રૉડ હાહરીમાં ઝૂતી ન રે પૉણ...
એ... આઈના રે ઝણા પરા મરાવિયા... રા...ઝી...

એ... માના ઝણા મરાવિયા રે પૉણ રૉંડે,
માના ઝણા મરાવિયા રે પૉણ...
એવી એવી રૉંડોનાં નખોદ ઝાવઝો... રા...ઝી...



એ દીકરા કૉનિયા મૉડઝે ન રે પૉણ ઝળરા,
કૉનિયા મૉડઝે ન રે પૉણ...
ઊનો રે અસુબરો મતિ ઓવઝે... રા...ઝી...

એ... ફઈ કેંમ કરી મનરાં વાળુ રે પૉણ ફૂઆળી,
કેંમ કરી મનરાં વાળુ રે પૉણ...
કેંમ રે કરીન મનરાં વાળિયેં... રા...ઝી...

એ... ફઈ હું કરીન પાઈ મરાવા રે પૉણ ફૂઆળી,
હું કરીન પાઈ મરાવા રે પૉણ...
એ... ખોટું રે કરું ઝગરામાં કૉમન... રા...ઝી...

એ... ઝળરા ગુઝણિયામાં ઝાઝે રે પૉણ,
ઝળરા ગુઝણિયામાં ઝાઝે રે પૉણ...
ગુઝણિયું ઝોઈન પાસો આવઝે... રા...ઝી...

એ... દીકરા ઝોઈન આવઝે ન રે પૉણ
દીકરા ઝોઈન આવઝે ન રે પૉણ...
ગુઝણિયો ગડ ઝોતો આવઝે... રા...ઝી...

એ... દીકરા ગુઝણિયું ઝોઈ આવઝે રે પૉણ,
કુવરિયા ગુઝણિયું ઝોઈ આવઝે રે પૉણ...
આપણ ગુઝણિયામાં કેંર ઝોતો આવઝે... રા...ઝી...

એ... દીકરા બાપુનાં બેઠકાંન રે પૉણ ઝળરા,
બાપુના બેઠકાં ન રે પૉણ...
હાં હાં દીકરા બાપુનાં બેઠકાં ઝોતો આવઝે રા...ઝી...

એ... ઝળરો રૂંગાં રાળ ન રે પૉણ કુવરિયો,
રૂંગાં રાળ ન રે પૉણ...



એ... હૉમાં રે તૉમાં રે રૂંગાં રાળિયાં...   રા...ઝી...

એ... ઝળરા કળબાની સીઝણ રે પૉણ કુવોરિયા,
કળબાની સીઝણ રે પૉણ...
એ... કુવોરિયેં કળબાની સીઝણ રૂંગાં રાળિયાં...   રા...ઝી...

એ... હૉપળે ફૂઆળી રે વાત મારી,
હૉપળે ફૂઆળી વાત...
એ... સોળું દલરાની વાત ન...   રા...ઝી...

એ... કાકા-પાઈ વતારઝે રે પૉણ ફૂઆળી,
કાકા-પાઈ વતારઝે રે પૉણ...
હા હા કાકા રે પાઈ મનં વતારઝે...   રા...ઝી...

એ દીકરા કેંમહા કરું ન રે પૉણ કુવોરિયા,
કેંમહા કરું ન રે પૉણ...
એ આપણા કાકા રે પાઈ કેંમહા કરિયેં...   રા...ઝી...

દીકરા નખોદ ઝાઝો ન રે, પૉણ તેમાંનાં,
નખોદ ઝાઝો ન રે, પૉણ...
દીકરા તેમાં રે બેંનીનું નખોદ ઝાઝો...   રા...ઝી...

દીકરા ખેઝરો વાવો ન રે પૉણ કુવોરિયા,
ખેઝરો વાવો ન રે પૉણ...
એ... દીકરા ગુઝણિયામાંય ખેઝરો વાવિયો...   રા...ઝી...
ઝીવતા...

(આ ત્રણ ચરણ તંબૂરની સંગત વિના સાધુ રડતા અવાજે ગાય છે. આથી કરુણ રસમાં વધારો થાય છે અને કરુણ રસ પ્રગાઢ બને છે.)

હા તે રાઠોરણ હેં તે વાતો કરેં, એ... દીકરા! થઉં એ અગળ થઈ



ગઉં. આઝ તો બતી વાતો હેં પણિયાં બની વાતોનું કૉમ નહીં. અઝી તો તું નૉનકો હેં; હા ને તું મોટો થા. હા ને પેસણિયાં ઝે વાતો અહેં એ કરહું. હા રે મહરાઝ રે રાઝ હઠ કેં સોકરા હઠ! એ નૉનકું સઈયું હેં, ના મૉને! હા રે ફરી ફરી રૂંગાં રાળેં. હા ને ફઈ વાતો કરેં, એ... ફઈ ? એ... કેંમ કરતેં મરણા? એ મનં વાત કર.... હા રે મહરાઝ રે દેવોલ વાતો કરેં, એ દીકરા? તેમાં ફઈન ડાયસાં આલાં... હા રે... આલેલાં ડાયસાં કેંરમાં રાખાં... તે ડાયસાંની સીઝણિયાં રૉંડેં માના ઝણા અળખા કરીન પેસણ ઘરના આદમીન ઝૂતી! હા તે આલેલાં ડાયસાં કેંરમાં રાખાં હેં... હા ને... માર પાઈયાં હાર તું ઝોતો નહીં, આવી ન તેવી વાતો કરી. તે... ઝેંદરા ખેંસીનો હાથ સરો; હા તે પેંલી તો ભેળી ભાગણિયો. હા રે... મારું હાહરિયું પરું મારી નૉખું. હા ને થાર ફૂઓ, માર આદમી મારી નૉખો! હાનેં ઑણ એલે પાસા સરા. તે આપણાં બેં મા દીકરાંન ટળતે મારાં. પાબુ નં સૉંદો મારા... રૂરિયો ન બૂરિયો; ઢોગો ન ઢૂબો; હા રે બત્તા રાઠોર મારા. દીકરા રે દીકરા! મારા ઍણામાં તો હું વાત હેં... હા પણિયાં ઝેંદરે ખેંસીએ ઘણું અવળું કરી નૉખું હેં! પણ તનં બતી વાતો કરું તો દીકરા તું રોઈ ઝતો નેં. હા રે... મહરાઝ રે ઝળરો કુવોર હેં; હા તે ફઈ ન વાતો કરેં, એ... ફઈ? એ વાત મનહી સૉની રાખઝે નેં. એ દીકરા? બઈરાંનાં પેટ ખેંસી ખેંસીન ગાપણિયાંના ગાપ કાટા! કોઈ વાતની ખૉમી મેલી નહીં! હા ને ઝેંદરો ખેંસી ઝબરો આદમી હેં; તું ઉતવાળિયો થાઝે માં. હા ને તુબલીનું બીઝ રાખું હેં! તનં ઝોતી દન કાટું... હા નેં મારા દીકરા તનં મારી આલહેં.. હા તો મારી હું દસા થાહેં? હા ને આપણાં રાઠોરાંનો કેળવા રેંહેં સ નેં... બીઝ મટી ઝાય. તું ઉતવાળિયું પગલું ભરઝે માં... હા રે ધારોરા સૂટેં ઑખોમાં; હા રે મહરાઝ, રૂએં, રતરેં, ઝૂરણ કરેં ! હા રે પેસણ મરી ઝઉં. હા ને... કેંમ કરું ? આથે ડાસાં ભરેં! ધેંફરે માથાં ઝીકેં. કરી એકણાં ઊપો રેં. અનં ઉં વાત કરું એ હૉપળ. એ હોરો રેં હુંકારાંના દેનાર; ઝુગ ઝાયને વારતા આગી હાલે.

વાતાં સોળ ન રે પૉણ દેવોલ,
વાતાં સોળ ન રે પૉણ...
હૉપળઝે દીકરા મારી વાત ન... રા...ઝી...



ઊપો રેંઝે ન રે પૉણ કુવોરિયા,
ઊપો રેંઝે ન રે પૉણ...
એ... દીકરા તાળાં રે ઉગારિયેંન ઊપો રેંઝે... રા...ઝી...

એ'લા ખૂનના સૉટણાન રે પૉણ કુઓરિયા...
ખૂનના સૉટણાન રે પૉણ...
એ'લા ખૂનના સૉટણાન ઊપો રેઝે... રા...ઝી...

એ... ઝળરો ગોડિયો વાળ ન રે પૉણ કુઓરિયો...
ગોડિયો વાળ ન રે પૉણ...
ગોડિયો વાળીન પગે લાગિયો... રા...ઝી...

પગે લાગ ન રે પૉણ કુઓરિયો,
પગે લાગ ન રે પૉણ...
લળી રે લળીન પગે લાગિયો... રા...ઝી...

કૂસિયાં દેવેંન રે પૉણ ઝળરો,
કૂસિયાં દેવેંન રે પૉણ...
કૂસી લેઈન તાળાં ખોલવા લાગિયો... રા...ઝી...

એ... ગુઝણિયાંનાં તાળાં રે પૉણ ઝળરો,
ગુઝણિયાંનાં તાળાં ખોલવા લાગિયો... રા...ઝી...

એ... ઝળરો ગુઝણિયામાં આયો રે પૉણ કુઓરિયો,
ગુઝણિયામાં આયો રે પૉણ...
હેરી રે બઝારે આવણા લાગિયો... રા...ઝી...

એ ફૂઈ ભતરઝો રે પૉણ ઝગમાં,
ફૂઈ ભતરિઝો રે પૉણ...
ઓ... ફરી રે ફરીન ઝોવા લાગિયાં... રા...ઝી...
ઝીવતા



(તંબૂર-સ્વર) તો… મહરાઝ. હા હા તે.. ફૂઈ ન ભતરિઝો વાતે સરાં. હા હહા રે ઝળરો કુઓર હેં તે વનારી વનારી રોવેં… હા રે દેવોલ રાઠોરેંણ હેં તે ભાયાંની સીઝણ રૂંગાં રાળેં. હા… તે હાહરીનું પીયરનું- બે દુઃખાં પરેલાં… એ… હાહરીન યેં રોયેં ન પીયરન યેં રોયેં… હા રે મહરાઝ રે માના ઝણા ભાઈ કેંણાં ન કેંઈયેં? હા રે સૉદોન પાબુ અઈયામાં આવેં .ઘણા વરહાંની ભૂલેલી વાતો અઈયામાં આવી. એ ફઈ ન ભતરિઝો રૂંગાં રાળેં… હા રે મહરાઝ રે રોવેં, રતરે, ઝૂરણ કરેં. હા રે દેવોલ રઈન મખરેં બોલેં, એ દીકરા? મન વાળ રે વાદળ વાળ… હા રે કેતરાં નેં ખાઈયેં તો ઝીવી હકિયેં નેં… હા તે હેંડને ફરી ફરીન ગુઝણિયો ઝોઈ આવિયેં… હા ને પેસણ વળી વાતો કરિયેં… તે… ફૂઈ હેં તે કૂસી તાળાં આથ ઝાલેં… હા નેં ભોળવણા લેઈ ઝાય ગુઝણિયામાં. એ… ખેરિયાં થકાં ઝય… હા રે હેરી બઝારેં આવેં… પોળનેં માથે આવેં.. હા ને આવીન પેસ વાતો કરેં, એ… દીકરા? કરી એકણ ઊપો રેં. હા રે મહરાઝ ઝળરો કુવોર ઊપો રેં. હાને દેવોલ વાત કરેં, એ દીકરા આતો પોળનો પોળિયો હેં. એંણાન તું નમણ કર કે… નમણ કરીન પેસણિયાં તાળાં ખોલ. હા રે મહરાઝ રે ગોડિયો વાળીન ઝળરો નેંસો બેહે… હા તે લળી લળીન પાયે લાગેં. હા… રે નમી નમી ન પૉગે લાગેં… હા રે મહરાઝ પૉગે લાગી બેઠો થાયે… હા ને બેઠો થઈ અવણિયાં કૂસી લગારેં. હા રે… ગુઝણિયાંનાં તાળાં ખોલેં… હા રે કમાર ખોલીન પેસણિયાં કેવો ગેંડમાં ઝાય! હા રે ફૂઈન ભતરિઝ ઝય… હા રે મહરાઝ હેરી બઝારેં આવેં… ફરતો ફરતોન અવણિયાં કલમ કસેરિયાંમાં કેવો આવેં! એ… ફઈ હેં તે વાતો કરે, એ દીકરા? આ તો કલમ કસેરિયો હેં; હા રે મહરાઝ કસતૂરીના ભભકા ઊડેં… અંતરાંના ધોળા પરેં. કાબરી પટોરી ઝાઝમો રાળેલી હેં; હા રે, મહરાઝ ઝળરો કુંવોર હેં તે ફાંફે થાયે… હોટી હોટી વાસના આવેં. હા રે મેંઠી મેંઠી હુગદ આવેં! હા ને ફઈન વાતો કરેં, એ… ફઈ તું તો કેં મારી નૉખાં હેં એંમ… હા પણ અવણાં સ ગાહેં એમ ન કેં ગા? હા રે! અંતર ગતાય… હા નેં આ ઝાઝમો રાળેલી હેં.. હા રે મહરાઝ રે ઝળરો હેં ખૂણે ખૂણે ડોળા ફેરેં… પૉણ ભાળેં કેં? હા રે બેટકાં ઝોઈન પાસો આવેં… હા ને ધેફરે માથાં ઝીંકે.. મહરાઝ રે એકી ઑખે હરાવણ! એકી ઑખે ભાદરવો!



કળબાની સીઝણ ઝૂરણ કરેં... હોરો રેં હુંકારાંના દેનાર, ઝુગ ઝાયને વારતા હાલે. ખમ્મા!

વાતાં સોળ ન રે પૉણ કુવોરિયો,
વાતાં સોળ ન રે પૉણ...
હૉંપળઝે ફૂઆળી મારી વાતન... રા...ઝી...

એ... લીલી પીલી ન રે પૉણ ઝાઝમો,
લીલી પીલી ન રે પૉણ...
એ... કાબરી રે પટોરી ઝાઝમો રાળિયાં... રા...ઝી...

એ...માર ઝાઝમોના બહેનારા રે પૉણ બૉંતમા,
ઝાઝમોના બેહનારા રે પૉણ...
માર ઝાઝમાંના બેહનારા કેંમે ઝાવિયા... રા...ઝી...

એ...રૉંડવો વેરાગ મેળ ન રે પૉણ રૉંડવો,
વેરાગ મેળ ન રે પૉણ...
એ...વનારી વનારી રોવા લાગિયો... રા...ઝી...

એખલો મેલો ન રે પૉણ ઝગમાં,
એખલો મેલો ન રે પૉણ...
કેંણા રે લાડાંમાં અમે ઝીવિયેં... રા...ઝી...

એ હોના રૂપાની રે પૉણ ખૂરસી,
હોના રૂપાની રે પૉણ...
હોના રે રૂપાની ખૂરસી લાવિયાં... રા...ઝી...

એ...રૉંડવો ખૂરસીઓ ઝોવેંન રે પૉણ ઝળરો,
ખૂરસીઓ ઝોવેં ન રે પૉણ...
ફેરવી ન ફેરવી ઝોવા લાગિયો... રા...ઝી...



એ...મારા ખૂરસીઆંના બેહનારા રે પૉણ બૉતમો,
ખૂરસીઆંના બેહનારા રે પૉણ...
ખૂરસીના બેહનાર કેંમેં ઝાવિયા... રા...ઝી...

એ આથે ડાસાં ભરેં ન રે પૉણ ઝળરો,
આથે ડાસાં ભરેં ન રે પૉણ...
એ...રૉંડવો વનારી વનોરી રોવા લાગિયો... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ. દેવોલ,
વાતાં સોળ ન રે પૉણ...
હૉંપળઝે દીકરા રે મારી વાતન... રા...ઝી...

ઝીવતા...
રૂંગાં રાળેંન રે પૉણ ઝળરો,
રૂંગાં રાળેંન રે પૉણ...
બાપરો વનારી વનારી રૂંગાં રાળિયાં... રા...ઝી...

એ...માર ઝાઝમોના બેહનારા રે પૉણ બૉતમો,
ઝાઝમોના બેહનારા કેંમેં ઝાવિયા... રા...ઝી...

એ...ઝળરો વનારી વનારી રે પૉણ ઝળરો,
વનારી વનારી રે પૉણ...
વનારી વનારી રૂંગાં રાળિયાં... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ ફૂઆળી,
વાતાં સોળ નરે પૉણ...
હૉંપળઝે દીકરા રે મારી વાતન... રા...ઝી...

એ...દીકરા ફરી ફરી ન ઝોય રે પૉણ કુઓરિયા,
ફરી ફરી ન ઝોય રે પૉણ...



એ...ફરી રે ફરીન આપણે ઝોઈયે... રા...ઝી...

ખાટ એંડોળા રે પૉણ ઝગમાં,
ખાટ એંડોળા રે પૉણ...
ખાટ રે એંડોળા નઝરેં આવિયા... રા...ઝી...

એ...બાપુની ગાદીઓન રે પૉણ ઝળરા,
બાપુની ગાદીઓ ન રે પૉણ...
બાપુની ગાદીઓ રે નઝરેં આવિયાં... રા...ઝી...

હાહા ગાદીઓ નઝરેં આવી રે પૉણ કુઆરિયા,
ગાદીઓ નઝરેં આવી રે પૉણ...
એ...બાપુની ગાદીઓ નઝરે આવિયાં... રા...ઝી...

સોવન કુડીઓ ન રે પૉણ કુઓરિયા,
સોવન કુડીઓન રે પૉણ...
સોવન રે કુડીઓ રે નઝરે આવિયાં... રા...ઝી...

એ...વનારી વનારી રોવેં રે પૉણ કુઓરિયો,
વનારી વનારી રોવેં રે પૉણ...
સુખિયાના ઝીવનારા કેંમેં ઝાવિયા... રા...ઝી...

એ...એંડોળાના એંસનારા રે પૉણ પાઈયો,
એંડોળાંના એંસનારા રે પૉણ...
એ... માર એંડોળાંના એંસનારા કેંમે ઝાવિયા... રા...ઝી...

એ માર ગાદીયાંના બેહનારો રે પૉણ બાપુ,
ગાદીયાંનો બેહનારો રે પૉણ.
ગાદીયાંનો બેહનારો કેંમે ઝાવિયો... રા....ઝી...



એ મારા બાપુની સીઝણ રે પૉણ ઝળરા,
બાપુની સીઝણ રે પૉણ...
બાપુની સીઝણ ઝૂરણ મૉડિયાં... રા...ઝી...

એખલો મેલી કેંમ ગિયો રે પૉણ બાપુ,
એખલો મેલી કેંમ ગિયો રે પૉણ...
વનમાં ઊપા અમે એખલા... રા...ઝી...

એ માર ફરી ફરીન ઝુવે રે પૉણ કુઓરિયો,
ફરી ફરી ન ઝુવેં રે પૉણ...
બાપુનાં અથિયાર નઝરેં આવિયાં... રા...ઝી...

(તંબૂ-સ્વર) તે...મહરાઝ... તે ફઈન ભતરિઝો (હોંકારિયાને ઉધરસ આવે છે.) તે વાતાં કરેં, એ ઝળરો કુવોર હેં તે વનારી વનારી રોએં....એ...ફૂઈ? ઝાઝમોના બેહનારા માર કે ઝાતા રા? હારે ધેફરે માથાં ઝીકેં...તેહી વેળ સૂટકો પરેં...હહા રે આથે ડાસાં ભરેં...એ ફૂઈ ઉં કેથો થઈ ઝઉં? હા રે કેંણાંની લારમાં બેહું? તે...મહરાઝ રે ખૂરસીઓ હાઈ હાઈન રોએં...હોના રૂપાની ખૂરસીઓ હા તે માર ખૂરસીઓમાં બેહતા અહેંન કેં ગા? હા રે રૂપનળા ઓકા નઝરેં આવેં. ઓકા ફેરવી ફેરવીન ઝોયેં. હા ને રૂંગાં રાળે. માર ઓકાંના પીનાર કેંમના ગા? હા રે મહરાઝ રે બાપુની ગાદી નઝરેં આવેં...તે ગાદીએ ઝાઈન માથાં ઝીકી ઝીકીન રૂંગાં રાળેં, એ માર ગાદીઓના બેહનાર ! મનં એખલો મેલીન કેં ગો? કેંણાંની લારમાં ઝઉં ? હા ને કેંણાં ભેળો બેહું ? હા રે મહરાઝ રે બાપુની સીઝણ ઝળરો રૂંગાં રાળે. રોએં રે રોએં નૉનૉ બાળ ! હા રે ખોટું આવું રે ઝગમાં કૉમ...હા રે ભલે આવી વેરાગી વાત...હા ને કાળનાં મુટાં અદરેક થાઝો! હા રે કાળ પરઝો માં...હા નેં દઃખીએં થાઝો માં...હા રે મહરાઝ રે સતિયા પરા મરાઈ ગા...હા તે કાકાં ભાયાંની સીઝણ ઝળરો રૂગાં રાળેં. હા ને... માથાં ફૂટ ન રૂંગાં રાળેં...હા રે દેવોલ રઈ મખરે બોલે, એ દીકરા ! એંડકે અઝીતો ફરી ફરીન ઝોયેં... હારે મહરાઝ રે લેઈ ન દેવોલ ફેરવેં. હા તે એંસવાના ખાટ એંડોળા નઝરેં



આવે...હા રે મહરાઝ ઝીલવાની સોવન કુડીઓ નઝરેં આવેં. એ ઝળરો કુવોર હેં તે ઝોઈ ઝોઈ રોએં. હા રે માર ખાટ એંડોળાના એંસનાર કેં ગા ? હા ને સોવન કુડીએ ઝીલનારા કેખા થઈ ગા ? એ...ઝળરો કુઓર રૂંગા રાળેં...

અટપટિયાં હેં મેંલાં રે પૉણ બૉતમો,
અટપટિયાં હેં મેંલાં રે પૉણ...
એ મેલાંના રેંનારા કેંમેં ઝાવિયા... રા...ઝી...

કેંણે મારિયા રે પૉણ ફૂઆળી,
કેંણે મારિયા રે પૉણ...
કાકા રે ભાઈ કેંણે મારિયા... રા...ઝી...

ઢાલો તરવારો રે પૉણ,
ઢાલો તરવારો રે પૉણ...
ઢાલો રે તરવારો નઝરેં આવિયાં... રા...ઝી...

ગુઝણિયામાં ભેળાં રે પૉણ ફૂઆળી,
ગુઝણિયામાં ભેળાં રે પૉણ...
કાકા રે બનેવી કેંમે ઝાવિયા રા...ઝી...

એ રળી ઑગણાં ઝોવે રે પૉણ કુઓરિયો,
રળી ઑગણાં ઝોવે રે પૉણ...
ધરમર સર રે વાદળિયાં મેંલન... રા...ઝી...

ઝોઈ ફરી ન રોયેં રે પૉણ કુવોર,
ઝોઈ ફરી ન રોયેં રે પૉણ...
વાદળિયાં મેંલાંમાં રોવા લાગિયો... રા...ઝી...

એ ફરી ફરીન ઝોયેં રે પૉણ ઝળરો,
ફરી ફરી ન ઝૉયેં રે પૉણ...



ફરી રે ફરીન ઝોવા લાગિયો... રા...ઝી...

બાપાને મેંલે ન રે પૉણ કુઓરિયો,
બાપાને મેંલે ન રે પૉણ...
બાપને મેંલે રે ઝોવા લાગિયો... રા...ઝી...

મોતીની માળા ન રે પૉણ ઝળરા,
મોતીની માળા ન રે પૉણ...
ઢાલ ન તરવારો નઝરેં આવિયાં... રા...ઝી...

ફરી ફરી ઝોયેં રે પૉણ કુઓરિયો,
ફરી ફરી ન ઝોયેં રે પૉણ...
કાકા રે પાઈ ઝોવા લાગિયો... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ કુઓરિયો,
વાતાં સોળ ન રે પૉણ...
હૉપળઝે ફૂઆળી મારી વાતન... રા...ઝી...

કેંણાંનાં મેંલાં ન રે પૉણ ફૂઆળી,
કેંણાંનાં મેંલાં હેં ન રે પૉણ...
કેંણાંનાં રે રળી મેંલન... રા...ઝી...

એ દીકરા માર...આઈનાં ઝણાંનાં રે પૉણ કુઓરિયા,
આઈનાં ઝણાંનાં રે પૉણ...
સોટકલાં પૉગાંનો સૉંદિયો વાઝતો’લા... રા...ઝી...

સોટકલાં પૉગાંનો રે પૉણ સૉંદિયો,
સોટકલાં પૉગાંનો રે પૉણ...
માર આઈ રે ઝણાંનાં મેંલાં વાઝિયાં... રા...ઝી...

(એક બાણિયોઃ એ...ખમા ! સાતઃ હા !)



દેસના દીવાન રે પૉણ બૉતમો,
દેસના દીવા રે પૉણ...
દેસના દીવા રે તમે વાઝિયા... રા...ઝી...

આથે ડાસાં ભર ન રે પૉણ કુઓરિયો,
આથે ડાસાં ભર ન રે પૉણ...
વનારી વનારી રોવા લગિયો... રા...ઝી...

કેહો મૉય ઝાઉં રે પૉણ ફૂઆળી,
કેહો મૉય ઝાઉં રે પૉણ...
એ ખોટું આવું ઝગરામાં કૉમન... રા...ઝી...

એલા એકી કાઠિયેં બાળિયા રે પૉણ બૉતમા,
એકી કાઢિયેં બાળિયા રે પૉણ...
દીકરા એકી કાઠિયે બેંય પાઈ ભેળા બળિયા... રા...ઝી...

એકી કાઠિયેં બળિયા રે પૉણ બૉતમો,
એકી કાઠિયેં બળિયા રે પૉણ...
એંણી રે વાતાં દલરામાં આવિયાં... રા...ઝી...

મૂસાંના ડાકોરા રે પૉણ ઝળરા,
મૂસાંના ડાકોરા રે પૉણ...
મૂસાંના ડાકોરા ઘાલવા લાગિયો... રા...ઝી...

એ'લા ધીરપો રાખે રે પૉણ કુઓરિયા,
ધીરપો રાખે રે પૉણ...
એ ઉતવાળિયાં પગલાં માં યે ભરઝે... રા...ઝી...

કાકાં પાયાંનાં મેંલાં રે પૉણ ઝળરો,
કાકાં પાયાંનાં મેલાં રે પૉણ...



ફરી રે ફરી ન ઝોવા લાગિયો... રા...ઝી...

કેંમ કરી મન વાળું રે પૉણ કૂઆળી,
કેંમ કરી મન વાળું રે પૉણ...
નેંઠ દઈ ખોટું આયું રે ઝગરામાં કૉમ રે... રા...ઝી...

એ મારા એકીકી કાઠિયેં ન રે પૉણ કૂઆળી,
એકીકી કાઠિયેં ન રે પૉણ...
એકી રે કાઠિયેં બેય બળિયા... રા...ઝી...

ખાઝે, પીઝે, માયા મૉડઝે રે પૉણ કૂઆળી,
ખાઝે, પીઝે માયા મૉડે રે પૉણ...
નહીં રેવાવાળો ઝોગન... રા...ઝી...

હૉપળે મારી ન રે વાત માઝી,
હૉપળે મારી ન રે વાત...
હૉપળકેં સોળું દલરાંની વાતન... રા...ઝી...

નહીં ઝીવણાનો ઝોગન રે પૉણ માઝી,
નહીં ઝીવણાનો ઝોગન રે પૉણ...
નહીં રે માર ઝીવણાવાળો ઝોગન... રા...ઝી...

હૉપળે કુવોરિયા રે વાત મારી,
હૉપળે કુવોરિયા રે વાત...
સોળું રે માર દલરાંવાળી વાતન... રા...ઝી...

હૉપળે કુવોરિયા રે વાત મારી,
હૉપળે'લા કુઓરિયા રે વાત...
કોટવાળિયાં ભગમાં રે નહીં પેરઝે... રા...ઝી...

વેરાગી ઓય્યોન રે પૉણ કુઓરિયો,



વેરાગી ઓય્યોન ન રે પૉણ...
એ રૉડવો સરપાની સીઝણ વેરાગી ઓય્યો... રા...ઝી...

ઝોગિયાંની ઝમાતો રે પૉણ ઝગમાં,
ઝોગિયાંની ઝમાતો રે પૉણ...
ઝોગિયાંની ઝમાતો આવણા લાગિયો... રા...ઝી...

ઝોગિયાંનો મેળો ન રે પૉણ ઝળરા,
ઝોગિયાંનો મેળો પૉણ...
ઝોગિયાંનો મેળો રે આવણો આવિયો... રા...ઝી...

હૉપળે ફૂઆળી રે વાત મારી,
હૉપળે ફૂઆળી રે વાત...
સોળું રે માર દલરાં વાળી વાતન... રા...ઝી...

ઝોગિયાં ભેળો ઝાઉં ન રે પૉણ માઝી,
ઝોગિયાં ભેળો ઝાઉં ન રે પૉણ...
નહીં રે રવાવાળો ઝોગન... રા...ઝી...

ભગમાં હીવરાવાં રે પૉણ ઝળરો,
ભગમાં હીવરાવાં રે પૉણ...
સરપાની સીઝણ ભગમાં પેરિયાં... રા...ઝી...

હા રે મહરાઝ દેવોલ રઈ મખરે બોલે, એ દીકરા ? હા તે કૉમદાર, મેતો-મસુદી; હા રે આપણા હોનીઓ-બોનીઓ બતા... આખા ગૉમના લોકો બતા ભેગા થાતા. હા ને કસેરિયો ભળાતી એ...અમલાંનાં પોતાં ફરતાં. દારૂરાંની સાખો ફરતી; હા ને ગરમી ગરમી વાતો થાતી ...ધધમાટેં ધધમાટો ઊડતો...હા રે મહરાઝ..., ઝળરો કુઓર કૉનિયા મૉડે .હાને... ફઈન પૂસણાં પૂસે, એ ફૂઈ? હોના રૂપાંની ખૂરસીઓ મૉડેલી હેં... આ ખૂરસીઓમાં વરાઝ થાતા...હા રે...મહારાઝ દેવોલ રઈ મખરે બોલે, એ દીકરા? સૉદોન



પાબુ...દેસના દીવા ! હા રે પાટવી પાબુઝી ગાદીએ બેહતો...હારે...સોટકલાં પૉગાંનો સૉદિયો...તે હોનાની ખૂરસીએ વરાઝ થાતો. હા તે પૂરિયો ન બૂરિયો...ઢાગો ન ધીબો; મેઘઝીન દેવઝી; હા રે મોટા હોના-રૂપાની ખૂરસીએ વરાઝ થાતા. હા ને થારો બા, ગાદીએ બેહતો ! હા ને ઝાઝમે તો કૉમદાર-કોઠારી, મેંતા-મસુદી, હરદાર મોટા બેહતા...ભરાતી કસેરીઓ...હા ને કસોરિયાંમાં મઝા કરતા...હા રે મહરાઝ ઝળરો કુવોર હેં; હા તે ધેફરે માથાં ફૂટેં. હા ને વાતાં કરેં, એ...મારા ઝાઝમોના બેહનારો! હોના રૂપાની ખૂરસીએ વરાજ થાનારા ! હા ને ગાદીએ બેહનાર ! મનં એકલાન મેલીન કેં ઝાતા રા...હા ને ઉં કેંણાંન ભેળો બેહું ? હા ને કેંમનો ઝાઈને ખાંખદ કરું ? હા રે મહરાઝ રે ઝળરો રોયેં ન વાતો કરેં...હા ને દેવોલ હેં તે કેવી હીખોમતો દેય! (તંબૂર-સ્વર) એ...દીકરા ? હા ને ઊનો અસુબરો થાઝે માં. હા ને ધીરપો રાખઝે ! હા રે...મારાઝ કુઓર રઈ મખરે બોલેં, હા રે...એ ફૂઈ ? કેંમ કરી ધીરપો રાખું ? કેંમ કરી મન વાળું ? હા તે મનેં કેંતીએં ધીરપો રાખ પણ કેંમનો થઈ ઝઉં ? હા રે મહારાઝ રે દેવોલ રઈ મખરે બોલે; એ દીકરા ? હેંડને ઝોવા ઝાઈયેં બીઝાં મેંલ...હા..તે ફરી ફરીન ઝોંયેં...હા તે ઢાલ ન તરવારો નઝરેં આવેં...બૂદી કોટાંની બદૂખો. એ મહરાઝ...ઝળરો કુઓર હેં, ફેરવી ફેરવી ઝોયેં...હા ને રૂંગાં રાળેં, મારા વિરાગના હાત હાત ખોટના ગા. હા રે મહરાઝ રે ફરતો ફરતો ઘોરાવરમાં ઝાય...હા તે કેહોર કારમી ઘોરી નઝરે આવેં...ફૂલવસેરો નઝરે આવેં. હા તે વનારી વનારી રોયેં...હા રે...માર કોરિયાંના સરનાર કેં ગા ? હા ને એંણાં ભેગો બેહું... એંણાં ભેગો ફરું ! હા રે...વનમાં ઊપા એખલા ! કુણ કરેં વાર ? એ...રાઠોરાંનો કેળવા એકસ ઝણો રો હું...બીઝા તો દુનિયા ઉપર કોઈ નહીં...કેંણાંન કાકા ન ભાઈ કરું ? હા ને કેંણાંન બા-કઉં એ...રુંગાં રાળેં ન આથે ડાસાં ભરેં...હા ને દેવોલ રઈ મખરે બોલે, એ દીકરા ? હેંડકેં વળી બીઝાં મેંલાં ઝોવા ઝાઈયેં. એ સૉદા રાઠોરન મેંલે ઝય...હા રે મહરાઝ રે સૉદા રાઠોરનાં મેંલાં ઝાય...હા રે પેસણિયાં ઝળરો રઈ મખરે બોલેં, એ...ફઈ? ઑણાં મેંલમાં કુણ રાઝ કરતું? હા ને કેંણાં ધણિયાંનાં મેંલ હેં ? હા રે દેવોલ રઈ મખરે બોલેં, એ...દીકરા ? એ...પાબુઝી નાં ! પાબઝી થાર બા ! હા...ને સોટકલાં પૉગાંનો સૉદિયો...તે

ശ്ലേശ്ലേശ്ലേശ്ലേശ്ലേശ്ലേ

કાકો..હા રે આતો સૉદાઝીનાં મેંલ હેં, હા ને બેં ભાઈયાંની જો...ર. ઑમ તો ઘણા અતા, પૉણ બેં ભાઈ ભેળા એંડતાન ભેળા ફરતા...એ દેસમાં તો ડકો વાગેલો અતો...હા રે દેસના દીવા રાઠોર કેંવેંણા. ભમરિયા પટા ! વૉકળી મૂસો ! હા તે કઝોરી એતરતી તો ઑખો...દેઈયાંનાં ભરઝારાં, અંગરખાં ફારી બારાં નેંહરેલાં ! સાથીમા ભરઝારા ઊગેલા. હા નેં ઘણા રૂપાળા હરદાર અતા. આ વાદળ મેંલાંમાં મઝા કરતા... હા રે મહરાઝ રે નખોદ ઝાઝો રે દેવોલ ફઈનું ! હા ને ઝેંદરા ફૂઆનું ! એ...એંણ રૉંડવેં બતા પરા મારા ! હા રે મહરાઝ રે ઝળરો કુવોર હેં...આથે ડાસાં ભરી નૉખે. હા ને ધેફરે માથાં ઝીકેં, હા રે મહરાઝ રે મૂસેં ડાકોરા ભીરેં...હા ને ફરી ફઈન પૂસણાં પૂસેં. એ...ફઈ ? તે કેં મરી ઝઉં ન કેંમ કરીએં ? હા રે મહરાઝ રે ફોઈ મખરેં બોલે, એ...દીકરા ? કૉય કેંત કૉય નેં મેલું. હા રે...નખોદ ઝાઝો ઝેંદરા ફૂઆનું ! એ...મારા એક એક કાઠિયેં બે બે પાઈ બળા. હા ને પરાં ગૉમ ભેળી નૉખાં...ગુઝણિયામાં આકોરિયા ઊગા ! હા ને કાળ પરા વિતારેં ...કેંમ કરીએ દીકરા ? ખેઝરો વાવો રૉંડે ! એ એવી રૉંડો ફાટી પરઝો. હા રે...કરી એકણ હાહરીન ખીઝેં...હા રે કરી એકણ પીયરન ખીઝેં. એ...હાહરીમાં ઝૂતીન માના ઝણા ભાઈ પરા મરાવી નૉખા ! હા રે...મહરાઝ દેખાં રે બઈરાંના ખેલ. હા રે કેંણાંની બેંન, કેંણાંની દીકરી ? હા રે દીકરી હમી પરે તો દીકરી; હા ને વેરણ થઈ ન ઝૂતેં તો પોતે થઈ મરાવેં ! તે હાહરીને ઝૂતેં ને પીયરન પરું મરાવેં ! હા રે મહરાઝ રે દેવોલ રઈ મખરેં બોલેં, એ...દીકરા ? એંણી રૉંડ હરખો માં થાઝે...હા ને એ ફૂઓ ઘણો ટણકો આદમી હેં...હા પણિયાં એંણાન, કે દિ' કણિયાં થારો દન વળે. હા ને તું કેદિ'ક અસલ મોટો થાય. હા ને થારો કેળવા વતેં...એંણાનો કેળવા વતેં. હા ને પરા મારઝે તો ખરો ! અતારે તો તું નૉનકો હેં દીકરા; તે કૉય કરઝે માં. હા ને મોટો થા...હા ને પેસણિયાં ઑણીની ખબર લેઝે...હા રે મહરાઝ રે ઝળરો કુવોર વીસાર કરેં, હા ને ફૂઈ વાતો કરેં. એ...ફૂઈ!આવું ઝોઈ હું કરીન પેસણ મન વાળું ? કેંમ કરીન વાહ કરું ને ? દૉત એઠ ઝીપ લેઈન મરું ! ઑધો પરીન મરું ! તે...કુઓર હેં તે અવણિયાં મખરે બોલેં, એ ફૂઈ ઉં તો બાબાં ભેળો ઝાતો રઉં ! મૉગી મેલીન ઝીવતો રો. ઝીવોતો બરોબર...મરી ગો તો કૉય નેં ! હા



પણિયાં ઉં આ મૉનવીઓ ભેળો ફરવાનો નહીં...હા રે મહરાઝ રે ફૂઈન વાતો કરેં, એ ફૂઈ થારી હામણે તું ઝીવી ખાઝે ! હાને મારી હામણે ઉં તો આ ઝઉં !

❖ ❖ ❖

હા રે મહરાઝ રે ભગમાં ભગમાં કપરાં લેય...હા રે અવણિયાં ભગમાં કપરાં કેવાં હીવરાવેં ! હા રે મહરાઝ રે ભગમાં હીવરાવેં હેં... હા ને ગુઝણિયામા ઝોગી આવા...હા તે ડેરો તૉણો...ઝોગિયાંના ડેરામાં ઝળરો કુઓર ઝય. ઝોગિયાંન વાતો કરેં, એ ઝોગિયો ? તમે કેંમહા આવાં કેંમહા ઝૉવ ? હા નેં મનં હાતેં લેહાં કે કેંમ ? ઉં આવું તમારી લારમાં...હા રે ઝોગી રઈ મખરેં બોલેં, ઘણો ફૂટરો આદમી હેં; હા ને હાગી રસપૂતનું બીઝ. વૉકળી વૉકળી મૂસો ! ભમરિયા પટા ! હા રે નાક તો દીવાની હોગ ! હા રે ઑંખે ભમરા લૂંબા...! નઈણાં ખાંડાની ધાર ! હા રે મહરાઝ દૉત દાડમનાં બીઝ ! હા નેં...મુટું તો ગુલાબનું ફૂલ હું હેં ! હા રે સાથીમાં ભરઝારા ઊગા ! પેંડહીના વાળ અવળા ન તવળા ! હા નેં તું કેંહ કે ઉં તમારા ભેગો આવું એંમ...! એ...અમાં ભેગો તો, અમાર તો લુખ્ખું ખાઈયેં, ધૂળામાં ફરીએં...અમાં ભેગો ખલહેં નેં ! હા ને તું હું કરવા આવેં હેં અમાં ભેગો ? હા રે મહરાઝ રે ઝળરો કુવોર વાત કરેં, નહીં રે રેંવાના ઝોગ...હા ને મન હાથેં લેઈ ઝૉવ...હા ને મનં હાથેં ફેરવઝો... હાને મનં હાથ આલઝો... એ કોઈ વખત મનં ભીર પરેં તો મનં પરો તારઝો...હા ને તમાંન ભીર પર તો ઉં તારું. હા રે મહરાઝ રે ઝોગીન ઝળરો હેં તે અવેં વાદેં વદેં...હા ને ઝોગિયાં હાથે ઝળરો કુઓર ઝાય...હોરો રેં હું કારાંના દેનાર...ઝુગ ઝાયન વારતા આગી હાલે. ખમા...

ધન ધરી ધન વાળો રે પૉણ ખાંમદાં,
ધન ધરી ધન વાળો રે પૉણ...
એ હાઝુ કરો પાંણ રે હોરમો ઊગિયો... રા...ઝી...

❦❦❦❦❦❦

ઝાયેરિયામાં ઝાતા રે પૉણ ઝોગિયો,
ઝાયેરિયામાં ઝાતા રે પૉણ...
હાહા વાવાં ન માથે ઝોગી આવિયા... રા...ઝી...

ડેરા ઘાલ ન રે પૉણ ઝોગીરા,
ડેરા ઘાલ ન રે પૉણ...
એ'લા ડેરા રે ડેરામાં ડેરા તૉણિયા... રા...ઝી...

હારા ઝોગિયાંન ભગમાં રે પૉણ કપરાં,
હારા ઝોગિયાંન ભગમાં રે પૉણ...
એક નૉનકલા ઝોગી ન મલમલ કપરા... રા...ઝી...

એક રાતમાં ડેરો તૉણિયો રે પૉણ ઝળરે,
એક રાતમાં ડેરો તૉણિયો રે પૉણ...
હાહા...મારગન ઝનારિય ડેરો તૉણિયો... રા...ઝી...

ડેરામાં હૂતો ન રે પૉણ કુવોરિયો,
ડેરામાં હૂતો ન રે પૉણ...
એ'લા વાવાંના માથે હૂવા લાગિયો... રા...ઝી...

એ પૉણીરાં આવેં ન રે પૉણ સોરિયો,
પૉણીરાં આવેં ન રે પૉણ...
એ ઝાયેરિયાની સોરિયાં પૉણી આવિયાં... રા...ઝી...

સોરિયો માથે બેરાં ન રે પૉણ સોરિયો,
માથે બેરાં ન રે પૉણ...
હાહા બેરલાં રે ભરવા રે આવણા લાગિયાં... રા...ઝી...

વાવાં ન માથે ન રે પૉણ સોરિયો,
વાવાં ન માથે ન રે પૉણ...



વાવાં ન માથે રે આવણા લાગિયાં... રા...ઝી...

ઝોગિયાંના ડેરામાં રે પૉણ કુઓરિયો,
ઝોગિયાંના ડેરામાં રે પૉણ...
એ તો ઝોગિયાંના ડેરા રે પાસળ આવિયો... રા...ઝી...

એ... નૉનકલા ઝોગી ન રે પૉણ સોરિયો,
નૉનકલા ઝોગી ન રે પૉણ...
હા નૉનકલા ઝોગી ન ભાળવા લાગિયાં... રા...ઝી...

ઝોયણું ફૂલિયું ન રે પૉણ સોરિયાં,
ઝોણું ફૂલિયું ન રે પૉણ...
એ નૉનકલો ઝોગી નઝરે આવિયો... રા...ઝી...

એ રૉડવો ભમરિયાં પટાંનો રે પૉણ ઝોગરો,
ભમરિયાં પટાંનો રે પૉણ...
હાહા...ઊગતા સે સુરુઝ ઝૉખા થાવિયા... રા...ઝી...

એ રૉડવો રૂપાળા ઝલમીન રે પૉણ ઝોગિયો,
રૂપાળા ઝલમીન રે પૉણ...
રૂપાળા ઝલમીન કેંમહા ઝાવિય... રા...ઝી..

(એક બાણિયોઃ એ સોરિયો ! હા ! હા !)

નાક દીવાની હોગ રે પૉણ બાઈયો,
નાક દીવાની હોગ રે પૉણ...
હા હા...નઝર રે વાગે તીખા તાઝણા... રા...ઝી...

એ રૉડવો ડાબરિયાં ડોળાંનો રે પૉણ કુઓરિયો,
ડાબરિયાં ડોળાંનો રે પૉણ...
દૉત રે વાઝ દાડમનાં બીઝ ન રે... રા...ઝી...



મૂસાંના અમોળા રે પૉણ ઝોગીરા,
મૂસાંના અમોળા રે પૉણ...
હા હા...મૂસાંના અમોળા ઑખિયે અડિયા... રા...ઝી...

દેઈયાંનાં ભરઝારાં રે પૉણ સોરિયો,
દેઈયાંનાં ભરઝારાં રે પૉણ...
હાહા અંગરખી ફારીન બારાં આવિયાં... રા...ઝી...

ઝોગિયામાં મન મોયાં રે પૉણ સોરિયો,
ઝોગિયામાં મન મોયાં રે પૉ...
હાહા...ખાતી રે લેતી રે ઓવા લાગિયાં... રા...ઝી...
ઝીવતા !

હા રે મહરાઝ રે ઝોગિયાંના ડેરો હેં તે એંડે હેં. હા ને ઝાયેરિયામા ઝાય. હા રે મહરાઝ ઝાયેરિયાના ગૉંદરે ડેરો આ...વો. એ...વાવાંના માથેં ઝોગિયે તબૂ તૉણા...હા રે વાવાંના માથ ડેરા તૉણા. હા ને (તંબૂર-સ્વર) તે...મહરાઝ! હા તે ઝાયેરિયાના ગોદરે આવી ન ઝોગિયે ડેરા તૉણા...હારે... મહરાઝ...તબૂ તબૂમા તબૂ તૉણા...હા ને નેઝા, નેઝા ઝળકે...હા રે ઝોગિયે તો હોના રૂપાની ખૂટિયો મારી હેં ! હા ને તબૂ પરા તૉણા-એ...હા રે ઝોગિયે તો તબૂ ભેળાના ભેળા તૉણા. હહા ને...નૉનકલો ઝોગીતો વાવ હારણ ડેરો તૉણેં. હા રે મહરાઝ રે વાવ ન માથે, વાવ ઉપર ઝ તંબૂ તૉણે...હા ને પેસણ તબૂમાં બેઠો થકો ઝોયણાં ઝોય...હા રે મહરાઝ...એકા દનનો સમાઝોગ; સમાઝોગનો માઝોગ આવેં. એ સોરિયો પૉણી આ...વે. હા રે મહરાઝ રે સોરિયો હેં ન તેમાંની. હા રે તાલીન સોરિયો પૉણી આવેં...સોરિયો લટકતાં બેરલાં મેલ...બેરાં ભરવાન સોરિયો આવેં. એ...વાતાંના રમઝોર ઊડેં. વાવાંન માથે આવી...તે...સોરિયોન તો ડેરો નઝરે આવો...હા રે ઊપી રઈ ઝોય...હા રે ભમતા ઝોગી નઝરે આવા...હા રે વાવ હારણના ડેરામાં ઝોય. હા તો એક નૉનકલો! ઝોગી નઝરે આવો. એ...રૂપના ઢગલા! હા...રે ઘણો રૂપાળો ઝોગી હેં ! હા રે સોરિયો તો એક એકી હૉમુ ઝોયેં...હા



ને ઘણી એક તો ડેરા પાખળ થઈ ગેઈયો..એ...નૉનકલા ઝોગી હૉમું ઝોઈ રેં. હા ને પાખળ પાખળ ઑંટા મારેં. હા હા રે સોરિયો વાતો કરેં, એ...બાઈઓ. આવાં રૂપાળાં મૉનવી કેંમહાં કરિયેં ? ઝોયે રે ઝોયે બાઈઓ, નયણાં ખાંડાની ધાર ! હા રે ડાબરિયા ડોળાંનો ! ભમરિયાં પટાંનો ! દૉંત ડાડમનાં બીઝ...! હા રે નાક તો દીવાની હોગ ! મુટું ગુલાબનું ફૂલ ! હા રે મહરાઝ ઘણો રૂપાળો હરદાર હેં એ...સોરિયો ? ઝોઓ રે ઝોઓ મૂસોના અમોળા ઑંખેં અડા હેં ! હા ને દેઈયાંનાં ભરઝારાં અગરખી ફારીન બારાં નેંહરેલાં હેં...! પેંડહીયોના વાળ તો અવળા ન તવળા હેં...! હા રે રૂપાળાં મૉનવી કેણાંન કંઈયેં...? પણ બાઈયો રે બાઈયો ! કેંણાંના કરમનો લખેલો ? એ...આ કેં માગેલો મળહેં ? હા ને ઑણું રૂપ બગારી નૉખહેં ! હા રે મહરાઝ રે સોરિયો હેં તે-ઝોગીરા હાર ઝોઈ સ રઈયો...હા રે ઊપી ઊપી કરળાટ કરેં...હા રે મહરાઝ રે રૂપાળો મૉનવી કેમહો કરિયેં? ઘણો રૂપાળો હરદાર ! હારે રૂપાળો...પાઈ હેં કે બાઈ હેં, હા પણ દેખીન પેસણ મન બગારવું નેં. હા રે મહરાઝ આપણા મનમાં ભાળિયેં. હા મનમાં વીસાર કરિયેં એ...મોટી હેં ન રૂપાળી હેં. હા તો માલિકન આપણ વાત કરિયેં...હારે માલિકનું નૉમ લઈયેં...એ માલિક આવી માર માય્યર મેળવઝે. હા નેં નૉનકી એં ન ઘણી રૂપાળી દેખાય...હા તો માલિકન સમરણ કરિયેં...એ માલિક આવી માર બેંન મેળવઝે. ને બાઈ બેનનો આ જોરો ઘણો હોયમણો લાગેં ! હા રે મહરાઝ રે ખોટું બોલવું નેં.રૂપાળાં મૉનવી રૂપાળો મૉનવી કૈમહાં કરિયેં ? હારે મહરાઝ રે ખોટું બોલિયેં તો ખોટામાં પરિયેં ખોટું બોલિયે તો નારગી પરિયેં. બખનાં મૉનવી દેખિયેં ન બખનું બોલિયેં. હા પણ અલકું બોલવું નેં, નાગું બોલવું નેં...હા રે મહરાઝ રે સોરિયો હેં તે ઝોગીનાં વખાંણ કરેં...હા ને ડેરા પાખળ પાખળ ફરે...દન સરો હવા પોર. હા રે સોરિયો તો આગાન પાસ્ત થૉય ! હા રે કેંર ઝાવાનું મન થાતું નહીં. એ...રૉડો ! ઘણું રૂપાળું મૉનવી કેમહું કરિયેં ! આ તો ઘણો ઝ રૂપાળો હેં...હા ને એવી રૉંડ મળહેં ને કજિયાળી રૉંડ ઝો. હા રે વેંમીલી રૉંડ ઝો મળહેં તો મટાળી નૉખ હેં...હા રે બાપરાને કેં ઝાવા દેહેં નેં...હા રે એંણાન તો ઝેવું તેવું કૉમ કરાવહેં. હા ને ઑણાનું બીઝ બગારી નૉખહેં...હા રે મહરાઝ રે સોરિયો હેં તે વાતો કરે...હારે



દન સરો હવા પૉર. ઝેંમ તેમ કરી બેરાં ભરે...હા ને સોરિયો હેં તે અવણિયાં પૂઠાં વાળેં ન ઝ...ય. ખમા !

એ...સોરિયો પૂઠો વાળ ન ઝાય રે પૉણ સોરિયો,
પૂઠો વાળ ન ઝાય રે પૉણ...
એ...પૂઠોવાળ ન ઝાવા લાગિયો... રા...ઝી...

ઊપી ઊપી ઝોલા ખાય રે પૉણ સોરિયો,
ઊપી ઊપી ઝોલા ખાય રે પૉણ...
એ...ઠોકીરા ઝોઈ સોરિયો ઝાવા લાગિયાં... રા...ઝી...

આવે વાદળ મેંલાં રે પૉણ સોરિયો,
આવે વાદળ મેંલાં રે પૉણ...
એ...વાદળ રે મેંલાંમાં આવણા લાગિયાં... રા...ઝી...

બેરલાં ઉતાર રે પૉણ સોરિયો,
બેરલાં ઉતાર રે પૉણ...
હા...પણસીએ બેરલાં લાગિયાં... રા...ઝી...

તાઝણો રોળવેંન રે પૉણ તેમલી,
તાઝણો રોળવેં ન રે પૉણ...
હાહા...ઑંદર રે પૂસો રોળવણા લાગિયાં... રા...ઝી...

મતિ મારઝે ન રે પૉણ માઝી,
મતિ મારઝે ન રે પૉણ...
એ...હૉંપળે મનરાં રે વાળી વાત... રા...ઝી...

તાઝણો રોળવેં ન રે પૉણ તેમાં,
તાઝણો રોળવે ન રે પૉણ...
હાહા...ઑંદરે પૂસો રોળવણા લાગિયાં... રા...ઝી...



આઝ મારઝે નેં માઝીન રે પૉણ રૉણી,
મારઝે નેં માઝી ન રે પૉણ...
આઝ હૉપળે રે મનરાં વાળી વાતન... રા...ઝી...

એ ઝોયણું ફૂલું ન રે પૉણ મારલી,
ઝોયણું ફૂલું ન રે પૉણ...
આપણ વાવાં ન માથે ઝોયણું ફૂલિયું... રા...ઝી...

ઝોગી આવા ન રે પૉણ માઝી,
ઝોગી આવા ન રે પૉણ...
આપણ વાવાં ન માથે રે ઝોગી આવિયા... રા...ઝી...

એક રૂપાળો ઝોગી ન રે પૉણ માઝી,
રૂપાળો ઝોગી ન રે પૉણ...
હાહા સુરઝ રે ઊગી ન ઝૉખો ઝાવિયો... રા...ઝી...

એ કેંમહો આવ ન રે પૉણ ઝોગીરા,
કેંમહો આવ ન રે પૉણ...
હા રૂપાળો ઝોગીરો કેમહો આવિયો... રા...ઝી...

કેંમહા ઝાય ન રે પૉણ ઝોગિયો,
કેંમહા ઝાય ન રે પૉણ...
એ...રૂપાળા ઝોગી રે કેખા ઝાવિયા... રા...ઝી...

હણગાર પેર ન રે પૉણ તેમાં,
હણગાર પેર ન રે પૉણ...
હા હા...સોપતો રે હણગાર પેરવા લાગિયાં... રા...ઝી..

હણગાર મૉડ ન રે પૉણ તેમાં,
હણગાર મૉડ ન રે પૉણ...



એ...સોપતો રે હણગાર મૉડવા લાગિયાં... રા...ઝી...

કાસીનાં બેરલાં ન રે પૉણ સોરિયો,
કાસીનાં ગરુલા રે પૉણ...
એ...સૉદીનાં બેરલાં રે ભરવા લાગિયાં... રા...ઝી...

પૉણીની કોર ન રે પૉણ સોરિયો,
પૉણીની કોર ન રે પૉણ...
હાહા બેરલાં રે મૂકી ઝાવા લાગિયાં... રા...ઝી...
ઝીવતા...ભલાઈ...!

(તંબૂર-સ્વર) તો...મહારાઝ ! હા તે સોરિયો હેં; હહા રે ઝાવાનું મન થાતું નહીં. ઘેંર કેંમ કરીન ઝાવું...હા રે ઝોગીન ઝોગી હૉમું ઝોઈ રેં. પેસણિયાં પૉણી ભરું.હા તેં માથે બેરાં ભરે. તે...પૂઠાં વાળેં ન ઝાય. હા રે ઝાતી ઝાતી પાસી ઊપી રઈન ઝોય. હા ને સોરિયો હેં તે ધૉમેં ધૉમેં ઘેંર ઝય. એ...ખેરિયે થકી સોરિયો ઝય. હા રે મહરાઝ !આવી રે વાદળ મેંલાંમાં. હા રે પણસીએ બેરાં મેલે. હા રે માઝી હેં તે ઑંદરપૂસો તાઝણો ઑબળે રઈ રઈન ! હા રે મહરાઝ રે ઊપી રઈ ને આવેં...તે સોરિયો પણસીએ બેરાં મેલાંન તેમાં આવી ગેઈ... હા તે એખલો તાઝણો સોરિયોન રોળવીન મેલો...એ...રૉંડો ? આતરી વેળ હું કરતી અતી? તમારું ખરિયા ખોડ ઝહે ! રૉંડો તમે મેંલાંમાં પૉણી ભરાં. હા ને તમે હું કરતી તે દન હવા પોર સરો ? હા રે મહરાઝ રે સોરિયો રઈ મખરે બોલે, એ...માઝી ? અમાંન મારઝે નેં...અમાંન વાત તો કરવા દેઝે. તું અમાંન હું કરવા મારી નૉંખે ? હા રે સોરિયો હેં તે વાતો કરે, માઝી રે માઝી, આપણે વાવાંન માથે ઝોયણું ફૂલું હેં ! એ... કૉય કેવાની વાત નેં ! હું હેં’લી સોરિયો હું હેં ? હા રે મૉનવી તો હઉ માલેકે ઘરાં હેં...હા પણિયાં એક ઝોગી હેં...તે કૉય કેંવાની વાત નહીં. હારે આપણ વાવાંન માથ ઝોગિયાંનો ડેરો હેં...હા રે એંણા ડેરામાં એવું ઝોગી હેં...નૉનકલો ઝોગી. હારા ઝોગિયાંન પગમાં હેં; ઑણા ઝોગીન તો રેસમી કપરા હેં. હા ને...ઘણો ઝ રૂપાળો હરદાર હેં... અમાંન તો આવણાનું થાતું ન તું ! અમાં તો એંણાન



ઝોઈ રાં તે...હા, મોરું થઈ ગઉં !...માઝી તું નેં મૉને, નાક દીવાની હોગ ! હા..રે નયણાં ખૉડાની ધાર...! ભમરિયાં પટાંનો ! ડાબરિયાં ડોળાંનો ! હા રે મહરાઝ રે દૉંત તો ડાડમનાં બીઝ ! હા રે મુટ્ઠું ગુલાબનું ફૂલ ! ઑંખિયોમાં ભમરા લૂંબા...! ઘણો હવાદિયો હરદાર હેં ! હા રે દેઈયાંનાં ભરઝારાં તો અંગરખી ફારીન બારાં આવાં. હા ને પેડહિયાંના વાળ તો અવળાન તવળા પરેલા હેં...હા રે મહરાઝ રે મૂસોના અમોળા ઑંખિયે અડા હેં. હા રે ઝોગીન તો મોટી મોટી ઑંખો હેં. વાઘના ઝેવી ઑંખો હેં ! હા રે ઑંખો હાર ઝોવાતું નહીં...હા તે ઘણો હવાદિયો ફૂટરો હરદાર હેં ! એ...અમાંન તો આવણાનું સ મન થાતુ ંનતું...હા રે મરહાઝ રે અવણિયાં માઝી રઈન વીસાર કરે,...સોરિયો ? કાં તો મુંય આવું ! મુંય ઝોવા તો આવું ! આવો વળી તમે વખાંણ કરવા વાળો મૉનવી કેંમહો ઑણો ? હા રે મહરાઝ...રૂપાળો મૉનવી ઝોવા ઝાય... હા રે અસી રૂપાળો કુવોર. હારે મહરાઝ નૉનકા સૈયાન હઉ આહનું ઝઈ રમારેં...હારે બખનું આદમી એં કે બઈરું એં હઉ ઝુવનીમાં વાતો કરેં. હા રે પણ રઈન કેવું બોલવું ? હા રે બખનું એં તો બોલતે નેં આવરે તો હું કૉમનું ? એ...તેમાં હેં તે અવણિયાં સોરિયાંન વાત કરેં. એ... સોરિયો ? હા...રે દેખો રે બઈરાંના ખે...લ. હા રે બઈરાં નકટા કરેં. હા રે ભરેલું પૉણી ઠલવી નૉખું...હા ને તેમાં હાસું હણગાર મૉડો. હા રે હણગાર પેરે સોપતા સોપતા. મેંઘાડાંમોરનો સારણો; નાડી ગુઝણનું ફેટિયું. હા રે મહરાઝ રે બાઉ કૉસુઓ પેરે.ગળે હારસીર પેરાં. આથાં પરમાંણ ડેખળી. હા રે કૉનાં પરમાંણ ઝૂમરાં. હા રે લેલારમાં ટીલરી પારેં. વાળે વાળે મોતી હારેં. હારે મહરાઝ રે ઑસાં ઑસાં હાળુરા ઓટેં... હા રે ઓળીનો ભરકો ! વાઝિયાં ગઆંની પેંડ, કાસીનું કરપલું...હા રે મહારાઝ રે પૂરુબ દેસના પવન વાઝેં. રૂપ રૂપનું થઈ ઝાય ! એ ઉલાળી સરગે ઝાય ! સોંપી પેયાળે ઝાય ! એક ખાય બીઝાનું મઝોવા આવ ન રે પૉણ સોરિયો !





ઝોવા આવ ન રે પૉણ...
હાં હાં નૉનકલા ઝોગી ન ઝોવા આવિયાં... રા...ઝી...

સોરિયાંવાળે ઝૂમરે રે પૉણ તેમાં,
સોરિયાંવાળે ઝૂમરે રે પૉણ...
હા હા...સોરિયાંવાળે ઝૂમરે ઝોવા આવિયાં... રા...ઝી...

વાવાં ન માથે આવે રે પૉણ સોરિયો,
વાવાં ન માથે આવે રે પૉણ...
હા હા...વાવાંન માથે આવણા લાગિયાં... રા...ઝી...

બેરલાં નેંસાં મેલ રે પૉણ સોરિયો,
બેરલાં નેંસાં મેલ રે પૉણ...
હાહા માથાનાં બેરલાં રે નેસાં મેલિયાં... રા...ઝી...

ઝોગિયો ભાળ ન રે પૉણ સોરિયો,
ઝોગિયો ભાળ ન રે પૉણ...
એ નૉનકલો ઝોગી રે નઝરે આવિયો... રા...ઝી...

રૂપાળો ઝોગી હેં રે પૉણ તેમાં,
રૂપાળો ઝોગી હેં રે પૉણ...
હાહા રૂપાળો ઝોગી રે નઝરે આવિયો... રા...ઝી...

પાબુનું અણિયાળ રે પૉણ ઝગમાં,
પાબુનું અણિયાળ હેં પૉણ...
એ પાબુનું અણિયાળ નઝરે આવિયું... રા...ઝી...

ઑહુઆંના ધારોરા રે પૉણ રૉડવો,
ઑહુઆંના ધારોરા રે પૉણ...
હા...હા ! ઑહુઆંના ધારોરા સૂટવા લાગિયા...રા...ઝી...



નહીં ઝગળનો ઝોગી રે પૉણ ઝગમાં,
નહીં ઝગળનો ઝોગી રે પૉણ...
તેમાં તે રાઠોરાંનું બીઝ નઝરે આવિયું... રા...ઝી...

એ...માર...પાબુનું અણિયાળ રે પૉણ ઝગમાં,
પાબુનું અણિયાળ રે પૉણ...
માર...પાબુનું અણિયાળ નઝરે આવિયું.... રા...ઝી...

ઈયામાં આવા ન રે પૉણ તેમાં,
ઈયામાં આવા ન રે પૉણ...
દેખઝો આઈના ઝણા રે ઈયામાં આવિયા... રા...ઝી...

સાથિયાં ફૂટ ન રે પૉણ તેમાં,
સાથિયાં ફૂટ ન રે પૉણ...
દેખઝે બૉતમાની કીઝણ નઝરે આવિયાં... રા...ઝી...
ઝીવતા...!

રૂંગાં રાળ ન રે પૉણ તેમાં,
રૂંગાં રાળ ન રે પૉણ...
એ...વનારી વનારી રોવા લાગિયાં... રા...ઝી...

એ...રૉડ હાહરીમાં ઝૂતી ન રે પૉણ તેમાં,
હાહરીમાં ઝૂતી ન રે પૉણ...
એ...આઈના ઝણા રે પરા મરાવિયા... રા...ઝી...

હાહરીમાં ઝૂતી ન રે પૉણ તેમાં,
હાહરીમાં ઝૂતી ન રે પૉણ...
આઈના ઝણા રે ઈયામાં આવિયા... રા...ઝી...



આઝ તો ઈયામાં આયા ન રે પૉણ બૉતમા,
ઈયામાં આયા ન રે પૉણ...
એ ઝગમાં આઈના ઝણા રે ઈયામાં આવિયા... રા...ઝી...

(એક બાણિયો : એ ફઈ...? સાતઃ હા !)

એ...ખોટું કરું કૉમન રે પૉણ ઝગમાં,
ખોટું કરું કૉમન રે પૉણ...
એ...કુઓર મારા મેંલનાં તાળાં ખોલિયાં... રા...ઝી...

પાખળ પાખળ ફર ન રે પૉણ તેમાં,
પાખળ પાખળ ફર ન રે પૉણ...
એ વાવાંના માથે ઝોગી નઝરે આવિયો... રા...ઝી...
ઝીવતા !

મહારાઝ ! હા રે તેમાંન સોરિયાં હેં; હા તે ભરેલું પૉણી ઢોળી નૉખું. હહાન...વાવનો ઝોગી ઝોવા ઝય...એ દેખાં રે દેખાં રે બઈરાંના ખે...લ, હા રે બઈરું તો લટકા કરેં. હા રે કોઈ કણ રૂપાળો આદમી દે...ખે. હા ને કોઈની દોસ્તી બૉતેલી એં; હા તો ભરેલું પૉણી ઠલવી નૉખી; હા ને પેસણ ભેગી થાવા ઝાયે. હા પણિયાં કૉયકણ બૉનું એં તો ઝાવા મળેં...હા નકર કેંમ કરીને ઝાવું ? એ સોરિયે પૉણી ઢોળી નૉખું. હા ને હોળઈયા હણગાર મૉડા. સોરિયાં ને ઝુમરે અવણ તેમાં હેં તે ઝોગી ઝોવા ઝાય...હા રે મહરાઝ આવી રે આવી વાવાંન માથે. હા તે વાવાંન માથે આવીન તેમાં ઘરા મેલે...હા ને ઝોગીરો હેં...એ હારા ઝોગી તો ભગમાં પેરીન બેઠેલા હેં...હા ને નૉનકલા ઝોગીન તો રેસમી કપરાં હેં...હા રે મહરાઝ રે મલમલ કપરા પેરીન ઝોગીરો ફરેં. હા તે ડેરામાં હેં તે લાંબી ખૂટી તૉણીન હૂતેલો હેં...હા ને સોરિયો કરળળા કરે. હા રે મહરાઝ રે ઝટ વેળણ થાય ન ઝોગી બેઠો થાય... એ...ડેરામાં બેઠો હેં. હા રે મહરાઝ રે તેમાં ન તેમાંની સોરિયો હેં... હા રે ડેરા પાખળ પાખળ ફરતી ઝય...હા રે નૉનકલા ઝોગી ન કેવો ઝોય !



એ...નૉનકલો ઝોગી નઝરેં આવો...ઘણો રૂપાળો હરદાર. સુરુઝ ઊગીન ઝૉખો ઝાયે ! મખ પૂનમિયો સૉંદો...ર ! હા રે મહરાઝ રે તેમાં હેં તે મનમાં વીસાર કરે, ઝગમાં ભરમાં ભૂલી ગેઈ ! ખોટું કરી નૉંખું રે કૉ...મ. હા રે મહરાઝ રે આથે કરીન પેસણિયાં મેં આઈના ઝણા મરાવી નૉખા...હા ને આતો માર પાટવી પાબુનું અણિયાળ હેં. હા રે પાબુનો સ દીકરો એં એવો દેખાય...માર મોટો ભાઈ અતો એંણાનું સ મખન, એંણાનીસ ઑખ ! હા...પણ કેંમ કરીન એંણા ખોળામાં ઝઉં ? હા રે મહરાઝ રે માના ઝણા ભાઈ ઈયામાં આ...વે. ઑહુઆંના ધારોરા સૂ...ટા. હા ને તેમાં હેં તે રૂંગાં રા...ળે...(તંબૂર-સ્વર) એ રૂએં, રતરેં, ઝૂરણ ક...રે...હાહા... મેં કરું રે ઝગમાં ખોટું કૉ...મ. એ...મારા ઘરના આદમીની હારણ રઈ ન માના ઝણા પરા મરાવા ! હા રે કેંણાંન કઉ રે માના ઝણા બૉતમા ! હા રે મહરાઝ રે ઘણાં વરહ થઈ ગાં. હા પણિયાં મનં કોઈ ઝોવા મળો નેં...હહા તે...અવં ઝોવા મળહેં નેં...હા...રે ઝેંદરે ખેંસીએ ગાભણિયાંના ગાપા કાઢી નૉખેલા. હા રે કેંહ કોઈ હેં તે ઝોવા મળેં... હા રે મહરાઝ રે... રોયેં, રતરેં, ઝૂરણ કરેં. હા ને પાખળ પાખળ ફ...રે. હા...રે મહરાઝ ઝળરો કુઓર હેં તે મનમાં વીસાર કરે, ઝરૂર બાપ માર તેમલીઝ ફૂઈસ ! હા ને પાખળ પાખળ થઈ ગેઈ હેં. હા રે મહરાઝ રે ઝોગી હેં તે પૂસણાં પૂસે. હારે આડાઅવળી પૂ...સે. હા ને અવણિયાં વાત લેંય. એ...હેં તો તેમાં... ઑ આહની આવી એં તો ઑણીનું તો ઝેંબરું સ ભાગી નૉખું ! હા રે ફઈ ન મારી નૉખીન કૉય નેં કૉમ આવેં...હા રે મહરાઝ રે ઑણી રૉંડ હારણ તો ઝોવું ય નહીં...હા રે એવી કજિયાળી રૉંડો નઝરેં આવેં...હા તો આખો દન બગરી ઝા...ય. હા રે કજિયાળી રૉંડાનું મખ અદરેક થાઝો ! મૉટિયાં મરાંમણી, કળા ઘલાંમણી. હા રે મહરાઝ રે ભૂડા ખેડાની રૉંડો ફાટી પરઝો ! એ મૉટિયાં મરાંમણી રૉંડો. કોઈ એકણ વાત એં ન તો કેંર આવીન પેસણિયાં ઘરનાં આદમીન ભૂડા ન ભલી કરેં, હા રે મહરાઝ રે ગૉમ હેઝમાં થોરોક કોઈકનો પઈસો હેં. હા તે કેંણિયાં થોરુંક ઝેંમ તેંમ બોલું એં. હા તો કેંર આવીન પેસણિયાં કેંરના આદમીન ઝૂઠી ઝૂઠી વાતો કરાવેં. હા ને કજિયા કરાવેં.



રૂંગાં રાળન રે પૉણ તેમલી,
રૂંગાં રાળ ન રે પૉણ...
એ...બૉતમાની કીઝણ રૂંગાં રાળિયાં... રા...ઝી...

કેંમહા કરું રે પૉણ બૉતમા,
કેંમહા કરું રે પૉણ...
માર આઈના રે ઝણેલા કેંમહા કરિયેં... રા...ઝી...

ઝોગી પાસળ ફર ન રે પૉણ તેમાં,
ઝોગી પાસળ ફર ન રે પૉણ...
ઝોગી રે પાસળ ફરવા લાગિયાં રે... રા...ઝી...

તાઝણો રોળવે ન રે પૉણ તેમાંન,
તાઝણો રોળવે ન રે પૉણ...
રૉડવા ફીરી રે ફીરીન તાઝણો રોળિયો... રા...ઝી...

ઑખાંમાં લોઈ આયાં રે પૉણ ઝળરા,
ઑખાંમાં લોઈ આયાં રે પૉણ...
હા!હા! ફીરી રે ફીરીન તાઝણો રોળિયો... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ તેમલી,
વાતાં સોળ ન રે પૉણ...
એ હૉપળે દીકરા રે મારી વાતન... રા...ઝી...

મન રે મેળાવો કરઝે રે પૉણ કુઓરિયા,
મન રે મેળાવો કરઝે પૉણ...
એ મન રે મેળાવા તું તો કરઝે રે... રા...ઝી...

ખોળિયેં લેઝે ન રે પૉણ દીકરા,
ખોળિયેં લેઝે ન રેપૉણ...



એ...મને રે દીકરા તું ખોળે લેવઝે... રા...ઝી...

મૉટિયાં મરાંવણી રે પૉણ તેમાં,
મૉટિયાં મરાંવણી રે પૉણ...
એ લૉયાંની પીનારી દૂરી ઝાવઝે... રા...ઝી...

લોયાંની પીનારી રે પૉણ તેમાં,
લોયાંની પીનારી રે પૉણ...
ગુઝણિયામા વાવો કાળો ખેઝરો... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ તેમાં,
વાતાં સોળ ન રે પૉણ...
હૉપળે કુઓરિયા મારી વાતન... રા...ઝી...

દીકરા મનરાં વળાવું રે પૉણ કુઓરિયા,
મનરાં વળાવું રે પૉણ...
હાહા...તારા રે ફૂઆન પરો મારિયેં... રા...ઝી...

દેખઝો રૉંડ પીયરન ઝૂતી ન રે પૉણ તેમાં,
પીયરન ઝૂતી ન રે પૉણ...
એ અવેં કેંરનો રે આદમી પૂરો મરાવહેં... રા...ઝી...

નખોદ ઝાઝો ન રે પૉણ રૉંડોનું,
નખોદ ઝાઝો ન રે પૉણ...
એવી મૉટિયાં રે મરાંવણી ફાટી પરઝો... રા...ઝી...

એ'લા લોઈ પીએં ન રે પૉણ કુઓરિયા,
લોઈ પીયેં ન રે પૉણ...
માર દેસના દીવલા રે પરા મારિયા... રા...ઝી...



દેસના દીવાન રે પૉણ રાઠોર,
દેસના દીવાન રે પૉણ...
માર સૉદલિયોન પાબુ પરા મારિયા... રા...ઝી...

(એક બાણિયો : હા ! ખોટું આવું ! સાતઃ-હા !)

ખોળિયાઝ લેઝે રે પૉણ દીકરા,
ખોળિયાઝ લેઝે રે પૉણ...
ફૂઈ રે ભતરિઝો ભેળાં ઓવિયે... રા...ઝી...
ઝીવતા !

(તંબૂર-સ્વર) તો...મહારાઝ ! હહા તે...તેમાં અગળ તો ઝૂતી રે હાહરીન. હા રે ઘેંરના આદમીને ડાયસાંની કીઝણિયાં વાતો કરી... હા ને કેંર આદમી કને વાલી થેઈ; તે પોતાના માના ઝણા ભાઈ મરાવી નૉખા. હા રે મહરાઝ રે ઝેંદરા ખેંસીએ પોતાના ભાઈ મારી આલા...હા રે...મહરાઝ અવણિયાં તેમાં હેં...હા તે ઝળરા પાખળ ફરેં. હા રે વાતો કરે, એ...દીકરા! બાપુનું અણિયાળ આવે. હા ને ઘણાં વરહાં થઈ ગાં પણ મેં મારા પીયરનું કોઈ દેખું નેં. હા ને આઝ ઝોવા મળો ! એ...મન દીકરા ખોળ લે...ય. હા ને ઉં તનં ખોળે લેઉં. હા રે મહરાઝ ઝળરો કુઓર હેં...તે ઑખોમાં લોઈયાંના ધારોરા સૂટા...હા ને ઝોતોસ નહીં ને, અવળું ને અવળું ઝોઈ રેં...હા રે મહરાઝ તેમાં હેં તે પાખળ પાખળ ફરેં... હા ને વાલી થાય. એ દીકરા ? મન વાળ ! વાદળ વાળ ! હા ને માર ભેળો થઈ ઝા...હા રે મહરાઝ રે ઝળરો મનમાં વીસાર કરેં, રૉડ લોયાંની પીનારીએ લોઈ પીતાં....માર કળબામાં કાળો ખેઝરો વાવો ! ગાપણિયાંના ગાપ કટવા ! હા ને મૉનવીયાંન મરાવણી રૉડ ફાટી પરઝો ! તું માર અગળહી દૂરી ઝા...નકરિયાં ઑણીઈ કરીમાં તાઝણો રોળવું ! હા તે ઘરીની ગુંસળી વાળું...! હા રે મહરાઝ રે કુઓર હેં તે ઝોતો નહીં...હા નેં વાતો કરેં, મારા અગળહી દૂરી ઝાતી રેં...હા નકર ઑણી કરીમાં ઘૂટ ભરીન લોઈ પીઉં. હા ને ગાબળી ઑમળી નૉખતે વાર નેં કરું...હા રે મહરાઝ રે તેમાં રઈ મખરે બોલે, એ... દીકરો ? એ



ધૂણિયા વગળ મેંહ ભરાહ નહીં... હા ન તું મનં હો રિહાયે તો કેંમનો રેંહે...હા તે હાથકું તુંબલીમાંહું બીઝ ગમઈ ઝાહેં...હા પણિયાં તું માર ખોળે આવી ઝા. હા ન થાર ખોળે મન લેઈ લે...હા ને બેંય મા દીકરાં એક મત રાખિયેં. હા તો...ઉં તનં વૅર વળાવું. નકર તું મનંહો બેલ્લો (અળગો) થાહે. હા તો વળી બીઝો દાવ હેં એંણો. હા રે મહારાઝ ઝળરો હેં તે મનમાં વીસાર કરે, રૉંડોના નકટા. હા રે ઊતી રૉંડોન હું કરિયેં ? હા રે હમી હેં તો બેંન, હમી હેં તો દીકરી, હા, નકર દીકરીય મરાવેં ને બેંન મરાવેં. કેંરનું બઈરું પણ પોતાનું નેં ગણાવું ! હા રે બઈરુંય મરાવી નૉંખે... તે મનમાં વીસાર ઝળરો કરેં, કેંમ કરવું ? આવી ઊતી રૉંડોહો મેળ નહીં થાતો તો કેંમનું અવળું પરહેં ? હા રે મહરાઝ રે અવણિયાં ઝળરો હેં...તે મનમાં વીસાર કરે, હા ને તેમાં મખરે બો...લે, એ...દીકરા ? તું માર દીકરો થઈ ઝા. હા ને...માર ભેળો આવી ઝા ! થારો બાન થારા કાકા ભાઈ વળાવી લે ! હા ને વૅરી થાર ઑંખે ઘાલું ! હા ને...ઘૂંટ ભરી લોઈ પીયારું ...હા...પણ તું મનં હોઈ તો રખે વિરોધ રાખતો...! હા ! હા ! તે...ઝળરો ન તેમાં હેં તે બેય ફૂઈ ન ભતરિઝો ભેળાં પરેં; હારે... મહારાઝ રે ઝળરાના ખોળામાં તેમાં પરે... હા ને...તેમાંના ખોળામાં ઝળરો પરેં...હા રે...ભલે આવી રે દુઃખિયાંની વાત... ભલે આવી રે વેરાગી વા...ત. રૉયેં, રતરે, ઝૂરણ કરેં. હા રે મહરાઝ રે ઝળરો કુઓર ઊહકી ઊહકી રૉયેં એ...ફૂઈ...? ખોટું કરી નૉંખું ઝગમાં કૉમ. મારા કળબામાં કાળો ખેઝરો વાવો ! એ મારાંનું બીઝ નેં મેલું. હા રે... આવી તનં હું રીહો સ...રી? હા ને આવું તનં કેંમ અવળું પરું તે તેં માર ભાઈન પરા બત્તા મરાવી નૉંખા ? હા ને ગાપણિયોના ગાપ કટવા ! હા તે ફૂઈ તેં ખોટું કરું ઝગમાં કૉ...મ. હા રે મહરાઝ તેમાં રઈ મખરે બો...લેં, એ...દીકરા ? ઝે થનારી વાતો થઈ ગેઈયો. રનારી વાતો રઈ ગેઈયો. હા...પણિયાં તું એંડ તે લેઈ ઝઉં વાદળ મેંલાંમાં...હા ને વૅરી થારી ઑંખે ઘાલું. હા રે મહરાઝ રે સાથી ઉપર સરી ઝા! હા ને...ઘૂટ ભરીન લોઈ પી ઝા. હા પરાં આડાં વેંર વાળવાં. સૉદોન પાબુ મારા દેસના દીવા ! ઘોરિયાંના સરનાર..તે એંણાંના મારનારન ઑંખિયે ઘા...લું! હા તે વૅર હેં તે તનં વળાવું...હા રે મહરાઝ રે ઝળરો કુઓર હેં. હા તે ફૂઈ હાથેં કેવો હેંડી નેંકરો ! હા તે ફૂઈ ભતરિઝો



ખેરિયાં થકાં ઝય. હા રે મહરાઝ રે આવેં વાદળ મેંલાંમાં. હોરો રેં હુંકારાંના દેનાર; ઝુગ ઝાય ન વારતા આગી હા...લે. ખમા !

વાતાં સોળ ન રે પૉણ તેમાં,
વાતાં સોળ ન રે પૉણ...
તે...માં માઝી રે વાતાં સોળિયાં... રા...ઝી...

હૉપળઝે દીકરાન રે વાત મારી,
હૉપળે દીકરાન વાત...
હૉપળે...કુઓરિયા મારી વાતન... રા...ઝી...

મારાં મેંલાંમાં ઝાય રે પૉણ કુઓરિયા,
મારાં મેંલાંમા ઝાય રે પૉણ...
મારાસ રે મેંલાંમા આપણે ઝાવિયેં... રા...ઝી...

વીસાર મૉડ ન રે પૉણ કુઓરિયા,
વીસાર મૉડ ન રે પૉણ...
એ'લા મનમાં રે વીસાર મૉડવા લાગિયો... રા...ઝી...

ખેઝરો વાવિયો ન રે પૉણ ફૂઆળી,
ખેઝરો વાવિયો ન રે પૉણ...
એ રાઠોરાંનાં બીઝ નહીં મેલિયાં... રા...ઝી...

(એક બાણિયોઃ એ આખા ગુઝણિયામાં ખેઝરો વાવો હેં એ !
સાત : હા!)

આઝ તો વાલી વાલી બોલ ન રે પૉણ ફૂઆળી,
વાલી વાલી બોલ ન રે પૉણ...
માર... મૉટિયાં રે મરાંવણી વાલી બોલિયાં... રા...ઝી...

હાં મનરાં વાળઝે ન રે પૉણ કુઓરિયા;



મનરાં વાળઝે ન રે પૉણ...
મારાં રે મેંલાંમાં તમે આવઝો... રા...ઝી...

એ તેમાં મનવેંણાં કરેં ન રે પૉણ,
તેમાં મનવેંણાં કરેં ન રે પૉણ,
એ'લા...ઝળરા રે કુઓર ન લેઈન ઝાવિયાં... રા...ઝી...

એ કુઓરિયો અગળ ઓયો ન રે પૉણ ઝળરો,
અગળ ઓયો ન રે પૉણ...
માર તેમાં રે ફૂઆળી વૉહળ આવિયાં... રા...ઝી...

ખેરિયાં ઝાવા લાગાં રે પૉણ કુઓરિયો,
ખેરિયાં ઝાવા લાગાં રે પૉણ...
ફૂઈના રે મેંલાંમાં ઝાવા લાગિયો... રા...ઝી...

ધરમર સરિયો રે વાદળિયાં મેંલ પૉણ... કુવોરિયો,
ધરમર સરિયો રે પૉણ...
એ તો...ધરમર રે સરિયો રે વાદળિયાં મેંલ રે... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ ફૂઆળી,
વાતાં સોળ ન રે પૉણ...
એ...હૉપળઝે સોરિયો રે મારી વાતન... રા...ઝી...

ઢોલીરા ઢાળઝો ન રે પૉણ સોરિયો,
ઢોલીરા ઢાળો ન રે પૉણ...
એ...રૉડો ઢોલિયા રે ઢાળી ન હીરખી વૉસઝો... રા...ઝી...
ભલાઈ ! ઝીવતા !

ઝાયેરિયાની હેરી બઝારે ગાં... ગૉમનાં લોકાં એરવા આવેં... હારે ગૉમનાં લોકાં ઝોઈન બોલાં, ઓઈ બાપલિયા આવો હરદાર કુણ ? કેંણાં



ધણિયાંના બીઝ...? હા રે... હૉમું ઝોવાતું નહીં...! હુરુઝના ઝેવું તે...ઝ ! હા રે... મહારાઝ ઘણો ફૂટરો હરદાર ! હા રે આટાંમાં વેપાર કરતા વૉણિયા ઝોઈ રેં...હા રે...પૉણી ભરવા ઝનારી બાઈયો, પૉણીની પનિયારિયો ઝોઈ રેં. હા રે...કૉમ કરવું એ ંતો લોકે તો બંદ કરી દેતું'લા ! હા ને...કુઓરન કુઓર હારણ ઝોઈ રેં...હા રે...સાથિયોમાં કોઈક તો ઢેંકો ઝીકેં ! હા ને...કુઓર હારણ અવેં કેવાં ઝોય...કુઓર હેં તે ખેરિયે થકો ઝા...ય. ફઈ ન ભતરિઝો હેંડી નેંકરાં...હા...ને વાદળ મેંલાંમાં ઝ...ય. વાદળ મેંલાંમાં ઝઈ ન પેસણિયાં ફૂઈ વાતો કરે...રે, એ...સોરિયો ? નહીં ઢીલાંના કૉમ. ઝટ ઝટ ઢોલિયા ઢાળાં. હીરખી વૉસાં. હા ને એ સોરિયો, તેલ લેતી આવાં અંતરનું. કસતૂરીનાં તેલ સૉટાં. હા તે અંતરાંના ધોળા પરેં...હા ને કસતૂરીના ભભકા પરેં...ફૂલરાંના ગઝરામાં. માર આઝ તો ભાઈનો દીકરો આવો હેં...! એ તમે સોરિયો એકી વઈરા ઢોળાં...હા ને એકી તો...તાંબાવટ પૉણી ઊનાં મેલાં...હાને આલી આલી સાકરિયો કરવી પરેં. નહીં ઢીલાંનાં કૉમ...એ...સોરિયો, ઝટ ઝટ તમે કૉમ કરાં. સપાગિયાંની ઝી...પ ! અપાગિયાંના પૉગ ટૂટી પરે! સોરિયો ભણિયાં ભણિયાં કૉમ કરે. હા રે એકીકી તો પૉણી ઊનાં મેલે. હા ને એકી તો ખાવાનું નૉતવા બેહી ગેઈયો. હા ને...એકી હેં તે ઝેન તે કૉમાં કરેં. ઢોલિયા ઢાળા, હીરખીઓ વૉસી...હા તે કુઓર હેં તે અવણ ઢોલિયે ઝાઈ કેવો વરાઝ થાય ! હા રે મહરાઝ તેમાં મખરે બો...લે, એ સોરિયો ! ઝૉ રે ઝૉ રબારાં વાળેં. સટકતી નળિયાંના સલા લેતી આવાં. હા નેં...એકી ઝોવ આટે બઝારે. મરી મસાલા લેઈ આવાં...હા નેં સોખાં કી લેતી આ...વાં. નહીં રે બાઈયો ઢીલાંનાં કૉમ. સોરિયો હેં તે ભણિયાં ભણિયાં કૉમ કરે. હા ને તેમાં હેં તે અવણ ઢોલિયા હારણ ઝોય. હા ને...માયલો કુપળ સૉડે. હા ને ઘણું હવાદિયું લા...ગેં. સાથીમાં મોટી ઢેંક ઝીકેં...ઝાહ રે બાપલિયા. ભરમા ભૂલ ગેઈ! ઝો આઝ માર ઑંગણાં કેવાં ફૂટરાં લાગે... હાઈ! માર કેંમહા કરું આઈના ઝણા બૉતમા! પાબુન સૉંદો દેસના દીવા. આથેં કરીન મરાવી નૉખા...! એંણાંનો દીકરો આઝ બેઠો હેં ઢોલિયેં. મારા ઢોલિયા ફૂટરા દેખાંય! હા નેં વાદળ મેંલાં ફૂટરાં દેખાંય! હા તે માના ઝણા ભાઈ ઈયામાં આવી ગા... ધૂહકે ધૂહકે રૂએ...



સરાવણ ભાદરવો કરેં... હા રે... દેખો રે બૉતમો વેરાગી વા... ત. હા રે ભાઈયાં વગળનું તો ઘણું ખોટું હેં... હા તે તેમાં હેં તે અવણ વાળી વાળી ગોડિયાંન કેવી રોયેં! હોરો રેં હુકારાંના દેના.. ર. ઝુગ ઝાય ન વારતા હાલે...

રોયેં, રતરેં ન રે પૉણ તેમાં,
રોયેં, રતરેં ન રે પૉણ...
રોયં રે રતરેં ન ઝૂરણ મૉડિયાં... રા...ઝી...

કેંમહા કરું ન રે પૉણ, બૉતમા,
કેંમહા કરું ન રે પૉણ...
ઓ... હ માર સૉદરિયો પાબુ રે કેંમહા કરિયેં... રા...ઝી...

એ... તેમાં રે રતરેં ન રે પૉણ તેમાં,
રોવેં રતરેં ન રે પૉણ...
બૉતમાની કીઝણ રોવા મૉડિયાં... રા...ઝી...

કૉસળી પેંહલીના રે પૉણ બૉતમો,
કૉસળી પેંહલીના રે પૉણ...
કૉસળી રે પેંહલીના વના કેંમ કરિયે... રા...ઝી...

આ... એ તો સાકરીની કીઝણ રે પૉણ મૉટિયો,
સાકરીની કીઝણ રે પૉણ....
એ... ખાવાની કીઝણ મેંણાં બોલહેં... રા...ઝી...

કૉસળી પેંહલીની રે પૉણ બેંનો,
કૉસળી પેંહલીની રે પૉણ...
કૉસળી રે પેંહલીની બેંનિયાં વાઝિયાં... રા...ઝી...

એતો... હાળુરાં ઓઢવા ન રે પૉણ બૉતમો,
હાળુરાં ઓઢવા ન રે પૉણ...



એ... હારલાં રે ઓઢવા રે મેઠું બોલહેં... રા...ઝી...

આઈની ઝણી ન રે પૉણ બેંનિયો,
આઈની ઝણી ન રે પૉણ...
એ...આઈની રે ઝણી રે કેંમહી કરિયેં... રા...ઝી...

મરતાની વેળા ન રે પૉણ... બૉતમો,
મરતાની વેળા ન રે પૉણ...
એ... ઘણાં રે ઘણાં રે હાવણાં કરહેં... રા...ઝી...

બૉતમા મરહેં ન રે પૉણ મૉટિયો,
બૉતમા મરહેં ન રે પૉણ...
એ... બાઈન ઘણાં રે ઘણાં રે હાવણાં કરહેં... રા...ઝી...

સાથિયાં કૂટેહેંન રે પૉણ બેંનરી,
સાથિયાં કૂટેહેંન રે પૉણ...
બાઈ તો વનારી વનારી રૂંગાં રાળહેં... રા...ઝી...

એ... પેંહલીની બેંનરીન રે પૉણ મૉટિયો,
પેંહલીની બેંનરીન રે પૉણ...
એ તો... મૉનવી રે દેખીન રૂંગાં રાળહેં... રા...ઝી...

એતો આઈની ઝણી બેંનરી ન રે પૉણ બૉતમા,
આઈની ઝણી બેંનરી ન રે પૉણ...
એ...આઈની રે ઝણી રે કેંમહી કરિયેં... રા...ઝી...

એ... બાઈયો કૉસળી પેંહલીના રે પૉણ બૉતમા,
કૉસળી પેંહલીના રે પૉણ...
કેખા ખાવાની કીઝણ મેંઠું બોલહેં... રા...ઝી...



એક દન ભૂખા ઝાહેં ન રે પૉણ બૉતમા,
ભૂખા ઝાહેં ન રે પૉણ...
હાંહાં... એ બોલત રે ઓસું રે કરીએ મૉન હેં... રા...ઝી...

એ તેમાં... ઘણી દોરી ઓયાંન રે પૉણ તેમાં,
દોરી ઘણી ઓયાં રે પૉણ...
હાહા બૉતમાંની કીઝણ રોવિયાં... રા...ઝી...

આટે બઝારે રે પૉણ તેમાં,
આટે બઝારે રે પૉણ...
એ આટેન બઝારે ઝાવા લાગિયાં... રા...ઝી...

હાં હાં... કુભારિયાના ઘૅર રે પૉણ તેમાં,
કુભારિયાના ઘૅર રે પૉણ...
અવ કુભારિયાના ઘૅર આવણા લાગિયાં... રા...ઝી...

એ ઝાય કુભારનાં ઘૅરાં રે પૉણ તેમાં,
ઝાય કુભારનાં ઘૅરાં રે પૉણ...
હા! હા... કુભારિયાના ઘૅર આવણા લાગિયાં... રા...ઝી...

એ... વાતાં સોળ ન રે પૉણ તેમાં,
વાતાં સોળ ન રે પૉણ...
એ... કુભારિયા હૉપળે વીરા રે મારી વાતન... રા...ઝી...

એ...કુભારિયા મોટાં પરાં કૉમન રે પૉણ કુભારિયા,
મોટાં પરાં કૉમન રે પૉણ...
એ કૉમની કીઝણ અમે આવિયાં... રા...ઝી...

એ બૉતમા બતેંક પરી આલેન રે પૉણ કુપારિયા,
બતેંક પરી આલેન રે પૉણ...

ઙ઼ઙ઼ઙ઼ઙ઼ઙ઼ઙ઼

હાહા... બેં ખાંનારી બતેંક મનં આલઝે... રા...ઝી...

હોહો... કુભારિયો બતેંક આલેં ન રે પૉણ કુભારિયો,
બતેંક આલેં ન રે પૉણ...
હા! હા!.. બેં ખાંનારી બતેંક આલવા લાગિયો... રા...ઝી...

એ તેમાં બતેંક લેય ન રે પૉણ તેમાં,
બતેંક લેયે ન રે પૉણ...
એ... બે ખાંનારી બતેંક લેવા લાગિયાં... રા...ઝી...

ઝાય કલાળન ઘૅર રે પૉણ તેમાં,
ઝાય કલાળન ઘૅર રે પૉણ...
હાહા... કલાળિયાને ઘૅર ઝાવા લાગિયાં... રા...ઝી...

કલાળિયો વાત સોળ રે પૉણ માઝી,
કલાળિયો વાત સોળ રે પૉણ...
એ... માઝી કેતરે કૉમે રે તમે આવિયાં... રા...ઝી...

એ હદા સોરિયાં આવતી ન રે પૉણ માઝી,
સોરિયાં આવતી ન રે પૉણ...
એ'લી... પોતે રે તમે રે કેંમ આવિયાં... રા...ઝી...

(એક બાણિયોઃ એ પોતે રે કેંમ આવણું પરું હે? સાતઃ હા!)

બૉતમા માર મોટાં કૉમ રે પૉણ કલાળિયા,
મોટાં પરાં કૉમન રે પૉણ...
બૉતમા કૉમની કીંઝણ અમે આવિયાં... રા...ઝી...

એ... બૉતમા પરતી ભાટિયાંનો રે પૉણ દારૂરો,
પરતી ભાટિયાંનો રે પૉણ...



પરતી રે ભાટિયાંનો દારૂરો આલઝે... રા...ઝી...

બૉતમા પરતી રે ભાટીનો રે પૉણ કલાળિયો,
પરતી... ભાટીનો રે પૉણ...
પરતી રે ભાટીનો દારૂરો આલઝે... રા...ઝી...

હો... કલાળિયો દારૂરો આલ ન રે પૉણ કલાળિયો,
દારૂરો આલ ન રે પૉણ...
હે! હે... પરતી રે ભાટીનો દારૂરો આલિયો... રા...ઝી...
ઝીવતા! ભલાઈ! ઝીવતા!

હા રે કુપાર રઈન વાતો ક... રે; એ... માઝી! હદા તો આવતી સાકર સોરિયો. હા ને સરા સપાઈ આવતા. આઝ પોતેં કેમ આવણું પરું? હું પરી ગાં મોટાં કૉ... મ? હા... તે મહરાઝ... માઝી રઈ મખરે બોલે, એ ભઈયા! હા... રે માર મોટું કૉમ પરું હેં. બેં ખાંનાં વાળી બતેંક. હા તે... બતેક મનં આલાં. હા... રે મહરાઝ..., એ તો બખનો કારીગર એ ઘરી હકેં. હા... રે બખનો કુભાર અતો એંણે ડાયરો હેં એક, અસલ બતક ઘરી. બેં ખાંનાં વાળી બતેંક. હા નેં અવણિયાં બતક કેવી લેવા લા...ગી! હા... તે બેં ખાંનારી બતેંક લે...ય. હા ને... ખેરિયે થકી પાસી વળે. એ... આવેં રે કલાળીના ઘે...ર. હા... રે તેમાં રૉણીન આવતે દેખીન કલાળ હેં તે અગેહળો ઝા... ય. હા... ને પૂસણાં પૂસેં, એ... માઝી... હદા તો સરા સપાઈ આવતા. આઝ પોતે કેંમ આ...વાં? હું હરખું મોટું કૉમ પરું? એ ભાઈયા પરતી ભાઠીનો દારૂ આ...લ. હા રે... દારૂનું પરું મોટું કૉ...મ. કલાળ હેં તે દારૂ આલેં. તેમાં દારૂ લેય. હા રે એક ખાંનામાં દારૂ ભરેં. હા ને અવણિયાં ખેરિયે થકી કેવી ઝાય. (તંબૂર-સ્વર) તે... ખેરિયે થકી આ...વેં. હા... રે આટે ને બઝારે ફરેં. હા રે એક ઝેંરનો કૂપો લેંય. હા રે... મૉનવી મરી ઝાય, ટાંડુ ઢોર મરી ઝા...ય! ઝીવ ઝનાવર કોઈ ઝેંરનો કૂપો પી ગઉં તો ઝેંર પી ઝાય તો મરી ઝાય... હા રે ઝેંર લેંય. હા નેં એક ખાંનામાં, બતેંકમાં ઘાલેં... ઝેંર, હાને એક ખાંનામાં પૉણી. હા... રે લેઈન ઘેર આવેં. હા રે દેખાં બઈરાંના



ખેલ...! હા રે મહરાઝ નૉનકી અતી... નૉનકી નતી પણિયાં, પેંર ઝોવનિયાંમાં આવી! હા ને લાડાન પણ્ની! હા રે મહરાઝ ડાયસાંની કીઝણ માના ઝણા ભાઈ અતા તે બતા મરાવીન અવણ પીયરન ઝૂતી હેં! એ... અવણ કેંરના આદમીનું હું થાય એ ઝોઈયેં. હોરો રે હુકારાંના દેનાર; ઝુગ ઝાયન વારતા હા... લે.

દેખાં રૉંડોના ખેલ રે પૉણ મૉટિયો,
દેખાં રૉંડોના ખેલ રે પૉણ...
દેખઝો રે બઈરાં રે વાળા ખેલ રે... રા...ઝી...

ઘેર આવાં ન રે પૉણ તેમાં,
ઘેર આવાં ન રે પૉણ...
વાદળ રે મેંલાંમાં આવણા લાગિયાં... રા...ઝી...

હાંહાં... સલા ઑણાન રે પૉણ સોરિયો,
સલા પરા ઑણા ન રે પૉણ...
હા... સટકતી નળિયાંના સલા ઑણિયા... રા...ઝી...
હો...ઝી...

હોહો... તેમાં વાતાં પરી સોળ ન રે પૉણ તેમાં,
વાતાં પરી સોળ ન રે પૉણ...
એ હૉપળઝો સોરિયો રે... મારી વાતન.. રા...ઝી...
હાં હાં ઝી...

એ સોરિયાં મરી મસાલાં વાટઝો રે પૉણ સોરિયો,
મરી મસાલાં વાટઝો રે પૉણ...
બાઈઓ નહીં રે ઢીલાં રે વાળાં કૉમ ને... રા...ઝી...
હો...ઝી...



હાંહાં તેમાં કસેરિયાંમાં ઝાવેં રે પૉણ તેમાં,
કસેરિયાંમાં ઝાવેં રે પૉણ...
એ કલેંમ રે કસેરિયે ઝાવા લાગિયાં... રા...ઝી...
હો...હો...ઝી...

કસેરિયો ભરાંણી રે પૉણ ઝગમાં,
કસેરિયો ભરાંણી રે પૉણ...
એ'લા ઝેંદરાની કસેરીઓ ભરાવા લાગિયો... રા...ઝી...

(એક બાણિયોઃ હો... હો!- હા!)

વાતાંના તદમાટા રે પૉણ ખેંસીઓ,
વાતાંના તદમાટા રે પૉણ...
હા કસેરિયાંમાં તદમાટો રે ઊડિયો... રા...ઝી...

વાતાં સોળ ન રે પૉણ ઝેંદરો,
વાતાં સોળ ન રે પૉણ...
એ... હૉંપળઝો હરદારો મારી વાતન... રા...ઝી...

એ... હદા સોરિયાં આવતી ન રે પૉણ ઝગમાં,
સોરિયાં આવતી ન રે પૉણ...
મૉટિયો તેમાં રે રૉણી રે આઝેં આવિયાં... રા...ઝી...

(એક બાણિયોઃ એ આઝ હું અહેં'લા? સાતઃ હા!)

રૉણી પોતેં આવી ન રે પૉણ હરદારો,
પોતેં આવી ન રે પૉણ...
હાહા રે... હુંય રે પરાં મોટાં કૉમ રે... રા...ઝી...

ઊભો ઓઈયો ન રે પૉણ ઝેંદરો,



ઊભ્મો ઓઈયો ન રે પૉણ...
હાહા... તેમાં રે રૉણી ન પૂસવા લાગિયો... રા...ઝી...

(એક બાણિયોઃ એ રૉણી? સાતઃ હા!)

એ... રૉણી હુંય પરાં ન રે કૉમ રૉણી,
હુંય પરાં ન કૉમ...
એ'લી હુંય રે પરાં મોટાં કૉમ રે... રા...ઝી...

બોલાવણા આવી ન રે પૉણ રાઝા,
બોલાવણા આવી ન રે પૉણ...
એ... તેમાંને રે બોલાવણા અમે આવિયાં... રા...ઝી...
હો... હો... ઝી...

મોટાં પરાં કૉમ ન રે પૉણ રાઝા,
મોટાં પરાં કૉમ ન રે પૉણ...
એ'લા તમાંન રે બોલાવણા ઉં તો આવિયાં... રા...ઝી...
હો... હો... ઝી...

ઝેંદરો વાતાં સ્સોળ ન રે પૉણ,
ઝેંદરો વાતાં સોળ ન રે પૉણ...
એ'લા હૉપળઝો હરદારો રે મારી વાતન... રા...ઝી...

રૉણી બોલાવણા આવી ન રે પૉણ હરદાર,
રૉણી બોલાવણા આવી ન રે પૉણ...
આપણી રે કસેરિયે આઝ આવિયાં... રા...ઝી...

હીખોમતો દેવ ન રે પૉણ ઝેંદરો,
હીખોમતો દેવ ન રે પૉણ...
હાહા... કાકાં ભાયાંન હીખો દેવા લાગિયો... રા...ઝી...



કાલેં ભેળા ઓવહું રે પૉણ બૉતમો,
કાલેં ભેળા ઓવહું રે પૉણ...
આપણે ઝાઝમાંના માથે રે ભેળા ઓવહું... રા...ઝી...

એ... બૉતમો... આપણું સોળહું દલાંની વાતો રે પૉણ,
બૉતમો સોળહું દલાંની વાતો રે પૉણ...
એ આવતી રે કાલ ભેળા ઓવહું... રા...ઝી...

કસેરિયાં વેરાંણી રે પૉણ ખેંસિયો,
કસેરિયાં વેરાંણી રે પૉણ...
હઉ હઉના ઘેર હરદાર ઝાવિયા... રા...ઝી...
હો... હો...ઝી...

એ... તેમાં કસેરિયો હૂની પારી રે પૉણ,
તેમાં કસેરિયો હૂની પારી રે પૉણ...
હાંહાં... મૉટિયાંની કસેરિયાં હૂની પારિયાં... રા...ઝી...

એ હરદાર હઉ હઉ ને ઘેંરે ન રે પૉણ,
હરદાર હઉ હઉ ને ઘેંર ને રે પૉણ...
હઉ હઉ ને ઘેંરે રે ઝાવા લાગિયા... રા...ઝી...

રાઝાન લેઈન આવેં ન રે પૉણ તેમાં,
લેઈન આવેં ન રે પૉણ...
હાહા... અગળ કરીને લેઈને આવિયાં... રા...ઝી...

મરવણા લેઈ આવે રે પૉણ તેમાં,
મરવણા લેઈ આવે રે પૉણ...
હાહા... વાદળ રે મેંલાંમાં લેઈન આવિયાં... રા...ઝી...



મખરેં બોલેં ન રે પૉણ તેમાં,
મખરેં બોલેં ન રે પૉણ...
હૉપળાંને રાઝા રે મારી વાત રે... રા...ઝી...

એ... રાઝા નવી વાત આવી રે પૉણ,
એ રાઝા નવી વાત આવી રે પૉણ...
આઝ તો નવલરી વાતો આપણેં આવિયાં... રા...ઝી...

હાહા... મૉનાં તો વાત સોળું રે પૉણ રાઝા,
મૉનાં તો વાત સોળું રે પૉણ...
માર ઘણી રે હવાદી વાતો ઓવિયો... રા...ઝી...

ઝીવતા! ઝીવતા! ઝીવતા!
એ રાઝા હાળાં બનેવીઆંની જોરીઓ રે પૉણ,
રાઝા હાળાં બનેવીઆંની જોરીઓ રે પૉણ...
હાહા... કેંણે કેંઈયેં હાળાં બનેવીઆંની જોરીઓ...રા...ઝી...

(એક બાણિયોઃ એ એંમ કરીન સેતેં હેં! સાતઃ હા!)

હીયામાં આવા ન રે પૉણ હાળા,
હીયામાં આવા ન રે પૉણ...
એ ઝેંદરા ન સૉદો રે પાબુ હીયામાં આવિયા... રા...ઝી...

એ મારા ફૂટરા હાળા ન રે પૉણ ઝગમાં,
એ મારા ફૂટરા હાળા ન રે પૉણ...
એ સોપતા રે હાળા રે પૂરા મારિયા... રા...ઝી...

એ ઝેંદરો રૂંગાં રાળેં ન રે પૉણ,
ઝેંદરો રૂંગાં રાળેં ન રે પૉણ,
બાપ રે હાળાં રે કીઝણ રૂંગાં રાળિયાં... રા...ઝી...



કેંમહા કરું ન રે પૉણ હાળા,
કેંમહા કરું ન રે પૉણ...
રૉણી હાળાંની જોરિયોં રે કેંમહી કરિયેં... રા...ઝી...

મખરેં બોલે ન રે પૉણ રૉણી,
મખરેં બોલે ન રે પૉણ...
એ'લા હૉપળ કેં રાઝા રે મારી વાતન... રા...ઝી...

લોકને વાતે રઈયો રે પૉણ રાઝા,
લોકને વાતે રઈયો રે પૉણ...
ઝાતે રે દને રે હઝમેંણ આવિયાં... રા...ઝી...

એ રાઝા જોરિયેં બેહારું રે પૉણ રાઝા,
જોરિયેં બેહારું રે પૉણ...
હાળાનો દીકરો રે જોરિયેં આવિયો... રા...ઝી...

દુઃખિયો માં ઓઝે રે પૉણ રાઝા,
દુઃખિયો માં ઓઝે રે પૉણ...
એ હાળાંની કીઝણ દુઃખિયો મતી ઓવઝે... રા...ઝી...

એ... રાઝા પાબુનો દીકરો ન રે પૉણ રાઝા,
પાબુનો દીકરો ન રે પૉણ...
હાહા ઘણે રે દને રે નઝરેં આવિયો... રા...ઝી...

એ રૉણી આપણ લેઈન આવઝે રે પૉણ,
રૉણી આપણ લેઈન આવઝે રે પૉણ...
હાહા... હાળાંનાં બીઝ માર ઝોવણાં... રા...ઝી...

એ... બાપરા અરખેં ભરેંણો રે પૉણ રાઝા,
અરખેં ભરેંણો રે પૉણ...

ઌઌઌઌઌઌ

હાહા હાળાંની કીઝણ વનેખા કરિયાં... રા...ઝી...

આપણ મેંલાંમાં આવો ન રે પૉણ રાઝા,
મેંલાંમાં આવો ન રે પૉણ...
હાહા... આપણા રે મેંલાંમાં કુવોરિયો આવિયો... રા...ઝી...

(એક બાણિયોઃ કેથો હેં રે રૉણી મનં ઝટ ઝટ ભેળો કરકેં?- હા!)

એ રૉણી ઝટ ઝટ ભેળો કરઝે રે પૉણ રૉણી,
ઝટ ઝટ ભેળો કરઝે રે પૉણ...
હાહા હાળાંની હળુ રે મનં આવિયાં... રા...ઝી...

બોલાવી આવું ન રે પૉણ રાઝા,
બોલાવી આવું ન રે પૉણ...
હાહા... ઢોલિયા માથે તમે બેહઝો... રા...ઝી...

ઝરાપ નેં રે આવેં રે પૉણ તેમાં,
ઝરાપ નેં રે આવેં રે પૉણ...
હાહા... કુવોરિયાને વાતાં સોળવા લાગિયાં... રા...ઝી...

હૉપળે દીકરા રે વાત મારી,
હૉપળે દીકરા રે વાત...
એ... હૉપળ કેં કુઓરિયા મારી વાતન... રા...ઝી...

ઊનેરો માં ઓવઝે રે પૉણ કુવોરિયા,
ઊનેરો માં ઓવઝે રે પૉણ...
એ’લા ઊના રે અસુબરા મતિ ઓવઝો.... રા...ઝી...

(એક બાણિયોઃ એ આહી મળીન બેહઝો! સાતઃ હા!)

દીકરા મનરાં વળાવું રે પૉણ કુવોરિયા,



મનરાં વળાવું રે પૉણ...
દીકરા ઉતવાળિયાં પગલાં રે મતિ ભરઝે...   રા...ઝી...

મેળ પરો કરાવું રે પૉણ કુવોરિયા,
મેળ પરો કરાવું રે પૉણ...
એલા ફૂઆ રે ભતરીઝનો મેળ કરિયેં...   રા...ઝી...
ભલાઈ! ઝીવતા!

(તંબૂર-સ્વર) તો મહરાઝ? હા તે તેમાં રૉણી હેં; હા તે... ઝેંદરાન લેઈન આવેં... આવી રે વાદળ મેંલાંમાં. હા તે ઝળરો કુવોર બેઠો બીઝા ખડમાં. હા રે સાકર સોરિયો સેવા કરેં. હા નેં... વેંજણ વઈરા ઢોરેં. હા રે કુવોર બેઠો બેઠો મૂસે આથ ઘાલેં. મૂસિયાંના અમોળા વાળે. હા! હા! ને... મનમાં વીસાર કરે, આ કેવોક ફૂઓ અહેં! આખા ગુઝણિયામાં ખેઝરો વાવો! આકોરિયા ઉગારા! તે ફૂઆન ઝોવો તો અતો! મનનો મનમાં ઝળરો વીસાર કરે, આવો કેવો ફૂઓ? એ...રાઠોરાંનું બીઝ નેં મેલું. હા ને ગાપણાં બઈરાંના ગાપ કાઢા! પેટો ફારી ફારી, પેટો ખેંસી ખેંસી ગાપ કાટી, હા ને અતા એતરામાં અમારું મૂળ ગમી નૉખું.... ઑણા ફૂઆન તો કેંણી વેળ ઑંખે ઝોવું તો મારું મન વળે... હા રે મહાઝ મનનો મનમાં વીસાર કરેં ઝળરો. સાકર સોરિયો હેં તે સેવા કરેં...

હા ને તેમાં રૉણી હેં તે રાઝાન લેઈન આવી મેંલમાં... હા રે બીઝા ખડમાં ઝળરો બેઠો ને બીઝા ખડમાં રાઝાન રૉણી બેઠાં... હા રે તેમાં રૉણી મખરે બોલે, એ રાઝા? ના... ના... રાઝા રઈ મખરે બો...લે, રૉણી રે રૉણી! હું પરું મોટું કૉમ? આઝ તું પોતે હાદેવા આવી! પોતે બોલાવણા આવી. કૉયક તો આઝ મોટું કૉમ પરું... હા રે તેમાં રૉણી રઈ મખરે બોલે, એ મારા ઘેરના ભરથાર! હા રે... આઝ તો... (તંબૂર-સ્વર) એ... રૉણી રઈ મખરે બોલે, એ રાઝા, આઝ તો આપણે નખા બખનું કૉમ આવું. હા ને મું વાત કરું એ હૉપળ... તે આઝ તનં કસેરીમાં આવણું પરું હેં વણટેંમું. હા ને તનં આઝ થોરું થોરું દઃખ લાગું... એ રાઝા રે રાઝા! થાર કાકાં ભાયાં



ભેગો બેઠેલો અતો. તે થાર કાકાં ભાયાંહું ઉઠવું પરું હેં ન તનં મનમાં થોરુંક ખોટું લાગું હેં! રૉંડે આઝ મનં બોલાવો વગર ટેંમો. હા ને માર બત્તા કાકા ભાઈની કસેરી વેરાઈ ગેઈ. એવું થાર મનમાં લાગું હેં. પૉણ તું વીસાર કર, મારી હું દસા થઈ? તું આઝ ઘરી એક થાર ભાઈયો હારણ ઝુદો પરો હેં તો પણ રેંવાતું નહીં. હા ને માર મોટિયાર ગાળામાં, ઝોવનાંમાં અતી તે દિ' મારા ભાઈ દે... ખા. હા ને આઝ હુદી કોઈ પીયોરનું નઝરે નહીં પરતું... મારો ઝીવ રાઝા કેવો અહેં? હા ને... મારે કેંમ કરી મન વાળવું? હઉ હેં તે કાકાં ભાયાંના ટોળામાં ફરેં. હા ને હઉને ભાઈ હેં તે આવેં, ઝય, ફરેં... હા ને ભાઈયાંન ઝાઈ ન ઊપી રેં. ભાઈયાંન બાઈયો ઝાય, બાઈયાંન ભાઈયો ઝાય. વાર કે તેવારે ઝા... ય; હા તે ભેળાં થઈન આવેં. માર કોઈ દાતરાના આથા એતરાં નહીં! કેંણાં ને ઝઉં? હા ને માર કેંણાંના ભાઈ કરું? એ રાઝા! મનં વાત ઈયાદ આવી હેં... તે એતણ તનં લાવી... (તંબૂર-સ્વર) ઓ... મહરાઝ! હા રે રૉણીએ વેરાગી વાત કાઢી... હા રે.... મનમાં વીસાર રાઝા કરેં, રૉણી વાતએં હાસી કરે... એ રૉણી! તે દિ' આપું ઝોઈ હકાં નેં... તેંયે નેં ઝોયું ન મેંયે નેં ઝોયું... હા ને થાનારી વાતો થઈ ગેઈ... દલ રે દઃખ માં ઑણ... હા નેં થારો ઝીવ ન મારો ઝીવ બેય આપણેં હૈય એતરા દન તો તનં દઃખી નેં કરું. હા પણ ભાઈને વાસ્તે ઘણી રોઈ મરઝે માં... અરે! અરે! રાઝા! હઉ દેરણિયો, ઝેઠણિયો, કાકીઓ, પાબીઓ. હઉને હેં... પણ દેરણિયો, ઝેઠણિયો, કાકીઓ, પાબીઓ માર નહીં. એ ને ઉં કેંમ કરીન મનવાળું! હઉ હાળાન બનેવી બધા ભેગા બેહે... હા તે... ઢોલિયે બેહે ને મઝા કરે. હા ને થાર તું આ ઉમરે એખલો થઈ ગો. કોઈ આવીન ઊપું રેંતું નહીં. રાઝા રે રાઝા મું થાર ઝીવને કારણે થારા મેંલાંમાં રઈ. હા, પણ માર હગું વાલું કોઈ નહીં. એ અવેં તમાંન પરણાવું ઠીક અતું. ઉં માર કળબાની કીઝણ ઘણી દુઃખી હું. હા રે દેખો રે બાઈયો... હા રે વેરાગી વાતો... હા રે આથેં કરીન ભાઈ મરાવી નૉખા. હા ને આઝ પાસી વાતો કરેં એ દેખો. ઝૂતી ઝૂતી ઘૅરના આદમીને. હા તે માના ઝણા ભાઈ મરાવા ! આઝ ઝૂતી હેં પોતાના ભાઈ ન...! હા રે ભતરીઝા હારણ રઈન પેસ ઘૅરના આદમીન મરાવે... એવી એવી રૉંડો ફાટી પરઝો! એ રાઝા? હાળો બનેવી ઢોલિયે બેહોત. હહા રે...



કેળવેલી ભ્મૉંગોના ઓકા પીવાંત... સટકતી નળીના સલા મળાંત... હા ને દારૂરાની અવળા તવળી સાખો ફરાંત. હા તો તમે કેવા બખના દેખાંત'લા! હા તે તમે બત્તા મારી નૉખા. એં નેં અવણ તો કોઈ નહીં મારું, હું કરવું? તે...

રાઝાન તો પોતાના હાળા ઈયામાં આવી ગા... સૉદા ન પાબુ. સોટકલા પૉગોનો સૉદિયો. હા! હા! રે... ઘણો હવાદિયો આદમી! હા ને પાબુઝી હેં; દેસનો દીવો! હા રે આબુનો વૉર! હા ને આબુનો થૉપ. હા રે ઘણો ફૂટરો હરદાર. પાબુન સૉંદો પરા મારા. એવા એવા માર વૉત તો કેવા મઝા કરત ઢોલિયાં ઉપર. હા રે રાઝાન હીયું ભરાઈ ગઉં. તે હાળાની કીજણિયાં રોવેં, રતરેં, ઝૂરણ કરે. હા રે ખરું રે ઈયું ભરાવીન રૉણી હેં તે પેસણ વાત કરેં, એ રાઝા? પણ તું ઝ વીસાર કર'લા. ગાયણિયાંના ગાપ તો તેં કાઢી નૉખા! હા ને અવણ તો કેંમ કરવું? એ રૉણી? ડાઓ થઈ ગો પણ અવણિયાં તો વૉત તો ખરું આવત પૉણ અવણ કેમ કરવું? કૉય નહીં પણ તું ય મન વાળ ! અવેં માર હું કરવું ? હા! હા! રે રૉણી કેં, એ રાઝા! થનાર વાત થઈ ગેઈ પૉણ અવેં સૉનો રેં. હા ને અવેંણ તું તો રોવેં તો હું થાય? એ રાઝા કેંયકણિયાં કુવોર રઈ ગો હેં. એં નેં તમાંન બેંયન ભેળા કરું તો તું વળી મારેં કે કેંમ કરેં? ઓ રૉણી, કેંય કણિયાં માર હાળાંન ઝો બીઝ રઈ ગયેલું વૉત! તો ભેળા બેહીન અમે વાતો કરાંત. હા ને ઉં અગેહળો ઝાઈન મિળણાં મિળાંત... હા ને... ઘણો ફૂટરો લાવીન ઢોલિયે બેહારાંત. હા પણ અવણ કેંમહા કરું? ઓ રાઝા! પાબુનું બીઝ હેં... હા ને ઉં નેંઠ કરીન પેસ એરી કાટું હેં... વળી ઝો તું મારી નેં આલે, એતણ તો મું તનં વાત કરું. એ બાવસી! મું, આવેં તો બારો બેહુને, નેં કઉં... હા પણ કુણ હેં માર હાળાનું બીઝ? એ... મનં નઝરે વતાર! હા તે મું ઝાઈન ધાઈ ધાઈન મિળણાં મિળું! હમેસાર કરું...એ બાપા! મારા કેહા કરું હાળા? હા તે રૉણી રઈ મખરે બોલે, એ રાઝા, ઊનો અસુબરો થાઝે માં... ઉં હા દેઈ આવું... એ ઝો આવેં તો લેઈ આવું... એ રૉણી? નેં આવેં તો ઊસો કરીન લેઈન આવું! ઝેંમ તેંમ કરીન લાવઝે! હા ને અવણ તો મેળ કરી લેઈયેં... ઝાતે દને આપણ તો ડાઆં થઈ ગાં! બાપા અવેં ઝાતે દને નવા આદમી કેંહા ઝોવા મળે? ઓ બાપ! માર ગયેલું બીઝ મળું તે માર તો



ખરું આવું.. આદમીન કૉય કરીન પેસણ લાવ. હા તે રૉણી કેં એ રાઝા, કરી એક તું બેહે... હા ને મઝા કર. મું ઝઉં હા દેવા...

તેમાં રૉણી ખેરિયે થકી ઝયે... હા ને ઝાય બીઝા ઓલ્લામા. હા તે ઝાઈન પેસણિયાં કુવોરને વાત કરે, એ મારા ભતરીઝા! એ ઝળરા કુવોર! ઊનો અસુબરો થાઝે માં... થાનારી વાતો થેઈ ગેઈ. ઓવાની વાતો ઓઈ ગેઈ. એવી વાતો અગળ બતી ખૂટી.. હા તે ઉં થાર ફૂઆ ભેળો કરું. હા ને આઝ મેળ કરાવું. હાળાનો દીકરો તું... હા ને એ ફૂઓ હેં... ફૂઓન ભતરીઝો ભેળા બેહીન પેસણિયાં અમલ ખાં! હા ને તું થારી કળકાઈ કરહેં; ફૂઓ ડાઓ થો હેં તે નેં ઝીકી હકહેં એ તો ગણઝે માં! હા ને તુબલીમાંહાં બીઝ ખોવાઈ ઝાહેં! મારી વાતે લાગઝે.... હા ને થારાં વેંર તો પરાં વળાવું.... હા પણ ઉં કઉં એંમ કરઝે. ઉતવાળિયો થાયે તો આઝ તનં મારા વગર મેલહેં નેં. હા રે ઝળરો કુઓર હેં... એ ફૂઈ, તું કેંહેં એંમ કરો... હા તે વતારેં કરી મેલહાં તો... તમાંન ભેળાં કરીન નેં ખાંપો તો ઉં પાબુનો દીકરો કેંવોય નેં! હા તે રાઠોરાંના ઉં કેરવાહ નેં! તનં એતરી સૂટ આલું... થાર ઝેંમ મનં એમ કરાવું એં એંમ કરાવઝે. હા રે... વસનાં કોલાંમાં ઝળરા કુવોરન બૉંતે. વસનાં કોલાંમાં રાઝાન બૉંતો. હા ને અવણિયાં હાળો બનેવીન ભેળા કરેં. એ... પાસી ઝળરા કુવોરન વાત કરીન ઝાય ઝેંદરા ખેંસી હારે. હા રે ઝેંદરા ખેંસીન વાત કરેં, હેંડ હેંડ હાળાન મળવા આવતો એં તો... હા રે હાળાનો દીકરો! હા રે રાઝા ઊઠો થઈ ઝા... યે. હા ને ઝળરા કુવોરન મિળવા કેવો ઝા... યે. હોરો રેં હુંકારાના દેના... ૨; ઝુગ ઝાય ન વારતા હા... લે.



હાહા... મિળવા આવેં ન રે પૉણ ઝેંદરો,
મિળવા આવેં ન રે પૉણ...
હાહા કુવોરિયાન મિળવા આવણા લાગિયો...   રા...ઝી...



ઢોલિયેં બેઠો ન રે પૉણ કુવોરિયો,
ઢોલિયેં બેઠો ન રે પૉણ…
સોરિયાં વેંજણ રે વઈરા ઢોળવા લાગિયાં… રા…ઝી…

તેમાં અગળ ઓય્યાં ન રે પૉણ તેમાં,
અગળ ઓય્યાં ન રે પૉણ…
હાહા પૂઠણ રે પૂઠણ આવણા લાગિયો… રા…ઝી…

એ બાપરો પૂનમિયો સૉંદોર રે પૉણ કુવોરિયો,
પૂનમિયો સૉંદોર રે પૉણ…
હાહા… પૂનમિયો સૉંદોર નઝરે આવિયો… રા…ઝી…

મૂસિયાંના અમોળા રે પૉણ કુવોરિયા,
મૂસિયાંના અમોળા રે પૉણ…
એ મૂસિયાંના અમોળા ઑંખિયે અડિયા… રા…ઝી…

(એક બાણિયોઃ એ ઘણા ખમા! સાતઃ ખમા!)

પેંડહીના વાળ ન રે પૉણ કુવોરિયો,
પેંડહીના વાળ ન રે પૉણ…
હાહા… અવળા રે તવળા રે એખા વાળન… રા…ઝી…

(એક બાણિયોઃ એ વૉણી! સાતઃ હા!)

દેઈયાંનાં ભરઝારાં રે પૉણ કુવોરિયો,
દેઈયાંનાં ભરઝારાં રે પૉણ…
હાહા… અગરખી ફારીન બારાં આવિયાં… રા…ઝી..

એ ઝેંદરા, હાળાનું અણિયાર રે પૉણ,
ઝેંદરા, હાળાનું અણિયાર રે પૉણ…

હાહા.. પાબુનું અણિયાર નઝરેં આવિયું... રા...ઝી...

તું તો પૉગાંમાં પરો ન રે પૉણ ઝેંદરો,
પૉગાંમાં પરો ન રે પૉણ...
હાહા... બેઠો રે બેઠો રે ઢેંક મારિયો... રા...ઝી...

એ બાપરો સાથિયાં કૂટે ન રે પૉણ રાઝા,
સાથિયાં કૂટે ન રે પૉણ...
હાહા હાળાંની કીજણ સાથિયો કૂટિયો... રા...ઝી...

(એક બાણિયોઃ અવેં સાથિયો કૂટેં! સાતઃ હા!)

એ બાપા ઘણે વરહે ન રે પૉણ કુવોરિયો,
ઘણે રે વરહે ન રે પૉણ...
હગાંનું મુટું નઝરેં આવિયું... રા...ઝી...

બેઠો બેઠો મિળે ન રે પૉણ કુવોરિયો,
બેઠો બેઠો મિળે ન રે પૉણ...
ઑંખ રે મેળાવા નહીં કરતો... રા...ઝી...

ઢોલિયે વરાઝ ઓયો રે પૉણ ઝેંદરો,
ઢોલિયે વરાઝ ઓયો રે પૉણ...
એ... ફૂઓ રે ભતરીઝ બેહવા લાગિયા... રા...ઝી...

તેમાં મખરે બોલે રે પૉણ સોરિયો,
તેમાં મખરે બોલે રે પૉણ...
હૉંપળાં ન બાયો રે મારી વાતન... રા...ઝી...

સલા લેતી આવઝો રે પૉણ સોરિયો,
સલા લેતી લેતી આવઝો રે પૉણ...
એ... સટકતી નળિયોના સલા લાવઝે... રા...ઝી...



એ રાઝા હેંડ ઝાઈયેં આપણા મેંલાં હેં... હા રે નેંઠ કરીન લાવી હું તે ઢોલિયેં બેહારો હેં. હા ને સોરિયો હેં તે વેંજણ વઈરા ઢોળેં! આલી આલી સાકરિયો કરેં! ઝેંમ તેંમ કરી પેસણ ભોળવીન પેસણિયાં લાવી હું... તે હેંડ ઝાઈયેં મળવા. અઝીતો નનકો હેં... હા પણ થોરો એકણિયાં ઑખે કરવો હેં! હા તે પાસો તનં લાગ હેં કેં આ તો મન ઉપર રીહ કરેં હેં. હા પણ અઝી તો ફૂટતી મુખરી હેં! તે ઘણો કોઈ તું ઑણાં હારણિયાં કાઢઝે માં... હા ને તું એંમ માં ગણઝે કેં આ મારા હાળાનો દીકરો મનં ઉપર રીહેલો હેં! હા... રે ખરો વસને કોલે બતણો. રૉણી વસને કોલે થા...ય. હા ને મેળીન પેસણિયાં ઝળરા હારણ કેવો ઝા...ય! ખમા! (તંબૂર-સ્વર) એ ખેરિયે થકો ઝય.. હા રે મહરાઝ રે ઝળરો બેઠો થકો હેં... હા ને તેમાં અગળ થઈ... ઝેંદરો પૂઠણ આવેં. હા ને બાણણે પેહ તે નઝર પરી ગેઈ'લા... એ... પૂનમિયો સૉદોર નઝરે આવો! હા રે આખી પરથીનાં રૂપ! રૂપ રૂપના ઢગલા! હા રે ઑખો તો સૂરઝ ઝખેં એંમ ઝખેં. વાઘના ઝેવી ઑખો! હા રે મૂસોના અમોળા ઑખિયે અડા! નાક દીવાની હોગ! ઑખિયે ભમરા લૂંબા! નયણાં ખૉડાની ધાર! દૉંત દાડમનાં બીઝ! હા... રે અગળ દેઈયાંના વાળ હેં ! અગરખું ફારીન બારા નેંહરા! પેંડિયાંના વાળ અવળા ન તવળા! ઝેંદરો ઝોઈન પેસણિયાં મનમાં વીસાર ક...રે, ઓ બાપલિયા! હા રે નૉનકો હેં પૉણ કેંવા હરખો હેં! ઝોવા હરખો હરદાર...હા રે ઘૉમી ઝાઈન અગળ ફરેં. કુવોર તો ઝેંદરા હૉમું ઝોતોય નહીં...ઑખ મેળાવા કરતો નહીં...હા ને ઝેંદરો ખેંસી ઝાઈ પેસણિયાં ઝળરા કુવોરન પૉગ દાબે...એ હાળા મનરાં વાળ !વાદળ વાળ ! થનારી વાતો થઈ ગેઈ...હા રે ઝાતે દને મનં હાળાનું મોં નઝરે આવું...હા રે પોક મેલીન રોયે... અવેં ઝાઈન હાળાના ખોળામાં પરેં...રોયેં, રતરેં, ઝૂરણ કરેં... અને ટોલિયે કેવો બેહેં ! હહા તે મહરાઝ રે બેઠા થકા વાતો ક...રે, હારે ઝળરો કુવોર હેં... બોલતો નહીંન સાલતોય નહીં...હા રે ઑખ મેળાવો કરતો નહીં ન બેઠેલો હેં...હા ને ઝેંદરો તો પૉગ મેહળેં ન બેઠો...એ સોરિયો પેસણિયાં બોખરિયો ઑણો. હા રે... બોખરિયો લાવીન પેસણિયાં આલો. એ...આઈ! હા ! હા ! આ તો થઈ ગઉં....હા રે પૉણ આઝ તો ઝટ ઝટ કરિયો. હા ને ઊઠો થા. લો સોર ! હા રે પણ તનં આલો. તે લો સોરીન મેળ



કરિયેં... હા રે મહરાઝ રે ઝળરો કુવોર હેં...વીજળાહણ ખૉડું લે...ય. હા ને મૂસે ડાકોરો ઘાલે ! હા રે ઢોલિયાહો બેઠો થઈ ઝાય...હારે. ઝાય રે સલા હારે. હા રે ખાઈ પોરસને ખૉડું રોળવેં. હા રે સલો મારે...

મેળ પરો કરેં ન રે પૉણ ઝેંદરો,
મેળ પરો કરેં ન રે પૉણ...
ફૂઆ રે ભતરીઝ ન મેળ કરિયો... રા...ઝી...

હો હો...ઝુનાં વૅરાં ભાગાં ન રે પૉણ કુવોરિયેં,
ઝુનાં વૅરાં ભાગાં ન રે પૉણ...
હાહા સટકતી નળિયાંના સલા લાવિયા... રા...ઝી...

સાખો ફરેં ન રે પૉણ ઝગમાં,
સાખો ફરેં ન રે પૉણ...
હાહા દારૂરાંની સાખો ફરવા લાગિયાં... રા...ઝી...

એ હૂળાંની કૉબરિયો રે પૉણ ઝગમાં,
હૂળાંની કૉબરિયો રે પૉણ...
એ’લા હૂળાંની કૉબરિયો ફરવા લાગિયાં... રા...ઝી...

હો હો...તેમાં દારૂરો વૉટેં ન રે પૉણ તેમાં,
હો હો... તેમાં દારૂરો વૉટેં ન રે પૉણ...
હાહા...ફૂઆ રે ભતરીઝા ન આલવા લાગિયાં... રા...ઝી...

એ અવળા તવળી ન રે પૉણ સાખો,
અવળા તવળી ન રે પૉણ...
એ અવળા રે તવળી રે સાખો ફરિયાં.. રા...ઝી...

વાતે વળિયા ન રે પૉણ ઝળરો,
વાતે વળિયા ન રે પૉણ....
એ હૉપળ કેં ફૂઆ રે મારી વાતન... રા...ઝી...



દુઃખિયા વાઝિયેં ન રે પૉણ ફૂઆ,
દુઃખિયા વાઝિયેં ન રે પૉણ…
એ'લા હગું હોઈ માર મિળવા નહીં આવતું… રા…ઝી…

એ અમે વનમાં ઊપા એખલા રે પૉણ ફૂઆઝી,
વનમાં ઊપા એખલા રે પૉણ…
એખલાંની વારો રે કુણ કરહેં… રા…ઝી…

ફૂઓ ભતરીઝો ન રે પૉણ ઝગમાં,
ફૂઓ ભતરીઝો ન રે પૉણ…
ફૂઓ ભતરીઝે વાતાં સોળિયાં… રા…ઝી…

(એક બાણિયો : એ ઘણે દને ભેગા થા હૈય ફૂઆ! સાત : હા!)

વાતાં સોળ ન રે પૉણ ઝેંદરો,
વાતાં સોળ ન રે પૉણ…
હૉપળ કે ફૂઆઝી મારી વાતન… રા…ઝી…

(એક બાણિયો : એ ફૂઆ ? સાત : ખમા !)

એ ફૂઆ ગૉમનું કૂતરું ન રે પૉણ ફૂઆઝી,
ગૉમનું કૂતરું ન રે પૉણ…
ગૉમનું કૂતરું નહીં મળતું… રા…ઝી…

એ ફૂઆઝી નહીં હગું હોઈ ને રે પૉણ ફૂઆઝી,
નહીં હગું હોઈ ને રે પૉણ…
કેંણાંન ઘેંર ઝાઈન બેહિયે… રા…ઝી…

વાતાં સોળ ન રે પૉણ કુઓરિયો,
વાતાં સોળ નરે પૉણ…
ફૂઈ ઝેંદરો કૉનિયા મૉડીન હૉપળવા લાગિયો… રા…ઝી…

ଔଔଔଔଔଔ

(એક બાણિયો : એ અગલી કરેલી વાતો સેતે આવે ! સાત : હા!)

એ ફૂઆઝી હૉપળે મારી વાતાં રે પૉણ,
ફૂઆઝી હૉપળે મારી વાતાં રે પૉણ....
હાહા એખલાંની વારો કુણ કરહેં... રા...ઝી...

એ ઝેંદરો વાતાં સોળ ન રે પૉણ ઝેંદરો,
વાતાં સોળ ન રે પૉણ...
હૉપળ કેં મારા હાળા દીકરા વાતન... રા...ઝી...

(એક બાણિયો : એ ભતરીઝા ! સાતઃ હા !)
એ કુઓરિયા થાતે થઈ ગિયું રે પૉણ,
એ કુઓરિયા થાતે થઈ ગિયું રે પૉણ...
એ આપણ ફૂઓ ભતરીઝો ભેળા ઓવિયેં રા...ઝી...
ઝીવતા ! ભલાઈ !

(તંબૂર સ્વર) તો. મહરાઝ ! હા ને ઝળરે લો સોરું...હા રે આડાં વૅર વાળાં. બાપ ડાડાનાં વૅર, સલામાં વાળાં. સલો એકણ બોકરિયો'લા ભાઈ ! એ ઝટકો કરીન બોકરિયો મારો. હા ને પેસ માટી- ગોડ તપેલિયે સમકાવી...કાળઝાના હૂળા કરા... અનેં દારૂની સાખો ફરેં. હા રે તેમાં ફૂઆળી હેં. એક સાખ ઝેંદરાન આલેં ને, એક સાખ ઝળરા કુવોરને આલેં...હૉમા તૉમી સાખો લેવળાવી મેળ કરાવેં. વસમાં બેઠી; દારૂ વૉટેં એ હવળા ને તવળી સાખો ફરેં...હહા! રે...દેખઝો રે દેખઝો બઈરાંના ખેલ ! હહા તે...બેં ખાંનારી બતખમાં આપણ અગળ વાત કરી...એક ખાંનામાં ઝેંર ભરુંન એક ખાંનામાં સોખો દારૂ ભરો... તે...દારૂ ભરીન, લેઈન આવેલી એ દારૂ વૉટેં. એક, બેં, પૉસ સાખો તો સોખા દારૂની બેંય હાળાં બનેવીન આલી...ફૂઆન ભતરીઝ ને અવેં બરોબર દારૂના સખિયા થા..હા ને ઝળરાન ફઈન, ઝેંદરાન બઈરું. મનમાં વીસાર ઝળરો કરેં, ઝળરો ન ઝેંદરો ખેંસી બેઠા બેઠા વાતો કરેં... તે ઝળરો કુવોર મખરે બોલેં, એ ફૂઆઝી ? નહીં મનં હગું



હોઈ મળતું...નહીં કાકા ભાઈ ઝોવા મળતા... નહીં રે ગૉમનું કૂતરું ઝોવા મળતું... કેં ઝાઈન કેંણાના ઑધાર લેઉં ? વનમાં ઊપા એખલા કુણ કરેં વાર? એ માર ફૂઆ કોઈ નહીં... હગું કેં હોઈ, કાકા કેં ભાઈ... હાને આઝ માર પોતાના ફૂઆન આવો હું...એ ફૂઆઝી ? ઊનો અસુબરો થાઝે માં...તમારી વાતો તમાર હાથેં ગેઈયો...હા પણ અવણ અમે તો ઊગતે કરેલ હું...હા ને મોટો થઉં...પણ એ ફૂઆઝી ? ગાપણિયાંના ગાપ કાઢા એવી વાત મારે કૉને આવી ! હા ને ઘણી ઝબરી ઝબરી વાતો મેં હૉપળી ! હા પણ એ તો મૉનવી ઝૂઠી ઝૂઠી વાતો કરેં. ફૂઆ રે ફૂઆ એ વાતો ઉં મૉનું નેં. હા પણ હું કરતે હું થઉં ? હા ને હેંનો કજિયો લાગો ?તે તમે પોતાના હાળાન બનેવી. તમે તો ગઝીબ કરું હેં. હા ને હું થાતે હું થઉં એ વાત કર... એ ઝળરો કુંવોર વાત કરેં. હા ને ઝેંદરો કૉનિયા મૉડે.

અવણિયાં ઝેંદરો વાત કરેં ન ઝળરો કૉનિયા મૉડે. અમાં ! ખમા ! (તંબૂર-સ્વર) એ...ઝેંદરો ખેંસી મખરે બોલે, એ હાળાના દીકરા ? અવેં સોળું દલાંની વા...ત. હારે મુરખે મુરખાઈ કરી...હા, પણિયાં તે દિ' મોટિયાર તો અતા. તે અમાંન થયેલી વાતની કૉય ખબર નહીં. હા પણ અમે તો બત્તા મરાઈ ગા...હા ને દીકરા મારતો હાળાનો રઈ ગો તો આઝ આપું ફૂઓ ભતરીઝો મૉસે બેઠા ! હા દારૂ પીયેં, મારૂરા ગાઈયેં ! હા રે સોખા દારૂની સાખો પીયેંન હૂરાંની કૉબરિયો ફરેં...આઝ ઉં ડાઓ થેઈ ગો ન ને મરતે દને તું માર હાળાનો દીકરો ઝોવા મળો..એ દીકરા બેહ...હા ને હગું હોઈ કાકાન ભાઈ...એ તો બતી થાનારી થઈ ગેઈયો પણ મુ ં થાર બાપ મૉન કેં, ફૂઓ મૉન કેં કાકાભાઈ, ઝા'લા આઝ આપણ મેળ થઈ ગો. ને આઝ આપણ ભેળા એંડહું, ભેળા ફરહું...કસેરિયાંમાં તનં લેઈ ઉં...હા ને તનં કસેરીમાં બેહારું. એ...હોનાની ખૂરસીએ તનં બેહારું...હા ને આપણ ફૂઓન ભતરીઝો મઝા કરિયેં...હારે ઝેંદરે વાત કરી...હા ને ઝળરો કુવોર કૉનિયા મૉડે. હા ને અવણ ઝળરો વાત કરેં હેં ન ઝેંદરો કૉનિયા મૉડે...

એ ફૂઆ ! વાત તો હાસી ! ફૂઆની કસેરીમાં ઉં હોનાની ખૂરસીએ બેહું. એ વાત તો હાસી ! ગુઝણિયામાં હોનાની ખૂરસીઓ. હોના રૂપાની ખૂરસી, તાંબા પીતળની ખૂરસી, લોરા લાકરાની ખૂરસી, કાબરીન પટોરી



ઝાઝમો રાળેલી, અતારે અંતરોના ધોરા પરેં, કસતૂરીના ભભકા ઊડે આનેં કૉય કેંવાની વાત નહીં. એમાં...ઝોવા ઝેવું નહીં'લા...અમાર બેઠકાં હેં...તે...માર એંણે બેઠકે તો કોઈ બેહે નેં...ફૂઆ રે ફૂઆ તું ગમે એતરી વાતો કર...ફૂઆ હું થાતે હું થઈ ગઉં...એ વાત તો મનં કરને...તું વાત મૉડે તો ઉં હૉપળું... બેઠો બેઠો ઉં હૉપળું. ગૉમનાં લોકો હૉપળા વગરની વાતો કરેં...હૉપળે તો ખરાં દેખેં નેં, એવાં મૉનવી વાત કરેં એ વાત નેં મૉનિયેં ! એ...વાતો. કૉને હૉપળેલી વાતો ઝૂઠી પરેં ! પણ ફૂઆ આ કેંમ થઉં ને તમાર...? મનં પોતે ઝટકો લાગો...હું થાતે હું થઈ ગઉં ? હા ! હા!

રે મહરાઝ રે અવણિયો ઝળરો પૂસે ઝેંદરાન...હા ને ઝેંદરો વાત કરે, ખમા ! ખમા ! (તંબૂર-સ્વર) એ દીકરા ? ઝળરા કુવોર ? કૉનિયા મૉડીન હૉપળ. હા ! હા ! રે...મહરાઝ રે ...દારૂના સખિયા. હા ને હૂરાંની કૉબરિયો અવળા ન તવળી ફરેં. હા...રે દારૂના સખિયા થઈ ગા. દારૂમાં સૉની રાખવાની વાતયે સૉની રેં નેં...હા નેં દારૂ તો ઢાંકી દેતેલી વાત ઉગારી કરેં...એ અવે ઝેંદરો રઈ મખરે બોલે, એ કુવોરિયા ? પેંલો લાગો હૂઓરનો કજિયો...એંણા વાસ્તે માર બાટાન થાર ભોટાયે મારી નૉખો ! માર ભોટો નતો મારો, માર બા મારો, કાળુરો ખેંસી ! એ વૅર ભાગી ન થાર ફઈ પણણો...હા ને ઑણાઆ વૉહલા ભાગમાં વળી અતું એવું થઉં...હા એ ફૂઆ ? એંણ હૂઓરનો કેંમ કજિયો થો ? થાર બા મારો એ વાત તો હાસી પણિયાં કેંમ કરતાં કેંણાનો હૂઓર અતો તે થાર બા મારો ? હા રે...અવેં ઝેંદરો મખરે બોલે, એ હાળાના દીકરા ? મોટા મોટા પરા રોળુ કાળ. એ અમાર ઝાયેરિયામાં કાળ અતો. ગુઝણિયામાં હગાળ સમિયો. અમેય ગયેલા ગુઝણિયામાં; તે ગુઝણિયામાં ગાય્યો સારતા. હા ને બાઝરીમાં ઈળેલો હૂઓર...થાર ભોટાએ ન થાર કાકે ભાઈએય બાઝરીએ ઈળેલો અતો. બાઝરીનો ઈળેલો હૂઓર અમે મારો...મેં નેંતો મારો પણ માર બા કાળુરે ખેંસીએ મારો. તે એંણો કજિયો લાગો...સૉદિયેં ભાલોર નૉખું; ભાલોર લાગું માર બાને. મારો બા પરો મૂઓ. તે વૅર તો ઉં હાળા ભાગી નૉખું... એ વૅર ભાગીન મેળ કરીન પેસ થાર ફૂઈ પણણો. એંનેં પૂઠલા ભાગમાં વળી ફરીન હૂઓરનો કજિયો લાગો...ખમા ! ખમા ! (તંબૂર-સ્વર) એ... ઝળરો કુવોર



હેં. ઘણો હમઝણો કુવોર. હા ને તળવારિયો આદમી. હા રે પેટમાના ભેદ લે...ય ! એ ફૂઆઝી ? ખરું કરું પૉણ પેસ હું થઉં ને ? એ દીકરા ? દીકરા ઝળરા કુવોર...! મું ગો દીપાવલી નાડી. દીપાવલી નાડિયે ઝાઈ ઑંદી ઘાલી...હહા રે ઑંદીમાં બેઠો. હા ને થાર બાયેન થાર કાકેય પારેલો અતો હૂઓર લગતો આવો. પૉણીએ આવોન મેં ભરાકો કરો. એ હૂઓર મેં મારો. ઑણા હૂઓરનો માર કજિયો થો. તે...થાર બાન મેં કઉં કે ભાગલો તમાંન આલું. તેંણ ભાગ વૉટિયેં ને, બે ભાગ મારા...એક હાળાંનો. થાર બાયે નેં મૉનું. થાર બા તો મૉને એવો આદમી અતો પૉણ થાર કાકે નેં મૉનું...તે ઑણ લીધે કજિયો થઈ ગો...એ મનં મારતા પૉણ ઝેંમ તેંમ કરીન નાહી આવો. હા નેં થાર ફઈએ પેસણિયાં થોરીક વાત કરી. ડાયસાં ઘેંરમાં રાખાં..આલેલો ડાયસે ઝેંઝણિયો ઝોડ ! દીપાવલી નાડી, ઝેંઝણિઈયો ઝોડ ડાયસામાં આલેલાં. ઘૂરકો હૂઓરિયો અતો. આવાં તો ડાયસાં ઘણાં આલેલાં...હોનાનાં બેરાં. હોનાની મોઝરિયો. આ બતા થાર કાકે બાયે આલાં ને ? એંણે વાસ્તે થોરીક મોટિયાર વાળી કરી નૉખી...! હા ને અમે મરાઈ ગા. એ દીકરા ? અવળી થઈ ગેઈ ! પણ મન વાળઝે, વાદળ વાળઝે ! અવેં તો કોઈ થારી ઑંખો હારણ ઝોઈ હકહેં નેં ! હા ને થાર વાળ વૉકો નેં થાય, ઉં ફૂઓ બેઠેલો હું ! હા રે...અવણ ઝેંદરાની વાત પૂરી થા..ય.

હા ને ...ઝળરો કેવો મખરે બોલે, ખમા ! (તબૂર-સ્વર) તો મહરાઝ એ...હાળાનો દીકરો ન ફૂઓ વાતો કરેં, દારૂરા પીયેં, મારૂરા ગાય. તેમાં રૉણી હેં. હા રે બેઠી બેઠી દારૂ વૉટેં. દારૂ વૉટતી ઝાયન વીસાર કરેં, ઑંખોમાં દારૂ આવી ગો. હા ને બેં ખાંનાંની બતખ હેં. હા તે અવણિયાં સોખા દારૂની સાખ લે...ય...હા ને ઝેંરનો અવણિયાં કપ કેવો ભરેં ! એ ઝેંરનો કપ ભરીન અવણિયાં ઝેંદરાન આલો...દેખાં રે દેખાં બઈરાંના ખેલ ! પોતાના આદમીન વખ દેતું ! હા રે...મહરાઝ રે રૉણીએ પોતાના આદમીન, પોતાના રાઝાન વખ પીયારું ! એક સાખો, બે સાખો, સોખો દારૂ પીયારો કુવોરને ! હા ને વખ પીયારું ઘેંરના આદમીન ન, હા રે એનું કૉમ એ કરેં... હા ને ફૂઓ ભતરીઝ વાતે વળા...હોરો રેં હુંકારાંના દેનાર..ઝુગ ઝાય ને વારતા હા...લે.



કુંવોરિયો વાતાં સોળ ન રે પૉણ કુવોરિયો,
વાતાં સોળ ન રે પૉણ...
એ હૉપળ કે ફૂઆ રે મારી વાતન... રા...ઝી...

એ ફૂઆઝી હૂઓર કેંણે મારા ન રે પૉણ ફૂઆઝી,
હૂઓર કેંણે મારા ન રે પૉણ...
હૂઓરનો કજિયો ન તો કરિયો... રા...ઝી...

(એક બાણિયો : એ ફૂઆ રે ફૂઆ ! સાતઃ હા !)

એ ફૂઆઝી કેંણે મારિયો ન રે પૉણ ફૂઆઝી,
કેંણે મારિયો ન રે પૉણ...
ફૂરકલો હૂઓર કેંણે મારિયો... રા...ઝી...

એતો માર બાપાનો પાળેલો રે પૉણ હૂઓરિયો,
બાપાનો પાળેલો રે પૉણ...
એ'લે રૉંડવા અમારો હૂઓરિયો કેંમે મારિયો... રા...ઝી...

(એક બાણિયો : એ'લા હૂઓરિયો કેંમ મારો'લા એ...! સાત : હા!)

મેળ કરિયો ન રે પૉણ ફૂઆઝી,
મેળ કરિયો ન રે પૉણ...
તમે વૅર ભાગીન ફરી વાવિયાં... રા...ઝી...

વૅર ભાગી પરણા ન રે પૉણ ફૂઆઝી,
વૅર ભાગી પરણા ન રે પૉણ...
પૂંઠણ રે હેંણાનો કઝિયો લાગિયો... રા...ઝી...

એ...ઝળરો વાતાં સોળ ન રે પૉણ કુઓરિયો,
વાતાં સોળ ન રે પૉણ...
હૉપળ કે ફૂઆઝી મારી વાતન... રા...ઝી...



દીપાવલી નાડિયે રે પૉણ ફૂઆઝી,
દીપાવલી નાડિયે રે પૉણ...
એ પાળેલો હૂઓરિયો કેંમ મારિયો... રા...ઝી...

(એ બાણિયો : એ ફૂઆ ? ઑટી પારી અવેં ઝોને ?)

ડાયસાં કેંણાંનાં ઓતાં રે પૉણ ફૂઆઝી,
ડાયસાં કેંણાંનાં ઓતાં રે પૉણ...
એ'લા કેંણાંનાં કયેલાં ડાયસાં ઓવિયાં... રા...ઝી....

(એક બાણિયો : એંલા ફૂઆ રે ફૂઆ વાત કર કેં નેં...? સાતઃ

એ'લા કેંણે આલેલાં ડાયસાં ?)
પૂરકાં ઝોટ કેંણાંનાં રે પૉણ ફૂઆઝી,
પૂરકાં ઝોટ કેંણાંનાં રે પૉણ...
ઝેંઝણિયા ઝોડ રે કેંણાના વાઝિયા... રા...ઝી...

હેંણાની કીજણ રે પૉણ ફૂઆઝી,
હેંણાની કીજણ રે પૉણ...
તેં ગાપણિયાંના ગાપ પરા કાટિયા રા...ઝી...

(એક બાણિયોઃ હા ! હા ! પેટમાં ઑમળો પર હેં. સાત : હા !)

ઊપો ઓઈ ગિયો રે પૉણ કુઓરિયો,
ઊપો ઓઈ ગિયો રે પૉણ...
દેખઝો એ'લા મૉટિયાં વાળા ખેલન... રા...ઝી...

(તંબૂર-સ્વર) ઓ...હો મહરાઝ ! ઝેંદરાની વાત પૂરી થા...યે. ઝળરો કુવોર મખરેં બોલેં, એ...ફૂઆ ? તમે ઝે કરું એ ખરું કરું... અગળ હૂઓર મા...રો. એ બાઝરે ઈળેલો હૂઓર. કેંણે બાઝરે ઈળેલો ઓતો ? એ હૂઓર કેંણે બાઝરે ઈળવેલો અતો ? ઝેંદરો મખરે બો...લે, એ હૂઓર તો સૉંદે



પાબુએ બાઝરે ઈળવેલો અતો...એ ફૂઆઝી ? દવાંના દાઝેલા ! કાળાંના ભાગેલાન તમારા ઝાયેરિયામા કાળ..ગુઝણિયામા હુગાળ સમિયો...તે કાળુએ ગુઝણિયામાં ઝાઈન ઢાળો કરો...અનેં માર બાયે ન કાકેં આસરો આલો...તે તમે વરહ રા કેં પૉસ વરહ રા... રઈન પાસા આવા...ઝાયેરિયામાં આવીન પાસો ઝાઈન હૂઓર કેંમ મા...રો ? એ ફૂઆ ? હૂઓર મારો તો ભલે મારો..એંણું વૅર તો ભાગી દેતું...હા ને તેમાં ફૂઈન તું પણણો...હૂઓર તો મારો એ ભાગીન પેસણ (ચડેલા દારૂ પછી કરવામાં આવતા લવારાની જેમ વાતો કરે છે.) વૅર ભાગીને હૂઓર મારો એ વાત તો બરોબર હેં, પણ હૂઓરની કીજણ થાર બા મારો. એંણા વૅર ભાગી દેતાં ...કાળુરો ખેંસી મારો એંણાં વૅર ભાગીન એંણા હાટામાં માર ફઈ પણણો. તમાર સમાદાંન થઈ ગઉં... એંણા વૉહળ ફૂઆ હેંણો કજૂયો થો ? એ વાત કર તું ઉં હૉપળું... હા રે ઝળરાને વાત મૉડે...એ હાળાઝી ? વૉહળ મું ગો દીપાવલી નાડિયે. હા રે ઝાઈન ઑંદી ઘાલી...તે હૂઓર ન હૉબોર ઘણા આવા...હા પણિયાં મનં મન પરે ભૂડકો કરો. હૂઓરન હૉબોર ઘણા મા...રા. હા પણિયાં એક ફૂરકલો હૂઓર આવો. હા તે અગલો થોરો થોરો મનં ખાર અતો. માર બા મારો, રાઠોરે. સૉંદાનો થોરો થોરો મનં ખાર અતો. હા..તે એંણાના ખારમાં મેં પાળેલો હૂઓર મારો. એ ઘૉટી વાગે હૂઓર પૉણીએ ઉતરો. એંણા હૂઓરને મેં મારો...એ મારે મન વળું નતું ! થાર ફઈ પણણી આવો તૉય માર બાનું મન વળું નતું...તે મેં વાસ્તે એંણા હૂઓરન ભરાકો કરો...એ હૂઓર મારી; હા ને પેસણિયાં એંણા હૂઓરન ઉબેરતો. એતરામાં સોટકલાં પગાંનો સૉદિયો આવો. અનેં સૉદિયેં આવી મનં ટકોર કરી. હેલ માથામાં રોળવતો ! ઝેવું ન તેવું બોલો...ભાગ આલવાનું કઉં; તૉય મૉનતો નતો...તે...એંણો કજિયો અમાર લાંબો થઈ ગો... એંણાંની કીજણ કજિયો લાંબો થો. હુઓર તો ઉં લાવો તે ખાઈ ગો. ઘેર આવીન થાર ફઈન વાત કરી...આઝ તો ભાઈ મનં મારી નૉખતો. થાર ફઈયે કઉ કેં હેંણાન વાસ્તે મારતો ? હૂઓરન વાસ્તે મારતો થાર ભાઈલો ઘૂરક! હૂઓર! એ તો ડાયસામાં મનં આલેલો અતોન તનં હું કરવા મારતો? પાણણામાં એંસતી તે દિ’ મનં આલેલો હેં... હા ને...એ હૂઓર તો આપણ હૂઓરન વાસ્તે તનં કેંમ મારતો? એંણે વાસ્તે મનં ખાર



લાગો. એ...મેં થાર ફઈન પૂસું, એ હૂઓર તો ડાયસામાં આલો, એકલો હૂઓર તો નેં આલો એં, હું હું આલું ? દીપાવલી નાડી આલી; ઝેંઝણિયો ઝોડ આલો. મનં તો આલવાની ખૉમીઝ મેલી નહીં ! પણ એંમ થઉં કેં આલો એવોન એવો એંણે રાખો પણ મનં આલો નહીં...એવી થાર ફૂઈએ વાત કરી...એંણે વાસ્તે મનં રીહ સરી તે ગાપૂણિયાંના ગાપ મેં કાટા હેં. એ ફૂઆઝી? હૉપળાં રે સોરું રે દલાંની વા...ત. ઝેંદરાની વાત પૂરી થઈ. હા ને ઝળરો વાત ઉપર સરો...

ખમા (તંબૂર-સ્વર) એ ફૂઆઝી ? અગળ તો દવાંના દાઝેલા, કાળના ભાગેલા ગા મારા ગૉમ્માં...એંણું ગૉમ ગુઝણિયું. ગુઝણિયામાં ગા તે માર કાકા ભાઈએ તમાંન સેવા કરો...વરહ રા કેં પૉસ વરહ રા. રઈન આવા. અને બાઝરે હૂઓર મા...રો. એંણું વેંર ભાગું એ માર કૉય ઝોવાનું નહીં...હા રે ઈળેલો વૅર ભાગીન માર ફઈ પણીન આવો. પૉણ એંણો ખાર ફૂઆ તેં કેંમ રાખો? તે વૉહલો હૂઓર તેં મારો. ઝો એવું ઝ થાર મનમાં અતું તો માર ફૂઈ પણવી નતી. માર ફઈ વેંર ભાગીન પણીન આવો. અને પેસણિયાં પાસો બીઝો હૂઓર મા...રો. હૂઓર મારો તો ભલે મારો પણ માર કાકાંન ભાઈન ને માર બા કેંમ મારા ? એ ફૂઆ ? થાર કાળ કયેં ન, થાર વેરી કયે તૉય થારી સાથીએ સરો આઝ આવો’લા ઝોણ. ઝળરો કુવોર કય...ગાપણિયાંના ગાપ તેં કાટા હેં ! પૉણ ઉં ઝળરો કુવોર કેંવઉં ! મૂસિયે વાટ ઘાલા...હા રે મહરાઝ રે ઝળરો કુવોર ઢોલિયાહો ઊઠો થઈ ગો. એ ફૂઆઝી ? ઊઠો થા બાપરીના ! આવી ઝા રે મારા હૉમો ! ગોલીના પેટના ! માર મિલકતને વાસ્તે તે મારા પોતાના... કાકા ને ભાઈ ! મારી મિલકતને વાસ્તેં ભૂડા ! તે મારા ગાપણિયાંના ગાપ કાટા. એ ફૂઆ થઈ ઝા ઊપો. હા રે મહરાઝ ઝેંદરો ખેંસી આદમી ઝેંન તેં લપે. થઈ ગો રે ઊઠો. હા ને ફૂઓન ભતરીઝ હૉમા તૉમા ઊપા થઈ ગા. એ...ઝળરો કુવોર હેં; ઝાળવીન આથ નૉખેં. હા રે...વીજળાહણ ખૉડું રોળવેં...મારે પરો રે (તંબૂર-સ્વર) તો...મહરાઝ ? હા રે મહરાઝ રે વીજળાહણ ખૉડે આથ નૉખેં...હા રે ખૉડું રોળવેં.. હા રે અરતા મૉર વટઈ ગા...તે મસ્કલ વાટતો..., મસ્કલ ટળી ગઉં હા ને મૉર વટણા...હા રે મસ્કલ ઝુદાં નહીં થાં. ઝેંદરો નાઠો... હા રે નાઠો થકો મેંલમાં



લપો. ઝળરો વૉહળ ઝા...ય. હાને ઝેંદરો અગળ નાહે...હોરો રેં હું કારાંના દેનાર.., ઝુગ ઝાય ન વારતા હાલેં ખમા...

ખૉડું પરું રોળવેં ન રે પૉણ ઝળરો,
ખૉડુ પરું રોળવેં ન રે પૉણ...
દેખઝે ફૂઆ મરદાંવાળા ખેલન... રા...ઝી..

(એક બાણિયો : એ'લા ફૂઆ...? મુખ્ય ગાયકઃ-હા)

દેખઝે મૉટિયાંના રે ખેલ ફૂઆઝી,
દેખઝે મૉટિયાંના રે ખેલ...
ગાપણિયાંના ગાપ બારા કાટિયા... રા...ઝી...

(એક બાણિયો : એ...તે દિ' તો તેં ગાપ કાટા પૉણ આઝ ઉં

થારા કાઢી લઉં ! સાત : ખમા !)
ખૉડું પરું રોળવેં ન રે પૉણ કુવોરિયો,
ખૉડું પરું રોળવેં ન રે પૉણ...
ઝેંદરો નાહવા લાગિયો... રા...ઝી...

(એક બાણિયો : એ અવેં ખબર પરી ને! સાત :-હા !)

મેંલાંમાં લપિયો ન રે પૉણ ઝેંદરો,
મેંલાંમાં લપિયો ન રે પૉણ...
એ અટપટિયા મેંલેમાં લપણા લાગિયો... રા...ઝી...

વૉહળ ઓય્યો ન રે પૉણ ઝળરો,
વૉહળ ઓય્યો ન રે પૉણ...
દેખઝે વૅરી વૅરિયાંવાળા ખેલન... રા...ઝી...

અટપટિયો મેંલ રે પૉણ ઝેંદરા,



અટપટિયો મેંલ રે પૉણ...
એ'લા ખૂણે રે ખૂણે રે લપણા લાગિયો... રા...ઝી...

રે મહરાઝ ! હા રે ફૂઆન ભતરીઝ વાતે વળા...હા રે ઝેંદરો ખેંસી વાત ક...રે, એ હાળાના દીકરા ? બાઝરે ઈળેલો હૂઓર મેં મારો...,નતો મારો'લા. માર બાયે મારો...તે...હૂઓરના હાટામાં રાઠોરે મારો બા મારી આલો...એંણાં વૅર પૉણ ભાગી નૉખાં... વૅર ભાગીન થાર ફઈ પણ્ણો. હા પણિયાં વૉહલી વાતમાં આ તો બતું બગરું હેં'લા. હા રે ઝળરો કુવોર મખરે બોલે...એ'લા ફૂઆ વૉહળ કેંમ થઉં વાત કરે તો ખબર પરેં...મું તો કાલ મોટો થો. એ વાતની ખબર મનં નહીં. હા રે મહરાઝ રે ઝેંદરો વાત કરે, એ હાળાઝી? આ બધાં ડાયસાંમા આલેલાં થાર બાયે નેં આલાં ! થાર કાકેં નેં આલાં ! એંણ વાસ્તે માર આ કજિયો થો તે-અમે આ બધા મરાઈ ગા હૈય ! એ ફૂઆ ? અગલો હૂઓર કેંણાંનો ? હા ને પાસળ ઈળેલો હૂઓર કેંણાંનો ? દીપાવલી નાડિયે તેં હૂઓર મારો એ કેંણાંનો ? હા નેં ડાયસાં આલેલાં એ કેંણાંનાં ? એ ફૂઆઝી ? આ કેંણાંની મિલગત ? આતરા આદમી મૂઆ. કેંણે મારા ? ધણિયે મારા, કેયે સોરે મારા ? ફૂઆ ? ધણિયો તો તું અતો કે' લા બીઝો ? માર બા કેં અતા ? એ ફૂઆ થઈ ઝા ઊપો...થાર કાળ આવીન આ ઊપો ! એ ફૂઆઝી ? ફૂઆ હેંણો'લા ? વૅરી ! ઊપો થઈ ઝા...કેંમ ગાપણિયાંના ગાપ કાટા'લા ? તનં નતી'લા ખબેંર ? હૉમા તૉમા ઊપા થઈ ઝય...હા તે ઝળરો ખૉડું રોળવેં...ઝેંદરો નાઠો. થોરું એકણિયાં ખૉડું લાગું...હા રે ઝેંદરો નાઠો. મેંલાંમાં લપો...હા રે અટપટિયું મેંલ. હા તે અઝવાળું એં એ અતારું દેખાય...અતારું એં એ અઝવાળું લા...ગે. હા રે પૉણી એં એ કોરું દેખાય...હા રે કોરું એં એ પૉણી આવેં...હા રે ભૂલ ભૂલાંવણું મેંલ. એંણા મેંલમાં ખૂણે ખૂણે લપેં...હા પણિયાં ભલો રે વૅરિયાંવાળો જોરો. હા તે મહરાઝ રે ભીલાંનાં વૅરન એંતોઈ ખાય નેં !

હા તે વૅરી સરી ગા સાથિયાં ઉપર. હા રે... મહરાઝ રે ખૂણે ખૂણે ઝેંદરો ફરે...પૂઠણનો પૂઠણ ઝળરો ફરેં...હા ને દારૂરાંનો સખિયો. ઝેંરનો પીતેલો...હા રે મહરાઝ રે વૅરિયાં વૅરિયાંમાં ફેટ લાગી...હા તે કૉય કેંવાની



વાત નેં. (તંબૂર-સ્વર) તે...મહારાઝ ! હા રે ખૂણે લપો, પટલિયે લપો...હા પણિયાં કોઈની કારી લાગી નેં... હા રે બાપાંનાં વૅર કુણ ઝાવ દેંય ? હા રે ઝળરો કુવોર હેં. પૂઠણનો પૂઠણ ઝાયે. હા ને ઝેંદરાન બોસીમાં આથ નૉખે; હા રે મહરાઝ રે ધખ્ કરાવીન નેંસો પારે. સાથિયે સરી ઝાયે...ઝેંદરા ખેંસીન સાથિયે સરે...ઝળરો કુવોર સાથિયે બેંહેં...હા નેં ઘોતલ્લો વાઢો તે...ગાબેંળ વાઢીન મુટું મૉડે. ઘૂંટે ઘૂંટે લોઈ પીયેં ! બાપડાડાનાં વેંર વાળાં ! એ ઝેંદરા ખેંસીનાં લોઈ પીતાં. હા ને લોઈમાં મૂસો રગી ! હા રે ડેકાર લે...ય ! દીકરો, હાગી મૉટી પાકો ! ભલો રે ભલો રાઠોરાંનો જોરો. હા રે રાઠોર કેંવૉય દેસના દીવા. રાઠોર કેંવૉય ધરતીના થૉપ ! રાઠોર પરથાંગ દેવ ! બીઝાં મતરોગનાં મૉનવી ! હા રે ઝણેં તો હૂરા ઝણઝે...હા રે કાયોરનાં નહીં કૉમ...હૂરા લરેં રણ ખેત...હા રે મહરાઝ રે દેસના દીવા રાઠોર...ભલે ઝલમા રે ઝરણીના પેટ ! ઈરાં પરિયાના દીકરા ! હા રે મહરાઝ રે સૉદો નં પાબુ. હા રે તેમાં નં દેવોલ બેંન. હા તે ઝગતમાં ખોટું રે કરું ખેંસીએ કૉ...મ. હા તે..રડાઈ રે દેવોલ બેંન. હા ને રાઠોરાંનો ઘોંણવો કાઢો. પેટ પુતર પાકો. હાગી બાનો દીકરો... હાગી બાનો દીકરો નતો. હા પણિયાં કટાર કાઢીને સવરીમાં ફરતો તે દિ'એ સેરો વાઢો...ઝળુકો પરો...ઝળુકાનો પેટમાં ગરપ વાસો રઈ ગો. હા રે એંણો ઝળરો કુવોર નેંપઝો. ઝળરા કુવોરે બાપ ડાડાનાં વેર વાળાં ! ઘૂંટે ઘૂંટે લોઈ પીતાં ! હા રે દીકરા પાકેં તો એવા પાકઝો. હા ને ઑડિયાંના અમેર ફાટી પરઝો ! હા ને બાપની કમાંણી ખાનાર ફાટી પરઝો ! હા તે મહરાઝ રે મૉટી મરાયે ડસકારા થાયેં. મૉટિયે માય્યાન વરખે સાય્યા. ઑડિયાંના પરા મરી ઝાઝો ! બાનો દીકરો અતો. તે કાકાં ભાયાંનાં વૅર વાળાં...વૅર વાળીન પેસણિયાં મૂસે વાઢ ઘાલેં. હા ને ફઈ ભતરીઝો કેવી વાતો કરેં ! એ ફઈ ? કેં કે અવણિયાં થાર મન વળું ! હા રે મહરાઝ રે તેમાં રઈન મખરે બોલે; એ દીકરા ? સૂરો ઉતરી ગો !

હા પણ આઈના ઝણા આઝ ભાઈ વળા. હા તે આઝ મારું મન વળું હેં! દેખાં રે બઈરાંના ખેલ...આ બઈરે રણવટિયું કરાવું...એવી રૉંડો ફાટી પરઝો...! હા ને બઈરાંની વાતે કોઈ લાગઝોમાં. પોત પોતાનો ઝીવ હાસવીન ફરઝો...હા ને ભાઈયાંનો બેલો કોઈ સોરઝો માં. બઈરાં પારકાં કેંવૉય.



બઈરાંની વાતે લાગહાં તો, આ ઝુઆં કે મારી નૉખોક'લા! વારતા થઈ પૂરી...હા ને હુંકારાંના દેનાર હોરો રેંઝે; કરોર દિવાળિયે રાઝ કરઝે ! ઝુગ ઝાહેંન અવેં વારતા પૂરી થઈ ગઈ.

હૉપળનારઃ ઝુગ ગાન નેંસાંણિયો રઈ ગેઈ...!





શબ્દાર્થ સૂચિ

અ

અકરોળ (સ્ત્રી.) અંકોડો

અકેંલ્લ (સ્ત્રી.) અક્કલ, બુદ્ધિ

અગેળ (ન.) જંગલી વૃક્ષ

અટપટિયું (વિ.)

ભુલભુલામણીવાળું

અટુણું (ન.) ઉઢાણી

અટુણિયો (સ્ત્રી.) ઉઢાણી

અણિયાળ (ન.) મોંકળા

અતર (ન.) અત્તર

અતારું (ન.) અંધારું

અદરેક (વિ.) અદશ્ય

અપાગી (વિ.) અભાગી

અમલ (ન.) અફીણ

અમી (સ્ત્રી.) અમૃત

અમોળો (પું.) અંબોડો

અરખ (વિ.) હરખ, આનંદ

અરફેંણ (સ્ત્રી.) અનાજ વાવવાનું લાકડાનું સાધન

અરતી (વિ.) અડધી

અરિ (પું.) હરિ, પરમાત્મા

અરું (સ્ત્રી.) યાદ

અરુર (વિ.) દારુણ

અવટા (પું. બ.વ.) મહેણાં

અવાર (સ્ત્રી.) પંકિત

અસુંબરા (સત્રી.) અપ્સરા કે પરીનું નામ

અહાડ (પું.) આષાઢ માસ

અળ (ન.) હળ

અળખા (વિ.) અળખામણા

અળખું (સ્ત્રી.) નામ વિશેષ, તેમાની સાસુ

અળો (અ.) અહીં



અં

અંતર (ન.) અત્તર

આ

આઈ (સ્ત્રી.) માતા

આક (ન.) આકડાનું ફળ

આકરી (સ્ત્રી) પ્રતિજ્ઞા

આકેં ઝાવું (ક્રિ.) શિકારે જવું

આકોરિયો (પું.) આકડો

આખવું (ક્રિ.) હાંકવું

આટ (ન.) હાટ

આડખાં (ન.બ.વ.) હાડકાં

આથી (પું.) હાથી

આપ (ન.) વાદળ, આકાશ

આયરો (પું.) શિકારનો દેવ

આર (પું.) હાર

આરવું (ક્રિ.) હારવું

આલવું (ક્રિ.) આપવું

આસા (સ્ત્રી.) આશા

આહનું (અ.) નજીક

આહનેળી (અ) નજીક

આહવું (ક્રિ.) હસવું

ઑદવું (ક્રિ.) પૂજવું, વંદવું

ઇ

ઇયું (ન) હૈયું

ઇરા (પું.) હીરા

ઇલો ગાવો (ક્રિ.) હાલરડું ગાવું

ઈ

ઈપ રેવું (ક્રિ.) ઊભું રહેવું

ઈરાપથ (સ્ત્રી.) પરીનું નામ

ઈરાવર (સ્ત્રી.) અપ્સરાનું નામ

ઈરાંઝવાં (પું.બ.વ.) હીરા-ઝવેરાત

ઈલવું (ક્રિ.) હળવું

ઈહ (સ્ત્રી.) ખાટલાની ઈસ

ઈહકારવું (ક્રિ.) પશુને ડચકારા કરીને હાંકવું

ઈળવું (ક્રિ.) હળવું

ઉ

ઉખળો (પું.) ખાણિયો

ઉબેરવું (ક્રિ.) ઉતરડવું

ઉભો (પું.) ધોંદલ રાજાનો પુત્ર

ઉસલું (વિ.) ઊંધું

ઉં (સર્વ.) હું

ઉંકારો (પું.) હોંકારો

ઉંબર (પું.) ઉમરાવ



ઊ

ઊગ (સ્ત્રી.) ઊંઘ, નિદ્રા

ઊગણ પોવણ ઓવું (ક્રિ.) ઊગીને તૈયાર થવું

ઊનેરા ઓવું (ક્રિ.) ગુસ્સે થવું

ઊનો અસુબરો થાવું (ક્રિ.) ગુસ્સે થવું

ઊહકવું (ક્રિ.) જોરથી રડવું

ઊંકરાઈ (સ્ત્રી.) અભિમાન

ઊંગ (સ્ત્રી.) ઊંઘ, નિદ્રા

એ

એકલમૂડિયો (વિ.) એકલપેટો, એકલો

એખ (સં.વિ.) એક

એખલી (વિ.) એકલી

એઠું પાડવું (ક્રિ.) નીચે પાડવું

એતરું (અં.) એટલું

એરવું (ક્રિ.) શોધવું

એલો મારવો (ક્રિ.) બોલાવવું

એંતોઈ (સ્ત્રી.) ઉધેઈ

એંદર (પું.) વરસાદ, ઈન્દ્ર

એંસવું (ક્રિ.) હીંચવું

એંહટું (વિ.) એઠું

એંળ (ન.) હળ

ઓ

ઓકા (પું.બ.વ.) હોકા

ઓટવું (ક્રિ.) ઓઢવું

ઓડો ઘાલવો (ક્રિ.) દુશ્મનને ઘેરવો

ઓમ (પું.) હોમ, યજ્ઞ

ઓલ્લો (પું.) ઓરડો

ઓળગેંણ (સ્ત્રી.) એક જાતિની સ્ત્રી

ઓળી (સ્ત્રી.) હોળી

ઓંગ (ન.) અંગ

ઑણ (સર્વ.) આ

ઑણીયા (પું.) વાણિયા

ઑકળી (વિ.) વાંકળી, વાંકી

ઑખ મેળાવો કરવો (ક્રિ.) નેત્રો મેળવવાં

ઑણવું (ક્રિ.) લાવવું

ઑદી (સ્ત્રી.) ખાડો ગોડી, ઉપર

ઘાસ નાખીને શિકાર માટે

સંતાવાની જગા

ઑધાર (પુ) આધાર

ઑધો (વિ.) ઊંધો

ઑફી ઝાવું (ક્રિ.) થાકી જવું

ઑબા-ઝોંબુ (ન.) એક સ્થળ વિશેષનું નામ



ઑંહુઆં (ન.બ.વ.) આંસુ

ક

કકાવટી (સ્ત્રી.) કંકાવટી

કકુ (ન) કંકુ

કકુવટી (સ્ત્રી.) કંકાવટી

કકુવર (સ્ત્રી.) કંકુ

કટુબ (ન.) કુટુંબ

કજિયો (પું.) ઝઘડો

કણિયોર (સ્ત્રી.) એક વૃક્ષનું નામ

કતકી (સ્ત્રી.) કેતકી

કદવાળી (વિ.) કદરૂપી

કને (અ.) નજીક

કબાંણ (ન.) કામઠું

કલાળ (પું.) કલાલ, દારૂ વેચનાર

કલાંમણી (વિ.) કળા કરનારી

કવરૉણી (સ્ત્રી.) પટરાણી

કરણ (અ.) પાસે

કરપલું (ન.) તાજી ટીશી

કરલી (સ્ત્રી.) પગની પાની

કરવતિયો (પું.) કાશીમાં કરવત મૂકનાર

કરાળ (વિ) કડવું

કસ્ટી (સ્ત્રી.) કષ્ટ

કસેરી (સ્ત્રી.) કચેરી

કળ (પું.) ગોત્ર, કુટુંબ

કળબો (પું.) કુટુંબ

કાગરી (સ્ત્રી.) ચણિયો

કાગલી (પું.બ.વ.) ગળાના કાકડા

કાગલી ઓવી (ક્રિ.) ગળામાં કાકડા ફૂલવા

કાગલો (પું.) કાગડો

કાટ (પું.) ઘાટ

કાઠી (સ્ત્રી.) ચિતા

કાટવું (ક્રિ.) કાઢવું

કાપલા (પું.બ.વ.) કપડાં

કાયોર (વિ.) કાયર

કાસી (સ્ત્રી.) કાશીનગર

કાળુરો (પું.) વિશેષ નામ, ઝાયે-રિયાગઢનો રાજા

કિણ્નાં (સ્ત્રી.બ.વ.) કિરણો

કિયારિયાં (ન.બ.વ.) ક્યારા

કી (ન.) ઘી

કીજણ (ન.) કારણ

કીર (પું.) ભીલની એક જાત

કુઆરી (વિ.) અપરિણીત

કુપાર (પું.) કુંભાર

કુલ્લા (પું.બ.વ.) કોગળા
કુવોર (પું.) કુંવર, રાજકુમાર
કુંતું (ન.) મચ્છરની એક જાત
કૂગરો (પું.) ઘૂઘરો
કૂસિયાં (સ્ત્રી.બ.વ.) ગજવાં, બોચી, ચાવી
કૂરર્ઝલ્યો (સ્ત્રી.) પક્ષી વિશેષનું નામ
કૂરી (સ્ત્રી.) ધાન્યનું નામ
કૂળરો (પું.) કોગળો
કેખા (અ.) કયાં
કેહોર (સ્ત્રી.) ઘોડી વિશેષનું નામ
કેળવા (પું.) વંશ
કેંર (ન.) ઘર
કેંરવું (ક્રિ.) કરવું
કેંહલો (પું) કાંચળીની કસ
કેંહલ્લાવું (ક્રિ.) ઘસડાવું
કોટવાળિયો (પું.) ચીપિયો
કોર (સ્ત્રી.) કિનારો
કોરલી (સ્ત્રી) ઘોડી
કોરિયો (સ્ત્રી બ.વ.) ઘોડીઓ
કોરો (પું.) ઘોડો
કોલ (ન.) વચન
કોવેંલો (બ.વ.) કોયલો
કૉનિયા (પું.બ.વ.) કાન
કૉંગહિયો (સ્ત્રી બ.વ.) કાંસકીઓ, કાંચકી વેચનારો
કૉયકણ (અ.) કોઈ
કૉંસી (પું.) ઘાંચી
કૉસુઓ (પું.) કાંચળી

ખ

ખઢોરવું (ક્રિ.) ખણવું
ખતરી (પું.) ક્ષત્રિય
ખપર (ન.) ખપ્પર
ખપો (પું.) ખભો
ખરએંટો (પું.) પશુના પગની ખરી
ખરક (સ્ત્રી.) ખારેક
ખરતાલ (સ્ત્રી.) ખરી
ખરપો (પું.) ખભો
ખલવું (ક્રિ.) શોભવું
ખવવું (ક્રિ.) ઝબૂકવું
ખવારવું (ક્રિ.) ખવડાવવું
ખળૂકા (પું.) નદીના વહેવાનો અવાજ
ખાટ એંડોળો (પું.) ખાટલાનો હિંડોળો
ખાદરી (સ્ત્રી.) ઊંડો ખાડો



ખાલ (સ્ત્રી.) ચામડી

ખાંખદ કરવું (ક્રિ.) ગમ્મત કરવી

ખાંપણ (સ્ત્રી.) કલંક

ખોપરાં (ન.બ.વ.) ટોપરાં

ખાંમદ (પું.) ભગવાન

ખેઉરો (પું.) ધૂળ

ખેઝરો (પું.) ખીજડો, વૃક્ષ વિશેષનું નામ

ખેતલો (પું.) સીમદેવ, ક્ષેત્રપાળ

ખેર (પું.) મારગ

ખેરવું (ક્રિ.) હાંકવું

ખેહવવું (ક્રિ.) ખસેડવું

ખેંસી (પું.) રાજપૂતો કે ભીલોના એક ગોત્રનું નામ

ખોડવો (પું.) ખોડ, ખેદાનમેદાન, નાશ

ખોર કાઢવી (ક્રિ.) ખામી કાઢવી

ખૉડું (ન.) તલવાર

ખૉર (ન.બ.વ.) ઘાસ

ગ

ગઉરા (પું.) ઘઉં

ગડ (પું.) ગઢ, કિલ્લો

ગણ (વિ.) ગુણ

ગણેહ (પું.) ગણેશ, ગણપતિ

ગતાવું (ક્રિ.) ગંધાવું

ગદેલાં (ન.બ.વ.) ગાદલાં

ગરપ (પું.) ગરભ, ગર્ભ

ગાડલિયો (પું.) સરાણ, ધાર કાઢવાનું યંત્ર

ગાપ (પું.) ગર્ભ

ગાપણિયો (વિ.) ગર્ભવતી

ગાબળી (સ્ત્રી.) ગરદન, ગળું

ગુઆરો (પું.) વાડો

ગુગળ સતિયાંણી (સ્ત્રી.) વ્યક્તિનું નામ

ગુઝણિયું (ન.) કિલ્લેબંધ નગરનું નામ

ગુણતી (સ્ત્રી.) પોઠની ગૂણ

ગૂબરાળી (વિ.) ગૂમડાંવાળી

ગૂબરું (નિ.) ગૂમડું

ગેખરું (પું.) ગોખરું

ગેડિયો (પું.) ગેડી

ગેંઝુઓ (પું.) નગરનું નામ

ગોઈર (પું.) ધૂળ, માટી

ગોડિયે- ગુપરિયે ઓવું (ક્રિ.) બાળકનું ભાંખડિયે ચાલવું

ગોડો (પું.) ઘૂંટણ

ગોતર (ન.) ગોત્ર
ગોતલ્લો (પું.) ગળું
ગોફણ (સ્રી.) પથ્થર ફેંકવાનું ચામડાનું સાધન
ગોયણ (સ્રી.) માટી
ગોળી (સ્રી.) બંદૂકની ગોળી
ગૉયઝો (પું.) હજામ

ઘ

ઘરી (સ્રી.) ઘડી, પ્રસંગ
ઘૅરાં (ન.બ.વ.) ઘરો
ઘોરાવર (સ્રી.) ઘોડાર, તબેલો
ઘોલ્લી (સ્રી.) ઘોડી
ઘૉટી (સત્રી) ઘંટડી

જ

જળુકાર (પું.) જળવાળું સ્થળ, પ્રલય
જિતનાઈ (સ્રી.) જીત
જૂટી (સ્રી.) જોડી
જોર (વિ.) જોડી
જૉનવેંણ (સ્રી.) જાનરડી

ઝ

ઝગરો (પું.) જગત
ઝગિયા (સ્રી.) જગા
ઝણ (પું.) આમંત્રણ આપવા જનાર માણસ, દૂત
ઝણાકો (પું.) અવાજ
ઝનાવર (ન.) જાનવર
ઝબરો (વિ.) જોરાવર
ઝબાપ (પું.) જવાબ
ઝમારવું (ક્રિ.) જમાડવું
ઝરખું (ક્રિ.) આ વિસ્તારમાં હોળી
સમયે ફાટેલાં કપડાં પહેરીને
કાઢવામાં આવતો એક વેશ
ઝરણી (સ્રી.) માતા
ઝલમવું (ક્રિ.) જન્મવું
ઝવલી (સ્રી.) જૂઈ, એક ફૂલઝોડ
ઝવારે બેહવું (ક્રિ.) પીઠીએ બેસવું
ઝળરો (પું.) વ્યકિત વિશેષનું નામ, પાબુજીનો પુત્ર
ઝળુકો (પું.) પ્રકાશનો લિસોટો
ઝળૂકો (પું.) ઝરૂખો
ઝાઝમો (સ્રી.બ.વ.) જાજમ
ઝાય્યો (પું.) પુત્ર
ઝાર (ન.બ.વ.) ઝાડ
ઝાસી (સ્રી) જાસૂદ, ફૂલછોડ
ઝાંઝર (ન.) નૂપુર



ઝીપ (સ્ત્રી.) જીભ

ઝૂતવું (ક્રિ.) વળગવું, પક્ષમાં રહેવું

ઝૂમરાં (ન.બ.વ.) કાનનાં ઘરેણાં

ઝેઠી (પું.) જેઠ માસ

ઝેરવું (ક્રિ.) વલોવવું

ઝેલવું (ક્રિ.) સ્વીકારવું

ઝેંઝણિયો ઝોડ (પું.) ઝેંઝણી નામના ઘાસનો પ્રદેશ

ઝેંણાકો (પું.) અવાજ

ઝેંદરો (પું.) ઝાયેરિયાના રાજા કાળુંનો પુત્ર

ઝોઆર (પું.) જોહાર

ઝોખો (પું.) જોખમ

ઝોગ (પું.) યોગ, સમય

ઝોટ (ન.બ.વ.) જુવાન ભેંશો

ઝોરવું (ક્રિ.) જોડવું

ઝોવન (ન.) યુવાની

ટ

ટણકો (વિ.) અભિમાની, તોછડા સ્વભાવનો

ટાંટિયા (પું.બ.વ.) પગ

ટીબો (પું.) મુઝારી

ટુઢવું (ક્રિ.) પ્રસન્ન થવું

ટુડણિયા (પું.બ.વ.) ફૂલછોડનું નામ

ટુંકરાઈ (સ્ત્રી.) અભિમાન

ટૂકળું આવવું (ક્રિ.) નજીક આવવું

ટૂહકે રોવું (ક્રિ.) ધ્રુસકે રોવું

ટેડ (પું.) જાતિ વિશેષનું નામ

ટેડી (સ્ત્રી.) એક જાતિ વિશેષની સ્ત્રી

ટેડેંણ (સ્ત્રી.) એક જાતિ વિશેષની સ્ત્રી

ટોગરીઓ (સ્ત્રી.) ઢોર

ટૅમ (સ્ત્રી.) ટાઈમ (અં.શ.)

ઠ

ઠિઠિયા ઠમોરવા (ક્રિ.) મુક્ત હાસ્ય કરવું

ઠેહ (સ્ત્રી.) ઠેસ

ડ

ડઈરો (પું.) હાથથી પાણી ખેંચવાનો ભરવાડનો નાનો કોસ

ડગરો (પું.) પથ્થર

ડસકો (પું.) ધ્રાસકો

ડાઓ (વિ.) ઘરડો

ડાઈ (વિ.) ઘરડી

ડાઈસાં (ન.બ.વ.) દહેજ

ડાડો (પું.) દાદા, પ્રપિતા

ડાવુ (વિ.) ઘરડું

ડાવું (વિ.) ડાબું

ડૂટો (પું) નાભિ

ડૂમર (પું.) ડામર

ડૂલવું (ક્રિ.) ડૂબવું

ડેરો (પું.) પડાવ

ડોઓ (પું.) પ્રવાહી ખોરાક

ડોકર (સ્ત્રી) ડોસી

ડોકું (ન.) માથું, મસ્તક

ડોઢી (સ્ત્રી.) પ્રવેશદ્વાર

ડોરણેં સરવું (ક્રિ.) અફીણના નશામાં ડોલવું

ડોહલી (સ્ત્રી.) ડોસી

ડોહો (પું.) ડોસો

ડોળા ઘાલવા (ક્રિ.) પાણીમાં ડૂબીને

પકડવાની રમત રમવી

ઢ

ઢગરો (પું.) ઢગલો

ઢુઢારવું (ક્રિ.) હોળી પાખળ ફેરવવા

માટે બાળકને શણગારવું

ઢેફો (પું.) ધોંદલ રાજાના એક રાજકુમારનું નામ

ઢેંક (સ્ત્રી.) મુક્કી

ત

તકલી (સ્ત્રી.) તકલીફ

તગરા (પુ.બ.વ.) તંગ

તબૂ (પું.) તંબૂ

તબૂરો (પુ.) તંબૂર

તબોળી (પું.) તંબોળી, પાન સોપારી વેચનારો

તમાર (સર્વ.) તમારું

તળગાર (પું.) તરગાળો

તળવારિયા (વિ.) બહાદુર

તાઝણો (પું.) ચાબુક

તાવણી (સ્ત્રી.) તાંબાકુંડી

તાળોટો (પું.) તાળી

તીલ (પુ.) તલ

તૂદળી (વિ.) ધૂળવાળી

તેમાં (સ્ત્રી.) ધોદલ રાજાની પુત્રી

તેયાર કરવું (ક્રિ.) તૈયાર કરવું

તેરવું (ક્રિ.) બોલાવવું

તેલી (પું.) તેલ વેચનારો

તેહીવેળ (અ.) તે વખતે

તેંણ (સં. વિ.) ત્રણ

તોફો (પું.) તાયફો

તોરણ સબાવવું (ક્રિ.) તોરણને



તલવારનો ઝાટકો મારવો

તોરવું (ક્રિ.) તોડવું

તોરી (પુ.) બળદ

તૉણવું (ક્રિ.) તાણવું

થ

થરબો (પું.) થાંભલો

થળકો (પું.) ધ્રાસકો

થારું (સર્વ.) તારું

થુર (ન.) થડ

દ

દણનું (ન.) સાફ કરેલું અનાજ

દન (પું.) દિવસ

દલરું (ન.) દિલ, હૃદય

દવ (પું.) અગ્નિ

દાદો (પું.) દિયર

દાતરું (ન.) દાતરડું

દાવરી (સ્ત્રી) દાસી

દીપલી નાડી (સ્ત્રી.) પાણીથી ભરપૂર નાળું

દીવલો (પું.) દીવો

દેઈ (સ્ત્રી.) દેહ, શરીર

દેવરિયો (પું.) દિયર

દેવોર (પું.) દિયર

દેવોલ (સ્ત્રી.) ધૉદલરાજાની કુંવરી

દેવોળ (ન.) દેવળ

દોટ (સ્ત્રી.) દડો

દોર (સ્ત્રી.) લગની

દોરો (પું.) કોસ

દૉણ (ન.) દાવ

ધ

ધેનું (સ્ત્રી.) ગાય

ધેપુ (ન.) ધુપાયણું

ધેફરો (પું.) દીવાલ

ધોધકાં (ન.બ.વ.) ધોધ

ધોરિલો (પું.બ.વ.) બળદ

ધોરી (પું.) બળદ

ધૉદલ (પું.) ગુઝણિયા ગઢના રાજાનું નામ

ધૉમવું (ક્રિ.) દોડવું

ન

નઈ (સ્ત્રી.) નદી

નકટા (પું.બ.વ.) ચરીતર

નકર (અ.) નહીંતર

નખા (વિ.) ઘણું

નણદોલ (સ્ત્રી.) નણંદ

નબળો (વિ.) નિર્બળ

નયણાં (ન.બ.વ.) નયન

નરમળ (વિ.) નિર્મળ

નવલી (વિ.) નવી

નનકો (વિ.) નાનો

નસો (પું.) નશો

નળો નાકુવો (પું.) હરિયાળો પ્રદેશ

નાડી ગુજોર (ન.) કાપડનું નામ

નાથ (સ્ત્રી) બળદ વગેરેના નાકમાં નંખાતી દોરી

નારગી પરવું (ક્રિ.) બીમાર પડવું

નાવણું (ન.) સ્નાન

નાસણો (વિ.) નાચનારી

નાસવું (ક્રિયા.) નાચવું

નાળેર (ન.) નાળિયેર

નિસાંણ (ન.) નિશાન

નૂધ પારવી (ક્રિ.) નોંધવું

નેઝો (પું.) ધજા

નેથરી (સ્ત્રી.) નથણી

નેંઠ કરીને એરવું (ક્રિ.) પ્રયત્ન કરીને શોધવું

નેંદ (સ્ત્રી.) નિદ્રા

નેંદરા (સ્ત્રી.) નિદ્રા

નેંનરિયાં (વિ.) નાનાં

નેરવું (ક્રિ) પાવું, આપવું

નેંસાંણી (સ્ત્રી.) નિશાની

નેંહરવું (ક્રિ) નીકળવું

નેંહાર (પું.) ઘાટીમાંથી બહાર નીકળવાનો રસ્તો

નેંહાળ (સ્ત્રી.) નિશાળ

નૉનકલો (વિ.) નાનો

નૉનખલી (વિ.) નાની

પ

પખ (સ્ત્રી.) બાજુ

પણસી (ન.) પાણીનાં બેડાં મૂકવાનું સ્થળ

પણવું (ક્રિ.) પરણવું

પથર (પું.) પથ્થર

પરથી (સ્ત્રી.) પૃથ્વી

પરદૉમ (પું.) પ્રધાન, આગેવાન

પરવેલો (પું.) વંશ

પરસન કરવું (ક્રિ.) પસંદ કરવું

પરાકો (પું.) ભડાકો

પરાં (વિ.) પૂરાં

પરિયા (સ્ત્રી.) પરી, અપ્સરા, દેવી



પરેલું (ક્રિ.) ભરેલું

પરોર (ન.) પરોઢ

પાગલો (પું.) ભાગ

પાટવું (ન.) લાત

પાતરકી (વિ.) પાતળી

પાત્યણો (સ્રી.) લગ્ન સમયે ગણિકા જેવી નાચનારી સ્ત્રીઓ

પાદરવો (પું.) ભાદરવો

પાબી (સ્રી.) ભાભી

પાબુ (પું.) ધૉદલ રાજાનો પાટવી કુંવર

પારવું (ક્રિ.) પાડવું

પારોહણ (સ્રી.) પ્રસૂતિ કરાવનાર સ્રી

પાવોર (પું.) પર્વત

પાસપુદું ઝાવું (ક્રિ.) પાછા પગલે જવું

પાસળ (અ.) પાછળ

પાસાળી (વિ.) પરુવાળી

પાંણ (પું.) ભાણ, સૂર્ય

પીયોર (ન.) પિયર

પીયારવું (ક્રિ.) પાવું

પીલ (પું.) ભીલ

પીળા સાવર (પું.) આમંત્રણ આપવાના ચોખા

પુરુબ (સ્રી.) પૂર્વ દિશા

પૂબરાં (ન.બ.વ.) રૂનાં પૂમડાં

પૂરકલાં (વિ.) ભૂરાં

પેટુરલાં (ન.) પેટ

પેયાળ (ન.) પાતાળ

પેરવાસ (પું.) પહેરવેશ

પેસણિયાં (અ.) પછી

પેહવું (ક્રિ.) પેસવું

પેંઝારાં (ન.બ.વ.) પગરખાં

પેંડ (સ્રી.) પિંડ

પેંડહી (સ્રી.) પીંડી

પેંણ (સ્રી.) પ્રતિજ્ઞા

પેંલુરીનાં કોરણ (ન.બ.વ.) પ્રથમ વરસાદ પહેલાં આવતો વંટોળ

પેંહ (સ્રી.) ખોબો

પેંહલી (સ્રી.) વીરપસલી

પૅગ (પું.) પગ

પોઝાઈ (સ્રી.) ભાભી

પોવી (સ્રી.) પૃથ્વી

પૉટવું (ક્રિ.) પોઢવું

પૉણત કરવું (ક્રિ.) પાણી પાવું, સીંચવું

પૉન (ન.) પાન



પૉમણા (પું.) મહેમાન
પૉસ (સં. વિ.) પાંચ
પોંકાર (પું.) પોકાર

ફ

ફઝાર (સ્ત્રી.) પરોઢ, કિરણ
ફારવું (ક્રિ.) ફાડવું
ફાળિયું (ન.) ફેંટો
ફાંફે થાવું (ક્રિ.) કંઈ પણ સૂઝવું નહીં
ફૂઆળી (સ્ત્રી.) ફોઈ
ફૂઈ (સ્ત્રી.) ફોઈ
ફૂરકલો (વિ.) ફૂર્તિલો
ફૂલવસેરો (પું.) ઘોડા વિશેષનું નામ
ફૂંહાળવું (ક્રિ.) પંપાળવું
ફેટો (પું.) રૂમાલ
ફેહરુટ (પું.) ફીણ
ફેં ફાટવું (ક્રિ.) પ્રભાત થવું
ફોણ્નું (ન.) નાક

બ

બખનું (વિ.) સુંદર
બતરી (સં. વિ.) બત્રીસ
બતાવું (ક્રિ.) બંધાવવું
બતેંક (સ્ત્રી.) પાણી કે દારૂ ભરવાનું માટીનું સાધન
બફોર (પું.) બપોર
બરટી (સ્ત્રી.) ધાન્યનું નામ, બંટી
બરસી (સ્ત્રી.) બરછી
બરુ (પું.) નેતરની જાતનું ઘાસ
બાકું (ન.) મોઢું, મુખ
બાઝરો (પું.) બાજરી
બાઠું મારવું (ક્રિ.) ભેળવું
બાત્સા (પું.) બાદશાહ
બાદૂર (વિ.) બહાદુર
બાબા (પું. બ. વ.) બાવા
બાયલી (સ્ત્રી.) પત્ની, સ્ત્રી
બાય્યર (સ્ત્રી.) બહેન
બાયો (સ્ત્રી.બ.વ.) બહેનો
બીઝરલાં (ન. બ. વ.) બીજ
બીલ્યો (સ્ત્રી.) બીલીનાં ઝાડ
બુટારાં (ન.બ.વ.) હરણની એક જાત
બુસકા દેવા (ક્રિ.) ચુંબન કરવાં
બૂડી (વિ.) ભૂંડી
બૂન (સ્ત્રી.) બહેન
બૂરિયો (પું.) ધૉદલ રાજાના કુંવરનું નામ
બૂંબો (સ્ત્રી. બ.વ.) બૂમો



બેદ (ન.) વન

બોખરિયો (પું.) બકરો

બોદું (વિ.) નબળું

બૉણિયો (પું.) ભજનમાં રાગ પુરાવનાર

બૉતમો (પું.) ભાઈ

બૉતવું (ક્રિ.) બાંધવું

બૉપુણ (પું.) બ્રાહ્મણ

ભ

ભગતી (સ્ત્રી.) ભક્તિ

ભગમાં (ન.બ.વ.) ભગવાં વસ્ત્રો

ભઝન (ન.) ભજન

ભતરિઝ (પું.) ભત્રીજો

ભરખ (પું.) ભક્ષ

ભરઝારા (પું.) છાતીના વાળ

ભરથાર (પું.) પતિ

ભહારવું (ક્રિ.) કૂતરું ભસાડવું

ભાગણિયો (સ્ત્રી.) ભીમ ચારણની નગરી

ભાઠી (સ્ત્રી.) દારૂ ગાળવાની ભઠ્ઠી

ભાતુરલાં (ન.) ભાત

ભારથ (ન.) યુદ્ધ

ભાલોર (ન.) તીર, બાણ

ભાળવું (ક્રિ.) જોવું

ભીઝવું (ક્રિ.) ભીંજવું

ભીર (સ્ત્રી.) ભીડ, મુશ્કેલી

ભૂડકો (પું.) ભડાકો

ભેળા ઓવું (ક્રિ.) એકઠા થવું

ભેંમુરો સારણ (પું.) ભાગણિયોનો રાજા

ભોટો (પું.) દાદા, વૃદ્ધ પુરુષ

ભોડું (ન.) માથું, મસ્તક

ભોળવવું (ક્રિ.) ભૂંસવું

ભૉગ (સ્ત્રી.) તમાકું, ભાંગ

ભૉગટી (સ્ત્રી.) જંગલી ઘાસ

ભૉવ (પું.) અવતાર, ભવ

મ

મઉરો (પું.) મહુડો

મખરું (ન.) મુખ, મોઢું

મગરો (પું.) ડુંગર

મઝરો (પું.) મુજરો

મઝૂરી (સ્ત્રી.) મજૂરી

મરતોક (સ્ત્રી.) મૃત્યુ

મરતોગ (ન.) મૃત્યુ

મરવો (પું.) સુગંધિત છોડ

મસરું ખાંડ (સ્ત્રી.) ઝીણી ખાંડ



મસુદી (વિ.) મુત્સદ્દી
મસ્કલ (ન.) મસ્તક
માટી (સ્ત્રી) માંસ
માદેવ (પું.) મહાદેવ
માયર (સ્ત્રી.) માતા
માય્યા (સ્ત્રી.) માયા
માલ (પું.) ટોળો, માલ, પશુધન
માલેક (પું.) માલિક, ભગવાન
માલેખ (પુ.) માલિક, ભગવાન
માવીતરાં (ન.) માતા-પિતા
માળેંણ (સ્ત્રી.) માળણ
મૉડવેંણ (સ્ત્રી.) કન્યાપક્ષની સ્ત્રી
માંલ્લી (સ્ત્રી.) બળદ જેવા પશુના મોઢે બાંધવામાં આવતી ગૂંથેલી દોરી, મોઢિયું
મિળવું (ક્રિ.) મળવું
મુખરી (સ્ત્રી.) મુખ
મૂડી (સ્ત્રી.) મહાદેવનું લિંગ
મૂસે ડાકોરા કાલવા (ક્રિ.) મૂછો આમળવી
મૂળો (વિ.) ઘણાં
મેઘાડાંમોર (ન.) કાપડનું નામ, જેનો રંગ મેઘના જેવો હોય છે
મેહ (પું.) વરસાદ
મેંઠી (વિ.) મીઠી
મેંણ (ન.) મીણ
મેંદ (ન.) મધ
મેંદરો (પું.) ઝાયેરિયાનો રાજકુમાર
મેંલ (પું.) મહેલ
મેંહળવું (ક્રિ.) મસળવું
મોકસ (પું.) મોક્ષ
મોરવી (પું.) આગેવાન
મોરસંગરૉણી (સ્ત્રી.) ધોદલ રાજાની જૂની રાણી
મોરિયો (પું.) મોર
મોસી (પું.) મોચી
મોહા (પું.બ.વ.) મહેણાં
મૉગવું (ક્રિ.) માગવું
મોટિયારણ (વિ.) યુવતી
મૉટિરો (પું.) ધણી
મૉટી (પું.) ધણી, પતિ
મૉણહ (ન.) માણસ
મૉતકરું (ન.) મૃત્યુ
મૉનતા (સ્ત્રી.) માનતા, બાધા
મૉમેરું (ર.) મામેરું
મૉરલ્લા (પું.બ.વ.) મોઢિયાં
મૉસો (પું.) ખાટલો

મૉંદ (ન.) બીમારી
મૉખ (સ્ત્રી.) શોભા માટે મુખે માંડવામાં આવતી માખીનું ચિત્ર

ર

રગવું (ક્રિ.) રંગવું
રડાપેંણ (પું.) રંડાપો
રન (ન.) વન
રબાર (પું.) રબારી
રમખું (ન.) યુદ્ધ
રસપૂત (પું.) રજપૂત
રાઝુ થવું (ક્રિ.) રાજી થવું
રાઠોર (પું.) ભીલો કે રજપૂતોની એક જાત, ગોત્ર
રાતું (વિ.) લાલ
રાતોલ (વિ.) રાતી, લાલ
રીઝમોલ (પું.) પુરસ્કાર
રીટાં (વિ.) ખાલી
રીહ (સ્ત્રી.) રીસ
રીહાવું (ક્રિ.) રિસાવું
રુહણાં (ન.) રિસામણાં
રૂરો (વિ.) રૂડો
રૂંગાં (ન.બ.વ.) આંસુ
રેગલાં (ન.બ.વ.) બોતરાં
રોટા (પું.બ.વ.) રોટલા
રેપ્રવું (ક્રિ.) ઘેરીને મારવું
રોળું (વિ.) દારૂણ
રૉંદું (ન.) બખોલ

લ

લગતી (અ.) નજીક
લપવું (ક્રિ.) સંતાવું
લવારી (પું.) લુહાર
લસકર (ન.) લશ્કર
લાખરાં (ન.બ.વ.) લાકડાં
લાખરી (સ્ત્રી.) લાકડી
લાડમદે (વિ.) લાડકી
લાગ (પું.) લગામ
લાઠ (પું.) કૂવા કિનારે પાણી ખેંચવા માટે મુકાતો પાટ
લાફી (સ્ત્રી.) લાપસી
લીહવું (ક્રિ.) ઝીણું વાટવું
લેંબરો (પું.) લીમડો
લેંલાર (ન) કપાળ
લોરું (ન.) તલવાર, લોઢું
લૉગમાં લેવું (ક્રિ.) લાગમાં લેવું

વ

વઈદ (પું.) વૈદ્ય
વઉરી (સ્ત્રી.) વહુ
વખ (ન.) વિષ, ઝેર
વગરો (પું.) વગડો
વઝારવું (ક્રિ.) વગાડવું
વતાવવું (ક્રિ.) વધાવવું
વનારવું (ક્રિ.) યાદ કરવું
વનેખા (પું.) વિલાપ
વરખ (પું.) વૃક્ષ, વડલો
વરલો (પું.) વડલો
વરાઝ થાવું (ક્રિ.) વિરાજવું, બેસવું
વસ (ન.) વંશ
વાગ (પું.) બાગ, લગામ
વાવરો (વિ.) બાવરો, ગાંડો
વાસના (સ્ત્રી.) સોડમ
વાસરું (ન.) વાછરડું
વાહ (પું.) મહોલ્લો, વાસ
વીજાહણ (વિ.) વીજળી જેવું ચમકતું
વીદ (પું.) વર
વીદણી (સ્ત્રી.) વરપક્ષની સ્ત્રી
વીદવાગા (પું.બ.વ.) વરરાજાનાં કપડાં
વીયોણનગરી (સ્ત્રી.) શૂરા અને સજમોલ રાજાની નગરીનું નામ
વેરઈ ઝાવું (ક્રિ.) મરી જવું
વેરાઠ (સ્ત્રી.) નગરીનું નામ
વેલો (પું.) લતા
વેહ (પું.) વેશ, ભૂત
વેળ (સ્ત્રી.) વેળા
વેંટ પારવી (ક્રિ.) ચારે બાજુથી ઘેરવું
વેંલ (સ્ત્રી.) વહેલ
વૈઈરો (પું.) વાયરો, પવન
વૉટવું (ક્રિ.) વહેંચવું
વૉણીરલો (પું.) વાણિયો
વૉનર (પું.) વાનરો
વૉર (પું.) ગામની નક્કી કરેલી આવકનો ભાગ
વૉલ (સ્ત્રી.) વહેલ
વૉહળ (અ.) પાછળ
વૉળ (પું.) શિખર

સ

સઉરું (ન.) ચવડું, હળનો અણીદાર દાંતો
સટિયો (પું.) ચાબુક
સમાદાંન (ન.) સમાધાન



સપા (સ્ત્રી.) સભા

સપાગી (વિ.) ભાગ્યશાળી

સરપા (પું.) પહેરવેશ

સરવો (પું.) છાશ ભરવાની દોણી

સલા (પું. બ. વ.) બકરા

સાખ (સ્ત્રી.) દારૂનો એક પૅગ

સાધ (પું.) સાધુ

સાબ (સ્ત્રી.) છાબડી

સાયોર (પું.) સાગર

સારણો (પું.) ચણિયો

સાહ (ન.) છાશ

સાંખરીઓ (સ્ત્રી.બ.વ.) ચાખડીઓ

સાંડાં (ન.બ.વ.) છાલ

સાંબરી (સ્ત્રી.) ચામડી

સિયાર (સં.વિ.) ચાર

સીર (ન.) વસ્ત્ર

સીરકલિયા દાવ (પું.) ચકલીઓની માફક પાણી ઉડારીને રમવાની રમત

સૂડું (ન.) ચારથી પાંચ ગામનો સમૂહ

સૂરમાં (ન.બ.વ.) ચૂરમાં

સેત (સ્ત્રી.) યાદ

સેતે રાખવું (ક્રિ.) યાદ રાખવું

સેરલો (પું.) સાડલાનો છેડો

સેવના (સ્ત્રી.) ઉપાસના

સેંનાવળી (વિ.) છિનાળ

સોખલિયા (પું.બ.વ.) ચોખા

સોતરાં (ન.બ.વ.) છોતરાં

સોરાં (ન.બ.વ.) છોકરાં

સોવન (વિ.) સુહાવની

સોહર (પું.) હાર, માળા

સૉડાં (ન.બ.વ.) છાલ

સૉથ (સ્ત્રી.) ભાગ

સૉણાં (ન.બ.વ.) છાણાં

સૉન્તી (સ્ત્રી.) શાન્તિ

સૉબરી (સ્ત્રી.) ચામડી

સૉપો (પું.) ચંપો

સૉડવું (ક્રિ.) છોડી દેવું

સૉદો (પું.) ધૉદલ રાજાના કુંવરના નામ

હ

હખ (પું.) શંખ

હઝાઈ (સ્ત્રી.) તૈયારી

હઝારવું (ક્રિ.) તૈયાર કરવું

હણગાર (પું.) શણગાર

હણાકા (પું.બ.વ.) સણકા

હતાવું (ક્રિ.) સંતાવું



હદેહો (પું.) સંદેશો

હપનું (ન.) સપનું

હબળો (વિ.) સબળ

હમણ (ન.) શુકન

હમેસાર (પું.) સમાચાર

હરગું (પું.) સરગવો

હરણિયા (પું.બ.વ.) સરાણિયા

હરમવું (ક્રિ.) લાજવું

હરાવણ (પું.) શ્રાવણ

હરિદારો (પું.બ.વ.) સરદારો

હરિયો (વિ.) લીલો

હલુ (સ્ત્રી.) ઇચ્છા

હળુ (સ્ત્રી.) યાદ

હવેર (ન.) સવાર

હાકરિયાં (વિ.) સાકર જેવાં મીઠાં

હાગી (વિ.) સાચો

હાટ (સ્ત્રી.) માંસ

હાટુ (પું.) સાઢુ

હાબકા (પું.બ.વ.) ચાબુકના ફટકા

હાત (સં.વિ.) સાત

હામણ (સ્ત્રી.) નસીબ

હારુલાં (ન.) સાડલો

હારો (પું.) સમાચાર

હાલ્લો (પું.) સાડલો

હાલરી (સ્ત્રી.) જંગલી વૃક્ષ

હાવળવું (ક્રિ.) એકઠું કરવું

હાવું (ક્રિ.) પકડવું

હાહુ (સ્ત્રી.) સાસુ

હાહુરી (સ્ત્રી.) સાસુ

હાળુરો (પું.) સાડલો

હાળુલો (પું.) સાડલો

હિલાંણી (સ્ત્રી.) નિશાની

હીખોમતો (સ્ત્રી.) શિખામણ

હીરકાંન્યિું ધોતીરું (ન.) ઝીણું મલમલ ધોતિયું

હીરખી (સ્ત્રી.) રજાઈ

હીળા હૉહતા થાવું (ક્રિ.) વિશ્રામ કરવો

હીળું (વિ.) શીતળ

હુગદ (સ્ત્રી.) સુગંધ

હુરઝીપોળ (સ્ત્રી.) સૂરજપોળ

હૂઈ (સ્ત્રી.) સોય

હૂઓર (પું.) સૂવર

હૂઓરિયો (પું.) સૂવર

હૂડ (ન.) સૂંઢ

હૂડકો (પું.) સૂંડલો

હૂર (પું.) સૂવર
હૂરદમ (ન) શૂરાતન
હૂરલા (પું.બ.વ.) સૂડા, પોપટની એક જાત
હૂરો (વિ.) શૂરો
હૂવેંર (વિ.) સૂવર
હૂસારાં (ન.બ.વ.) ઉચાળા
હૂળાંની કૉબરિયો (સ્ત્રી બ.વ.) શૂળે ભરાવેલા શેકેલા કાળજાના ટૂકડા, સૂવરનું માંસ
હેલ (પું.) ભાલો
હેલથું (ન.) ગામની નક્કી કરેલી આવકનો ભાગ
હેંખરિયો તારો (પું.) શુક્રનો તારો
હેંદુર (ન.) સિંદૂર
હેંમ (ન.) સોનું
હેંમખેંમ કપરા (પું.બ.વ.) સોનાના તાર ભરેલાં કપડાં
હોગ (સ્ત્રી.) જ્યોત
હોગરાં (ન.બ.વ.) રોટલા
હોટી (વિ.) માદક
હોનાના મૉર (પું.બ.વ.) સોના મહોર
હોયણું (ન.) સપનું
હોયમણું (વિ.) સુહાવનું, સુંદર
હોરમ (સ્ત્રી.) સોડમ
હોરિયે (સ્ત્રી.) ખાટલાનો અગ્રભાગ
હોરો (વિ.) કુશળ
હોવન (વિ.) સુહાવની
હોળૈયો (સ.વિ.) સોળ
હૉજ (સ્ત્રી.) સાંજ
હૉણેસો (પું.) અશ્વપાળ, ઘોડા સાચવનાર
હૉતારવું (ક્રિ.) સંતાડવું
હૉમર (સ્ત્રી.) સમડી
હૉમરી (સ્ત્રી.) સમડી
હૉમેરું (ન.) સામૈયું
હૉક (સ્ત્રી.) શોક, પતિની ઉપ પત્ની
હૉપળવું (ક્રિ.) સાંભળવું
હૉબળવું (ક્રિ.) સાંભળવું
હૉબોર (પું.) સાબર

ଓଃଓଃଓଃଓଃଓଃଓଃ